૧૯૦૮ માં તેઓ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અધ્યાપકની જગ્યા [illegible]. અહીં તેમણે [illegible] વર્ષના [illegible] [illegible] કૉલેજના કામ ઉપરાંત એમણે [illegible] [illegible] [illegible] કૉલેજમાં અમુના વિદ્યાર્થી [illegible] એક [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] એમને પદભ્રષ્ટ [illegible] અધ્યાપક [illegible] [illegible].

[illegible] એમણે ઇતિહાસનું [illegible] [illegible] [illegible] [illegible] એમનો રીતો [illegible] હોય. [illegible] [illegible] એમણે [illegible] [illegible], [illegible], વિનોદ-ભાષાનો [illegible] છે તેવો તે [illegible]. [illegible] [illegible] એમણે [illegible] વર્ષના અધ્યાપકજીવન [illegible] પડતા [illegible] [illegible], ત્યારે [illegible] [illegible] એ પ્રસંગને અસાધારણ ગણીને [illegible] પ્રાન [illegible] માનપત્ર આપ્યું. [illegible] [illegible] એ બોલેલા કે:—

"મારા ઓગણીસ વર્ષના અહીં કરેલા કાર્યસંબંધી વિચાર કરતાં, આ પદભ્રષ્ટ [illegible] [illegible] વખતે મને દિલગીરી સાથે માલૂમ પડ્યું છે કે, મારી સામાજિક ફરજો [illegible] હું [illegible] નિષ્ફળ નિવડ્યો છું. ખરું છે કે મેં કૉલેજમાં [illegible] કામ કર્યું છે, [illegible] [illegible] [illegible] શાસ્ત્રના પ્રદેશમાં ઘણીજ શોધખોળો કરી છે. [illegible] કાર્યો કરતાં [illegible] [illegible] અને [illegible] મેં સરખાજ ગણ્યાં છે તથા રજાઓના દિવસોમાં પણ મેં આરામ ભોગવ્યો નથી. આ બધું મેં કર્યું તે ખરું, પરંતુ સંસ્કારી સમાજમાં અન્યોન્ય વ્યવહારમાટે જે સામાજિક ફરજો [illegible] [illegible] વાળી જોઈએ તે હું બજાવી શક્યો નથી."

"હું કોઈ પણ ગૃહસ્થને ઘેર મળવા સરખો પણ જઈ શક્યો નથી, [illegible] [illegible] [illegible] મેળાવડામાં પણ હાજર રહી શક્યો. આનું પરિણામ એ [illegible] છે [illegible] [illegible] ની ઓળખાણમાં હું નથી આવી શક્યો. [illegible] [illegible] [illegible] [illegible] સજ્જનોએ, સાહિત્યપ્રેમી જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ [illegible] [illegible] [illegible] મિત્રો સિવાય બીજી કોઈપણ વ્યક્તિના સહવાસમાં હું નથી આવ્યો. [illegible] કારણ [illegible] [illegible] [illegible] માને કે, હું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી [illegible]. અને મારા [illegible] વર્ષમાં કૉલેજના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. મારી ઘણીખરી શોધ- [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સર્વ કારણોને લીધે હવે પછી મારે જ્યાં જ્યાં જવાનું [illegible] [illegible] [illegible] [illegible] હું ઘણા માનપૂર્વક યાદ કરીશ."

[illegible] કે [illegible] છે.

[illegible] છે. [illegible] એમની [illegible] છે. [illegible] એમ પણ [illegible] છે. [illegible] કહે છે કે, [illegible] તેમની [illegible] છે [illegible] તેમની [illegible] તેમની [illegible] તેમની કલા ને [illegible].

[illegible] નાના પ્રવાસો કરે છે; પણ એ પ્રવાસોમાં [illegible] સામાન અને પોતાની [illegible] મજુર કે નોકર [illegible] નહિ તેમ [illegible] ધર્મશાળામાં ઉતરવું ને પગે [illegible].

૧૯૦૮માં વડોદરામાં જ્યારે સ્વ૦ રમેશચંદ્ર દત્ત દિવાન હતા, ત્યારે તેઓ ગુજરાત [illegible] આવેલા. તે વખતે તેમણે માર્ગમાં આવતું દરેક ઐતિહાસિક સ્થળ નિરખ્યું. [illegible] ભાગમાં રેલ્વેની મુસાફરી કરી દિવસે [illegible] પગપાળા અને પૈસા બચાવી તેમણે ઉજ્જૈન, માંડુ, ભોપાળ વગેરે જોયાં.

ફતેહાબાદ આગળ ઔરંગઝેબે દારાશિકોહને જે સ્થળે હરાવ્યો હતો તે જગા જોવા માટે પોતાનો સામાન સ્ટેશનના વેઇટિંગ રૂમમાં રાખી પરબારાજ ઊતરેલા અને આખી યુદ્ધભૂમિ ઉપર પગે ચાલી નદીકાંઠાની બધી જગ્યા જોઇ ઇતિહાસની રેખા કરેલી. એક વખત બુદ્ધગયાના આવા પ્રવાસમાં ભગિની નિવેદિતા તથા કવિવર રવીન્દ્રનાથ પણ તેમની સાથે હતા. પ્રવાસમાં તેઓ દૂધ અને રોટીશીંજ માત્ર મશાલી લે છે. તેઓ કહે છે કે, ખાવાપીવાના સ્વાદ અને ઇંદ્રિયોના લાભ તથા અનુભવ ગુમાવાય છે.

પ્રવાસ કરવાવિષે તેઓ બહુજ ભાર મૂકીને કહે છે કે, પ્રવાસ હમેશાં પગે ચાલીને કરવો અને દરેકેદરેક સ્થળ તથા ચીજનું અધ્યયન તથા અવલોકન કરવું. ભગિની નિવેદિતાનું એક વાક્ય તેઓ વારંવાર સંભળાવે છે કે, 'તમારા દેશને ચાલતા પગેવાં તેને પૂરો નિરખજો.' વિદ્યાર્થીઓને તેઓનો સંદેશ છે કેઃ—'મોજશોખને તિરસ્કારજો અને સાદું કર્તવ્યપરાયણ જીવન કેળવજો.'

એમના એકધારા, સાદા ને અભ્યાસપરાયણ જીવનમાં તો મોજશોખને સ્થાન ક્યાંથીજ હોય! નવ વર્ષની નાની વયે એક વાર એમણે બંગાળી નાટક જોયેલું; પણ પછી જ્યારે તેમને ખબર પડી કે, રંગભૂમિ ઉપર તો વેશ્યાઓ ઉતરે છે, ત્યારથી તે આજસુધી એમણે કદી નાટક જોયું નથી! એમના કડક જીવનનું આથી સુંદર બીજું દૃષ્ટાન્ત કયું હોઇ શકે! બંગાળાની રંગભૂમિ આજે તો વિખ્યાત થઇ છે અને ઉચ્ચ કોટિના સંસ્કારી પુરુષો તેમાં ભાગ લઇ રહ્યા છે; તોપણ આપણા વિનોદને ખાતર સ્ત્રીજાતિને રંગભૂમિપર આવવું પડે એ તેમને રુચ નથી લાગતું.

તેઓ કહે છે કે, આપણા બધાજ જુવાનિયાઓએ કૉલેજની કેળવણી લેવાની કશી જરૂર નથી. સર્વ વિષયોનું સામાન્ય વ્યવહારુ જ્ઞાન બધાને માટે જરૂરનું છે. એથી આગળ જવાની દરેકને જરૂર પણ નથી, ને દરેકમાં લાયકાત પણ હોતી નથી. કૉલેજની ફી તથા પુસ્તકો પાછળ નાણાં અને જીંદગી ખર્ચી નાખવા કરતાં સૌએ વિવિધ વિષયોનું સામાન્ય જ્ઞાન મળી રહે તેટલી કેળવણી લઇ પોતપોતાને ફાવતા ઉદ્યોગધંધા પાછળ લાગી જવું બહેતર છે, એમ તેઓ માને છે. જે પોતાની અસાધારણ બુદ્ધિવડે આગળ જતાં દેશને કે જ્ઞાનભંડારને કંઇક પણ લાભ આપી શકે, તેવા હોય એમણેજ આગળ કૉલેજનો અભ્યાસ કરવો.

કેટલાક શ્રીમાનો વિદ્યાર્થીઓને યૂરોપ વગેરે દેશોમાં ભણવા મોકલે છે. તે વિષે આ૦ મરકાર કહે છે કે, જેને તેને મોકલવા ઠીક નથી. વિલાયતના પ્રૉફેસરો વારંવાર ફરિયાદ કરે છે કે, હિંદના વિદ્યાર્થીઓ સામાન્ય કેળવણી પણ પૂરી લીધાવિના અહીં આવે છે, તેથી તેમનાં શરૂઆતનાં બે ત્રણ વર્ષ તો એ ઉણપ પૂરવામાંજ જાય છે. ખરું જોતાં હિંદુસ્તાનમાંજ બને તેટલી પૂરી કેળવણી લઇને પછી વિલાયત જાય તો વખત બચે અને સારું તથા પૂરું શીખી આવે. યૂરોપ વગેરે દેશોના પ્રવાસ—

થી ખાસ કરીને તો માણસમાં સ્વમાન અને સ્વાતંત્ર્યની ભાવનાઓ આવે છે, જીવનવિષે એમને વિશાળ દૃષ્ટિ મળે છે અને દુનિયાની ધક્કામુક્કી તથા હડસેલા વચ્ચે ઉભા રહેવાની શક્તિનું ભાન થાય છે.

વિદ્યાર્થીઓને રાજદ્વારી ચળવળોમાં ભાગ લેતા જોઈ અ૦ સરકાર બહુ નારાજ થાય છે. તેઓ કહે છે કે, માત્ર ઝુંબેશ ઉઠાવ્યે કશું વળવાનું નથી. લોકજીવનમાટે કોઇ ગંભીર અને સંગીન કામ જેઓને કરવું નથી તેમનો રાજકીય જુસ્સો ખાલી વેગમાત્ર છે. સમાજસુધારણા, લોકશિક્ષણ અને જ્ઞાનના અન્વેષણ પાછળ શાંતિ ને દૃઢતાથી કામ કરનારા સંખ્યાબંધ માણસોની દેશને જરૂર છે. જીવનની અનેક બાજુઓ હજી વિકાસ સાધ્યાવિનાની અધુરી પડી છે; ત્યાં એકધારું અને સંગીન કામ કરનારાઓની ખોટ છે. એ પૂર્યાવિના સ્વાતંત્ર્યનું સ્વરૂપ સમજાવાનું નથી. એમના આ વિચારો જોડે સૌ સંમત હો કે ન હો, પણ એમનું જીવન તથા ચારિત્ર્ય તો આ દરેકેદરેક વિચારની સચોટ સાક્ષી પૂરે છે.

શાહજહાંના સમયથી માંડીને તે ઠેઠ મોગલસામ્રાજ્યના અંતસુધીનો રજેરજ વિગતથી ભરેલો સંપૂર્ણ ઇતિહાસ એમણે લખ્યો છે. મોગલ બાદશાહોના સમકાલીન રજપૂતો તથા તેમનાં રાજ્યોની હકીકત એમણે બરાબર લખી છે. દુર્ગાદાસવિષે અ૦ સરકાર વાત કરતા હોય ત્યારે આપણને જાણે એમજ લાગે કે એ પોતે દુર્ગાદાસના જાની મિત્ર હશે! એટલી હદસુધીની એની ઝીણી અને ખાનગી હકીકતો રજુ કરી જાય. એમણે દરેક બાબત નિષ્પક્ષપાત તુલા રાખીને જોખી છે અને સમભાવપૂર્વક રસિકતાથી લખી છે. ઔરંગઝેબને થતો અન્યાય એમના ઇતિહાસથી અનેક રીતે દૂર થાય છે. શિવાજીને આગ્રે રાખી હતી એ વાતની તો આપણને આટલા જમાના વીતી ગયા પછી જાણ થઈ—એમનાજ તરફથી. કોઇપણ મહારાષ્ટ્રીય ગ્રંથકાર તરફથી એ હકીકત બહાર પડી નહોતી. કલકત્તાના કાળાકૂવા જેવો કોઇ પ્રસંગ બન્યોજ નથી, એ પુરવાર કરનાર પ્રૉ૦ સરકારછે, એ વાત તો જાણે મશહુર છે.

[illegible] તવારીખો ઉપરાંત તેમણે 'શ્રીચૈતન્ય પ્રભુની યાત્રા તથા ઉપદેશામૃત' નામનો એક [illegible] લખ્યો છે. તેમાં ઇ. સ. ૧૫૦૦ના સમયના હિંદુસ્તાનની સ્થિતિનું [illegible] છે. બ્રિટિશ હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ ઉપર પણ એમણે એક ગ્રંથ લખ્યો છે. તેમાં [illegible] વિદ્યાર્થી, ઉદ્યોગધંધા, સમાજ, જમાબંધી, મજુરી, કાયદા, નાણું વગેરેપર વિસ્તારથી [illegible] છે. આ સિવાય પુસ્તકોનાં અવલોકનો તથા બીજા વિષયો ઉપર [illegible] તેમને હાથે સહુ લખાયાજ કરે છે. કૉલેજોમાં ઇન્ટરમીડિયેટ સુધીનું શિક્ષણ [illegible], એવો તેમનો મત છે; અને એ વિષે એમણે એક નિબંધ પણ લખ્યો છે.

[illegible] તથા અંગત અધ્યયન વગેરેનું કામ કૉલેજની જવાબદારીઓ [illegible] વખતમાં અને રજાઓમાંજ એમણે કર્યું છે. આટલા કાર્યનિમગ્ન રહેતા [illegible] વિદ્યાર્થીઓને તે [illegible] જીવનમાં છૂટથી ભળવા દે છે. પોતાના ગાંઠના ખર્ચે એમણે [illegible] ઇતિહાસના [illegible] તૈયાર કરી બહાર પાડ્યા છે. ઘણા તેજસ્વી [illegible] કામ કરી ગયા છે. બંગાળના અત્યારના કેટલાએક પ્રસિદ્ધ [illegible] શ્રી ર. [illegible] મુકરજી તથા ર. બાલદાસ બૅનરજીએ [illegible] છે. એમના અંગત [illegible] તથા [illegible] એક પ્રૉ. કાલિકારંજન [illegible] 'ન[illegible]' તથા '[illegible]નો ઇતિહાસ' નામના [illegible] એક શ્રી [illegible] '[illegible] રામમોહનરાય' [illegible]—[illegible] અને [illegible]' વગેરે લખ્યાં છે. [illegible] '[illegible]' પર [illegible] છે કે ઇતિહાસ[illegible] કામ [illegible]

[illegible] છે. આ [illegible]

રકાર ઉનાળાને માટે દાર્જીલિંગમાં રહેવાનું રાખે છે. ત્યાં એમણે બંગાળી રસ્તામાં ઘણાં વર્ષોથી પોતાની સ્થિતિ પ્રમાણેનું એક સાદું મકાન કર્યું છે, ને એનું નામ 'સરકાર આવાસ' રાખ્યું છે. નામ ઉપરથી કોઇને મોટા મહાલયની કલ્પના આવી જાય; પણ એ તો આગગાડીના ડબા જેવી પાટિયાંની સાદી બંગલીજ માત્ર છે. તેના બે ભાગ કરેલા છે અને દરેક ઓરડી આઠ આઠ ફુટ લંબાઇપહોળાઇની છે. આગલી ઓરડીમાં બારી આગળ ટેબલ છે ત્યાં પોતે લખવાવાંચવાનું અને લોકોને મળવાનું રાખે છે. બીજી ઓરડીમાં સુવામાટે પાટિયાંનો ખાટલો અને પરચુરણ સામાન રહે છે. ચોપડીઓનાં તો બધે વન! જ્યાં જુઓ ત્યાં ચોપડીઓ અને અવલોકનમાટે ટપાલમાં આવેલા ગ્રંથોપરથી ઉકેલેલાં કાગળીઆં પડયા હોય!

એમના જીવનની સાદાઇ જોઇને તો ભાગ્યેજ ખ્યાલ આવી શકે, કે તેઓ કોઇ મહાવિદ્વાન, કે પ્રિન્સિપાલ કે સી. આઇ. ઇ. નો ખિતાબ ધારણ કરનાર વ્યક્તિ હશે! એમનું લખવાનું ટેબલ જુઓ તો સાદા પાટિયાંનું બનાવેલું સાવ મામુલી! એજ ટેબલપર શિવાજી અને ઔરંગઝેબના સુપ્રસિદ્ધ ઇતિહાસના પાંચ ગ્રંથો લખાયા હતા. ટેબલપર સગવડ પડતી ઉંચાઇએ ગોઠવેલી એક વિજળીની બત્તી નજરે પડે છે: એ હમેશાં રાતના બાર વાગ્યા સુધી બળનારી. અધ્યાપક સરકારના બધાં પુસ્તકો અહીં દાર્જીલિંગમાંજ લખાયેલાં. માત્ર કેટલીક બાબતોના પૂરાવા જોઇએ તે પટણા જઇને લાયબ્રેરીનાં પુસ્તકોમાં જોઇને ગોઠવી લેતા.

રોજ સાંજે ચાર વાગે એટલે એ નિયમિત રીતે ફરવા નીકળવાના. એ વખતે સાદાં કોટપાટલુન હૅટ વગેરે પહેરે છે; પણ તેમાં જરાયે આછકડાઇ ન લાગે. મળવા આવનાર માણસ સાથેના વર્તનમાં પણ સભ્યતા અને નમ્રતા એટલી કે એ જોઇને આપણા દેશના સામાન્ય ગ્રૅજ્યુએટને પણ પોતાની અક્કડાઇમાટે શરમાવું પડે. ફરવા નીકળતી વખતે કોઇપણ એકાદ સોબતી સાથે હોય તો તેને નિભાવી લે. તે જ્ઞાનમાં ગમે તે કોટિનો હોય, તોપણ તેની જોડે મિત્રની પેઠે સંભાષણ ચાલુ રાખે અને રખેને સાથે આવનારને પોતાના અતડાપણાથી અડુવું ન લાગે એ ખ્યાલે લગભગ બધો વખત પોતેજ વાતચિતનો રસ ટકાવી રાખે. આ ગુણ બહુ ઓછા વિદ્વાનોમાં માલૂમ પડે છે.

આપણામાં 'વૃદ્ધ' લેખાતી આજ એમની પંચાવન વર્ષની ઉંમરે પણ એ સ્ફુર્તિવાળા, તંદુરસ્ત અને રુચિકર મિજાજવાળા છે. તેમના દાંત બધા સાબુત છે, ટટાર ચાલે ઘણું ચાલી શકે છે અને ખડતલપણે લાગટ કામ ખેંચી શકે છે. એમના પિતા ઠેઠ ૧૯૦૪માં ૭૫ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી ગુજરી ગયેલા. દીર્ઘજીવન અને તંદુરસ્તીની એમના કુટુંબની આ ઇશ્વરી બક્ષિસની ખરી ચાવી તો એમની સાદી અને સરળ રહેણીકરણી તથા ચુસ્ત અને એકાગ્ર જીવનમાં છે.૯



આર્યસંસ્થાનોના પ્રાચીન મહાન સંસ્થાપક

महर्षि अगस्त्य

વેદકાળના મંત્રદ્રષ્ટા મહાન ઋષિઓમાંના અગસ્ત્યઋષિ આર્યાવર્તની બહાર આર્ય સંસ્કૃતિનો
પ્રચાર કરવામાટે જાણીતા છે. રામાયણ અને પુરાણોમાં એમને દક્ષિણાપથના ભયંકર રાક્ષસોમાં
જઇ તેમને વશ કરવા અને સુજન બનાવવામાટે બ્રાહ્મણધર્મપ્રચારકોમાં અગ્રેસર ગણેલા છે.
વેદમાં એમની ઉત્પત્તિને માટે એમ કહેલું છે કે, એક વાર યજ્ઞ ચાલતો હતો તેવામાં ઉર્વશી
અપ્સરા ત્યાં આવી. તેને જોઇ મિત્રનું વીર્ય સ્ખલિત થઇ એક ઘટમાં પડ્યું, તેમાંથી આ ઋષિ
ઉત્પન્ન થયા. આથી તેઓ ઘટોદ્દભવ, કળશયોનિ મૈત્રાવરુણી અને ઔર્વશેય વગેરે નામોથી ઓ-
ળખાય છે. એ લોપામુદ્રા–કૌશિતકીને પરણ્યા હતા અને તેમને દ્રિધાસ્ય તથા દ્રિધાસ્યુ નામે બે
પુત્રો થયા હતા. વળી એમ પણ કહેવાય છે કે, તે પુલસ્ત્ય ઋષિના કુળમાં જન્મ્યા હતા અને
કર્દમની હવિર્ભૂ કન્યાને પરણ્યા હતા. ગમે તેમ હો; પરંતુ દક્ષિણાપથને સંસ્કૃત કરી ત્યાં આર્ય
સંસ્થાનો સ્થાપવામાટે અગસ્ત્ય પ્રાચીન તેમજ અર્વાચીનોમાં મુખ્ય અગ્રેસર, આર્યધર્મપ્રચારક
અને પ્રસારક ગણાય છે.

બૌદ્ધોન પહેલા બ્રાહ્મણો દક્ષિણ અને પૂર્વ તરફ પોતાનો ધર્મ અને સંસ્કૃતિ લઇ ગયા હતા.
સપ્તસિંધુ પ્રદેશમાંના આર્યો પ્રથમ પૂર્વ તરફ ગંગાયમુનાના પ્રદેશમાં ગયા. ત્યાં પોતાની સંસ્કૃતિ
ખીલવી અને કાશીને બ્રાહ્મણવિદ્યાનું તથા શૈવધર્મનું મુખ્ય મથક બનાવ્યું. અગસ્ત્ય ઋષિ કાશી-
માં રહેતા ત્યારે ત્યાં ઠેકઠેકાણે એટલાં બધાં શિવલિંગ સ્થપાયેલાં હતાં કે ઋષિને ગંગાસ્નાન
કરવા જતાં શિવલિંગને ઠેસ વાગે નહિ તેની સંભાળ રાખવી પડતી. કાશીમાં તેઓ ઝાઝો વ-
ખત રહ્યા નહિ, એટલામાં તો આર્યવિદ્યા, કળા, ધર્મ અને સંસ્કૃતિના પ્રચારમાટે તેમને દક્ષિણ
તરફ જવું પડ્યું. વિંધ્યાચળ ઓળંગીને હજી આર્યસંસ્કૃતિ દક્ષિણમાં ગઇ ન હતી; અને
કંઇક ગઇ હતી તો તેને ત્યાં રહેતા રાક્ષસો અને જંગલી લોકો વારંવાર ઉચ્છિન્ન કરતા હતા
અગસ્ત્યે દક્ષિણમાં જતાં વિંધ્યપર્વત જે પૌરાણિક કથા પ્રમાણે ઉંચો ને ઉંચો વધતો હતો
તેને દંડવત્ નમસ્કાર કરી લાંબો થઇને પગે પાડ્યા પછી, ઋષિએ ઉભા થવાની આજ્ઞા આપી નહિ
પોતે પાછા ફરશે ત્યારે ઉઠાડશે, એમ તેને કહ્યું. તે ફરીને પાછા ફર્યાં નહિ અને વિંધ્યાચળ ઉભો
થવા પામ્યો નહિ. આ ઉપરથી 'જનાર પાછું ન આવે' એવા પ્રસંગને માટે 'અગસ્ત્ય યાત્રા' અ
'અગસ્ત્યના વાયદા' એવી કહેવતો નીકળેલી છે.

બ્રાહ્મણસંસ્કૃતિ લઇ જનાર ઋષિમુનિઓને દખ્ખણમાં રહેતા જંગલીઓ–રાક્ષસો, વાનર
અને રીંછો વારંવાર પીડા કરતા હતા. દખ્ખણમાં સુશીલ ને સુધરેલી આર્યપ્રજાએ જવું અને રહે
એ મોટી મુશ્કેલી અને જોખમદારીનું કામ હતું; તેથી ઉપલી પૌરાણિક કથાને એવી રીતે ઘટા
વામાં આવે છે કે, પહાડ જેવી મુશ્કેલીને અગસ્ત્યે દૂર કરી; એટલુંજ નહિ પરંતુ તેને આર્યો
નમતી બનાવી. રામાયણમાં તપોવનો અને આશ્રમોનો જંગલીઓને હાથે કેવો નાશ થતો હતો તે બન
વેલું છે. દખ્ખણમાં વિંધ્ય પછી તરતજ જે સંસ્થાન વસાવવામાં આવ્યું તે અગસ્ત્યનું વસાવે
લોઈ તેમાં આર્યઉપદેશકો વગેરે રહેતા. આને "જનસ્થાન" કહેવામાં આવ્યું. તેની દક્ષિણે અ
સુધરેલા પણ પાડાવમાં રહેલા વાનરોનું સંસ્થાન હતું; અને તેની પેલી તરફ વધારે દખ્ખણમાં રાક્ષ
રહેતા હતા. આ ક્રમ આપણે રામપ્રવાસ પરથી જાણીએ છીએ. વિશ્વામિત્ર પ્રથમ પોતાના યજ્ઞ
રાક્ષસો બાધ કરે નહિ તે માટે, રામલક્ષ્મણને બાળપણમાંજ રક્ષકતરીકે લઇ ગયા હતા; અને તેમ
રાવણની બહેન તાડકા અને તેને સહાયક રાક્ષસોને મારી યજ્ઞ ભંગ થતો અટકાવ્યો હતો. અરણ્
કાંડમાં દક્ષિણાપથ જે ગાઢ જંગલો અને જંગલીઓથી ભરેલો હતો, તેને અગસ્ત્યે કેવા ક્રમે ઋ
મુનિઓને વસવા યોગ્ય બનાવ્યો, તે વર્ણવેલું છે. બ્રાહ્મણો અને તેમનાં યજ્ઞયાગાદિ કાર્યના
શત્રુ–રાક્ષસોને અગસ્ત્યે પોતાના ઉપદેશથી અને ચમત્કારી ઐશ્વર્યથી નમાવી દીધા હતા. રાવણને મા
સીતાને લઈ પાછા ફરતા રામ સીતાને સંબોધીને કહે છે કેઃ—

...र्जितामि मया भद्र ग्रहस्तादमर्षिणा । अगस्त्येन दुराधर्षा मुनिना दक्षिणा दिक् ॥

"હે ભાઈ! અગસ્ત્યમુનિએ દુરાધર્ષ દક્ષિણદિશા જીતી હતી (રાક્ષસોને વશ કરી સજ્જનને રહેવા યોગ્ય બનાવી હતી), તેમ અમર્ષવાળા શત્રુના હાથમાંથી હું તમને જીતી લાવ્યો છું." વનરાજ... માંથી આર્ય મિશને નીકળેલા અગસ્ત્યમુનિ જેમ જેમ દક્ષિણમાં આગળ વધતા જતા હતા, તેમ તેમ આર્ય આશ્રમો-શાખાઓ-નાખતા જતા હતા. આવા જ એ મુનિએ સ્થાપેલા કુંજર પર્વત આગળના એક આશ્રમમાં વનવાસદરમિયાન સીતા ને લક્ષ્મણ સાથે રામ રહ્યા હતા.

મુનિ મૈત્રાવરુણિને આશ્રમો બાંધતા જતાં પણ રાક્ષસો જંપીને બેસવા દેતા નહિ. અગસ્તીનો ઇલ્વલ અને બદામી-વાતાપિપુરનો વાતાપિ, આ બે ક્રૂર રાક્ષસો દંડકારણ્યની ઉત્તરે રહેતા આજુબાજુ મુનિઓને વારંવાર સતાવતા હતા-અરે સતાવતા હતા એટલુંજ નહિ, પરંતુ તેમને ખાઈ જતા હતા. બદામીથી નજીક મામડપર માલકૂટ પર્વત ઉપર અગસ્ત્યે તેમનો વધ કર્યો હતો. વાતાપિપુર, જેને હાલ બદામી કહેવામાં આવે છે તે, આ મુનિના રહેવાથી એક વિદ્યાપીઠ બની રહ્યું હતું અને અત્યારે પણ દક્ષિણાપથના કાશીનગરીક જૂના પંડિતો તેને માને છે. ઐહોલ અને બદામીનાં કેટલાંક પ્રાચીનતર ખંડેર અત્યારે પણ તેનું પુરાતનપણું દર્શાવે છે. સન ૧૫૦ માં ટોલેમીએ બદામીને (બદિઆમાઓઇ) એ નામે જણાવ્યું છે.

આર્યધર્મ અને આર્યસંસ્કૃતિ દક્ષિણાપથમાં પ્રસારવામાટે ત્યાંના નાનામોટા રાજાઓનો અગસ્ત્યમુનિએ આશ્રય લીધા હોય, એમ પણ જણાય છે. સ્કંદપુરાણની કેટલીક આખ્યાયિકાઓમાં અને લેખોમાં આ વાત જણાવેલી છે. વજ્રાંગદ નામના એક પાંડ્ય રાજાએ એકવાર જનુને ચઢી દ્રાવિડદેશમાં આવેલા સોન પહાડ ઉપરનાં દેવળોને અપમાન આપ્યું હતું. ઘોડાપર બેસી તેણે દેવાલયને ખુંદી નાખ્યું હતું. મૈત્રાવરુણી કુંભોદ્ભવ મુનિ અગસ્ત્યે તેને તે પછી એવો તો નરમ બનાવી દીધો હતો કે, જે દેવાલયનો તેણે નાશ કર્યો હતો તે દેવાલયના દેવતા સોનેશ્વર મહાદેવનો તે ભક્ત બન્યો; એટલુંજ નહિ પરંતુ પોતાનું સર્વસ્વ તેમને અર્પણ કરી ઋષિ અને ઋષિપત્નીના આશીર્વાદ મેળવ્યા. દક્ષિણાપથમાં વિદ્યાકળાના આદિપ્રવર્તક અગસ્ત્ય મુનિ છે. તેમણે વૈદિક, વ્યાકરણ, વેદ અને ધર્મ લોકોને શીખવાડીને કોમળ સુજન બનાવ્યા તથા આર્યધર્મને લગતા સિદ્ધાંતો અને બધી પરંપરા પણ તેમને આપી. એમણે પોતાનું ગોત્ર સ્થાપ્યું કે જે ગોત્રના બ્રાહ્મણો અદ્યાપિ હયાત છે. દક્ષિણના વયોવૃદ્ધ વિદ્વાનો અત્યારે પણ એમ કહે છે અને માને છે કે, તામિલભાષા, દ્રાવિડિયન લિપિ, વ્યાકરણ, પ્રતિમા બનાવવાનું (પ્રતિમાલેખન) શાસ્ત્ર-શસ્ત્રાધિકાર વગેરે ગ્રંથો અને વિદ્યાઓ, એજ આદિ ધર્મપ્રવર્તકના જ્ઞાન અને શ્રમને આભારી છે.

અગસ્ત્યમુનિ દક્ષિણાપથને આર્ય બનાવતા બનાવતા છેક કેપકુમારીન સુધી પહોંચી ગયા હતા. એ ભૂશિર નજીક આવેલા પાથોધી પહાડ ઉપર તેમને અર્પણ થયેલાં આલયો આવેલાં છે. એમ કહેવાય છે અને શ્રદ્ધાળુઓ માને છે કે, પ્રાકૃત આંખને નહિ જણાય એવે રૂપે અદ્યાપિ તેઓ એ શિવાલયોમાં આવે છે અને પૂર્વકાળે જેમ દક્ષિણમાં આવતા અને વળી ચાલ્યા થઈ જતા, તેમ હાલ પણ તેઓ કોઈવાર દેખાવ દે છે અને કોઈવાર અદૃશ્ય રહે છે; પણ દક્ષિણમાં પરિભ્રમણ તો રાખે છેજ.

મુનિથી સંસ્કૃત થયેલી દક્ષિણની પ્રજાએ તેમને દેવતારૂપ માની બદલો વાળી આપ્યો છે, એમ કહ્યાવગર ચાલતું નથી.§ ઘણાં મંદિરો અને આલયોમાં તેમની મૂર્તિનું લોકોએ સ્થાપન કર્યું હતું. ઘણે ઠેકાણે તે દેવતુલ્ય પૂજાય છે, અગસ્ત્યપૂજન પૌરાણિક કાળનું છે. અગસ્ત્ય દેવનું પૂજન કરવાનો વિધિ અગ્નિ અને સ્કંદ પુરાણમા બતાવવામાં આવેલો છે. પૂજનવિધિ પછી ધ્યાન મારેના શ્લોકમા કહે છે કેઃ-"હે કુંભયોનિ ! તમે અગ્નિમરુતથી ઉપજેલા, મિત્રાવરુણના પુત્ર, કાશમંજરી જેવા શ્વેત વર્ણાંગ અને જગતવ્યાપી છો. વળી આપ, કે જેઓ મુનિભક્ષક વાતાપિને જમી ગયા હતા, જે સમુદ્રને પી ગયા હતા તે અગસ્ત્ય મુનિ, તમોને નમસ્કાર છે." કેપકુમારીન આગળના પાથોધા પહાડ ઉપર તેઓ અદ્ભુત ચરિતરૂપે રહેલા છે. કોરોમંડળ કિનારાના

§ દ્રાવિડિયનો અગસ્ત્ય મુનિને એક દેવતારીકે પૂજે છે. તેમના દેવાલયો બાંધેલાં છે અને તેમને પોતાના ઇષ્ટદેવ માને છે. દક્ષિણાપથમાં તેમના નામનો સંવત્સર પણ ચાલતો. અગસ્ત્ય સંવત્સર ઈ સ પૂર્વે ઘણા કે સાતમા સૈકામાં ચાલુ થયેલો, એવો યુરોપિયન વિદ્વાનોનો મત છે. અગસ્ત્યમુનિએ જે પ્રવાસો કરેલા છે તે, આપણા ઋષિમુનિઓ કેવા ખંતી અને સાહસિક હતા તે દર્શાવી આપે છે

महात्मा जानकीवर शरणजी

ગાઝી માન કોશ પશ્ચિમે મુબારકગંજની સમીપ હબીબપુર નામે એક ગામ છે. તેના એક ભાગને મહેરબાન મિશ્રનું પરું' કહે છે. ત્યાં મહેરબાન મિશ્ર નામના એક સરદાર-દેશી ક્ષત્રિય રહેતા હતા. તેમનાજ નામથી તે પરું વસ્યું હતું. મિશ્રજી એક ધનવાન ગૃહસ્થ હતા. તેમના ચાર પુત્રો બબ્બે ત્રણ ત્રણ વર્ષના થઈને મૃત્યુ પામ્યા હતા. પુત્રશોક બહુ ભારે હોય છે. આથી મિશ્રજી બહુ દુઃખી રહેતા હતા. ઘણા દિવસ પછી વૃદ્ધાવસ્થામાં જ્યારે મિશ્રજીને કંઈ પણ આશા રહી નહોતી, તેવામાં અનાયાસે ભગવદ્દિચ્છાથી ઉપર્યુક્ત મહાત્માજીએ મિશ્રજીને ત્યાં સંવત ૧૯૦૯ માં જન્મ લીધો. તે વર્ષે મિશ્રજીની ખેતીમાં ઘણું ખાસ્સું સારામાં સારું અન્ન પાક્યું. મિશ્રજીએ ભારે ઉત્સવ કર્યો. તેમણે લોકવ્યવહારને અનુસરીને માનતા માની હતી તેથી તેમની વર્ષગાંઠને દિવસે તેમને રૂપલામાં બેસાડી વજન કરતા હતા અને ઉત્સવ કરતો હતો. તેમની માતા તેમનું બહુ પ્રેમપૂર્વક લાલનપાલન કરતાં.

ત્રીજે વર્ષે આથો ઉતરાવી માથાના વાળ લેવડાવ્યા અને પાંચમે વર્ષે કાન વિંધાવીને તેમની ચોંટ વધારવામાં આવી અને તેમનું નામ રમેશ પાડવામાં આવ્યું. છઠ્ઠે વર્ષે વિદ્યાભ્યાસ શરૂ કર્યો. તેઓએ પંડિત ઈશ્વરદત્તજી પાસે સંસ્કૃત અને એક મોલવી સાહેબ પાસે ફારસી ભણવાનું શરૂ કર્યું. તેઓની બુદ્ધિ એટલી પ્રબળ હતી કે થોડાજ દિવસોમાં તેઓ તેમની પહેલાંના ભણનારાઓ કરતાં આગળ વધી ગયા. મોલવી સાહેબ અને તેમનાં કુટુંબીઓ તેમના ઉપર બહુ પ્રેમ રાખતાં. જે દિવસે તેઓ મુબારકગંજમાં મોલવી સાહેબને ત્યાં ભણવા નહોતા જતા, તે દિવસે તેઓ પોતે અથવા તેમનો પુત્ર કારણ પૂછવા આવતા. પછી નવમે વર્ષે તેમને યજ્ઞોપવીત દીધું. અગીઆરમે વર્ષે રમવાકૂદવામાં ભારે ધામધૂમપૂર્વક તેમનું લગ્ન થયું. તેમને રુચિ નહોતી; પરંતુ હથિયારો અને ઘોડેસ્વારીનો ભારે શોખ હતો, તેથી પિતાજીએ તેમને એક ઘોડો લાવી આપ્યો હતો અને નાનાં નાનાં હથિયાર પણ કરાવી આપ્યાં હતાં. તેઓ તમંચો રાખતા અને નિશાન ખેલતા હતા. એક દિવસ એક પક્ષી તેમના નિશાનથી ઘાયલ થયું, તેજ દિવસથી નિશાન તાકવું તેમણે છોડી દીધું.

એજ ગામમાં એક મણિગરી બાબા નામના ગોસાઇ રહેતા હતા. તેમના સંસર્ગથી તેઓ શિવ-પૂજન કરવા લાગ્યા.

મુબારકગંજમાં શ્રી ગુરુજીની પાસે ધૂનામીકુંડ છે. સ્વામીશ્રી યુગલાનન્ય શરણજી શ્રી અવધથી આવ્યા, ત્યારે તેઓ કેટલાક સમય ત્યાં રહ્યા હતા. તે દિવસોમાં સ્વામીજીએ મૌનવ્રત ધારણ કર્યું હતું. સીતારામસિવાય પાંચમો અક્ષર તેઓ મુખથી કહી શકતા નહિ. માત્ર સંકેતથી અથવા જમીન ઉપર લખીને આવશ્યક વાતચીત કરતા હતા; અને પાંચ સાત ઘેરથી ભિક્ષા માગી લાવીને ભોજન કરતા હતા. મહારાજજી પણ સ્વામીજીનાં દર્શન કરવા ગયા. પૂર્વસંસ્કારે કરીને સ્વામીજી મહારાજજીને બહુ ચાહવા લાગ્યા. સ્વામીજીએ પોતે મોહિત થઈ જઈને અને આગ્રહ કરીને તેમને યુગલ મંત્ર આપ્યો અને ચોદ મહિના ત્યાં રહીને તેઓ અવધ પાછા ફર્યા.

ત્યાર પછી કેટલાક દિવસ બાદ પંડિત ઇશ્વરદત્તજીનો મહારાજજીની સમાન ઉંમરનો એકનો એક પુત્ર મરી ગયો. પંડિતજીને ભારે શોક થયો. તેમણે મહારાજજીના પિતાને કહ્યું કે, મારો વિચાર કેટલાક દિવસમાટે બહારગામ જવાનો છે, જો આપ રમેશદત્તને મારી સાથે મોકલો, તો તેનો અભ્યાસ પણ ચાલુ રહેશે અને મારાથી પુત્રશોક પણ ભુલી જવાશે. મહારાજજીના પિતાએ એ વાતનો સ્વીકાર કર્યો અને પંદર વર્ષની ઉંમરે તેઓ પંડિતજીની સાથે કોયલ ગયા.

કોયલમાં એક સુબેદાર પંડિતજીના સ્નેહી હતા તેમની પ્રેરણાથી પંડિતજીની કથા પલટનમાં થવા લાગી. એ સિવાય અહીં પંડિતજી પલટનના કેટલાક અફસરોને નાગરી શીખવવા લાગ્યા. કેટલાક દિવસ પછી પંડિતજી અને સુબેદાર વચ્ચે મેળ થઈ ગયો. સંયોગવશાત્ સુબેદારને તાવ આવવા લાગ્યો. લોકોએ સુબેદારને કહ્યું કે, આપને પંડિતજી સાથે વિરોધ થયો ત્યારથી આપ માંદા પડ્યા છો. સુબેદાર પંડિતજીને નિમંત્રણ આપવા ગયા. તે વખતે પંડિતજી ત્યાં નહોતા. ફક્ત મહારાજજી આસન ઉપર બેઠા હતા. સુબેદારના માંદગીની હકીકત સાંભળીને એક કાગળ ઉપર 'શ્રી સીતારામ' લખી તે કાગળ તેમને આપ્યો અને કહ્યું કે, આને માદળીઆમાં ઘાલીને ગળે

[illegible] સ્વામીજીની [illegible] 'મહેન્દ્રનાથ [illegible]' [illegible] તેમના [illegible] આગળ પુત્રો [illegible] હતા. [illegible] બહુ [illegible] હતા. ઘણા દિવસ પછી [illegible] મહાત્માએ [illegible] જન્મ લીધો. તે વર્ષે [illegible] ઉત્સવ કર્યો. તેમણે [illegible] અનુમતિ [illegible] તેમને [illegible] રાખ્યા હતા અને [illegible] કર્યો હતો. [illegible] પ્રેમપૂર્વક લાલનપાલન કરતા.

આઠ વર્ષે [illegible] દેવદત્ત [illegible] વર્ષે [illegible] તેમની મૂંડ વધારવામાં આવી અને તેમનું નામ ગણેશ [illegible] રાખવામાં આવ્યું. [illegible] કર્યો. તેઓએ પંડિત ઈશ્વરદત્તજી પાસે સંસ્કૃત અને એક મૌલવી સાહેબ પાસે ફારસીનું [illegible] શરૂ કર્યું. તેઓની બુદ્ધિ એટલી પ્રબળ હતી કે થોડાજ દિવસોમાં તેઓ તેમની પાઠશાળાના [illegible] કરતાં આગળ વધી ગયા. મૌલવી સાહેબ અને તેમના કુટુંબીઓ તેમના ઉપર બહુ પ્રેમ [illegible] દિવસે તેઓ મુબારકગંજમાં મૌલવી સાહેબને ત્યાં અભ્યાસ નહોતા જતા, તે દિવસે તેઓ પોતે અથવા તેમનો પુત્ર કારણ પૂછવા આવતા. પછી નવમે વર્ષે તેમને યજ્ઞોપવીત દીધું. અગિયારમે વર્ષે [illegible] ભારે ધામધૂમપૂર્વક તેમનું લગ્ન થયું. તેમને રુચિ નહોતી; પરંતુ નિશાનબાજી અને ઘોડેસ્વારીનો ભારે શોખ હતો, તેથી પિતાજીએ તેમને એક ઘોડો લાવી આપ્યો હતો અને નાના નાનાં હથિયાર પણ કરાવી આપ્યાં હતાં. તેઓ તમંચો રાખતા અને નિશાન લેતા હતા. એક દિવસ એક પક્ષી તેમના નિશાનથી ઘાયલ થયું, તેજ દિવસથી નિશાન તાકવું તેમણે છોડી દીધું.

એજ ગામમાં એક ગણેશ બાબા નામના ગોસાંઈ રહેતા હતા. તેમના સંસર્ગથી તેઓ શિવ-પૂજન કરવા લાગ્યા.

મુબારકગંજમાં શ્રી સરયૂજીની પાસે ભૂતાગીકુંડ છે. સ્વામીશ્રી પુરણાનન્દ સરસ્વતી શ્રી અયોધ્યાથી આવ્યા, ત્યારે તેઓ કેટલાક સમય ત્યાં રહ્યા હતા. તે દિવસોમાં સ્વામીજીએ મૌનવ્રત ધારણ કર્યું હતું. સીતારામસિવાય પાંચમો અક્ષર તેઓ મુખથી કહી શકતા નહિ. માત્ર સંકેતથી અથવા જમીન ઉપર લખીને આવશ્યક વાતચીત કરતા હતા; અને પાંચ સાત ઘેરથી ભિક્ષા માગી લાવીને ભોજન કરતા હતા. મહારાજજી પણ સ્વામીજીનાં દર્શન કરવા ગયા. પૂર્વસંસ્કારે કરીને સ્વામીજી મહારાજજીને બહુ ચાહવા લાગ્યા. સ્વામીજીએ પોતે મોહિત થઈ જઈને અને આગ્રહ કરીને તેમને યુગલ મંત્ર આપ્યો અને ચાર મહિના ત્યાં રહીને તેઓ અવધ પાછા ફર્યા.

ત્યાર પછી કેટલાક દિવસ બાદ પંડિત ઇશ્વરદત્તજીનો મહારાજજીની સમાન ઉંમરનો એકનો એક પુત્ર મરી ગયો. પંડિતજીને ભારે શોક થયો. તેમણે મહારાજજીના પિતાને કહ્યું કે, મારો વિચાર કેટલાક દિવસમાટે બહારગામ જવાનો છે, જો આપ ગણેશદત્તને મારી સાથે મોકલો, તો તેનો અભ્યાસ પણ ચાલુ રહેશે અને મારાથી પુત્રશોક પણ ભૂલી જવાશે. મહારાજજીના પિતાએ એ વાતનો સ્વીકાર કર્યો અને પંદર વર્ષની ઉંમરે તેઓ પંડિતજીની સાથે કોયલ ગયા.

કોયલમા એક સુબેદાર પંડિતજીના સ્નેહી હતા તેમની પ્રેરણાથી પંડિતજીની કથા પરગનમા થવા લાગી. એ સિવાય અહીં પંડિતજી પલટનના કેટલાક અંગ્રેજોને નાગરી શીખવવા લાગ્યા. કેટલાક દિવસ પછી પંડિતજી અને સુબેદાર વચ્ચે મેળ મટી ગયો સંજોગવશાત સુબેદારને તાવ આવવા લાગ્યો લોકોએ સુબેદારને કહ્યું કે, આપને પંડિતજી સાથે વિરોધ થયો ત્યારથી આપ માંદા પડ્યા છો. સુબેદાર પંડિતજીને નિવાસસ્થાને ગયા તે વખતે પંડિતજી ત્યાં નહોતા. ફક્ત મહારાજજી આસન ઉપર બેઠા હતા સુબેદારની માફીની હકીકત સાંભળીને એક કાગળ ઉપર 'શ્રી સીતારામ' લખીને તે કાગળ તેમને આપ્યો અને કહ્યું કે, આને માદળીઆમાં ઘાલીને ગળે

બાંધજો, તાવ નહિ આવે. બન્યું પણ તેજ પ્રમાણે; એટલે તો સુબેદાર પંડિતજી ઉપર અધિક સ્નેહ રાખવા લાગ્યા. હવે એ વાત આખી પલટન અને શહેરમાં ફેલાઈ ગઇ કે પંડિતજીના એક વિદ્યાર્થીએ સુબેદારને સાજા કરી દીધા.

આ વાત પલટનના અંગ્રેજ અમલદારના સાંભળવામાં આવી, ત્યારે તેણે મહારાજજીને બોલાવીને દર્શન કર્યાં અને તેઓ સાથે વાતચીત કરીને તે બહુ પ્રસન્ન થયો. તેણે પંડિતજીને કહ્યું કે, આજથી અમે તેમની પાસેથી ભણીશું. તે દિવસથી તેઓ સાહેબને ભણાવવા લાગ્યા.

કેટલાક દિવસ પછી પલટન કોયલથી અચાનક બદલવામાં આવી. અચાનક કલકત્તાથી ૭ કોશ છે. મહારાજજી રામલીલા જોવામાટે કલકત્તા ગયા. બીજે વર્ષે સાહેબે મહારાજજીને કહ્યું કે, અહીં પલટનમાં રામલીલા કરાવો. મહારાજજીએ ત્યાંજ રામલીલા કરાવી. પલટનના સિપાઇ લાલ અને કાળા પોષાક પહેરીને વાનર અને રાક્ષસો થયા, વાજીંત્ર-હથિયાર વગેરે સાથેની બનાવટી લડાઇ બતાવી અને ભારે આનંદ થયો.

તેજ સમયમાં મહારાજજીના પિતાનો દેહાંત થયો. પંડિતજી ઇશ્વરદત્તજી પોતાને ઘેર ગયા અને મહારાજજી ત્યાંથીજ કાશી તરફ ચાલી નીકળ્યા.

કાશીમાં તેઓ વિદ્યાધ્યયન કરવા લાગ્યા. તેજ સમયનો તેમના હસ્તાક્ષરનો લખેલો એક પત્ર મળી આવ્યો છે, તેમાં તેઓ પંડિત ઇશ્વરદત્તજીને લખે છે કેઃ–' આપની કૃપાથી એક નાનકડો ગ્રંથ પૂર્વમીમાંસાનો, એક સાંખ્યનો, એક પતંજલિનો અને એક ન્યાયનો થઇ ગયો છે; અને થોડુંક શ્રીરામાનુજ ભાષ્ય પણ જોયું છે.'

૨૧ વર્ષની ઉંમરે તેઓ વિદ્યાભ્યાસ કરીને ત્યાંથી પાછા ફર્યા. તેજ અરસામાં તેમની પત્નીનો દેહાંત થઈ ગયો. તેઓને ફરીથી લગ્ન કરવામાટે ખૂબ કહેવામાં આવ્યું; પરંતુ તેઓએ કોઇનું ગણકાર્યું નહિ. તેઓનું મન પહેલેથીજ ગૃહસ્થાશ્રમમાં ચોંટતું ન હતું, કેમકે સ્વામી શ્રીયુગલાનન્ય શરણજીએ તેમને મંત્રજ નહોતો આપ્યો પણ તેમના હૃદયમાં વૈરાગ્યનું બીજ પણ વાવી દીધું હતું, તેથી પત્નીના દેહાવસાનથી તેઓનું મન ગૃહસ્થાશ્રમમાંથી પૂર્ણરૂપે ઉઠી ગયું.

ત્યારબાદ તેઓ વારંવાર શ્રી અવધની વિહાર–ભૂમિ જોવા અને ગુરુદર્શન કરવા ચાલ્યા જતા અને તેમના ભાઇ તેમને પાછા વાળી લાવતા.

તેજ અરસામાં સ્વામી શ્રી યુગલાનન્ય શરણજી અવધથી ચિત્રકૂટ ચાલ્યા ગયા. ત્યાંથી તેમણે મહારાજજીને એક પત્ર લખ્યો કેઃ–'એક સપ્તાહમાં આવો તો ઉત્તમ, પંદર દિવસમાં આવો તો મધ્યમ અને મહિના પછી આવશો તો નિકૃષ્ટ.' તેઓ આ પત્ર મળતાંજ સંસારને સલામ કરી, સમસ્ત બંધન તોડી નાખી, ઘરનો ત્યાગ કરી ચિત્રકૂટ તરફ પધાર્યા અને એક અઠવાડિયાની અંદરજ સ્વામીશ્રીની સેવામાં હાજર થયા.

ત્યાં કામાદ્રિની પરિક્રમા (પરકમ્મા) નાં સ્થાનોનાં દર્શન અને સંતોનાં સંભાષણથી તેમને ભારે આનંદ થયો. ત્યાંજ સ્વામીશ્રીએ તેમને કહ્યું કે ભિક્ષા લઇ આવો. તેઓએ કહ્યું કે, મેં તો કોઇ દિવસ ભીખ માગી નથી, હું કેવી રીતે ભીખ માગું ? સ્વામીજીએ કહ્યું કે, "તમારે માગવું નહિ પડે. તમે ભિક્ષામાટે જશો કે તરતજ લોકો જાતેજ આપી દેશે." બન્યું પણ એજ પ્રમાણે અને અનેક દિવસોસુધી ગુરુશિષ્ય બન્ને ખુબ આનંદપૂર્વક મંદાકિનીને કિનારે રહ્યા.

ચિત્રકૂટથી તેઓ કલકત્તા ગયા. ત્યાંથી જગદીશપુરીની યાત્રા કરી. પુરીથી નીકળીને કામીન પહોંચ્યા. ત્યાંના ભગવતીના મંદિરના પૂજારી સાથે તેમને ખૂબ સ્નેહ બંધાયો. તેણે વિવિધ પ્રકારે તેમની સેવા કરી. એક દિવસ તેઓને તે પોતાના પૂજાસ્થાનમાં લઇ ગયો. ત્યાં અનેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર હતાં; અને એક મનુષ્યના કાપેલા મસ્તકમાંથી લોહી નીતરતું જોવામાં આવ્યું, પણ તેમના ચિત્તમાં ગ્લાનિ થઇ અને ત્યાંથી ચાલ્યા જવાની ઇચ્છા કરી, ત્યારે તેણે તેમને રોકયા અને પડદો પાડી દીધો. તે સઘળું સુગંધિત પુષ્પો અને માનભોગ વગેરેમાં ફેરવાઈ ગયું. તેણે તેમને બીજી અનેક ચિત્રવિચિત્ર વસ્તુઓ બતાવી અને કહ્યું કે, "શું કરું ? તમે વૈષ્ણવ સાધુના ચેલા છો, નહિ તો હું તમને શાક્ત બનાવત અને ખૂબ મજા કરાવત." મહારાજજી કહેતા હતા કે, "એ શાક્ત સિદ્ધપુરુષ હતો." ત્યાંથી તેઓ ચિત્રકૂટ આવ્યા; પરંતુ તેમના ગુરુજી અવધ ચાલ્યા ગયા હતા, તેથી તેઓ પણ તેમની પાસે આવીને નર્મદા કુંડ ઉપર રહ્યા.

તેઓના આવ્યાના સમાચાર જાણીને તેમના ભાઇ આવ્યા અને તેમને ઘેર લઇ ગયા; પરંતુ ત્યાં તેમનો જીવ ન ચોંટયો અને અયોધ્યા પાછા આવી સ્વામીજીને કહ્યું કે, "મારે ત્યાંથી દૂર થઇ જવું જોઇએ, કેમકે ત્યાં રહેવાથી કુટુંબીઓ વારંવાર ડખલ કરશે." એ પ્રમાણે કહીને, સ્વામીજીની આજ્ઞા લઇને ચાર વર્ષ કાશીજીમાં રહી વિદ્યાધ્યયન કરવા લાગ્યા. તેઓનું તેજ એટલું બધું હતું કે તેઓ જે વિદ્યાલયમાં ભણવા જતા હતા, ત્યા વિદ્યાર્થીઓને જે કંઈ વહેંચાતું તે વહેંચનાર તેમના તેજથી અંજાઇ જઇને તેમને કંઇ પણ આપી શકતો નહિ. કોઈ પૂછતું કે, તેમને કેમ આપ્યું ? તો તે કહેતા કે, "ભાઇ ! એ મહાપુરુષ આપણી વસ્તુ શામાટે લે ?"

એકવાર શ્રીકાશીજીમાં રામાયણના ટીકાકાર બંદન પાઠક અભિમાનપૂર્વક કહેવા લાગ્યા કે, તુલસીદાસ સ્વામીજીની વાણીના અર્થ જેટલા હું સમજ્યો છું, તેટલા કોઇ સમજ્યું નહિ હોય. આથી બાબા રઘુનાથદાસજીએ કહ્યું કેઃ—"ભઇ રઘુપતિપદ પ્રીતિ પ્રતીતી, દારુણ અસંભાવના બીતી." આ ચોપાઇમાં દારુણ અસંભાવનાનો શું અર્થ છે ? પાઠકજી ચૂપ થઈ ગયા; એટલે બાબાજીએ ફરીથી કહ્યું:—'મેં તર્કથી પ્રશ્ન નથી કર્યો," પણ મને એ વાતની ખબરજ નથી. તે સભામાં શ્રીમહારાજજી પણ હતા. તેઓએ કહ્યું કે મારી સમજ આ પ્રમાણે છેઃ—

"ભગવાન ન હોવાની શંકા કે જે નાસ્તિકોને હોય છે, તેને અસંભાવના કહે છે. ભગવાનનાં અનેક ચતુર્ભુજ આદિ સ્વરૂપોમાંથી શ્રીરામચંદ્રના બે હાથવાળા શ્યામ સુંદર સ્વરૂપમાં પરાત્પર સ્વરૂપનો નિશ્ચય ન થાય તે દારુણ અસંભાવના છે. તે શિવજીનાં વચનથી શ્રીસીતાજીની દારુણ અસંભાવના નાશ થઇને, શ્રીદસરથરાજકુમારમાં પરાત્પર સ્વરૂપ નિશ્ચય થઇને પ્રીતિ પ્રતીતિ થઈ."

આ ભાવ સાંભળીને બન્ને મહાત્માઓએ શ્રીમહારાજજીની પ્રશંસા કરી.

મુસાફરીમાં તેઓ ગૃહસ્થોના મકાનમાં નહોતા ઉતરતા. દેવાલયમાં, તીર્થના કિનારે કે વસ્તી બહાર વાડી-બગીચામાં પોતાનો મુકામ જમાવતા હતા. લોકો ત્યાં પણ પહોંચી જતા અને તેમની સેવા કરતા. કોઇ નિર્ધન માણસ આગ્રહ કરે તો પોતે તેને ઘેર ચાલીને જતા; પણ ધનવાનોને ઘેર નહોતા જતા. તેઓ કહે છે કેઃ—

"હે સાધુ ! વૈરાગ્ય એ શું છે? રાજા અને ધનવાન પાસે કંઈ પણ ન માગવું. રાજાને બારણે ન ચઢવું, તેનું મોં ન જોવું, કરોડોનો ખજાનો આપે તોપણ તે તરફ દૃષ્ટિપાત પણ ન કરવો."

તેઓ મનુષ્યમાત્રને વહાલા લાગતા; મનુષ્યમાત્રને તો વહાલા લાગતા, પણ જંગલી જંતુઓ પણ તેમને પીડતાં નહિ. અનેક વર્ષોની મુસાફરીમાં તેમને દિવસોના દિવસસુધી જંગલમાં ચાલવું પડયું; પણ તેઓ સદા ક્ષેમકુશળજ રહ્યા. ઇંદ્રિયદમન તેમનામાં પૂર્ણપણે હતું. યુવાન, સુંદર અને સ્વતંત્ર હોવા છતાં પણ હજારો ધનભંડારો આગળ તેમની કોઇ પણ ઇંદ્રિય મનની આજ્ઞા બહાર નથી થઇ કે નથી મન ઇંદ્રિયોને વશ વર્ત્યું. કેટલીએ જગાએ સુંદર અને ધનવાન સ્ત્રીઓ તેઓઉપર મોહિત થઇ ગઈ હતી અને અનેક છળપ્રપંચથી પોતાના મનોરથ સિદ્ધ કરવા ઇચ્છતી; પણ તેઓ તો જેમ શ્રીનારદજી ઇંદ્રપ્રેરિત કામદેવના કૌતુકથી બચ્યા હતા, તેજ પ્રમાણે નિર્લેપ રહ્યા હતા.

ભાગ્યવશાત્ જે કંઇ પ્રાપ્ત થાય તેમાં સંતોષ માનવાનો અનુભવ પણ તેમને બરાબર થયો હતો. એકવાર આખો દિવસ ભૂખ્યા રહ્યા પછી કુરુક્ષેત્રમા એક ગોમક્ષે તેઓને બે જમરૂખ આપ્યાં. આ પ્રસંગનું વર્ણન કરતાં તેઓ કહેતા હતા કે, "કડકડની ભૂખમાં બે જમરૂખ મળ્યાં, તે પણ એવાં લાગ્યા કે જાણે રાજ્ય મળી ગયું." મુસાફરીમાં તેઓ ઘણેભાગે એકલાજ રહેતા અને પોતે ઉંચકી શકે તેટલોજ સામાન સાથે રાખતા. તેઓ કહ્યા કરતા કેઃ—

નજારો યાર મેં હયા દુદિયે કિસીકા સાથ, હમારા માથા હમેં નાગવાર રાહમેં હૈ.

બંગાળા પછી તેઓ કાશીથી કલકત્તા થઇને ગંગાસાગર પહોંચ્યા. શ્રીગંગાજીના દર્શનથી તેઓના મનમા એવો ઉત્સાહ આવ્યો કે ગંગાજીને કિનારે કિનારે શ્રીરઘુવીરનું સ્મરણ કરતા અયાચક વૃત્તિ સાચવી પગપાળાજ ગંગોત્રી જવું જોઇએ. તેઓ તરતજ ચાલી નીકળ્યા અને 'સુંદર વન' ની શોભા જોતા જોતા ત્રીજે દિવસે કલકત્તા પહોંચ્યા; ત્યાંથી શ્રીરામપુર આવ્યા.

ત્યાં ગંગાકિનારે એક બંગાળીબાબુના બાગમાં તેઓ ઉતર્યા. તે બાબુ મહાસજ્જન હતા. તેમણે તેમની ખૂબ સેવા કરી અને એક વર્ષસુધી તેઓ પાસેથી કર્મ, જ્ઞાન અને ઉપાસનાનો ઉપદેશ સાંભળ્યો. એક દિવસ ત્યાંથી તેઓ ચૂપચાપ ચાલી નીકળ્યા અને ચાર દિવસ ચંદ્રનગરમાં રહીને ચિંચુડા ગામમાં એક મંદિરમાં રહ્યા. ત્યાંના મહંતે તેમનો બહુ આદરસત્કાર કર્યો. તેઓ કહેતા હતા કે, ચિંચુડાના મંદિરની શ્રીકિશોરીજીની કે શ્રી રઘુનાથજીની મૂર્તિ જેવી મૂર્તિ સમસ્ત બંગાળામાં ક્યાંયે નથી. તેમાં એક ચિત્ર પંચવટીનું છે. એક કુટીમાં શ્રી યુગલ સરકાર (શ્રીરામચંદ્રજી) બિરાજ્યા છે. એક કુટીમાં સૌમ્યમૂર્તિ લક્ષ્મણજી ભોજન કરી રહ્યા છે અને દૃષ્ટિ સરકારની તરફ [illegible] છે. એ ચિત્ર ખૂબ ચિત્તાકર્ષણ કરે એવું છે. કેટલાય હજાર રૂપિયાની આવક [illegible] મંદિરના ખર્ચના નિભાવમાટે છે.

ત્યાંજ તેમણે રથયાત્રા કરી. લોકોએ તેમને ઉંચા સિંહાસન ઉપર શ્રીરઘુનાથજીની સાથે [illegible] બેસાડ્યા અને સેંકડો બંગાળીઓ ઉઘાડે માથે અને ખુલ્લે પગે રથને ખેંચતા હતા. આ કૌતુક [illegible] તેઓ ખૂબ પ્રસન્ન થયા.

[illegible] તેઓના ગુણ અને સ્વરૂપ ઉપર એટલા બધા મુગ્ધ થયા હતા કે, જો [illegible] મંદિર અને જગ્યા વગેરે તેમના નામ ઉપર ચઢાવી દેવા તેઓ તૈયાર [illegible] તેનો સ્વીકાર ન કર્યો અને ત્યાંથી પણ તેઓ ચૂપચાપ ચાલ્યા ગયા.

[illegible] તેઓ મહંત ગોપાળદાસને ત્યાં ઉતર્યા. તેમની પણ [illegible] તેઓ પ્રતિષ્ઠાની ખૂબ નિંદા કરતા અને કહેતા [illegible]

[illegible] । प्रतिष्ठा शूकरी विष्ठा त्रीणि त्यक्त्वा सुखी भवेत् ॥

[illegible] ચૂપચાપ ચાલી નીકળ્યા. મુર્શિદાબાદથી ચાલી નીકળીને [illegible] સ્થાનોમાં વિશ્રામ કરતા કરતા તેઓ પટણા પહોંચ્યા અને [illegible] ઉતર્યા. ત્યાં વિદ્યાર્થીઓ અને બ્રાહ્મણોએ તેઓની ખૂબ [illegible] કેટલાક દિવસ પહાડની ગુફામાં રહ્યા.

[illegible] વસ્તી ન મળે. ત્યાંજ વનમાં તેઓ એક [illegible] ઉમરના બે બાળક—એક શ્યામ અને [illegible] “મહારાજ! ભૂખ્યા છો કે?” તેઓએ કહ્યું—“હા.” [illegible] સાથે લાવ્યા હતા, જંગલમાંથી લાકડાં વીણી [illegible], પ્રસાદ તૈયાર છે” તેઓ ઉઠ્યા, પ્રસાદ જમ્યા. [illegible] ‘અમે અહીં રહીએ છીએ—આજ અમારે ઘેર જમીશું.’ એમ કહીને તેઓ [illegible] કરી, અહીંના ગામડાની વસ્તીનો પત્તો ન લાગ્યો. [illegible] અલૌકિક હતા.

[illegible]

છો !' તેઓએ કહ્યું:–'સારા સંત છે.' તેમણે કહ્યું.–'હા, મારા સંતજ લાગો છો. તેઓ તો મારા સામયમાં ભગવાનના ભરનાર છે.' તેઓશ્રીએ કહ્યું:–'તમે શુકભક્ત છો. તમારે એવજ પ્રમાણે જાણવું જોઈએ.'

ત્યાંથી તેઓ શ્રીવૃંદાવન પધાર્યા. કેટલાક મહિના ત્યાં રહ્યા. હિંદુઆગામાં અહરમાં રહેનાર શ્રી તુલસીરામજી તથા શાહ કુંદનલાલજી સાથે તેમને ખૂબ સ્નેહ બંધાયો. જ્યારે શાહજી 'શ્રી રાધેશ્યામ' કહેતા અને તેઓશ્રી 'સીતારામ' કહેતા, ત્યારે પરસ્પર ખૂબ આનંદ થતો. ત્યાંનાં ખાસ સ્થળોનાં ખૂબ ફરી ફરીને દર્શન કર્યા. ત્યાંની ઠાકોરસેવાની તેઓ પ્રશંસા કરતા હતા. શ્રી ગોસાંઈ મધુસૂદનદાસજીની શ્રીમદ્‌ભાગવતની કથા તેમણે સાંભળી હતી. તેની પણ તેઓ પ્રશંસા કરતા હતા.

ત્યાંથી તેઓ દિલ્હી પધાર્યા. નિઝામુદીન ઓલિયાની સમાધિ તથા બીજાં પ્રસિદ્ધ સ્થાનો જોયાં. ત્યાંજ પૂર્વપરિચિત અને ઘણો વખત અવધમાં રહેલા ડેપ્યુટી ભાસ્કરરાવ સાથે તેમનો મેળાપ થયો. તેમણે તેમની ખૂબ સેવા કરી અને તેઓનો પંજાબ જવાનો વિચાર જાણીને ઉચ્ચ દરજ્જાના ડબામાં બેસાડીને તેમને પંજાબ પહોંચાડ્યા.

પંજાબમાં જઈને અમૃતસરના શીખોનું ગુરદ્વાર જોયું. તે સ્થાન બહુ રમણીય છે. તેઓ કહેતા હતા કે, આઠે પહોર ઉત્સાહ તો માત્ર ત્યાંજ રહ્યા કરે છે. ત્યાંથી તેઓ લાહોર આવ્યા. લાહોરમાં બાબા અટલસિંહજીની સમાધિનાં દર્શન કર્યાં; બાબા અટલસિંહજીનો ઇતિહાસ તેઓશ્રીજ વારંવાર કહેતા હતા.

કેટલાક દિવસ પંજાબમાં રહીને તેઓ વૃંદાવન આવ્યા અને થોડા દિવસ ત્યાં રહ્યા બાદ અવધ પાછા ગયા. અવધમાં થોડા દિવસ રહી ફરીથી મિથિલા ચાલ્યા ગયા. રસ્તામાં મધોલ જઈને બાબુ ભીષ્મસિંહજીની વાડીમાં ઉતર્યા.

આ યાત્રામાં શ્રીમહારાજે એક મંદિરમાં શ્રીકિશોરીજીની મૂર્તિનું નાક ખંડિત જોયું. તેની હકીકત પૂછતાં માલમ પડ્યું કે, "મહાત્મા શ્રીયુગલકિશોરજી જનકપુરમાં રહેતા હતા; તેમની સેવા-પૂજાની તે મૂર્તિ છે. તેઓ બહુ ભાવિક સંત હતા. શ્રીકિશોરીજીને પોતાની પુત્રી માનતા હતા. એક દિવસ ભાવાવસ્થામાં તેમને જણાયું કે, શ્રીકિશોરીજી કહે છે કે, 'બાપુ ! મારી નથ બહુ ભારે છે, મારાથી તેનો ભાર સહન થતો નથી.' તેમણે પૂજારીને મંદિરના દરવાજા ખોલી નાખવા કહ્યું. દરવાજા ખોલ્યા પછી જોયું તો શ્રીકિશોરીજીનું નાક ખંડિત થઈને નથ નીચે પડી છે." ધન્ય છે ભાવિક સંતોનાં ચરિત્રને ! તેમનીજ વાત છે કે, તેઓ એકવાર શ્રીઅયોધ્યાજી આવ્યા હતા, પણ સરયૂજીને આ કિનારે એટલાજ ખાતર ન રહ્યા કે જમાઈના રાજ્યમાં પાણી શી રીતે પીવાય ! રાત્રે શ્રીકિશોરીજી તેમની પાસે પધાર્યાં. તે વખતે શ્રીકિશોરીજીએ સફેદ વસ્ત્ર અને ફૂલોનાં ઘરેણાં ધારણ કર્યાં હતાં. તેઓએ એ જોઈને કહ્યું:–"અમે તો દશરથજીને ભારે ઐશ્વર્યવાન જાણીને સંબંધ કર્યો હતો. શા કારણથી પુત્રીને ઘરેણાં પહેરાવતા નથી ?" એટલે શ્રીકિશોરીજીએ કહ્યું:–"બાપુ ! અહીં ઘરેણાંની અછત નથી. ગરમીને કારણે મેં જાતેજ તે ઉતારી મૂક્યા છે."

તે મહાત્માના એક પ્રયાગદાસ નામના એક શિષ્ય બહુ ભાવિક હતા. તેઓ શ્રીરઘુનાથજીને પોતાના જમાઈ માનતા હતા. બાળકાંડથી આગળની રામાયણ પણ સાંભળતા નહિ. એક દિવસ સંયોગવશાત્ કોઈ જગ્યાએ વનવાસનું ચરિત્ર સાંભળ્યું, ત્યારે તેઓ બેચેન થઈ ગયા હતા ! તરતજ શ્રી ચિત્રકૂટ તરફ તેઓ ચાલી નીકળ્યા. રસ્તામાં શ્રીરઘુનાથજીને ગાળો દઈને કહેતા જતા કે, "તમે તો ગયા તો ગયા, પણ મારી રાજદુલારી બહેનને શામાટે લેતા ગયા ?" ચિત્રકૂટ પહોંચ્યા તો જોયું કે શ્રીરઘુનાથજી અને શ્રીલક્ષ્મણજી ઘોડાઓ ઉપર સ્વાર થયેલા છે, બીજા રાજકુમારો પણ સાથે છે, શ્રીકિશોરીજી પાલખીમાં છે, બધો રાજસી ઠાઠ છે. તેમણે કહ્યું:–"અમે તો સાંભળ્યું હતું કે, આપ રાજ્ય છોડીને વનમાં ચાલ્યા ગયા છો." શ્રીરઘુનાથજીએ કહ્યું:–"હું તો તમારેમાટે તમે જેવી ભાવના કરશો તેવોજ સદાયે છું."

શ્રીપ્રયાગદાસજીના એક ગુરુભાઈ હતા. તેઓ શ્રીરઘુનાથજીના ઘોડાઓના અશ્વપાલ થવાની ઇચ્છા કર્યા કરતા હતા. હમેશાં લીલું ઘાસ વાઢીને મેદાનમાં રાખી મૂકતા, આગળ પાછળ ખીલીઓએ

બરાબર બાંધતા અને ખરેરો ફેરવીને ઘોડાઓને પ્રેમપૂર્વક સ્વચ્છ રાખતા. એક દિવસ એજ પ્રમાણે કરતા હતા, તેવામાં કોઈ રાજાની સ્વારી ત્યાં આવી પહોંચી. તેમણે પડકારીને કહ્યું:–"ખબરદાર! અહીં આવ્યા તો, રાજકુમારના ઘોડા બાંધેલા છે." રાજાના નોકરોએ કહ્યું:–"રાજા સાહેબ! અહીં ઘોડા ટટ્ટુ કંઇપણ નથી, એક ચબાવલો માણસ ખરેરો લઇને ફરે છે અને આગળપાછળ ખીલીઓ ઠોકેલી છે." રાજાએ તે તરફ સ્વારી આગળ ચલાવી. જુએ છે તો સેંકડો ઘોડા દોરડાં તોડીને લાતો મારવા લાગ્યા. રાજાના બધા નોકર ઘાયલ થયા. રાજા શરમિંદો થઈ તે મહાત્માનાં ચરણોમાં પડયો અને અપરાધમાટે ક્ષમા માગી. મહાત્માએ કહ્યું કે, અમારી ઘોડાળની ધૂળ બધા ઉપર ભભરાવો એટલે બધા સાજા થઈ જશે. બન્યું પણ તેજ પ્રમાણે.

યાત્રા પૂરી થયા પછી તેમણે એક સંતની સાથે જનકપુરનાં જંગલોની મુસાફરી કરી. ત્યાં સીતામઢીમાં ઉતર્યા. સીતામઢીમાં કેટલાક દિવસ રહ્યા બાદ અહલ્યાસ્થાને ગયા. તે જગાએ રામશાસ્ત્રીજી નામના એક પ્રસિદ્ધ મહાત્મા રહેતા હતા. તે મહાત્માજીને અહલ્યાસ્થાન ઉપર ઘણો પ્રેમ હતો. એકવાર તેઓ રાજા ઉદયનારાયણસિંહની સાથે કાશીજી આવ્યા. કાશીમાં એકવાર તેઓ માંદા થયા, ત્યારે રાજાજીને કહ્યું કે, "મને જલદી અહલ્યાસ્થાને લઇ જાઓ. મારૂં શરીર અહીં છૂટી જાય એવું ન બને તો સારૂં." લોકોએ વિવેક કર્યો કે, "મહારાજ! કાશીપુરી મુક્તિ આપનારી છે, અહીં દૂરદૂરના લોક મરવામાટે આવે છે." તેઓશ્રી બોલ્યા કે, "મારૂં હૃદય પથ્થર જેવું છે, મારી સદ્ગતિ અહલ્યાસ્થાનસિવાય બીજી જગાએ નહિ થાય, કે જ્યાં શ્રીરઘુનાથજીએ પથ્થર ઉપર વિશેષ કૃપા કરી છે." તરતજ તેમને શ્રી અહલ્યાસ્થાને પહોંચાડ્યા.

અહીં કેટલાક કાયસ્થો તેમનાં દર્શન કરવા આવ્યા હતા. તેમને કહીને તેઓશ્રીએ શાસ્ત્રીની સમાધિ અને તેમનાજ નામે એક ધર્મશાળા બંધાવી આપી.

અહલ્યાસ્થાનથી આવીને શ્રી અયોધ્યાજીમાં કેટલાક દિવસ ગુરુસેવા કરીને બદ્રીનારાયણની યાત્રા કરી. ત્યાંથી પાછા ફરીને થોડા દિવસ પછી જનકપુર પાછા ગયા. આ યાત્રામાં શ્રીકમલા નદીના તટ ઉપર કુટી બનાવીને ત્યાં નિવાસ કર્યો.

તેજ કુટીમાં એક દિવસ શ્રીરામશોભાદાસજી સંત (જેઓ થોડા દિવસથી શ્રી અયોધ્યાજીમાં મોટી છાવણીમાં રહેતા હતા) પોતાના ગુરુજી તથા બીજી સોળ મૂર્તિઓને સાથે લઈ તેમનાં દર્શને આવ્યા. દિવસના ચાર વાગ્યાનો સમય હતો, સત્સંગમાં તો રાત પડી ગઈ. બધા સંતો ત્યાંજ રહ્યા. પ્રાતઃકાળમાં સંતો શ્રીકમલાજીમાં સ્નાન કરવા ગયા. શ્રી મહારાજજીના મનમાં થઈ આવ્યું કે, "રાત્રે સંતો અહીં રહ્યા, કંઇ પ્રસાદ ન થયો, આ વખતે કંઇ હોત તો ઠીક." સંતો સ્નાન કરીને પાછા ફર્યા અને તેઓશ્રી પાસે રજા માગી; ત્યાં તો એક આશ્ચર્ય ચરિત્ર દેખાયું. એ ચરિત્ર અમે શ્રીરામશોભાદાસજી પાસેથીજ સાંભળ્યું છે.

એક આઠ નવ વર્ષની ઉંમરની કુમારિકા એક નાની ટોપલીમાં પુરી અને ખાંડ તથા એક હાંડીમાં દહીં લઇને હાજર થઈ. બધી વસ્તુઓ શ્રીરામજી સમક્ષ મૂકીને બોલી:–'મારી માતાએ કહ્યું છે કે, બાવાજીને આપી આવ.' એમ કહીને અંતર્ધાન થઇ ગઇ. સઘળા સંતો ચકિત થઈને તેઓશ્રીને ચરણે ઢળી પડયા અને કહ્યું:–"ધન્ય છે આપને !"

શ્રી મહારાજજીએ એજ પદાર્થો સંતોને આરોગાવ્યા. શ્રીરામ શોભાદાસજી કહેતા હતા કે, "મિથિલાજીનું દહીં ઘણેભાગે સ્વાદિષ્ટ તો હોય છેજ, પણ આ દહીંનો સ્વાદ કંઇ જુદોજ હતો." બધા સંતો કહેતા હતા કે, 'અમે જન્મભરમાં આવું દહીં ચાખ્યું નથી.'

દિલ્હીવાળા મૌલવી અબ્દુલ રહેમાન સાહેબ [illegible] પછી ફતેહસામા રહેતા હતા. તેઓ શ્રી અયોધ્યાજી આવ્યા અને શ્રીમહારાજને મળ્યા. શ્રીમહારાજજીએ તેમને મોટા મહારાજશ્રીનાં દર્શન કરાવ્યાં. એ મૌલવી સાહેબ સંત હતા, મૌલાના રૂમની મસનવી મધુર સ્વરે ગાયતા હતા અને સુંદર અર્થ કરતા હતા. તેમણે એ [illegible] મોટા મહારાજશ્રીના દરબારમાં [illegible] પણ સંભળાવતા હતા. એક દિવસ મૌલવી સાહેબે મોટા મહારાજ સમક્ષ [illegible] –

[illegible] જુઓ કે પ્રત્યેક સૂર્યોદયનો પ્રકાશ [illegible]

નું નૂર (પ્રતિબિંબ) અથવા પ્રત્યેક સાધકોનો અંધકાર તેની જ્યોતિની છાયા છે." શ્રી શરણજી પણ ત્યાં બેઠા હતા. તેમણે કહ્યું-મૌલવી સાહેબ ' તેનો અર્થ તો આ પ્રમાણે છે "દેખાની આંખ ઉપડી હોય તો એકજ માશૂકને જુઓ. પ્રત્યેક પ્રાતઃકાળે તેનુંજ મુખ જુઓ વા પ્રત્યેક સાયંકાળે તેનીજ લટોને જુઓ. કોઈ વખત કોઈ અંગની ચમકથી ઉન્મત્ત બનો કોઈવાર બીજી અંગની દમકથી મગ્ન રહો." આ અર્થ સાંભળીને મૌલવી સાહેબ સ્તબ્ધ થઈ ગયા અને કહ્યું કે, "કાજળ તો સર્વ કોઈ આંજે છે, પણ અંજન અંજનમાં ફેર હોય છે ને"

... ...મહારાજશ્રીએ સ્વામીજી તરફ જોઈને કહ્યું-

"તેરે હી ગુમાંપે મુઝે અફ્ઝ મુનાવરસાં; તેરેહી ગુમાંકે મુઝે અજુઝ ગુમાવરસાં."

સંવત ૧૯૩૨ માં તેઓશ્રીએ પંજાબની છેલ્લી યાત્રા કરી. તેઓ મુલ્તાન અને કાશ્મીર ગયા. ત્યાંથી પાછા ફરીને લાહોર આવ્યા. ત્યાંજ તેમને શ્રી મોટા મહારાજની માંદગીનો તાર મળ્યો. તેઓશ્રી ત્યાંથી તરતજ શ્રીઅવધ ચાલી નીકળ્યા. શ્રી સ્વામીજીના સ્વર્ગવાસને દિવસે સાયંકાળે પહોંચ્યા. ત્યારથી અવધમાંજ નિવાસ કર્યો. મહા વદી અમાસ સં૦ ૧૯૫૮ ને રોજ તેઓશ્રીનો સ્વર્ગવાસ થયો. મહાત્મા જાનકીવરશરણજી પ્રેમમાર્ગના સાધુ હતા. સ્વામી નજરઆચાર્યે ચલાવેલો પ્રેમમાર્ગ સુપ્રસિદ્ધ છે; પરંતુ શ્રી મર્યાદા પુરુષોત્તમ અને લીલા પુરુષોત્તમમાં ભારે અંતર તો છે જ કે. લીલા પુરુષોત્તમ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન હતા. શ્રીરઘુનાથજી સાથે એવો પ્રેમ કરવામાટે મિથિલેશનંદિનીની સખી બનવાની આવશ્યકતા છે. આ માર્ગમાં આપણા મહાત્માજીનો ગાઢ પ્રેમ અખંડ હતો. તેઓશ્રીએ કદાપિ કોઈ વસ્તુની ઈચ્છા નથી કરી, કોઈ પાસે કંઈ માગ્યું પણ નથી કે પોતા પાસે કંઈ પણ રાખ્યુંએ નથી.

તેમના ઉપદેશ મેં અનેકવાર સાંભળ્યા છે. તેમનાં વચનામૃતો દુઃખી હૃદયને શાંતિ આપનાં, એ ચાળીસ વર્ષની વાત છે. મહારાજ જંગબહાદુરનાં સગાંને નેપાળમાંથી દેશપાર કર્યાં, ત્યારે તેમનાં કેટલાંક કુટુંબીઓ શ્રીઅવધમાં રહ્યાં અને તેમને દર્શને ગયાં. તેઓશ્રીએ શ્રીરઘુનાથજીના ચરિત્રનાં દૃષ્ટાંત આપી તેમને એવો ઉપદેશ આપ્યો કે જેથી પ્રસન્ન થઇને બધાં મહારાજશ્રીની મહત્તાના ગુણગાન કરવા લાગ્યાં. એક દિવસે તેઓશ્રીએ કહ્યું કે, સાધુ થવા ઈચ્છો તો ત્રણ વાતનો મનમાં નિશ્ચય કરી લેજો. (૧) આપીશું બધાને, પણ કોઇની પાસેથી કશુંયે લઇશું નહિ. (૨) બીજાઓને કામ કરી આપીશું, પણ પોતાનું કામ કોઇની પાસે નહિ કરાવીએ. (૩) સઘળાં દુઃખ ભલે અમારા ઉપર આવી પડો પણ લોકો સુખી થાઓ. તેઓશ્રીનું ચરિત્ર પણ આજ આદર્શને અનુસરતું હતું. હિંદુ-મુસલમાન સર્વની સાથે તેઓ ખૂબ પ્રેમપૂર્વક મળતાહળતા અને આલાના રૂપનાં વાક્યો એવીઉત્તમતાથી સમજાવતા કે, મૌલવી સાહેબ પણ આશ્ચર્યચકિત થઇ જતા.

તેઓશ્રીના શિષ્યવર મહાત્મા રામવલ્લભ શરણજીની ગુરુભક્તિ એટલી બધી છે કે તેમણે શ્રીઅવધમાં ગોલાઘાટ ઉપર સદ્‌ગુરુ-સદન નામે એક પરમ સુંદર મંદિર અને પાકો ઘાટ બંધાવ્યાં છે. આ મંદિરમાં તેઓએ પોતાના ગુરુશ્રીના ચિત્રપટની સ્થાપના કરી છે.



जगद्धरभट्टनुं दीनाक्रंदन

("[illegible]" [illegible], १९२६ માંના મહાવીરપ્રસાદજી દ્વિવેદીના લેખ ઉપરથી)

[illegible] જગદ્ધરભટ્ટની સ્તુતિ કુસુમાંજલીમાં ૩૮ સ્તોત્ર છે. તે [illegible] [illegible] સ્તોત્રનો વિસ્તાર વધારે છે, તો કોઈનો ઓછો. કેટલાંક સ્તો[illegible] [illegible] જગદ્ધર મહા કવિ હતા; પરંતુ તેમણે પોતાની કવિત્વ શ[illegible] [illegible] શિવસ્તુતિ [illegible] કરી. બીજા કોઈ પણ વિષય ઉપર તેમણે કવિતા [illegible] [illegible] અંતિમ ઉક્તિઓથી સ્પષ્ટ માલુમ પડે છે. તેમણે વાગ્દેવીને [illegible] [illegible] આજ્ઞાન અને ત્રાસ પામતી હશે કે બીજા કવિઓની જેમ [illegible] [illegible] નીચ-દરબારોની મિથ્યા પ્રશંસા કરીને મને વધુ [illegible] [illegible] પ્રસન્ન વદન કર. જો, મેં તારો ઉપયોગ શિવ[illegible] [illegible]

[illegible] સાહિત્ય અપૂર્વ છે. સેંકડો નહિ, હજારો સ્તોત્રો, [illegible] [illegible] રસ, ભાવ અને ઉક્તિની વિલક્ષણતા જગદ્ધરે [illegible] [illegible] નથી. તેમની કવિતાનો વારંવાર પાઠ કરતાં [illegible] [illegible] હમેશાં તેનો પાઠ કર્યા કરીએ. એ[illegible] [illegible] તેમની સ્તુતિઓનો પાઠ કરવાથી જે આનંદ પ્રાપ્ત થા[illegible] [illegible] સાંભળનાર સહૃદય હોય તો તેની આંખોમાંથી [illegible] સ્તુતિકુસુમાંજલિના અંતમાં એ સ્તોત્રોની [illegible] [illegible] તેમનું કથન છે કેઃ—

[illegible] कार्तिकचन्द्रिकामिव ।
[illegible] दृष्ट्वा न कः प्रमोदते ॥

[illegible] ટીકા કરી રહેલો મયૂર [illegible] [illegible] ચંદ્રિકાના દર્શનથી ચકોરપક્ષી જેવું [illegible] દર્શનથી ચક્રવાકનું ચિત્ત જેવું આનંદ[illegible] [illegible] કરીને એવો કયો [illegible] [illegible]

[illegible] स्तवप्रस्तावानिव [illegible] ।
[illegible] मानसमाह्लादयन्ति ॥

[illegible]

[illegible]

ન આવે ત્યાંસુધી છે. કેટલાક શ્લોકો તો એટલા કરુણ છે કે [illegible] તે [illegible] છે.

કરુણાક્રંદન-સ્તોત્ર સમાપ્ત કરતાં જગદ્ધરભટ્ટ કહે છે:—

[illegible]
[illegible] ॥

આનો ભાવાર્થ [illegible] કે ન [illegible], તેની [illegible], તેનું [illegible], તેના [illegible] આનંદ [illegible] છે; [illegible] જ કોમળ કૃતિ છે–અહુજ કોમળ–કાન્ત–પદાવલી છે. તેનો અર્થ આ પ્રમાણે છે.

હું અજ્ઞાનથી આંધળો થઈ ગયો છું. મારી [illegible] શક્તિ [illegible] છે, હું [illegible] વિનાનો છું. મારે કોઈ સહાયક નથી, મને આશ્વાસન આપનાર કોઈ નથી. [illegible] મને ખાઈ જાય છે, શરીરમાં રહેલા કામ-ક્રોધાદિ શત્રુઓએ મને [illegible] કૂવાના [illegible] ધકેલી દીધો છે; તેથીજ હું ત્યાં પડ્યો પડ્યો રુદન કરું છું. મારી [illegible] ગયો છે. જન્મ-જરા-મરણરૂપી અનેક દુઃખોએ મને ઘેરી લીધો છે. હું [illegible] છું, અહુજ ગભરાયો છું, તેથી આપને શરણે આવ્યો છું. મારે બીજું કોઈ ઠેકાણું નથી, જે રીતે થઈ શકે તે રીતે મારી રક્ષા કરો. મને તજશો નહિ. મારા જેવા ભયભીત, દુઃખી અને થાકી ગયેલા પાપીને આપ આપની કોમળ અને કરુણામયી દૃષ્ટિથી કંઈક આશ્વાસન તો આપો.

પરંતુ ત્યાંથી જ્યારે કંઈ પણ આશ્વાસન-આશ્વાસન ન મળ્યું, ત્યારે તેઓ કહે છે કે:—

> यद्विश्वोद्धरणक्षमाप्यशरणत्राणैकशीलापि ते ।
> मामार्त्तं दृगुपेक्षते न महिमा दुष्टस्य मे कर्मणः ॥
> देव्यां दिव्यतमैः पयोधरभृतः पृथ्वीं पृणत्यां कणा ।
> द्विश्चास्रैव मुखे पतन्ति शिखिनः किं धाम्यमेतद्दिवः ॥

આપની દૃષ્ટિ કાંઈ ગમે તેવી નથી. તે મારીજ નહિ પણ આખા વિશ્વનો પણ ઉદ્ધાર કરી શકે તેવી છે. તેણે તો નિરાશ્રિતોને આશ્રય આપવાનું–જેને કંઈ ઠામઠેકાણું નથી તેઓનું રક્ષણ કરવાનું–બીડુંજ ઝડપેલું છે. એમ હોવા છતાં પણ તે મારા તરફ ઉપેક્ષાવૃત્તિ રાખી રહી છે, તેમાં તેની કૃપણતા નથી. તેમાં તેનો કંઈ દોષ નથી. આ બધો દોષ મારાં કુકર્મોનોજ છે. જે આકાશ વાદળાંમારફતે અમૃત જેવા જળની વૃષ્ટિ કરીને આખી પૃથ્વીને ભિંજવી દે છે તેના બે ચાર બિંદુ પણ જો મયૂરના મુખમાં ના પડે તો તેમાં તેનો શો દોષ? દોષ તો એ અભાગીઆ મયૂરનોજ ગણવો જોઇએ.

આ રીતે રુદન કરીને જગદ્ધર ભટ્ટે પોતાનું કરુણાક્રંદન સમાપ્ત કર્યું છે. ત્યારપછી તેઓ પોતાના દીનાક્રંદનની શરૂઆત કરીને પોતાની દીનતા બતાવવાનું ચાલુ રાખે છે. ૧૩૨ શ્લોકો સુધી તેઓ પોતાનો આ ક્રમ ચાલુ રાખે છે. સ્તોત્ર સમાપ્ત થવા આવ્યું, ત્યારે તેમણે રુદનની હદ આણી દીધી છે. આ સ્તોત્રના પાછલા ભાગના કેટલાક શ્લોકો ચૂંટી કાઢીને નીચે આપવામાં આવે છે.

> नाथ प्राथमिकं विवेकरहितं तिर्यग्वदस्तं वयः ।
> स्तारुण्यं विहृतं विराधितवधूविस्रम्भणारम्भणैः ॥
> स्वामिन् संप्रति जर्जरस्य जरसा यावन्न धावत्ययं ।
> मृत्युःकर्णमुपैति तावदवशं पादाश्रितं पाहि माम् ॥

નાથ, હું મારી દુર્ગતિનું શું વર્ણન કરું? બાલ્યાવસ્થા તો મેં ખેલકૂદમાં ગુમાવી. તે અવસ્થામાં તો કાર્યાકાર્યનું અને કંઇ પણ જ્ઞાન ન રહ્યું, એટલે પશુ પક્ષીઓની જેમ ખેલવા કૂદવામાં અને ખાવા પીવામાંજ તે ઉંમર ગુમાવી દીધી. ત્યાર પછી યૌવન આવ્યું. તે ઉંમરનો નાશ મેં પ્રેમમાં કોપાયમાન થયેલી એવી પ્રેમવાળી સ્ત્રીઓને પ્રસન્ન કરવામાં અને મનાવવા-સમજાવવામાં કર્યો. હવે આ વખતે હું વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો છું. મારું શરીર જીર્ણ થઈ ગયું છે.

અંગ પ્રત્યંગ શિથિલ થઇ ગયું છે. મોત દોડતું ચાલ્યું આવે છે; એટલે જ્યાં સુધી તેના આક્રમણનો અવાજ મારે કાને અથડાયો નથી, ત્યાં સુધીમાંજ મારા રોગનો કંઇ પણ ઇલાજ થાય તેમ છે. આપને ચરણે પડેલા મારા જેવા પરતંત્ર અને આકુળ–વ્યાકુળ થઈ ગયેલાને તેના આગમન પહેલાંજ બચાવી લ્યો. દોડો. વાર ના લગાડશો.

आसीद्यावदखर्वगर्वकरणग्रामाभिरामाकृति स्तावन्नमोहतमोहतेन न मया श्वभ्रं पुरः प्रेक्षितम्।
अद्याकस्मिकपातकातरमतिःकं प्रार्थये कं श्रये किं शक्नोमि करोमि किं कुरु कृपामात्मद्रुहं पाहि माम

મારી ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ નહોતી થઇ, ત્યાંસુધી તેઓ તેની સ્વાભાવિક સ્થિતિમાં હતી; ત્યાંસુધી મારા ગર્વનું ઠેકાણુંયે નહોતું. હું મારી જાતને ખુબજ પ્રેમમૂર્તિ–ખુબજ રૂપવાન સમજતો હતો. તે કાળે અજ્ઞાનરૂપી અંધકારમાં પડવાથી હું આંધળો થઇ ગયો હતો; અને આંધળાને તો સામેની ચીજ પણ દેખાતી નથી. આથી મને મારી દૃષ્ટિ સામેનોજ ખાડો ન દેખાયો. પરિણામ એ આવ્યું કે હું તેમાં અકસ્માત્ પડી ગયો અને હવે અત્યારે અત્યંત ભયભીત થઇને રૂદન કરૂં છું. હાય ! હવે આ વખતે હું કોને પોકારૂં ? કોનો આશરો શોધું ? કોની પ્રાર્થના કરૂં ? મને કંઈ પણ સુઝતું નથી. ભગવાન, હવે તો આપજ મારો ઉદ્ધાર કરો તો થાય. કૃપા કરીને મારો ઉદ્ધાર કરો. મને–આત્મશત્રુ–આત્મદ્રોહીને બચાવી લ્યો.

जात्यन्धः पथि संकटे प्रविचरन्हस्तावलंबं विना ।
यातश्चेदवटे निपत्य विपदं तत्रापराधोऽस्य कः ॥
धिग्धिङ्मां सति शास्त्रचक्षुषि सति प्रज्ञाप्रदीपे सति ।
स्निग्धे स्वामिनि मार्गदर्शिनि शठः श्वभ्रे पतत्येव यः ॥

કલ્પના કરજો કે કોઈ જન્માંધ મનુષ્યને કોઈ ભારે જરૂરી કામમાટે એક મહા ઘનઘોર રસ્તે જવું થયું. દુર્ભાગ્યવશ તેને કોઇ હાથનો સથવારો આપી તે રસ્તેથી દૂર લઇ જનાર પણ ના મળ્યું. માર્ગદર્શક સિવાયજ તેને તે રસ્તે જવું પડ્યું. ચાલતાં ચાલતાં રસ્તામાં એક ઉંડો ખાડો આવ્યો. તેમાં પડીને તે મરી ગયો. તે સ્થિતિમાં તે બિચારાનો શો અપરાધ ? શું કોઇ તેનો દોષ કાઢી શકે ? પરંતુ મને શઠને તો જુઓ. હું આંધળો નથી. બે સ્વાભાવિક આંખો સિવાય ત્રીજી શાસ્ત્રરૂપી આંખ પણ મને પ્રાપ્ત થયેલી છે. બુદ્ધિ–વિવેકરૂપી દીવો પણ મારા હાથમાં છે. આપ જેવા દયામય સ્વામી મારા માર્ગદર્શક પણ મોજુદ છે, તોય પણ હું દોડીને ઉંડા ખાડામાં જઇ પડ્યો છું, તેથી મારા જેવા મહા મૂઢમતિને ધિક્કાર હો ! અનેકવાર ધિક્કાર હો !

त्राता यत्र न कश्चिदस्ति विषमे तत्र प्रहर्तुं पथि ।
द्रोग्धारो यदि जाग्रति प्रतिविधिः कस्तत्र शक्यक्रियः ॥
यत्र त्वं करुणार्णवस्त्रिभुवनत्राणप्रवीणः प्रभु- ।
स्तत्रापि प्रहरन्ति चेत्परिभवः कस्यैष गर्हावहः ॥

માની લ્યો કે કોઇને એવા કોઇ વિષમ માર્ગેથી જવાનું છે કે, જ્યાં વધ કરનારાઓ, ચોરો અને લુંટારાઓનો ખૂબ ભય છે અને રક્ષણનો કંઈ પણ ઉપાય નથી. આ દશામાં જો મુસાફર લુંટાઇ જાય અથવા જાનથી હાથ ધોઇ બેસે તો કોઇ શું કરે ? કેમકે આવી મુશ્કેલીઓનો કંઇપણ ઉપાયજ નથી; પરંતુ કરૂણાના મહાસાગર અને એકનાજ નહિ પણ ત્રણે ભુવનોનું રક્ષણ કરવામાં પરમ પ્રવીણ આપ જેવા જે માર્ગના રક્ષક છો, તેજ માર્ગેથી જનારો કોઇ મુસાફર લુંટાય કે જાનથી જાય તેમાં લઘુતા કોની છે ? તેમાં નિંદા કોની છે ? તે મુસાફરની નહિ. પરાજયનો જવાબદાર તે કદિ નથી. જવાબદાર તો રક્ષકજ ગણાશે; અને એ પરાજય પણ તેનોજ ગણાશે.

किं शक्तेन न यस्य पूर्णकरुणापीयूषसिक्तं मनः ।
किं वा तेन कृपावता परहितं कर्तुं समर्थो न यः ॥
शक्तिश्चास्ति कृपा च ते यमभयार्दीनोऽपि दीनो जनः।
नो निःशरणः पुरः परमतः स्वामी स्वयं शाम्यति ॥

જે કરેલું મન પૂર્ણ–કરૂણારૂપ અમૃતથી સિંચાયેલું નથી, તેનું શક્તિમાન હોવું પણ

બિલકુલ કામનું નથી અને કૃપાળુ હોઇને પણ જે પરમાર્થ સાધન નથી કરી શકતો–જે પારકાનું હિત કરવામાં સમર્થ નથી નિવડતો તેની તે કૃપાળુતા પણ કંઇ કામની નથી. આપમાં તો શક્તિ પણ છે અને કૃપા પણ છે. આ તરફ ગરીબમાં ગરીબ હું, યમરાજના ભયથી ભયભીત થઇને આપને શરણે આવ્યો છું; અને આપની સમક્ષ હાજર છું. આ દશામાં મારા જેવા આશ્રયરહિત સાથે આપને કેવી રીતે વર્તવું જોઇએ, તે આપ પોતેજ જાણતા હશો. મારે તેનો ઉલ્લેખ કરવાની જરૂર નથી.

आर्तिः शल्यनिभा दुनोति हृदयं नो यावदाविष्कृता ।
सूते लाघवमेव केवलमियं व्यक्ता खलस्याग्रतः ॥
तस्मात्सर्वविदः कृपामृतनिधेरावेदिता सा विभो- ।
र्यद्युक्तं कृतमेव तत्परमतः स्वामी स्वयं ज्ञास्यति ॥

જન્મ–જરા–મરણનાં દુઃખોની વાત જ્યાંસુધી મુખે નથી કહેવાતી ત્યાંસુધી તે હૃદયમાં એટલું દુઃખ આપે છે કે જાણે કાળજામાં તીર પેસી જવાથી વેદના ન થતી હોય, પરંતુ કોઇ સહૃદય અને સમર્થની સમક્ષજ તે વાત કહી શકાય છે; કેમકે ત્યારેજ તે દુઃખની વેદના કંઇ ઓછી થાય છે. દુર્જન અને હૃદયહીનના આગળ કહેવાથી લાભ તો કંઇ થતો નથી, પણ ઉલટાં હલકા પડાય છે, મશ્કરી થાય છે; તેથીજ આપને સર્વસમર્થ, સર્વજ્ઞ અને કૃપામૃતના મહા સાગર સમજીને મેં મારા દુઃખની કથની કહી સંભળાવી છે. બસ, મારૂં કર્તવ્ય પુરૂં થયું. જે કંઈ યોગ્ય હતું તે મેં કરી દીધું. ત્યારપછી શું કરવું તે તો આપ જાણો અને આપનું કામ જાણે. મને વિશ્વાસ છે કે, આપથી આપનું હવેનું કર્તવ્ય ગુપ્ત નથી. આપ તેને સારી રીતે સમજતા હશો.

विश्रान्तिर्न क्वचिदपि विपद्ग्रीष्मभीष्मोष्मतप्ते चित्ते वित्ते गलति फलति प्राक्प्रवृत्ते कुवृत्ते ।
तेनात्यन्धं सपदि पतितं दीर्घदुःखान्धकूपे मामुद्धर्तुं प्रभवति भव त्वां दयाब्धिं विना कः ॥

દુઃખરૂપી ગ્રીષ્મઋતુના ભીષણ તાપથી તપેલા મારા મનને ક્યાંય પણ આરામ નથી. મારી પાસે પૈસા નથી, ધન ધાન્યનો પણ નાશ થઇ ગયો છે. પૂર્વજન્મ સંચિત દુર્વૃત્તિઓ, આ જન્મમાં તેના માઠાં પરિણામ ખૂબ આપી રહી છે. એ દુઃખપરંપરાઓથી આંધળો બનેલો હું ઘોર દુઃખરૂપી અંધારા કુવામાં પડી ગયો છું; તેમાંથી મને બહાર કાઢવાનું બળ આપ સિવાય બીજા કોઇની પાસે નથી, કેમકે આપ કરૂણાસાગર છો–આપ દયાસાગર છો. આપ સિવાય બીજા કોની પાસે હું ઉદ્ધાર માટે પ્રાર્થના કરૂં. હે પ્રભો! આ ઘોર યાતનાઓમાંથી જો કોઇ મારો છૂટકારો કરી શકે તેમ હોય તો તે એક માત્ર આપજ છો.

जानुभ्यामुपसृत्य भग्नचरणः को मेरुमारोहति ।
श्यामाकामुकबिम्बमम्बरतलादुत्प्लुत्य गृह्णाति कः ॥
को वा बालिशभाषितैः प्रभवति प्राप्तुं प्रसादं प्रभो- ।
रित्यन्तर्विमृशन्नपीश्वर बलादार्त्यास्मि वाचालितः ॥

શું કદિ કોઇએ લંગડાને ઘુંટણીએ ઘુંટણીએથી સુમેરૂપર્વતના શિખર ઉપર પહોંચેલો જોયો છે? અથવા શું કદિ કોઇપણ માણસને આકાશમાં ઉડીને રજની પતિ ચંદ્રમાને ખેંચી લાવતો જોયો છે? કોઇએ નહિ. એ વાત સંભવિતજ નથી. એ રીતે મારા જેવો મૂઢ માણસ આ સ્તોત્રોમાં કરવામાં આવેલા મૂર્ખતાપૂર્ણ બકવાદથી આપને પ્રસન્ન કરવા–આપનો પ્રસાદ પામવા–પ્રયત્ન કરે છે, તે પ્રયત્ન સફળ થવાનો સંભવ નથી. હે ઇશ્વર, હું એ સારી રીતે જાણું છું. હું જાણું છું કે, આ રીતના નીરસ શબ્દવિલાસ અથવા મિથ્યાપ્રલાપોથી હું આપને પ્રસન્ન નહિ કરી શકું; પણ હું તો કરૂં શું! હું વેદનાઓથી ગભરાઈ ગયો છું, દુઃખોથી તરફડીઆ મારૂં છું. તેજ મને જોર જુલમથી વાચાળ બનાવે છે–તેજ મને બોલવાની ફરજ પાડે છે.

धत्ते पौण्ड्रकशर्करापि कटुतां कण्ठे चिरं चर्विता वैरस्यं वरनायिकापि कुरुते सततया भृशं सेविता ।
उद्वेगं गगनापगापि जनयत्यन्तर्मुहुर्मज्जनाद् विश्रब्धां मधुरापि पुष्यति कथा दीर्घेति विश्रम्यते ॥

અનેક દિવસસુધી ખાતા રહેવાથી અત્યંત મીઠી શેરડીના રસની બનેલી સાકર ઉપર પણ અરૂચિ થાય છે. અલૌકિક સુંદરી નાયકાનું પણ અતિ સેવન કેટલાક સમય પછી નીરસ થઇ

જાય છે, તેનાથી પણ કંટાળો આવી જાય છે. ભગવતી ગંગામૈયાના જળમાં અનેક ડૂબકાં ખા-વાથી–તેમાં વારંવાર સ્નાન કરવાથી મનમાં ઉદ્વેગ થયાસિવાય રહેતો નથી. એજ રીતે મહામધુર અને મનોરંજક વાર્તા પણ. બહુ લંબાવીને કહેવામાં આવે તો તેમાંથી સાંભળનારની શ્રદ્ધા જરૂર ઉઠી જાય છે, એમ સમજીને હું મારી આ કરૂણ–કથાને હવે સમાપ્ત કરૂં છું

इत्थं त्वत्तदनन्तसन्ततलसाश्चिन्ताशतव्यायतव्यामोहव्यग्रमनावर्त्तनत्नत्ना दानं यदाक्रान्दितम्।
तत्कारुण्यनिधे निधेहि हृदये त्वं ह्यन्तरात्माखिलं चेतस्यन्तः स्थमतोऽहमिप्रगल्भिनः क्षन्तुं ममातिक्रमम्

હે કરૂણાસાગર ! મને એક બે ચિંતાઓ નથી સતાવતી. હું તો સેંકડો ચિંતાઓનો શિકાર થઇ ચૂક્યો છું. વળી એ ચિંતાઓ એવી નથી કે જે બે ચાર ઘડી કે દિવસસુધીજ મને સતાવતી હોય નહિ, તેમ નથી. તેનો હુમલો તો મારાઉપર સતત ચાલુજ રહે છે, તેથી એ કારણોને લીધે મારા હૃદયમાં જે મહામોહનો વંટોળ ભરાયો છે તેણે મારા મનને બહુજ દુઃખી અને છિન્ન વિચ્છિન્ન કરી નાખ્યું છે. મારૂં આ દીનાક્રંદન તેનુંજ પરિણામ છે. તે આપ દયા કરીને, મારી આ રોકકળને સાંભળીને યોગ્ય લાગે તેમ કરજો; તે ઉપરાંત હું બીજું શું વધારે કહું ! આપ તો પ્રાણીમાત્રના અંતરાત્મા છો, સૌના મનની વાત જાણો છો, તેથી મારી–દાસતી–ભ્રમીની આ વાચાળતારૂપ......ને ક્ષમા કરજો.

ભગવાન સદાશિવ જગદ્ધરભટ્ટની કહેલી ઉક્તિઓમાં એક ઉક્તિનો થોડો ભાગ બાદ કરીને બાકીની બીજી મારા તરફથી પણ કહેલી સમજવાની કૃપા કરજો. તે એક ઉક્તિના એક ભાગથી મારી કહેવાની મતલબ જ્ઞાનરૂપી નેત્ર સાથે છે. જગદ્ધરને તે ત્રીજું નેત્ર હતું; પણ હું તો એનાથી સર્વથા વંચિત છું, તેથી હું આપની સવિશેષ કૃપાનો અધિકારી છું કે નહિ તેનો ચુકાદો આપજ આપશો.

साहित्यनो साचो सेवक-हुअेनसंग

(લેખકઃ–ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી)

બૌદ્ધધર્મના મૂળ ગ્રંથો મેળવીને અભ્યાસ કરવાના હેતુથી શ્રી હર્ષના સમયમાં ચીનથી એક મુસાફર આવ્યો હતો. તેનું નામ હુએનસંગ. તે પંદર વર્ષ સુધી હિંદુસ્તાનમાં રહ્યો ને પછી [illegible] બુદ્ધદેવની ૧૫૦ [illegible] વસ્તુઓ, એક સોનાની મૂર્તિ, એક ચંદનની મૂર્તિ, એક [illegible] મૂર્તિ ને [illegible] પુસ્તકો આટલો સામાન લઈ ને ચીનમાં પાછો વળ્યો. ચીનના શહેન-[illegible] જગ્યા આપવા કહ્યું; પણ હુએનસંગે જવાબ વાળ્યો:–"મારે [illegible] સેવા કરવી છે."

હુએનસંગે [illegible] કામ [illegible] શરૂ કર્યું. બરાબર બીજાં ૨૦ વર્ષ સુધી એણે બૌદ્ધધર્મના પુસ્તકોનો [illegible] અનુવાદ કર્યો. આવી રીતે એણે [illegible] પુસ્તકોના અનુવાદ કર્યા. [illegible]

[illegible]

[illegible]

આવતે સાલે હરદ્વારમાં ભરાનારો

कुंभनो मेळो

(શ્રી રામકૃષ્ણ સેવાશ્રમ તરફની અપીલ)

પૂર્ણ કુંભ મેળા હરિદ્વારમેં [illegible] આવશ્યક હોગા, [illegible] સેવાઓંકા ઔર કાર્યકી વ્યવસ્થા નિમ્ન પ્રકાર હોગી.

(૧) અસ્થાયી ઔષધાલય સહિત વિભાગ—જિસમેં એક ડૉક્ટર, [illegible] હોગા.)

(૨) સામયિક સહાયક વિભાગ:—ઇસ વિભાગમેં એક ડૉક્ટર, એક કમ્પાઉન્ડર ઔર દો, સેવક હોંગે જો પ્રતિદિન [illegible] જો મેળામેં આનેમેં અસમર્થ હૈં વે યદિ ઉન્હેં કોઈ મેલા રોગી મિલા જો [illegible] તો ઉસકી સૂચના [illegible] દેંગે.

(૩) વિશેષ સેવા વિભાગ—ઇસ વિભાગમેં સ્વયંસેવકોંકી ભિન્ન ભિન્ન ટુકડિયાં રહેંગી.

અ—સ્વયંસેવકોંકી એક ટોલીકો સંપૂર્ણ રાત્રિ ઔર દિન દોનોંકે રોગિયોંકી [illegible] હોગા.

બ—સ્વયંસેવકોંકી દૂસરી ટોલીકા કાર્ય [illegible] ચિકિત્સાલયમેં લાના ઔર યદિ કોઈ મર જાય તો ઉસકા અંતિમ સંસ્કાર કરના હોગા.

ક—તીસરી ટોલી ચાર કાર્યકર્તાઓંકી હોગી જિનકા કામ સંક્રામક રોગોંકે સ્થાનોંકો [illegible] શુદ્ધ કરના હોગા.

(૪) ભોજન વિભાગ:—ઇસ વિભાગકે કાર્યકર્તા રસોઇ ઔર સામાન આદિકા પ્રબંધ કરેંગે ઔર રોગિયોં કાર્યકર્તાઓં તથા અતિથિઓંકે પથ્ય તથા ભોજન આદિકી દેખરેખ કરેંગે.

ઇસ કાર્યકો સફળતાપૂર્વક કરનેકે લિયે હમકો બાહરસે કાર્યકુશળ કાર્યકર્તાઓં ઔર ડૉક્ટરોંકો લાના હોગા; કારણ કિ સેવાશ્રમ કે થોડેસે કાર્યકર્તાઓંમેં સ્થાયી ઔષધાલયકા કાર્યભી બડી કઠિનતાસે ચલ સકેગા. ઇસકે અતિરિક્ત ઔષધિ, પથ્ય ઔર દૂસરી આવશ્યક વસ્તુઓંકી બડી સંખ્યાકી આવશ્યકતા હોગી. વિશેષકર કુંભકે અવસરકે લિયે બહુતસે અતિથિઓંકે આનેકી સંભાવના હૈ. જો ઇસ અવસરપર યહાં હી રહેંગે. અત એવ ઇસ સ્થિતિપર સફળતાપૂર્વક ઔર સુચારૂ રૂપસે કાર્ય કરનેકે લિયે કમસે કમ ૧૦૦૦૦) દસહજાર રૂ. કી આવશ્યકતા હોગી. સેવાશ્રમ કે લીએ અપની થોડી ઔર નિયમિત પુંજીકે સાથ ઇસ કાર્યકા કરના અસંભવ હૈ, યહ જાન કર હમ વિનીત ભાવસે ઉદાર તથા ધાર્મિક જનતાસે પ્રાર્થના કરતે હૈ કિ વહ કૃપા કર અપના દાન, ધન વા અન્નકે રૂપમેં વિના અધિક વિલંબ કિયે હુએ ભેજનેકી કૃપા કરે. ઇસકે લિયે હમ ઉનકે અત્યંત અનુગ્રહિત ઔર આભારી હોંગે.

ઇસ અપીલ કે પ્રકાશન કે સાથ હમ ઉન મહાનુભાવોંકો જિન્હોંને કિસી પ્રકારકી ભી સહાયતા આશ્રમકો પ્રદાન કી હૈ ઉનકો ધન્યવાદ દેતે હૈં. પૂર્વમેં સેવાશ્રમકો જો સહાયતા જનતાસે પ્રાપ્ત હુઇ હૈ ઉસકા વિચાર કર હમારા પૂર્ણ વિશ્વાસ હૈ કિ હમારી ભવિષ્યકી માગ ભી પૂરી હોગી ઉપર લિખીત આવશ્યકતાઓંકી પૂર્તિ કે લિયે દિયા ગયા છોટેસે છોટા દાન ભી ધન્યવાદપૂર્વક સ્વીકાર કીયા જાવેગા ઔર ઉસકી રસિદ નિમ્ન લિખીત સ્થાનોંસે દી જાવેગી.

(૧) સ્વામી કલ્યાણાનંદ—રામકૃષ્ણ મિશન સેવાશ્રમ—મુ. કનખલ (હરદ્વાર)

(૨) સેક્રેટરી ઉદ્બોધન—૧ મુકરજીલેન, બાગ બાજાર મુ. કલકત્તા

(૩) સેક્રેટરી, રામકૃષ્ણ મિશન—પોસ્ટ ઑફિસ—બેલુરમઠ મુ. હાવડા (બેંગાલ)

મહાન પુરુષોના ઉપદેશ

("વિશ્વામિત્રમાંથી" સંગ્રહકર્તા-રામનાથ શર્મા-"કમલેશ" વિશારદ)

"ઉત્તમ કુળમાં જન્મવા કરતાં ઉત્તમ અને ગૌરવપૂર્ણ કીર્તિ પ્રાપ્ત કરવામાં વધારે મહત્તા રહેલી છે"

"મહાન કાર્યોના પ્રતિપાદનમાં જીવનનું મુખ્ય કર્તવ્ય સમાઈ જતું નથી; પરંતુ જાતેજ મહાન થવું એજ કર્તવ્ય છે."

"ઉત્તમ ચારિત્રની કિંમત હીરા, માણેક, સુવર્ણ, રાજ્યસત્તા અને સિંહાસન કરતાં અનેક ગણી વધારે છે."

"જે મનુષ્ય સદાચારી નથી, તે ઇશ્વરને વિદ્યાદ્વારા પણ નથી મેળવી શકતો."

"માણસની રહેણી કરણીજ દર્શાવી આપે છે કે આ માણસ સારા કુળનો છે કે નહિ. શૂરવીર છે કે કાયર અથવા પવિત્ર છે કે અપવિત્ર."

"સદાચારજ વિદ્વાનનું ભૂષણ છે અને તેની જીવન-યાત્રાને સુગમ કરનાર છે.'

"જે પરોપકારમાં રચ્યોપચ્યો રહે છે, ઇશ્વરમાં જેને વિશ્વાસ છે અને સત્યને જે અનુસરે છે, તેને માટે આ પૃથ્વીજ સ્વર્ગ સમાન છે."

" સાચા મનુષ્યના રક્તનું એક બિંદુ પણ મહા સમુદ્રના અગાધ જળ કરતાં વધારે મૂલ્યવાનછે."

"સંસારની સર્વ પદવીઓમાં મનુષ્યનું પદ સર્વશ્રેષ્ઠ છે."

"મનુષ્યોની સંખ્યા, નગરોનો વિસ્તાર અને તેમની સમૃદ્ધિ એ કોઇપણ દેશની સાચી ઉત્કૃષ્ટતાનું પ્રમાણ નથી; પરંતુ તે દેશ જે જાતનાં માણસો ઉત્પન્ન કરે છે, તેજ તેનું સર્વોત્કૃષ્ટ પ્રમાણછે."

"પુરુષ અથવા સ્ત્રીની સત્કીર્તિજ તેના આત્માનો સર્વશ્રેષ્ઠ અને પ્રથમ શણગાર છે."

" 'સદ્દગુણ' મનુષ્ય માંદો પડતાં તેની સાથે માંદાયે નથી પડતા અને તેની મૃત્યુ સાથે નાશ પણ પામતા નથી. "

" મહાન પાંડિત્ય અને વિદ્વત્તા તેમજ તર્કશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રના જ્ઞાનથી મનુષ્ય મહાન નથી થઇ શકતો. મહત્તાને માટે તો સુચારિત્ર્યનીજ આવશ્યકતા છે. "

" મહાન કુબેર ભંડારી જેટલા દ્રવ્યવાન થવા કરતાં કીર્તિ અને પ્રેમના ભંડારી થવું વધારે મહત્વનું છે."

"તમે ધનપતિ હો કે ગરીબ, અમીર હો કે ફકીર, એ બધું સો વર્ષ પછી ભૂલાઇ જશે. પરંતુ તમારાં સદાચરણ યા દુરાચરણનો પ્રભાવ હજારો વર્ષસુધી રહેશે."

"ગરીબાઇનો વારસો મળવો એ સદ્દગુણોનો વારસો મળવા જેવું છે."

"ધનની જરૂર નથી, સત્તાની જરૂર નથી, સ્વતંત્રતાની જરૂર નથી અને આરોગ્યની પણ એટલી જરૂર નથી-માત્ર સુચારિત્ર્યનીજ જરૂર છે."

"મનુષ્યના જીવનનું 'માપ' તેનાં કરેલાં કાર્યોથી થાય છે, ઉંમરથી નહિ. વિચારદ્વારા તેના જીવનનું 'માપ' થઇ શકે છે, નહિ કે શ્વાસોચ્છ્વાસદ્વારા. તેના હૃદયની લગનીથી જીવનનું માપ થાય છે, નહિ કે ઘડિયાળનાં કાંટાથી. જે માણસ સારામાં સારા વિચાર રાખે છે, ઉત્તમ મનોવૃત્તિઓવાળો છે અને જે સારાં કામ કરે છે, તેજ માણસ સૌથી વધારે જીવે છે. "

"દેશની પ્રત્યેક પાઠશાળા, પ્રત્યેક ઘર, પ્રત્યેક રસ્તાની બાજુએ અને પ્રત્યેક યુવક યુવતીના શયનાગરમાં એ સૂત્રો ટાંગેલાં હોવાં જોઇએ કે:-

સુચારિત્ર્યજ શક્તિ છે, સુચારિત્ર્યજ દ્રવ્ય છે, સુચારિત્ર્યજ ધર્મ છે, સુચારિત્ર્યજ મોક્ષ છે; અને સુચારિત્ર્યજ બધી ઉન્નતિઓનું મૂળ છે."

जळ विषे

("કૈલાસ" માંથી મૂળ લેખક શ્રીયુત વિજયસિંહજી વૈદ્યશાસ્ત્રી)

મનુષ્યે સ્વાસ્થ્ય રક્ષાને માટે શુદ્ધ જળ, વાયુનું સેવન કરવું અત્યંત જરૂરનું છે. આજે વૈદકશાસ્ત્ર પ્રમાણે વાંચકોના લાભાર્થે જળવિષે કંઈક વર્ણન કરૂં છું:—

શુદ્ધ જળ:—જે પાણી ગંધવિનાનું, કોઈ રસના બળસેળ વગરનું, શીતળ, તરસ મટાડનાર, નિર્મળ, હલકું અને હૃદયને પ્રિય લાગે તે ગુણકારી છે.

અશુદ્ધ જળ:—જે પાણી મેલું, ગંધાતું, જીવજંતુવાળું, પાન, સેવાળ તથા કાદવથી ડહોળાયેલું, વર્ણવિનાનું, રસવિનાનું, જાડું અને દુર્ગંધવાળું હોય તે નુકસાનકર્તા છે. ડહોળાયેલું, કમળપત્ર, સેવાળ તથા તણખલાંથી છવાઈ રહેલું, ખરાબ જગ્યાનું, સૂર્ય તથા ચંદ્રનાં કિરણ પડયા વિનાનું, ઋતુવિનાનું, વરસ્યા પછી ત્રણ દિવસ રાખી મૂકેલું અને બગડેલું પાણી વાપરવું ના જોઇએ, એવું પાણી પીવાથી સઘળા દોષો કોપાયમાન થાય છે. એવા પાણીના સ્નાન અને સેવનથી તરસ, આફરો, જીર્ણજ્વર, ખાંસી, મંદાગ્નિ, અભિષ્યન્દ, કંડૂ તથા ગલગંડ વગેરે રોગો થાય છે.

પાણી પીવાની જરૂર:—પાણી એ પ્રાણીઓના જીવનસ્વરૂપ છે. પાણી પીવાની ઇચ્છા કદાપિ રોકવી ના જોઇએ; કેમકે હારિત મુનિ કહે છે કે:—

तृष्णा गरीयसी घोरा सद्यः प्राणविनाशिनी। तस्माद्देयं तृषार्ताय पानीयं प्राणधारणम् ॥

અર્થ:—તરસ્યા માણસને જરૂર પાણી પાવું જોઇએ; કેમકે તરસ એ મહાભયંકર અને પ્રાણનાશિની હોય છે. તરસથી મોહ વધે છે અને મોહ વધવાથી પ્રાણનાશ થાય છે; તેથી પાણીનો ત્યાગ ન કરવો જોઇએ.

પાણી પીવાની વિધિ:—અધિક પાણી પીવાથી અન્ન સારીરીતે પચતું નથી, તેથી અગ્નિ પ્રબળ કરવા માટે થોડું થોડું પાણી વારંવાર પીવું જોઇએ.

વાસી પાણીના ગુણ:—જે માણસ સૂર્યોદય પહેલાં વાસી પાણીની આઠ અંજલિ નિયમ પૂર્વક પીએ છે, તે રોગ તથા વૃદ્ધાવસ્થાથી મુક્ત થઇ સો વર્ષ સુધી જીવે છે. ભોજનું કથન છે કે, રાત્રિને અંતે પાણી પીવાની ટેવ પાડવાથી હરસ, સોજો, સંગ્રહણી, તાવ, જઠર, વૃદ્ધાવસ્થા, કોઢ, મેદવિકાર, મૂત્રાઘાત, રક્તપિત્ત, કાનનાં દરદો, ગળાનાં દરદો, માથાનાં દરદો, કટીશૂળ, નેત્રરોગ, બીજા વાયુપીત્ત, ક્ષત અને કફથી પેદા થયેલા રોગો નાબુદ થાય છે.

જે માણસ પ્રાતઃકાળે ઉઠીને નાક મારફતે હમેશાં ત્રણ અંજલિ પાણી પીએ છે, તેની બુદ્ધિ તીવ્ર થઇને આંખોનું તેજ વધે છે; અને બળવૃદ્ધિ થઈ રોગ, ભૂતપલિત કોઇ તેની પાસે આવતું નથી. શરીરમાં કરચલી પડવી, પીનસ, સ્વરભંગ, ખાંસી અને સોજો મટી જાય છે.

જેણે તેલ યા ઘી પીધું હોય, ઘા થયો હોય, રેચ લીધો હોય, પેટમાં આફરો ચઢયો હોય, મંદાગ્નિવાળો હોય, હેડકીઓ આવતી હોય તથા કફ અને વાયુના રોગવાળો હોય તેણે નાકવાટે પાણી પીવું ના જોઇએ.

ઠંડાપાણીનો નિષેધ:—પાંસળીનાં દર્દોમાં, પ્રતિશ્યાયમા, વાયુસંબંધી રોગોમાં, આફરો અને બંધકોશમાં, રેચ તથા તરતના તાવમાં, અરુચિ અને સંગ્રહણીમા, ગુલ્મરોગમા, શ્વાસ અને ખાંસીમાં, વિદ્રધિ અને હેડકીમાં તથા ચિકાસવાળા પદાર્થો સાથે પીવામાં ઠંડું પાણી તજવાયોગ્ય છે.

થોડું પાણી પીવું:—અરુચિ, મંદાગ્નિ, સોથ, ક્ષય, મુખ-પ્રસેક ઉદરરોગ, નેત્રરોગ, તાવ, અને મધુમેહમાં થોડું પાણી પીવું જોઇએ.

દુષિત જળને ચોકખું કરવાની વિધિ:—પ્રથમ પાણીને ચોખ્ખા કપડાથી ગાળી લેવું જોઇએ. પછી ગરમ કરીને અથવા સૂર્યના તાપમાં તપાવીને શુદ્ધ કરવુ જોઇએ; અથવા સોનું, ચાંદી, પથ્થર અને રેતીને સાતવાર ગરમ કરી પાણીમાં ઠારી દેવાથી પાણી શુદ્ધ થાય છે.

आओ कृष्ण !

(" વિશ્વામિત્ર "ના અગ્રલેખમાંથી)

આઓ કૃષ્ણ કન્હૈયા, આઓ. ત્રિવિત તાપસે સંતપ્ત હમારે હૃદય મન્દિરકો એક બાર અ-મૃતબાણુસફિર ભી સિંચિત કર દો. હમારી આશાલતાયેં મુરઝા રહી હૈં કર્મયોગરૂપી વારિશી વૃષ્ટિ કર ઉન્હેં એકવાર ફિર હરાભરા બનાદો.

હમ તુમ્હેં અકારણ નહીં પુકાર રહે હૈં. તુમ્હેં કષ્ટ દેનેકા હમેં બિલકુલ સાહસ નહીં હોતા, યદિ કુરુક્ષત્રકે મૈદાનમેં તુમને

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥

કી આશા નહીં દિલાયી હોતી? પ્યારે કૃષ્ણ! ક્યા અપની પ્રતિજ્ઞા ભૂલ ગયે જો આજ હમેં યાદ દિલાનેકી આવશ્યકતા ઉપસ્થિત હુઇ હૈ? તુમ તો સર્વજ્ઞ હો, ફિર ક્યોં આંખ મૂંદે પડે હો? ક્યા ભારતકી બર્તમાન દશા કા ઔર ભી પતન દેખના ચાહતે હો? ભગવન્ એસી નિષ્ઠુરતા તુમમેં કબસે ઉત્પન્ન હુઇ? ક્યા કરુણાસાગર નામકા તુમને બહિષ્કાર કર દિયા? ક્યા તુમ્હારી કરુણાકા અગાધ સમુદ્રભી સૂખ ગયા? નહીં તો એક બાર ભારતમેં આકર અપને બચનકી રક્ષા ક્યોં નહીં કરતે? એક દ્રૌપદીકી લાજ રખનેકે લિયે તુમ કિતને ચિન્તિત હુએ થે, આજ તો ભારતભૂમિમેં લાખોં દ્રૌપદી વ્યાકુલ હોકર તુમ્હેં પુકાર રહી હૈં. એક કંસકો મારનેકે લિયે તુમને ક્યા ક્યા ખેલ દિખાયે થે? આજ દેખો સૈકડોં કંસ તુમ્હેં ચુનૌતી દે રહે હૈં. એક સુદામાકી દીન દશા દેખકર તુમને આંસુઓંસે ઉનકે ચરણ ધો ડાલે થે, આજ તો લાખોં સુદામા તુમ્હારે દર્શનકે લિયે વ્યાકુલ હો રહે હૈં. તુમ્હારે લિયે તો અનન્ત કાર્યક્ષેત્ર પડા હુઆ હૈ. ફિર બતાઓ તુમ્હારે નહીં આનેકા કૌનસા કારણ હો સકતા હૈ? ક્યા કાર્યભારસે ડર તો નહિ ગયે?

તુમ્હારી લીલાભૂમિ ભારતમહી કો આજ વિદેશીયોંને પદદલિત કર રખા હૈં, જીસ બ્રજભૂમિકી ગાએં તુમ્હારે જૈસે સેવક કો પાકર ભારતમેં દૂધકી નદિયાં બહાતો થીં ઉન્હેં અબ ભરપેટ ચરનેકી ભી સુવિધા નહીં નહૈ. હે ગોપાલ! લિખતે લેખની કાંપતી હૈં, તુમ ભી સુનકર એક બાર થર્રા જાઓગે કિ જીસ ભારતમેં ગોબધકા નામ નહીં થા વહાં યવનોં ઔર બિદેશી ગોભક્ષકોંકે લિયે પ્રતિ ૫ સેકંડમેં એક ગાય કસાઇયોંકે છુરે કે નીચે પડ કર હિંદુઓકો કોસતી હુઇ તુમ્હારે ધામકો ચલી જા રહી હૈ. ક્યા ભારતવાસીયોંકે ઉત્કટ પાપ કર્મસે ક્રુદ્ધ હો તુમને સભી ગૌઓંકી ગોલોકહી મેં મગા લેનેકા નિશ્ચય કિયા હૈ? નહીં તો, જહાં એક નિર્દોષ ગજરાજકો ગ્રાહકે મુખસે બચાનેકે લિયે તુમ નઙ્ગે પાંવ દૌડ પડે થે, વહાં પ્રતિદિન હજારોં ગૌઓંકે રક્તપાતસે ભારતભૂમિકો કલુષિત હોતે દેખકર ભી તુમ્હારી નિદ્રા ભંગ ક્યો નહીં હોતી? તુમને ભારતકો સુજલા, સુફલા ઔર શસ્ય શ્યામલા દેખકર અપની પ્રિયતમા લક્ષ્મીકે નિવાસકે લિયે યહી સ્થાન ઠીક કિયા થા, પર તુમ્હાર આને મેં દેર દેખકર વે ભી રૂસકર સાત સમુદ્ર પાર તુમ્હારી ખોજમેં ભટક રહી હૈ. શીઘ્ર આકર ઉન્હેં સાન્ત્વના ક્યોં નહીં દેતે?

યોગિરાજ! તુમને અર્જુનકો જીસ કર્મયોગકી શિક્ષા દેકર મહાભારતકે યુદ્ધમે પ્રવૃત્ત કર યા થા, ઉસકા આજ સર્વથા લોપ હો રહા હૈ. લોગોંકો કર્મ અકર્મકા જ્ઞાન હી નહીં હૈ, ફિર ઉસકો કુશલ રીતિસે સંપાદન કિસ પ્રકાર કરેં? તુમ્હેં તો માલમહી હોગા કિ આજ ભારતમેં કિતને મનુષ્ય બ્રાહ્મી સ્થિતિકો પ્રાપ્ત હોકર અમૃતત્વકે અધિકારી બને હૈં! તુમને **'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन। 'मा कर्मफल हेतुर्भू माते संगोस्त्व कर्मणि॥** કા ઉપદેશ દેકર નિષ્કામ ભાવસે કર્મ કરનેકા આદેશ દિયા થા–પર ભારતબાસી ઉસે ભૂલકર દુઃખોંકે ભંવરમેં પડે હુએ હૈં. અબ તો યહાં સભી કામ ટકે સે તૌલે જાતે હૈં. 'પઢ બેટા ચંડી, જીસસે ચટે હંડી' ઔર 'પઢો ચંદ્રિકા, જીસસે ચઢે હંડિકા' કા નિનાદ સર્વત્ર ગૂંજ રહા હૈ. કર્ત્તવ્યકર્મકી દૃષ્ટિસે કામ કરને વાલે સરલ પ્રકૃતિ કે યા સાફ શબ્દોંમેં બે સીંગ કે ગધે સમઝે જા રહે હૈં. 'નિરાશી ઔર નિર્મમ' હોકર કામ કરનેવાલે કહાં દિખાયી દેતે હૈં? ફલ યહી હુઆ હૈ કિ સમાજકી સભી વ્યવસ્થાઓંમેં ગડબડ ભાલા મચ ગયા હૈ. સમાજરૂપી

ાડીકે સભી પહિયે આજ બેકાર હો રહે હૈં-ગાડી ઉન્નતિકે પથમેં સરપટ કૈસે દૌડ લગાવે ? આજકે સાર્વસ્થાનીય બ્રાહ્મણદેવતા જોનજ઼ાલમે ફંસી હો સમાજકા સંચાલન કહાં તક કરેંગે ! પાની પાંડે, રસોઇયે ઔર ન માલૂમ ક્યાં ક્યા બનકર શદ્રવૃત્તિકા અવલમ્બન કર રહે હૈં. ક્ષાત્ર-ધર્મકા તો ભારતસે લોપ હી હો રહા હૈ-નહીં તો તુમ્હારી લીલાભૂમિ ઇસ પ્રકાર પરાધીનતાકી કાલિમાસે કલંકિત ક્યોં હોતી ? વૈશ્યોંકી ચર્ચા તુમસે ક્યા કરેં ? જીનકે હાથોં કૃષિ, ગોરક્ષા ઔર વાણિજ્યકા ભાર તુમને સોંપા થા, વે આજ વિદેશી વ્યાપારકા જૂઠન ચાટનેમેંહી અપનેકો કૃત-કૃત્ય સમઝ રહે હૈં. પ્રતિ વર્ષ એક કરોડ પશુઓંકા બધ દેશમેં હો જાતા હૈ, પર ઉનકે કાનમેં જૂં ભી નહીં રેંગતી. બહુત હુઆ તો આદમિયોંને ધર્મખાતે કે નામ પર ચંદા લેકર કહીં પિંજરાપોલ ખોલ દિયા ઔર ગોભક્ત હોનેકા સાર્ટિફિકેટ પાગયે. ભગવન્ ! તુમ્હેં જાનકર આશ્ચર્ય હોગા કિ બહુતસે કુલાંગાર તો ઇન ધર્મખાતોંમેં એકત્ર દ્રવ્યોંકો ભી અપના હી સમઝ મનમાને તૌરસે અપવ્યય કરતે હૈં. દેશકા વાણિજ્ય મિટ્ટીમેં મિલ ગયા હૈ ઔર કરોડોં ભારતવાસી ભૂખોં મર રહે હૈં; પર ઉન્હેં પૂછનેવાલા કોઇ નહીં હૈ. તુમને કહા થા, 'दरिद्रान भर कौन्तेय' પર યહાં તો લાટ ગવર્નરોંકો દાવતેં દેકર હી શેઠજી કૃતકૃત્ય હોતે હૈં. કહાં તક સુનાયેં; આજ તુમ્હારે ગીતાધર્મકો માનનેકા ઢોંગ કરનેવાલે, બડે બડે તિલક લગાનેવાલે ઔર અપનેકો ધર્માવતાર માનનેવાલે લોગ शुनिचैव श्वपाके च पंडिता समदर्शिनः કો જાનતે હુએ ભી અછૂતોંકો કુત્તોંસે ભી બદતર સમઝતે હૈં. કુત્તે તો ઉનકી ગોદમેં, ઉનકે કન્ધોં પર, ઉનકી સુખશૈય્યાપર વિરાજ સકતે હૈં; પર અછૂત સૌ હાથ દૂર તક નહીં ફટકને પાતે. કહો ફિર ભારતમેં શુદ્ધ વર્ણાશ્રમ ધર્મકી પ્રતિષ્ઠા કૈસે સ્થિર રહ સકતી હૈ ? શિલાધાર હી લોપ હો જાને સે ભવન કબ તક ખડા રહેગા. ઇસીસે આજ હિન્દૂ મન્દિર ધ્વંશ હોને પર હૈ વાસુદેવ ! એકબાર આકર ઇસકી મરમ્મત કર જાઓ નહીં તો ઇસે ઢહા કર કોઇ નયા હી મન્દિર ખડા કર દો. યદિ દેર કરોગે તો તુમ્હેં પહચાનનેવાલા ભી કોઇ નહીં મિલેગા.

ભગવન્! તુમને ગીતામેં ધર્મકા સાર તો ભર હી દિયા હૈ. પર ઉસે સમઝાનેવાલા ઔર સમઝકર ઉસકે અનુસાર ચલનેવાલે નહીં દિખાયી દેતે ? આઓ, એકબાર અપની જાદૂ ભરી બંશી ફૂંક દો, જિસસે હજારોં વર્ષકી હમારી મોહનિદ્રા ટૂટ જાય ઔર હમ કર્મયોગકે માર્ગમેં પ્રવૃત્ત હો જાય. આજ ભારતમેં વહી સમસ્યા ઉપસ્થિત હૈ જિસકા સમાધાન કર તુમને અર્જુનકા મોહ ભંગ કિયા થા. એકબાર આ જાઓ ઔર હમેં રાહ દિખા કર ગન્તવ્ય સ્થાન તક પહુંચા દો ! સ્વાધીન ભારતહી તુમ્હારા શિક્ષાકા મર્મ સમઝ કર સંસારમેં ઉસકા વિસ્તાર કર સકતા હૈ યદિ તુમપ્રતિજ્ઞાકી રક્ષા કરના ચાહતે હો તો એકબાર અવશ્ય આઓ, નહીં આના હો તો હમેં ઇસ તરહ ઘુલા ઘુલા કર મત મારો. એક વાર હી પ્રલયકી ભયંકર લીલા દિખાકર ભારત ભૂમિકો મહાસાગરમેં પ્લાવિત કર દો.



આરોગ્યને માટે ૩૨ દિવસનું લંઘન

(ઔંધનિવાસી શ્રી૦ પં૦ નારાયણ ભટ્ટજી પાઠકે હમણાંજ મેળવેલા જાતિ અનુભવનો લેખ વૈદિકધર્મમાં છપાયલો તે ઉપરથી અનુવાદિત)

૧–પૂર્વવૃત્તાન્ત

આ વખતે મારી ઉંમર ૪૯ વર્ષની છે. શરુઆતથીજ મારું સ્વાસ્થ્ય ઉત્તમ પ્રકારનું હતું પરંતુ છેલ્લાં ૧૦ વર્ષોથી પેટની બિમારીને લીધે અને પેટમાં વાયુ વધી જવાને લીધે મારી તંદુરસ્તી બગડી અને હું માંદો પડયો. ૩૮,૩૯ વર્ષની ઉંમર સુધી મારી તંદુરસ્તી ઘણી સારી હતી અને હું બળવાન હતો તથા ઉદરરોગ શું છે તે જાણતો પણ નહોતો.

હું શ્રી૦ મહારાજાસાહેબ ઔંધનરેશના મંદિરમાં પૂજારી છું અને મને પૂજા, અર્ચન, અનુષ્ઠાન; પાઠ ઇત્યાદિનું કાર્ય બહુજ રહે છે. મારે એ નિત્યકર્મ ઉપરાંત કોઈ કોઈ વખતે નૈમિત્તિક ધર્મકાર્ય પણ કરવું પડે છે, તે તો વળી જૂદું. આ સર્વ કાર્ય ધર્મવિધિ પ્રમાણે સાંગોપાંગ કરવાને માટે મારે કોઈ કોઈ વખત રાત્રીના ૨–૨॥ વાગે ઉઠવું પડે છે; કારણ કે જો હું તે વખતે ન ઉઠી શકું તો ઉપર જણાવેલું મારું પૂજાપાઠનું કાર્ય સંપૂર્ણરીતે થઇ શકતું નથી.

૨–બંધકોષની શરૂઆત

સાધારણ રીતે માણસને ઉઠવાનો યોગ્ય સમય ૪–૪॥ વાગ્યાનો હોય છે. આ સમયને બ્રાહ્મ મુહૂર્ત કહેવામાં આવે છે. આ સમયે જાગ્રત થવાથી મળશુદ્ધિ વગેરે સારી રીતે થાય છે. હું પણ જ્યાં સુધી ૪ વાગ્યે ઉઠતો હતો, ત્યાંસુધી મને ઝાડો ખુલાસાથી આવતો હતો અને કોઇપણ પ્રકારની બિમારી ઉત્પન્ન થતી નહોતી; પરંતુ જ્યારથી મારે ૨–૨॥ વાગ્યે ઉઠવાનું થયું અને પૂજાપાઠનું કાર્ય વધારે કરવાનું થયું, ત્યારથી દસ્ત ખુલાસેથી આવતો બંધ થયો; કારણકે ૨–૨॥નો સમય શૌચશુદ્ધિનો હોય નહિ, તોપણ તે સમયે ઉઠીને સ્નાનાદિ ક્રિયાથી પરવારીને પૂજામાં જોડાઇ જતો હતો. આ સમયથી તે બે પહોરનું ભોજન થાય તે સમયસુધી મારે પૂજાપાઠમાં રહેવું પડતું હતું અને તેને લીધે ૪–૫ વાગ્યે શૌચ જવાનો વેગ આવે તોપણ મારે તે વેગને રોકવો પડતો હતો; કારણ કે પૂજાપાઠના સમયમાં ઝાડે ફરવા જવું તે અશકય હતું. આ પ્રમાણે હરરોજ બનતું હતું. અને રાત્રિના બે વાગે શૌચ જવું પડતું હતું કે, જે સમય શૌચવિધિને માટે બિલકુલ પ્રતિકૂળ હતો. અને તેથી મારે તે વખતે બળપૂર્વક દસ્ત લાવવાનો પ્રયત્ન કરવો પડતો. જે વખતે [illegible] જ્યારે મને કુદરતી રીતે દસ્તની હાજત થતી હતી, તે વખતે મારે બળજોરીથી તે વેગને અટકાવવો પડતો હતો. આ ક્રમ નિત્યનો થઇ પડયો અને તેથી આજથી ૧૦ વર્ષ પહેલાં મને અજીર્ણ રોગની શરૂઆત થઇ, કે જેને બંધકોશ, [illegible] અથવા મલાવરોધના નામથી ઓળખવામાં આવે છે; અને જે સર્વ રોગો ઉત્પન્ન થવાનું મૂળ કારણ છે. કેમકે:—नवेगान्धारयेद्धीमान् । न वेगान्धारयेद्धीमान् ॥ અર્થાત્ "બળપૂર્વક વેગને ઉત્પન્ન કરવો નહિ; તેમજ કુદરતી વેગને અટકાવવો નહિ" આ આરોગ્યનું સૂત્ર છે; પરંતુ મારી દિનચર્યાજ એવી [illegible] હતી કે મારે તો પ્રતિદિન આ બંને નિયમનું ઉલ્લંઘન કરવું પડતું હતું. હું ૨–૨॥ વાગે બળપૂર્વક દસ્ત લાવવાનો પ્રયત્ન કરતો હતો અને ૪–૫ વાગ્યે જ્યારે મને કુદરતી [illegible] ત્યારે તેને રોકવાનો પ્રયત્ન કરતો હતો. આ કારણને લીધે મને [illegible] અને ઉદરરોગે મને ઘેરી લીધો.

[illegible] ભોજનની પછી [illegible] રાત્રિનું ભોજન [illegible] ભોજનની પછી [illegible]

૩-પેટમાં દરદ થયું

ઉપર જણાવેલું આંખોનું દરદ વધવાથી નાભિની નીચેના ભાગમાં જોરથી દર્દ થવાની શરૂઆત થઈ અને પ્રતિદિન આ દરદ વધવા માંડયું અને કેટલાક મહિના બાદ તો જોર કરવા માંડયું. પાછી નાભિની ઉપરના પેટના ભાગમાં પણ દર્દ થવાની શરૂઆત થઈ. આ વખતે મારું પેટ ખૂબ ફૂલેલું રહેતું હતું. આ અને સ્થાનનું દર્દ વધવા લાગ્યું. આ બને સ્થાનમાં વાયુનો ગોળો ફરીને દુખાવો પેદા કરતો હતો.

આ સમયે વૈદ્ય અને ડૉક્ટરના ઘણા ઉપાયો કર્યા, અનેક પ્રકારના શેક કર્યા, જુલાબ કર્યાં ને દવાઓ પણ ખાધી; પરંતુ ઉપર જણાવેલી વ્યથામાં કંઈપણ ફરક પડયો નહિ.

આ પછી નાભિની નીચેનો ભાગ કઠણ થવા લાગ્યો અને થોડા દિવસમાં તો આ સ્થાન એટલું બધું કઠણ થઈ ગયું કે કમરનું હલનચલન પણ લગભગ બંધ જેવું થઈ ગયું. આ ઉપરથી અનુમાન બાંધશો કે, મને તે વખતે કેટલું કષ્ટ થતું હશે! આ સ્થાન કઠણ થવાને લીધે મૂત્ર થવાનું પણ અટકી ગયું અને શૌચસિવાય બીજે વખતે પેશાબ ઉતરતોજ નહિ; જેથી મારું દુઃખ અને દરદ ઘણુંજ વધી ગયાં.

૪-વાયુવિકાર

આ પછી પેટમાં વાયુ ઉત્પન્ન થવા લાગ્યો. આને વાયુનો ગોળો કહેવામાં આવે છે. કોઈ વખતે આ ગોળો એકજ જગ્યાએ રહેતો હતો અને ખાસું કષ્ટ પેદા કરતો હતો; તેમજ કોઈ સમયે તો તે આખા પેટમાં ફરતો હતો. આ બન્ને રીતોથી પેટમાં અસહ્ય દરદ પેદા થતું હતું.

૫-વૃષણવૃદ્ધિ

આ પછી જમણી તરફના અંડનો આકાર વધવા લાગ્યો. બે-ચાર માસ પછી બીજી તરફનો અંડ પણ વધવા લાગ્યો. અંડની અંદર જે ગાંઠો રહે છે તે નાની મોટા પથ્થર જેવી સખ્ત બની જતી હતી. આ કારણથી બેસવુંઉઠવું પણ મુશ્કેલ થઈ પડયું. આ વખતે મારું શારીરિક કષ્ટ એટલું બધું વધી ગયું હતું કે મને મૃત્યુની છાયા દેખાવા લાગી.

આ સમય પછી હું મીરજશહેરમાં ગયો અને ત્યાંના સુપ્રસિદ્ધ અમેરિકન મિશનના ડૉ૦ વાલનેસ અને વેલને મેં મારી બિમારી બતાવી. આ લોકોએ જણાવ્યું કે, આ રોગમાં શસ્ત્રક્રિયાની બીલકુલ જરૂર નથી. આથી આ ડૉક્ટરો પણ કોઇ ઉપાય કરી શકયા નહિ. તે પછી ત્યાંના બીજા અનેક વૈદ્યો અને ડૉક્ટરોના ઈલાજ કર્યા; પરંતુ તેથી જરાપણ ફાયદો થયો નહિ.

૬-ઑપરેશન (શસ્ત્રપ્રયોગ)

આ પછી ઘણાજ પ્રયત્નને અંતે અને કેટલીકલાગવગને લીધે ડૉ૦ વાલનેશ પાસે ઑપરેશન કરાવ્યું અને તેથી અંડવૃદ્ધિમાં થોડો લાભ જણાયો અને ૪-૫ માસમાં મારું અંડકોશ પૂર્વવત્ સારું થઇ ગયું; પરંતુ બીજી બિમારીઓ તો જેવી ને તેવી કાયમજ રહી.

૭-અગ્નિમાંદ્ય

જેમ જેમ ઉપર જણાવેલ વિકાર વધવા લાગ્યો, તેમ તેમ મારો જઠરાગ્નિ મંદ પડવા લાગ્યો અને અનાજ પણ થોડું લેવાતું ગયું. સાંજના વખતનું ભોજન તો લગભગ બંધ કરવું પડયું. કોઇ વખતે લેવાય તો કોઇ વખતે ન લેવાય એવી સ્થિતિ ચાલુ થઇ. આ કારણથી અશક્તિ વધવા લાગી. આ પ્રમાણે લગભગ ૭-૮ વર્ષ દુઃખ ભોગવવું પડયું.

૮-હમેશાની અવસ્થા

પ્રતિદિન સાંજરે લગભગ પાંચ વાગે પેટમાં વાયુ ઉત્પન્ન થતો હતો અને તે વેગથી ઉપર ચઢતો હતો. જ્યારે આ વાયુ છાતીમાં પ્રવેશ કરતો હતો, ત્યારે તો મારું મગજ સ્થિર રાખવું અશક્યજ બનતું. આ વખતે મને કોઇ કંઇ પૂછે અગર તો કોઇ બોલાવે તો મારું ધ્યાન તે તરફ આકર્ષાતુંજ નહોતું. હું મારી બિમારી અને દુઃખમાંજ લીન થઇ જતો હતો. મારી આ સ્થિતિ એક બે કલાક રહેતી હતી. કાંઇ ખાવામાં આવતું અગર ભોજન કરવામાં આવતું તો થોડા સમયસુધી આરામ રહેતો હતો; પરંતુ ખાધા પછી શૌચ થઇ જતો હતો અને શૌચ થયા પછી તરતજ પૂર્વોક્ત વાયુનો દોષ વધી જતો હતો. આ સર્વ દરદ નિદ્રા ન આવે ત્યાંસુધી રહેતું હતું. નિદ્રા આવ્યા

પછી દરદ બંધ પડી જતું હતું. આ પ્રમાણે સવારે તથા સાંજે પ્રતિદિન ચાર કલાક સુધી અસહ્ય દુઃખ ભોગવવું પડતું હતું અને એક દિવસ પણ આરામ જણાતો નહિ.

૯–લંઘનની શરૂઆત

સર્વ ઉપાય અજમાવી જોયા; પરંતુ વ્યાધિ મટવાનું ચિહ્ન જણાયું નહિ. આથી ઉપવાસ અગર લંઘન શરૂ કરવાનો મેં નિશ્ચય કર્યો. એટલામાં મારા સાંભળવામાં આવ્યું કે, પાસેના સુધ પાયેગ્રામના રહીશ એક ગુજરનો રોગ લંઘન કરવાથી દૂર થયો. આ ઉપરાંત બીજી વાત એ પણ સાંભળવામાં આવી કે, ઔંધ રિયાસતના એક કારકુનની બિમારી પણ અપવાસથી મટી ગઇ. આ હકીકતો સાંભળીને મારૂં સ્વાસ્થ્ય સુધારવાને મેં પણ લંઘન કરવાનો નિશ્ચય કર્યો.

એટલામાં શ્રી૦ ઔંધનરેશની પાસે કોઇ કાર્યવશાત્ લોણાવલાના સુપ્રસિદ્ધ નિસર્ગોપચારક અથવા લંઘનચિકિત્સક શ્રીયુત બીવલકર આવી પહોંચ્યા. તેઓશ્રીએ મારી તબિયત તપાસીને કહ્યું કે ૧૦–૧૨ દિવસ લંઘન કરી જુઓ. હું માનું છું કે, તમો આરોગ્ય મેળવી શકશો. આથી મને ધીરજ મળી. સાથે સાથે મેં લંઘનવિષયનું પુસ્તક વાંચી તે વિષયની માહિતી મેળવી અને લંઘન કરવાની તૈયારી કરી.

ગયા અષાડ સુદ બીજને દિવસથી મેં અપવાસ કરવાનું શરૂ કર્યું. આ વખતે મને સખત સળેખમ થયું અને તેની સાથે જોરથી ખાંસી ઉપડી; પરંતુ ઘણાજ આશ્ચર્ય સાથે જણાવવું પડે છે કે, બે–ચાર દિવસ લંઘન કર્યા પછી સળેખમ તથા ખાંસી કયાં ચાલ્યાં ગયાં તેનો પત્તો પણ લાગ્યો નહિ.

૧૦–લંઘનની દિનચર્યા

લંઘન કરવાના દિવસોમાં હું ફક્ત ઠંડું પાણી પીતો હતો. દરરોજ પાકું પાંચ અથવા છ શેર (૮૦ રૂપીઆભારનો એક શેર) પાણી પીતો હતો. આ પાણીમાં થોડો લીંબુનો રસ નીચોવતો હતો. કોઇએ મને તેમાં થોડું સિંધાલુણ નાખવા કહેલું, પરંતુ હું તે નાખતો નહિ. આ સિવાય હું કંઇ પણ લેતો નહિ હતો. લીંબુના રસથી પેટમાં આરોગ્ય રહે છે અને પીવામાં કંઇક સ્વાદિષ્ટ પણ લાગે છે.

શરૂઆતમાં મારો વિચાર એવો હતો કે, હું બે–ચાર દિવસ લંઘન કરી જોઉં; પરંતુ જ્યારે ૪–૫ દિવસ પસાર થઇ ગયા, ત્યારે મને વધારે ધીરજ મળી અને મેં અપવાસ વધારે વખત સુધી લંબાવવાનો નિશ્ચય કર્યો. તેર દિવસ પસાર થયા છતાં પણ મારો દૈનિક વ્યવહાર વિનાકષ્ટે ચાલ્યો જતો હતો. સવારમાં વહેલું ઉઠવું. સ્નાન, સંધ્યા અને પૂજાપાઠ ઇત્યાદિ મૂલપીઠ પહાડપર ચઢીને કરવાનું નિયમપૂર્વક ચાલ્યા કરતું હતું. મૂલપીઠના પહાડપર ચઢવું અને પાછું ઉતરવું એમાં સારી રીતે દોઢ કલાકની કસરત મળતી હતી. તેરમે દિવસે પણ મને જરાએ થાક જણાયો ન હતો. આખા દિવસમાં ૩–૪ માઇલનું ભ્રમણ કરવું પડતું હતું. તેર દિવસ ફક્ત પાણી ઉપરજ ગુજાર્યા છતાં મારામાં એટલી શક્તિ રહી હતી કે લંઘન કરવાથી મારી શ્રદ્ધા વધારે અને વધારે વધવા લાગી અને મેં લંઘન લંબાવવાનો નિશ્ચય કર્યો.

જ્યારથી લંઘન શરૂ કર્યું, ત્યારથી નવસેકા પાણીની બે વખત બસ્તિ લેતો હતો. આ બંને વખતની પ્રતિદિવસની બસ્તિથી આંતરડાંની શુદ્ધિ થતી હતી અને જે હું પાંચ છ શેર (પાકું) પાણી પીતો હતો તેથી પણ પેટની શુદ્ધિ થતી હતી. દરરોજ બસ્તિમારફતે મળની ગાંઠો નીકળતી હતી. આ જોઇને મને આશ્ચર્ય થતું હતું કે, જો આટલો બધો મળ પેટમાં ભરેલો રહે તો પછી વાયુનો આફરો ન ચઢે તો બીજું શું થાય ?

તેર દિવસ લંઘન કરવાથી મને બીલકુલ શ્રમ જણાયો નહિ; તેમજ મારૂં પ્રતિદિનનું કાર્ય સારી રીતે ચાલતું હતું તેથી, મેં બીજા આઠ દિવસ લંઘન આગળ ચલાવવાનો નિશ્ચય કર્યો.

ચૌદમે દિવસે મારી જીભ કાળી પડી ગઇ અને મને તાવ પણ આવવા લાગ્યો. આ વખતે મારી ધીરજ ખૂટી અને લંઘન બંધ કરવાનો વિચાર પ્રબળ થવા લાગ્યો. આગળ ઉપર મારી સ્થિતિ કેવી રહેશે તે વિષે મને સંદેહ પેદા થયો; છતાં ઉપર પ્રમાણેજ લંઘન આગળ ચલાવ્યું. ચાર પાંચ દિવસમાં તાવ ઉતરી ગયો; તેમજ જીભનો કાળો રંગ પણ ધીમે ધીમે મટી ગયો.

[illegible]

[illegible] આ વિચાર કેટલું કરે?

[illegible] દિવસ [illegible] ક્રમ માલમ પડ્યો નહિ.

[illegible] દિવસ [illegible]

[illegible] (૨૦ ફે. બાર) દૂર કીધું. [illegible] દિવસ [illegible] મોજ નાકમાંથી ખરાબ ગંધ આવતી હતી. [illegible] છેલ્લા ૧૨ દિવસ સુધી કાયમ રહી.

૩૦ મા દિવસ પછી તો દુર્ગંધ બંધ થઈ ગઈ અને તેને ઠેકાણે સુગંધ આવવા લાગી. આ ગંધ પણ મનોહારી હતી.

આ પ્રમાણે ૩૨ દિવસ સુધી લંઘન ચલાવ્યું. પછી તો [illegible] લાગ્યું; આથી લંઘનની સમાપ્તિ કરવાનો વિચાર કર્યો. આ ૩૨ મા દિવસ [illegible] ગની ગોટી ઊલટીમાં નીકળી હતી. આ સર્વમાં પહેલા ૧૫ દિવસ સુધી [illegible] ગની નીકળતી હતી અને ૧૭ મા દિવસથી કાળા રંગની પડવા લાગી. વાસ્તવમાં મારો વિચાર [illegible] સુધી ઊલટીમાં મળની ગોટી નીકળતી બંધ પડે ત્યાં સુધી લંઘન કરવાનો હતો; પરંતુ તેમ [illegible] થયું નહિ. આથી મેં લંઘન બંધ રાખવાનો નિશ્ચય કર્યો. ખરી રીતે તો જો મેં ૮-૧૦ દિવસ સુધી ઉપવાસ લંબાવ્યા હોત તો મારા આંતરડાં તદ્દન વિશુદ્ધ થઈ જાત; પરંતુ આ [illegible] મનના ઉત્સાહ ઉપર જ આધાર રાખે છે અને જ્યારે મનની ધીરજ ખૂટે છે, ત્યારે આવી વાતો સિદ્ધ થઈ શકતી નથી; આથી લંઘન બંધ કરવાનું જ મને ઉચિત લાગ્યું.

આ ૩૨ દિવસના લંઘનમાં મારું વજન ૪૯ શેર (બંગાળી) હતું, તે ૪૦ શેર થઇ ગયું.

૧૧–લંઘનની સમાપ્તિ

૩૨ મે દિવસે ખોરાક શરૂ કરવાનો નિશ્ચય કરીને એક સંતરાનો રસ લીધો. આ રસમાંથી પણ એકેક ચમચોજ લેતો હતો. ૩૩ મે દિવસે બે સંતરાંનો રસ લીધો. આ પ્રમાણે ક્રમે ક્રમે સંતરાં વધારીને ૮ દિવસમાં ૩૬ સંતરાંનો રસ પીધો. આ પ્રમાણે કુલ ૪૦ દિવસ પસાર થયા. છેલ્લા આઠ દિવસોમાં મને તરસ લાગતી તો હું માત્ર ઠંડું પાણી પીતો. તે સિવાય કંઇપણ લેતો નહિ.

૪૧ મે દિવસે શરૂઆતમાં પાશેર (૨૦ રૂ. ભાર) દૂધમાં તેટલુંજ પાણી મેળવી ઉકાળી-ને લીધું અને પછી થોડું થોડું વધારતે ચાલીને અર્ધો શેર (૪૦ રૂ. ભાર) દૂધ સમાનભાગે પાણી મેળવીને લેવાનું શરૂ કર્યું. આ પ્રમાણે ૪૮ દિવસસુધી કર્યા પછી દૂધ અને પાણી સાથે મેળવીને તેના ઉપર રહેવાનું અશક્ય લાગતાં ૪૯ મે દિવસે કેવળ ગાયનું દૂધ થોડું થોડું લેવાનું શરૂ કર્યું. દિવસમાં ચાર વખત દૂધ પીતો હતો અને આખા દિવસમાં દોઢશેર દૂધ (પાકું) ગાયનું પીતે હતો. આ સિવાય જ્યારે તરસ લાગતી ત્યારે જરૂર જેટલું પાણી પીતો હતો. લંઘનની શરૂઆત-થી દશેરાના તહેવારસુધી લગભગ ૪ માસ થયા. આમાંથી પ્રથમના લંઘનના ૪૮ દિવસ બા કરવામાં આવે તો બાકીના લગભગ અઢી માસસુધી ગાયના દૂધ ઉપર રહ્યો. વચમાં વચમાં કો કોઇ વખત સફેદ કંદનું અથવા ભીંડાનું શાક ખાતો અને કોઇ કોઈ વખત ઘરમાં કદ્દુની મિઠા બનાવીને તે પણ ખાતો. આ સિવાય કંઇ પણ અન્ન લેતો નહિ.

દશેરાને દિવસે મારા મિત્રોના આગ્રહને વશ થઇને થોડુંક અન્ન ખાધું અને દિવાળી દિવસોમાં પણ થોડુંક અનાજ ખાધું. આ ખાવાથી થોડુંક દરદ થવા લાગ્યું; પરંતુ જ્યાંસુ લંઘન કર્યાબાદ એકલા ગાયના દૂધ ઉપર રહ્યો હતો ત્યાંસુધી શરીરનું સ્વાસ્થ્ય સંપૂર્ણ રહે હતું. પેટમાં વાયુ, દરદ અગર કોઇ પ્રકારની પીડા નહોતી અને સંપૂર્ણ આરોગ્ય હતું. કહેવા મતલબ કે લંઘન કરવાથી અને લંઘન કર્યાબાદ ઉપર પ્રમાણે પથ્ય પાળવાને લીધે મારું શર તદ્દન નિરોગી બની ગયું.

મારું શરૂઆતનું વજન ૪૯ રતલ હતું. તે લંઘન કરવાથી ઘટીને ૪૦ રતલ થયેલું, પ હાલમાં ૫૨ રતલ છે. શરીરમાં ઉત્તમ પ્રકારની શક્તિ આવી ગઇ છે, મનનો ઉત્સાહ પણ ઘણો વધી ગયો છે અને ચિત્તની પ્રસન્નતામાં પણ વધારો થયો છે. પહેલાં માથામાં ચક્કર આવતાં હ અને માથું ભારે તથા ગરમ પણ રહેતું હતું. હવે આ સર્વ શાંત થઇ ગયું છે. પહેલવહેલાં પણ અધ્યયનમાં ચિત્તની એકાગ્રતા થતીજ નહોતી. હવે પૂર્ણ રીતે એકાગ્રતા થવા લાગી. પ કોઇ પણ નવીન વિદ્યાનું અધ્યયન કરવું એ મારેમાટે અશક્ય હતું; પરંતુ હમણાં વિદ્યાધ્યયન ચિત્ત એવું તો એકાગ્ર થઈ જાય છે કે જે વિષય ચાલતો હોય તે સારી રીતે સમજવામાં આવે

પહેલાં જે વખતે બિમારી વધી ગઇ હતી તે વખતે હું બ્રહ્મચર્ય પાળીજ શકતો નહો પરંતુ લંઘન કર્યા પછી ત્રીજા દિવસથીજ હું સંપૂર્ણ રીતે બ્રહ્મચર્ય પાળી શકયો છું અને મ મનની વૃત્તિઓ પણ બ્રહ્મચર્યસિવાય બીજા વિષય તરફ દોરાતી નથી.

આ પ્રમાણે હું અસંત માંદગીની અવસ્થામાંથી ફક્ત લંઘન કરવાથીજ લગભગ નિરો અવસ્થામાં આવી ગયો છું. છેલ્લાં દશ વર્ષો મારી બિમારીમાં ગયાં. તે વખતમાં મારે જીવી શક નું બીલકુલ દુઃખદાયી હતું; પરંતુ લંઘનક્રિયાથી મને નવજીવન પ્રાપ્ત થયું છે.

આ લંઘન કરવાના દિવસોદરમિયાન મને વચમાં એક બે વખત તાવ આવી ગયો હ પરંતુ લંઘન ચાલુ રાખવાથી તે પોતાની મેળેજ ઉતરી ગયો હતો. આ ચાર–પાંચ મહિનામાં લંઘનનો જે અનુભવ લીધો છે તેથી મને માલમ પડે છે કે, માત્ર લંઘનથી મનુષ્યની હર બિમારી દૂર થઈ શકે છે. લંઘન કરવામાં પૈસા ઇત્યાદિ કોઇ પ્રકારનું ખર્ચ થતું નથી; પરંતુ લ કરવાવાળાને લંઘન મૂકી દીધા બાદ જે પથ્ય પાળવાનું હોય છે તે યોગ્યરીતે પાળવું જો કારણ કે લંઘન પછી જો પથ્ય સંભાળવામાં નથી આવતું તો લાભને બદલે ગંભીર હાનિ છે. લંઘન છોડ્યા પછીનું પથ્ય આ પ્રમાણે છેઃ–(૧) પહેલાં કેટલાક દિવસ સુધી માત્ર ફ રસ લેવો; (૨) કેટલાક દિવસ દૂધ અને પાણી મિશ્ર કરીને પીવું; (૩) એકલા દૂધ

નું અને (૪) હલકું ભોજન લેવું. આ સર્વ ઓછામાં ઓછા નિયમો માટે ૮ થી ૧૫ દિવસની અવધિ હોવી
જોઈએ. જો આ સમયમાં કુપથ્ય કરવામાં આવે તો ફાયદાને બદલે નુકસાન થાય છે. આ પ્રમાણે
લંઘન બહુજ લાભદાયી છે; પરંતુ તે પછીનું પથ્ય સંભાળવું જરૂરનું છે.
આશા છે કે પેટના દરદીઓ મારા અનુભવ ઉપરથી લાભ લેશે.

(ઔંધ, કાર્તિક સુદ ૪ સંવત ૧૯૮૩)

લંઘનના વિષયમાં "વૈદિક ધર્મ"ના સંપાદકના વિચારો

પૂર્વોક્ત લંઘનનું વૃત્તાન્ત જેવું બન્યું છે તેવુંજ આપવામાં આવ્યું છે. પંડિત નારાયણ ભટ્ટ-
મકાન સ્વાધ્યાયમંડળથી બે મિનિટના અંતરપર આવેલું છે અને જ્યારથી લંઘનની શરૂ-
કરવામાં આવી ત્યારથી લગભગ દરરોજનું વૃત્તાન્ત અમે ખાસ ધ્યાન રાખીને સાંભળતા હતા.
તો અમારે લંઘનનું પરિણામ જોવું હતું અને બીજું તેમનું સ્વાસ્થ્ય સુધરે તે પણ જરૂરનું
એટલા માટે લગભગ દરરોજ તેમને મળીને આ અનુભવનો વિચાર કરતા હતા.

આ સંબંધમાં અમારા વિચાર એ છે કે, અહીંઆં કુદરતી રીતે અષાડ, શ્રાવણ અને ભાદરવો,
ત્રણ માસમાં ક્ષુધા ઓછી થઈ જાય છે અને હવા શરદીવાળી રહે છે, તેથી લંઘનને માટે આ
મહિનાઓ ઉત્તમ છે. જેવી રીતે આ વર્ષાઋતુમાં દીર્ઘ લંઘન કરવું શક્ય છે, તેવી રીતે શરદી અગર
ગરમીની ઋતુમાં (શિયાળા કે ઉનાળામાં) લંઘન કરવું શક્ય નથી; કારણ કે તે વખતે જઠરાગ્નિ
તીવ્ર હોય છે. આ સાથે પં૦ નારાયણ ભટ્ટજીની પાચનશક્તિ પહેલાંથીજ ઘણી મંદ પડી ગઇ હતી.
સર્વ કારણોને લીધે તેઓ આટલા દીર્ઘકાળસુધી લંઘન કરી શક્યા. અમારા વિચાર પ્રમાણે
હજુ ૮–૧૦ દિવસના વધારે અપવાસ કરી શકત; પરંતુ અહીંઆં તેમને ધૈર્ય દેનાર કોઇ સારો
ઉપવાસચિકિત્સક નહોતો. અમે સર્વે આ વિષયથી અજાણ હતા અને તેથી લંઘનની સમાપ્તિ
થતી વખતે અમને સર્વને ઘણોજ ગભરાટ થયો હતો. તેમને કોઇ ધીરજ દેનાર નહોતું; પરંતુ
તેમના પોતાનામાંજ કોઇ વિલક્ષણ પ્રકારનું ધૈર્ય હતું, કે જેને લીધે તેઓએ દીર્ઘ લંઘનની સમાપ્તિ
ઘણીજ ઉત્તમ રીતે કરી. આને માટે અમે લંઘનકર્તાને અંતઃકરણથી અભિનંદન આપીએ છીએ.

લંઘન કરવામાં શરીરની વાત, પિત્ત અગર કફની પ્રકૃતિનો પણ વિચાર કરવો જોઇએ. પિત્ત
પ્રકૃતિવાળા મનુષ્યો દીર્ઘ લંઘનને માટે અયોગ્ય નિવડ્યા છે. બીજી પ્રકૃતિનાં માણસો કરી શકે છે.

લંઘનવિષયમાં અમારો અનુભવ એવો છે કે, તરસના પ્રમાણમાં છૂટથી પાણી પીવાથી
લંઘનમાં શ્રમ–થાક જણાતો નથી; પરંતુ થોડું પાણી પીવાથી બહુજ દુઃખ ઉત્પન્ન થાય છે. પિત્ત
પ્રકૃતિવાળો મનુષ્ય પણ જો ખૂબ પાણી પીએ તો તે દીર્ઘ લંઘન કરવાને સમર્થ બને છે—અર્થાત્
પાણીના આશ્રયથી પ્રાણ ટકી રહે છે, માટે લંઘનમાં પાણી પીવાથી કોઇ પ્રકારનું નુકસાન થતું નથી.

લંઘન કરનારાઓએ એક વાત અવશ્ય ધ્યાનમાં રાખવી કે, લંઘનમાં કોઇ પણ કારણસર
દવા લેવી નહિ. જો દવા લેવામાં આવે તો તેનું બહુજ ખરાબ પરિણામ આવે છે; એટલા માટે
આ વિષયમાં બહુજ સાવધ રહેવું–અર્થાત્ શુદ્ધ જળ, થોડો લીંબુનો રસ અને સિંધાલુણ કે મીઠું
આ સિવાય બીજો કોઈપણ પદાર્થ પેટમાં નાખવો નહિ.

આજ પ્રમાણે ચિંતા, ફિકર, શ્રમ, તડકા, રાત્રીના જાગરણ, ઇત્યાદિ ક્રિયાઓ કરવી નહિ.
દિવસમાં વાતચીતથી કે બીજી સાત્વિક રીતે આનંદ મેળવવો. પરમેશ્વરની ભક્તિ કરવી તે સર્વથી
ઉત્તમ છે; કેમકે એથી અદ્ભુત લાભ મેળવી શકાય છે. દુનિયાદારીનાં કામકાજ મૂકી દઇને લંઘન-
ક્રિયામાં જો આત્મિક ઉન્નતિને માટે પરિશ્રમ લેવામાં આવે અને બાકીનો સમય આનંદમાં વ્યતીત
કરવામાં આવે તો ઘણોજ લાભ થાય.

"હવે લંઘન મારાથી થઇ શકશે નહિ" એવો ભાવ મનમા ઉત્પન્ન થયા પછી જબર-
જસ્તીથી લંઘન આગળ ચલાવવામાં નુકસાન છે. આવે વખતે આગળ જણાવી ગયા તે પ્રમાણે
ધીમે ધીમે ક્રમશઃ લંઘન તોડવું સારૂં છે. ધ્યાનમાં રાખવું કે, લંઘન કરી રહ્યાબાદ પણ મનનો
સંયમ રાખવાની ઘણીજ જરૂર છે; કારણકે ભૂખ લાગે છે તે વખતે જીભ ઉપર (સ્વાદ ઉપર)
સંયમ રાખવો કઠિન થઇ પડે છે. અમારા કેટલાએ મિત્રો જેઓએ ૧૦–૨૦ દિવસના અપવાસ
ઉત્તમ રીતે કર્યાં હતા તેઓએ પાછળથી એકદમ અનાજ ખાવાનું શરૂ કરી દીધું–અર્થાત્ લંઘન
પછીનું પથ્ય પાળ્યું નહિ અને તેથી એક બે માસમાં પેટની વ્યથા થઇને તેમનાં મૃત્યુ થઇ ગયાં.

આથી સર્વ વાચકોએ લંઘન પછીનું પથ્ય પાળવું ખાસ આવશ્યક છે અને તેમાં જરાપણ ભૂલ ન કરવી એ ખાસ યાદ રાખવું.

કેટલાક લોકોને આશ્ચર્ય થાય છે કે, ૨૦ અગર ૩૦ દિવસના ઉપવાસ કરવાથી એટલે તેટલા દિવસ બીલકુલ ભોજન ન કરવા છતાં મળની ગાંઠો ક્યાંથી નીકળે છે ? આ સંબંધમાં જણાવવાનું કે, પેટની અંદર જે નાનાં આંતરડાં રહેલાં છે તેની લંબાઈ લગભગ ૩૦ ફીટ (ફૂટ લગભગ) [illegible] આ સર્વ મળથી ભરપૂર રહે છે. આ આંતરડાંમાં દરેક જગ્યાએ થોડો કે વધારે મળ ભરાય છે, એ વાતમાં સંદેહ નથી. આ પ્રમાણે પ્રતિદિન આવો લાંબી લંબાઈનું આંતરડું સાફ થતું હોવાથી [illegible] ૩૦–૪૦ દિવસસુધી મળ નીકળે તેમાં કંઈ આશ્ચર્ય નથી.

જો નિત્ય સારી રીતે બસ્તિ લેવામાં આવે તો આશરે એક માસના લંઘનમાં આંતરડાંની શુદ્ધિ [illegible] અને તેથી સંપૂર્ણ નિરોગી અવસ્થા પ્રાપ્ત થાય.

[illegible] ધાર્મિક શાસ્ત્રોમાં કેટલાએક વારો અને તિથિઓમાં ઉપવાસ કરવાનું ફરમાવ્યું છે. [illegible] જૂના વિચારના [illegible] મનુષ્યો છે તે સોમવાર, મંગળવાર કે શનિવારને દિવસે [illegible] કરે છે. [illegible] અને રવિવારને દિવસે પણ કોઈ કોઈ તો ઉપવાસ કરે છે અથવા [illegible] ઋતુમાં એક અથવા બે વખત એકટાણું કરે છે.

[illegible] કે નિરાહારી (નકરડા) અગર ઊપોષણ પ્રસિદ્ધ છે. આ દિવસો [illegible] એવી બીજી તિથિએ એકટાણાં પણ કરવામાં આવે છે [illegible] લોકો ઉપવાસ કરે છે. નવીન વિચારના લોકો જૂના લોકોની [illegible] અને ઉપવાસથી મુક્તિ મળે છે એ બાબતને હસી [illegible] કે, જૂના વિચારના લોકો અઠવાડીઆમાં એક [illegible] નવીન સુધારકને પ્રતિદિન ભોજન કરાવી [illegible] છે, સાપ્તાહિક કે પાક્ષિક ઉપવાસ અગર એક [illegible] એક વિચારશીલ અને ઉપયોગી વાત છે. જો [illegible] વિચાર કરી જોતાં સાપ્તાહિક લંઘનનો સંબંધ [illegible]

[illegible] ઉપવાસથી પારલૌકિક મુક્તિ મળે કે નહિ તે [illegible] "મુક્તિ" મળે છે તે વાત નિર્વિવાદ [illegible]

[illegible]

[illegible]

[illegible]

પાક્ષિક અપવાસની હાંસી કરે છે અને પ્રાયશ્ચિત્તની વાત તો હંમેશાંજ કાઢી નાખે છે. અમોએ ઠેકાણે તે વાતને આરોગ્યની સાથે શું સંબંધ છે તેનો વિચાર કરવાની સૂચના કરી છે. એ ા ઉપર પણ કેટલાએક લોકો દોષ કરશે; પરંતુ પ્રસંગવશાત્ સત્ય હકીકત આપણી સમક્ષ રજુ / થઇ છે તેથી તે જેવી છે તેવી લખવી પણ જોઇએ. આથી અમો તદ્દન નિડર બનીને વાચકો નિવેદન કરીએ છીએ કે, જો તેઓ આરોગ્યની દૃષ્ટિથી અપવાસ અને પ્રાયશ્ચિત્તનો વિચાર કરશે l તે ઘણુંજ લાભદાયક થઈ પડશે.

સળેખમ, ખાંસી, ગળાના સોજાઓ આવી જવા, સામાન્ય તાવ, અપચો, પેટના દરદો, ાથાનાં દરદો, આંતરડાંના રોગો વગેરે કેટલાંએક એવાં દરદો છે કે જે યોગ્ય અપવાસ કરવાથી ોષધિવિનાજ મટી જાય છે; પરંતુ આજકાલના નજીવા રોગોમાં પણ ડૉકટરની પાસે જવાનો ભ્યાસ પડી ગયો છે, તેથી આપણી કુદરતી શક્તિથી આરોગ્ય મેળવી શકાય એવો ખ્યાલ આવી ાકતો નથી. વળી આ ઘાતક પ્રવૃત્તિમાં નવશિક્ષિતોની ઉચ્છૃંખલ વૃત્તિને લીધે આપણા રીતરિવાજોનો ઉપહાસ કરવાની ટેવ પડી ગઈ છે અને તેથી નરસાની સાથે સારું પણ વગોવાય છે. આથી જો ાચકવર્ગ આ બાબત ઉપર શરીરસ્વાસ્થ્યની દૃષ્ટિથી અને અંદરનું રહસ્ય સમજવાની વૃત્તિથી વિચાર ારશે તો જરૂર લાભ થશે.

આ સર્વ કહેવાનું પ્રયોજન એ છે કે, સાપ્તાહિક અગર પાક્ષિક અપવાસની પ્રથા આરોગ્ય સુધારવાની દૃષ્ટિથીજ શરૂ કરવામાં આવી હતી; મતલબ કે તેનો ઉપયોગ આરોગ્યની દૃષ્ટિથીજ કરવો જોઇએ; પરંતુ કેટલાએક જૂના વિચારના અને ધર્માંધ લોકો આ અપવાસની પ્રથાઓનો પણ ઘણો દુરુપયોગ કરે છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં કેટલાએક લોકોને વીર વૈષ્ણવ કહે છે. તેઓ એકાદશીને દિવસે બીલકુલ આહાર કરતા નથી, તેમ પાણી પણ પીતા નથી. તેઓ તે દિવસે કોઇપણ જાતનો બીજો પદાર્થ પણ મોંમાં નાખતા નથી. બીજે દિવસે એટલે બારશને દિવસે સવારમાં સ્નાનાદિથી નિવૃત્ત થઇ પૂજાપાઠ કરી સૂર્યોદય થયા પહેલાંજ પૂર્ણ ભોજન કરે છે. આ ભોજનમાં તેઓ એવા તો ભારે પદાર્થો બનાવે છે કે જે સારા જઠરાગ્નિવાળા માણસો પણ પચાવી શકતા નથી. આ કારણથી તે અપવાસ તે લોકોને આરોગ્યસાધક થતો નથી; કારણકે અપવાસના સમયમાં આંતરડાંની શુદ્ધિને માટે શીતળ જળ, વરસાદનું પાણી, ગંગોદક કે ડિસ્ટિલ કરેલું પાણી પીવું જોઇએ; આથી કોઠાની શુદ્ધિ થાય છે. લંઘનને બીજે દિવસે પણ હલકું, સાત્વિક અને પુષ્ટિકારક ભોજન કરવું જોઇએ, કે જેથી તે સહેલાઇથી પચી શકે. ધર્માંધ લોકો આ નિયમોનું ઉલ્લંઘન કરે છે અને તેથી તેઓનો અપવાસ કરવાનો પરિશ્રમ નકામો જાય છે.

કેટલાક લોકો અપવાસને દિવસે ફળાહાર કરે છે. આ ફળાહારમાં તેઓ એવા ભારે પદાર્થો વાપરે છે કે તે તંદુરસ્ત માણસ પણ પચાવી શકે નહિ. આથી તે લોકો પોતાનાં આંતરડાં અને પેટને બગાડે છે. આ કારણોથી ધાર્મિક પદ્ધતિ પ્રમાણે અપવાસ કરવાના રિવાજો એટલા બધા બગડી ગયા છે કે તેનો વિચાર કરતાં એવા નિશ્ચય ઉપર આવવું પડે છે કે, ધાર્મિક અપવાસ કરવાવાળા અપવાસના મૂળ ઉદ્દેશથી ઘણા દૂર ચાલ્યા ગયા છે. આ કારણોથી સાપ્તાહિક, પાક્ષિક કે માસિક નિયમસર અપવાસ કરવાવાળાઓનાં આરોગ્ય સુધરવાને બદલે બગડતાં ચાલ્યાં છે.

જે લોકો આરોગ્યને માટેજ અપવાસ કરે છે, તે લોકોએ એકટાણું અથવા તો અપવાસ આરોગ્યની દૃષ્ટિથીજ કરવાં, લંઘનના દિવસોમાં ગંગાજળ, વરસાદનું પાણી કે ડિસ્ટિલ કરેલું પાણી જેટલા વધારે પ્રમાણમા પીવાય, તેટલા પ્રમાણમાં આંતરડાંની શુદ્ધિ કરવાનો ગુણ આવે છે. જો આવી જાતનું પાણી મળી ન શકે તો ઉંડા કુવાઓનું પાણી પીવું. તે પણ ન મળે તો સાધારણ પાણી પણ ચાલે.

આ બાબતમા નિયમ એ રાખવો કે, જેટલા દિવસ લંઘન કર્યું હોય તેથી બમણા દિવસ સુધી ફક્ત દૂધપરજ રહેવું–અર્થાત્ (૧) એકટાણામાં એક દિવસ દૂધપર રહેવું. (૨) એક દિવસના અપવાસમા બે દિવસ દૂધપર રહેવું. (૩) ત્રણ દિવસના અપવાસમાં છ દિવસ દૂધપર રહેવું.

લંઘન તોડવાનો વિધિ ઉપર બતાવી ગયા છીએ. આ પ્રમાણે કરવાથી જે માણસો લાંબા અપવાસો કરી નથી શકતા, તે લોકો આવાં નાનાં લંઘન પણ વારંવાર કરે તો આરોગ્ય મેળવી —

[illegible] છે. ખાસ કરીને આવા ઉપવાસો પેટનાં દરદો મટાડે છે. લંઘન પછી દૂધ ઉપર [illegible] કરું છું ને દૂધ પણ થોડુંજ લેવું. જેટલું પચી શકે તેટલું અને મળી શકે તો તાજું [illegible] તે નિયમ છે.

ચાંદ્રાયણ ઇત્યાદિ બીજા પ્રકારો પણ આરોગ્યને માટેજ છે.

[illegible] પાઠકોમાંથી કોઇ કદાચ આ પ્રાયશ્ચિત્તના ગ્રંથો વાંચે અને તેમાં જણાવેલાં ઉપવાસના [illegible] કરી નામી આરોગ્યસાધક બાબતજ સ્વાસ્થ્યવૃદ્ધિને માટે લે તો તે રીતોથી પણ આરોગ્ય [illegible] છે. જે લોકો એક દિવસનો પણ ઉપવાસ કરી શકતા નથી, તે લોકો જો ચાંદ્રાયણ [illegible] ભોજનની ન્યૂનાધિકતા કરે તો તેઓ પણ પોતાનું આરોગ્ય બચાવી શકે. [illegible] ન કરી શકે તેઓ અનાજનાં ઓસામણ કે પાતળા રસાઓ. પીએ અને ભારે [illegible] આરોગ્ય મેળવી શકે. જેઓ આમ પણ ન કરી શકે તેઓ [illegible] આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે. આ સિવાય ફળ, અલ્પ ભોજન કે [illegible] કરીને પણ શરીરને નિરોગી બનાવી શકાય છે.

[illegible] ઉપવાસ અને પ્રાયશ્ચિત્તનાં વ્રતો ફક્ત આરોગ્ય સાચવવાને માટે [illegible] સમજ્યા વગર થાય છે. તેમાં હેતુ તે વ્રતોનો નથી પણ [illegible] માટે વાચકોને મારું નિવેદન છે કે, વ્રતનો વિચાર તેઓએ [illegible] પોતાના આરોગ્યને માટે સાધક હોય તેનેજ ગ્રહણ કરે [illegible]

અનુવાદક-વૈદ્ય મણિશંકર મૂળશંકર ત્રિવેદી-અમદાવાદ

[illegible] પણ ગણાય તો હું કબૂલ કરું છું, પરંતુ તેથી ડરવાનું નથી.

'સ્વર્ગનો પ્રકાશ'

[illegible] લેવા જવાની જરૂર નથી.' [illegible]

[illegible] વિચારવાળી બની જાય છે, પરંતુ તેમની [illegible] કરીને પણ તેમને સીધા માર્ગપર [illegible]

'બાબુ રવીંદ્રનાથ ટાગોર'

[illegible] કરી અને તેમની અધિક સેવા કરવી.

'ઓ૦ ટોલ્સ્ટોય'

[illegible] કે નિરૂપયોગી કાર્યમાં [illegible] છે. [illegible]

'ઓ૦ ટોલ્સ્ટોય'

[illegible]

અમેરિકાની એક જાણવા જેવી સંસ્થા

'ખરાબ' કહેવાતા બાળકો માટેનું આદર્શ આશ્રમ

(અનુવાદક:-શ્રી દિલખુશ બ. દિવાનજી-હિંદુસ્થાનના ૧૯૮૨ના દીપોત્સવી અંકમાંથી ઉદ્ધૃત)

"નિરૂપયોગી થઈ પડેલા આ દિવસોના શુષ્ક અરણ્યમાં ભટકતો હું તમારી સંસ્થા જોવા આવી ચઢ્યો અને ત્યાં તો એ શુષ્ક અરણ્યમાં ઝળકી ઉઠેલું જીવનનું ચૈતન્ય ઝરણું મેં નિહાળ્યું. મોટી કહેવાતી બીજી વસ્તુઓ ભૂલાઇ જશે, પરંતુ તમારી નાનકડી શાળાનાં સ્મરણો તો મારા જીવનમાં વણાઇ ગયેલાંજ રહેશે; કારણ કે તમારી શાળામાં મને સત્યનું દર્શન થયું છે-અને ત્યાંથી આવ્યા પછી મારા જીવનમાં કંઇક અલૌકિક વસ્તુ હું અનુભવી રહ્યો છું."

મિ૦ ફ્લૉઇડ સ્ટાર માને છે કે:-

"ખરાબ બાળક જેવી વસ્તુજ દુનિયામાં નથી. જેને આપણે 'ખરાબ' કહીએ છીએ તે તો અવળે માર્ગે વળેલા બાળકની વૃત્તિમાત્ર છે. સુજનતા અને પ્રેમના અનુકૂળ વાતાવરણમાં રહેનાર સર્વ બાળકો હમેશાં સારાજ નિવડે છે."

અને એ ફ્લૉઇડ સ્ટાર કોણ છે?

સમાજે બાળકોને વંઠી ગયેલાતરીકે ફેંકી દીધા હોય તેવા "ખરાબ" બાળકોમાંથી સરસ પુરુષો બનાવવા સારૂ ફ્લૉઇડ સ્ટારે ૧૨ વર્ષ અગાઉ પોતાનું આશ્રમ ખોલ્યું હતું અને આજે તે આશ્રમ જગતમાં 'સ્ટાર કૉમનવેલ્થ' તરીકે મશહુર છે. "ખરાબ" બાળક હોય છે એવું ફ્લૉઇડ માનતાજ નથી અને એવા એમના વિચારોપર એમણે સ્ટાર કૉમનવેલ્થની ભવ્ય સંસ્થા રચી છે. સમાજના અસહ્ય ત્રાસથી બાળકમાં સર્વ સદ્‌વૃત્તિઓ સર્વાંશે કચરાઇ ગઇ ન હોય તો એ "ખ-રાબ" કહેવાતા બાળકોમાંથી સરસ, ચારિત્રવાન બુદ્ધિશાળી પુરુષો પ્રગટ થઇ શકે છે. એ સત્યની પ્રતીતિ ફ્લૉઇડ દરવર્ષે આશ્રમમાંથી નીકળતા બાળકોદ્વારા આપી રહ્યા છે.

અને એ બાળકોનાં શરીર અત્યંત નિરોગી હોય છે. ક્વચિતજ તેઓ માંદગીથી પીડાય છે. સ્ટાર કૉમનવેલ્થ શરૂ થયાને આજે બાર વર્ષ વહી ગયાં અને કેટલાયે બાળકો તેમાં રહી ગયા અને રહે છે; છતાં એકપણ મરણ ત્યાં થયું નથી. સ્ટારનો અનુભવ એવો છે કે, તંદુ-રસ્ત શરીરમાંજ તેજસ્વી મન તથા પવિત્ર આત્મા નિરંતર વસેલા હોય છે.

શરૂઆતનાં થોડાં વર્ષોસુધી એ ખીલતી સંસ્થામાં છથી બાર બાળકો રહી શકતા. અત્યારે બાળકોની સંખ્યા ૬૦ની છે. છેલ્લાં બાર વર્ષોમાં સમાજના "વંઠી ગયેલા" કહેવાતા ૩૦૦ બાળ-કોને ફ્લૉઇડ સ્ટારે પોતાની સંસ્થામાં આશ્રય આપ્યો છે અને જ્યારે એ બાળકો સંસાર છોડી બહાર જીવનક્ષેત્રમાં પડે છે, ત્યારે સર્વ કોઈ સ્ટાર કૉમનવેલ્થની યશપતાકામાં તેજસ્વી રંગ પૂરી તેના સત્કાર્યના સ્મરણસ્થંભો થઇ પડે છે. હજીસુધી સ્ટાર કૉમનવેલ્થનો બાળક નિષ્ફળ નથી નિવડ્યો અને એમાંજ સ્ટારની તેજસ્વી ભાવનાઓનો વિજય પ્રકાશે છે.

સ્ટાર હજી યુવાનજ લાગે છે અને એનામાં એ યુવાવસ્થાનો ઉછળતો ઉત્સાહ એટલો પ્રબળ છે, કે એ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરશે કે કેમ એજ શંકા છે. સ્ટારની કારકીર્દિમાં કાર્યપરાયણતા પ્રથમથીજ ઝબકી ઉઠે છે.

જ્યારે તે બાળક હતા ત્યારે તેમની પડોશમાં પતિપત્ની વાતો કરતાં હતાં કે:-"આ બિચારાં બાળકોને કોઇ બોલાવતું નથી અને સર્વ કોઇ એને વંઠી ગયેલા ગણી ફેંકી દે છે. આપણે એને રાખીશું અને એમનું જીવન સુધારવા પ્રયાસો કરીશું." પાછળથી ફ્લૉઇડ જોઇ શક્યા કે એ પડોશી દંપતિએ ખરેખર પેલા નિરાધાર બાળકો રાખ્યા અને સમાજે જેમને કંટાળી વંઠી ગયેલા તરીકે ફેંકી દીધા હતા તેજ બાળકોને તેમણે ચારિત્ર્યવાન પુરુષો બનાવ્યા અને તેમ કરવામાં એમણે એકજ વસ્તુપર ખાસ ધ્યાન આપ્યું. તેમનું વાતાવરણ એટલું શુદ્ધ બનાવી દીધું કે તેમનામાં છુપાયેલી સદ્‌વૃત્તિઓ ખીલવા લાગી. બાળક ફ્લૉઇડપર આ અખતરાઓની ઉંડી અસર થઇ—એના અંતરમાં પ્રેરણા જાગી—કે 'બસ, આવા શિક્ષણકાર્યમાં જીવન સમર્પણ કરવામાં કેટલો

અમે આનંદ પામીએ અને તેજ [illegible] આ [illegible] સ્વપ્નાંઓનાં [illegible] એજ [illegible] લાભ લીધું. [illegible] સ્ટારની પદવી મેળવી. તેમણે પ્રસિદ્ધ [illegible] આ [illegible] કામ કર્યું. તે [illegible] દરમિયાન [illegible] શારીરિક [illegible] વિશેષ [illegible] હદ [illegible] તેમનું આજ સુધી સાચવી રાખ્યા છે અને તેમના શિક્ષણકાર્યમાં તે હદ [illegible] યોગ્ય સ્થાન મળ્યું છે.

બાદશાહમાં ગયેલી ફ્રેન્ક મિકજના પર ફ્લૉઈડે એમના જીવનનાં સ્વપ્નાંઓનો કાર્યપ્રદેશ રચવા માંડ્યો. એમણે આલ્બીઓન પાસે ૪૦ એકરનું ખેતર ખરીદ્યું અને તે પર એક નાનકડું મકાન બંધાવ્યું. એ મકાનને એમણે આનંદ કુંજ([illegible])નું નામ આપ્યું;કારણ કે તેઓ માને છે કે, દિવસે તેમના જીવનમાં સર્વોત્તમ આનંદની શરૂઆત કરી દીધી હતી. હજી મકાન તો પૂરું બંધાયું હતું એટલામાં ફ્લૉઈડે શાળા ખોલી અને ત્રણ બાળકોને દાખલ કરી દીધા. મકાન બંધાતું હતું દરમિયાન બાળકો પાડોશના તબેલામાં સૂતા. વખત જતાં એમણે તે ખેતર અને મકાન એક મંડળી સોંપી દીધાં અને પોતે તો પેલા બાળક જેટલા ગરીબ થઈ રહેવા લાગ્યા! અને જે પુરુષ આ બલિદાનપર પોતાનું જીવનકાર્ય શરૂ કરે છે તેની સફળતાવિષે કોઈકનેજ શંકા આવે.

મીશીગાનની અદાલતોના ન્યાયાધીશો સમજી ગયા કે, સ્ટારની શાળા સુંદર કાર્ય કરી રહી છે. આથી તેમની પાસે આવતા નઠારા ગણેલા બાળકોને તેમણે સ્ટાર પાસે મોકલવા માંડ્યા. સ્ટારની શાળામાં વિદ્યાર્થીઓ ઉભરાવા લાગ્યા, એટલે સ્થળસંકોચની મુંઝવણ વધતી ગઇ. ફ્લૉઈડે બીજું મકાન બાંધવાનું કામ શરૂ કર્યું. વખત જતાં નાણાં મળી રહેશે એ આશામાં એમણે તે મકાન પાછળ ખર્ચ કરવા માંડ્યો; પરંતુ આખરે તો એ ખર્ચ કરતાં હજાર ડૉલરનું દેવું થઇ ગયું; સ્ટાર પાસે તો કંઈ રકમ રહી ન હતી. એક દિવસે તો એમના ગજવામાં ફક્ત ૩.૪૬ ડૉલર રહ્યા. નિરાશ થઈ સ્ટાર વિચાર કરવા લાગ્યા અને એવા પંદર પુરુષોની યાદી બનાવી, જે એમને સો સો ડૉલર આપી શકે. એમણે વિચાર કર્યો કે જો આ પંદરમાંથી પાંચ પુરુષો ન આપે તોયે હજાર ડૉલર મળી જશે; પરંતુ કદાચ પાંચથી વધુ ના પાડે તો? અને બધા ન આપે તો?

એ ડૉલર ઉઘરાવવા સ્ટાર તૈયાર થયા એટલામાં ટપાલી આવ્યો અને ટપાલમાંથી હજાર ડૉલરનો ચૅક નીકળ્યો! ચૅક મોકલનાર બહેન લીલી જી. ન્યુટન હતાં. કાગળમાં લખ્યું હતું કે સ્ટારના કાર્યથી તેમને ખૂબ સંતોષ થયો હતો અને જો સ્ટાર સંસ્થા ફીલાડેલ્ફીઆમાં ખસેડવામાં આવે તો પોતાનાં સર્વ નાણાં એમાં રોકવા એ બહેન તૈયાર હતાં.

સ્ટારે જવાબ લખ્યો કે, સંસ્થાને ફીલાડેલ્ફીઆમાં લઈ જઇ શકાય એમ છે નહિ; જો એ શરત સિવાય નાણાંની મદદ એ બહેન તરફથી મળશે તો સંસ્થાના બીજા મકાનને તેમનું નામ આપવામાં આવશે. જ્યારે ટપાલી જવાબ લાવ્યો, ત્યારે લીલી ન્યુટન મરણપથારીપર હતાં અને કાગળ વાંચી તરતજ તેમણે બે હજાર ડૉલરનો ચૅક મોકલી આપ્યો. લીલી ન્યુટનનું છેલ્લુંજ કાર્ય હતું. આવી રીતે "ન્યુટન હૉલ" માં એ બહેનના ડૉલર ખર્ચાયા હતા, જેમણે સ્ટાર અથવા એમની સંસ્થાનાં કદી પણ દર્શન કર્યાં ન હતાં.

દિવસો પસાર થયા અને સ્ટાર સંસ્થાના ફાળામાં ઉમેરો થતો ગયો; પરંતુ એનો ખર્ચ ફાળાથી કંઇક વધારેજ રહેતો; એટલામાં કોઇ બીજી ભલી બહેને એક નવું ઘર બાંધવા નાણાં આપ્યાં. મીશીગાનના કેટલાક પ્રદેશોએ કાયદા પસાર કરી સ્ટાર સંસ્થાના નિભાવમાટે નાણાં જૂદાં કાઢ્યાં. "ગ્રાંડ રેપીડસ" સંસ્થાનાં બહેન એમીલી જ્વેલ ક્લાર્કે શાળાના મકાન માટે ૩૦,૦૦૦ ડૉલર આપી દીધા. વળી જૂદે જૂદે ઠેકાણેથી ફર્નીચર, વાજીંત્રો, ચિત્રો વગેરે ઉપયોગી વસ્તુઓ આવવા માંડી અને સ્ટાર સંસ્થા ખીલતી ગઇ. અત્યારે જમીન, મકાન ઇત્યાદિ મિલ્કતની કિંમત ૧૫૦,૦૦૦ ડૉલર છે.

ફ્લૉઈડ સ્ટારે પ્રથમથીજ એટલું તો સ્પષ્ટ કરી દીધું છે કે એમની સંસ્થા કંઇ દવાખાનું નથી કે જેમાં ગમે તેટલા ખરાબ થઇ ગયેલા બાળકો દાખલ થઇ શકે. દાખલ થતી વખતે બાળકને બેનેટ યોજેલી માનસિક પરીક્ષામાંથી પસાર થવું પડે છે. વર્ષસુધી તો કોઈ પણ પ્રકારની ડખલગીરીવિના વડીલ અથવા ન્યાયાધીશને બાળકની સર્વ જવાબદારી સ્ટારને સોંપી

છે. સ્ટાર એટલી પણ કાળજી રાખે છે કે, અદાલતની શિક્ષાનજે બાળકો આવી જાય તે ત્યાં એમને સંસ્થામાં લઇ લેવા જોઇએ. આથી પેલી અદાલતની શિક્ષાની નૈતિક અસરમાંથી બાળકો મુક્ત રહે છે.

શરીર, મન અને આત્માનો એકસાથે વિકાસ થવો જોઇએ, એ સત્યનું પૂર્ણ ભાન સ્ટારને જેટલું થયું છે તેટલું ભાગ્યેજ બીજાને થયું હોય. સ્ટાર માને છે કે, તેજસ્વી બુદ્ધિ અને પવિત્ર આત્મા રોગી શરીરમાં રહી શકે નહિ અને તેથીજ બાળકના વિકાસમાં નિરોગી શરીરને પ્રથમ સ્થાન મળે છે. સ્ટારનાં મકાનો હવાઉજાસથી ઉભરાઇ ગયેલાં હોય છે અને બારીઓનું કદ પણ બારી જેટલું હોય છે. સ્વચ્છ પથારીમાં બાળકો ઉંઘે છે અને તેમને ખુબ સારી નિદ્રા મળે છે. રાતી વખતે બાળકો તકીઆ વાપરતા નથી. નાનાં બાળકો રાતના ૮ વાગે સુઇ જાય છે અને કોઇ પણ બાળક ૯ા થી મોડો સુતો નથી. સવારના ૬ વાગતાં ઉઠવાનો ઘંટ વાગે અને પથારીઓ મેદાનમાં મૂકી દેવામાં આવે છે. પછી બાળકો ઠંડા પાણીમાં નહાવા દોડી જાય છે. ૬-૩૦ વાગે નાસ્તો થાય છે અને પછી દરેક બાળક પોતાની પથારીને પાછી યોગ્ય સ્થળે મૂકી દે છે. બાળકોને દરરોજ વારાફરતી કંઇ ને કંઇ કામ કરવાનું હોય છે. કોઇક પવાલાં સાફ કરે છે તો કોઇક વાસુથી ઓરડાઓ સાફ કરે છે. તે સિવાયના બાળકો રમવા દોડી જાય છે. ૮ વાગે એટલે પછી અભ્યાસનો સમય શરૂ થાય છે. પછી બાગમાં કંઇક કામ નીકળે અને પાછો અભ્યાસ શરૂ થાય. પછી સાંજ પડતાં રમતો શરૂ થાય. ૪૦ એકર જમીન એમના ઉપયોગમાં લીધી છે અને લગભગ બધા વિદ્યાર્થીઓ તેમના ખોરાકની વસ્તુઓ ખેડી લે છે. વર્ષ દરમિયાન વિધવિધ જાતનાં ફળ અને વીસેક જાતનાં શાક ઉત્પન્ન કરવામાં આવે છે. વાસી વનસ્પતિને રસોઇઆઓ શિયાળા સારૂ સાચવી રાખે છે.

સ્ટાર અથવા બાળકો કોઇને માંસ ખાવાની ટેવ નથી એટલે ખાટકીને કંઇ આ સંસ્થામાંથી લાભ નથી મળતો. ૧૨ વર્ષ અગાઉ સંસ્થાની સ્થાપના થઇ તે સમયે ખોરાકમાં માંસને સ્થાન ન હતું; પરંતુ બહારથી ખૂબ ટીકા થવા લાગી કે સ્ટાર બાળકોને ભૂખ્યા રાખે છે એટલે ત્યાંના ખોરાકમાં માંસને કોઇક વખત સ્થાન મળવા લાગ્યું. થોડા સમયસુધી આમ ચાલ્યું. પછી તેઓ અંતરના અવાજને માન આપવાનો નિશ્ચય કરી માંસનો સદંતર બહિષ્કાર થયો; જો કે સ્ટાર કેવળ વનસ્પતિ-આહારમાં માનતા નથી. માંસ હંમેશાં હાનિકારક છે એમ એ માનતા નથી, છતાં એટલું તો એ કબૂલ કરે છે કે, માંસ ન લેવાય તો વિશેષ સારૂં; પરંતુ માંસાહારની નૈતિક અસર એટલી ખરાબ છે કે બાળકોમાટે તો એ ત્યાજ્યજ ગણવામાં આવે છે. "બાળ-દૃષ્ટિમાં વિકારોનું સ્થાન જેવું તેવું નથી અને માંસાહાર એ વિકારોને જરૂર ઉત્તેજિત કરે છે. વનસ્પતિઆહાર તથા માંસાહારના પ્રયોગો મેં છૂટથી કરી જોયા છે અને છેવટે એજ નિર્ણયપર હું આવ્યો છું કે, વિકારોના દોષમાંથી બાળકોને બચાવવા વનસ્પતિ આહારનું ઔષધ રામબાણ ઔષધ છે. આથી જ્યાં-સુધી મારા હાથમાં એ સંસ્થા છે ત્યાંસુધી માંસાહારને લેશ પણ સ્થાન બાળકોના ખોરાકમાં નહિજ મળે. જો પાછો હું માંસાહાર દાખલ કરૂં તો એ વિકારદોષના દરયો પાછાં શરૂ થઇ જાય.

અમારી સંસ્થામાં આવનારા લગભગ બધાજ બાળકોને પ્રથમથીજ માંસાહારની ટેવ હોય છે. મલિન વાતાવરણમાંથી આવેલા એ બાળકો દુઃખી હોય છે; પરંતુ વનસ્પતિ આહારની એમને ટેવ પડતી જાય છે તેમ તેમ તેઓમાં ઇષ્ટ પરિવર્તન થઇ રહે છે. આ કદાચ અકસ્માત્ પણ હોય. વનસ્પતિ આહારથી ટેવાયેલા બે બાળકો અમારે ત્યાં આવ્યા તે વખતે પ્રવેશપરીક્ષામાં તેમની બુદ્ધિ અત્યંત તેજસ્વી માલમ પડી.

અમારી શાળામાં અમે વિદ્યાર્થીઓનું સ્વરાજ્ય ચલાવીએ છીએ. આથી જ્યારે મેં માંસાહારનો સદંતર બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો, ત્યારે મેં વિદ્યાર્થીઓ આગળ એ ઠરાવ મૂકયો. માંસાહાર-વિષેના મારા અનુભવો મેં એમને કહી સંભળાવ્યા અને તરતજ એમણે સર્વાનુમતે મારા ઠરાવને સંમતિ આપી. તેઓ માંસાહાર જવલ્લેજ કરતા એટલે એમને તેનો ત્યાગ બહુ આકરો ન લાગ્યો. રસોઇઆઓ પણ શાક અને ખાવાની વાનગી એટલી સ્વાદિષ્ટ બનાવતા કે વિદ્યાર્થીઓના સ્વાદને સંપૂર્ણ સંતોષ મળતો. તેમને માંસાહારની ખોટ જણાતી નહિ. બાળકો એ સ્વાદિષ્ટ ભોજનમાં ખૂબ રસ લેતા. હું હિંમતપૂર્વક કહી શકું છું કે, મારી પાસે છે એવા બળવાન, નિરોગી અને

સ્વચ્છ બાળકો કેળવી શકાશે.

જો કે અમારા શિક્ષકબંધુઓને તેમના ઘરમાં માંસાહારની છૂટ છે છતાં બાળકોના વનસ્પતિ આહારમાં હું જોડાયો છું એટલે તેઓને માંસ ખાવાનું મન થતું નથી. અમારા આશ્રમના રસોડામાંથી અમે સર્વ તામસી પદાર્થનો બહિષ્કાર કર્યો છે. પ્રથમ ચાહ તથા કૉફીને તિલાંજલિ આપી અને પછી ધીમે ધીમે મરી, રાઇ વગેરે મસાલાઓનો ત્યાગ થયો. બીજાઓ વાપરે છે તેનાથી ત્રીજું પણ અમે ઓછું વાપરીએ છીએ.

ફળ, શાકભાજી, દૂધ અને ઘઉંની રોટલી એજ અમારો મુખ્ય ખોરાક છે. શિયાળામાં ઉનાળામાં સાચવી રાખેલાં ફળ તથા શાકભાજી અમને ખૂબ ખપ લાગે છે અને ખિસમીસ, ખજૂર અંજીર વગેરે સૂકો મેવો ખાવાથી અમારામાં તાકાત ઠીક આવી રહે છે. કેળાના લુમખાના લુમખા લાવવામાં આવે છે અને જ્યારે બરાબર પાકે છે ત્યારે તેનો ઉપયોગ થાય છે. ખોરાકમાં મધ પ્રિય થઇ પડયું છે. પીણામાં દૂધસિવાય અમે છાશ અને પુષ્ટિકારક કોકો જેવી નિરોગી વસ્તુઓ વાપરીએ છીએ. ”

સામાન્ય તંદુરસ્ત બાળકમાટે નિયમિત કસરતની જરૂર રહેતી નથી; પરંતુ તેમના શરીરનો વિકાસ વ્યવસ્થિત રીતે થાય અને તેમાં અંદરના અવયવોને પણ યોગ્ય કસરત મળી રહે તે દૃષ્ટિથી સ્ટારે કુશળ વ્યાયામશિક્ષક પાસે કસરતનું નિયમિત શિક્ષણ રાખ્યું છે. શિયાળામાટે વ્યાયામશાળા તો છેજ. બહારની સર્વ રમતો સારૂ પૂર્ણ વ્યવસ્થા છે અને વિદ્યાર્થીઓમાં કસરત તથા રમતોને લગતાં વિધવિધ મંડળો છે.

પાસેની ટેકરીઓપર બાળકોને ચઢવાની ગમ્મત પડે છે અને ખેતર પાસે આવેલું રમણીય સરોવર તરવા સારૂ તેમજ બરફપરથી સરવા સારૂ ઉપયોગી થઇ પડે છે. માર્ચ મહિનામાં હજી બરફ પૂરી રીતે ઓગળ્યા ન હોય ત્યાં તો કસરતશાળામાંથી થાકેલા બાળકો તળાવ તરફ દોડી આવે છે. જ્યારે બરફ પૂરતા પ્રમાણમાં પડે છે, ત્યારે બાળકો સ્ટાર પાસે બરફસ્નાનની માગણી કરે છે. સંમતિ મળતાંજ બાળકો બરફમાં આળોટે છે અને પછી અંદર જઇ ઉના પાણીથી નાહી લે છે. પછી તેઓ સૂવાની તૈયારી કરે છે. આવા બરફસ્નાનથી કોઇને હજી શરદી નથી લાગી.

શરીરવિકાસને આટલું સ્થાન અહીંજ મળે છે, એટલે આ બાળકોની તંદુરસ્તીવિષે સાંભળી સર્વ અજાયબ થાય છે. કોઇ બાળકને સહેજ પણ તાવ આવ્યો હોય એવું ભાગ્યેજ બન્યું હશે. કોઈ બાળકને શીતળા કઢાવવા નથી પડ્યા. ઓરી, અછબડા કે શરદીના રોગમાંથી સ્ટાર કૉમનવેલ્થ મુક્ત રહી છે. અત્યારસુધી ત્યાં કોઈનું મરણ થયું નથી અને બાર વર્ષો વહી ગયાં છતાં ત્રણ વખત ડૉકટરને બોલાવવો પડયો છે. એક વખત કોઇક બાળકને હૃદયનો દુખાવો હતો. બીજી વખત ઘેરથીજ માંદા આવેલા બાળકને ડૉકટરની જરૂર પડી હતી અને છેલ્લી વખત કંઇક ઇન્ફ્લુએન્ઝાથી પીડાતા બાળકો સારૂ ડૉકટર આવ્યા હતા.

યોગ્ય ખોરાક મળતો હોય, ખૂબ ઉંઘ મળતી હોય, હવાઉજાસની સંપૂર્ણ સગવડ હોય અને શરીરની તંદુરસ્તીને અનુકૂળ પરહેજી પળાતી હોય ત્યાં આવાં આશ્ચર્યજનક પરિણામ આવેજ!

સ્ટાર કૉમનવેલ્થમાં બીજી વસ્તુ પણ તરી આવે છે. જ્યાં નિરોગી શરીર અને તેજસ્વી બુદ્ધિ હોય છે, ત્યાં પ્રેમ અને પ્રેમપૂર્વક થયેલી દલીલો ખરાબ બાળકોમાં અજબ પરિવર્તન પ્રકટાવે છે. વાતાવરણ અનુકૂળ હોય અને વિશ્વાસ ને પ્રેમથી બાળકો સાથે વર્તન રાખવામાં આવે તો ઘણા બાળકોમાં સત્ય, પ્રેમ, વિવેક અને સંસ્કારિતા એની મેળે કેળવાઈ રહે છે.

સ્ટાર એમ માને છે કે, સૈકાંઓ થયાં બાળકની માનસિક સૃષ્ટિની કોઇએ શોધખોળ કરી નથી અને તેથીજ બાળકવિષે ભારે ગેરસમજ ઉભી થાય છે.

“ બાળક તેના જીવનના વિકટ સમયમાંથી પસાર થાય છે, એટલે તેની તો પૂર્ણ કાળજી લેવામાં આવે છે; પરંતુ માબાપ શામાટે સમજતા નહિ હોય કે બાળકો પણ એવીજ દશામાં પસાર થાય છે. તેમને ક્યાં ખબર છે કે, યુવાવસ્થામાં કેટલાક બાળકોમાં એક પ્રકારનું ક્ષણિક ગાંડપણ જાગે છે. ”

દૃષ્ટાંતથી સમજાવતાં સ્ટાર જણાવે છે કે, બાળક તેના શૈશવમાં સુશીલ અને વિવેકી હોય છે; પરંતુ યુવાવસ્થામાં પ્રવેશ કરતી વેળાએ તે ઉદ્ધત અને ખરાબ બની રહે છે; પરંતુ જ્યા

ામાંથી તે પસાર થાય છે ત્યારે તે પાછો વિવેકી, સુશીલ, સત્યવાદી અને ચારિત્ર્યવાન બની રહે છે.
ટાર જણાવે છેઃ–"પરંતુ વિચિત્ર વાત તો એ છે કે, બાળકની સદ્‌વૃત્તિઓ મનુષ્યની સદ્‌વૃ-
ી તદ્દન જૂદી હોય છે. જો યુવાવસ્થાના મંથનકાળમાં તે બાળકને અનુકૂળ વાતાવરણમાં ન
ીધો હોત અને તેની દુષ્ટ મલિન વૃત્તિઓપ્રતિ સદ્‌વર્તન રાખવામાં આવ્યું ન હોત તો
ાનમાં અત્યારે તે બાળક વંઠી ગયેલામાંજ ખપી જાત."
સ્ટારની મોટામાં મોટી ફરિયાદ એ છે કે, પિતાઓ બાળકના શિક્ષણની સર્વ જવાબદારી
ઓપર નાખે છે.
" પિતાઓ તેમનાજ બાળકોને ઓળખતા નથી. ઘણી વખત બાળક અને પિતા એકલા
મળતાં મુંઝાય છે; કારણ કે તેઓ એકબીજાથી અજાણ્યા છે.
ઘણા પિતાઓ તેમનાજ બાળકને મારી પાસે લાવે છે; પરંતુ તે બાળકનો અભ્યાસ કેટલો થયો
ની તેમને ખબર હોતી નથી. ખરી રીતે કેવળ માતાઓપરજ બાળકોની સર્વ જવાબદારી ન
ી જોઇએ.
ગમે તે રીતે ગમે ત્યાંથી જીવનના વિકટ પ્રશ્નોનું જ્ઞાન બાળક મેળવી લે એના કરતાં પિતાઓજ
ે એ અગત્યના પ્રશ્નોનું શિક્ષણ પ્રથમથીજ આપે એજ ઇષ્ટ છે. બાળકો સાથે મિત્ર થઇ રહેતાં
ને આવડવું જોઇએ. તેમની સાથે માછલી પકડવામાં, દરીઆમાં તરવામાં અને ક્રિકેટ રમવામાં
એ ખૂબ ઉત્સાહ દર્શાવવો જોઇએ; અને એવી રીતે બાળકના આંતર જીવનનો નિકટ પરિચય
ી લેવો જોઇએ. જો પિતા બાળકના અંતરને ઓળખી લઇ તેનો ઉત્સાહ મેળવી લેશે, તો
ના આયુષ્યને લંબાવી પોતે તો સુખી થશેજ; પરંતુ બાળકનું ભવિષ્ય પણ તેવું સુધરી જશે."
જ્યારે જરૂર પડે છે ત્યારે સ્ટાર બેદરકાર માબાપોની સખત ઝાટકણી કાઢે છે. એક વખત
માતા તેના વંઠી ગયેલા બાળકને સ્ટાર પાસે લઇ આવી. વાતો કરતાં સ્ટારને ખબર પડી કે,
ાક ૧૨ વર્ષ ઉપરની ઉંમરનો હતો છતાં માતાએ તેની અર્ધી ટીકીટ લીધી હતી. સ્ટાર
ાદમ બોલી ઉઠયાઃ–

"તમે પણ બાળકપર સંસ્કાર ઠીક પાડતાં લાગો છો. એકાદ બે ડૉલરમાટે તમે બાળકના
તાં જૂઠું બોલતાં બીલકુલ અચકાતાં નથી !"

આ પ્રસંગનું પુનઃ સ્મરણ થતાં સ્ટાર જણાવે છેઃ–"ખરેખર દેશની ઉન્નતિ સારૂ તો હવે
બાપને સારૂ આશ્રમ ખોલવું પડશે ! હું આ કંઇ મશ્કરીમાં નથી કહેતો. મને એટલેસુધી
વાને મન થાય છે કે, બાળકની માનસિક દશાનું જેને ભાન નથી, તેમને લગ્ન કરવાની પણ
ટ ન મળવી જોઇએ.

પ્રથમ તો પરણ્યાં પહેલાંજ સ્ત્રીપુરુષોએ એક પ્રકારની પરીક્ષા પસાર કરવી જોઇએ. શિ-
કોને તેમના ધંધા સારૂ તૈયાર કરવા આપણે અધ્યાપન મંદિરો ખોલીએ છીએ, આપણા પશુપ-
ીની કેળવણીમાટે પણ આપણે એટલાજ ઉત્સુક હોઇએ છીએ; પરંતુ જ્યારે માબાપની વાત
ાવે છે, ત્યારે ગમે તેવાં મૂર્ખ માબાપને પણ આપણે ચલાવી લઇએ છીએ.

એક દિવસ એવો પણ આવશે કે જ્યારે લગ્નના પરવાના પ્રમાણે માબાપ થવાના પરવાના પણ
ખવા પડશે; અને જ્યારે પરવાના આપવાની કચેરી ખોલવામાં આવશે, ત્યારે પ્રવેશદ્વારપર મોટા
અક્ષરે લખવામાં આવશે –

'મુર્ખ અને નાલાયક સ્ત્રીપુરુષોએ પરવાના સારૂ અરજી કરવાની તસ્દી પણ ન લેવી.'"

સ્ટાર હોમનવેલ્થની મુલાકાત લેનારપર બાળકોના વિવેકી પુરુષાર્થની ઉંડી છાપ પડ્યા-
વિના નહિ રહે. આશ્રમમાં સ્વચ્છંદી વર્તન તો નહિજ દર્શાવે; એમ છતાં તેમની ઉછળતી સ્વાભાવિક
વૃત્તિઓ કંઇ શિક્ષકો કચરી નથી નાખતા. ફર્નીચર બરાબર ગોઠવાયું હશે, દિવાલ તથા જમીન
પણ સ્વચ્છ હશે અને મકાનની સુઘડતા પણ આકર્ષક લાગશે. આ પરથી એટલું તો સ્પષ્ટ થઇ
જશે કે, જો બાળકોની આસપાસ યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવે તો તેઓ કંઇ ધાંધ-
લીઆ અને તોફાની નથી નિવડતા.

રસોડામાં ડોકીઉં કરીશું તો જણાશે કે, ત્યાં પચાસ સાઠ બાળકો ગમ્મત કરતા ખાણાના
ટેબલ આગળ ગોઠવાઇ ગયા છે. રસોડામાં સૂર્યનો પ્રકાશ ખૂબ આવે છે, ટેબલપર સુંદર ફૂલનાં કુંડાં

ગોઠવાયાં છે અને સ્વચ્છ ચાદર ટેબલપર પાથરેલી છે. એવા ટેબલપર પછી ખાણું પણ એટલી જ કાળજીથી અને સ્વચ્છતાથી પીરસાય છે. દરેક ટેબલ સાથે એક અનુભવી યુવાન બેસે છે અને બાળકોને તેમના વર્તનમાં જરૂર પડતી સૂચના કરે છે. બાળકોમાં હલકું વર્તન જણાતું નથી, છતાં તેમની સ્વાભાવિક વૃત્તિઓ કચડાઇ નથી જતી.

સાંજના મોટા ખંડમાં બાળકો એકઠા થાય છે અને કોઈક પુસ્તકો વાંચે છે, કોઈક સંગીત ચલાવે છે અને કોઈક રમતોમાં ગુંથાય છે. નિયમન અને વ્યવસ્થા જાળવવા સારૂ પણ બાળકોને જવાબદારી સોંપવામાં આવી છે. બાળકોનું એક મંડળ સ્થાપવામાં આવ્યું છે અને તેમાં સામાન્ય ગુન્હાઓની તપાસ વિદ્યાર્થીઓ પોતેજ કરે છે અને તેનો નિકાલ પણ એ મંડળજ કરી નાંખે છે. સ્ટાર કૉમનવેલ્થમાં આથી નિયમન એટલું સરસ જળવાય છે કે માબાપોને ખબર પડે તેઓને એ સુંદર વ્યવસ્થાની અદેખાઇ આવે છે. જ્યારે બાળકો સંસ્થા છોડી જાય છે, ત્યારે પણ દીર્ઘ કાળસુધી એમનામાં પોતાની સંસ્થાપ્રતિ પૂજ્યભાવ અખંડ રહે છે.

સંસ્થાની દિવાલોપર સુંદર ચિત્રો મૂકેલાં હોય છે અને દર સાંજે ફોનોગ્રાફ તથા પીઆનો બાળકોને સંગીતની સારી પ્રસાદી આપે છે. એક દિવસ કોઈક કુશળ "પીઆનીસ્ટ" એ બાળ[illegible] કહેવાતા બાળકો આગળ પીઆનો વગાડવા આવી અને નવીનતા સારૂ એક નવોજ સૂર શરૂ કર્યો. બાળકોમાં એકાએક ખળભળાટ જાગ્યો અને પેલી "પીઆનીસ્ટ" તેનું કારણ પૂછ્યું; ત્યારે સ્ટારે જવાબ આપ્યો "બાળકોમાં કિલકિલાટ થઇ રહ્યો છે, કારણ કે તેઓને તમારા એ નવીન સૂરની ખબર છે. બાળકોને એવા સુંદર અને એક સૂરોજ સાંભળવા ગમે છે. જ્યારે તેજસ્વી બુદ્ધિના પરિચયમાં બાળકો આવે છે, ત્યારે તેમને અલૌકિક પ્રેરણા મળી રહે છે અને-પછી તે તેજસ્વિતા કોઈક ચિત્રકારમાં હોય કે કોઇ સંગીતશાસ્ત્રીમાં હોય-બાળકોને એ અલૌકિક પ્રેરણા મળે[illegible] તેમની બુદ્ધિને તથા તેમના નિરોગી શરીરને અજબ રીતે પોષણ મળી રહે છે. ઉન્નત સંગીત, સુંદર ચિત્રો અને સંસ્કારી સાહિત્યથી ખરાબ દેખાતા બાળકોમાં જે પરિવર્તન થાય છે, તે કદી પણ સોટીના ચમકારાથી થતું નથી. મારા બાળકોને હું સદ્‌ગૃહસ્થો બનાવવા માગું છું અને તે માટે આવા સંસ્કારી વાતાવરણની ખાસ જરૂર છે.

છેલ્લાં વર્ષોમાં ૧૭ સંસ્થાઓ તરફથી હજાર બાળકોને બચાવી લેવા સારૂ સ્ટારને આમંત્ર[illegible] મળ્યાં છે. સ્ટારની સમય-શક્તિને મર્યાદા હોય છે, એટલે બહારના બાળકોની વ્યવસ્થા કરવા [illegible] અશક્ય છે; એટલુંજ નહિ પણ મીશીગાન સંસ્થાના બાળકોને પણ એ પૂરા પડી શકતા નથી.

એક અંગ્રેજ બહેન સ્ટારની સંસ્થાની મુલાકાત લઇ ગયાં અને તેની છાપ એ બહેન[illegible] એટલી ઊંડી પડી કે તે ઇંગ્લંડ ગયાં અને સ્ટાર કૉમનવેલ્થની યોજના પ્રમાણે સેન્ટ હીલેરી આગ[illegible] એમણે એક સંસ્થા હમણાંજ ખોલી છે. સ્ટાર કૉમનવેલ્થની સંસ્થામાટે આ જેવું તેવું પ્રમાણપત્ર નથી.

પરંતુ સ્ટારપર તો હજારો પ્રમાણપત્રો આવ્યા કરે છે અને તેમાં સ્ટાર પોતે સર્વોત્તમ સ્થાન તે પૂર્વના કવિ અને તત્ત્વજ્ઞાની રવીન્દ્રનાથ ટાગોરના પ્રમાણપત્રને આપે છે. ટાગોર બાળકોના નિ[illegible] [illegible] હમણાંજ સમયપર તે સંસ્થામાં આવ્યા ત્યારે ત્યાંના બાળકો સાથે તેઓ દોસ્તી બાંધી [illegible] ટાગોરે પછી સ્ટારને એક પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું:—

"નિરુત્સાહી થઈ પરદેશ આ દિવસોના શુષ્ક અરણ્યમાં ભટકતો હું તમારી સંસ્થા [illegible] [illegible] અને [illegible] તો એ શુષ્ક અરણ્યમાં ઝરણું ફૂટેલું જીવનનું ચૈતન્યઝરણું મેં નિ[illegible] [illegible] [illegible] પૂરી વસ્તુઓ ભુલાઈ જવાશે, પરંતુ તમારી નાનકડી શાળાનાં સ્મરણ [illegible] [illegible] સ્મરણમાં [illegible] સદૈવ રહેશે; કારણ કે તમારી શાળામાં મને સત્યનું દર્શન થયું છે [illegible] [illegible] હું કંઇક અલૌકિક વસ્તુજ અનુભવી રહ્યો છું."

[illegible] જરૂર છે કે જેથી આપણામાં બંધુભાવની લાગણી પરસ્પર [illegible] [illegible] ઉદ્ભવે અને વડીલોની આજ્ઞા-આજ્ઞાનું પાલન [illegible]

'દિવ્યરશ્મિ'

[illegible] અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવાથી [illegible] [illegible]

'આત્મ [illegible]'

(હિંદુસ્તાનના [illegible] અંકમાંથી)

લોકસેવાના સાચા ઉમેદવારો માટે ઉત્તમ તક

બઇ સમાચાર ના ૧૯૮૨ ના દીપોત્સવી અંકમાં-લેખકઃ-શ્રી. અમૃતલાલ વિ. ઠક્કર)

આપણા બાપદાદાઓએ અફઘાનિસ્તાનને માર્ગે હિંદમાં ઉતરી આવી વસવાટ કર્યો, તે વખતે
દેશ ઉજ્જડ ન હતો. આર્યો હિંદુસ્થાનમા અથવા ભારતવર્ષમાં આવ્યા તે પહેલાં આ દેશમાં
કોમો વસતી હતી અને રાજ્ય પણ કરતી હતી; પણ નવા આવનાર આર્યો પુરાણી વસ્તીના
ં વધારે બુદ્ધિમાન, વધારે હિંસક હથિયારોથી સજ્જ અને વધારે સ્વરક્ષાને બહાને લડાયક હોવાથી
ી કોમોને ફળદ્રુપ પ્રદેશોમાંથી મારી મારીને ઉજ્જડ અને ટેકરાવાળા તથા જંગલવાળા ભાગો-
નસાડતા ગયા. આ અસલી કોમોના લોકોને રાક્ષસ, દાનવ, દસ્યુ, વાંદરા (એટલે વાનર-
), અનાર્ય એવાં નામોથી આર્યો ઓળખવા લાગ્યા. બારમા સૈકામાં પંજાબ તરફથી રાજપૂત
એ ઉતરી આવીને રાજપૂતાનામાં પોતાનાં રાજ્યો સ્થાપ્યાં, તે વખતે ત્યાંના અસલી ભીલ
ઓને મારી હઠાવ્યા, તેનાં વિજયચિન્હતરીકે હજુ કેટલાક રજપૂત રાજાઓ ગાદીનશીન થાય
ત્યારે ભીલની આંગળી કાપીને તેમાંથી નીકળેલા લોહીથી ટીકો અથવા ચાંલ્લો કરે છે. સુરત
ના ડાંગના જંગલમાં નાનાં નાનાં રાજ્યો હતાં, તે ચાલુ સૈકાની શરૂઆતમાંજ વધારે સારો
વ્યવસ્થિત ચલાવવાને બહાને અંગ્રેજ સરકારે લઇ લીધાં. આસામના પહાડીઓમાં નાગા, લુ-
ઈ, ખાસી વગેરે અસલી કોમોનાં રાજ્યો ગયા સૈકામાંજ, જૂદે જૂદે બહાને લશ્કર મોકલાવી
ઈ લીધાં છે તેનું વર્ણન ગેઝીટિયરોના પાનામાં મોજુદ છે. મધ્યહિંદના ગોંડ રાજાઓ એક ઉ-
ર અંગ્રેજ સિવિલિયનના કહેવા પ્રમાણે મહારાજાઓ હતા અને તેમનું રાજ્ય મધ્યપ્રાંતના મોટા
ાગપર મોગલ શહેનશાહતના વખતમાં હતું.

રાક્ષસ મટીને દુબળા

સમયના વહેવા સાથે આ જૂની કોમો રાક્ષસ મટીને 'દુબળા' થયા, રાજા મટીને હમાલ
થયા અને માલીક મટીને ગુલામ થયા. તેમની જૂની મહત્તા ભૂલાઇ ગઇ અને જાણે કે તેઓ
આર્યોનું દાસત્વ અને હલકું કામ કરવા હજારો વર્ષથી સરજાયા હોય એવી માન્યતા થઇ ગઇ. કે-
ટલીક કોમોને અંત્યજનું, મુએલાં ઢોર ઢસડવાનુ અને મનુષ્યોનાં મળ-મૂત્ર ઉઠાવવાનું કામ ગળે ઘાલ-
વામાં આવ્યું, જેથી તેઓ અસ્પૃશ્ય થઇ ગયા. આજ મિતિએ પણ સાબરમતીની પ્રસિદ્ધ જેલમાં
પંચમહાલના જે ભીલોને કેદીતરીકે જવા પ્રસંગ આવે છે, તેમની પાસે ઘણેભાગે પાયખાનાં
સાફ કરાવવાનું કામ કરાવાય છે. ગઈ મોટી યુરોપીય લડાઈમાં આસામમાં 'નાગા' કોમના મ-
જુરો મોકલવામાં આવ્યા તેમને ફ્રાન્સમાં, મેસોપોટેમીઆમાં અને બીજાં સ્થળોએ લશ્કરના સિપાઇ-
ઓના ભંગીતરીકે મેલું ઉપાડવાને જબરજસ્તીથી કામે લગાડયા. આવી રીતે વધારે સંસ્કારી
મનાતી જાતો પછાત પડેલી કોમોને આજ પણ દાબીને, કચરીને, નીચ મનાતુ કામ જબરજસ્તીથી
કરાવતાં જરા પણ પાછું વાળી જોતી નથી.

આસામનો ચોથો ભાગ 'જંગલી'

પણ કોઈ કહેશે કે એ તો બહુ જુજ સંખ્યાની, કે છેકજ જંગલી લોકો જેઓ, ઓસ્ટ્રેલિ-
આના કે અમેરિકાના અસલ વતનીઓની માફક નાશ થવાને સરજાએલા છે, તેમની આ વાત છે
અને તેને અણુઘટતું મહત્ત્વ આપવાની કાંઇ જરૂર નથી; પણ આપણા વસ્તીપત્રકના આંકડાઓ
આ દલીલનું પોકળ બતાવી આપે છે. મધ્યપ્રાંતની ૧ કરોડ ને ૬૦ લાખની વસ્તીમાં પૂરા ૩૨
લાખ, એટલે આખી વસ્તીનો પાંચમો ભાગ આવી અસલ વતની ગોંડ, હલકા વગેરે લોકોનોજ
છે. આસામની ૮૦ લાખની વસ્તીનો ચોથો ભાગ, એટલે પૂરા ૨૦ લાખ નાગા, ખાસી, કુકાઈ,
અબોર, મીરમી, કાચારી, ગારો એવી પુરાણી જાતિઓના છે. મુંબઇ ઇલાકાની લગભગ બે કરોડ
૧૭ લાખની વસ્તીમાં ૧૮ લાખ ઉપર ભીલ, કાળીપરજ, ઠાકુર, વારલી, કોકણા, કાતકરી એવી
વસ્તીની સંખ્યા છે. આખા દેશની ૩૨ કરોડની વસ્તીમા તેમની કુલ સંખ્યા ૧ કરોડ ૬૦
લાખની, એટલે સેંકડે પૂરા ૫.૫ ટકાની છે. એટલે દર સોની વસ્તીમા પાંચ માણસ 'જંગલી'

અથવા 'રાની' કહેવાતી જાતોના લોકો છે. આ સંખ્યા નાની કહેવાય ? આ વસ્તી ગણત્રીમાં કાઢી નાખવા જેટલી છે ? આસામ પ્રાંતની કુલ વસ્તીથી આ કોમોની વસ્તીસંખ્યા બમ થાય છે. કચ્છ અને કાઠિયાવાડ બંનેની વસ્તી કરતાં આ વસ્તી પાંચગણી કરતાં પણ વધારે અને મુંબઇ શહેરની પચરંગી વસ્તી કરતાં તેરગણી છે.

આપણેજ જવાબદાર

હવે આટલી મોટી અને ઐતિહાસિક દૃષ્ટિથી મહત્ત્વવાળી પ્રજા, અથવા પ્રજાઓ તરફ પણે આજસુધી કેવી વર્તણુંક ચલાવી છે ? ખરેજ તે આપણને શોભાવે તેવી તો નથીજ, શરમાવે તેવી છે. આપણે તેમની સારી ખેડેલી જમીનો–જંગલો કાપીને ખેડવાણ બનાવેલી જમ પડાવી લીધી છે. તેમને શાહુકારી ધંધામાં સારી રીતે છેતર્યા છે અને એક વખત થોડી રકમ કે એવાજ કામને માટે આપી જીંદગીભરના કે બેચાર પેઢીસુધીના પણ ગુલામ બનાવી લે આપણું બધું બુદ્ધિબળ વાપર્યું છે, તેમને દારૂના વ્યસને ચઢાવીને પશુ જેવા બનાવી મૂકયા લાઠી વાપરનારા ભૈયા કે પઠાણને ભાડે રાખી તેમને ભયભીત બનાવી મૂકયા છે, ટુંકમાં ગુલામ અથવા પશુની સ્થિતિમાં લાવી મૂકયા છે. કોઇ પરોપકારી ખ્રિસ્તી પાદરી કે અંગ્રેજ અ દારની દયાથી તેમની સ્થિતિ સુધારવા પ્રયત્નો થયા હશે, પણ આપણા ધનાઢયોએ, આપણા ધર્મ યોંએ, આપણા પંડિતોએ, આપણા જીવદયાના હિમાયતી જૈન ભાઇઓએ કદી તેમના તરફ સુદ્ધાંએ કરી છે ? કદી તેમને માટે ધર્માર્થી દવાખાનાંઓ, કદી ધર્મનાં સ્થાનો, કદી જ્ઞાન વવાની શાળાઓ આપણા વૈષ્ણવોએ કરી છે ? ઉલટું વ્યારા તાલુકાના વૈષ્ણવ કપોળો કાળીપરજની જમીનો પડાવી લેવામાં કુશળ ગણાયા છે, નવસારી જીલ્લાના પારસીઓ રાની મડાંઓમાં દોરી લોટા લઇને જાય છે અને ત્યાં થોડાં વર્ષમાં જાગીરદાર, દારૂનો દુકાનદાર 'કાળીપરજો'ના રાજા બની જવાને પંકાએલા છે. સુરતજીલ્લાના અનાવલા તથા પાટીદારો ણીયામા" બનીને પોતાના "દુબળાઓ" ને નાસી જાય ત્યારે માર મારીને પાછા પકડી ણવામાં પોતાની બધી બુદ્ધિ, કુશળતા અને કાર્યદક્ષતા વાપરે છે. વડોદરા રાજ્યે ગઇ સા કાળીપરજની સ્થિતિ તપાસવા એક કમિટી નીમી હતી તેની પાસે એક વણીક વેપારીએ આપી હતી કે, "આવા ભોળા, અજ્ઞાન અને બુદ્ધિહીન લોકોને છેતરીને પૈસાદાર થવાની કોને ન થાય ?" આ કયી જાતનું મનુષ્યબંધુત્વ ? આ તે આર્યત્વ કે રાક્ષસત્વ ? પ્રભુ હિંદુસ્થ આમાંથી બચાવો.

મીશનરીઓ પાસેથી શીખો

આથી ઉલટું પરધર્મી–પરદેશી ખ્રિસ્તી મિશનો આ કોમોને માટે કેટલું બધું કરી રહ્યા તે આંખો ઉઘાડીને જોવાની પણ આપણે તસ્દી લેતા નથી; એટલુંજ નહિ પણ દાખલાઓ આપણા કાને અથડાય છે, ત્યારે પણ "તેઓ તો પોતાના સ્વાર્થમાટે, પોતાના ધ ફેલાવો કરવામાટે તેમ કરી રહ્યા છે" એવી બેશરમી દલીલો કરતાં આપણે અચકાતા પણ તમે તમારા સ્વાર્થમાટે, તમારા ધર્મમાટે, તમારા દેશમાટે આ જૂની કોમોને પારમાર્થિક કામો કેમ કરતા નથી ? હજારો ગાઉથી, બીજા ખંડોમાંથી પરધર્મી લોકો આ તમારા દેશના લોકોને જ્ઞાન આપે, કરોડોની સહાય આપે, ધર્મને માર્ગે ચઢાવે અને તે માટે તાની જીંદગી આ દેશમાં ખપાવી દે, અહીંઆં મરવાની, દટાવાની હોંસ રાખે તમારૂં તો રૂવાડું સરખુંએ ન ફરકે ? જૂની વસ્તીને તેમનાં જંગલોમાં જઇ સહાય તો ન પણ તેમનાં લોહી ચૂસવાને અને ગુલામી દુનિયામાંથી નાબુદ થયે છતે તમે ગુલામગીરીમાં સબડાવો એ શું તમારી પ્રજાતરીકેની લાયકી છે ? બિહારના સાંતાલ પ્રગણામાં ૪૦ વ કામ કરતો નોર્વેનો રેવ. બોડિંગ કે ગરીબ સાન્તાલોના લોહી પર ચુંથનારા ડૉકટર મૅકફે તેની પત્ની ડૉકટર મૅકફેલ કે હમણાંજ પોતાને સ્વદેશ અમેરિકા સીધાવેલ અહમદનગરના ડૉ હ્યુમની જોડીમાં મૂકી શકાય એવો એક પણ હિંદી નર તમે બનાવી શકો તેમ છો ? "પર દુઃખે કાર કરે તોયે મન અભિમાન ન આણે" એ વૈષ્ણવની વ્યાખ્યા એકે વૈષ્ણવને લાગુ પાડી શ તેમ છે એમ જ્ઞાની કોઈને કોઈ કહી શકશે ?

અંત્યજોનાની કાળજી કોણ લેશે?

આપણો દેશ અનેક ધર્મો, અનેક નાતિ અને પેટાનાતિ તથા દેશોમાં વહેંચાઇ ગયેલો છે. જુદા પ્રકારના 'કોમ્યુનાલીઝમ'—કોમ પોતાના વાડાના માટે કામ કરવાની ભાવનાએ જડ ઘાલી રહી છે. હિંદુ તે હિંદુઓ જ માટે, મુસલમાન તે કેવળ મુસલમાનોને જ માટે અને પારસી તે પારસી ઓ તેથી પોતાના અસ્તિત્વને માટે કામ કરી રહ્યા છે. હિંદુઓમાં વળી નાગર, ભ... જ્ઞાતિવાળાઓમાટે, વાણીઆ વાણીઆમાટે, ભાટિયા ભાટિયામાટે, પાટીદાર પાટીદારો એમ સૌ પોતપોતાને માટે કેટલી સેવાની પદ્ધતિપર કામ કરી રહ્યા છે; પણ આ કોમો જાગતી છે, આગળ વધતી છે, બુદ્ધિમાન છે તેની વાત થઇ; પણ જેઓ ઠેર ઠેર નિંદાય છે, જેમને દેશનું કે પ્રજાપણાનું ભાન સુદ્ધાં નથી, જે કેવળ પોતાનું પેટ ભરવામાંજ સંતોષાઇ છે, જે દારિદ્રમાં ડુબી ગયેલી છે તેનું કોણ? નાગરોનાં મંડળો કોમોનેજ મદદ કરે ભાગ્યે જ સાંભળ્યો નથી, વાણીઆ કે ભાટિયાઓએ દલિત અજ્ઞાની જાતિઓને માટે શાળાઓ ખોલી નથી, (ભલે પોતે સ્થાપેલી સંસ્થાઓ ફક્ત ઉચ્ચ વર્ણના હિંદુઓમાટે છે એમ સંકુચિતના કરતાં સંકુચિત થતા નથી.) પાટીદારોએ અંત્યજોને સારી સ્થિતિએ લાવવા પ્રયત્ન કર્યાની આપણને સ્વપ્નાં પણ આવ્યાં નથી. નોર્થ-સ્વીડનના કે કેનેડાના પ્રોટેસ્ટન્ટ લોકો ફ્રાન્સના કે ઇટાલિના રોમન કેથોલીકો, કે ખ્રિસ્તીધર્મના ગમે તે પંથના અનુયાયીઓ હિંદના લોકોને ખ્રિસ્તીધર્મનું જ્ઞાન આપવા કરોડો રૂપિયા એકઠા કરી મોકલે અને વાપરે; પણ આમારા દેશના, આમારાજ ધર્મના, પોતાને ઉચ્ચ કહેવરાવતા લોકો આમારાજ ધર્મથી અજ્ઞાન ભાઇઓ માટે પૈસો પણ ન ખર્ચે, દવાખાનામાં તેઓને પેસવા પણ ન દે તથા શાળાઓમાં પરદેશી સરકારના હુકમ છતાં પણ અંત્યજ બાળકોને દાખલ ન થવા દે એ જેટલું શરમાવનારૂં છે, તેટલુંજ સત્ય છે. એકાદો હિંદુ પોતાને અંત્યજોના કલ્યાણના કામમાં ખપાવી દે, કે એકાદો નીલગિરિ અક્કર્તી આસામની ખાસી ટેકરીમાં પોતાના બુઢાપામાં પણ સેવાકાર્ય કરે તેથી દેશનું દર ફીટવાનું નથી.

પરાઇ પીડ જાણો

પ્રાંતે પ્રાંતે અસલ વતની કોમોમાટે કલ્યાણકારી મંડળીઓ સ્થાપવાની જરૂર છે. તેને અંગે ઘણી જીંદગીભર સેવા કરનારા હિંદી મિશનરીઓ—સેવકો—કોઢીબંધ અને સેંકડો જોઇએ. સેવા કરનારા ડૉક્ટરો, લાખો રૂપિયા મેળવીને કીર્તિ પ્રાપ્ત કરનારા નહિ, પણ ગરીબોની સેવા કરી ખ્યાતિ પામેલા મીરજના ડૉક્ટર વાનલેસ કે બાગદાના ડૉક્ટર-યુગલ મૅકફેલની માફકના કાર્યકર્તાઓ જોઇએ છે. પોતાની વિદ્વત્તા ગરીબોનાં બાળકોને તેમની ઝુંપડીઓમાં, પહાડોના શિખર ઉપર કે ગાઢ જંગલમાં જઇને જ્ઞાન આપનારા અધ્યાપકો અને આચાર્યો જોઇએ છે. કોઢીયા (પતિયા), લુલા, લંગડા, આંધળા અને નવારસ બાળકોની સેવા કરનાર ડૉક્ટરો અને દુનિયાદારીમાં પીડ થયેલા ગૃહસ્થો જોઇએ છે. ભીલ, ચોધરી, ગામીટ, દુબળા, વારલી, કાતકરી, વડર, વાદી, રાવળ, ઠાકુર, ઢેડ, ચમાર, ભંગી, શેણવા, કાપુડીઆ, કોટવાળીઆ વગેરે એવી એવી કોમોના સ્થાનો શોધી કાઢી, તેમની વચમાં જઇ વાસ કરી, તેમની બોલી શીખી, તેમને જ્ઞાનવાન, ધાર્મિક તથા ધંધાદારી બનાવનારા સેંકડો બલ્કે હજારો કાર્યકર્તાઓ જોઇએ છે. આવા સેવકો ભાડુતી કે સારા પગારની લાલચે મળી શકશે નહિ. જેને ઇશ્વરી સંદેશો મળશે, કે જેને પોતાના દેશના કલ્યાણમાટે ધગશ હશે, કે જે ખરો ભ્રાતૃભાવ સમજતો થશે, કે જે યજુર્વેદના વાક્ય પ્રમાણે "હું મારા દેશને માટે અનેક કષ્ટો સહેવાને તૈયાર છું" એમ કહેશે; એટલુંજ નહિ પણ ખરેખર મનથી આચરશે તેજ આવું કાર્ય કરી શકશે. અલબત્ત, આવા લોકોને તથા તેમના બાળબચ્ચાંને ખાવાને રોટલો તો જોઇએજ અને તે પ્રજાએ-એકલા શ્રીમંતવર્ગે નહિ પણ સાધારણ જનસમૂહે પણ-પુરો પાડવોજ જોઇએ. આ યુગને કળિયુગ માનનાર કળિયુગ પ્રમાણે આચરણ કરે અને બીજાઓ ના જુએ; પણ સત્યયુગના આચરણ કરનાર માણસ આજે પણ સત્યયુગ છે, એમ માને અને મનાવે. "પરાઇ પીડ" જાણવાને દિવ્ય ચક્ષુની જરૂર નથી. માનુષી ચક્ષુ અને અનુકંપાવાળુ હૃદય બસ છે. એવાને પરાઇ પીડના ઉપાય કરવાનાં સાધન મળીજ રહેશે-પ્રભુ પૂરા પાડશે.

સંવેદન—સંહિતા

(લેખકઃ—સ્વ૦ સૌ૦ કનુબ્હેન દવે, ' મુંબઈસમાચાર ' ના ૧૯૮૨ ના દીપોત્સવી અંકમાંથી

જગતજ જગતને છોડવશે, મંજુભાઇ ! સારાયે જગતનાં પાપથી ત્રાસી તમે તે જગતમાંથી મોઢુંજ ઉઠાવી લેશો. તેની ઝીણી ઝીણી 'વર્લ્ડલીનેસીસ'ને નહિજ ગણી રહો. એ તો સાવ સ્વાભાવિકજ છે. એક બાજુ જગત ને બીજી બાજુ જગન્નાથ. એકમાં પડયા ને લપટાયા ત્યારે બીજા આવ્યો. એકમાં અલિપ્ત રહ્યા ત્યારે બીજાને મેળવ્યો; અને તે મેળવ્યો એટલે બીજું કંઇજ નહિ પણ જીવન સારી રીતે જીવતાં—પ્રભુશરણમાંજ પરોવતાં આવડયું, એ ચોક્કસ થયું. આત્માને ... માટે દરેક જે પળો ચોવીસે કલાક કાયમ નિકટજ વસી રહે છે, તે પ્રત્યેક પળનો ઉપયોગ કરવો એજ 'પ્રભુમય જીવન'—એજ જગન્નાથને મેળવવાનું મંગલાચરણ !

એ કામ તેનીજ ખાતર ને તેને અનુલક્ષીને કરવાં એ બાબત તો કયારનીયે હું જીવનમાં ... રહી છું. પ્રભુને પણ મારો એજ આદેશ છે, ને તે સંપૂર્ણપણે સમજી ગઇ છે, એટલે ... અંકિત છે. ત્યાંથીજ હારજિતના ઓળા તેને નહિ અડકી રહે, તે તેથી નહિ લોભાય, તે તેની સચ્ચિદાનંદનું સત્ય નિરખે છે તે પ્રત્યેજ વળશે ને તેનેજ સત્કારી સ્વીકારશે ને સન્માનશે.

" હારોની હાર, લલાટ લખી હારોની હાર. "

એ તમારું ગીત મને તો જરાયે પસંદ ન પડયું. પ્રત્યેક મોટા માણસો—સંતો ને મહંતો જગતની દૃષ્ટિએ હારેલજ છે. ભગવાન બુદ્ધ તથા ઈશુ ખ્રિસ્તને વિષે જગતનો પામર વર્ગ શું ... રાજમહેલનાં વૈભવી સુખ છોડનાર એક રાજકુમારને જગતનીજ હારજિતમાં રચ્યો ... કઇ દૃષ્ટિથી જોતો હશે ? તે તો એમજ માને કે, આ મિથ્યા દુઃખ શામાટે ... ઇશુને અજ્ઞાન ... જગતની દૃષ્ટિથી તો તેને વધસ્થંભપર ચઢવાનું શું ... કરી શકાય !

... અનેક દ્રષ્ટાંતો સંસારના ઇતિહાસમાં તો સચોટ નિર્દેશાયાંજ છે. જેણે જેણે ... 'ક્રૉસ' ગુમાવ્યાજ છે. જગતના માછીઓ જ્યારે ... માછલાંઓનો ઉદ્ધાર કરી શકયા. અલબત્ત, આ ... 'ટ્રેજડી' કદાચ ન દેખાય, પ્રસંગે તેમાં 'અન્યાય' જેવુંય ... કેવળ નિષ્પાપ એવા ભગવાન ઇશુને વધસ્થંભ ... સત્યના, સૌંદર્યના ને સારાના ... તેમ કોઇ મહાન ... જીવનમાં ગૅાઠવેલા છે. કોઇક પ્રાચીન મહત્તમ ... હારોમાંય હું તો તેનાજ ' ... '

[illegible]

ગંભીર તારતમ્ય નીકળી શકે છે. ગાંધીના 'સત્યાગ્રહ' ને 'અસહકાર' પણ તેનાજ કિરણમાત્ર તેજ પ્રમાણે અન્ય દેશોના રાજવિપ્લવો પણ તેનેજ આભારી છે. એકલા રાજવિપ્લવોજ નહિ પણ સમાજ ને ધર્મ પણ તે ' આઉટસ્પોકન એમફેટીક પ્રોટેસ્ટ ' જ આજ જ્યાં ને ત્યાં આદરી રહેલ જણાય છે; અને એ રીતે ગીતાવાક્યની સિદ્ધિ કરી રહ્યા છે કે:—

જ્યારે જ્યારેજ અન્ધાર ધર્મનો થાય, ભારતી; જાગે અધર્મનાં જૂથ, ત્યારે હું નિજને સજું.
સંરક્ષા કાજ સાધુની, પાપીના નાશકારણે; ધર્મ સુસ્થાપવા માટે "જન્મું છું હું યુગે યુગે."

"જન્મુ છું હું ક્ષણે ક્ષણે" એજ વાક્ય મને તો ત્યાં યોજાયું હોત તો અતિપ્રિય લાગત. આપણે જોતા નથી, જાણતા નથી, પણ તે તો ક્ષણે ક્ષણેજ જન્મે છે. સત્‌ના જયની ખાતર અને અસત્‌ના પરાજયની ખાતર; અને એનું સત્ તે સાચું છે, જગતનું નહિ. જ્યારે એના ને જગતના સ્વીકારેલા સત્‌ની વચમાં ફેરફાર હોય છે, ત્યારે જગતનું સત્ તે અસત્ છે, એમાં લેશમાત્ર પણ સંશયને સ્થાન નથી. રૂપિયા, આના ને પાઈની ગણકવૃત્તિમાં રચ્યાપચ્યા જગતને તે મહાન કાનુનના મહાન સત્‌ની કેવી રીતે ઓળખ હોઈ શકે !

પણ આપણે જ્યારે તે સંબંધી કંઈક જાણીએ છીએ, જગતથી પર ઉઠવાને કંઈકે પ્રયત્ન કરી રહ્યાં છીએ, ત્યારે આપણો તો ચોખ્ખો ધર્મજ છે, મંજુભાઈ ! કે જેમ બને તેમ જગતની સમભિગમનાઓને ગળીજ જવી, ને તેની પાર પ્રકટ પરમાત્મતત્ત્વનાં સદોદિત જય જયકારનુંજ નિ-ર્મળ સ્વરૂપ નિહાળવું. વધુ શું લખું ?

× × × ×

ક્રોધને જીતો, મંજુભાઈ ! તો ઉંડામાં ઉંડું ને મહાનમાં મહાન કામ કરી શકશો. મિથ્યા ચીડ તો નજ થવી જોઈએ. તે સર્પને તો માથાપરથી ઉતારી-ઉછાળી કાઢયેજ છૂટકો.

શમના-શાન્તિને બ્રહ્મકર્મમાં પહેલું સ્થાન ગીતાકારે આપેલું છે. એ શાન્તિ આપણે ન સમજીએ તો બ્રહ્મકર્મમાંથી ચલિત-પતિત થઈએ છીએ, એમજ ગણાય.

સમત્વ-સામ્ય-શાન્તિ-એ સૌ તેના યોગનાંજ પગથિયાં છે, બ્રહ્મનિષ્ઠ થવાનાં તે સાધન છે.

પ્રભુજીના આશીર્વાદ ઉતરો ને સૌને બચાવી લો; ઉગારી-ઉદ્ધારી રહો.

કામ, ક્રોધ અને લોભ એ ત્રણેને નર્કદ્વાર ગીતાકારે કહ્યાં છે, તેમાં શું ખોટું છે ? તેમા પ્રવેશ કરનાર મનુષ્ય સીધો નર્કમાંજ પડવા તૈયારી કરી રહેલ છે એ સાવ સાચું છે. "ધર્મા વિરુદ્ધ કામાઽસ્મ્"-એ પણ તેનુંજ કથન છે, અને તે સત્ય છે. સજ્જીવનને પોષતી, ઉચ્ચ કરતી, પવિત્ર કરતી, જે જે કાંઈ પ્રેરણાઓ, ભાવનાઓ, કામનાઓ, ઇચ્છાભિલાષાઓ ચિત્તસ્થળે જામે તે સૌ તેનાજ સ્વરૂપમાત્ર છે. તેજ તેમનો સૌનો પ્રેરક, ચાલક ને શાસક પિતા છે; પરંતુ તેથી વિરુદ્ધ જે જે કાંઈ બાહ્ય અસજ્જીવનને પોષતા તે સૌ નર્કદ્વારજ જાણવા. આજ પ્રમાણે ક્રોધનું 'પુણ્યપ્રકોપ' એ વ્યાજબી છે. દેવાધિદેવ પણ એવો પુણ્યપ્રકોપ ધારણ કરી રહે છે. સાધુની સંરક્ષા કાજે અને પાપીના નાશને કારણે તેનેય પ્રકોપ ધારણ કરવાની ફરજ પડે છે; અને તેવો પ્રકોપપ્રસંગે મનુષ્ય ધારણ કરે તો તેમાં અડચણ નથી. અન્યાયની સામે, અધર્મની સામે, દુષ્ટતાની સામે, ન્યાય, ધર્મ ને પવિત્રતાનું સંસ્થાપન કરવા-કરાવવા ગમે તે કક્ષામાં રહેલ મનુષ્ય પુણ્યપ્રકોપ ધારણ કરવા શક્તિમાન છે—રાજ્ય, સંસાર કે ધર્મ—ગમે તે માર્ગમાં. આમાય ક્રોધ પ્રાણીપ્રતિ ન હોવો જોઈએ. અન્યાય, અધર્મ અને દુષ્ટતાના બાહ્યપ્રતિજ તે હોવો જોઈએ; બાકી નાની નાની બાબતમાં ક્રોધ કે ચીડ થઈ આવી કપાળ કે માથાં ફૂટવા જેવી સ્થિતિ થાય તે તો દુઃસહજ ગણાય. તે ક્રોધ પુણ્ય નથી, અપુણ્ય માત્ર છે. તે ક્રોધ તામસી છે, તે ચોખ્ખું નર્કદ્વારજ છે. અસંયમી માણસોજ તેને વશવર્તી થઈ રહે છે ને પાપને માર્ગે પડે છે. આત્માને તારવો તેમજ ડુબાડવો આપણેજ હાથ છે. સંયમ તે તારનાર છે, અસંયમ તે ડુબાડનાર છે. સંયમ તે સ્વર્ગ છે, અસંયમ નર્ક છે પુણ્યપ્રકોપ દેવને વહાલો છે, ને તેથી દૈવી છે. કેવળ કોપ દેવને અપ્રિય છે અને તેથી તે આસુરી છે. હવે લોભવિષે વિચારીએ. તેનું પણ તેમજ છે. પુણ્યલોભ, અપુણ્યલોભ, ઉચ્ચોચ્ચ વધવાની પ્રત્યેક આશાભિલાષ ને ધ્યેયને મેળવવા માટેના પ્રયત્નો તે પુણ્યલોભનાજ ગણી શકાય; પરંતુ મેં-લેખનો લોભ તે તેમ નજ ગણાય. તે તો ચોખ્ખું નર્કદ્વારજ કહેવાય. આજ પ્રમાણે ધનલોભ, કીર્તિલોભ એ સૌ એવગુણોનું સમજી શકાશે. કોઈનું ખૂંચી લઈ પોતાનું ભાગું કરવાની ઇચ્છાથી જે

લોભ રચાય તે અપુણ્ય. જ્યારે સર્વનું ભલું ગોજાઈ પોતાનું ભલું કરવાની ઇચ્છા રખાય અને તે માટે પ્રયત્નો રચાય તે લોભ પુણ્ય. કેવળ મનલોભી થઈ કે કીર્તિલોભી થઈ શરણ પડેલાંઓની મુખાકારી સુદ્ધાંતે ન જાળવી શકાય ત્યારે તે લોભ તો નર્કદ્વાર જેવોજ હું ગણી શકું-ભલે પછી લોકની વાહવાહ બોલાતી હોય.

× × × ×

પ્રભુ પ્રથમ-પિતા પ્રથમ-અને તેના પ્રેર્યા આપણેઃ એ ભાવજ સર્વોપરિ હોવો જોઇએ; કારણ પ્રભુ એટલે સર્વ સત્, સર્વ જ્યોતિ, સર્વ અમૃત, સર્વ આનંદ, સર્વ શાંતિ, સર્વ શક્તિ, સર્વ જ્ઞાન, સર્વ વિજ્ઞાન, સર્વ સમૃદ્ધિ, સર્વ સિદ્ધિ ને સર્વ શિવત્વ.

ગીતાકારે મનુદેહને "आत्मौपम्येन" જોવાથી ઇચ્છા પ્રકટ કરી છે. માનવદેહનાં પ્રત્યેક અણુઅણુમાં જે જીવનતત્ત્વ રેલી રહ્યું છે અને જે શાશ્વત તથા સનાતન છે, તે દૃષ્ટિથી પોતાને અવલોકવાની ભાવના પ્રકટેલી છે; અને નીચલું ટાગોરનું ગીત પણ એજ રણકો રચે છે:-

મારે સકળે અંગ આપનોજ સચેતન સ્પર્શ છે એમ અનુભવી, હે જીવનપ્રાણ ! હું મારા શરીરને સદૈવ પવિત્ર રાખવા પ્રયત્ન કરીશ. સમસ્ત શરીરની પવિત્રતા-બાહ્યાંતર શુદ્ધિ-એટલા માટે ધારણ કરવી કે તેને અંગાંગ તેનોજ સચેતન સ્પર્શ છે. રક્તના ધોળા અને રાતા કણોમાં તેમના ફરતા જીવનતત્ત્વમાં તેજ અનુત્તમ વિહરી રહેલ છે, એમ સાક્ષાત્કાર થાય ત્યારેજ આ શુદ્ધિ તેના સર્વોત્તમ સ્વરૂપમાં પ્રકટ થઇ શકે.

પ્રભુસર્જિત વિરાટ વિશ્વદેહને નાનીસુની પણ લજ્જા ન નડે, એવુંજ આ નાનકડા મનુદેહનું સર્વાંગ શુદ્ધ ચિંતન-કર્મ હોવું જોઇએ.

અને આવી શુદ્ધિ જળવાઇ એટલે ઉંચી કોટિની ભૌતિક ને આધ્યાત્મિક શુદ્ધિ એની મેળેજ સાંપડી એ સિદ્ધ છે. આ શુદ્ધિથકીજ મનુષ્ય ઇશ્વરની પ્રકૃતિરૂપ સાચી રીતે ઉભો, એ પણ સાથે સિદ્ધ થયું.

ગીતાકારે વર્ણવેલી દૈવી સંપત્તિના પ્રત્યેક ગુણ આ જાતની શુદ્ધિના ઉત્પાદકજ ગણી શકાશે. તેમાંના આસુરી ગુણો તે આ શુદ્ધિના કટ્ટા વિરોધીઓ ઠરવી શકાશે; અને તેમની શિક્ષા પણ ભગવાન કૃષ્ણે સ્વમુખે ભાખેલ છે, તેથીજ તે નરાધમ ક્રૂરને છાજતીજ થઇ રહેશે; જ્યારે દૈવી સંપત્તિને વરેલ વિભૂતિપ્રત્યે તેનો અપૂર્વ ભાવ સદૈવ ઝરતોજ રહેશે, એ પણ નિઃશંક છે.

× × × × × ×

સુખદુઃખ આવે તે સહેવાંજ જોઇએ. ઇશ્વરે મનુષ્યને સ્વતંત્ર ઇચ્છાશક્તિ બક્ષી પૃથ્વીપર પાઠવ્યો- સ્વતઃ તરવા કે ડૂબવા ! ડૂબ્યો તો દુઃખ; ને તર્યો તો સુખ. સુખ ને દુઃખના મૂળનું પ્રતિપાદન હું તો આમજ કરી શકું છું. ઉપરાંત એ સુખદુઃખને તેણે 'અનિત્ય' કહ્યાં છે, અથવા 'નિત આવતાં ને જતાં' જણાવ્યાં છે. તે સ્થિર નથી. સ્થિર તો ઇંદ્રિયાર્થોથકી પર શાશ્વત શિવત્વ છે, જેને અશાશ્વત સુખદુઃખની ઝડીઓ જરાયે અસર નથી કરી શકતી. નિરસક્ત વૃત્તિથકી કેવળ તેમને ભોગવવા માત્રનોજ આદેશ છે, નહિ કે તેમાં લુબ્ધને લદબદ થવાનો.

કહે છે આપણાં કર્મોપર સુખદુઃખનો આધાર છે. અલબત, તે છેજ. ઉપર કહ્યું તેમ પોતાનાં તારણનાં કૃત્યોનાં ફળ સુખ. પોતાના અવસાદનનાં કૃત્યોનાં ફળ દુઃખ. તે આજ મળે કે કાલ મળે; પરંતુ જરૂરજ મળે. એના ફળવિના તો દૂર દોડી શકાયજ નહિ. આમ છતાં દયાળુ ઇશ્વર ડૂબવાની અણીએ પણ પોતાના પુત્રને-પ્રતિકૃતિને બચાવવા-ઉગારી લેવા ઓછી જહેમત નથી ઉઠાવતો. અનેકાનેક 'વૉર્નિંગ્સ' દ્વારા તે મનુષ્યમાત્રને ડૂબતો અટકાવવા કોશીશ કરી રહેલ છે; અને છતાંય માનવી જ્યારે તેજ પતનપંથેજ વળે છે, ત્યારે તો ઇશ્વર પણ નાઇલાજ છે-ત્યારે તો તેનાં ફળ મનુષ્યને મળેજ છૂટકો.

આદમને ઓછી 'વૉર્નીંગો' નહોતી અપાઈ. ઇવને પણ ઓછી સૂચવણી કરવામાં નહોતી આવી, અને છતાંય તે પડી. ના કહ્યા ઉપરાંત તે એકલી વાડીમાં વિહરવા ગઇ-દુઃખની આગાહી છતાંય તે 'પડી,' ને તેનો સાથી (બાયલાપણે નહિ, પણ સંપૂર્ણ બહાદૂરીથીજ તેની સાથે) તેના પતનના પંથ વચ્ચે ઉભો. સ્વર્ગીય સુખ ખોવાયું. ઇશ્વરનો 'ન્યાય' પરમેશ્વરપુત્ર ઇસુના 'દયાળુત્વ' વડેજ કંઇક આકરો થતાં અટક્યો; ને પુનઃ સ્વર્ગપ્રાપ્તિ-કલ્યાણપ્રાપ્તિ થશે, એમ કહી

; પણ હજી તે કલ્યાણ-તે શાશ્વત સુખ દૂર છે.

આ પૃથ્વીની સ્થાપના તો પ્રભુએ ઉંડેરા આશય સાથે કરી; પરંતુ તેમાં થયું વિચિત્ર. બીજા તિર્ગોળના વાસીઓ ડૂબવાની સ્વતંત્ર ઇચ્છા છતાંયે ન ડૂબ્યા. જ્યારે પૃથ્વીપરના વધારે ને રે તે માર્ગેજ જવા લાગ્યા; અને ઇશ્વરની કરણીના અર્થનો અનર્થ થઇ રહ્યો. વળી પાછી ી પણ એ થઈ કે દેખીતી રીતે પુણ્યાત્માઓ-ધર્મીઓને ત્યાં પાપ-દુઃખનાં વાદળ વધુ ને વધુ ાવા લાગ્યાં; જ્યારે પાપીઓ-અધર્મીઓને ત્યાં સુખની દેખીતી વૃષ્ટિ થઇ રહી! પરંતુ વૃષ્ટિનો રૂપાદ અમૃત મીઠો નથી, તે ભાન તે વૃષ્ટિ ઝીલનારાને ન રહ્યું. તે તો ફળ આખ્યેજ જણાયું; ને એ ફળ એટલે ચક્રવૃદ્ધિ વ્યાજસાથેનું ઇશ્વરી કાનુનનું ઉલ્લંઘન કર્યાનું દુઃખ. આનું નામજ ચારફળ. પ્રભુએ તેથીજ કહ્યું, રૂડા વિચાર, રૂડી વાણી ને રૂડું વર્તન; નેક મનસની, નેક ગતની ને નેક કુનશની; એનાં ફળ સુખથી ભરપૂરજ હોય. ભુંડા વિચાર, ભુંડી વાણી ને ભુંડા ર્તન બદમનશની, બદગવશની, બદકુનશની એનાં ફળો દુષ્ટ ને દુઃખકરજ હોય. બે ને બે ર જેવીજ આ વાત. શુભાજ વાવો ને શુભાજ પામી રહો. કાંચ વાવો ને કાંચને ઉછેરી રહો. રિજ તેણે કહ્યું: "પોતાને માટે જેવું ઇચ્છો તેવુંજ સામાને માટે પણ ઇચ્છો." તમને કોઇ બીજા કહે ને મે-ન ગમે, તેજ રીતે તમે પણ બીજાને માટે તેને ગમતું-ન ગમતું વિચારીનેજ વિચાર, વાણી ને ર્તન આદરી રહો. તમને શુભ ગમે છે તો બીજાને શુભ થાય તેવુંજ તમે કરી રહો. તમે તેનું અશુભ ઇચ્છશો, તો તેનો બદલો અશુભજ તમને મળશે. આજ કે કાલ કે પરમ દિવસે-પણ નિશ્ચય મળશેજ મળશે. અશુભ કદીપ શુભમાં નહિ ફેરવાય-તેમ શુભ અશુભમાં. એ તો **'नासतो विद्यते भावो नाऽभावो विद्यते सतः'**

× × × × ×

"**समत्वं योगमुच्यते**"-આ સમત્વને ધારણ કરવું, એ ભારેમાં ભારે દુઃખની, કટુતાની, અંદરની, ઝડીઓ વરસી રહે તોએ સમત્વનો ત્યાગ ન કરવો, શાન્તિ પકડી રાખવી અને તેમાંય-ઉંડામાં ઉંડા એ કટુતાના વર્ષણમાંય-અમીવર્ષણ પરમાત્મન્ રાખી રહેલ છે, એવો સાક્ષાત્કાર કરવો તેજ આજીના માનવજીવનને સર્વથા ઉચિત છે; અન્ય માર્ગ-તરવાનો-ભવબંધ પાર જવાનો-નથીજ.

દુઃખ આવશે-શોક ઉતરશે; અશાન્તિ ઉત્પન્ન થવાનાં અનેકાનેક કારણો હશે; ગ્લાનિ, વિષાદ અને ઉદાસિના ચિત્તને ઘેરી લેશે; વર્તમાન, ભૂત અને ભવિષ્યના વિચારો, સંકલ્પો, તર્કવિતર્કો મનને ડોલાયમાન કરી મૂકશે; મનુષ્યો-સગાસંબંધીઓ—મિત્રો, સૌ પ્રત્યે કદાચિત્ ખફા—મરજી પણ થઇ આવશે; તેમના કડવા બોલ સાંભળવા પડશે;—આમ છતાં જાને તો પાપમાં ન પડાય, જાને તો સમત્વને નજ છંડાય એ ખાસ લક્ષમાં રાખવાનું છે. ઇશ્વરે જીંદગી દીધી છે, તો તેની ખાતર, તેના સમત્વના કાનુનને વશવર્તી બની જીવવાની ખાતરજ જીવાવી જોઇએ છે. ક્રોધ, અસૂયા, ઇર્ષ્યા, ધિક્કાર, દ્વેષ એવા દુર્ગુણો તો ત્યાં નજ હોવા જોઇએ-શું પ્રાણી કે શું પદાર્થ પ્રત્યે.

ગીતાકારે જે યોગ જમાવવાની સૂચના કરેલી છે, તે વ્યાજબી છે. સ્થિર આસન માંડી સ્વસ્થ ચિત્તે એક સ્થળે બેસી યોગ માંડવો એ આજના પ્રવૃત્તિમય જમાનામાં અને એકાગ્રતાવિરુદ્ધના જીવનક્રમમાં ભાગ્યેજ બનવાનું છે. ચોવીસ કલાકમાંથી આવો એક કલાક જૂદો મૂકાય તોયે ઘણું સારૂં. હું તો એ કલાકને 'મહાલક્ષ્મી' મનોજ ગણી લઉં. એ કલાકની ઘડીને જીવન સરસી વધાવીજ લઉં. સ્વભાવપુરઃસરની શાન્તિ અને અભ્યાસ તથા યોગવડે કેળવેલી શાન્તિ એ બેમાં ફેર છે. પહેલી શાન્તિનો કદાચ ભંગ થવા પામે; પણ સદૃઢ થયા પછી બીજી શાન્તિ તો નિશ્ચય ને અડગજ રહે. અનેક ખાડો ને વિકટ પ્રસંગો વટાવીને જીતેલી શાન્તિ-સમતા સદૈવ અજેયજ રહે. વિષમતાના કોઇપણ નાના કે મોટા પ્રસંગે તેને નજ છોડી રહે. તેનો કિલ્લો સદાસર્વદા સુરક્ષિત ને વિજયવંતજ રહે.

સમત્વ રાખવા માટે એક માન્યતા—મનોગત મેળવેલી માન્યતા ખાસ આવશ્યક છે. તે માન્યતા આ છે કે, ઇન્દ્રિયાર્થો સૌ ક્ષીણ અને ઉત્ત્યુસમા સુખદુઃખરૂપના છે, અનિત્ય છે, આવના ને જવાના છે અને તેમને સહી લેવાને તેમ કરી તેમનાથી પર ઉઠવું એજ સાવ શ્રેયસ્કર છે-એકનું એક દુઃખ, એકનો એક દુઃખનો પ્રસંગ, એકનો એક વિષમ બનાવ ગાજી વેળ નહિજ ટકે અને તેથીજ તે પ્રત્યે ઉદ—આસીનતા (ઉંચે બેસવે બેસવાની રીતજ) અખત્યાર કરવી જરૂરની છે. પ્ર-

રતને કુદરતનો કર્તા એ વિષમ પ્રસંગની ઘટતી ઉકેલણી કરીજ રહેલ છે, ને જેવા સારા પ્રસંગે આવ્યા ને ગયા તેવીજ રીતે આ નરસો પ્રસંગ પણ આવ્યો છે ને જતો રહેશે, એ નિઃશંક એમજ માનવાનું છે. એવોજ ક્રમ-સર્વત્ર પ્રવર્તી રહેલ જોવાનો જાણવાનો છે અને એ રીતે સાચો યોગી છાજે એવું જીવન જીવવાનું છે. 'સંસારમાં સરસો રહે ને મન મારી પાસ' તો આજ રીતે થા શકે. જનક ઇત્યાદિઓ આજ માર્ગે જીવન જીવતા ને જીવી તેને જીતતા. સંસારનાં કાર્યોનો નિકાલ તેએ આ એકાગ્ર વૃત્તિવડેજ લાવી શકતા. તે તેને બાધક નહિ પરંતુ સાધક નિવડતી અને આ પા તથા પેલીપાર બન્નેની સિદ્ધિ સ્થાપતી.

× × × × ×

આનંદ એ પરમાત્માનું પરમસ્વરૂપ છે. એક તારાના પ્રદેશમાંથી બીજાપર પ્રવેશ આદરત વેળાના તેના ભવ્ય દિવ્ય સંચલનનો આનંદ કંઇક અનેરોજ છે. સૃષ્ટિક્રમમાં જ્યોતિર્ગોળ ગબડા વવાનો-ગોઠવવાનો તેનો જીવન્ત આનંદ પણ અદ્ભુતજ છે. તેનું સાકારનિરાકારત્વે અલૌકિક આ નંદલ્હાણ લ્હાઇ રહે છે. તેના મૂળનું નાનકડું મરકલડું, તેના નેત્રની નાનકડી અમૃતરેખા, તે સમસ્ત સૌન્દર્યવતી પ્રતિભાપ્રભા—અજબ અજબ છે. વેદોએ નેતિ નેતિ કહ્યા તે વ્યાજબીજ છે. અવર્ણ્યનું વર્ણન કોણ કરી શકે? તેમ એના અવર્ણ્ય આનંદનું વર્ણન કેવી રીતે થઇ શકે?

જ્યાં જ્યાં જીવન ત્યાં ત્યાં આનંદ. જ્યાં જ્યાં આનંદ ત્યાં ત્યાં પરમાત્માનો વાસ. આ વાતાવરણ કેવળ તેના સંગીતાનંદના રણકારેજ રમી રહ્યું છે. વાયુની પ્રત્યેક લહરિમાં લોકલોક ન્તરમાં પ્રસરી રહેલ જેની આનંદછોળજ ઉછળી-ઉભરી રહી છે.

સ્નેહ, સત્ય, સૌન્દર્ય—એ આ આનંદનાં ત્રિવિધ અંગો છે, અને ઇશ્વર તે ત્રણેયંત્ર છે- ત્રણેથી ઓતપ્રોત છે—તે જાતે સ્નેહસાગર છે. તે જાતે સત્યનારાયણ છે. તે જાતે સૌન્દર્યધા છે; અને આથી તે સચ્ચિદાનંદ છે. તેને જોવા, જાણવો ને અંતે પ્રવેશવો એ કંઈ ઓ આહ્લાદક નથી.

મનુષ્યોને જાણ નથી એવાં અસંખ્ય સૃષ્ટિધામો આ પૃથ્વીની પાર છે; ને તેના સૌ પાલક નો એ રાજાધિરાજ તે પરમાત્મા છે. નરી પ્રકાશપૂર્ણ તો તેની નગરી છે, નર્યો પ્રકાશપૂર્ણ તેનો દિવ્ય મહાલય છે, તે સર્વ ચક્ષુ ને સર્વશ્રોત્ર તે સર્વતો પાણિવાયુ—સર્વત્ર વિશ્વવિશ્વા રમાં એકમદ્વિતીયમ્ રૂપે વિચરે છે-વિહરે છે. તે આનંદ પારાવાર પ્રકટાવી રહે છે. તેના આ દમાંથી આનંદજ સર્વત્ર પ્રસરે છે—પ્રકાશમાંથી પ્રકાશજ સરે છે, તેમ ચંદ્રમાંથી ચંદ્રિકા સૂર્યમાંથી સૂર્યતેજ પ્રસરે છે-પ્રકટે છે તેમ આનંદવિહોણી તેની દૃષ્ટિજ નથી. જ્યાં જ્યાં આન નથી ત્યાં ત્યાં તે નથી—તેની અમૃતગીટી દૃષ્ટિ નથી. ઉંચો ને ભવ્ય આનંદ, આત્મિક ને પ્રેમ આનંદ તેને રુચે છે, પરમ સેવાભાવી આનંદ તેને આનંદે છે, કૌટુમ્બિક આનંદ તે પોષે છે, સ શ્રીમદ્ ઉર્જીત એ સર્વ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં તે ઉભેલ છે. મજૂરની મજૂરીનો આનંદે તેનોજ કારણ તે જાતેજ અનન્ય સેવક છે. સાચો સ્વામી તેજ કે જે સાચો સેવક છે. તેના સ્વામિત્વ આનંદ તેજ તેના સેવકત્વનો ઉલ્લસિત આનંદ છે.

તેની ધુંસરી નરમ છે. તે નરમ ધુંસરીને જે કોઇ ધારણ કરે છે-શાન્તિથી અને બી ફરિયાદે-તેનાં યોગક્ષેમ તે વહી રહે છે. વણમાગ્યાં અતીવ શ્રેયસ્કર મહાદાનોનેજ સ્મરણમાં લાવી તોયે તેણે ઉપજાવેલો પ્રત્યેક ચિત્તનો આનંદ નિરવધિ થઈ પડશે—આ પ્રાણ, આ આકાશ, પ્રકાશ, આ સૌ સૃષ્ટિસૌન્દર્ય, આ જીવની કાળપરંપરા.

શિકાયત—ફરિયાદ તો માણસને ઘટતીજ નથી. તેણે એટએટલું આપ્યું છે—બક્ષ્યું છે—વ છે—કે વધુ માગી શકીએજ નહિ. 'પેરેડાઇઝ લોસ્ટ' આપણેજ કર્યું છે, બાકી તેણે તો સ્વ રાજ્યના ધણીરણી આપણને ઠેરવ્યા હતા—સ્થાપ્યા હતા. એજ 'પેરેડાઇઝ રીગેઇન્ડ' પણ પણેજ કરી શકીએ છીએ—તેના આનંદના માર્ગે વહીને, તેના સુરચિત ભવ્ય શાસનને અનુસ ને-તેની આહ્લાદક નરમ ધુંસરી ધારણ કરીને.

× × × × ×

ઉચ્છિષ્ટ અને અમેધ્ય અન્નની માફક આત્માને ત્રાસક એવા સર્વ કોઈ વિચારોનો સર્વ

ભાગજ પડે છે. નહિતર વિશેષ પ્રકારની તેમની ભક્તિ, વૃત્તિ, વાણી ને કૃતિ મહાત્માઓના નીમાનિ-ભાગજ ... કરતો રહે છે–સંપૂર્ણ આત્મસાધન સ્થાપી રહે છે. જેમાં આત્મા સ્વસ્થાન મૂકે છે, ને અંતે વિનાશને પામી રહે છે. સ્મૃતિભ્રમ અને બુદ્ધિનાશ તો તેના અનુયાયી ને પગથી આવે છેજ.

જેણે જીવન જેવી મહાન બક્ષિસ આપી છે–વિનાશમાર્ગે–ને તેને ગોપવાની આપણી પણ પુરી પાત્રતાજ રહેલ છે. પશ્ચાત્તાપનો સૌ પર્યાંનો વિકાસ ને વિશ્રામ આપમેળેજ પ્રાપ્ત થઈ શકેલો છે. જે કાળે જે યોગ હશે તે કાળે તે થઈજ રહેશે. આપણે ઇચ્છનું વા અનિચ્છનું તોય.

આથી કરીને હું કનિષ્ઠ છું, હું નીચ છું, હું બેનસીબ છું, હું નનશીર છું અને તેમજ રહેવા સરજાયેલ છું, એવું એવું કૂર ભાન કે એવી કોર માન્યતા તો કદી પણ ન થવાં જોઈએ. ઇશ્વરને તો કીડીથી કુંજર તેમજ મનુષ્યથી મહાન દેવોપર્યંતની સર્વની ફિકર છે. તેણે આ પૃથ્વી તેમજ ઇતર મહાપ્રભુની સૃષ્ટિઓ વિનાહેતુએ વા વિનાઆશયે તો નથીજ સર્જી. નાનુંમાનુંયે કાંઇ તેના ભવ્ય વિશ્વમાં નિરર્થક નથી; તેમ નિરર્થક રહેવાયે સરજાયું નથી. એક કીડાને પણ પુરુષાર્થ કરવાની તક મળી છે, એ કરેણી કાંઇ ખોટી નથી. મનુષ્યોની કને પુરુષાર્થ મોકો છે, તે તે વડે જે જે ભાવનાઓ ઘડે છે તેને પ્રાપ્ત કરવાની પરમ પ્રયત્નશીલતાય તેનામાં ભરાયેલી છે. હવે કહો કે મનુષ્ય કયી રીતે કનિષ્ઠ ને નીચ છે ? ઉચ્ચ–નીચતાના ભાવો તો પોતાના મનના છે, જેને મિથ્યા ભાસન વસ્તુઓપરત્વે ઘસડાતું અટકાવવું અને નિશ્ચલ રાખવું એજ ઉંચું કર્તવ્ય છે.

× × × × ×

શાન્તિના સર્વ કોઇ માર્ગો ઇષ્ટ છે. અશાન્તિ જે વડે ઉત્પન્ન થાય તેમાં સર્વ કોઇ વિચારો, શબ્દો ને કાર્યો સર્વથા અનિષ્ટ છે. શાન્તિમાંજ પરમાત્મપ્રાપ્તિની ભાવના છે, અશાન્તિમાં અસુરપ્રધાન રાક્ષસ ઉભો છે ને સર્વસ્વનું પ્રાશન કરી રહ્યો છે.

મોટમોટા ખડકો તૂટી પડે, મોટમોટાં વિઘ્નો આવી પડે, મોટમોટી દેખાતી હારો ને પરાજયો આવી પડે, આવી જાતના સો કિસ્સા જમીનદોસ્ત થાય તોય આત્મશાન્તિ તો નજ તજવી એવો સાચો સંકલ્પ સદાને માટે હોવોજ જોઇએ.

કોઇજ કોઇનું બગાડી શકતું નથી. નાનું તૃણસરખુંય તેની ઇચ્છાવિના ઉપાડી શકાતું નથી. પોષક તેમજ સંહારક કાર્ય તેનાંજ છે. વેર તેનું છે અને તેને તે અદા કરશે. મનુષ્ય નહિ; ઇતર કો પ્રાણીય નહિ.

× × × × ×

મનુષ્યજન્મ તેના સ્વરૂપમાં તો અદીયે ધન્યજ છે, જો સાચી રીતે જીવાય તો–જીતાય તો. ઇહ તે જિતઃ સ્વર્ગઃ અહીંજ તેમને માટે સ્વર્ગ જીતાયેલ છે, જે જાતે આત્મજિત છે. કામ, ક્રોધ, રાગ, દ્વેષ, લોભ, હિંસાભાવ ઇત્યાદિને જે ચિત્તમાં જરાપણ સ્થાન નથી આપતા તે સૌ આત્મજિતજ છે–તે સૌ અહીંજ ધન્ય છે. વર્તમાન સંધો ધન્યના માનીને ઉજળા રહેલજ તેઓ છે ભવિષ્યની તેમને દરકાર નથી. ત્રિકાળ તેમને માટે એક જીવન્ત વર્તમાનમાજ ઓતપ્રોત થયેલ છે.

'બુદ્ધિવાદની બાહોશીવાળા વિદ્વાનો બહુધા કર્તવ્યશૂન્ય હોય છે.' 'મઠ રૅાદરફૅાર્ડ'

'ઉચ્ચ કોટિના માણસો કોઇનુંય ધ્યાન ખેંચવા મથતા નથી. કોઇની આગળ હાથ ધરવાનું કે ખુશામત કરવાનું તેમને પસંદ હોતું નથી. આથીજ અલ્પ બુદ્ધિવાળા અને ખુશામતની ટેવવાળા લોકો ભમે તે ગેળવી શકે છે.' 'ઓમાર્ક'

'લાયકાત વગર ઈશ્વરી જ્ઞાન મળતું નથી.'

'બીજાના દોષ જોવામાં ન રહી જતાં આગળ વધો.'

'ધાર્મિક વાતો કરવી એ કાંઇ મોટી વાત નથી, પરંતુ સંકટના વખતમાં પણ બરાબર ધર્મ પાળવો એજ સુરેકા છે.'

(હિંદુસ્તાનના દીપોત્સવી [illegible])

દુર્ગુણોનો અસરકારક ઉપાય

("સાંજવર્તમાન" તા. ૧૨-૯-૧૩ ના અંકમાંથી-લખનાર-**મી૦ બેહમન શે. જા. ખનાજી**)

માણસજાત અપૂર્ણ છે અને તેથી ભૂલચૂકને પાત્ર છે. કમનસીબે કેટલાંક માણસો ખરાબ સોબતથી અથવા કુદરતી ખરાબ મનની વલણને લીધે કેટલીક ખરાબ ટેવો અને દુર્ગુણોના ભોગ થઇ પડે છે. અને પોતાના નસીબનું નખ્ખોદ વાળે છે અને બીજાઓને દુઃખી કરે છે; તેમજ આપણે સઘળા અપૂર્ણ હોવાથી આપણા સર્વમાં કાંઇ ને કાંઈ ખોડખાંપણ તો હોયજ. નવા વર્ષના પવિત્ર દિવસે આપણી ખોડખાંપણ અને આપણા દુર્ગુણો ઉપર વિચાર કરવાની અને તેઓને દૂર કરવાની આપણી ફરજ છે.

સાધારણ રીતે જોતાં પતેતીનો દિવસ ખાસ એવીજ રીતે પસાર કરવાની આપણી ફરજ છે. આવી નેમથી તમો સન્મુખ આ અગત્યની બાબત વિષે સૂચના કરવાની રજા લઉં છું.

પશ્ચાત્તાપ—પશ્ચાતાપ એ બંદગીનો એક ભાગ છે. પશ્ચાત્તાપ કરતી વખતે બંદગી કરનાર પોતાથી થયેલા જાણ્યા-અજાણ્યા ગુનાહોને માટે ખુદા આગળ પોતાની દિલગીરી જણાવે છે અને ફરીથી આવા ગુન્હા ન કરવાને ઇશ્વરને વચન આપે છે; અને એ ગુન્હાં માફ કરવાને ખુદાને વિનતિ કરે છે. બંદગીનો આ ભાગ કેટલો ફાયદાકારક છે તે આપણને સહેલાઇથી માલમ પડે છે. બંદગીના આ ભાગથી માણસ દર દિવસે વધારે ને વધારે સદ્‌ગુણી થવાની કોશીશ કરે છે અને ગુન્હા કરતો અટકે છે. ગુન્હાભરેલાં કામોથી દૂર રહેવા અને સદ્‌ગુણોમાં વધારો કરવા બંદગી કરનારે આ ભાગ ઉપર ખૂબ ધ્યાન આપવું જોઇએ છીએ. હવે બીજા ગુન્હા કરીશ નહિ એવું વચન દરરોજ આપવામાં આવે છે, તે પાળવાની કોશીશ કરવી જોઇએ; તોજ આપણે ઇશ્વરની કૃપા મેળવી શકીએ છીએ, એવો ખ્યાલ કુદરતી રીતે બંદગી કરનારના મનમાં આવે છે, તેથી તે ગુન્હા કરતો અટકે છે. સદ્‌ગુણી બની સુખી થવાની આ રીત કેટલી સહેલી અને ફાયદાકારક છે! જેઓ બંદગીના ફાયદા માનતા નથી તેઓને સવાલ કરવામાં આવે છે કે, તેઓની પાસે કાંઇ બીજી એવી સહેલી રીત છે કે જેથી માણસો ગુન્હાં કરતાં અટકે! જેને ઇશ્વરનો ડર હોય છે તે જ નાની તેમજ મોટી ચીજોમાં ગુન્હા કરતો અટકે છે; પણ જેઓને ખુદાનો ભય હોતો નથી અને બંદગી ઉપર ઇતબાર હોતો નથી તેઓ દરરોજ ગુન્હાભરેલાં કામો કરે છે અને છેવટે દુઃખી થાય છે. માણસજાત ગુન્હાને પાત્ર છે; પણ જેઓ પોતાનો જે રીતનો ગુન્હો થયો હોય તેનો ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ કરે છે અને હવેથી એ ગુન્હો ન થાય તે વિષે ખુદાને વચન આપે છે, તેથી તે ખુદાની કૃપા મેળવે છે અને તે ખુદાના રક્ષણમાં રહે છે. તે દિનપરદિન ગુન્હો કરતો અટકે છે અને છેવટે સદ્‌ગુણી બની ઉત્તમ સુખ મેળવવાને શક્તિમાન થાય છે. બંદગીના બળથી કેટલાક માણસોએ પોતાની દુર્ગુણી ટેવો કેમ દૂર કરી હતી તેના જાણવાલાયક દાખલા વાંચનારની ખાત્રી કરવા અહીંઆં રજુ કરવામાં આવે છે.

બંદગીના બળથી એક વિદ્યાર્થીએ પોતાના દુર્ગુણો ઉપર મેળવેલી ફતેહ

એક ચોપાનીઆંમાં એક વિદ્યાર્થીએ પોતાની દુર્ગુણી ટેવો બંદગીના બળથી કેમ સુધારી તેનો નીચે પ્રમાણે હેવાલ આપ્યો છેઃ—

"હું જાણું છું કે હું એક ખ્રિસ્તી છું, પણ ખ્રિસ્તીતરીકેના સદ્‌ગુણો ધરાવતો નથી. વારંવાર કેટલો લલચાવનારો સેતાન મને લલચાવી જતો હતો. મારા મનમાં સતત પાપી અને દુર્ગુણી વિચારો ભરાયા કરતા હતા અને મને એમ લાગતું હતું કે, આવા વિચારો કરવા ન જોઇએ. [illegible] હતો અને ખુદાને બંદગી કરતો કે, મને પવિત્ર બનાવ. પહેલાં થોડાક મહિના સુધી મને એમ લાગતું કે, મારાથી અંતરમાં મારી તપાસ કરવા, વાંચવા અને બંદગી કરવા સિવાય બીજું કંઇ કરી શકાતું નથી; અને જેમ જેમ હું મારી તપાસ કરતો ગયો, તેમ તેમ મેલા [illegible] વધારે ને વધારે માલમ પડતી ગઈ અને વધારે ને વધારે જણાયું કે, તેઓને દૂર કરવા [illegible] અશક્ય છે, પણ ઇશ્વર મારી નજદીક હતો અને તેની કૃપા એક [illegible] હું [illegible] દૂર રહી પવિત્ર જીંદગી ગુજારવાની કોશીશ કરતો હતો. મારી

ગુજારવાને માટે હું આંખમાં આંસુ લાવી ઈશ્વરની બંદગી કરતો હતો. કેટલાક અઠવાડિયાં આ પ્રમાણે મેં બંદગી કરવાનું ચાલુ રાખ્યું. રફતે રફતે મને રાહત મળવા લાગી. વસંત ાં પેલા લલચાવનારા સેતાન સાથે ખૂબ લડત ચલાવ્યા પછી અને ઘણીક રીતે હલકી સ્થિ- આવ્યાપછી બે અઠવાડિયાં સુધી પૂરની શાંતિ મળી. ત્યારપછી વળી બીજી લાલચોની સામે ચલાવવી પડી હતી, પણ ખુદાની કૃપાથી તેમાં ફતેહ મળી હતી. સંધ્યા વખત ખુદાની માટે કેટલો બધો નાલાયક હું તેનો મને ખ્યાલ આવતો, ત્યારે મારી આંખમાં આંસુ આ હતાં. જુન મહિનાના પહેલા અઠવાડીઆમાં અમે બંદગી કરવા ભેગા મળ્યા, મને ઘણોજ ંદ લાગ્યો, જો કે હું નાલાયક હતો. અમારી બંદગી વારંવાર થતી અને સઘળાઓને આ- ભળતી હતી.

એક વખત રવિવારે અમારા પેગમ્બરે મરતી વખતે જે પ્યાર સઘળાઓ ઉપર જાહેર કર્યો , તે વિષે અમે બંદગી કરતા હતા. બંદગી ખલાસ થયા પછી ભજન ગાતા હતા તેટલામાં મારાં ાાં એકદમ એવી તો રોશની પ્રકટી નીકળી અને તેનો ઝળકાટ એટલો તો હતો કે હું ભજન ી શક્યો નાદ અને મોટેથી બોલી ઉઠવાને અંકુશ રાખી શક્યો નહિ. કેટલાક દિવસો સુધી મને ું કાંઇ કરવાનું ગમ્યું નહિ કે રખેને જે આનંદ મેળવ્યો છે તે ખુદાને ગુસ્સે થવાનું કારણ ી તરફથી મળે તો જતો રહે; પણ રફતે રફતે મને મજબૂતાઈ આવી; મારો આનંદ નદીની ૂર વહેવા લાગ્યો અને વર્ણવી ન શકાય એવી ખુશાલી અને ઇશ્વરની આશિષ મારામાં ૂર થયાં. ચૌદ મહિના પસાર થઇ ગયા છે તે છતાં મારામાંથી કદી પણ આવો આનંદ જતો ો નથી. શરીરની નબળાઇ સિવાય આ આનંદનો બીજી કોઇ પણ રીતનો અટકાવ થયો નથી. ઘણો આનંદ ખુદાની મરજીને આધીન થવાનો છે.

બંદગીના બળથી એક બાનુએ ચીડીઆ સ્વભાવ ઉપર કાબુ મેળવ્યો.

એક બાનુનો સ્વભાવ ઘણો ચીડીઓ અને ગુસ્સાવાળો હતો; તેણી કેટલીક વખતે એકદમ ાનાનો મિજાજ ખોઈ દેતી, જેથી તેણી ઘણી દિલગીર થતી હતી; કારણ તેણીને એમ લાગતું હતું , આવા સ્વભાવથી તેણી સદગુણી બાનુ કહેવાય નહિ. આ પ્રમાણે જાણ્યા છતાં તે પોતાના સ્વભાવપર ાબુ રાખી શકતી ન હતી. પોતાના આવા સ્વભાવને લીધે તેણી પશ્ચાત્તાપ કરતી અને ખુદાને બંદગી કરતી હતી; પણ બંદગીપર અને ખુદાપર જે રીતનું આકીન રાખવું જોઇએ તે રીતનું તેણીમાં ન હોવાથી તેણીની બંદગી અને તેણીની કોશીશો નિષ્ફળ નિવડતી હતી. બાનુઓની બંદ- ગીને માટે મળા મળી હતી. તે વખતે તેણીને ખુદાપર અને બંદગીપર પૂરતું આકીન રાખવા અને ખુદાને પોતાને સોંપી દેવાને સઘળાંએ તાકીદ કરી હતી. તેણીએ એ પ્રમાણે કર્યું અને ઘેર જતાં જતાં તેણીએ બંદગી કરી કે તેણીને ફતેહ મળે. તેણી જાણતી હતી કે પોતે કુટુંબમાં વારંવાર ગુસ્સે થતી હતી અને કોઇપણ રીતે પોતાનો ગુસ્સો અટકાવવાનું તેણી અશક્ય માનતી હતી; પણ હવે તેણીએ ખુદાપર ઇતબાર રાખ્યો હતો. તેણી, હવે માનતી હતી કે ખુદા સર્વશક્તિમાન છે અને તેના શક્તિ આપણી ઉપર રહે છે. ઘેર પહોંચ્યાને પોતાનું બારણું ઉઘાડતા તેણુ એ જોયુ કે, તેણીનો નોકર તેણીના આપેલા હુકમથી નાફરમાન થઇ આગલા દાદરેથી પાણીનું વાસણ લઇ જતો હતો. આ ખામોશ કરવાનું તેણીને ઘણુંજ મુશ્કેલ માલમ પડ્યું; પણ સૌથી વધારે ખરાબ તો એ થયું કે, પેલા નોકરે પો- તાની બાઇને આવી રીતે ઓચિંતી આવી લાગેલી જોઈ અને પોતાને તેણીના હુકમથી વિરૂદ્ધ કામ કરતો જોયો, ત્યારે પેલો નોકર એકદમ ગભરાઈ ગયો અને આવા ગભરાટમાં તેના હાથમાંનું પાણીનું વાસણ ઓરડાના ગાલીચાપર ઢોળાઈ ગયું પેલી બાનુ એક બોલ બોલી નહિ પણ પો- તાના મનથી ખુદા મને મદદ કર ' ખુદા મને મદદ કર ! એમ બોલવા લાગી. તેણીએ પોતાના સ્વભાવપર કાબુ રાખી સઘળું સાફસૂફ કરાવી નાખ્યુ. બંદગીના બળથી આવું શિક્ષણ મળેલું જોઇ, તેણીને પોતાના સ્વભાવ ઉપર કાબુ મેળવવાને પહેલા અશક્ય લાગતું હતું તે હવે તેણીને લાગ્યું નહિ.

બંદગીના બળથી દારૂ-તંબાકુની ટેવો દૂર થઈ.

વિલિયમ બે નામનો ધર્મગુરુ, એક બાકડા માણસને બંદગીના બળથી પોતાની એ મોટી ટેવ કેમ છૂટી હતી તેનો નીચે પ્રમાણે દેખાવ આપે છે. પચીસ વરસથી વધુ વખતની તેને તંબાકુ-

ણાની માઠી ટેવ હતી. જ્યારે તે એ ટેવ છોડવાની કોશીશ કરતો હતો તે વખતે એ ટેવની તલબ બહુજ જોરાવર થવા લાગી અને કેટલાંક વરસો સુધી કંટાળો લાગ્યો. એક દિવસે જ્યારે ઘણીજ ઠંડી પડતી હતી, તે વખતે તે બજારમાંથી માલ ખરીદી ઘેર પાછો ફરતો હતો. રસ્તામાં એક દારૂની દુકાન આગળથી પસાર થવાનું હતું. જેમ જેમ તે દુકાનની નજદીક આવતો ગયો, તેમ તેમ તેની આગલી ટેવ વધારે ને વધારે જોર કરવા લાગી અને તેને એવું લાગ્યું કે, હવે આગળ પસાર થઈ શકાવાનું નથી. તેને એવું લાગ્યું કે તે દારૂની દુકાન આગળથી પસાર થઇ શકાતુંજ નથી. પોતે ખરીદેલો માલ બાજુ મૂકી દીધો, પાસેના જંગલમાં ગયો અને ગોઠણે મંડળે પડી ખુદાને કાકલુદીથી બંદગી કરી કે, આ ખરાબ તલબમાંથી તેને છોડવે. તે કહે છે કેઃ–"ખુદાએ મારી બંદગી સાંભળી અને તેનો મને જવાબ મળ્યો. હું જમીનપરથી ઉઠ્યો તે વખતે આ ટેવથી છૂટો થયેલો માણસ થયો અને તે વખતથી તે આજસુધી હું છૂટો છું."

બીજો દાખલો

ટેનીસીમાં એક અધિપતિ કે જે તંબાકુનો ગુલામ થઇ ગયો હતો, તે પોતાનો હેવાલ નીચે પ્રમાણે આપે છેઃ–"તંબાકુની ટેવ છોડવાને હું દઢ મનથી વારંવાર નિશ્ચય કરતો હતો. કોઇ કોઈ વખત થોડાક મહિના અથવા અઠવાડિયાં. એક વખત બાર મહિનાસુધી તંબાકુથી દૂર રહ્યો, પણ એ ચીજની તલબથી તદ્દન છૂટો થયો ન હતો."

"તા૦ ૧ લી ડીસેંબર ૧૮૫૦ ને રવીવારે સવારે હું એકાંત જગ્યામાં ગયો. મારા ગોઠણે પડયો અને ખુદાને અરજ કરી કે, આ ટેવ છોડવાને મને મદદ કર. ત્યાં ને ત્યાં તેણે પાકો નિશ્ચય કર્યો કે, ખુદાની મદદથી આ શાપપાત્ર ચીજને કદી પણ અડકીશ નહિ; અને તે દિવસથી આજસુધી મને બીડી પીવાની અથવા તંબાકુ ખાવાની તલબ થઇ નથી. જ્યારે પણ હું તંબાકુ જોતો તે વખતે ઈશ્વર તરફ મારૂં અંતઃકરણ રાખી, આ ચીજથી દૂર રહેવાને મને મદદ કરવાની તેને આજીજી કરતો હતો. હું આજે ૨૩ વરસ થયાં એ ચીજની ઈચ્છાથી દૂર થયો છું."

પ્રિય વાંચનારને છેવટે મારી એટલીજ સૂચના છે કે, કોઈ ખરાબ ટેવ પડી હોય તો તે એકદમ દૂર થઇ શકશે નહિ, ઘણીક વખતે એ ટેવ ઉપર કાબુ મેળવવામાં નિષ્ફળતા મળશે, તેથી કોશીશ છોડી દેવી નહિ; પણ ખંત રાખવી અને જ્યારે પણ ખરાબ ટેવ હુમલો કરે, તે વખતે બંદગી કરવી ચાલુ રાખવી. ઘણીક કોશીશો પછી બંદગીનું બળ જોરાવર થશે અને છેવટે એ ખરાબ ટેવોથી દૂર રહેવાની પૂરતી શક્તિ મળશે. છેવટે એટલુંજ ઇચ્છું છું કે, આ પતેતીના શુભ દિવસે સર્વ કોઈ પોતાની ખોડખાંપણ તપાસી બંદગીના બળવડે તેઓને દૂર કરી ખરૂં સુખ ભોગવવાને શક્તિવાન થાય ! આમીન !

આંખનો આબાદ ઉપાય

ખાખરાના મૂળનો અર્ક—આ અર્કને સુરમો આંજવાની સળીવડે આંખમાં આંજવાથી આંખની ઝાંખ, ખીલ, પડળ, ફુલું, છારી વળવી, મોતીઓ, ઝામરવા વગેરે આંખનાં તમામ દરદોમાં ફાયદો થાય છે. આ દવા થોડા દિવસ આંખમાં આંજવાથી આંખનું એટલું બધું તેજ વધી જાય છે કે, ઘણા વિદ્યાર્થીઓનાં ચશ્મા ઉતરી જાય છે. આ દવા આંખનાં દરદોમાટે ખાસ અનુભવસિદ્ધ અને અકસીર છે.

ખાખરાનાં મૂળના લાંબા લાંબા પાતળા ટુકડા કરીને એક હાંલ્લામાં ભરીને એક શકોરાથી તેનું મોં બંધ કરી દેવું. પછી જમીનમાં એક ખાડો ખોદી તેમાં કલાઇવાળું અથવા માટીનું શીડું વાસણ મૂકવું અને તેની ચારેબાજુએ પાણી ભરી રાખવું. પછી બંધ કરેલા હાંલ્લાને કાણું પાડી તે કાણું નીચેની તરફ રહે તેવી રીતે ખાડામાંના વાસણ ઉપર મૂકી સજ્જડ બંધ કરી તેની ચારે તરફ અડાયાં-છાણાંનો તાપ કરવો. આથી મૂળીઆંનો અર્ક છિદ્રવાટે નીચેના વાસણમાં ટપકશે. જે ઘરભાગ હોય છે તે નીચે જામી જશે અને પાતળો અર્ક ઉપર રહેશે. તે પાતળા અર્કને ગાળી લેવો અને તેનો અંજનતરીકે ઉપયોગ કરવો. આથી ઉપર જણાવેલાં આંખનાં તમામ દરદોમાં ફાયદો થશે.

મઘની સેવાવૃત્તિ

("બુદ્ધલીલા સારસંગ્રહ" નામના પુસ્તકમાંથી)

હજારો વર્ષ પૂર્વે મગધ દેશમાં મચલ નામના એક ગામડામાં એક ખેડૂતના કુળમાં મઘ [illegible] હતો. તે જ્યારે ઉંમરલાયક થયો, ત્યારે પોતાના ગામના લોકોની સ્વાર્થપરાયણતા [illegible] ખૂબ ખિન્ન થયો. તે પોતાના ગામના રસ્તા સાફ કરવાનું, ગંદવાડ દૂર કરીને [illegible]નું, પોતાના પાણીમાં ગંદુ પાણી ભળે નહિ તે માટે કૂવાને પાળ બંધાવવાનું, વગેરે બીજાં લોકોપયોગી કામો કરતો; પરંતુ તેના આ કામથી રાજી થવાને બદલે ગામના લોકો તેને [illegible] તેઓ ચોરાઓપર કે દારૂનાં પીઠાંપર બેઠા બેઠા કહેતા કે, "જુઓ! આ પેલો મૂર્ખનો મઘ! [illegible] ઘરનું કામ છોડીને આવ્યો નકામી માથાફોડ કરવાને! એકલાથી તે કંઈ આખા ગામનું થયું છે કે? આપણે ભલા ને આપણું કામ ભલું! તેને બદલે આ તો ગામનું ભલું કરવા નીકળ્યો છે! શું કરવું છે આપણે આખા ગામને! મઘને પોતાની મૂર્ખાઈ માટે કોઈક દિવસ પસ્તાવો પડશે."

મઘની ઉઘાડી નિંદા થતી, એટલુંજ નહિ પણ તેનાં સગાંઓ પણ તેની વિરુદ્ધ હતાં; તોપણ પોતાનું કર્તવ્ય છોડી દીધું નહિ. મઘ એક દિવસ એકાદ રસ્તો સાફ કરે અને બીજે દિવસે આસપાસની ઘરમાંથી સ્ત્રીઓ કચરો નાખી જાય. કોઈ વૃદ્ધ કહે કે, આ ગંદવાડ શું કામ છે! તો તેઓ કહેતીઃ–"તમારે શું! પેલો મઘ મુઓ છે ને! તે ભલેની અને કચરો સાફ!"

મઘના આત્મસંયમનું પરિણામ જૂના જમાનાના લોકો ઉપર તો કાંઈ પણ થયું નહિ; પરંતુ તેનો આ માર્ગ સારો કેમ ન હોય એવી એક બે તરુણોને શંકા આવવા લાગી.

ગામના બે તરુણ મિત્રો મઘથી આકર્ષાઈને તેને ગુરુ કરવાના ઇરાદાથી તેની પાસે ગયા અને બોલ્યાઃ–"આજસુધી અમે તારી ઉપેક્ષા કરી, એ માટે અમને અનંત દુઃખ થાય છે. અજાણીને ઘેર પડેલી થાપણની જેમ ખબર ન પડે, તેમજ તારા સદ્‌ગુણની તું અમારી પાસે હોવા છતાં અમને ખબર પડી નહિ. આજથી અમે તારા શિષ્ય થઈ તારું અનુકરણ કરી સત્કર્મમાં કાળ ગાળવાનો નિશ્ચય કર્યો છે." મઘ બોલ્યોઃ–"મિત્રો! સદાચરણમાં કાળનો સદ્વ્યય કરવાની તમારી ઇચ્છામાટે તમને ધન્ય છે; પરંતુ આમાટે મારું શિષ્યત્વ સ્વીકારવાની આવશ્યકતા નથી. મારા જેવા તો મર્ત્ય–નાશવંત છે, એ તમે જાણોજ છો; માટે આવા ક્ષણભંગુર પ્રાણીનું શિષ્યત્વ સ્વીકારતાં આપણે બધા ધર્મનું શિષ્યત્વ સ્વીકારીએ તો સારું; કારણ ધર્મ શાશ્વત છે. તે અનાદિ છે, તેને આપણી પાસેથી કોઈપણ દૂર કરી શકે એમ નથી."

"કુમાર્ગથી નિવૃત્તિ અને સત્કર્મમાં પ્રવૃત્તિ એને સાધુ લોક 'શીલ' કહે છે. પ્રાણીનો ઘાત ન કરવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, અસત્ય ભાષણ ન કરવું અને માદક પદાર્થનું સેવન ન કરવું—એ પાંચ નિયમ એકનિષ્ઠાથી પાળીએ તો આપણે કુકર્મથી બચી જઈએ અને પરોપકારાદિ સત્કૃત્યમાં આપણા કાળનો ઉપયોગ કરી શકીએ."

તરુણ બોલ્યાઃ–"આજથી આ પાંચ નિયમો અમે બરાબર શ્રદ્ધાપૂર્વક પાળીશું અને ઘરકામથી બચેલો કાળ સત્કર્મમા ગાળીશું."

આમ ધીરે ધીરે મઘને ત્રીસ અનુયાયી મળ્યા. તે સૌએ મળી રોગી લોકોમાટે અને અનાથ અપંગ લોકોમાટે એક ધર્મશાળા સ્થાપન કરી. આસપાસના ગામના રસ્તા સાફ કર્યા, નાના નાના પૂલો બાંધ્યા, તળાવો ખોદ્યાં અને એવાં બીજાં લોકોપયોગી કામો કર્યાં. આ ઉપરાંત તેઓ પોતાના પરગણાના લોકોને પંચશીલનો ઉપદેશ કરતા. તેમના આ કાર્યનું આખા પરગણા ઉપર એવું પરિણામ થયું કે, થોડા અપવાદ બાદ કરતા ત્યાંના બધા લોક સદાચારી બન્યા. દારૂનાં પીઠાંવાળાને પોતાની દુકાનો બંધ કરવી પડી અને ત્યાંના મુખી–ન્યાય અને વસુલી અમલદાર–ને દંડના રૂપમાં ઘણીજ મોટી પ્રાપ્તિ થતી, તે નહિ જેવી થઈ ગઈ.

આ પરગણાના લોકોમાં પહેલાં એટલા ટંટા થતા કે તેનો નિકાલ કરતાં મુખીને જમવાની સુદ્ધાં ફુરસદ મળતી નહિ; પણ હવે મુખીને આખો દિવસ તકીઆને અઢેલી વાતો કરતાં બેસવું અને કચેરીનો વખત પૂરો થતાં ઘેર જવું, એટલોજ ઉદ્યોગ રહ્યો. પોતાના પરગણામાં સ્થિતિ આવીઃ

કેમ પલટાઇ ગઇ, તેની તપાસ કરતાં મઘ અને તેના ત્રીસ અનુયાયીઓએ આ બધી ક્રાંતિ કર્યું મુખીને જણાવ્યું. આ ત્રીસને આ પ્રદેશમાંથી ઉંચકી લીધા સિવાય લોકો પહેલાંના જેવી સ્થિતિમાં આવશે નહિ એમ વિચારી કાંઇ જરૂરી કામમાટે પોતે મગધદેશના રાજાને મળવા જાય છે એમ પોતાના હાથ નીચેના લોકોને જણાવી તેણે રાજધાનીનો રસ્તો પકડયો.

રાજાને મળી મુખી બોલ્યો:–"મહારાજ શું કહેવું ? અમારા દેશમાં ત્રીસ તોફાનીઓ અને તેમના નાયકે ઘણોજ ઉત્પાત મચાવી મૂકયો છે. બધા લોક ગામ છોડી નાસે છે અને હરામખોરોના ડરથી અમારા પ્રદેશમાં બીજા લોક આવતા નથી; આ પ્રમાણે ખેતી, વેપારરોજગાર બધું બંધ પડી ગયું છે. હવે આપને અમારા પરગણામાંજ નહિ, પણ આસપાસના સૌ પ્રાંતમાં પણ કર વસુલ કરવો અશકય થઈ પડશે."

રાજા અતિશય સંતાપ પામી બોલ્યો:–"આ વાત તમે મને જણાવી એ બહુ સારૂં થયું; તમારી સાથે હું નાની ફોજ આપું છું, તેની સહાયથી તમે તે તોફાનીઓને પકડી લાવો."

મુખીએ પોતાના પરગણામાં જઈ, મઘ અને તેના સાથીઓને પકડયા. તેઓએ મુખીનો કાંઇ પણ વિરોધ કર્યો નહિ. તેમને પકડવામાટે રાજાનો હુકમ છે, એમ કહેતાંની સાથેજ તેઓ પોતાની મેળે સ્વાધીન થયા, તેમના હાથપગમાં બેડીઓ ઘાલી દીધી અને તેમને પકડી આણ્યાના સમાચાર રાજાને આપ્યા. રાજા તે વખતે અંતઃપુરમાં હતો. આ દરોડાખોરોને જોવાની તેને ફુરસદ નહતી. તેણે ત્યાંથીજ હુકમ છોડયો કે, તોફાનીઓને મહેલના આંગણામાં ઉંધા સુવાડી તેમના શરીરપર હાથી ચલાવો.

રાજાના હુકમ પ્રમાણે મઘ અને તેના સાથીઓને મુસ્કેટાટ બાંધી ઉંધા સુવાડવામાં આવ્યા. પછી હસ્તીશાળામાંથી એક મદોન્મત્ત હાથી તેમનાપર છોડવાને સજ્જ કરવામાં આવ્યો.

મઘે પોતાના અનુયાયીઓને કહ્યું:–"ભાઇઓ ! આજસુધી આપણે સદાચારમાં કાળ ગાળ્યો છે. હવે આપણામાંના કોઇને એમ લાગવાનો સંભવ છે કે, સદાચરણથી મનુષ્ય સુખીજ થાય છે એમ નથી. અમે અમારૂં જીવન સત્કર્મમાંજ ગાળ્યું છે, છતાં અમારાપર આ સંકટ કેમ આવ્યું? પણ મિત્રો ! આ સમયે એવા વિચારનો સ્પર્શ પણ તમારા દિલને થવા દેશો નહિ. આ લોકમાં ન્યાયયુક્ત વ્યવહાર નહિ હોય, છતાં પરલોકમાં આપણાં કર્મોનું યોગ્ય ફળ આપણને મળવાનું છે. આ લોકમાં કોઇ લુચ્ચો માણસ પુષ્કળ સંપત્તિ મેળવે છે અને કોઇ સત્પુરુષ દારિદ્રયમાં દળાય છે, એટલે આ લોકમાં તો માણસને ન્યાય મળતો નથી, એ ખુલ્લું છે; પરંતુ આપણાં કર્મોથી આપણે એટલા બધા બંધનમાં આવી જઇએ છીએ કે તેને લીધે પરલોકમાં આપણો છૂટકારો થવો અત્યંત અશકય થઈ પડે છે; માટે આપણાં કુકર્મોજ આપણા રક્ષક અને આપણાં સત્કર્મોજ આપણા ન્યાયાધીશ થશે, એ ચોકકસ ધ્યાનમાં રાખજો. વળી તમારા મનને ખોટું લાગતું હોય તે વખતે જો તમારૂં મરણ થશે તો તેનું પરિણામ અત્યંત અનિષ્ટ આવવાનું, કેમકે મનુષ્યનું મન અસ્થિર હોય તે વખતે જો તેનું મરણ થાય તો પુનર્જન્મમાં તે હીન યોનિમાં જન્મે છે, એવાં ઋષિમુનિઓનાં વચન છે; તેથી આ પ્રસંગે તમારી મૈત્રીભાવના દૃઢ કરો. જેવો તમારો લોકપર પ્રેમ હતો, તેવોજ તમારી ઉપર ફરિયાદ કરનાર મુખીપર, તમને મારવાનો હુકમ કરનાર રાજાપર અને તમને મારવાને પ્રેરાયેલા આ હાથીપર તમારો પ્રેમ થવા દો. શત્રુ, મિત્ર, તટસ્થ અને હું એવા ભેદ મનમાંથી કાઢી નાખી સર્વની ઉપર મૈત્રી થવા દો. એક દેહનાં જેમ ભિન્ન ભિન્ન અંગો હોય છે, તેમજ આપણે એક વિશ્વનાં અંગો છીએ, એ સમજ ઢીલી પડવા દેશો નહિ. આજપર્યંત કરેલાં સત્કર્મોનું તમે આ સમયે ચિંતન કરો."

[illegible] મઘ અને તેના સાથીઓને મારવામાટે માવતે હાથીને આગળ આણ્યો, ત્યારે તે [illegible] એકદમ પાછળ હટયો! કેમે કર્યો તે તેમના શરીરપર પગ દેજ નહિ. ફરી [illegible], એમ બેચાર હાથી આણ્યા; પરંતુ તે સર્વ માવતના અંકુશના મારની દરકાર ન [illegible] કરી [illegible], એકે હાથીએ મઘને અને તેના સાથીઓને ઉપદ્રવ કર્યો નહિ!

આ સમાચાર રાજાને મળતાંજ તે બોલ્યો:–"આ લોકો હાથીનો મંત્ર જાણતા હોવા જોઈએ કે [illegible] જોઇએ."

[illegible]–"મહારાજ ! અમારો મંત્ર કહીએ તો આજસુધી અને એકનિષ્ઠાથી શીલ

[illegible]

[illegible]

[illegible]

મહાન શોધક એડીસન બહેરા કેમ થયા છે ?

([illegible])

આ મહાપુરૂષને નાનપણમાં કોઈએ માથા ઉપર [illegible] ... તેમનાં પત્નીને તેમને માટે [illegible] ... [illegible] ... કાન [illegible] ... ડૉક્ટરે કહ્યું કે [illegible] ... ઓપરેશન કરવામાં આવે તો કાન [illegible] ... મિ૰ એડીસની [illegible] ... કહ્યું કે:— " ડૉકટરને ટેલીફોન કરી [illegible] "

તેમની સ્ત્રીને કાને આ વાત આવી ત્યારે તે [illegible] ... તેમણે [illegible] ... પૂછ્યું ત્યારે તેમના પતિએ જણાવ્યું કે:—

" આસપાસની [illegible] ... હું [illegible] ... મારા [illegible] ... મારે [illegible] ... તેથી હું છું તેમજ રહું."

ફોનોગ્રાફની શોધ કરીને જગતમાં અવાજ પ્રસરાવી દેનાર તથા ટેલીફોનદ્વારા દૂરસુધી અવાજ પહોંચાડનાર આ મહાપુરૂષે પોતે આ પ્રમાણે પક્ષીઓનાં મધુર ગાયન અને મનુષ્યોનું સુંદર સંગીત કે બાળકોના કાલાકાલા બોલ સાંભળવાનો આનંદ લેવામાટે [illegible] યત્ન કર્યો અને તે લાભ ખોયો એ ઓછો આત્મભોગ કહેવાય ! પરોપકાર આથી બીજો વધારે કયો !

છેવટમાં પ્રૉ૦ રામમૂર્તિએ પ્રેક્ષકોનો આભાર માનતાં જણાવ્યું કે, આ ખેલની આવક હું કંઇ પોતે વાપરવાનો નથી, પણ પ્રજાને દેશી કસરત શીખવવાને મેં જે સંસ્થા કાઢી છે, તેના ખર્ચમાટે તેનો ઉપયોગ કરવામાં આવશે. પછી તેમણે દેશી કસરતોના ફાયદા સમજાવતાં કહ્યું કે, આસનોની કસરતથી અપચો, કબજીઆત વગેરે રોગો મટી જઇને અંદરના અવયવો બળવાન થાય છે. વળી દેશી કુસ્તીથી જે શરીરની ખીલવણી તથા બળ મળે છે, તે યૂરોપીયન પદ્ધતિથી મળતાં નથી.

જેવું ઈચ્છો અન્યનું, તેવું આપનું થાય

(લેખક: રા. જયસુખલાલ કૃષ્ણલાલ મહેતા એમ. એ. 'ગુણસુંદરી' માસિકમાંથી સાભાર ઉદ્ધૃત)

પ્રભુ ખ્રિસ્તનો એક શિષ્ય પીટર તેની પાસે એક વખત ગયો અને પૂછ્યું:–"પ્રભુ! મારો ભાઇ મારી સામે કેટલી વખત ગુન્હો કરે ત્યાંસુધી મારે એને માફી આપ્યા કરવી જોઇએ? સાત વખત સુધી?" પ્રભુએ એને જવાબ વાળ્યો. "સાત વખત નહિ પણ સિત્તેર ગુણ્યા સાત."

પછી પ્રભુએ પીટરને એક વાત કહી. એક રાજાએ એમ ઠરાવ કર્યો કે, પોતાના નોકરો જે તેના લેણદાર હોય તેનો બધાનો હિસાબ લેવો. તેના નોકરોમાં એક નોકર એવો મળી આવ્યો જેણે રાજાની પાસેથી દશ હજાર ટેલેન્ટ (એક જાતનું નાણું) ઉછીના લીધા હતા. તે નોકરની પાસે તો એક પાઇ પણ હતી નહિ; એટલે રાજાએ હુકમ કર્યો કે તે નોકરને, તેની સ્ત્રી અને છોકરાંઓને બધાંને વેચી નાખવાં તથા તેની માલમિલકત પણ વેચી નાખવી અને તે બધાંના વેચાણમાંથી જે આવે તેનાથી પોતાનું દેવું વસુલ કરવું. તે નોકર રાજાને પગે પડ્યો અને આજીજી કરી કે, તેને છૂટો કરશો અને તે પોતાનું દેવું ભરશે. રાજાને તેના ઉપર દયા આવી અને છૂટો કર્યો. તે નોકર છૂટો થયો કે તરતજ એક બીજો નોકર કે જે તેની પાસેથી ફક્ત થોડા પૈસા લઇ ગયો હતો તેની પાસે ગયો અને પોતાના પૈસા પાછા માગ્યા. તે નોકર તે થોડા પૈસા પણ પાછા આપવાની સ્થિતિમાં નહોતો અને તેથી તેણે પેલા બીજાને આજીજી અને કાલાવાલા કર્યા કે, તેને થોડો વખત પણ જતો કરવો; પણ પેલો પહેલો નોકર માને એમ ન હતો અને તેણે તો પેલાને કેદમાં નંખાવ્યો. આ વાતની રાજાને ખબર પડી એટલે તેણે પેલા નોકરને કહ્યું કે:–"અરે દુષ્ટ નોકર! મેં તારૂં બધું દેવું માફ કર્યું અને તું આટલું દેવું પણ માફ કરી શકતો નથી!" એમ કહી તે રાજાએ તે નોકરને જેલમાં મોકલાવી દીધો. આ વાત ઉપરથી પ્રભુ ખ્રિસ્તે સાર સમજાવ્યો કે:–"જો તમે તમારા ભાઇને ખરા અંતઃકરણથી માફી નહિ આપો તો પરમેશ્વર પણ તમારા ગુન્હા માફ નહિ કરે." જો આપણે આપણા ભાઇને એક નાના ગુન્હાને માટે પણ માફી આપી શકીએ નહિ તો જે આપણા જીવનમાં મોટાં પાપો કરીએ છીએ તેને માટે પ્રભુ કેવી રીતે આપણને માફી આપી શકે? પણ આપણે બધા આ વાત ભૂલી જઇએ છીએ અને આપણા ભાઇ, આપણા મિત્ર, આપણા પડોશી, આપણાં સગાંવહાલાંઓએ આપણો કંઇ નાનામાં નાનો ગુન્હો કર્યો હોય તે મનમાં યાદ કર્યા કરીએ છીએ અને વખત આવ્યે તે નાના ગુન્હાનું પણ વેર લેવા ચૂકતા નથી.

પડઘો શું છે તે તો બધાંને ખબર હોવીજ જોઇએ. નિર્જન અરણ્યમાં કે પર્વતની ખીણોમાં કે જીર્ણ મકાનોમાં કે વિશાળ દેવાલયોમાં આપણે કાંઈ પણ બોલીએ ત્યારે તેનો પડઘો સંભળાય છે. જે પ્રમાણે આ પડઘો પ્રકૃતિમાં સંભળાય છે, તેજ પ્રમાણે આપણા ભાઇઓની સામે કંઇ પણ વેરની લાગણીઓ રાખી હોય તેનો પડઘો પડ્યા વિના રહેતો નથી અને તે પડઘો આપણને નુકશાન કરે છે. ઓસ્ટ્રેલિયામાં એક જાતનું લાકડાનું હથિયાર છે, જેને બુમરેન્ગ કહે છે. આ બુમરેન્ગ કોઇના તરફ ફેંક્યું હોય તો તે ત્યાં જઇને પાછું ફેંકનારના હાથમાંજ આવે છે.

આ પ્રમાણે વેરભાવ રાખ્યો હોય તો તે વેરભાવ ઘણીવાર ભયંકર પરિણામ સાથે આપણા ઉપર આવીને અથડાય છે. પ્રભુએ તો એક વખત કહ્યું હતું કે, જો તારે તારા ભાઇ સાથે કજીઓ કર્યો હોય તો પ્રભુની આરાધના કરવા આવે ત્યારે પહેલાં તે કજીઓ પતાવીને આવજે; પણ આપણે તો દેવદર્શન કરીએ છીએ, દેવાલયો અને પવિત્ર સ્થળોએ યાત્રા કરવા જઇએ ત્યારે પણ વેરનું પોટલું હૃદયમાં રાખીનેજ જઇએ છીએ. [illegible] જગ તત્ત્વ એ છે કે, પ્રભુ તે પ્રેમ છે અને જગતમાં બધાં તરફ પ્રેમ રાખવો એ મનુષ્ય કર્તવ્ય છે. તેને બદલે [illegible] વેરભાવને સંઘરીને [illegible] અને "તુહિ તુહિ" [illegible] [illegible] અને [illegible] જીવનને કલુષિત કરીએ છીએ. [illegible] હોય છે અને [illegible] [illegible] [illegible] છે અને [illegible] છે. જીવનનું [illegible] જીવનને [illegible] બનાવવાનું છે. [illegible] [illegible] શરૂ કરે [illegible] [illegible] કરવાનો [illegible]

બેબિલોનની કેટલીક હકીકત

(લેખક—શ્રી. નરેન્દ્ર. ગાંધીવના ૧૯૮૨ ના દિવાળીના અંકમાંથી)

જે હિંદુસ્તાનના વતનીઓ દુનિયાની પ્રજાને ઢાંકતા હતા, તેને પોતાનાં અંગ ઢાંકવાને માટે પરદેશી કાપડ આયાત કરવું પડે છે ! જે આર્યો દૂરના દેશોમાં વ્યાપાર ખેડતા, વસાહત કરતા હતા અને રાજ્યો સ્થાપતા હતા, તેજ આર્યોનાં સંતાનો આજ ગોંઢો ગોંઠી વિદેશીઓની ગુલામીની નિર્માલ્ય જીવન ગુજારી જેમ તેમ દિવસો કાઢે છે. જે મિસરવાસીની સત્તા, સમૃદ્ધિ અને વિદ્યા દુનિયાની દૃષ્ટિએ અજોડ ગણાતી હતી, તે મિસરવાસીઓ આજે પોતાનું તંત્ર પોતાના હાથમાં લેવા તરફડીઆં મારી રહ્યા છે. જે ચીનની પ્રજા પોતાના હુન્નર અને સંસ્કૃતિથી દુનિયામાં પ્રખ્યાતિ મેળવી ગઈ હતી, તેજ પ્રજા આજે અફીણનાં ગળાં કાપી પોતાના લોહીથી તરબોળ થઇ રહી છે. જે ઇરાનીઓએ પોતાનો વિજયવાવટો એશિયા, મિસર, આરમિનિયા, મકદુનિયા, ગ્રીસ અને હિંદની હદસુધી ફરકાવી પોતાની સત્તા અને પ્રતિષ્ઠાથી દુનિયાને છક કરી નાખી હતી, તેજ દેશ આજે એક યા બીજી રીતે પરદેશી પ્રજાના પંજામાં સપડાયલો છે.

ઈસ્લામી ઝુંડો એશિયા અને યુરોપના મોટા ભાગ ઉપર ફરકાવનાર તુર્કો આજે નાનકડા અંગોરા જેવા પ્રાંતમાં ભરાઇ પોતાનું અસ્તિત્વ બચાવવા ફાંફાં મારી રહ્યા છે.

આ બધું શું ? કેવળ વિધિની વિચિત્રતા. એજ વિધિની એ ઘટના કે અર્ધનગ્ન સ્થિતિમાં રહેનારી જંગલી પ્રજાઓ જે પુરવેશી પ્રજાને ત્રાસરૂપ હતી, તેજ આજે દુનિયાના મોટા ભાગ ઉપર સર્વોપરિ સત્તા ભોગવે છે: તે બને વખતે પશુબળથી; પણ વિદ્યા, કળા અને શોધક-બુદ્ધિમાં પણ આજે તે અગ્ર ગણાય છે.

એજ એ વિધિએ, જેનું આજે માત્ર નામજ રહ્યું છે, પણ નિશાન તો પુરાણી જમાના શોધકોના કોદાળી પાવડાના અથાગ પ્રયત્ને ફાંફાંમાં મળે છે, તે બેબીલોન જેવા અજિત શહેરને ઇરાનીઓને હાથ પાયમાલ કરાવ્યું.

આદિ ઇતિહાસલેખક હીરોડૉટસે આપેલું બેબીલોનનું વર્ણન વાંચતાં, એ શહેરની રચના, મકાનોની ભવ્યતા, શહેરની સુંદરતા અને તેના કિલ્લાની મજબૂતી તે વખતના બેબિલોનીઅનોની કલારસિકતા, બુદ્ધિચાતુર્ય અને સાહસનું આબાદ દિગ્દર્શન કરાવી આજના આગળ વધેલા જમાનાના વિદ્વાનોને પણ અજાયબીમાં ગરક કરે છે; અને તેના વિનાશનો વિચાર આવતાં સહજ બે આંસુ ટપકી આ દુનિયામાં કોઈ વસ્તુ ચિરસ્થાયી નથી, તેનો પ્રત્યક્ષ પૂરાવો આપીને ઘડીભર તો વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે.

બેબિલોન ઇ. સ. પૂર્વે આશરે ૨૨૦૦ વર્ષપર વસેલું ગણાય છે; પણ ઇતિહાસકાર તેનું જે વર્ણન આપે છે તેવી સ્થિતિમાં તો તે ઇ. સ. પૂર્વે ૬–ઠ્ઠા સૈકામાં આવ્યું અને તેનું માન નીનવની રાણી સેમીરામીસને ઘટે છે. રાણી સેમીરામીસ પછી રાણી નાઇટ્રીસે શહેરની સુંદરતા અને તેના બચાવના કામોની મજબૂતીમાં વધારો કર્યો હતો.

હીરોડોટસ લખે છે કે, આ શહેર ચતુષ્કોણ હતું અને તેની દરેક બાજુની લંબાઇ ૧૨૦ ફર્લાંગ એટલે ૧૫ માઇલ હતી. એની આજુબાજુ દિવાલ હતી અને તેના ફરતી ઘણી ઉંડી અને પહોળી ખાઇ હતી. તેમાં યુફ્રેટીસનું પાણી ભરેલું રાખવામાં આવતું હતું.

આ ખાઇની પાર પાછી બીજી દિવાલ હતી. તેની પહોળાઇ ૭૫ ફીટ અને ઉંચાઈ ૩૦૦ ફીટ હતી. આ દિવાલપર ચાર ઘોડાની ગાડી સહેલાઇથી ફરી શકે તેટલું અંતર રાખી એક માળના મકાનો બાંધવામાં આવ્યા હતાં. આ દિવાલમાં ૨૦૦ દરવાજા હતા અને દરેક દરવાજાનાં બારણાં અને બારસાખો તદન પિત્તળના બનાવેલાં હતાં.

વળી આ બચાવના સાધનો પૂરતા ન હોય તેમ યુફ્રેટીસ નદીનું વહન ફેરવી તેમાં કમોસમ વાંકો દાખલ કરી તેની લંબાઇ અને વિકટતા વધારવામાં આવી હતી, જેથી હલ્લો લાવનાર લશ્કરને એક કરતા વધારે વખત તેને ઓળંગવી પડે અને તેને ગમે તે બે વાંક વચ્ચે અટકાવી મહાત કરી શકાય.

શહેરની અંદરની રચના તેથી પણ અદ્ભુત અને કળાપૂર્ણ હતી. તેનું વર્ણન વાંચતાં

આજ્ઞા પ્રમાણે કર્યો. પરિણામે ઝોપીરસ બેબિલોનનો મુખ્ય અધિકાર નીમાયો અને કિલ્લાનો ભાગ તેને સોંપાયો.

પુરાતન ડરાયસે શહેરની નજદીક લશ્કર રોક્યું અને ચારેબાજુ હલ્લો શરૂ કર્યો. બેબિલોનનું લશ્કર લડવામાં મશગુલ હતું તે વખતે ઝોપીરસે બીલમ અને કીમમના દરવાજા ખોલી નાખી ડરાયસને શહેરમાં દાખલ કર્યો. પછી શહેર પડ્યું-લુંટાયું-શહેરીઓના લોહીથી નદીનું પાણી રક્ત થયું અને સમૃદ્ધિ લુંટાઇ. હજારો સાંપુરુષોને ડરાયસ કેદીનરીક લઇ ગયો. બેબિલોન શહેર હયાત રહ્યું.

પણ બેબિલોન પડ્યું તે પાછું ઉઠ્યું નહિ. તે ધીમે ધીમે ઝંખવાતું ગયું. ડરાયસ પછી તેના વારસ અરકસીસે તો તેનાં દેવળો અને મહેલો તોડી નાખ્યાં અને ધાતકીપણે બેબિલોનના વતનીઓને નારાજ કર્યાં.

આજ એ બેબિલોનની ખ્યાતિજ રહી છે. બેબિલોન ફરી બંધાયું નથી ને બંધાશે નહિ.

જે વખતે યાંત્રિક અને વિજળિક શક્તિઓનો અભાવ હતો, જે વખતે રચના અને મુસાફરીનાં કે માલ લાવવાનાં સાધનો કેવળ સામાન્ય હતાં, જે વખતે ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતો અને ત્રિકોણમિતિની ઝીણી ગણત્રી કરી પ્લાન એસ્ટીમેટ કરનાર ઇજનેરો નહોતા, તેવા વખતે આવું જગતવિખ્યાત શહેર રચનાર કલારસિક રાણી સેમીરામીસ કે તેના બનાવની મજબુત યુક્તિઓ યોજનાર રાણી નાઇટીટીસના ગુણ ગાઇએ કે આવા સુવિખ્યાત શહેરને જેર કરનાર લોભી સાયરસ અને ડરાયસ કે ધન અને સત્તાલોભી અરકસીસને શાપ આપીએ ! કે, જે વખતે રેલ્વે, ટપાલ કે તારનાં સાધન નહોતાં, જે વખતે એક દેશમાંથી બીજા દેશમાં જવામાં જીવનું જોખમ હતું, મુસાફરી મોંઘી, કંટાળાભરેલી ને લાંબી થઇ પડતી, જે વખતે વર્તમાનપત્રો ન હતાં અને એક સ્થળની ખબર બીજે સ્થળે માસો કે વરસો વીતે પહોંચતી અને તે પણ અધુરી કે ખોટું ભરેલી; જે વખતે લેખનકળાનો વિકાસ નહોતો અને કાગળોની વિપુલતા નહોતી, જે વખતે એક વરસમાં વીસ આવૃત્તિ પ્રસિદ્ધ કરી કમાઇ કરવાને અવકાશ નહોતો તેવે વખતે દેશદેશના રીતરિવાજો, બનાવો અને ઐતિહાસિક ઘટનાઓની શોધ કરી કેવળ પરોપકારાર્થે પદ્ધતિસર તવારીખ લખી ભવિષ્યની પ્રજાને વારસામાં આપી જનાર હીરોડોટસને વંદીએ !

બેબિલોન સેમીરામીસ, નાઇટીટીસ, સાયરસ, ડરાયસ ને અરકસીસ એ બધા આ મહાન ઇતિહાસકારને લઇનેજ આજ જીવે છે. હીરોડોટસ ન હોત તો ભૂતકાળના ઉંડા ઉદરમાં એ બધાં સમાઇ ભૂંસાઇ ગયાં હોત, માટે એ મહાન વ્યક્તિને વંદી વિરમીશ.

વિજળીની મદદથી પાકમાં થતો વધારો

(ખેતીવાડી—તા–૨૩–૮–૨૫)

ફ્રાંસના એક શોધક ફિસ્ટો ફલૉરોએ વિદ્યુતશક્તિનો ઉપયોગ કરીને પાકમાં કલ્પી પણ ન …ય એટલો વધારો કરી બતાવ્યો છે. હવામાંની વિદ્યુત, પૃથ્વી ઉપરનું લોહચુંબક અને સૂર્ય-…મમાંની વિજળીનો ઉપયોગ કરીને તે ઝાડની પેદાશ વધારે છે. તેણે સાદા ઝાડની પેદાશ …ી છે અને વાંઝીઆં ઝાડોને ફળફુલવાળાં બનાવ્યા છે. ૨૫ ફીટ ઉંચા થાંભલા જમીનમાં … તેણે પોતાનું યંત્ર બનાવ્યું. દક્ષિણ તરફ પગ રાખી સુનારાઓને ઘસઘસાટ ઉંઘ આવે છે, …પનાના આધારે ફિસ્ટો ફલૉરે પોતાનું યંત્ર દક્ષિણોત્તર ગોઠવ્યું. દરેક થાંભલા ઉપર એક … કાંટો દક્ષિણ તરફ ફેરવી રાખેલો હોય છે. આ કાંટાવતી હવાના જુદા જુદા પ્રવાહોનો …લઇ શકાય છે. દરેક થાંભલાને એક એંટીના હોય છે અને તે હવામાંની વિજળી એકઠી … એ સિવાય ને થાંભલા ઉપર એક ધાતુની નળી હોય છે. ત્રાંબાના અને જસતના ટુકડા …ડીને તે બનાવેલી હોય છે. આ નળી સૂર્યની ગરમીમાથી વિદ્યુત બનાવે છે. એ યંત્રવડે …હ ચાલુ થાય છે. એના સિવાય બીજો પ્રવાહ નળીની અંદર અને વાયુગતિદર્શક ગોળ …નારા પદાર્થવડે બહાર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જે શક્તિ હવામાંથી, પૃથ્વીમાંથી …માંથી ઉત્પન્ન કરવામા આવે છે, તે લોખંડના તારદ્વારા જમીનમાં લઇ જવામા આવે … વિજળી જમીનમાંના જીવડાને મારી નાખે છે અને પાકમાં વધારો કરે છે.

નિર્વાણમાર્ગ

(લેખકઃ-ચંદુલાલ કેશવલાલ અમીન. 'બુદ્ધિ પ્રકાશ'ના એક અંકમાંથી)

"મારી પાસે આવ, હું તને દુનિયાનાં દુઃખોમાંથી મુક્ત થવાય એવી વાત સમજાવું."- બુદ્ધ

આર્યધર્મની માફક બૌદ્ધમાર્ગીઓ આત્માને શાશ્વત માને છે. આપણે ક્યાંથી આવ્યા તેની આપણને ખબર નથી. આપણું હાલનું જીવન, આપણા અનંત જીવનનો એક ભાગ, એ જીવન-નાટકનું એક દૃશ્ય છે. દરેક શરીર આત્માને રહેવાનું ઘર માત્ર છે અને પ્રાણીની સ્થિતિ તેણે પહેલાં કરેલાં સુકૃત અને દુષ્કૃત ઉપર આધાર રાખે છે. હાલમાં જે સુકૃત અથવા દુષ્કૃત કરશે, તે ઉપર ભવિષ્યના જીવનનો આધાર છે. માણસો મૂર્ખ કે શાણા, પાપી કે પુણ્યશાળી, જબરા કે નબળા અકસ્માત નથી જન્મતા. તેમની સ્થિતિ, 'વાવે તેવું લણે' એ આધારે થયેલી હોય છે અને જેવું તે લણે છે તેવુંજ તેણે વાવેલું હોય છે. તેથી જો માણસની ઇચ્છાઓ પાપ તરફ વળેલી હોય તો તેનો અર્થ એ કે, તેણે પહેલાંની જીંદગીઓમાં પાપવૃત્તિ કેળવેલી છે; અને માણસ પુણ્યશાળી, દાનશીલ, સહનશીલ અને પ્રેમમય હોય છે, તેનું કારણ એજ કે તેણે પહેલાંના જીવનમાં એ સદ્ગુણ કેળવેલા છે. તેણે ભલાઇ આચરેલી અને તે એના આત્માની ટેવ થઇ રહેલી છે.

આમ દરેક માણસ પોતેજ પોતાનું કારણ થઇ પડે છે; પોતાના સદ્ગુણ તેમજ પોતાની ખામીઓનું કારણ તે પોતેજ છે. જગતના શાશ્વત નિયમો પ્રમાણે માણસ પોતેજ પોતાનો અને પોતાના ભવિષ્યનો ઘડનાર છે. ભવિષ્યમાં તે કેવો થશે તે નક્કી કરવાનું તેની શક્તિની અંદર છે અને તેવા થવામાટે તેણે કામ કરવુંજ જોઇએ, નહિ તો તેનાથી આગળ નહિ વધાય.

દરેકને સરખી તક મળેલી છે. હાલ સરખી ન લાગે પણ તેનું કારણ તે પોતેજ છે. તે પોતાની સ્થિતિ સુધારી શકે એમ છે; આ જન્મે નહિ તો આવતે જન્મે; તેમ નહિ તો પછીના જન્મે. માણસ એકદમ પૂર્ણ નથી બનતો. કિંમતી વસ્તુઓની માફક તેને પૂર્ણ થતાં વાર લાગે છે. પુણ્યશાળી માણસ એક દિવસમાં ન નીપજે, બી વાવતાંની સાથે ઝાડની આશા ન રખાય. આમ માણસ પોતાની પહેલાંનાં કૃત્યો, લાગણીઓ ને વિચારોનો બનેલો છે અને તેનાં હાલના જીવનમાં તે પોતાનું ભવિષ્યનું જીવન ઘડ્યા કરે છે. બુરાઇ આચરો અને તમારા આત્માને બુરાઇની ટેવ પડશે. ભલાઈ આચરો અને તમારો આત્મા સુંદર બનતો જશે. આમ પ્રગતિનિયમનો સિદ્ધાંત આત્માને લાગુ પાડેલો છે, એટલુંજ નહિ પણ એ પ્રકૃતિબુદ્ધિ ભાનપૂર્વક થયેલી વર્ણવેલી છે.

આમ દરેક માણસ પોતાને ધારે તેવો બનાવી શકે અને દરેકને સુખની ઇચ્છા હોય છે, તેથી સુખ કેમ મેળવવું એ જાણે તો તે તરત મેળવે. તેથી સુખદુઃખ શું છે તે જાણવું જોઇએ, જેથી સુખ મેળવી દુઃખ દૂર રખાય.

દુનિયા દુઃખ, દોંગાઇ, લડાઇ, ટંટા, ધિક્કાર એવાં એવાં અનિષ્ટોથી ભરેલી છે, એવું ઘણા ધર્મોમાં લખેલું છે. ઘણા પંથ તો એ સિદ્ધાંત ઉપરજ રચાયા છે. દુનિયા સુખી હોત તો પછી ધર્મની જરૂર શી રહેત? બૌદ્ધ ધર્મમાં કહેલું છેઃ-'જીંદગીને દુઃખ નામનો રોગ લાગુ પડેલો છે. માણસે તેનું કારણ જાણી, તે રોગ મટાડી તેમાંથી છૂટવું જોઇએ.' "સંસારમાં જીવન જીવવું એજ દુઃખ છે, જીવન અને દુઃખ એ એકજ વસ્તુ છે. વિચાર અને બુદ્ધિપૂર્વક તપાસ કરનારને એ સ્પષ્ટ માલમ પડશે. વિચારો કેઃ—

"દુનિયામાં કયા માણસને લાગ્યું કે તેને સંપૂર્ણ સુખ છે, તેની સ્થિતિ છે એમ ને એમ રહે તો સારું? કોઇ માણસને એમ લાગ્યું નથી. માણસને ફેરફારની ઇચ્છા થયા કરે છે અને તે વર્તમાનથી કંટાળે છે અને ભવિષ્યની ઇચ્છા કરે છે; અને ઇચ્છેલો ભવિષ્યકાળ આવતા તો તે પહેલાંના વખત કરતાં સારો નથી લાગતો. ગઇ કાલમાં ને આવતી કાલમાંજ તેને સુખ માલમ પડે છે, આજમાં નહિ. જુવાનીમાં આવવાના વખતની રાહ જોવાય છે, ઘડપણમાં ગત કાળનું સ્મરણ થયાં કરે છે. ફેરફાર એટલે શું? હાલની સ્થિતિનો નાશ અને જીંદગી એટલે ફેરફાર અને ફેરફાર એટલે નાશ એમ બૌદ્ધમાર્ગી કહે છે. માણસને મૃત્યુની બીક લાગે છે, તેનાથી થરથરે છે, છતાં મૃત્યુ અને જીવન એકજ છે, તેમાં જરાપણ અંતર નથી. દુઃખ પણ તેજ છે. તૃષાથી પીડાયેલા જેમ સાગરનું પાણી પીએ, તેમ માણસ જીવનની ઇચ્છા કરે છે. જેમ એ જીવન-વારિ વધારે પીવામાં

જાવે છે તેમ તેમ તૃષ્ણા વધે છે, છતાં માણસો તે પીધાજ કરે છે."

બૌદ્ધમાર્ગી આમ વસ્તુસ્થિતિ સમજાવે છે, દુનિયામાં દુઃખ છે તેનું કારણ તેમાં જીવન છે. જીવનમાટે નહિ–ફેરફાર, ઉતાવળ, અસંતોષ. મરણને માટે નહિ–પણ નિવૃત્તિ, શાંતિને માટે ? થવો જોઇએ. માણસનું એજ ધ્યેય હોવું જોઇએ; તેથી જો માણસને સુખ જોઇતું હોય તો મહાન શાન્તિ–નિર્વાણ મેળવવું જોઇએ. જેમનાં નેત્ર સ્વચ્છ થયાં છે–પડળ દૂર થયાં છે–તેને સત્ય મધુર લાગશે. 'ધર્મ મધુરી વસ્તુ છે, તે હૃદયને આનંદથી ભરી દે છે.'

નિર્વાણ મેળવવું એ બૌદ્ધમાર્ગીનું ધ્યેય છે. તેના પોતાના પ્રયત્ન ઉપરજ નિર્વાણ મળવાનો આધાર છે.

નિર્વાણ કેવી રીતે મળે એ સવાલ હવે આવે છે. માણસ કેવી રીતે વર્તે, વિચારે, કે જેથી નિર્વાણમાં ભળે ? સુકૃત અને સુવિચારરૂપી દરવાજામાં થઇને તે માર્ગે જવાય. આબરૂદાર અને પ્રામાણિક બનો, દયાળુ બનો, સત્યને વળગો ને અસત્યથી અળગા રહો. સુખના માર્ગની આ શરૂઆત છે. સામાનું ભલું કરો; એટલામાટે નહિ કે તે તમારૂં ભલું કરે, પણ તેથી તમે તમારા આત્માનું ભલું કરો છો. દાન આપો, દાતાર બનો. એ માણસને માટે જરૂરનું છે. પ્રેમ અને ભ્રાતૃત્વ શીખો. બીજાની લાગણીઓ સમજો, તમારામાં ઉતારવા પ્રયત્ન કરો અને તમારામાં પ્રેમ પ્રબળ થશે. પ્રેમ, બીજાનો આપણા ઉપરનો પ્રેમ નહિ, પણ આપણો બીજા ઉપરનો પ્રેમ, તેના જેવું દિલાસારૂપ બીજું કશું નથી. આખી દુનિયા સાથે પ્રેમમય થાઓ, બધાં પ્રાણીઓ સાથે, એમાંનાં જીવજંતુ સાથે પણ પ્રેમમય થાઓ. આત્મા બધે સરખો છે. માણસના પ્રાણ બીજાના પ્રાણથી જુદા નથી, પણ એકજ છે; તેથી જો માણસ પોતાનું હૃદય પૂર્ણ બનાવવા માગે તો તેણે આખી દુનિયા સાથે સમ–ભાવ રાખવો જોઇએ અને દુનિયાને બરાબર ઓળખવી જોઇએ; પણ તેમાં પોતે આગળ થવું જોઇએ. બીજાને ન્યાયી બનાવવા પોતાને ન્યાયી થવું જોઇએ; બીજાને સુખી કરવા પોતે સુખી થવું જોઇએ. બીજાનો પ્રેમ મેળવવા પોતે પ્રેમ રાખવો જોઇએ.

ઘણા ધર્મવેત્તાઓએ આવું શીખવ્યું છે; પણ તે ઉપરાંત બૌદ્ધ–માર્ગી શીખવે છેઃ–

પુણ્ય અને માન આપવું તે, સત્ય અને પ્રેમ એ બધી ઘણી સુંદર ચીજો છે, પણ તે તો શરૂઆત છે–તે તો માત્ર અંદર પેસવાનો દરવાજો છે. ફક્ત તેથીજ માણસ નિર્વાણ ન મેળવી શકે, એટલાથીજ દુનિયાના દુઃખોમાંથી મુક્તિ ન મળે–પવિત્રતા અને પુણ્ય ઉપરાંત માણસે ઘણું કરવાનું છે. પ્રેમથી હૃદય શુદ્ધ કર્યું હોય, સારાં કાર્યોથી હૃદયની દુષ્ટતા દૂર કરી હોય, ત્યારે માણસને આગળ જવાનો માર્ગ સુઝે છે. ત્યારે તેને માલમ પડશે કે, જીવન એજ દુઃખ છે અને પાપ તથા દુઃખથી દૂર થવા માણસે જીવનથી દૂર થવું જોઇએ–તે મરણ પામીને નહિ; કારણકે આ જન્મનું મરણ તે બીજા જન્મની શરૂઆત છે. હાલના જીવનનો અંત લાવવો એટલે બીજા લાંબા દુઃખી જીવનની શરૂઆત કરવી એમ છે. દુઃખનો અંત નિર્વાણમાં છે. સંસાર જે દુઃખરૂપ છે તેથી તેણે અળગા થવું જોઇએ અને આત્માને એવો કેળવવો જોઇએ કે દુઃખરૂપ સંસાર દુઃખરૂપે દેખાય; તેથી તે પછી તેનું લક્ષ્ય નિર્વાણ ઉપર ચોટે અને તે નિર્વાણ મેળવે.

તે નિર્વાણમાટે દરેક પ્રયત્ન કરવાનો છે અને દરેક તે મેળવવાનું છે અને વખત થતાં દરેક તે નિઃસંશય મેળવશે.

હસી લ્યોને ! હસી લ્યોને ! !

(લેખકઃ–રા. ગિરીશ. 'શારદા'ના એક અંકમાંથી)

જગતમાં જિંદગી ટૂંકી નકામાં આખું આંખે શા ? જવું ક્યારે ન જાણો છો, મુસાફરજી, હસી લ્યોને !
ગુનાની રાતની ચાકે અગર દુઃખો સદા પજવે, જહાંગીર કે ફકીર હો પણ, ફિકર મેલો, હસી લ્યોને !
હૃદયમાં દુઃખ આવે તો, બધી આ ભ્રમ દોસ્તી રહની, દુઃખદ એ દુઃખમય છોડી, છતાં કંઇ હસી લ્યોને !
કરીને સોગિયું મોઢું, રડે શું આટલો જાણી ! વિપત્તિ દૂર કરવાને, હૃદય હળવે હસી લ્યોને !
હમે તેનું વસે છે ને, રહે કોનું અમર એવું, ઉરે કોઇ ભ્રમિત ક્યાં ગમઇ, મળે તક ત્યાં હસી લ્યોને !
પ્રભુનો વાસ ત્યાં ત્યાં છે, હસીને દિલ વસે જ્યાં જ્યાં, પ્રભુ પેખવાના દિલમાં, પ્રભુ ખુબ્બાં, હસી લ્યોને !
હસે આ વન ને સરિતા, હસે વાયુ અને વિજળી, ધુમ્મસ ત્યાં હસે તારક, તમે પણ તો હસી લ્યોને !
હસે તારા અને સૂરજ, હસે પંખી પને પેખો, હસે કુદરત અમૃતદાને (તેમાં) પુરાવો સૂર હસી લ્યોને !

શારીરિક નબળાઈ અને તેના ઉપાયો

(પ્રૉ. રામમૂર્તિના જાણવાજોગ વિચારો 'હિંદુસ્થાન'ના એક અંકમાંથી)

તંદુરસ્તી તથા તાકાતમાટે માંસાહારની જરૂર છે કે?

હાલના જમાનામાં ભીમતરીકે પ્રખ્યાત થએલા અને યૂરોપઅમેરિકામાં પણ પોતાના [illegible] શારીરિક બળમાટે નામના મેળવી આવેલા જાણીતા હિંદી પહેલવાન પ્રૉ૦ રામમૂર્તિ [illegible] મુંબઈમાં આવ્યા છે અને મુંબઈગરાઓને પોતાના ખેલો બતાવવાની તક આપી [illegible] તેમણે હાલમાં ગીરગામ બેકરોડપર કૉંગ્રેસ હાઉસમાં એક કસરતશાળા સ્થાપી છે, જે [illegible] દિવસ પર મીર [illegible] બૅરીસ્ટરના પ્રમુખપણા નીચે ભરાયેલી મોટી ગંજાવર સભા સમા[illegible] મુકવામાં આવી છે. તેમણે આ શાળામાં દેશી કસરત પદ્ધતિથી રોગો મટાડવા તથા શ[illegible] બળ ખીલવવાના વર્ગો ખોલ્યા છે અને તેનો લાભ ઘણા જણાએ લેવા માંડ્યો છે. પ્રૉ૦ રામમૂર્તિ[illegible] દેશી હિંદી કસરત પદ્ધતિનો ઉંડો અભ્યાસ કરીને તેને સારા પાયાપર મૂકી છે.

તંદુરસ્તી તથા શરીરબળ મેળવવાસંબંધી તેમના વિચાર જાણવાજોગ હોવાથી [illegible] પ્રતિનિધિએ તેમનો ઇન્ટરવ્યુ લીધો હતો.

પ્રૉ. રામમૂર્તિએ જણાવ્યું કે, આપણી દેશી કસરત પદ્ધતિ દરેક રીતે આપણા લોકોને [illegible] [illegible] તેમ તથા તંદુરસ્તી અને શરીરબળ આપનારી હોવાછતાં હાલમાં આપણા લો[illegible] [illegible] પદ્ધતિ તરફ જાય છે તે દિલગીરીભર્યું છે. યૂરોપમાં સેંડો, સેમસન [illegible] [illegible] પદ્ધતિ સારી છે; પણ તેથી ફક્ત શરીરના સ્નાયુઓ (મસલ્સ) મોટા [illegible] [illegible] થઈ જાય છે; પણ તેથી હોજરી, ફેફસાં વગેરે શરીરની અંદરના [illegible] [illegible] મજબૂત થતા નથી, જ્યારે આપણી દેશી કસરતથી અંદરના અવયવો બળવાન થા[illegible] [illegible] તંદુરસ્તી તથા તાકાત આવે છે. વળી યૂરોપીયનો હમણાં જે રમતોમાં [illegible] [illegible] તે આપણી કસરતનું અનુકરણ છે. દાખલાતરીકે ઑક્સીંગ. [illegible] "[illegible]" [illegible] કુસ્તી ઉપરથી તેઓએ લીધું છે. વળી જાણીતી જાપાનીઝ કસરત [illegible] [illegible] કુસ્તી ઉપરથી આપણી દેશી કસરતનું અનુકરણ કરીને પહેલા [illegible] [illegible] છે.

શરીર, મન અને આત્માની ખીલવણી

[illegible] જણાવ્યું કે, આપણી દેશી કસરતની પદ્ધતિ શરીરની [illegible] [illegible] તંદુરસ્તી અને શરીરબળ આપે છે; એટલુંજ નહિ પણ [illegible] [illegible] ખીલવણી પણ સારી રીતે થાય છે. આથી તે દરેક રીતે [illegible] [illegible] રચાયલી છે. આપણી પદ્ધતિના બે ભાગ છે. [illegible] [illegible] શરીરને મજબૂત બનાવવાની કસરત. પ્રાણાયામ એટલે [illegible] [illegible] કસરત. પ્રાણાયામ કરવાથી ફેફસાં શુદ્ધ થતાં જાય છે અને [illegible] [illegible] આપી શકાય છે, એટલે કે મનની [illegible] [illegible] ઉપર એક ચિત્ત [illegible] [illegible] છે. વળી પ્રાણાયામ [illegible] [illegible]

પ્રૉ૦ રામમૂર્તિના અદ્ભુત બળનું રહસ્ય

[illegible]

. આ રીતે હું બીલકુલ ઇન્તઝાર આ બધા પ્રયોગો કરી શકું છું; કારણકે મન એ
સૌપરિ સત્તા છે અને તે શરીરને કાબુમાં રાખી શકે છે.
શરીરબળ તથા તંદુરસ્તીને માટે માંસાહારની જરૂર છે કે નહિ? એમ પૂછતાં પ્રૉ૦ રામમૂર્તિ-
ણાવ્યું કે, અનાજ તથા વનસ્પતિથી જેટલું બળ તથા શક્તિ મળે છે, તેટલું માંસાહાર-
થી મળતું નથી. તેમાં સાત્વિક ગુણો રહેલા હોવાથી મન મજબૂત થાય છે અને શરીર ઉપર
રાખી શકે છે; પણ માંસાહારમાં રજો અને તમોગુણ હોવાથી મન તામસી પ્રકૃતિનું બને
ને શરીર ઉપર તે સત્તા ચલાવી શકતું નથી.
વળી ઘઉં, કઠોળ વગેરે અનાજમાં પુષ્ટિ આપનારાં તત્વો જોઈએ તેટલા પ્રમાણમાં છે. તેમાં
દાળ એટલીબધી પુષ્ટિકારક છે કે તેને માંસદાળ કહેવામાં આવે છે, તેમજ ઘઉંમાં જે
છે તે બદામમાં પણ છે. એકંદરે આપણો અનાજ અને વનસ્પતિનો ખોરાક માંસાહાર કરતાં
ઉતો છે. આપણે હિંદીઓ હાલમાં નબળી દશામાં છીએ તે કંઇ માંસાહાર નહિ કરવાને
નથી; પણ આપણા ઉત્તમ જૂના રિવાજો તથા આપણું શૌર્ય તથા વીરતા ભૂલી જવાથી
જ આવી સ્થિતિમાં આવી પડ્યા છીએ. તેમાં આપણા ખોરાકનો દોષ નથી. આપણો ખોરાક
એટલો ઉત્તમ છે કે યુરોપઅમેરિકાના ઘણા લોકો હવે માંસાહાર છોડીને અનાજ તથા વન-
નો ખોરાક લેવા લાગ્યા છે.

મુંબઈમાં રહીને શું કરવા માગે છે ?

હવે ભવિષ્યમાં તમે શું કરવા માગો છો ? એ સવાલના જવાબમાં પ્રૉ૦ રામમૂર્તિએ કહ્યું કે,
મારું સરકસ ગયે વરસે બંધ કરી નાખ્યું છે અને હવે હું આપણી પ્રજાની તંદુરસ્તી તથા
શારીરિક બળ ખીલવવાના કામમાં મારી જીંદગી ગુજારવા માગું છું. તે કારણથી મેં મુંબઈમાં
સ હાઉસમાં એક કસરતશાળા ખોલી છે; તેમાં હું રોગ સારા કરવાની તથા શરીરબળ ખીલ-
ની કસરત પ્રજાને શીખવવા માગું છું. તે સિવાય હું કેટલાક જણાને મારી પદ્ધતિની તાલીમ
પી શિક્ષકો તૈયાર કરવા માગું છું, કે જેથી તેઓ જૂદા જૂદા ભાગોમાં જઇને આપણી દેશી
તિનો દેશને લાભ આપી શકે. મેં મુંબઇમાં હાલમાં શરૂઆત કરી છે તેનું કારણ એ છે કે,
જાં બધાં શહેરો કરતાં મુંબઈમાં લોકો વધારે નબળા અને રોગી છે, તેથી તેમની તંદુરસ્તી
ર પહેલાં ધ્યાન આપવાની જરૂર છે. મારો હેતુ અહીં શારીરિક ખીલવણીમાટે મોટી કૉલેજ
ાપવાનો છે; અને હું આશા રાખું છું કે, તે માટે જોઇતી જમીન તથા બીજી સગવડ અહીંની
રકાર, મ્યુનિસિપાલીટી તથા પ્રજા તરફથી મળી શકશે. વળી બે વરસ પછી આખી દુનિયાના
સરતબાજો અને ખેલાડીઓને અહીં બોલાવી એક રમતગમતનો મેળાવડો કરવાની પણ મારી
ચ્છા છે. શરીરબળ મેળવવા તરફ તમારૂં ધ્યાન કેવી રીતે વળ્યું ? આના જવાબમાં પ્રૉ. રામમૂ-
ર્તિએ જણાવ્યું કે, હું નાનો હતો ત્યારે મારાં સગાંવહાલાં મને રામાયણ તથા મહાભારતની કથા
ાંભળવા લઇ જતાં હતાં. ત્યાં ભીમ, અર્જુન, દુર્યોધન, હનુમાન વગેરેનાં પરાક્રમો સાંભળી મને
ણ તેમના જેવા બળવાન થવાની ઇચ્છા થઈ અને મેં અખાડા તથા કસરતશાળામાં તાલીમ લેવા માંડી.

પ્રૉ૦ રામમૂર્તિએ આગળ ચાલતા જણાવ્યું કે, દુનિયામાં કામ કરવાને તથા તંદુરસ્તી અને સુખ
ભોગવવાને શારીરિક કસરતની ખાસ જરૂર છે; એટલુંજ નહિ પણ આપણું સ્વમાન તથા મોભો
જાળવવાને માટે પણ તેની જરૂર છે.

યુરોપે પ્રૉ૦ રામમૂર્તિની કરેલી કદર

પ્રૉ૦ રામમૂર્તિની કારકીર્દિ પહેલેથીજ યશસ્વી નિવડી છે. તેઓ ઇ૦ સ૦ ૧૮૮૩માં મદ્રાસ
ઇલાકાના વિજયાનગર પાસેના ગામમાં જન્મ્યા હતા. શરૂઆતથીજ તેમનું ધ્યાન શારીરિક ખીલ-
વણી તરફ હોવાથી તેમણે બહુ અભ્યાસ કર્યો ન હતો. સને ૧૯૦૫ માં યુરોપનો પ્રખ્યાત સેંડો
મદ્રાસમાં આવ્યો, ત્યારે પ્રૉ૦ રામમૂર્તિએ તેના ખેલ કરી બતાવવાની ચેલેંજ આપી હતી; પણ
સેંડોએ તે કબૂલ રાખી નહોતી. ત્યાર પછી પ્રૉ૦ રામમૂર્તિ પણ પોતાની પાર્ટીસાથે હિંદમાં
ફરીને પોતાના ખેલો દેખાડવા લાગ્યા. સને ૧૯૦૯ માં તે જાપાન જવા નીકળ્યા, પણ રસ્તામાં
ત્યાંના કોઇ અદેખા ખેલાડીએ ઝેર આપવાથી તેમની તબિયત બગડી અને તેઓ હિંદ પાછા

આ દેશની દુર્દશાનું દિગ્દર્શન

(લેખક:-વૈદ્યકવિ દુર્લભ શ્યામ ધ્રુવ બાનેસા. પો. હરિઆપુર, વગડ.)

વાતાવરણની અસર

વાતાવરણની કેટલી હદસુધી અસર થાય છે તે સંબંધમાં હું તમને મારા સ્વાનુભવનો આપીને તેનું રહસ્ય સમજાવવા માગું છું. એક દિવસ સુંદર પ્રભાતે હું અત્યંત આનંદની નિદ્રામાંથી જાગૃત થયો. આ સમયે મારા શરીરમાં સ્ફુર્તિ હતી અને મારૂં મન આનંદથી ઉભરાઈ જતું હતું. મારે અમુક ઠેકાણે જવાનું હતું. હું તરતજ મોટરકારમાં બેઠો. આ કારની અંદર બાજુમાંજ એક ચિંતાતુર માણસ અગાઉથી બેઠો હતો. તેના કોઈ પણ ચિંતા (વ્યગ્રચિત્ત)-મારા મન ઉપર એટલી બધી અસર કરી કે મારો આખો દિવસ ગમગીનીમાંજ ગયો! પ્રથમ ખબર નહોતી કે એ માણસ શોકગ્રસ્ત હશે. તે એટલો બધો શોકમાં હતો કે તેની આસપાસ તેનાં આંદોલનો આસપાસ પ્રસરી રહ્યાં હતાં. આ વખતે મારા મનમાં કશાએ વિચારો નહિ થી તેના શોકમય વિચારે મારા મન ઉપર ભારે અસર કરી! તમે મને પૂછશો કે, હું જ્યારે આ બધો આનંદના આવેશમાં હતો ત્યારે તે માણસના મન ઉપર મારા આનંદની અસર હું ન કરી શક્યો? આ તમારો પ્રશ્ન વ્યાજબી છે. મારા આનંદની અસર તેના શોક ઉપર થવી જોતી હતી, તેને બદલે તેના શોકની અસર મારા આનંદની ઉપર થઇ એ શું! આનું સ્પષ્ટીકરણ કરૂં છું તે તમે ધ્યાન દઇને સાંભળજો. એ માણસના અંતઃકરણમાંથી શોક(ગમગીની)નો બળ-વાન ધોધ (પ્રવાહ) કાયમ વહ્યા કરતો હતો. કહેવાની મતલબ એ છે કે, તે શોકમાંજ મગ્ન બની ગયો હતો અને શોકસિવાય તેના મનમાં બીજો વિચારજ ન હતો; જ્યારે હું કોઈ પણ વિચાર-ની એકાગ્રતા નહોતો. રસ્તામાં જે જે દશ્યો આવતાં તે તરફ હું આમતેમ જોયા કરતો, તેથી તેના શોકમય પુદ્ગલોએ મારા ઉપર અસર કરી.

ઓજસ્વીના શરીરમાંથી ઓજસ્ વહે છે.

તમો જ્યારે ભાષણ સાંભળવા જાઓ છો, ત્યારે તમને આટલો અનુભવ તો થતોજ હશે કે, કેટલાક વક્તાની શ્રોતાઓ ઉપર સચોટ અસર થાય છે. અને કેટલાકની નથી થતી. જે ઓજસ્વી હોય છે તેના શરીરમાંથી ઓજસ્ સતત વહ્યાજ કરે છે. જેમ પુષ્પમાંથી સુગંધ વહે છે અને લોહચુંબકમાંથી અમુક પ્રવાહ વહે છે, તેમ ઓજસ્વીના શરીરમાંથી ઓજસ્ વહે છે. ઓજસ્ પોતાની આ-સપાસનાં માણસો ઉપર અજબ અસર કરે છે! આવી રીતે પેલા ગમગીન માણસના શરીરમાંથી શોકના પ્રવાહે મારા શરીરપર અસર કરી હતી.

વિચાર ગમે ત્યાં અસર કરી શકે છે.

આ ઉપરથી જોડાજોડ બેસવાથીજ આપણા મન ઉપર અસર થાય છે અને બીજી રીતે અસર થતી, એમ સમજવાનું નથી. વિચારની પ્રેરણા ઘણે દૂરસુધી પણ પહોંચી શકે છે. શાપના કે આશીર્વાદના વિચારોથી તમે માણસનું ભુંડું અગર ભલું કરી શકો છો. એક ડૉક્ટર પોતાના ઘર આગળ બેઠો બેઠો આરોગ્યના પ્રબલ આંદોલનોથી દૂરના દરદીને રોગમુક્ત કરી શકે છે. હિમા-લયના શિખર ઉપર જવાથીજ કલ્યાણ થઇ જાય છે એમ ન સમજશો. તે માણસ પણ વિચારો-ના આકારોથી છટકી જઈ શકતો નથી. જેવા અને જેટલા વિચારો, તેવી અને તેટલી તેની અસર.

કોઈની ઈર્ષ્યા કે નિંદા ન કરો.

દરેક માણસ પોતાના દોષો ભલે ઓછાવત્તા પણ છુપાવવા માગે છે અને બીજાના દોષો ઉઘાડા કરવા માગે છે. આવી રીતે પરાયા દોષનું દર્શન કરવું તે સારૂં નથી. આ ટેવ બીલકુલ ખરાબ છે. આવા પારકા દોષનું દર્શન કરનારા માણસો પોતાના અંતઃકરણને ઈર્ષ્યાળુ અને સંકુ-ચિત બનાવે છે. કોઇની નિંદા અગર ઈર્ષ્યા પોતાને તથા સામાને શું નુકસાન કરી રહ્યાં છે તેની તેને ખબર નથી હોતી. કોઇની નિંદા કરવી અગર કોઇનું વાંકું બોલવું એ મોટામાં મોટો દુર્ગુણ છે. આપણે જેને માટે જ્યારે ખરાબ વિચાર કરીએ છીએ, ત્યારે તે વિચારમાં તેને નુકસાન કરવા જેટલું ઘણું તત્ત્વ તો એની મેળેજ સમાઇ જાય છે. આ પ્રવાહ જેની આપણે નિંદા કે ઈર્ષ્યા કરવાને

--

ધાર્યું છે તે તરફ વળે છે અને તેને નુકસાન પણ કરે છે. જો આપણા આ પ્રવાહની સામા માણસ ઉપર અસર ન થઇ તો તે પ્રવાહ ત્યાંથી ઉછળીને પાછો આપણી તરફ વળે છે અને આપણને નુકસાન કરે છે. આ એક કુદરતનો ખાસ નિયમ છે કે, સારા વિચારોથી આપણી આસપાસ ફિરસ્તાઓ ઉત્પન્ન કરીએ છીએ; જ્યારે ખરાબ વિચારોથી આપણે આપણી આસપાસ શેતાનો પેદા કરીએ છીએ. તમારા શત્રુની પાસે સારા વિચારનાં આંદોલનો મોકલવાથી સમયપરત્વે તેજ માણસ તમારો શત્રુ મટીને મિત્ર બની જાય છે. સુવિચાર કરવામાં આપણને કશુંય ખર્ચ કરવું પડતું નથી, કે વધારે તકલીફ ઉઠાવવી પડતી નથી. રંકમાં રંક પણ સુવિચારથી સમાજનું કલ્યાણ કરી શકે છે.

સારા થવું હોય તો સત્યને શોધો.

અંતમાં એટલું સંભાળજો તથા સાંભળજો કે, તમે ખરાબ વિચાર નથી ધરાવતા. જો ન ધરાવતા હો, એટલા તમે પ્રશંસાપાત્ર છો; તોપણ એટલું સમજજો કે, મહાપુરુષે એ સત્યની કિંમત બહુ ભારે આંકી છે. તમે એકાગ્ર બની પ્રેમપૂર્વક તથા સાચી શ્રદ્ધાથી સત્યની ઉપાસના કરો. જો તમે સત્યની શોધમાં હશો, તો તમને તમારી ઇચ્છાનુસાર કોઇ પણ ઠેકાણે કોઇ સારો માર્ગદર્શક પણ મળી જશે. જગતના ગુરુઓ અને પ્રભુના પ્રિય ભક્તો કહી ગયા છે કે, જીવના જોખમે પણ સત્યને ચૂકશો નહિ. આ સત્ય તમને સારાના સંગથી મળશે અને તેથી તમે સુખી થશો.

આધુનિક કેળવણી-યુવાનોપર માઠી અસર

પ્રૉ૦ રાધાકૃષ્ણનો મત.

(હિંદુસ્થાન તા. ૨૨-૧૧-૨૬)

કલકત્તા યુનીવર્સીટીના પ્રોફેસર એસ. રાધાકૃષ્ણ, જેઓ ઇંગ્લંડ અને અમેરિકાનો પ્રવાસ કરી પછી મદ્રાસ શહેરને આજે અહીં પાછા ફર્યા છે, તેમની મુલાકાત એસોસીએટેડ પ્રેસના પ્રતિનિધિએ લીધી હતી. તે મુલાકાતદરમિયાન તેમણે જણાવ્યું હતું કે, જો આપણા જુવાનીઆને [illegible] સંસ્કૃતિ તરફ ધિક્કાર દેખાડવાની તાલીમ મળતી રહેશે, તો આપણો દેશ કે જે [illegible] થયો છે, તેના પુનરુદ્ધારની આપણે થોડીજ આશા રાખી શકીએ. [illegible] આમવર્ગે જ કરવાના નૈતિક સુધારા અને શિક્ષણના સંબંધમાં [illegible] કેળવણીની પદ્ધતિઓ આપણી સંસ્કૃતિના માટે પ્રેમ ધરાવતા નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે, આપણામાંના ઉત્તમ પુરુષો પણ પ્રાચીન પ્રમાણોના [illegible] વાતોથીજ ચાલે છે. જો આપણી કેળવણી આપણા જીવન [illegible] કે જેમાં આપણને હજી વિશ્વાસ છે તે દૂર કરી [illegible] આપણા જીવનના સવાલોનો સામનો કરવામાં [illegible] છે. આપણા ગ્રેજ્યુએટો ફક્ત કાયદા અને જાહેર નોકરીમાટે [illegible] ન હોય ત્યારે તેઓ સરકારી ખાતામાં [illegible] છે. [illegible] દેશના [illegible] બુદ્ધિબળને દેશના [illegible] કરવો જોઇએ. કેળવણીમાટે આપણે ત્યાં [illegible] કેળવણીમાટે [illegible] પ્રમાણમાં [illegible] વિશ્વવિદ્યાલય [illegible] પ્રયત્ન કરવાની જરૂર છે.

બ્રહ્મચર્યાશ્રમની જરૂર

(ડૉ૦ કલ્યાણજીદાસ દેસાઇ. હિંદુસ્થાન તા. ૩૦-૩-૨૬)

ગુજરાતમાં બ્રહ્મચર્યાશ્રમનું મીંડું છે. સ્વામીશ્રી નિત્યાનંદજી મહારાજ વ્યાખ્યાન આપતાં વારંવાર કહેતા કે, "ગુજરાતીઓ લડકે લડકી કી પ્રજા હૈ." તમારામાં શૌર્ય, નિડરતા તથા સાહસ ક્યાંથી હોય! ગુજરાતીઓ બુદ્ધિવાન છે, રસિક છે, વ્યાપારકુશળ છે; પણ તેઓમાં જોશ, ઝનુન કે કોઈ પણ કાર્ય પાછળ મરી ફીટવાની તેમનામાં શક્તિ નથી. અનેક મુસલમાન બાદશાહોએ, અનેક મરાઠા સરદારોએ આવા આ પ્રાંતપર ધા કર્યા કે તેને શરણ ગુજરાત થયું છે. અહમદશાહે અમદાવાદ વસાવ્યું; ભરૂચ, સુરત અને ખંભાતના નવાબોએ નવાબશાહી ચલાવી. અનેકવાર આ શહેરો લૂંટાયાં. આખરે અંગ્રેજો માલીક થઇ બેઠા, પણ તેનો બચાવ કરવા ગુજરાતીઓ આ છેલ્લા થોડા સૈકામા મરણીઆ થઈ લડ્યા નથી. દુર્બળ તથા કાયર પ્રજા શી રીતે લડી શકે ? આ સર્વ દોષોનું મૂળ બ્રહ્મચર્યનો અભાવજ છે. બ્રહ્મચર્ય એટલે વિવાહ ન કરવો અને સગનથી દૂર રહેવું એટલુંજ નથી બ્રહ્મચર્ય એટલે ઇંદ્રિયોનો નિગ્રહ, તપોમય તથા કઠણ જીવન છે. મોજશોખ-એશઆરામથી દૂર રહેવું, નિયમિત તથા સાદું જીવન ગાળવું એમાંજ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચારી કુદરતનાં બાળક છે અને કુદરત માતાના સ્વાભાવિક નિયમો પાળી જીવન ગાળે છે, ત્યારે આપણું જીવન બનાવટી, કપટી અને વ્યવહારને અવલંબીને હોય છે.

બ્રહ્મચર્ય પાળવામાટે નિત્ય નિયમપૂર્વક બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠવું જોઇએ. સૂર્યોદયસમયે સ્નાન ઇત્યાદિથી નિવૃત્ત થઈ સંધ્યા, અગ્નિહોમ વગેરે કરવાં જોઇએ, નિત્ય વ્યાયામ કરી શરીરને વજ્ર જેવું બનાવવું જોઇએ, સાદો પણ પૌષ્ટિક આહાર કરવો જોઇએ, નમ્રતા, વિનય, સત્યતા, સાધુતા ખીલવવાં જોઇએ અને વિદ્યાભ્યાસમાં મગ્ન બની શરીર, બુદ્ધિ તથા આત્માને પુષ્ટ કરવાં જોઇએ. કુદરતનાં સુંદર દૃશ્યોની વચમાં રહીને તેના નિયંતાની અનોખી કૃતિઓ નિરખી તેની સાથે આનંદની ગોષ્ટિ કરતાં શીખવું જોઇએ. આવી અવસ્થાનું નામ બ્રહ્મચર્ય છે. આ જીવન કંઈ ગૃહસ્થાશ્રમીઓની વચમાં રહી ગાળી શકાય નહિ.

અર્થ તથા કામમાં ચકચૂર ગૃહસ્થીઓની વચમા બ્રહ્મચર્યના આદર્શો ફળીભૂત ક્યાંથી થાય ? વળી ગૃહસ્થીને પોતાનું જીવન નિભાવવાની ફિકર હોય, રાતદિવસ તેના પ્રયાસમાં રોકાયલા હોય, એવા ને ગૃહસ્થીને પોતાના બાળકને બ્રહ્મચર્ય પળાવી,નિયમપૂર્વક સાદું જીવન ગળાવી,વિદ્યા આપવાની ફુરસદજ ક્યાંથી હોય ? રંગરાગમાં અને અનેકવિધ ભોજન તથા અનેક રીતે શોભતા વસ્ત્રાલંકારમાં ચકચૂર તે ગૃહસ્થીઓ બ્રહ્મચારીને સાદાઇનો, ઇંદ્રિયનિગ્રહનો પાઠ શી રીતે શીખવી શકે ? વળી શીખવે તો તે પાઠની અસર પણ બ્રહ્મચારીપર કેટલી પડે ? એ તો પોથીમાંનાં રીંગણાં જેવુંજ થાય ! વળી બીચારા શહેરીઓની ગંદી હવામાં કોઇ ખૂણામાં જ્યાં રોટલો આપે પણ ઓટલો ન આપે એવી સાંકડી જગ્યામાં માંડ જીવન ગાળતા હોય; જ્યાં સૂર્ય, ચંદ્ર તથા તારાના દર્શન ભાગ્યેજ હોય, તેવા સ્થાનમાટે બ્રહ્મચારી કુદરતનો બાળક હોઇજ ન શકે. ખરો મનુષ્ય પેદા કરવો એ કાંઇ જેમ અનાયાસે માતાપિતાના વિકારોથી બાળક સૃષ્ટિમાં આવે છે તેમ સહેલું નથી. ખરે-મનુષ્ય પેદા કરવા હોય તો હાલની રીત ઠીક છે, પણ જો નર-મનુષ્ય પેદા કરવા હોય તો તેનો રસ્તો તો જુદોજ છે. આપણા પૂર્વજોએ નર બનાવવાનો એક સાચો પેટંટ કર્યો હતો, એમાંથી દરેક બાળક પસાર થતું હતું. એ બીબું તે ગુરુકુળ છે. જે આર્યપ્રજા એક વખત જગતની સિરતાજ હતી; જેની સંસ્કૃતિ તથા વિદ્યાનાં બહુમૂલ્ય દુનિયાના એક છેડાથી બીજા છેડા-સુધી મશહૂર હતાં; જેના આચાર્યો પાસે પૃથ્વીભરના માનવો શિષ્ય બની જ્ઞાનપિપાસા તૃપ્ત કરતા હતા; જેના યોદ્ધાઓના રણવાદ્ય પૃથ્વીપરની દરેક ભૂમિપર ઉતના જોસદાર વાગતા સંભળાતા; જેના વૈશ્યો સમુદ્રમંથન કરી, વ્યાપાર ખેડી, પોતાના હુન્નરોથી કાંચનમયી લક્ષ્મીદેવીને પોતાને ઘેર લાવી વસાવતા તે આર્યપ્રજા ? તે બળ, વીર્ય, ધૈર્ય, સત્યપ્રીતિ, એકતાના બળથી સર્વપર પ્રભુત્વ, સર્વની પર પોતાની હાક વર્તાવતી, તે ઉન્નત આર્યપ્રજા આજે છે નહિ; કારણ કે તે આર્યપ્રજાનો ઉત્પન્નકરનાર ઋષિઓનો પેટંટ સાચો ગુરુકુળ નષ્ટ થયો. તે હથિયારનો ચલાવનાર

ગુરુ છે. ગુરુ બાળકને સાત આઠ વરસની ઉંમરે યજ્ઞોપવીત આપી તેને દ્વિજ બનાવે છે–તેને બીજો જન્મ આપી તેનો બીજો જન્મદાતા બને છે. ઓછામાં ઓછું ૨૫ વરસની ઉંમરસુધી બ્રહ્મચર્ય પળાવી, વિદ્યા ભણાવી, ઉત્તમ સંસ્કારો આપી, નિર્મળ વાતાવરણ રાખી તેને નર બનાવી પ્રજાને અર્પણ કરે છે. આ પ્રાચીન પ્રથાએજ આપણને એક જીવતી જાગતી પ્રજા બનાવી હતી. આ પદ્ધતિના નષ્ટ થવા સાથે આપણું પ્રજાત્વ નષ્ટ થયું, ગાઢ અજ્ઞાને પ્રજામાં વાસ કર્યો અને અંધપરંપરા શરૂ થઈ. પ્રજાનાં ભાષાઐક્ય, ધર્મઐક્ય તથા વિચારઐક્ય દૂર થયાં અને અવસ્થા છિન્નભિન્ન થઈ. ગુજરાતી ભાઇઓ! આપણામાં જે કાયરપણું–નિરૂત્સાહ છે, આપણે કાર્યો આરંભ કરી પાછા પડીએ છીએ તેનું કારણ આપણામાં શરીરબળ નથી.

હિંમત, અડગતા, ધૈર્ય અને ખંત નથી તથા આપણા વૈદિક ધર્મની વિજળી આપણામાં ચમકારો જગાડી, પાછી મંદ પડી જાય છે તેનું કારણ તપાસો તો આજ છે. બ્રહ્મચર્યનો અભાવ તથા તેને પોષનાર કૃત્રિમ જ્ઞાતિઓનાં બંધનો એજ આપણી અધોગતિનું કારણ છે. શું આપણી સંતતિને આપણે તેમાંથી ઉગારી શકીશું? શું તેઓને દૃઢ તથા આગ્રહી બનાવવા આપણે ઇચ્છીએ છીએ? શું તેઓ દેશનો ઉદ્ધાર કરી શકે એમ આપણી સતત લાગણી છે? જો તેમ હોય તો બ્રહ્મચર્યાશ્રમની પુનરુદ્ધાર કરનારી ગુરુકુળ સંસ્થાજ તે કાર્ય કરી શકશે. તે સંસ્થામાં આપનાં બાળકો મૂકો, તેનું પોષણ કરો તથા તેના અગ્રગન્તા બનો! उत्तिष्ठित! जाग्रत! प्राप्य वरान्निबोधत ॐ राम!

આરોગ્યવિજ્ઞાન

(દૈનિક હિંદુસ્થાનના એક અંકમાંથી)

મેલેરીઆ અને કવીનાઇન

'લીટરરી ડાયજેસ્ટ'માં આ વિષય ઉપર નીચે પ્રમાણે લખેલું છે:–

કવીનાઇનથી મેલેરીઆના જંતુઓ નાશ થઈ જશે; પણ મેલેરીઆના જંતુને શરીરમાં આવતા અટકાવવાની શક્તિ નથી–અર્થાત્ મેલેરીઆનાં જંતુઓને તે મારી નાખશે, પણ એની અસર માટે મેલેરીઆનાં જંતુઓ શરીરમાં હોવાં જોઇએ.

વળી કવીનાઇન થોડા પ્રમાણમાં આપ્યું હોય તો તે વધારે અસર કરે છે. જ્યારે કવીનાઇન વધારે પ્રમાણમાં અપાય ત્યારે માણસના ઉપર વધારે અસર કરે છે; પણ સૌથી અજાયબ સત્યો આ વિષયમાં તો ગાંડાની ઇસ્પિતાલના કેસોના મળેલા અનુભવોપરથી રચાયેલાં છે. અજાયબીભરી વાત એ છે કે માણસનું ગાંડપણ, તે માણસના શરીરમાં મેલેરીઆના જંતુઓ દાખલ કરવાથી મટી જાય છે. હાલના જમાનામાં ગાંડપણ અને પક્ષાઘાતને અટકાવવાને માટે અને મટાડી દેવાને માટે આ રીતજ વપરાય છે; એટલે કે તે માણસના શરીરમાં મેલેરીઆનાં જંતુઓ બહારથી દાખલ કરવામાં આવે છે. આ પ્રકારે ઘણા દરદીઓ સાજા થઈ ગયા છે. આ સત્ય કંઇ નવું શોધાયું નથી; પણ પુરાતન કાળના વૈદ્યો જેવા કે, હાપ્પોક્રેટ અને ગેલેનને પણ આ માહિતી હતી. મેલેરીઆનાં જંતુની મગજ ઉપર થતી અસર તો ઘણા કાળથી જાણીતી છે.

ઇંગ્લાંડની ગાંડાની ઇસ્પિતાલમાં ઘણા રોગીઓને આ પ્રકારની દવા આપવામાં આવી હતી અને તેમાંથી ૩૦ ટકા તો તદ્દન સાજા થઇ ગયા હતા. ત્યારથી ડૉકટરો અને રોગચિકીત્સકો મેલેરીઆના જંતુને રોગનાશકતરીકે વાપરવા તથા એવા બીજા જંતુઓ શોધી કાઢવા પ્રેરાય છે. આ પ્રકારે લેબોરેટરીમાં મેલેરીઆનાં જંતુ શરીરમાં બહારથી દાખલ કરવાથી શરીર ઉપર થતી પ્રત્યેક અસર તેઓ નોંધી શકયા છે અને સંપૂર્ણ અભ્યાસ થઇ શકયો છે. લેફ્ટેનન્ટ કર્નલ. પી જેમ્સ કહે છે કે, મચ્છરમાં માણસથી જંતુ પેદા થાય છે કે પછી મચ્છર માણસના શરીરમાં જંતુ પેદા કરે છે, તે કહેવું અસંભવિત છે. તે કહે છે કે, જે મચ્છરો બંધ તળાવમાં રહેતા હોય તેઓમાં મેલેરીઆનાં જંતુઓ હોતાં નથી. આથી તેઓ માણસને કરડે તોપણ માણસને મેલેરીઆ થાય નહિ, પણ જે મચ્છરો આપણી આજુબાજુ રહે છે અને કંઇક જુદીજ સ્થિતિમાં જેઓ રહે

તેવા મચ્છરોમાં મેલેરીઆનાં જંતુઓ પેદા થાય છે; અને પછી આ મચ્છરો જ્યારે માણસને કરડે છે, ત્યારે તેમનામાંથી મેલેરીઆનાં જંતુઓ માણસના લોહીમાં ભળી જાય છે. પછી તેઓ વધવા માંડે છે અને પછી એટલેસુધી વધી જાય છે કે માણસને તાવ આવે છે.

કર્નલ પી. જેમ્સના કહેવા પ્રમાણે તો દરેક ઘરમાં મેલેરીઆનાં જંતુઓ પેદા થાય છે; એટલુંજ નહિ પણ ઓરડીઓને મેલેરીઆના જંતુઓ લાગતા હોય તોપણ ત્યાંથીજ.

વળી કહે છે કે, આપણા ઘરની પાસે અને અંદર જે મચ્છરો રહે છે તેમના જીવનનો અભ્યાસ આપણે કરવો જોઇએ.

વળી દરેક માણસના લોહીમાં કેટલાક પદાર્થો હોય છે, કે જે આ જંતુઓ આવે એટલે તેને ખાઇ જાય છે. આ પદાર્થો કોઇના લોહીમાં ઓછા હોય અને કોઇનામાં વધારે હોય; ઓછા હોય તો જંતુઓ ખવાઇ નહિ જતાં થોડાં થોડાં વધવા માંડે અને આખરે એટલાં બધાં થઇ જાય કે મેલેરીઆ તાવ આવે; માટે હવે પછી દરેક મનુષ્યનું લોહી તપાસી આ જંતુઓ દાખલ કરવાં જોઇએ.

લીવરપુલના વિશ્વવિદ્યાલયનો જંતુશાસ્ત્રનો પ્રોફેસર કહે છે કે, બહારથી દાખલ કરેલા જંતુવડે આવેલો તાવ ક્વીનાઇનના નાના પ્રમાણથી મટી જાય છે; પણ જ્યાંસુધી મેલેરીઆજંતુ શરીરમાં ન હોય ત્યાંસુધી ક્વીનાઇનની કશી અસર થતી નથી.

વળી તે લોકો કહે છે કે, માણસ ક્વીનાઇન લેતો હોય અને પછી મેલેરીઆનાં જંતુઓ અંદર દાખલ કરવામાં આવે તોપણ મેલેરીઆનો તાવ માણસને આવશે. ક્વીનાઇન હમેશાં ઓછા પ્રમાણમાં આપવાથી વધારે જલદીથી અસર કરે છે; પણ વધારે પ્રમાણમાં આપવાથી તેમ થતું નથી.

પણ આમ કેમ થાય છે ? વધારે લેવાથી સામું નુકશાન કેમ થાય છે ? આના જવાબમાં તે જણાવે છે કે, ક્વીનાઇનને મેલેરીઆના જંતુને મારી નાખવામાં આપણા શરીરના લોહીના કેટલાક પદાર્થો મદદ કરે છે. આ મદદ જો ક્વીનાઇન ઓછા પ્રમાણમાં અપાયું હોય તોજ બની શકે; પણ જ્યારે ક્વીનાઇન વધારે પ્રમાણમાં અપાયું હોય ત્યારે આ કેટલાંક જીવનબિંદુઓ જે મેલેરીઆના જંતુઓનો નાશ કરે છે તે જીવનબિંદુઓ મરી જાય છે; એટલે મેલેરીઆના જંતુઓ એકદમ આગળ વધી શકે છે અને પરિણામે તાવ ઉતરતો નથી અને ફરી પાછો આવે છે. તે કહે છે કે, લડાઇમાં અને ખાનગી દવાખાનામાં ઘણીવાર આ પ્રકારના તાવ (ચડતા ઉતરતા) ક્વીનાઇન વધારે પ્રમાણમાં લેવાથી થાય છે.

ક્વીનાઇનની ઓળખ

સિન્કોના નામનું ઝાડ થાયછે, તેનું વર્ણન નીચે મુજબ ઔષધીગુણાદર્શ (મેલેરીઆ મેડીકા)માં આપેલું છે. આ ઝાડ આપણા દેશમાં આસામ અને બિહાર તરફ થાય છે; પણ વધારેમાં વધારે હોલાન્ડમાં થાય છે અને ક્વીનાઇનનો વ્યાપાર મુખ્યત્વે ડચ લોકોના હાથમાં છે. ડચ લોકોની સીન્ડીકેટના હાથમાં આ વેપાર છે અને વિશ્વમાં વપરાતું ઘણુંખરૂં ક્વીનાઇન એજ કંપની પૂરૂં પાડે છે.

આ ઝાડની છાલમાં કેટલાંક તત્ત્વો રહેલાં છે. આ બધાં તત્ત્વોમાંથી ક્વીનાઇન એ એક તત્ત્વ છે. ક્વીનાઇનના બે ક્ષાર આવે છે. ક્વીનાઇન હાઇડ્રોક્લોરાઇડ અને ક્વીનાઇન સલ્ફેટ. તેની માત્રા ૧ થી ૧૦ ગ્રેન સુધીની છે. આ બંને ક્ષાર પાણીમાં ઓગાળી શકાતા નથી, માટે તેમને ઓગાળી નાખવામાટે તેજાબની જરૂર છે; પણ તેજાબમાં પાણી પુષ્કળ રેડવું જોઇએ. ક્વીનાઇનનો સ્વાદ ઘણો કડવો હોય છે. હમણાં બજારમાં યુ. ક્વીનાઇનની નવી જાત નીકળી છે. તેનો સ્વાદ બીલકુલ હોતો નથી; પણ આ ક્ષાર પહેલાના જેટલો અસરકારક નથી. ક્વીનાઇન હમણાં હમણાં બહુ વપરાય છે. ૧॥ ગ્રેનની માત્રામાં તે શક્તિસુધારક છે।

શીતળા કઢાવવા કે નહિ?

ઇગ્લાંડ અને વેલ્સમાં છેલ્લાં એકવીસ વર્ષમાં શીતળા માતાથી પાંચ વર્ષની નીચેનાં માત્ર ૧૦ છોકરાં મરણ પામ્યાં છે. ત્યારે શીતળા કઢાવવાથી ૨૦૨ મરણ પામ્યા છે. આવા કારણે ઘણા માણસો શીતળા કઢાવવાની વિરૂદ્ધ છે.

વાદળી વાપરવાથી કઠણ થઇ જાય તો તેને ગરમ પાણીમાં બોળી રાખવાથી પછી સારી અને પોચી થઇ જાય છે.

ઉચ્ચ ઉદ્દેશવાળું જીવન

(ચિત્રમયજગત–જુલાઇ૧૯૨૬)

જગતમાં અસંખ્ય મનુષ્યો એવાં હોય છે કે જેઓ પોતાના જીવનમાં કયા ઉદ્દેશને સિદ્ધ કરવા ધારે છે તેનો કદી વિચાર સરખો પણ કરતાં નથી. મનુષ્યજીવન એ એક સર્વોત્કૃષ્ટ જીવન છે અને તેમાં મનુષ્ય ધારે તેવા અનેક ઉદ્દેશોને સિદ્ધ કરી શકવા સમર્થ છે; પરંતુ જ્યાંસુધી મનુષ્ય પોતે એક પણ ઉદ્દેશને નક્કી કરતો નથી, ત્યાંસુધી તેના જીવનની સ્થિતિ સુકાનવિનાની નૌકાના જેવી થાય છે અને તેના સઘળા પ્રયત્નો નિષ્ફળતામાંજ પરિણામ પામે છે.

મનુષ્ય પ્રતિદિન બળના એક અસાધારણ સમૂહસાથે જાણતાં કે અજાણતાં એકતા પામે છે અને તેમાંથી થોડા અથવાં ઘણા પ્રમાણમાં બળ મેળવે છે. આ બળનો તે ઉદ્દેશવિનાનાં કાર્યો કરવામાં ઉપયોગ કરે છે–અર્થાત્ મેળવેલા બળનો દુરુપયોગ કરી તેનો નાશ કરે છે.

આપણે જોઇએ છીએ કે, જગતમાં કોઈ પણ પ્રકારના બળનો ઉપયોગ કરતાં પહેલાં મનુષ્યો તેને કયા કામમાં ઉપયોગ કરવો છે તે નક્કી કરે છે. એક અજ્ઞાન રાંડીરાંડ ડોશી પણ ચૂલો કે સગડી સળગાવતાં પહેલાં તેના ઉપર શું મૂકવું છે તેનો નિર્ણય પ્રથમથી કરે છે. જો કંઈપણ નિર્ણય અગાઉથી કરવામાં આવ્યો ન હોય તો તે લાકડાં અથવા તો કોલસાનો દુરુપયોગજ થઈ તેનો નાશ થાય છે. આજ પ્રમાણે વિદ્યુત, વરાળ વગેરે વધારે બળવાન સામર્થ્યોના ઉપયોગનો પણ મનુષ્યો એક ઉદ્દેશ નક્કી કરી તેને ઉપયોગમાં લે છે અને તેમ કરવાથીજ મનુષ્યો તે સામર્થ્યવડે સામાન્ય નહિ પણ અસામાન્ય કાર્યો પણ કરી શકે છે.

મનુષ્ય પોતે ઉદ્દેશવિનાનું જીવન ગાળવામાં અસાધારણ બળનો નિત્ય આવી રીતે દુરુપયોગ કરે છે એવું તેને ભાગ્યેજ જ્ઞાન હોય છે. તે પોતાના નિત્યના વ્યવહારો અજ્ઞાનના પટમાં રહીને કર્યા કરે છે. અનેક ઉદ્દેશવિનાની ક્રિયાઓમાં બળનો ક્ષય કરે છે; પરંતુ કેવું અસાધારણ બળ તેને પ્રાપ્ત છે અને તેનાવડે તે કેવાં ચમત્કારિક કાર્યો કરવા સમર્થ છે, તે તે સમજતો નથી. અજ્ઞાન ! અજ્ઞાનનીજ એ બલિહારી છે !

આમ છતાં કેટલાક પોતાનાજ ડહાપણને સર્વોત્કૃષ્ટ માનનારા પણ હોય છે અને પોતાના જીવનમાં શું પ્રાપ્તવ્ય છે અથવા પોતાના જીવનનો શો ઉદ્દેશ છે, તે પોતે સમજતા હોય તેમ માની ઢંગધડાવિનાનાં કોઈ કોઇ લક્ષ્ય બાંધે છે અને તેનાથીજ રાજી થઇ સંતોષ માને છે. તેઓ ઘડીમાં એક વસ્તુપ્રતિ પોતાના પ્રયત્નને દોડાવે છે, તો ઘડીમાં બીજી વસ્તુને સિદ્ધ કરવા પ્રયત્ન આદરે છે. વળી કંઈ નવું જાણતાં કે સાંભળતાં ત્રીજામાં મનને દોડાવે છે; પરંતુ એક સ્થાયી ઉદ્દેશ–એક અચળ લક્ષ્યને તે ધારણ કરી તેનેજ સિદ્ધ કરવા આગ્રહ સેવતા નથી. માનસશાસ્ત્રના વિદ્વાનો મનની આવી અસ્થિર અવસ્થાને પણ આ સંબંધમાં નીચા પ્રકારની ગણે છે. એક અચળ ઉદ્દેશને દૃઢતાથી વળગી રહેવું; એજ મનની બળવાન અવસ્થા છે.

મન જ્યારે એક આવા ઉદ્દેશથી ઓતપ્રોત થાય છે; મનના પ્રત્યેક અંશમાં આપણા ઉદ્દેશની છાપ સ્પષ્ટ પડી રહે છે, ત્યારે મન આપણા જાણતાં અને અજાણતાં બળને તેજ દિશામાં તાળવાનો પ્રયત્ન કર્યા કરે છે અને આપણા બળનો સદુપયોગ થાય છે, જેથી જીવનના એક મહાન કાર્યને આપણે સાધી શકીએ છીએ.

આપણા ઉદ્દેશનું સ્વરૂપ બને તેટલું વધારે સ્પષ્ટ રચવું, એજ મુખ્ય કર્તવ્ય છે. ઉદ્દેશનું ઝાંખું સ્વરૂપ રચવાથી કંઈજ ફળ નથી. આવા મનુષ્યોમાટે એમજ કહી શકાય કે, તેઓ પોતાની સ્થિતિ સમજતા નથી. પોતે ક્યાં છે, શું કરવું છે, ક્યાં જવું છે,તેનું કશુંજ તેમને ભાન નથી. આવા મનુષ્યો જગતમાં શું એક પણ મહત્ત્વનું કાર્ય સાધી શકશે ? જીવનના મહાન ઉદ્દેશોમાંનો એક પણ ઉદ્દેશ સિદ્ધ કરી શકશે ? મનુષ્યજીવનમાં અનુભવાતાં અસંખ્ય ઉચ્ચ સુખોમાંના એક પણ ઉચ્ચ સુખને અનુભવી શકશે ? અદ્ભુત સામર્થ્યને ધારણ કરવાના અનુપમ લાભને પામી શકશે ? તમારૂં હૃદય આનો સ્પષ્ટ ઉત્તર આપે છે કે, આવું મહાન ફળ તે કદી પ્રાપ્ત કરી શકશે નહિ.

ઘરમાંથી બહાર નીકળી ક્યાં જવું છે, તેનો સ્પષ્ટ વિચાર ન કરનાર રસ્તા ઉપર આમથી તેમ

ખાસ પગનાં નળીઓમાં ધર્માને, હોડીઓ નરમ કરીને અને મગજને સ્વસ્થ કરીને બનેલો પડેલો જ છે. જીવનપ્રવાસે નીકળનાર મનુષ્ય પણ ઉદ્દેશવિનાનાં કર્તવ્યો કરવામાં આવીજ તેવો અનુભવ કરે એમાં આશ્ચર્યભરેલું શું છે !

મનુષ્યજીવન એટલું અદ્ભુત છે, તેમાં એટલા બધા સંજોગો રહેલા છે, તેમાં એવાં અસાધારણ કાર્યો થઈ શકે એમ છે, કે તેની કલ્પના થઇ શકે તેમ નથી. અનેક પ્રસંગોમાં થયેલા અ- ૫ મહાપુરુષોનાં જીવનનું અવલોકન કરો અને તમને જણાશે કે, જીવનમાં અનેક ઉચ્ચ અને ઉત્તમ કર્તવ્યોવડે મનુષ્યોએ પોતનાં જીવન વિભૂષિત કર્યાં છે; પોતાના જીવનનાં જ્વલંત ઉદા- હરણોથી અનેક અજ્ઞાન પ્રાણીઓના માર્ગને પ્રકાશિત કર્યાં છે; અનેક દર્શનરૂપ પ્રતિમાઓમાં ક- ર્તવ્યની દિશા દર્શાવી છે. આમાંની કોઇએક દિશાના, આ કર્તવ્યોમાંના કોઇ મહાન અને તેજ- કર્તવ્યને, આ અસાધારણ ઉદ્દેશમાંના કોઇએક અપૂર્વ ઉદ્દેશને ધારણ કરો અને તેને સિદ્ધ કરો; એટલે તમે મનુષ્ય નહિ પણ દેવ ગણાશો, દેવ નહિ પણ ઈશ્વર ગણાશો !

પણ એ સર્વ ક્યારે ? આવા કોઇ મહાન ઉદ્દેશને ધારણ કરી તેમાં પ્રયત્નને વાળશો ત્યારે. મહાન ઉદ્દેશનેજ હજી ધારણ કરતાં તમને આવડતું ન હોય તો તે પ્રથમ શીખો. મહાન ઉદ્દેશને ધારણ કરી તેને વળગી રહેનાર અવશ્ય તેને સિદ્ધ કરે છે, અવશ્ય મહાપદને પામે છે. પ્રથમ ઉદ્દેશને નક્કી કરો-સારી રીતે-સ્પષ્ટપણે નક્કી કરો.

વિજય કહો કે સિદ્ધિ કહો, જીવનની સફળતા કહો કે ઉચ્ચ પદની પ્રાપ્તિ કહો. એ સર્વ ઉદ્દેશને અનુસરે છે-ઉદ્દેશની પાછળ ખેંચાય છે. ઉદ્દેશને ધારણ કરવામાં જેણે વિજય મેળવ્યો તે ખરેખર વિજયીજ છે.

ઉદ્દેશના નિર્ણયવિના મનુષ્યના કર્મે નિષ્ફળતા લખાયેલી છે. બે સુંદર ઘાસની ગંજીઓ વચ્ચે ઉભેલો એક ગધેડો નિર્ણય કરી ન શક્યો કે આ બેમાંથી કયી ઘાસની ગંજીમાંથી ઘાસ ખાઉં ? અને આખરે ભૂખે મર્યો ! રમણીઓનાં વિશાળ ટોળાંમાં સ્વચ્છંદે વિહરતી કયી મનોહારિણી સ્ત્રીને વરું ? એનો નિર્ણય ન કરી શકનાર યુવક પોતાની કલ્પનાની સુંદર સ્ત્રીને પ્રાપ્ત કરી શક્યો નહિ. દ્રવ્યના પર્વતમાંથી શું લઉં ને શું ન લઉં ? એવી મૂઢ અવસ્થાને પ્રાપ્ત થયેલો મૂર્ખ દરિદ્રીજ રહ્યો. તેજ પ્રમાણે મનુષ્ય ! કયું ઉચ્ચ લક્ષ્ય ધારણ કરું એના નિર્ણયની કલ્પનામાંજ રમતાસુધી તારું જીવન નિષ્ફળજ છે ? ગમે તે એક ઉચ્ચ ઉદ્દેશને ધારણ કરી તેને સિદ્ધ કર. પુનઃ એથી ચઢતું લક્ષ્ય જણાય તો તેને ધારણ કર; એમ આગળ વધી પરિણામે મહાપદને પ્રાપ્ત કર. પરમાત્માના અવર્ણનીય પદનો અનુભવ કર. એજ તારા જીવનનો અંતિમ ઉદ્દેશ, એજ તારા કર્તવ્યની પરાકાષ્ઠા.

ભાગ્ય ઉદય કબ હોગા ?

(લેખકઃ-અવધીય, રામપ્રિય શરણસિંહ "રત્નેશ." વિદ્યામિત્રમાંથી)

તેરા ભારત ! ભાગ્ય ઉદય કબ હોગા, મંગલમય જગદીશ સદય કબ હોગા;
છૂટેગી કબ ઘર કી દુસહ લડાઇ, જીસને તેરી યહ દુર્દશા કરાઇ.
કાલા કુલી રહેગા કબ તક ભારત ? વ્યાધિ-ગ્રસ્ત, બલહીન, દીન અતિ આરત.
કલહ શ્યામ મુખ લેકર કબ ભાગેગા ? સોકર કબ યહ દેશ પુનઃ જાગેગા.
ઉપજેંગે કબ ફિર આદર્શ-સુધારક ? મર્યાદા કે રક્ષક, દુખવિદારક.
અવિચલ ટટ્ટૂ કબ તક અડે રહેંગે, કબ તક પુનરુત્થાન ન હોને દેંગે.
કબ ગૂંજેગા રાગ સ્વદેશીપનકા, હોગા કબ સ્વરાજ્ય લક્ષ્ય જીવન કા;
કબ ભાઇમેં ભાઇ ગલે મિલેંગે, આપસ મેં હો એક, બલાએં લેંગે.
પલટેગા કબ સુખદ બસન્ત તુમ્હારા, હોગા કબ કષ્ટોં કા અન્ત તુમ્હારા;
જીસને કભી નહીં દેખી પર નારી, સમઝેંગે કબ મર્મ દેશ સેવા કા.
અર્જુન સે બર બીર વ્યાસ વિજ્ઞાની, જન્મેંગે કબ હરિશ્ચન્દ્રસે દાની;
હોંગે કબ શુકદેવ જનકસે યોગી, કબ તેરી આદર્શ-કલ્પના હોગી.
રાવણારિ કબ આ ભૂ-ભાર હરેંગે, કબ 'રત્નેશ' તુમ્હારા કોપ ભરેંગે;
આયેંગે કબ કૃષ્ણ ગોદમેં તેરી, કાટેંગે કબ પરાધીનકી બેરી.

રાષ્ટ્રીયતાની ભાવના

(સૌરાષ્ટ્ર–તા-૨૦-૨-૧૯૨૬)

ઇસુનો ધર્મ પ્રચારવા દુનિયાના ખૂણે ખૂણામાં પહોંચેલા પાદરીઓને હાથે ખ્રિસ્તીધર્મની દીક્ષા લઈ,
તેમની નિશાળમાં દશ વર્ષ સુધી ચીની અને અંગ્રેજી શિક્ષણ લઇ એક ચીની તરુણ સત્તર વર્ષની ઉમરે
આગળ અભ્યાસ કરવા અમેરિકા ગયો. અમેરિકાની એક વિદ્યાપીઠમાં તેણે ચાર વર્ષ સુધી ઔદ્યો-
ગિક વિષયનો અભ્યાસ કર્યો અને તે દરમિયાન તેણે અમેરિકાનું જીવન ઝીણવટથી નિહાળ્યું. અમે-
રિકાની શક્તિ, અમેરિકનોની આબાદી અને દુનિયામાં અમેરિકાના પુત્રનું ઉચ્ચ સ્થાન, એ બધાની
પાછળ કયું પ્રેરણાબળ ઉભું છે, તે પણ તેના અંતરમાં બરાબર ઉતરી ગયું.

તે ચાર વર્ષ પહેલાં ચીનથી આવ્યો ત્યારે તેના મોં ઉપર ઇસુએ પ્રબોધેલી નમ્રતા નિરા-
જતી, તેના મુખમાંથી બાઇબલનાં સુવચનો ઝરતાં અને તેણે તો અમેરિકાને ઇસુના પગલે ચાલ-
નારો અને વિશ્વપ્રેમ તથા અહિંસાનાં પૂજન કરનારો પરમ પવિત્ર સાધુ–દેશ કલ્પી લીધેલો. [illegible]
આવ્યો ત્યારે મનમાં નિરધાર રચીને આવેલો કે, અમેરિકામાંથી ઉચ્ચ શિક્ષણ અને 'ખ્રિસ્તી' જીવન-
નો આદર્શ મેળવી હું ચીન પાછો આવીશ અને પાદરી બની એક શાળામાં જીવન સમર્પી [illegible]
પિતાનાં બોધવચનોનો પ્રચાર કરીશ.

પણ અમેરિકામાં ચાર વર્ષ રહ્યા પછી તેનું એ સ્વપ્ન ઉડી ગયું. અમેરિકામાં તેણે ઇસુ[illegible]
પૂજા નહિ, પણ કોઇ બીજીજ પૂજા જોઇ, તેના મોં ઉપરથી નમ્રતા અદૃશ્ય થઈ. તેની જગ્યા[illegible]
દૃઢતા અને નિશ્ચય ગોઠવાયા. તેની આંખોમાંથી વિશ્વપ્રેમ અને માનવ–બંધુતાની કાવ્યમય મધુર[illegible]
ચાલી ગઈ અને તેને બદલે તેમાં ઝનુન અને આગ ચમકવા લાગ્યાં, તેણે જીવનનું નવુંજ સ્વપ્ન રચ્[illegible]

અમેરિકાથી ઉપડતી વેળાએ તેના એક મિત્ર–અધ્યાપકે તેને જીવનની યોજના પૂછી. [illegible]
જવાબ આપ્યો કેઃ—"ખ્રિસ્તી ધર્મ અને ખ્રિસ્તી સંસ્કૃતિને આ દેશમાં મેં ચાર વર્ષ સુધી નિર-
નિરખીને જોયાં અને એ મહાન ધર્મનાં અને એ વિશ્વવિસ્તૃત સંસ્કૃતિનાં મેં જે સ્વપ્નાં રચ્યાં [illegible]
તે બધાં ઓસરી ગયાં. એ મારો ભ્રમ હતો. હવે મને સાચી સ્થિતિનું ભાન થયું છે. આજ [illegible]
મેં આકાશમાં કલ્પનાનાં ઉડ્ડયનોનો આનંદ લીધો; અને હું આ નક્કર પૃથ્વી ઉપર મારા
સ્થિર કરી આ દુનિયાના રંગ જોવા માગું છું."

"ચીનમાં હતો ત્યાંસુધી અજ્ઞાનની ભ્રમણા નીચે એમજ સમજતો કે, ચીનમાં લૂંટ ચલા[illegible]
યુરોપીયન વેપારીઓ તો કોઇ રખાપત: ધર્મચૂક્યા ખ્રિસ્તીઓ હોવા જોઇએ. આખી [illegible]
પ્રજા એવી નહિ હોય; પણ અમેરિકાના મારા અનુભવે મારી એ માન્યતાને મૂલભરેલી ઠ[illegible]
હવે તો હું અહીંથી એકજ નિરધાર રચીને જાઉં છું કે, જીંદગીમાં પગલે પગલે નફ્ફાતોટા[illegible]
ગણત્રી કરનારી યુરોપની પ્રજાઓના ત્રાસમાંથી મારા પ્યારા વતન ચીન દેશને મુક્ત કરવા
સામે જોરાવર બળવો ઉઠાવવા હું મારા દેશભાઇઓને તૈયાર કરવામાં આખી જીંદગાની સમ[illegible]
યુરોપની ખ્રિસ્તી પ્રજાઓની પવિત્ર મુરાદો અને પુણ્ય પ્રવચનોમાં શ્રદ્ધા મૂકી એ આત્મઘા[illegible]
હવે તો અમે તમારી સાથે લડીનેજ અમારી સ્વાધીનતા પાછી મેળવશું."

"હું માનતો હતો કે, ઇસુના અનુયાયી કહેવડાવનારી પશ્ચિમની પ્રજાઓએ ઇસુના [illegible]
[illegible] જીવનના [illegible] પધરાવ્યો હશે. આખા સમાજની રચના એ પાયા ઉપર [illegible]
[illegible] પશ્ચિમની પ્રજાઓ કોઈ જુદીજ ભાવનાઓને પૂજે છે. હું ચીનમાં જઈને [illegible]
[illegible]"

[illegible] ભાવના—પ્રથમ મારો દેશ અને પછી આખી દુનિયા—[illegible]
[illegible]

[illegible]

[illegible] ચીનના [illegible] અમેરિકામાં [illegible] મારા મિત્ર [illegible] એ ભાવનાને [illegible] ને-ચીનાનું વિશિષ્ટત્વ [illegible] તે [illegible]"

એ પ્રકારના વાર્તાલાપને અંતે તે યુવક અમેરિકા [illegible] અને તે ચીનમાં [illegible] મૂંગો મૂંગો તેની રાષ્ટ્રીયતાની ભાવનાને ફેલાવવા મંડ્યો.

આ દશ વર્ષ પહેલાંની વાત. આવા આવા ભાવનામય યુવકોનાં [illegible] ચીનમાં રાષ્ટ્રીયતાનો શંખધ્વનિ ગાજ્યો. એ ભાવના ધીમેધીમે [illegible] તેમ આજે ચીન ઉછળી રહ્યું છે. એ ભાવનાને પ્રતાપેજ શાંઘાઈના [illegible] વિદ્યાર્થી-યુવકોનાં ટોળેટોળાં નીકળી પડ્યાં, નિશાળોને તાળાં દેવાયાં, ચીનમાં [illegible] જંગી સરઘસો નીકળ્યાં તથા વિદ્યાર્થીઓએ અંગ્રેજ સિપાઈઓની ગોળીએ વિંધાઈ જાનની કુરબાની કરવાનું પસંદ કર્યું. એજ ભાવનાના ઉગ્ર યુવકોએ ૧૯૨૬માં જાપાની માલના બહિષ્કારની હીલચાલ આખા ચીનમાં ફેલાવેલી અને એજ ભાવનાને વશ બનીને ચીની મજુરો પરદેશી આગબોટોને સળગાવી મૂકે છે અને વિદેશી વેપારીઓને નિરાંતે જંપવા દેતા નથી. જ્યાંસુધી ચીનની બેડીઓ નહિ તૂટે, જ્યાંસુધી ચીનાઓ સાથે યુરોપીયનો સમાનતાનો વર્તાવ નહિ રાખે, ત્યાંસુધી આ ભાવનાનો દાવાનળ વધારે ને વધારેજ પ્રસરતો જશે.

હિંદના યુવાનો આવી રાષ્ટ્રીયતાની ભાવનાએ રંગાય અને તેમની પ્યારી ભારતમાતાની જંજીરો તોડવાના ભગીરથ કાર્યમાં ચીનના યુવાનોની જેમ ઝુકાવે એ વેળા ક્યારે આવશે !

" એક પુરાતન ગ્રંથસંગ્રહ "

(ઑક્ટોબર ૧૯૨૫ ત્રિમાસિક 'પુસ્તકાલય'માંથી)

"નામદાર નિઝામ સરકારના રાજ્યમાં પારચરસ તાલુકાના મુખ્ય જાગીરદાર હકીમ સૈયદ કાસીમને ત્યાં એક ઘણોજ કિંમતી પુરાતન ગ્રંથસંગ્રહ છે." એ સંગ્રહમાં હજારો પુસ્તકો અને કળા, વિજ્ઞાન, વૈદક વગેરેને લગતાં તાડપત્રો વગેરેપર લખેલા હસ્તલિખિત ગ્રંથો છે. કેટલાક તો છેક વેદના વારાના દેખાય છે. પુસ્તકોમાં નીચે જણાવેલા વિષયોને લગતાં પુસ્તકો છેઃ—

(૧) સડો નહિ લાગવામાટે મસાલો ભરવાસંબંધી-ઇજીપ્તમાં જોવામાં આવ્યું છે તેમ શબને સડો લાગ્યા વગર જેમનાં તેમ હજારો વર્ષસુધી રાખી શકાય છે.

(૨) લાલ, પીળું, કાળું વગેરે કોઇપણ રંગનું રૂ ઉગાડવાની કળા.

(૩) અત્યયન કાચ—એવો કાચ તૈયાર બનાવીને તેને દરિયાની સપાટીપર ધરવામાં આવે તો સમુદ્રના તળિયાની વસ્તુઓ સ્પષ્ટ દેખી શકાય.

(૪) હલકી ધાતુમાંથી સોનુંરૂપું બનાવવાની વિદ્યા; સોનું ગાળવાની વિદ્યા; ઝવેરાત અને મોતીને ગાળીને મનપસંદ આકાર, કદ તથા રંગ બનાવવાની વિદ્યા; નીચી સપાટી ઉપરથી મોટા પર્વત ઉપર પાણી વહેવડાવવાની વિદ્યા, હજારો વર્ષોસુધી સતત પાણી ગરમ રાખી મૂકવાની વિદ્યા, આ સિવાય બીજી ઘણી નવાઈ ઉપજાવે તેવી બાબતોસંબંધી માહિતી આપનારાં પુસ્તકો તેમાં છે. જ્યારે આપણા હિંદુસ્થાનના રાજાઓમાંથી ભાગ્યેજ કોઇ નરેશ આવી વસ્તુઓમાં રસ લે છે, ત્યારે જર્મનો અને અમેરિકનો જેવા પરદેશીઓ આવા પુરાતન ગ્રંથો હિંદુસ્તાનમાંથી ખરીદી લઇ જાય છે એ શોચનીય છે. પહેલાં કરતાં હાલ સમય બદલાયો છે; પરંતુ હજુ એ દિશા તરફ વિશેષ ધ્યાન આપવાની ખાસ અગત્યતા છે.

ગાંડાઓને ડાહ્યા બનાવવાનો ઈલાજ

(હિંદુસ્થાન તા. ૨૬—૫—૨૩)

બેલ્જીઅમવાસીઓ શું કરે છે?

'ગાંડાઓને કેદમાં ન નાખતાં સ્વતંત્ર રહેવા દો'

'માન્ચેસ્ટર ગાર્ડીયન' માં નીચેનો લેખ જોવામાં આવે છે:–લડાઈની શરૂઆતથી યુરોપમાં ગાંડાઓની સંખ્યામાં ભારે વધારો થયો છે. કેટલાંક ગામોમાં તો આવા સખસો એટલા બધા [illegible] છે કે ગાંડાઓની ઇસ્પીતાલમાં જગ્યા પણ નથી. આથી બેલ્જીઅમના એક નાના ગામનો દાખલો ટાંકવો અહીં સ્હેજ થઈ પડશે. ૧૭ મી સદીથી ત્યાં એવો રિવાજ થઈ પડ્યો છે કે [illegible] ગાંડા માણસોને ગામના લોકોએ પોતાના ઘરમાં આશ્રય આપવો પડે છે. ગામના લોકો સરકાર તરફથી નીચેનો જે ટાઈટલ મળ્યો છે, તે માટે તેઓ મગરૂર છે. આ ગામને 'ગાંડાઓને કૌટુંબિક આશ્રય આપનાર લોકોનાં' અથવા કેટલાક 'ગાંડાઓનું ગામ' એ નામથી ઓળખે છે. આ ગામનું નામ 'ગીલ' છે અને તે એન્ટવર્પ શહેરથી ૧૨ માઈલને અંતરે આવેલું છે. [illegible] ચોરસ માઈલ છે અને કુલે ૧૫ હજાર માણસોની વસ્તી છે. લોકો [illegible] છઠ્ઠા સૈકામાં સેંટ ડીંફન જે પાપી પિતાનો ભોગ થઈ પડી [illegible] તે સ્થાન ત્યારથી ગાંડાઓમાટે યાત્રાનું ધામ થઈ પડ્યું છે.

[illegible] ગાંડાઓને દેવળના એક ભાગમાં ઉતારો આપવામાં આવતો. એ ભાગને [illegible] આપવામાં આવતું. એવો વખત આવી લાગ્યો કે, [illegible] ગાંડાઓને માટે ઉતારાની સગવડ કરવી પણ મુશ્કેલ થઈ [illegible] પોતાના ઘરમાં આશ્રય આપવા માંડ્યો. આથી [illegible] અને નિકટ થવા લાગ્યો; અને સૈકાંઓ જતાં [illegible] રિવાજ દાખલ થયો અને તેની વૃદ્ધિ થતી ગઈ. [illegible] થઈ હતી. સૈકાંઓસુધી આવા [illegible] બનાવવામાં આવતી; પણ ૧૮૫૨ થી [illegible] બેલ્જીઅમમાં આવા માણસોની દરકાર [illegible]

[illegible] ગાંડાઓની [illegible]

[illegible]

આવે છે. ખરી રીતે ભીલવાસીઓને તો ગાંડાઓ તરફની એક જાતની ઉપજ છે અને ભીલવાસી-
ઓ આ ધંધો ચલાવવામાં માન સમજે છે.

ગણત્રી ઉપરથી માલૂમ પડે છે કે, ગાંડાઓના ૨૫ ટકા જેટલા માણસો સુધરી પોતાને ઘેર
ય છે. સરકારના આંકડા સાથે સરખાવતાં આ પ્રમાણ અગત્યનું છે. ભીલની ખુલ્લી હવાને લીધે
ંડાઓમાંથી પાંચ પાંચ ટકા જેટલાનું મરણ નીપજે છે, જ્યારે સરકારી ગાંડાઓની ઇસ્પીતાલમાં
રણનું પ્રમાણ વધી જાય છે. આ રીત નમુનેદાર છે. ભીલવાસીઓને આ વારસામાં મળેલી છે. ભીલમાં
કોઇ જાય તો તેને ગાંડાઓને ડાહ્યા માણસોમાંથી પારખી કાઢવાનું કામ ઘણું મુશ્કેલ થઇ
ડે છે, કેમકે સાધારણ માણસ કરતાં ગાંડા માણસ ડાહ્યા જેવા વધારે લાગે છે.

મહત્તાનાં માપ

(લેખકઃ-રા. "કુમુદકાન્ત." 'શારદા'ના એક અંકમાંથી ઉદ્ધૃત)

લોકો કહેતા, "કેવો મૂર્ખ! આટઆટલું દુઃખ પડ્યું છતાં તેની અસર તેને કંઇએ છે? વળી
કહે છે 'અલું થયું, જંજાળમાંથી છૂટ્યા.' તેને તેના પરિવારનીય પરવા છે!"

સોમપુરનું વાતાવરણ જ્યારે આમ ચકડોળે ચડ્યું હતું, ત્યારે જગદીશનું હૃદય આત્માના અવ્ય-
ક્ત ગાનમાં લીન થયું હતું.

× × ×

ગરીબ માબાપનો જગદીશ જન્મથીજ દુઃખી હતો. માબાપના સુખની તો તેને ઝાંખી થઇજ
નહોતી. અને દુઃખ એ તો ગરીબાઇની પ્રકૃતિજ હોય તેમ તેની સ્ત્રી ચાર બાળકોને મૂકી ગુજરી
ગઇ હતી. આથી તેની ગરીબાઇ બેવડાઇ હતી; એ બેવડી ગરીબાઇમાંય જગદીશ આનંદ માનતો.
સગાંઓના હાથમાં ઉછરેલ જગદીશ બાળ-ઉછેરના નિયમોથી અજાણ હતો, એટલે તે પોતાનાં
બાળકોની પૂરતી સંભાળ લઇ ન શકતો.

પોતાના પડોશીને દુઃખી જોઇ પોતાને સુખી માનવા એ માનવ-જીવનની પ્રથા પડી રહી છે;
અને એ મુજબ ગરીબ જગદીશ જ્યારે પોતાનાં દુઃખી બાળકોની પૂરતી સંભાળ લઇ શકતો નહિ
ત્યારે સગાંઓ દૂર રહી જગદીશનું દુઃખ જોઇ પોતાને સુખી ગણતાં. અહા! માનવજીવનની
મહત્તા ન સમજાય તો મનુષ્ય કેટલો અધમ બને છે, તે કહેવું મુશ્કેલ છે.

જગદીશને હમેશાં સવારના ત્રણ કલાક ને સાંજના પણ તેટલાજ કલાક ઇશ્વરસ્મરણમાં
ગાળવાનો નિયમ હતો અને તે ૭ કલાકદરમિયાન તે કોઇને જવાબ દેતો નહિ.

લોકો પૂછતાઃ-"જગદીશ! એ ૭ કલાક તું શું કરે છે?"

જગદીશ કહેતો—"ઇશ્વરસ્મરણ ને જીંદગીનું સાર્થક."

અને લોકો હસી પડતા ને કહેતા, "કેવો મૂર્ખ! એમ ઇશ્વર મળી જશે?"

લોકોની એ નિંદાનો જવાબ જગદીશ નિર્દોષ હાસ્યથીજ વાળતો અને તે હાસ્યમાં તેના
આધ્યાત્મિક-અભ્યાસના પડઘા પડતા.

× × ×

આજે જગદીશનાં ચારેય બાળકો બિમાર હતાં. તે બધાની સંભાળ લેતો ને ઇશ્વરસ્મરણ ન ચૂકતો.

લોકો કહેતા, "કેવો મૂર્ખ! બાળકો બિમાર હોય ત્યારે ઇશ્વરસ્મરણ ન થાય તોય શું? એમ
ઇશ્વર મળી જશે!"

દુઃખીનું દુઃખ હમેશાં ભયંકર હોય છે; તેજ પ્રમાણે જગદીશનાં બાળકોની બિમારી વધી
પડી ને તેણે પોતાના વહાલાં બાળકોને પોતાને હાથે એક એક દિવસને અંતરે ચિતામાં સુવાડ્યાં.

જગદીશે પોતાનું ચોથું બાળક ચિતામાં સુવાડ્યું ત્યારે આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું હતું.
જાણે કુદરત પણ તેનું દુઃખ રડતી હતી. તે દિવસે આખા ગામનું હૃદય હચમચી ઉઠ્યું. "ગરીબ
બિચારો, પ્રભુએ પડતાને પાટુ મારી!"

લોકો ખરખરો કરતા-"અરે! બાળકો વિના ઘર સૂનું થયું!"

જગદીશ કહેતો, "એ સુનકારમાં ઇશ્વર જોવાનો નહિ છે, તેટલો આ જંજાળમાં નથી જોવ

થયું, ઈશ્વરે મારો માર્ગ સરળ કર્યો."

લોકો કહેતા:–"કેવો મૂર્ખ! કહે છે 'ભલુ' થયું.' તેને તેના પરિવારનીય પરવા છે?"

ને જગતની નરી આંખે દેખાતી એ મૂર્ખાઇ પાછળ જગદીશની ઈશ્વરી પ્રેમગાથાનાં ગહન ગાન હતાં. લોકનિંદાને ન ગણકારતાં તે આધ્યાત્મિક ગૂઢ પ્રશ્નોના ઉકેલમાં મશગૂલ રહેતો.

જગદીશે પોતાને આંગણે રોવાકૂટવાની મના કરી. સગાંએ તેને સમજાવી કહ્યું:–"એમાં ચાલેજ નહિ. આ તો તારૂં જીવ્યું ધૂળ થયું, તારે લોકાચાર કરવોજ જોઇએ. ફૂલ જેવાં બાળકો આમ નજર સામેથી દૂર થાય ત્યારે લોકરૂઢિને અનુસરવુંજ જોઇએ."

જગદીશે કહ્યું:–"પ્રભુ ન્યાયી છે, તેણે જેમ ધાર્યું હોય તેમજ થાય છે; માટે તેના એ ન્યાય માટે આપણે શોક કરવાનોજ ન હોય. તમે કોઇ એમ ન ધારશો કે, મારાં બાળકોમાટે મને કૈં લાગણી નહોતી. તમે જેઓ રોવાકૂટવાની સલાહ દેવા આવ્યાં છો તેઓના કરતાં મારાં વહાલાં બાળકોમાટે મને બહુ લાગે છે."

તેજ વખતે જગદીશની આંખમાંથી પહેલીજવાર આંસુનું એક ટીપું પડયું.

જગદીશનું હૃદય પિતાહૃદય બન્યું હતું અને તેને સાંસારિક માયાના આછા રંગ લાગ્યા હતા, એટલે તે ક્ષણભર દ્રવ્યું. જગદીશે તરતજ લાગણીઓ કબજે કરીને સગાંઓને રીતરિવાજમાટે મના કરી વિદાય કર્યાં.

સગાંએ કહ્યું:–"રોવાકૂટવાનીય મનાઈ! કેવો મૂર્ખ!"

હવે તો આખું ગામ કહેતું, "મૂર્ખનો સરદાર!" ગામમાં કોઇ મૂર્ખ નીકળતો તો લોકો કહેતા:–"આ મૂર્ખ પણ જગદીશથી સારો!"

ઘરે ઘરે, શેરીએ શેરીએ ને ચૌટે ચૌટે એજ ગવાતું, "ઓ જગદીશ! કેવો મૂર્ખ!"

સગાં વીખેરાયાં ને જગદીશ એકલો પડયો ત્યારે સંધ્યામાં નીલવર્ણો આછા રંગ પૂરાતા હતા. જગદીશ ઈશ્વરસ્મરણમાં બેઠો તે પહેલાં તેને વિચાર આવ્યો, 'હજીય આ હૃદયમાં સંસારમાટે મમતા છે ને આંખમાં તેની માયા ભરી છે; નહિ તો હૃદય દ્રવે નહિ, આંખમાંથી આંસુ સરે નહિ. તે સર્વ જ્યારે તૂટી જશે ત્યારે ઓ પ્રભુ! તું દૂર નથી!"

ને ઈશ્વરી પ્રેમે જગદીશને ગળગળો કર્યો. જાણે કે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરતો હોય!

જગદીશ હવે દિવસોના દિવસ ઈશ્વરસ્મરણમાંજ ગાળતો. જગતની દૃષ્ટિએ મૂર્ખ ગણાતો જગદીશ હવે આત્માના ઊંડાણમાંથી ઉઠતા અવાજનો અટલ અભ્યાસી બન્યો અને તેમાંજ તેને જીંદગીનું સાર્થક લાગ્યું–આધ્યાત્મિક અભ્યાસ તેનાં ખાનપાન બન્યાં.

કોઈ પૂછતું, "જગદીશ કયાં?" તો લોકો કહેતા, "એ તો ઈશ્વરસ્મરણ ને જીંદગીનું સાર્થક કરે છે." પૂછનાર જવાબની ઢબથીજ હસી પડતો.

કોઈ અજાણ્યો પૂછે, "એ જગદીશ કોણ?" તો લોકો કહેતા, "ચાર ચાર બાળકોને ચિતામાં સુવાડનાર લાગણીહીન નરપશુ!"

અજાણ્યો થરથરી બોલી ઉઠતો, "કેવો મૂર્ખ?"

× × ×

આજે જગદીશનું ઘર લોકોનાં ટોળાંથી ભરાઈ ગયું હતું ને જગદીશનું નિર્જીવ શરીર એક ખૂણામાં પાટલા ઉપર આસનવાળી બેઠું હતું. આંખોમાં તેજ, ચહેરા ઉપર હાસ્યમિશ્રિત ગુલાબી આછી છાયા ને શરીરના દરેક અવયવનું સામ્ય. એકઠા થયેલા સર્વ લોકોને શોક અને આશ્ચર્યમાં ડૂબાડવાને બસ હતાં. તે શોક ને આશ્ચર્યમાં જગદીશની કહેવાતી મૂર્ખાઇમાટે ધિક્કાર તરી આવતો હતો.

દરેક માણસના મરણ પછી એક સમય એવો આવે છે, કે જ્યારે સર્વ કોઇ તેના દુર્ગુણો ભૂલી જઇ તેના મરણમાટે શોક દર્શાવે છે અને તેના સદ્ગુણો ગાય છે; પણ જગદીશનું તેમાં સ્થાન ન હતું, તેની કહેવાતી મૂર્ખાઇથી સોમપુરનું બાળક પણ અજાણ ન હતું. હજીય લોકોએ કહ્યું:–"કેવો મૂર્ખ! અંતે જીવ ખોયો!"

ને મહત્તાને મંદિરીએ પગલાં માંડનાર દરેક આત્માની પાછળ જગબત્રીસીનું અટ્ટહાસ્ય હોય છે; **ન ગણકારનારો આગળ વધે છે, ગણકારનારો અધમતાના ઉંડાણમાં ગબડે છે.**

રે હિન્દુ સંસાર ! ચેત ! ચેત !!

(ગાંડીવ. તા. ૨૧-૧૧-૨૬ ના અંકમાંથી)

(બાળલગ્નની ચિતામાં બળીને ભસ્મીભૂત બનેલા એક ગુજરાતી હિંદુ નવજુવાને આપઘાત કરતાં પહેલાં લખેલા નિવેદનમાંથી કાળજું કોરી નાખે તેવા ફકરા આજના હિંદુસમાજને અમે ભેટ કરીએ છીએ)

મારી સાત વરસની વય હતી. ગીલ્લીદંડાના ખેલ ખેલતો હતો, આડા અવળા એકડા પાટીપર આલેખતો હતો. અરે! ગુલઝારના ગુલ જેવો હતો. હશે તેવું હોઉં ઉગરનારો બાળક હતો. કવિશબ્દોમાં કહું તો પ્રભુવિહોણા સંસારમાં પ્રભુનો પયગંબર હતો. દેશનું નાનું જ્યોતિર હતો. દેશના ઉદયની દોરી મારા હસ્તમાં હતી. ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે, ગીલ્લીદંડાની રમત રમનાર પોતેજ ગીલ્લીદંડાના સ્વરૂપમાં મુકાશે, ગુલના ગુલબદનપર વજ્રનો બોજો મુકાશે. આડા અવળા એકડા ઘુંટનારને પ્રેમના પાઠો શીખવવા શરૂ થશે! અફસોસ! એકાદ સાંજે આવી બાપાએ મોંમાં ગોળ ખવરાવ્યો-રે, ઝેર ખવરાવ્યું અને કહ્યું કે 'બેટા! તારૂં વેવિશાળ કર્યું છે!' આમ કહી બાપાએ પોતે મારા નખોદના નગારાપર પહેલી દાંડી પછાડી!!!

× × × ×

મારી બા મને અને મારી બાળકપત્નીને ઉભેલાં કે હસતાં દેખી હાસ્ય સાથે-રૂદનમય હાસ્ય સાથે-કહેતી કે 'બેટા! આ તારી નાની વહુ થાય!' અહા! ત્યારે તે કેવી હરખાતી! એ જુઓ! હરખમાં મારી મા મારી પાયમાલીનીજ પપુડી વગાડતી; થોડા દિવસ ગયા. દશ વરસની ઉંમરે પહોંચ્યો. બીજી ચોપડી પૂરી કરી હતી. એક સાંજે ચાર વાગે ઘરમાં મંગળ મંગળ વર્તી રહ્યું. બંદા વરરાજા બન્યા. લગન—અરે વણુભડકે ને વણુધુમાડે બાળી નાખનારી અગન આવી. કપાળમાં મોટો ચાંદલો ને અસલ ચોઢી ગધેડાની માફક ડોકમાં ઘરેણાંનો જબરો બોજો લાદી ઘોડસે ચડ્યો. હું પરણ્યો!

× × × ×

હું વાંચવા બેસતો ત્યાં તે આવી મારી ચોપડી ખુંચવી લેતી અને મને વાતોમાં કે ગડપસે વળગાડતી. જે બાપાનું ધ્યાન દીકરાને ઘોડે બેસાડી ગીત ગવડાવીને વાજાં વગડાવવામાં પડ્યું-જે બાપાનું ધ્યાન ન્યાતવરામાં પડ્યું, તે મારી નિશાળની સ્થિતિની તપાસમાં ક્યાંથી પડે? નિશાળ ગઈ. વિદ્યાર્થીજીવન તૂટ્યું. મારા નખોદના નગારાપર ફરી મેંજ દાંડી લગાવી!

× × × ×

થોડા દિવસ વીત્યા. બાપ ગયો, મા ગઇ. જીંદગીના સંગ્રામની ઘંટીમાં હું પીસાવા લાગ્યો. અધુરામાં પૂરૂં દેશનું દારિદ્ર વધારનાર એકાદ બે બાળકનો પિતા થયો. એ સંતતિ! પહેલો પુત્ર જન્મથીજ આંધળો અને પાંગળો હતો! હાય! રે, ગુલામ દેશનાં ગુલામ સંતાન!

× × × ×

મારી સ્ત્રી પણ કાચના વાસણ જેવી નાજુક હતી. સંતોળથી કહી હું કેમ ખાઈ શકું? બિમારીનો મેં ઇજારો રાખેલો! બાપીકી મુડીનો અર્ધો ભાગ ડૉકટરો ખાઇ ગયા. પૂલપરના પથરા દિવસે દિવસે લાંબે વખતે ઘસાઈ જાય, તેમ મારી સ્થિતિ પણ દિવસે દિવસે ઘસાતી હતી! હાય! અત્યારે મારા ઘરમાં ચારેખૂણે ભૂખજ ડોકીઆં કરે છે. જોવી હોય તો આવો, બતાવું. ક્ષયરાજની સવારી પત્ની પાસે ક્યારનીય આવી પહોંચી છે. પ્રભુ! દુઃખનો પારાશીશ તેં મારા પરજ ઢોળ્યો! ના, ના! મારા હિતેચ્છુઓએજ. હવે તો જીવન અકારૂં છે!

× × × ×

પિતા, પિતા! તારા લાડલ્હાવાનો ભોગ થઇ પડેલો પુત્ર હવે તમને ત્યાંજ રડાવવા આવે છે! હાય! દુનિયા! હું તો જાઉં છું! ચેતજો! ચેતજો! ઓ બચ્ચાંના પિતાઓ! ઓ વડીલો! મારા આ લોહીનાં આંસુથી ચેતજો!

પ્રભો! તારે શરણે. (આત્મઘાત)

(જાગૃતિ માસિકપરથી)

સાચા માળીની પરબ

(લેખકઃ-ચુનીલાલ વર્ધમાન શાહ. બાલજીવન-નવેમ્બર ૧૯૨૬ના અંકમાંથી)

સાગો નામનો એક માળી હતો. તે અને તેની સ્ત્રી વૃદ્ધ થયાં. તેમને પેટે કાંઇ સંતાન નહોતું અને છંદગીસુધી ખાઇ શકાય તેટલું ધન તેમની પાસે હતું.

એક વર્ષે પૂરો વરસાદ પડ્યો નહિ અને દેશમાં દુકાળ પડ્યો. સાચાએ વિચાર્યું કે, પોતે વૃદ્ધ થયો છે અને કાંઈ ધન રળવાની હવે જરૂર નથી; તો આ દુકાળના વખતમાં લોકોનું કાંઇ ભલું પોતાને હાથે થાય તો ઠીક.

આ વિચારથી તેણે પોતાના ગામથી દૂર ત્રણેક ગાઉપર એક કૂવાને કાંઠે પરબ બાંધી અને તે તથા તેની સ્ત્રી રાતદિવસ ત્યાં રહીને વટેમાર્ગુઓને તથા ઢોરઢાંખરને પાણી પાવા લાગ્યાં. સાચાની સ્ત્રીએ સ્વામીના ઇરાદાને અનુકૂળ મત આપ્યો હતો, એટલે તે પણ રાતદિવસ પરબમાં સ્વામીની સાથે રહેવા લાગી.

તે કૂવામાંથી પાણી ખેંચતી અને માટલાં ભરતી. સાચો પણ પાણી ભરતો અને પાતો; પરંતુ જેવી બુદ્ધિ સાચામાં હતી, તેવી તેની સ્ત્રીમાં નહોતી. કોઇ ઢેડનો છોકરો પરબે પાણી પીવા આવે તો સ્ત્રીના નાકનું ટીચકું ચડતું. પરબથી દૂર પાણી પાવા જવું પડતું, પોતાના ગામનો કોઇ વટેમાર્ગુ પાણી પીવા આવતો અને તેની સાથે સાચાની સ્ત્રીને કાંઇ અણબનાવ ભૂતકાળમાં થયેલો હોય, તો તે પાણી પાવા ઉઠતીજ નહિ; અને સાચો સ્ત્રીના સ્વભાવને સમજી પોતાની મેળે પ્રેમભાવથી પાણી પીવા ઉઠતો.

તેના ગામનો કોઇ શેઠ કે ગરાસીઓ પાણી પીવા આવતો ત્યારે સ્ત્રી ખુશામત કરતી; અને કોઇ તરસ્યાં ઢોર આવતાં, ત્યારે તેની મોજમાં આવે તો પાણી પાતી અને નહિ તો ચોખ્ખી ના કહેતી. સાચા માળીને પોતાની સ્ત્રીનો આ સ્વભાવ ગમતો ન હતો; પણ કંકાસ નહિ થવા દેવાને ખાતર તે ચૂપ રહેતો; અને પોતાથી બનતી સેવા સર્વ કોઇની કરતો.

એક વાર એક કુંભારનાં દશ ગધેડાં ઇંટો લાધેલાં નીકળ્યાં. કુંભારે પરબે આવીને ગધેડાંને થોડું પાણી પાવા માગણી કરી. ત્યાં સ્ત્રી બોલી ઉઠી, 'હજુ માણસોને પાણી પહોંચતું નથી ત્યાં ગધેડાંને પાણી શાનું પાઇએ? તારે ગામ જઇને પાજે.' કુંભારે કહ્યું કે, ગધેડાં બહુ તરસ્યાં છે; ને પાણી પાશો તોજ ગામભેગાં થશે, નહિ તો મરી જશે.

પણ સ્ત્રીએ માન્યું નહિ. સાચાને દયા આવી અને તે પાણી પાવા ઉઠ્યો; પણ તેની સ્ત્રી ખૂબ ચીઢાઇ. તેણે પાણીનાં માટલાં ઝુંટવી લીધાં અને સ્વામીને ઠપકો દીધો. સાચો બહુ દુઃખી થયો. તે તુરતજ કૂવાપર ગયો અને પાણી ખેંચી ખેંચીને ગધેડાંને પાવા લાગ્યો. ગધેડાં બહુ તરસ્યાં હતાં. પાણી ખેંચતાં ખેંચતાં તે થાકયો; પરંતુ સેવાબુદ્ધિથી થાકને ગણકાર્યો નહિ.

સાચો પાણી પાઈ રહ્યો ને પાછો પરબમાં આવ્યો અને જરા આરામ લેવાને સૂતો. તુરતજ તેને તાવ ચઢ્યો અને રાતે તો તે મરણ પામ્યો.

બીજી બાજુએ તેની ક્રોધી સ્ત્રીએ પરબની ચોકડીમાં જઇને ફાંસો ખાધો હતો. પોતાની ના ઉપર થઇને સ્વામીએ ગધેડાંને પાણી પાવા માંડયું તેથી તે અભિમાની સ્ત્રીને બહુજ ગુસ્સો ચઢ્યો હતો અને તેથીજ તેણે એ કુકર્મ કર્યું હતું!

સાચાની સ્થૂળ સેવા, તેની પાછળ રહેલી સેવાબુદ્ધિ કે જેમાં મૈત્રી તથા કરુણા રહેલાં હતાં અને તેથી ઉલટું તેની સ્ત્રીની વૈતરારૂપ સેવા, કે જેની પાછળ સેવાબુદ્ધિ તથા તેને અનુકૂળ આંતર્ગુણો નહોતા, તે બેઉનું સ્વરૂપ બીજા દિવસના પ્રભાતમાં વટેમાર્ગુઓના સમજવામાં આવ્યું. સાચો માળી ગરીબ કે તવંગર, નાના કે મોટા, ઢેડ કે બ્રાહ્મણ, ગાય કે કૂતરું, ગમે તેવા પ્રાણીપરત્વે કેવી સેવાબુદ્ધિ ધરાવતો હતો અને તેમને પાણી પાઈ સંતોષ આપતો હતો, તેમજ તેની સ્ત્રી પાણી પાતી હતી છતાં તેની સેવાની પાછળ કેવી કટુતા, ભાવહીનતા વગેરે અવગુણો હતા, તે લોકો તો જાણતાજ હતા; પરંતુ એકજ કામ કરનાર બેઉ જણની સેવાનાં બે જૂદાં જૂદાં પરિણામો આવેલાં જોઇને તેમનું હૃદય દ્રવ્યું.

ગામલોકોએ એકઠા થઇને બેઉનો અગ્નિસંસ્કાર કર્યો અને સાચાની પરબ જ્યાં હતી, ત્યાંજ પાકી પરબ બંધાવી 'સાચા માળીની પરબ' ને નામે તેનું નામ અમર કર્યું.

સંતાનસંરક્ષણ

(અનુવાદકઃ—**શ્રી. ઇશ્વરપ્રસાદ જોષી**-સુરત. એમ. બી. એ. એસ. (લંડન.)
(" **હિંદુસ્થાન** " તા-૫-૧૧-૨૬ ના અંકમાંથી)

જ્ઞાનની જેટલી જરૂર સ્ત્રીપુરુષોને છે, તેટલીજ જરૂર બાળકોને પણ છે. કેટલાક વિદ્વાનો કહે છે કે, સર્વ અનિષ્ટનું મૂળ અવિદ્યારૂપ અંધકાર છે. મનુષ્યનું ભાવિ ફક્ત તેના જ્ઞાન ઉપરજ છે; પરંતુ તેના બાપદાદા, માતપિતા, ગર્ભધારણ, ગર્ભાધાન અને એવીજ અનેક વાતો ઉપર રહેલું છે. બાળકની શારીરિક પ્રકૃતિની માફક તેની માનસિક પ્રકૃતિનો આધાર પણ તેના કુળ, લક્ષણ, પોષણ, તેના વંશના ગુણ અને બાલ્યાવસ્થાની માવજત ઉપર છે.

એક રશિયન વિદ્વાન લખે છે કે, મારાં માતાપિતાએ એક વેશ્યા બાલિકાને બાળપણમાંથીજ ઉછેરી લીધી હતી. આ બાલિકાના જન્મ પછી ટુંક સમયમાંજ તેની વેશ્યા માતા પરલોકવાસિની થઇ હતી. તેમણે આ બાલિકાનું પોષણ પોતાના પુત્રોની માફકજ કર્યું હતું. બાળકો પણ તેને સગી બહેન ગણતાં. બાલ્યાવસ્થાથીંજ આ બાલિકાના હૃદયમાં કુતર્કોએ સત્તા જમાવી હતી; પરંતુ તેની સાથે રમતાં પેલાં બાળકોમાં તેનો સર્વથા અભાવ હતો. તે જૂઠું બોલવા લાગી. નિર્દયતામય આચરણ કરતી હતી. તેમાં તેને આનંદ જણાતો. માતપિતાએ સાવધાનતાથી શિક્ષણ આપ્યું, પરંતુ તેણે તો પોતાની માતાનોજ ધંધો યુવાવસ્થામાં હસ્તગત કર્યો અને ફક્ત બાવીસ વર્ષના વયે તે ચોરીઓ અને હત્યાઓ કરવા લાગી. આવાં કર્મોથી તેને દેશનિકાલની સજા થઇ. આનું તાત્પર્ય એ નથી કે, વેશ્યાનાં સંતાન ખરાબજ હોય છે; પરંતુ કહેવાનો આશય એ છે કે, માતાના ગર્ભમાંથીજ તે બાળક દુર્વાસના અને દુશ્ચરિત્ર લઇનેજ સંસારમાં આવે છે. તે બાળકને ઉત્તમ શિક્ષણ આપવા છતાં તે દુર્વૃત્તિઓનું સમૂળું ઉચ્છેદન થઇ શકતું નથી.

વિલિયમ રોબર્ટ પોતાના અનુભવથીજ લખે છે કે, જો આ અસ્વાભાવિક દશા વીસ છોકરાંઓમાં જણાય તો તેજ દશા એંશી છોકરાંઓમાં જણાય છે. ઓછામાં ઓછી ઉમર કે જેમાં પુત્રી ગર્ભવતી થઇ હોય તો તે આઠ વર્ષની વય છે અને પુત્ર તેર વર્ષમાં સંતાન ઉત્પન્ન કરી શકયો છે. બે વર્ષના બાળકમાં પણ કામાસક્તિનાં ચિહ્ન જણાયાં છે. એ બાળક કામના આવેગથી છોકરીઓ અને સ્ત્રીઓ તરફ ખેંચાતો હતો અને મન તથા શરીરથી કામચેષ્ટા પ્રકટ કરતો હતો. જે જ્ઞાન બાળક, મિત્રો અને અશિક્ષિત વર્ગ પાસેથી લે છે, તે ગટરના ગંદા પાણી જેવું છે, જેનું પાન કરવાથી હાનિ થાય છે; પરંતુ જે જ્ઞાન શિક્ષિત માતા અગર અધ્યાપિકા આપશે, તે જ્ઞાન નિર્મળ હશે.

આજકાલ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની કેવી ખરાબ હાલત છે, તે દેખતા પુરુષથી છુપી નથી. ઇંદ્રિયોની પવિત્રતા, વાસ્તવિક ધર્મ અને શુદ્ધ જ્ઞાન ન હોવાને લીધે હજારો વિદ્યાર્થીઓ તેનો દુરૂપયોગ કરીને જાતજાતના રોગોમાં ફસાય છે. માતાપિતા એમ જાણે કે, "અમારો બાળક ભોળો છે, અમારો છોકરો તો એવું કાંઇ સમજતોજ નથી;" પરંતુ એજ બાળક પોતાના દુષ્ટ સાથીઓદ્વારા કુચેષ્ટાઓ શીખી પોતાનું સત્યાનાશ વાળે છે. જો તેનાં માતાપિતા પહેલેથીજ તેને સ્ત્રીપુરુષના મર્મનું જ્ઞાન આપી, તેના મનપર બ્રહ્મચર્યની રક્ષાની આવશ્યકતા ઠસાવે, તો તે દુરાચારો કદી પોતાના અંતઃકરણમાં કદી પણ પ્રહાર નહિ લગાવે; અને દુષ્ટોની જાળમાં પણ નહિ ફસાય.

પુત્રીઓને પણ જો માતૃત્વની પવિત્રતા અને જોખમદારીનું જ્ઞાન માતા અથવા શિક્ષિકા આપે તો તેને પણ પડતી બચાવી શકાય. 'હું' કયાંથી આવ્યો ? મારી બહેન મારા ઘરમાં કયાંથી આવી ?' વગેરે પ્રશ્નો બાળકોના મનમાં સાધારણ રીતે ઉત્પન્ન થાય છે. ત્રણચાર વર્ષના બાળકો આવા પ્રશ્નો પિતાને પૂછે છે. આવા સમયે તેને અયોગ્ય પ્રત્યુત્તર ન આપવો, પરંતુ તેની સમજ અને સાંભળવાની શક્તિ મુજબ સરળ જવાબ સ્પષ્ટ શબ્દોમાં જણાવવો જોઇએ. ઉત્તર આપતી વખતે ધ્યાન કે સત્યનો ભાગ કદીપણ ન થવો જોઇએ, નહિ તો બાળક ઉપર ઘણી ખરાબ છાપ પડે; પરંતુ એ ધ્યાનમાં રાખવું કે, બાળકની અવસ્થા અને યોગ્યતાથી વધારે વાત ન જણાવવી.

જેમ જેમ તે બાળક મોટું થાય, તેમ તેમ તેને વધારે હકીકત સમજાવવી. ૭ વર્ષની ઉંમરે સ્ત્રીપુરુષના ધર્મનું જ્ઞાન તેને કરાવી દેવું જોઇએ. બાળાઓને આ જ્ઞાન આપવાની જરૂર બાળકો કરતાં વધારે છે.

જર્મન વિદ્વાન શ્રીયુત મોલનો મત એવો છે કે, 'સ્ત્રીપુરુષના જ્ઞાનસંબંધી બોધ પ્રત્યેક બાળકને એકાંતમાં આપવો જોઇએ. બાળકોને આ જ્ઞાન આપવા માતાજ યોગ્ય વ્યક્તિ છે. તે જ્ઞાન કોઇપણ ઉંમરે આપી શકાય છે. કેવળ એટલુંજ યાદ રાખવું કે, તેને યોગ્ય ઉપદેશ ઉંમરના પ્રમાણમાં આપવો. આ દષ્ટિએ માતાજ બાળકની આદ્યશિક્ષિકા છે. આ વિષયમાં સર્વથી પ્રથમ જરૂરી વાત એ છે કે, ગુપ્ત ભાગોનાં નામ સારાં રાખવાં. જેમ કે ગુદા, જનનેન્દ્રિય વા મૂત્રેન્દ્રિય, ગર્ભાશય વગેરે. આ વિભાગોનાં નામો તમારે એવી રીતે લેવાં કે જાણે તમે હાથપગ કે મોઢાનાં નામો લેતા હો, જેથી બાળક પણ આ નામોનો ઉપયોગ નિઃસંકોચ ભાવથી કરે. જો માતાપિતા આ નામો લેતાં સંકોચ કરશે, તો બાળક એથીયે વધુ સંકોચ કરશે અને પોતાના હૃદયની વાત બતાવશે નહિ. માતાપિતા બાળકના વિશ્વાસપાત્ર થયાવિના તેને સુધારી શકશે નહિ.

ઇંદ્રિયશુચિતાના ઉપદેશમાં સારાં પુસ્તકોની ઘણી સહાય લઇ શકાય છે. અજ્ઞાની માબાપો બાળકને લજ્જાથી આ વિષયો સમજાવતા નથી. તેઓ બાળકની પવિત્રતાનું રક્ષણ કરવાને આ વિષયનું કોઇ સારૂં પુસ્તક પણ આપતાં નથી. તેઓ બાળકને અંધકારમાં રાખી નિશ્ચિંત રહે છે; પરંતુ આમ કરવાથી બાળક દુષ્ટ સોબતને લીધે ખરાબ પુસ્તકો વાંચવા માંડે છે અને તે ખરાબ ગ્રંથકારોની કામોદ્દીપક ભાષાનો ભોગ થઇ પડે છે. આવા વાચનથી તે બાળકને ભયંકર હાનિ થાય છે. જો માતપિતા આ વિષયવિષે સારા વિદ્વાનની કલમથી લખાયેલી ચોપડી બાળકને આપે તો બાળક કુમાર્ગે જતાં જરૂર અટકશે. અંગ્રેજીમાં તો બાળકોને માટે એવાં ઘણાંય પુસ્તકો મળી શકે છે; પરંતુ ગુજર્જરગિરામાં આવાં પુસ્તકો ભાગ્યેજ દષ્ટિએ પડે છે. 'ઓલ્મોસ્ટ ફેરીત' નામનું અંગ્રેજી પુસ્તક આ વિષયમાં સારૂં છે.

પુસ્તકો આપવા પહેલાં બાળકોને બાળજન્મને લગતાં ચિત્રો બતાવવાં જોઇએ. એ વડે ઘણી વાતો સમજાવી શકાય છે. બાળકને આ વિષયનું જ્ઞાન વનસ્પતિના ઉદાહરણથી આપવાનું શરૂ કરવું કે પુંકેસર સ્ત્રીકેસરમાં પડવાથી બી બને છે. પછી પક્ષી, માછલી, પશુ અને છેવટે સ્ત્રીના ગર્ભાધાનની માહિતી વિજ્ઞાનની દષ્ટિએ સમજાવી શકાય છે. વળી વાર્તા તથા કહેવતોમાં પણ આ વિષય સમજાવી શકાય છે. આ મહત્ત્વપૂર્ણ વિષયનું જ્ઞાન ન હોવાના કારણે ભયંકર મૈથુનરોગોમાં અસંખ્ય યુવકો ફસાય છે.

એક વિદ્વાન કહે છે કેઃ–" જે માબાપ પોતાનાં સંતાનોને આ પવિત્ર ધર્મશિક્ષા નથી આપતાં તેઓ સંતાનદ્રોહી છે." આ અજ્ઞાનને લીધેજ કેટલીક કુલીન કન્યકાઓ પાપપંકમાં પડી પોતાની અને પોતાનાં માતપિતાની લજ્જાની કારણભૂત બને છે. અનુભવથી જણાય છે કે, જે બાળાઓ વેશ્યાવૃત્તિ ધારણ કરે છે તેમાં ખરાબીનું બી ઘણુંખરૂં બાર વર્ષની ઉંમર અગાઉ રોપાયું હોય છે.

આથી માબાપે બાળકને આ જ્ઞાન આપી તેના વિશ્વાસપાત્ર બની તેના હૃદયની ગુપ્ત વાતો જાણી લેવી. શરીર નિરોગી રાખવામાટે કસરતની જેટલી જરૂર છોકરાને છે, તેટલીજ જરૂર છોકરીને પણ છે; પરંતુ આપણી કન્યાશાળાઓમાં તેનો અભાવ છે.આથી કેટલીક બાળાઓ રોગગ્રસ્ત જણાય છે. તરવું, દોરડાં કૂદવાં, ગૃહકાર્ય વગેરે હલકી કસરતો પણ લાભદાયક છે. યૂરોપમાં ફુટબૉલ, ક્રીકેટ વગેરે પણ સ્ત્રીઓને શીખવાય છે; પરંતુ અનુભવથી સિદ્ધ થયું છે કે, ભારે કસરત સ્ત્રીને હાનિકારક છે.

બાળક દશ વર્ષે જે વાત બરોબર સમજી શકે, તે વાત ૭ વર્ષની ઉંમરે તેને નકામી છે.તેનું કારણ એ છે કે, બાળકની જૂદી જૂદી શક્તિઓ જૂદા જૂદા સમયે ખીલે છે; માટે સ્ત્રીપુરુષના ધર્મનું જ્ઞાન આપતી વખતે ઉંમરનું પ્રમાણ ખાસ લક્ષમાં રાખવું જોઇએ. આદર્શ સંસારનું દર્શન યુવાવસ્થામાંજ થાય છે; સૌંદર્યનું જાદુ, લજ્જાના ભાવ, આત્મસંયમનું સ્વાભાવિકપણું, સ્વાર્થહીન પ્રેમ, કર્તવ્યનો અર્થ, કાવ્ય અને કળા ઉપર સ્નેહ, ધાર્મિક કલ્પનાઓની ઇચ્છા,આ બધું શુદ્ધ બાળકોમાં પોતાની મેળેજ જાગ્રત થાય છે. સ્ત્રીપુરુષના ધર્મમાં તો આયુષ્યનું પ્રમાણ જરૂરનું છે, પરંતુ જો ધર્મશિક્ષામાં પણ વયનું પ્રમાણ ધ્યાનમાં લેવાય તો વધુ સફળતા મેળવી શકાય.

[illegible] (.[illegible]) [illegible] પૂરના ધર્મવિષયની વાતો કરવી [illegible] પોતાના [illegible] [illegible] ના [illegible] પણ અધિક [illegible] અને [illegible] [illegible] વિષયની વાત કહેવાય તો [illegible] [illegible] હોય, પરંતુ તે [illegible] હોય છે. [illegible] [illegible] છે. [illegible] 'આમાં રહેનાર [illegible] [illegible] ધર્મવિષયક જ્ઞાનથી દૂર રાખવું સુગમ છે.' આથી [illegible] છે કે, આ [illegible] ર દરેકને સમાન છે.

વાળાના અનુભવેલા ઉપાયો

(લેખક:-જદુરામ રવિશંકર ત્રિવેદી. ગુજરાતી તા. ૧૨-૬-૨૧)

૧ જ્યાં ડાંગર પાકે છે, ત્યાં ક્યારડાઓમાં આસોથી માગશરસુધી ડાંગરના [illegible] થાય છે. તેની ઉપર [illegible] કોશેટો હોય છે. તે કોશેટાને મારીને, વાટીને, ગોળમાં તેની ૭ ગોળી વાળવી અને દરરોજ ૭ દિવસ સુધી રોજ સવારના દાતણ કરીને એક ગોળી ખાવી. એના ઉપર [illegible] પાણી પીવું નહીં. આ એક અકસીર ઉપાય છે. એક કોશેટાની ૭ ગોળીજ આ દરદ ટાળવામાટે પૂરતી છે, આ દવાથી વાળો ફરીથી થતો નહિ.

૨ ખારીઆના તોલો ૦॥ થોડા દહીં સાથે દિવસમાં ત્રણ ચાર વખત [illegible] દિવસસુધી ખાય તો વાળો ગળી જઈ આરામ થાય છે.

૩ વાળાના ગોટા ઉપર બેરવશીંગ (શીંઆની શીંગ) ની રુવાંટી [illegible] ઉપાડી મૂકવી; એટલે વાળો તુરત બહાર નીકળે છે.

૪ એળીઓ, હીંગ, અફીણ, કબૂતરની હગાર (ચરક), આ ચારેને સરખે વજને લઈ અ-[illegible]ના પાણીમાં વાટી વાળા ઉપર ચોપડવી. તે પર આકડાનું પાન બાંધવાથી ૨૪ થી ૩૬ કલાકમાં વાળો નીકળી પડે છે. આ દવાથી ઘણાજ માણસોના વાળા મટ્યા છે.

૫ સરગવાના ઝાડનાં મૂળીઆં છાશમાં ઘસી જે જગાએ વાળો નીકળ્યો હોય, તે જગાએ જાડો લેપ કરવાથી વાળો બળી જશે.

અમરવેલ, તે તાંતણા જેવી પીળા રંગની વેલ થોરની વાડો ઉપર થાય છે. તે વાટીને તેની લુગદી જે જગાએ વાળો થયો હોય તે જગાએ ગારવાથી મટી જાય છે અને એની મેળે બહાર નીકળી જાય છે.

(લેખક:-કાલીદાસ રાજાભાઈ. 'ગુજરાતી' તા. ૨૫-૭-૨૧)

૧ મીંઢો હરમો નામે ઝેરી વનસ્પતિ થાય છે, તે એટલી બધી ઝેરી છે કે તેની નીચે કોઈ કોઈ વેળા નાનાં પક્ષીઓ મરેલાં જોવામાં આવે છે. આ વનસ્પતિનાં મૂળ કઢાવી લોકો વાળામાટે ઘણીવાર વેચવા આવે છે. વાળાવાળી જગા ઉપર આ મૂળ ઘસીને કે વાટીને લગાવતાં વાળો પાંચ મિનીટમાં બહાર આવી પડે છે.

૨ જે જગાએ વાળો નીકળ્યો હોય તે જગોપર ત્રાંબાનું પતરૂં વેહવાળું રાખી તેમાંથી વાળાને બહાર કાઢવો. તે જગોપર વીંછીનો ડંખ અપાવવો. ત્રાંબાનું પતરૂં રાખવાનું કારણ ફક્ત વાળાવિનાની કોઈ જગોપર વિંછી ડંખ ન મારી શકે. બની શકે ત્યાંસુધી વાળાપરજ ડંખ આવવો જોઇએ.

૩ અરીઠાં, ઝેરકચોલાં, અફીણ, ખાખરાનાં બીજ, (પીતપાપડો) સાકું કપૂર-ગુગળ વગેરેને વાટી, પીંપળાનાં પાનપર લેપ કરી લગાવતાં વાળો બહાર આવી પડે છે.

૪ બેરવશિંગ(શીંગ)ની રૂંવાટી પાટી વાળા ઉપર દબાવવી, જેથી વાળો બહાર આવી પડે છે.

ઉપરના ચાર ઉપચારો અમારા જાતિ અનુભવના છે.

વાળો ખરાબ પાણી પીવાથી અને તામસી ખોરાક લેવાથી કોપે છે. વાળાનું દર્દ ચોમાસાની બેસતી ઋતુમાં ઘણું ભયંકર નિવડે છે, વાળા લુછની પીડા હજાર મૃત્યુની પીડા બરોબર છે; માટે સંભાળીને રહેતાં અને ખાનપાનનો યોગ્ય વિચાર કરી ચાલતાં એ પીડા દૂર થાય છે.

ગુરુજીએ કયાંથી અને કેવી રીતે મેળવ્યું !

(સૌરાષ્ટ્ર તા–૩૧–૧–૨૫)

(વિજ્ઞાનાચાર્ય શ્રી જગદીશચંદ્ર બોઝને કલકત્તાની પ્રેસીડન્સી કૉલેજના ભૌતિકશાસ્ત્રના અધ્યાપક [illegible] વર્ષ પૂરાં થયાં. એ પ્રસંગે કૉલેજના વિદ્યાર્થીઓએ તેમને માનપત્ર આપ્યું અને શ્રી જગદીશચંદ્રે જે જવાબ આપ્યો, તે અમે આ નીચે આપીએ છીએ.)

ગુરુજીને ચરણે

ગુરુજી,

આપનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ છે કે આપને વર્ણવવાને પણ અમે અસમર્થ છીએ. આ[illegible] શું કહીએ ? આપને ઉદ્‌ભિજ્જશાસ્ત્રી કહીએ કે ભૌતિકશાસ્ત્રી ? આપની અર્ચના પ્રાણીશાસ્ત્રી તરીકે કરીએ કે માનસશાસ્ત્રીતરીકે ? એ સૌ આપને તેમના હોવાનો દાવો ધરાવે છે. [illegible] ના ઓ વિજ્ઞાનચક્રચૂડામણિ ! આપની યુગપ્રવર્તક શોધો જગતભરની પ્રશંસા પામી છે. આ વિજ્ઞાનમંદિરની સ્થાપના એ ભારતના ઇતિહાસમાં સ્થાન પામનારો બનાવ છે, આપની શોધો વિજ્ઞાનના ઇતિહાસને ઉજ્જ્વળ બનાવનારી ઘટનાઓ છે. વૈજ્ઞાનિકની તીક્ષ્ણ મર્મદ્રષ્ટા દૃષ્ટિ [illegible] આપનામાં કવિની સુંદર કલ્પનાનું મિલન થયું છે.

[illegible] અને માનપૂર્વક આપને અમે પ્રણામ કરીએ છીએ. મારકોનીના પ્રતિસ્પર્ધી [illegible] ના સ્વજન, આપનામાં અમે ગર્વ ધરીએ છીએ. વિજ્ઞાનશાસ્ત્રીતરીકે મહાન અને મનુષ્ય તો [illegible] વિશેષ મહાન, આપના ચરણમાં અમારાં પ્રીતિ–પુષ્પો ભેટ કરીએ છીએ. પ્રકાશના [illegible] વિજ્ઞાનની દુનિયાના ઓ પુરુષવર! આપનું અમે સ્વાગત કરીએ છીએ.

આપના પ્રેમપાત્ર શિ[illegible]

ગુરુજીની આશા

[illegible] પૂર્વજોને ગૌરવે પુત્રપરિવાર ગૌરવવંતો બને છે. પૂર્વમાં પુત્રો અને [illegible] પૂર્વજોને મહત્તા અપાવે છે; એટલે મારા ભૂતકાળના અને અત્યારના વિદ્યાર્થીઓ [illegible] મને જે માન આપે, એના કરતાં વિશેષ માન બીજું કયું હોય ? [illegible] વિદ્યાર્થીઓ મારાપ્રત્યે અત્યંત પ્રીતિભાવ ધરાવે છે અને મને તેમના [illegible] તરીકે [illegible], એના કરતાં કયી વસ્તુ મારા હૃદયને વિશેષ સ્પર્શી શકે ? મને જે [illegible] છે, તે મારી [illegible] તૃપ્ત કરવાને તો જોઇએ તે કરતાંયે ઘણી વધારે છે. [illegible] તો. કોઇ સીમાજ નથી, કારણ કે અમે જે જે કામ [illegible] યુવકવર્ગ છે. જીવનની [illegible] જવાબદારી તો તમારી છે.

[illegible] જીવનમાં આ બધું બળ કયાંથી મેળવ્યું ? તમે જાણવા [illegible] કે, [illegible] અંતરાયોને હું કેમ જીતી ગયો ? મારા જીવન [illegible] મારું આ જીવન તેમની દૂરદર્શીતાનો પ્રતાપ છે. મારા [illegible] સાથે સાથે [illegible] ભારતનું અતિ ભવ્ય આદર્શોનું દર્શન કરાવ્યું. તે વખતે [illegible] તેમના [illegible] મને [illegible] ત્યાં [illegible] છે, તેમના [illegible] તે અને વીર ભારતના [illegible] તેમાંથી હું શીખ્યો કે. [illegible] સ્વાર્થ જતું [illegible]

[illegible]

[illegible] મોટી સભામાં, જીંદગીની પહેલ કરવાને કેવો ગભરાયો હતો. [illegible] 'ડિબેટ [illegible]' [illegible] અવડ્યો [illegible], એ ત્યાંના વિદ્યાર્થીઓને અપરિચિત લાગ્યું. તેમણે તેમના [illegible] શરૂ કરવાને મને [illegible] મોકલ્યું. [illegible] ડીબેટીંગ [illegible], સદ્ભાગ્યે [illegible] અને [illegible] નિયમ [illegible] વિજય કે પરાજય [illegible] વિજયને [illegible] અને હું [illegible] નિર્ભય રાખવું, એ [illegible] આવશ્યક છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તાકાત તો એજ મહાસંસ્કૃતમાં વસેલી હોય, કે જેણે નાઇલ નદીના તીરે [illegible] મીસરના બુદ્ધિવૈભવને, એબીસીન અને આસરીઆનાં સમર્થ સામ્રાજ્યોને વિનાશ [illegible] અને જે આજેય એની એજ અજેય શ્રદ્ધાપૂર્વક ભાવી તરફ મીટ માંડતી ઉભી છે.

ઇશ્વરપ્રાર્થના

(આર્યપ્રકાશ તા–૧૩–૬–૨૬ના અંકમાંથી)

વ્યાખ્યાન–હે સહનશીલેશ્વર ! આપ અને અમે પરસ્પર પ્રસન્નતાથી રક્ષક થઇએ, આપની કૃપાથી અમે સદૈવ આપનીજ સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરીએ તથા આપનેજ પિતા, માતા, બંધુ, રાજા, સ્વામી, સહાયક, સુખદ, સુહૃદ, પરમગુર્વાદિ જાણીએ; ક્ષણમાત્ર પણ આપને ભૂલીએ નહિ, આપની તુલ્ય અથવા અધિક કોઇને ન જાણીએ. આપના અનુગ્રહથી અમે સર્વ પરસ્પર પ્રીતિમાન, રક્ષક, સહાયક, પરમપુરુષાર્થી થઇએ, એકબીજાનું દુઃખ ન જોઇ શકીએ, સ્વદેશસ્થાદિ મનુષ્યોને અત્યંત પરસ્પર વૈરરહિત, પ્રીતિમાન અને પાખંડરહિત કરીએ, 'सहनौभुनक्तु' તથા આપ અને અમે લોક પરસ્પર પરમાનંદનો ભોગ કરીએ, અમે લોક પરસ્પર હિતથી આનંદ ભોગવીએ કે આપ અમને [illegible] અનંત પરમાનંદના ભાગી બનાવો. તે આનંદથી અમે એક [illegible] ન કરીએ. "सहवीर्यम् करवावहै" આપની સહાયતાથી પરમવીર્ય જે સત્ય [illegible] પ્રાપ્ત થાઓ. "तेजस्विनावधीतमस्तु" હે અનંત વિદ્યામય [illegible] કૃપાદૃષ્ટિથી અમારું [illegible] પઠનપાઠન પરમ વિદ્યાયુક્ત થાઓ તથા [illegible] પ્રકાશિત થાઓ અને અન્યોન્ય પ્રીતિથી પરમવીર્ય પરાક્રમથી [illegible] સર્વ નીતિમાન સજ્જન પુરુષ થાઓ અને આપ [illegible] નાના પ્રકારનાં પાખંડ, અસત્ય, વેદવિરુદ્ધ [illegible] કે જેનાથી સમસ્ત વૈરભાવનું મૂળ જે [illegible] "मा विद्विषावहै" અને હે જગદીશ્વર ! આપના [illegible] કે અમે પરસ્પર દ્વેષ ન કરીએ, કિંતુ [illegible] પરમ પ્રીતિથી [illegible]

શાન્તિઃ ! શાન્તિઃ ! શાન્તિઃ ! [illegible] આ જગતમાં છે. એક [illegible] આધિભૌતિક એટલે જે [illegible] આધિદૈવિક એટલે મન, ઇંદ્રિય, અગ્નિ, વાયુ, [illegible]

[illegible]

રશિયાની વીરપૂજા

(સૌરાષ્ટ્ર-તા-૧૯-૧-૨૯ના અંકમાંથી)

પશ્ચિમનું મોટું સ્વજન આજે પૂર્વની મૂર્તિપૂજાને ધિક્કારે છે. મૂર્તિપૂજકો એને મન અજ્ઞાન જંગલીઓ છે; પરંતુ અજાણપણે એ મૂર્તિભંજકોમાંયે એક પ્રકારની મૂર્તિપૂજા તો પ્રવર્તે છે. રાષ્ટ્રવીરો દેવલોક પામ્યા પછી જાહેર સંસ્થાઓમાં કે ચોરે ચૌટે એમની પ્રતિમા ઊભી કરી, તેને હારતોરાથી શણગારવી, શેક્સપિયર ક્લબો સ્થાપી, શેક્સપિયરની મૂર્તિ કે [illegible] જઇને માન આપ[illegible] એની સંવત્સરીઓ ઊજવવી, પેટન મેન્ટની છબી આગળ કે ભગવાન ખ્રિસ્તના પાદરપણે [illegible] આગળ શિર ઝુકાવવું, એ મૂર્તિપૂજા નહિ તો બીજું શું છે? સ્વદેશાભિમાન કે પ્રતિભાને માન આપ-ને પુરાવરોની પૂજા કરવી, એ તો માનવજીવનનો સ્વભાવ છે. પ્રાગૈતિહાસિક કાળથી તે આજ-દિનસુધી એ સ્વભાવ અચૂક રીતે પ્રગટતો આવ્યો છે. પુરાતન કાળમાં જ્યાં લોકો વીરનરોને દેવ-તરીકે પૂજતા, ત્યાં આજે તેજ મહાનુભાવ અથવા તો તેના જેટલાજ ગૌરવવંતા પુરુષ માત્ર નર-વીરતરીકે સન્માન પામે છે. એ પણ ઉચ્ચ કોટિની પૂજા-અર્ચના જ છે. પશ્ચિમમાં રશિયાની આજની વીરપૂજા સૌથી જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડે છે.

અટારીએ અટારીએ

અપ્રતિમ આંગ્લ નવલકાર એચ. જી. વેલ્સ ૧૯૨૦માં રશિયામાં પ્રવાસે નીકળ્યો, ત્યારે ગામે ગામ રશિયાના રાષ્ટ્રવિધાતા કાર્લ માર્ક્સની પ્રતિમાઓ હારતોરામાં શોભતી દીઠી. દુકાનોમાંયે એની મૂર્તિઓની હારો વિક્રયમાટે ખડકલાબંધ એણે જોઇ. અંગ્રેજ નવલકારને રૂસ પ્રજાની આવી ભક્તિપ્રત્યે સૂગ ચઢી; પણ એને ખબર નહિ હોય કે રશિયાની સાચી વીરપૂજા તો એ વખતે માત્ર નગ્ન સ્વરૂપે દેખાતી હતી. આજે મોસ્કો, વૉરસો કે સેન્ટ પિટર્સબર્ગમાં જનારા ગોરાઓ સહ-જન મજૂરવાદી રાષ્ટ્રના લેનિનપ્રત્યે પ્રજાનો ઉભરાતો ભક્તિભાવ નિરખીને દંગ થાય છે. વફા-દારીની જ્વલંત નિશાનીતરીકે લોકો દુકાનોમાં અને ઘેર ઘેર એ મજુરોના રક્ષણદાર પિતાની તસ્વીરને દીપકમાળથી ઝાકમઝોળ શણગારે છે. સમાજવાદીઓ એ તસ્વીરને સમાજવાદના મૂર્ત સ્વરૂપતરીકે ઘરઆંગણે રાખે છે, સામ્યવાદીઓ એની પ્રતિમાને સમાનતાનું રાષ્ટ્રચિહ્ન ગણે છે. કોઇ સ્ટીમશીપ કંપનીની અટારીઓમાં તો કોઇ વ્યાપારી પેઢીઓમાં અને મજુરસંઘોના કઠેરાપર [illegible]ાસ, એ એકજ આરસની પ્રતિમા શણગારાયેલી દેખાય છે. ચોકલેટ વેચનાર ફેરીઓ પોતાની [illegible]ાડીના કુંદાપર એ મૂર્તિને પધરાવી રાખે છે. દરજીના સંચા ઉપર લેનિનનું સ્થાન અવિચળ છે. [પુ]સ્તકાલયો અને પુસ્તકવિક્રેતાઓને મકાને એ તસ્વીર અનિવાર્ય છે. ધર્મમંદિરો અને ધાર્મિક [illegible]ાઓનો સામાન વેચનારી દુકાને પણ પુષ્પહારવડે દીપતી લેનિનની છબી કોઇ ગોખમાં પધરાવેલી [હો]ય છે. વીંટીમાં હીરાથી મઢેલી સૂક્ષ્મ તસ્વીરથી માંડીને દેહસમાન મૂર્તિઓ મોસ્કોમાં આંગણે ને [અ]ટારીએ, મજુરવાદનો મૂક સંદેશ સુણાવતી ખડી છે.

લેનિન-મંદિરો

ધર્મ-શ્રદ્ધાળુ લોકો ભગવાન ખ્રિસ્તની, કોઇ ધર્માલયોની અને કોઇ ધર્મગુરુઓની છબીઓ [illegible]ાં અમુક નિયત સ્થળે ગોઠવી, તેને મંદિરસમાન બનાવે છે અને સવારસાંજ ત્યાં મસ્તક [illegible]ી ઇશ્વરની બંદગી કરે છે. શું ઇંગ્લંડ કે શું હિંદ-બધેજ આવી અનન્ય ભક્તિ શ્રદ્ધાળુ [illegible]ાં હોય છેજ. રશિયામાં આજે લોકો એ તસ્વીરોના ધર્મમંદિરને ઠેકાણે પોતાને ઘેર એકાદ લે-નિનમંદિર રાખે છે ઘરઘર તો ઠીક, પણ કારખાનાંઓમાં અને ઑફિસોમાં પણ અમુક ભાગ [એ]ની પ્રતિમામાટે નિરાળો રાખવામાં આવે છે અને એની ભીંતોપર 'લેનિનનાં અમર જીવન-[illegible] ચિતરવામાં આવે છે 'લેનિન આજે દિવ્ય ધામમાં છે, પણ તેનો આત્મા રસભૂમિના રક્ષ-[illegible] અહીં મૌજુદ છે.' એવા ભક્તિવાક્યો પણ એ દિવાલોને અને તેના તોરણોને શણગારી રહ્યાં [illegible]રી લોકો જો કે લેનિનની પ્રતિમા આગળ ક્રૉસની જેમ પોતાના હાથની ચોકડી ચિતરતા [illegible]ાપણ એમના અંતરનો પૂજ્યભાવ નિઃશબ્દતામાંયે જણાઈ આવે છે. ગામડાંનાં ભોળાં [illegible]રનારીઓ તો માથું નમાવીને એ પ્રતિમાઓ સમક્ષ ક્રૉસ ચંદાં કરે છે' સ્ટેશને સ્ટેશને [રશ]િયાના આ નિર્ધનતાપ્રિય તારણહારને ગોખ-મંદિરોમાં પધરાવવામાં આવ્યો છે. એના

દર્શન કરીને ગામડીઆઓ પોતાની મુસાફરી શરૂ કરે છે. જાણે રશિયાનો એ 'પ્રસ્થાનમંગળ'નો

તીર્થયાત્રા

પણ આના કરતાંયે વધારે છક કરનારી ભક્તિ તો લોકોની લેનિન-યાત્રાઓમાંથી સાંપડે છે. આજે એના સ્વર્ગપ્રયાણને માત્ર બે-અઢી વરસોજ વીત્યાં છે. જાનેવારીની એ અમંગળ પ્રભાતે વરસાદ અને બરફમાર વચ્ચે ભક્તિમતી જનતા પોતાના રાષ્ટ્રવીરનો દેહાવશેષ નિરખતી, અશ્રુભીની બંદગી કરતી ઉભી હતી. એ ભવ્ય કરુણ દૃશ્ય આજે બે વર્ષ પછી વધારે ભવ્ય સ્વરૂપ ધારણ કરે છે. મોસ્કોમાં એની મૃત્યુસમાધિ ઉપર આજે શસ્ત્રધારી સૈનિકો પહેરો ભરે છે અને વિશાળ રશિયાનાં દૂર દૂરનાં ગામોમાંથી શ્રદ્ધાળુ જનો સમાધિનાં દર્શને ટોળાંબંધ આવ્યે જાય છે. એની મરણાતિથિને દિને તો ત્યાં આખાયે યૂરોપના મજુરવાદી પ્રવાસી જનો ધ્વજાપતાકા લઇને જમાવે છે અને 'જય હો મહાત્મા લેનિનનો! જય બોલ્શેવિઝમનો!' એવા સૂર ગુંજતા ગુંજતા કરે છે. સમરકંદમાં એક કાળે તૈમરલેનની કબ્રની લોકો યાત્રા કરતા. આજે જેરૂસલેમની પુણ્યભૂમિ ઉપર ખ્રિસ્તીઓ પ્રવાસે સંચરે છે. અખિલ આલમના ઇસ્લામીઓ મક્કા શરીફે પૂજ્યભાવે હજ કરવા જાય છે; રશિયાના—અરે, યૂરોપ સમગ્રના—લાખો મજુરવાદીઓનું જીવન્ત તીર્થધામ એ મહાનુભાવ લેનિનની મૃત્યુસમાધિ છે.

દેવમાનવ

ગઈ સાલ લેનિનની સંવત્સરી કોઇ અદ્‌ભુત રીતે ઉજવાઇ હતી. મોસ્કોને ચૌટે ચૌટે લોકો એ રાષ્ટ્રવીરની છબી ખરીદીને મઢાવતા હતા. આજે પ્રજા એને માનવકોટિથી પર માને છે. રશિયાનો એ દેવમાનવ છે. લોકસભામાં એની ખુરશી ખાલી રહે છે. એનાપ્રત્યે પ્રજાની માનની લાગણી એટલી ઉત્કટ છે કે એ ખુરસીપર એની પ્રતિમા પધરાવી ફૂલમાળાઓવડે અનુગામી પ્રમુખો તેની અર્ચના કરે છે; એની આરામગાહ હજુ અપૂર્ણ છે, તોયે એની જાળીએ ને અટારીએ દર રાત્રે લોકો રોશની પ્રકટાવે છે. આરામગાહની ઇમારતમાટે દેશવિદેશના સ્થપતિઓ પાસેથી કેટલાંક નમુના મંગાવાયા છે. લેનિન આજે લોકસાહિત્યનો કોઈ અદ્‌ભુત નાયક બનતો જાય છે. એના જીવનની આસપાસ કેટલીયે અદ્‌ભુત રસિક કથાઓ ગુંથાઇ ગઇ છે. એક જંગી મંડળી એના લેખનો અને ગ્રંથોને જગતની વિધવિધ ભાષાઓમાં ઉતારવાનું અવિરત કાર્ય કર્યે જાય છે. આખા યૂરોપીય ઉપરાંત કાલમુક, બશ્કિર, ખિરગીઝ, યાકુત અને તાર્તર પ્રજા આજે એ મંડળના પ્રયત્ન દ્વારા પોતાની ભાષામાં લેનિનના મનન-સાહિત્યનું રસપાન કરે છે. લેનિનનાજ સહકર્માચારીઓ લેનિનનાજ પૂજક બન્યા છે. એમને મન લેનિનનો શબ્દ બ્રહ્મવાક્ય કે કુરાનની આયાત છે. આજે તો જાણે રશિયામાં દેવમાનવ લેનિનનો કોઇ નવીન ધર્મ ફેલાયો છે. રૂસભૂમિનો એ સરજનહાર અને પ્રતિભામાન મહાન પીટર પણ આટલો નહોતો પૂજાયો. રૂસ સ્વાધીનતાનો સ્થાપક લેનિન, દલિત મજુરોનો ઉદ્ધારક લેનિન, જગતભરમાં સાચી સમાનતાને ઉતારનાર લેનિન, અવસાન પામીને આજ રશિયાનો આરાધ્ય દેવ બન્યો છે.

ઉંચામાં ઉંચી ટોચે—ઉંચામાં ઉંચા શિખરે તમારે પહોંચવું હોય તો તમારા ઉદ્યોગની નીચામાં નીચી જગાએથી કામ શરૂ કરો. તમારા ધંધા સાથે જેનો સંબંધ હોય એવી કોઇપણ બાબતને નજીવી કે નિરૂપયોગી નહિ સમજતાં તેને લગતી એકે એક વિગતનું પૂરેપૂરૂં જ્ઞાન મેળવો.

× × ×

એક માર્ગ અથવા ધંધો પસંદ કરો, તેની સઘળી વિગતોનો અભ્યાસ કરો, તેનેજ માટે કામ કરો.

× × ×

તમારે શું કરવું તે વિષે જગત કાંઇ કહેતું નથી; પણ તમે જે કાંઇ કરવાનું માથે લ્યો તેમાં સર્વોપરિ શ્રેષ્ઠ બનો, એમ તેનું કહેવું છે. (આગળ ધસો'માંથી.)

શુકનમાં લાપસી શામાટે ?

(હિંદુસ્થાનના એક અંકમાંથી)

હિંદુસંસારમાં સાધારણ રીતે સારા પ્રસંગે હમેશાં શુકનમાં લાપસી બનાવવાનો કે ઓરમું બનાવવામાં આવે છે. આ શુકનમાં બીજી કોઇ વાનગીને બદલે લાપસીને શામાટે પસંદગી આપવામાં આવી હશે, તે વાત સમજવા જેવી છે. અત્યારના જમાનામાં તો લાપસી કે ઓરમું એ જમવાનું હલકું ગણાય છે; અને સારા જમણવારમાં તે સ્થાન ભોગવતું નથી, છતાં પણ શુકનમાં સ્વીકારેલી જણાય છે, આપણા બાપદાદાઓ મૂર્ખ ન હતા.

જૂના કાળમાં જે જે રીતરિવાજો દાખલ કરવામાં આવ્યા છે, તે તે રિવાજો સારા હેતુથી ધર્મને નામે દાખલ થયા છે. ખાવામાં, પીવામાં, આચારમાં જ્યાં જ્યાં જે રિવાજ છે તેને ધર્મની બીક લગાડી દેવામાં આવી છે, તેમાં પણ ચતુરાઇ જ છે. અત્યારના આપણે પણ પૂરું રહસ્ય સમજ્યા સિવાય જુના બાપાઓ બેવકૂફ હતાં એમ કહી તેનું પાલન કરતા નથી. પરિણામ આપણે જોઇ ચૂક્યા છીએ કે, આપણા બાપદાદા કરતાં આપણે ઓછું ખાતા થયા છીએ, ઓછું પાચન કરી શકીએ છીએ, ઓછી શક્તિવાળા થઈ ગયા છીએ અને ટૂંકું આયુષ્ય ભોગવીએ છીએ.

જે જે વહેમ ગણી કાઢી તુચ્છકારવામાં આવે છે, તે વહેમ નથી; આવા વહેમની તપાસમાં આગળ ઉપર ઉતરીશું ત્યારે તે સમજાશે. રજસ્વલા સ્ત્રીને ન અડાય; સુવાવડીનાથી અભડાઇ જવાય; નાહ્યાધોયા સિવાય મંદિરમાં ન જવાય; વગેરે રિવાજો છે તે વહેમ નથી; પરંતુ શારીરિક તંદુરસ્તીને અંગે વિચારીને દાખલ કરેલા રિવાજો છે. તેનું પાલન ન કરનારા અક્કલ ગાઇ કરે છે.

હવે અસલ વાતપર આવીએ. ઘઉંની અંદર જે પોષક તત્ત્વ છે, તે તેની અંદરના બીજમાં છે. આ બીજ ખાવાથી માણસની જીવનશક્તિ વધે છે. જે અનાજ જીવનતત્ત્વ-વીટેમીન્સ કહેવામાં આવે છે, તે આ બીજમાં છે. વિજ્ઞાનશાસ્ત્રીઓએ તથા ખોરાકને લગતી શોધખોળ કરનારાઓએ એકમતે જાહેર કર્યું છે કે, જેમ જેમ ઘઉંનો લોટ બારીક કરવામાં આવે છે, તેમ તેમ તેના બીજનો નાશ થાય છે. બીજનો નાશ એટલે તેની અંદર રહેલાં જીવનતત્ત્વ વીટેમીન્સનો પણ નાશ થાય છે. આવો લોટ તે આપણો પરસુદી મેંદો છે. આ લોટ શરીરને લાભ કરવાને બદલે નુકસાન કરે છે. એવા પ્રયોગો કરવામાં આવ્યા છે કે, એક માણસને ભુખ્યો રાખવામાં આવ્યો જ્યારે બીજા માણસને માત્ર પરસુદીની રોટલી આપવામાં આવી. પરિણામે પરસુદીની રોટલી ખાનારનું વજન અપવાસી કરતાં ઘણું ઘટી ગયું. એ સુચવે છે કે, પરસુદી શરીરને પોષવાને બદલે શરીરને નાશક છે. લાપસી કે ઓરમાની અંદર ઘઉં જાડા ભરડવામાં આવે છે. આવા જાડા લોટની અંદર તેનું બીજ જળવાઈ રહે છે અને એ બીજ શરીરને પોષણ આપે છે. આડે દિવસે તો તમે આવો પૌષ્ટિક ખોરાક ન ખાઓ, પણ શુકનતરીકે સારે પ્રસંગે આ લાપસી કે ઓરમું ખાઓ; તેટલા માટે વૃદ્ધ બાપાએ શુકનમા લાપસી રાખી છે. તલધારી લાપસી, અંદર ગોળ અને ઘીના ખોરાકને બીજું કોઈ પણ પકવાન પહોંચે તેમ નથી. પછી ભલે તે દૂધપાક, શીખંડ, બાસુંદી, ઘેબર, મેસુર વગેરે ગમે તે હો. આ લાપસી અને ઓરમું બીજજોખમી અને પૌષ્ટિક છે. સુધરેલા ભાઇઓ આ બાબતની નોંધ લે તેટલામાટે આટલું ધ્યાન ખેંચ્યું છે. બચ્ચાંનું નામ પાડતી વખતે બારમે દિવસે તો આખા ઘઉંને બાફી તેની ઘુઘરી કરવાનો રિવાજ છે. આ ઘુઘરીમાં પણ ગોળ-ઘી નાખીને ખાવામાં આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો લાપસી-ઓરમા કરતા પણ આ ઘુઘરી ચડે તેમ છે; પરંતુ હવે ઘુઘરી તો જંગલીનો ખોરાક ગણાય છે. સુધરેલા માણસોને પાછા જંગલી થયા સિવાય છૂટકો નથી એમ અત્યારના ખોરાકશાસ્ત્રીઓ અને મોટા ડૉક્ટરો યુરોપમાં બુમ પાડી રહ્યા છે. ખોરાકની અંદર આપણે ત્યાં ઘાલમેલ હજુ પ્રભુકૃપાએ ઓછી છે. યુરોપાદિ દેશોમાં તે ટોચે પહોંચવા આવેલ છે, એટલેજ ત્યાના ડૉક્ટરો તે તરફ વધુ લક્ષ આપવા મંડ્યા છે.

—

વિલાયતમાં ફળાહાર

હિંદુસ્થાનના ખોરાકમાં જો કોઇ ચીજની ખામી હોય તો તે ફળની છે. આપણને તેટલાં ફળ ખાવાનાં મળતાં નથી. ગરીબાઇને અંગે આપણે ફળ ખાઇ શકતા નથી. ઉપરાંત ફળ ખાવાં એ જરૂરીઆત નહિ પણ મોજશોખ છે, એમ આપણામાં ખોટો ખ્યાલ પેસી ગયો છે. આપણે ત્યાં જે ફળો થાય છે, તેનોજ આપણે છૂટથી ઉપયોગ કરીએ તો આપણો ખોરાક વ્યાજબી ગણાય. આપણે ત્યાં લાલ પાકાં ટામેટાં, પોપૈયાં, પાકાં ચીભડાં વગેરે થાય છે; પણ આપણે જોઇએ તેટલા પ્રમાણમાં તે ખાતા નથી. વિલાયતના આંકડા બહાર પડ્યા છે, જે જોવા જેવા છે. યુનાઇટેડ કીંગડમમાં એક માણસે એક વરસમાં ૧૦૦ સફરજન, ૭૫ નારંગી અને ૩૦ કેળાં ખાધાં. એક વરસમાં ૪૮૩૦૦,૦૦૦ પાઉંડની કિંમતનાં ફળ યુનાઇટેડ કીંગડમમાં આવ્યાં. આપણે ત્યાં તો માણસ આટલાં બધાં ફળ ખાતો નથી. વ્યાજબી રીતે જે ફળની જે વખતે મોસમ હોય, ત્યારે તેણે તે ફળ ખૂબ ખાઇ લેવાં જોઇએ. હિંદુસ્થાનમાં સુભાગ્યે કેરીની મોસમમાં કેરીઓ પુષ્કળ ખાવાની મળે છે અને ત્યારેજ ગરીબ તેમજ તવંગર તેનો ઉપયોગ કરી શકે છે. આરોગ્યનું ધ્યાન રાખી ફળ ખાવાં જોઇએ; કારણ કે ફળની અંદર જીવનતત્વ–વીટેમીન્સ છે. કેરીની મોસમમાં માણસને નવું લોહી આવી જાય છે, તેનું કારણ આ જીવનતત્વ છે.

જુઓ જાપાનનું શિક્ષણ !

(ગાંડીવ તા. ૫–૯–૨૬ ના અંકમાંથી)

([illegible] ની કન્યાશાળાઓમાં ત્યાંની બુદ્ધિમતી શાળાલિકાઓએ કન્યાઓ સમક્ષ એક સુંદર [illegible] [illegible] ૬૬૦ જવાબ આપનારી બાળાઓમાં ૨૩૬ બાળાઓએ [illegible] [illegible] બાળાઓએ અમુક સંજોગોમાં શી રહેવાની અને અમુક [illegible] [illegible] માત્ર ૧૩૬ બાળાઓએ રહીને પસંદ કર્યું હતું. [illegible] [illegible] રજુ કરીએ છીએ.)

[illegible] નથી ગમતું. દેશની માટીમાંથી [illegible] [illegible] પણ પ્યારી જન્મભૂમિ કાજે કુરબાન કરી [illegible] [illegible] માતૃભૂમિના સ્વાતંત્ર્યોની [illegible] [illegible] પોતાના [illegible] વધારવાની તક ન મળે તો [illegible] [illegible] કરનારી [illegible] [illegible] કરવાનું જે [illegible] [illegible] માતૃભૂમિને [illegible]

[illegible]

ગરીબોના ઉદ્ધારક બનો !

('સ્વામી રામતીર્થ'ના 'સદુપદેશ' માંથી 'પ્રતિબોધ' મા સેવારત, તે ઉપરથી)

સ્ત્રીઓ, બાળકો અને મજુરવર્ગની કેળવણીપ્રત્યે બેદરકારી રાખવી એ તો જે શાખાપર આપણો આધાર હોય, તેજ શાખાને કાપી નાખવા સમાન છે; એટલુંજ નહિ પણ પુરા પ્રજાકીય જીવનના મૂળમાંજ ઘા કરવા બરાબર છે.

હિંદુસ્થાનમાં અનેક હિલચાલો વિજયી ન નિવડવાનું કારણ એજ છે કે, કાર્ય કરનાર લોકોએ પોતાની સર્વ શક્તિ મૂળ તરફ ન વાપરતાં માત્ર ફળ અને પાંદડાંઓ–જેવા મોટા કહેવાતા લોકો–ને પાણી છાંટવામાં ગુમાવી દીધી છે; ખરી રીતે તો રાષ્ટ્રતરુના આધારરૂપ ગિચારા મજુરોનેજ પ્રકાશ અને ચૈતન્યની જરૂર છે.

આજ આપણા આ કમનસીબ દેશમાં એમની કિંમત મીંડા જેટલી ગણવામાં આવે છે અને આવાં ગરીબગુરબાંઓની સેવા કરવા તમે બહાર પડશો, તેમના ભલા કાજે ચિંતા કરશો એટલે લોકો તમને ઠપકો પણ દેશે, કેટલાક મશ્કરી કરવા લાગશે; પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે, આ મીંડાને એકડાની જમણી બાજુએ મૂકવાથી એકડાની કિંમતને દશગણી વધારવાની તેમનામાં શક્તિ છે.

કમનસીબે હાલના ઉપદેશકોની વૃત્તિ એવી છે કે, સરકારી અમલદાર વગેરે મોટા લોકો પોતાના વ્યાખ્યાનમાં આવે એટલે તેઓ પોતાને કૃતકૃત્ય માને છે. એ ખરૂં છે કે, સરકારી નોકરો બીજા માણસો કરતાં વધુ હોંશિયાર હોય છે અને તેથી તેઓ થોડાઘણા ઉપયોગી પણ છે; પરંતુ તેમનો જુસ્સો હમેશના ઘસડબોરાથી મંદ પડી ગયેલો હોય છે. એ લોકોને તેમના માનમતબારૂપી કેદખાનાના શ્રેષ્ઠ આસન ઉપરજ બેસી રહેવા દો; કારણ દેશનો ખરો ઉદ્ધાર તો દેશરૂપી ઝાડનાં ગરીબ મૂળોથી થવાનો છે. એ બરાબર ધ્યાનમાં રાખજો કે, ગરીબ લોકો, સ્ત્રીઓ અને બાળકોના હાથથીજ સત્યની સ્વારી આગળ વધશે.

લોકોની હાલની ધર્મબુદ્ધિ અને દાન કરવાની વૃત્તિ પણ બહુ બગડી ગયેલી છે. ભૂખમરાથી ટળવળતા ગરીબ લોકોની આપણે જરાયે ચિંતા કરતા નથી. માત્ર ભરેલાં પેટવાળાઓ, નિરુદ્યોગી અને આળસુઓનેજ ભોજનનું દાન કરવાથી સ્વર્ગે પહોંચી જવાય છે એમ માનીએ છીએ; અને આ દાનસંબંધે પણ લોકોના વિચાર એવા થઈ ગયા છે કે સમાજના એક ભાગને છેક નીચોવી નાખી, તેને તદ્દન કંગાળ બનાવી દઈને મેળવેલા પૈસામાંથી નહિ સરખો ભાગ દાનતરીકે પાછો આપવો. પોતેજ નીચોવી લીધેલા ગરીબો તરફ તેમની ઘણી દુઃખી હાલતમાં કીર્તિ કે હોદ્દાને ખાતર એકાદ તુચ્છ કકડો ફેંકી દેવો એજ જાણે કે મોટું ધર્મ–દાન ન ગણાતું હોય, એમજ એ બિચારાઓ સમજે છે; પરંતુ ખરી ઉદારતા શું છે તે તમે જાણો છો ? દીન–ગરીબ અને પતિત–નીચે પડેલા લોકો તરફ સાચી લાગણીથી જે જુએ છે, તેજ ખરો ઉદાર મહાત્મા છે !

હિંદુસ્થાનના રાજારજવાડાઓ ! ધનાઢ્યો ! ધર્મગુરુઓ અને રાજકર્તાઓ ! થોડાંજ વર્ષોમાં શું પરિણામ આવશે તેનો તમને ખ્યાલ છે ?

આજ અસંખ્ય જાતિભેદ અને ચોકાધર્મથી શું પરિણામ આવ્યું છે તે જાણો છો ? એ સાચું છે કે, યુરોપઅમેરિકાની જેમ અસંખ્ય હડતાળો નથી પડતી, પરંતુ આખો દેશ દુર્બળ અને મુંગા ઘેટાંથી પણ વધારે બીકણ બની ગયો છે. હાલના જરીપુરાણા થઈ ગયેલા ન્યાત–જાતરૂપી વસ્ત્રની નીચે શું છે ?–ગરીબ અને ભૂખે મરતા સાક્ષાત્ નારાયણસ્વરૂપ હિંદી એકલો !

કટોકટીના સમયમાં આપણે જન્મેલા હોવાથી દેશસેવા કરવાના પ્રસંગ જોઇએ તેટલા છે. આજ તમને દેશધર્મ આજ્ઞા કરે છે કે, રાષ્ટ્રીય બંધુભાવ આગળ તીવ્ર જાતિભેદને ગૌણ માનો ! પોતાનાં નાનાંમોટાં સઘળા બાળકોપર એકસરખો પ્રેમ રાખનારી માતાના જેવું આપણા અંતઃકરણને બનાવવું એજ જીવનની સફળતાનો સાર છે.

અને એ જીવન સફળ કરવા કાજે તમે જીંદગીને તિલાંજલિ આપવા તૈયાર છો એટલી શક્તિ અને હિંમત તમારામાં હોય તો ઉઠો અને ગરીબોના ઉદ્ધારક બનો !

વધારે મરણો શાથી થાય છે ?

(લેખકઃ-વિજયશંકર જયશંકર. 'હિંદુસ્થાન' તા-૨૪-૫-૨૬ ના અંકમાંથી)

દેશી વૈદાને ઉત્તેજન આપો.

એપ્રીલ ૧૯૨૬ ના વૈદ કલ્પતરુમાં 'દેશી વૈદુ' એવા મથાળા નીચે જે હકીકત છપાઈ છે તેમાં લખેલું છે કેઃ—

" આ ધારાસભામાં (મુંબઈની) જે મેંબરો આયુર્વેદ અને યુનાની વૈદકની સીફારસ કરે હોય તેમને હું પૂછું છું કે, પાશ્ચાત્ય પદ્ધતિએ શિક્ષણ મેળવેલા ડૉક્ટરોની ખાત્રી કરી આપવી જોઈએ કે, દેશી વૈદુ પાશ્ચાત્ય વૈદક કરતાં કોઈ પણ રીતે ઉતરતું નથી અને ત્યારેજ આ સભા સમજી જશે કે, દેશી વૈદુ પાશ્ચાત્ય વૈદક કરતાં શ્રેષ્ઠ છે. "

આ ઘણો ગંભીર સવાલ છે. કરોડો માણસોની જીંદગી તથા તંદુરસ્તી સાથે તેનો સંબંધ છે; તેથી લખવાની રજા લઉં છું કે, વિદેશી દવાઓમાં ઘણી દવાઓ જેવી કે શીતળાની રસી વગેરે જનાવરોનાં લોહી-પરૂમાંથી બનાવવામાં આવે છે અને તેથી હજારો તંદુરસ્ત બાળકો તેમજ મોટી ઉંમરના મનુષ્યો તેવી દવાના ઝેરથી બીમાર પડી મરી જાય છે, અથવા તો કેટલાક ભયંકર દરદોથી પીડાય છે. તે સંબંધી સત્તાવાર હકીકતો પ્રસિદ્ધ કરવામાટે કૃપાળુ અંગ્રેજો તથા અમેરિકનોએ ખાસ મંડળીઓ સ્થાપી છે અને તેમનાં માસિકોમાં ઘણી ચોંકાવનારી હકીકતો વખતોવખત છપાઈ પાડવામાં આવે છે.

ઉપર જણાવેલી જાતની ઝેરી વિદેશી દવાઓ માણસજાતમાટે કેવી જોખમી છે, તેનો ખ્યાલ કરવામાટે " શીતળાની રસી " એવા મથાળા નીચે એક ઘણો ચોંકાવનારો લેખ નડીઆદમાં પ્રસિદ્ધ થતા વૈરાગ નામના માસિકના ફેબ્રુઆરી ૧૯૨૬ ના અંકમાં પ્રસિદ્ધ થયો છે તે ધ્યાનથી વાંચવા આપને અરજ કરું છું.

અમેરિકાના પ્રેસિડેન્ટ કુલીજના જુવાન દીકરાને શીતળાની તેમજ ટાઈફોઈડની રસી મૂકી. તેને પરિણામે તે કમભાગી જુવાન પુરુષ તરફડી તરફડીને મરી ગયો. તે લેખમાંથી નીચેના શબ્દો ટાંકું છું.

" આવા મરણો સાધારણ માણસના ઘરમાં થાય છે, ત્યારે તો રસીને બદલે બીજા કોઈ નામ નોંધાવી દરને દરદીના સગાને ઠગીને ડૉક્ટરો એ મરણ બીજા કારણથી થયેલું ગણાવે છે પણ આ તો પ્રેસિડેન્ટનો દીકરો હોવાથી પોગળ ફુટયું. "

તા. [illegible]-૨૬ ના જામે જમશેદમાં " પેટંટ ફુડને આગ લગાડો " એવા મથાળા નીચે એક [illegible] તેમાંથી નીચેના શબ્દો તરફ આપનું ધ્યાન ખેંચું છું.

" પેટંટ ફુડ અને દવાવાળા ગરીબ હિંદમાંથી દરવર્ષે એક કરોડ રૂપીઆ લૂંટી જાય છે [illegible] "

કરોડો હિંદીઓનો આ વેપારી તથા ધંધાદારી સવાલ હોવાથી શીતળાની રસી વગેરે [illegible] ખરા કારણ છુપાવીને જુઠા કારણો પ્રસિદ્ધ કરીને [illegible] અમેરિકા વગેરે દેશોમાં [illegible] આવે છે; તેથી [illegible] વિદેશી [illegible] કરતી છે.

[illegible]

[illegible]

([illegible])

જ્ઞાનપિપાસા

[illegible] બહેને [illegible] તો મેં આર[illegible] પિતાને [illegible] શું જુએ છે ત્યાં પોતાના પિતા!

"મૂલશંકર! તેં મારો [illegible]" [illegible] નાની ઉંમરમાંથી ચાલવા લાગી. બાળકનું માથું નીચે હતું [illegible] ટી. આખરે ન સહેવાયું ત્યારે રોઈને પિતાના પગ [illegible] નહિ કરું!" પિતાએ તો દીકરાને માથે હાથ મૂકી આશીર્વાદ આપી દીધા. [illegible] ગાનાં પહેરેગીરોને "લઘુશંકા કરવા જાઉં છું" એવું સમજાવી એ [illegible] રહી સાથે બાળાની રાત એક દેવાલયના ઘુમટપર ચડીને વીતાવી. [illegible] ધિ ભળે ગુપ્ત વાતો ચલાવી. પ્રભાતે સંસારની બેડી [illegible] તોડી નાખીને એણે દુનિયાની બહાર દોટ દીધી.

× × × ×

"આ રૂડી કાયાનું પિંજરું હવે ક્યાંસુધી વેઠવું! દેહ પાડી નાખું તો! હિમાલયના હિમ-મઢ્યાં શિખરોપર જઈને ગાત્રોને ગાળી નાખું તો!"

"ના ના! જીવતા! એક વાર તો આ દેહદ્વારા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લઉં. અંદર-ના મળ-મેલ સાફ કરી નાખું અને દિમાગે શા સારુ મરું! એ લોકોનાં દુઃખોની ગાજતી ખાઈમાં-જ ન ઝંપલાવું! ચાલો આત્મારામ, ચાલો આ પહાડી શિખરો ઉપરથી ધરતીનાં સરજનનાં માનવીઓની વચ્ચે!"

× × × ×

ઝોણામઠેથી ઉતરીને યુવાન યોગી જ્ઞાનની શોધમાં ચાલ્યો. આપખાનના મનસુબા છોડી દીધા; પણ પુસ્તકોનાં લફરાં હજુ લાગ્યાં હતાં. ગંગાના કિનારા ઉપર એ પોથીઓનાં પાંદડાં ઉખેળતાં ઉખેળતાં યોગાભ્યાસના અટપટા કોયડા ને નાડીચક્રનાં લાંબાં વર્ણનો વાંચ્યાં. એની શ્રદ્ધાની સરાણ-પર એ નાડીચક્રનો વિષય ચડી ગયો. અંતરમાં સંદેહ જાગ્યો અને જ્ઞાનની સળગતી પ્યાસ એમ તે કેં શાંત થાય? એક દિવસ ગંગાના નીરમાં એક મુડદું તરતું જાય છે. પોથીઓનાં પોથાંને કિનારે મેલી શોધક પ્રવાહમાં ઝંપલાવ્યું. શબને બહાર ખેંચી આણ્યું. ચપ્પુ લઈને ચીરી જોયું. ચીરીને હૃદયનો ભાગ બહાર કાઢ્યો' એની આકૃતિ, સ્વરૂપ અને લંબાઈપહોળાઈ પુસ્તકોનાં વર્ણનો-ની સાથે મેળવી જોયાં. પુસ્તકનાં વર્ણનોની સાથે બીજાં અનેક અંગની સરખામણી કરી; પણ પુસ્તકોમાં લખેલા પેલા નાડીચક્રના બયાન સાથે દેહના ચક્રનો મેળ નજ મળ્યો. પુસ્તકને ફાડી-જ તોડી ફાડી એ શબની સાથેજ પાણીમાં પધરાવી દીધું, બુદ્ધિનો વિજય થઈ ગયો!

× × × ×

સોળ સોળ વર્ષના રઝળપાટને અંતે છત્રીસમા વર્ષની વયે ગુરુજ્ઞાનને માટે તલસતા એ દયા-નંદને ગુરુ લાધ્યા. ગુરુ વિરજાનંદની સેવા એ તો અસિધાર જેવી હતી. અંધ ગુરુજી દુર્વાસાનો-જ અવતાર હતા! ધમકાવે, ગાળો ભાંડે, મારે અને પીટે. એક દિવસ તો દયાનંદને માત્ર અમુક

પાઠ ન આવડવાને કારણે વિરજાનંદજીએ પિત્તો ગુમાવ્યો. ક્રોધાંધ બનીને એમણે દયાનંદને લાકડી ફટકારી. દયાનંદજીના હાથ ઉપર ફુટ થઇ લોહી વહેવા લાગ્યું; પરંતુ સત્યનો શોધક એથી કેમ છેડાય ! એ હાથ જોડીને સુકોમળ અવાજે એ બોલ્યાઃ–'મહારાજ ! મારું શરીર કઠોર એટલે મને મારતાં તો ઉલટો આપનો સુંવાળો હાથ સમસમી ગયો હશે. મને આપ ન મારો. કેમકે આપને ઇજા થાય છે.'

× × × ×

દંડીજી નામના શિષ્યે ગુરુજીને એમની આ નિર્દયતા બદલ ઠપકો દીધો. ભોળા, બાળક જેવા ગુરુને ભાન થયું; પસ્તાયા; બોલ્યા કેઃ 'ભાઇ, હવે પછી નહિ મારું.' આ વાતની દયાનંદને જાણ થતાંજ એમણે જઇને દંડીજીને કહ્યુંઃ 'શામાટે ગુરુજીને તમે મારે વાસ્તે ઠપકો દીધો ! એ કંઇ મને દ્વેષથી મારે છે ? એ તો કુંભાર જેમ માટીને ટીપી ટીપી તેમાંથી સુંદર ઘાટ બનાવે છે તેમ મને પણ મનુષ્ય બનાવવામાટેજ શિક્ષા કરી રહ્યા છે.'

એ લાકડીના પ્રહારનો ડાઘ, દયાનંદજીના હાથ ઉપર જીવનભર રહ્યો હતો અને જ્યારે જ્યારે પોતાની દૃષ્ટિ ત્યાં પડતી, ત્યારે ત્યારે પોતાના ગુરુજીના ઉપકારોની સ્મૃતિઓથી એમનું અંતર ગદ્‌ગદિત થઇ જતું હતું.

× × × ×

ગુરુજીના સ્વભાવની ધખધખતી ભઠ્ઠીમાં અઢી વર્ષસુધી તપાઇ તપાઇને એ કંચન નિર્મળ બની ગયું. રહ્યાંસહ્યાં પાપની ભસ્મ થઇ ગઇ. અઢી વર્ષનો અભ્યાસ પુરો થતાં સ્વામીજીએ ગુરુચરણે પડીને વિદાય માગી કેઃ 'મહારાજ ! મારાં રોમેરોમ આપને ધન્યવાદ દઇ રહ્યાં છે. આપે સાચું વિદ્યાદાન દીધું. હવે હું દેશાટનમાટે આપની આજ્ઞા લેવા આવ્યો છું; હું આપને ગુરુદક્ષિણામાં શું આપું ? મારી પાસે રાતી પાઇ પણ નથી.આ ચપટી લવીંગ છે,તે આપના ચરણોમાં ધરું છું.'

દયાનંદના મસ્તક ઉપર શીતળ હાથ મેલીને ગુરુજી ગદ્‌ગદ્ કંઠે બોલ્યાઃ 'બેટા ! મેં તને [illegible] જ સંતાપ્યો છે. હવે મને તારાસરખો તેજસ્વી અને સાગરપેટો શિષ્ય ક્યાં મળવાનો હતો ! બેટા ! તારી મંગળ કામનાઓ પુરી થજો. મારે તારી ગુરુદક્ષિણા ન જોઇએ. ગુરુદક્ષિણામાં તો એટલુંજ માગી લઉં છું કે વત્સ! તું આ દુઃખી ભારતવર્ષની સેવા કરજે.'

ગુરુની મહત્તાનું સ્મરણ કરતો દયાનંદ સંસારની રણવાટમાં ચાલી નીકળ્યો.

હજારો વર્ષ થયાં અજ્ઞાન બની ગયેલા ગંગાજીના કિનારાઓ ઉપર ફરીવાર શુદ્ધ વેદમંત્રો ગુંજી ઉઠ્યા છે. ઋષિમુનિઓનો વારસદાર વીર દયાનંદ રાજપૂતોનાં ગામડે ગામડાં [illegible] છે. [illegible], પચાસ પચાસ રજપૂતો પંક્તિમાં ગોઠવાઇને ગંગાતીરે ખડા થાય છે. [illegible]. દયાનંદજી ગાયત્રીના સિંહનાદ ગજાવે છે અને કેટલાય કાળ [illegible] બાર, સંસ્કૃતિ માતાના સ્તનપરથી દૂર ફેંકાએલાં, ધાવણાં, નિ[illegible] સંતાનોને [illegible] ગાયત્રી-જાપ કરવાનો અધિકાર પણ મહર્ષિ દયાનંદેજ અર્પણ કર્યો.

ક્ષમાવીર

[illegible]

ક્યાંય નથી કર્યું. મને ક્દાચ માર્યો હોત તોપણ શી ચિંતા હતી! જા, પ્રભુ તને સન્મતિ દેજો!

× × × ×

સેંકડો રાજપૂતોને યજ્ઞોપવિત દેતા દેતા સ્વામીજી ગામેગામ ઘૂમી રહ્યા હતા. એક વખત કર્ણવાસ-માં એમનો પડાવ હતો. ગંગાસ્નાનના મેળાપર હજારો માનવી એકઠાં થયેલાં હતાં. બરોલીના ઠાકોર રાવ કર્ણસિંહ પણ આવેલા. આ રાવને વૈષ્ણવ પંથનો એવો તો નાદ લાગેલો કે પોતાના નોકરચાકરોને-અરે ગાય, ભેંસ અને ઘોડાઓને કપાળે અને કંઠે પણ તે બળાત્કાર કરીને તિલક કંઠી લગાવી રહ્યા હતા. એક રાત્રિએ એના મુકામપર રાસલીલા રમાતી હતી. સ્વામીજીને પણ પં-ડિતો બોલાવવા આવ્યા. સ્વામીજીએ કહ્યું 'એવા હલકા કામમાં હું ભાગ ન લઈ શકું. આપણા પૂજનીય પુરુષોના તમે વેશ ભજવી રહ્યા છો એ ધિક્કારને પાત્ર કૃત્ય કહેવાય.' રાવ કર્ણસિંહને આ અપમાનનો ઘા વસમો લાગ્યો. બીજે દિવસે સાંજરે પોતાના મંડળને લઇ રાવ આવી પહોંચ્યો. સ્વામીજી ઉપદેશ કરી રહ્યા છે. શ્રોતાઓ તલ્લીન છે. રાવને આવેલા જોઇ સ્વામીજીએ સત્કાર કર્યો કે 'આવો'

'ક્યાં બેસીએ?' કડક સ્વરે રાવ ગર્જી ઉઠ્યા.

'જ્યાં આપની ખુશી હોય ત્યાં.' હસીને સ્વામીજી બોલ્યા.

'તમારી પડખેજ બેસીશું.'

'ખુશીથી; આવો, બેસો.' કહી સ્વામીજીએ પોતાના આસનપરથી ચોથી હઠાવી લીધી.

પણ રાવને તો ટંટો મચાવવો હતો; એના મદોન્મત્ત કંઠમાંથી વચનો નીકળ્યાં કે 'સંન્યાસી થઈને રાસલીલામાં હાજરી ન આપી તેની લજ્જા નથી આવતી?'

'રાવ મહાશય, આપના પૂજ્ય પૂર્વજોના વેશ લઇને હલકાં મનુષ્યો નાચે અને આપ ક્ષત્રિયો બનીને બેઠા બેઠા એ નાટક ઉપર ખુશી થાઓ, એની લજ્જા તો આપનેજ આવવી ઘટે! કોઇ સાધારણ લોકો પણ પોતાનાં કુટુંબીજનોના વેશ જોઇને ખુશી ન થાય.'

'અને તમે ગંગામૈયાની પણ નિંદા કરો છો, કેમ?'

'ના બાપુ, હું ગંગાની નિંદા નથી કરતો; પણ ગંગા જેવી અને જેટલી છે તેવી અને તે-ટલીજ હું એને વર્ણવી બતાવું છું.'

'એટલે! ગંગા કેટલી છે?'

કમંડળ ઉઠાવીને સ્વામીજી બોલ્યા, 'જુઓ, મારેમાટે તો આ કમંડળ ભરાય તેટલીજ.'

કર્ણસિંહના હોઠ કંપી રહ્યા હતા. સ્વામીજી ફરીવાર બોલ્યા, 'રાવ સાહેબ, આપના કપાળ-માં આ તિલક શાનું!'

'એ 'શ્રી' છે. એને ધારણ ન કરનાર ચંડાળ છે.'

'આપ ક્યારથી વૈષ્ણવ થયા!'

'કેટલાંક વર્ષો થયાં.'

'અને આપણા પૂર્વજો પણ વૈષ્ણવ હતા?'

'ના.'

ત્યારે આપના કથન પ્રમાણે તો આપણા પૂર્વજો તેમજ થોડાં વર્ષપૂર્વે આપ પોતે પણ ચંડાળજ હતા એમ કહું!'

રાવનો હાથ તરવારની મૂઠ ઉપર ગયો અને એણે ત્રાડ દીધી, 'મોં સંભાળીને બોલ!'

બીજા દસબાર હથિયારબંધ લોકો હતા, એમના પંજા પણ પોતપોતાની તરવારપર ગયા. શ્રોતાઓ ડરી ગયા; પણ સ્વામીજીએ પોતાની સદાની ગંભીર વાણીમાં શરૂ રાખ્યું કે 'શીદને ડરો છો! કશી ચિંતા નથી, મેં સત્યજ કહ્યું છે.'

શાસ્ત્રાર્થથી બળતા હૃદયપરની માફક રાવ કર્ણસિંહ હુંકાર કરતા માથાનો વજ્ર વરસા-વવા લાગ્યા. એનો જમણો હાથ વારંવાર ખડ્ગની મૂઠપર જવા માંડ્યો; પરંતુ સ્વામીજીએ તો એવી મધુરતાથીજ શાન્ત વાણી ઉચ્ચારી કે 'રાવ સાહેબ, વારંવાર ખડ્ગ શાને ખખડાવો છો! જો શાસ્ત્રાર્થ કરવો હોય તો આપના ગુરુજીને તેડી મંગાવો; પણ શસ્ત્રાર્થજ કરવો હોય તો પછી જાવ સંન્યાસીને શીદ ડરાવો છો! જાઓને જયપુર કે જોધપુરના રાજા સાથે બાથ ભીડોને!'

ક્રોધ-જ્વાળામાં સળગતો રાવ તરવાર ખેંચીને સ્વામીજીની સામે ધસ્યો. એકવાર તો સ્વામી

જીએ ધક્કો દઈને દુશ્મનને પાછો નાખ્યો. પણ તે ઓગણો કોપ કરીને રાવ કરોતાર થયો. જ્યારે વાર નહોતી; પણ સ્વામીજીએ ઉભા થઈને અપાવામાં પોતાનો પંજો પહોંચો કરી રાવના હાથમાં-થી તરવાર ઝાલી ઝુંટવી લીધી અને તરવારની પીંછીને જમીન ઉપર ટેકવી. ઉપર એક એવો દાબ દીધો કે, 'કડાક!' કરતા એ તરવારના બે ટુકડા થઇ ગયા! રાવનું કાંડું પકડીને સ્વામીજીએ કહ્યું:–કેમ, હવે હું તમારાપર પ્રહાર કરીને બદલો લઉં, એવી તમારી ઇચ્છા છે?'

રાવનું મોં ઝંખવાણું પડ્યું.

'તમારા અત્યાચારથી ગભરાઈને હું તમારું બુરું ચિંતવું નહિ. હું સંન્યાસી છું. જાઓ, પ્રભુ તમને સન્મતિ આપે!'

તરવારના બંને ટુકડા સ્વામીજીએ દૂર ફગાવી દીધા. રાવ વિદાય થઇ ગયા. આ ઘોર ઘટના બની તે વેળા પચાસ માણસો સ્વામીજી પાસે બેઠા હતા. તેઓએ આગ્રહ કર્યો કે રાવને અદાલતમાં ઘસડવા જોઈએ. સ્વામીજી કહે કે, 'એ કદી ન બને. એ વિચારે તો પોતાની દાનત સુધરે, પણ હું મારા બ્રાહ્મણત્વમાંથી શામાટે ચળું?'

× × ×

ભક્તજનોએ આવીને સ્વામીજીને વિનવ્યા કે લોકો આપની જીંદગી લેવા વારંવાર હુમલા કરે છે. તો આપ આવી ઉઘાડા સ્થાનમાં ન રહેતાં તમારા અંદરના ખંડમાં રહો.'

સ્વામીજી કહેતા, 'બાપ! અહીં તો તમે રક્ષણ કરશો, પણ બીજે જઇશ ત્યાં કોણ બચાવવાનું હતું? મને તો પ્રભુ જેવડો મોટો ચોકીદાર મળ્યો છે. મને કશો ભય નથી.'

× × ×

એક દિવસ સભાની વચ્ચોવચ્ચ એક કાલિનો ઉપાસક બ્રાહ્મણ નશામાં ચકચૂર થઇને આવ્યો અને ગાળો દેતાં દેતાં સ્વામીજીની સામે પગરખું ફેંક્યું. પગરખું તો સ્વામીજીને ન વાગતાં વચ્ચેજ પડી ગયું; પણ ત્યાં બેઠેલા સાધુઓની આંખોમાં ખૂન ભરાઇ આવ્યું. તેઓ આ બ્રાહ્મણને પકડીને મારવા મંડ્યા. સ્વામીજીએ તેઓને અટકાવીને કહ્યું કે 'શા માટે? મને કંઇજ દુઃખ નથી અને કદાપિ જોડો મને વાગ્યો હોત તોપણ એ ક્યાં રામબાણ હતું?'

× × ×

'મહારાજ! એકલા એકલા આપ કાં હસી રહ્યા છો?' ભક્તોએ પૂછ્યું.

'જુઓ, એક માણસ અહીં ચાલ્યો આવે છે. હમણાં તમને એનો તમાશો બતાવું.' સ્વામીજીએ જવાબ દીધો.

ત્યાં તો એક બ્રાહ્મણ મિષ્ટાન્ન લઇને આવી પહોંચ્યો. 'સ્વામીજી, નમો નારાયણ' કહીને એણે મિષ્ટાન્નની ભેટ ધરી.

સ્વામીજીએ કહ્યું:–"લ્યો, થોડું તમે પણ ખાઓ; હું પણ ખાઉં".

પરંતુ પેલા માણસે મિઠાઈ ન લીધી. સ્વામીજીએ ત્રાડ મારીને કહ્યું, 'ખાઓ, કેમ નથી ખાતા?'

બ્રાહ્મણ કાંપી ઉઠ્યો. એણે બે હાથ જોડ્યા, સ્વામીજીએ પાસે બેઠેલા એક કૂતરાને બટકું ખવડાવ્યું. તરત કૂતરો ઢળી પડ્યો.

પોતાના ભક્તોને સ્વામીએ બતાવ્યું કે 'આટલામાટે હું હસતો હતો. આ વિષ–પ્રયોગ જોયો?'

ભક્તો પોલીસને બોલાવવા ઉઠ્યા. સ્વામીજી કહે કે 'એ નજ બને. જુઓ આ બાપડો થર થરે છે. એને એટલી સજાજ બસ થશે.'

બ્રાહ્મણને છોડી દેવામાં આવ્યો.

× × ×

અમૃતસરમાં એક દિવસ એક પાઠશાળાના શિક્ષકે પોતાના નાની વયના વિદ્યાર્થીઓને શીખવ્યું કે 'ચાલો, આજે આપણે એક કથા સાંભળવા જવાનું છે. તમે તમારાં દફતરોમાં ઇંટાના ટુકડા ભરી લો. ત્યાં હું ઇસારો કરૂં કે તરતજ તમે કથા કહેનારની ઉપર ઇંટાનો મારો ચલાવજો. કાલે તમને લાડુ આપવામાં આવશે.'

એ કથાકાર મહર્ષિ દયાનંદવિના બીજો કોણ હોય? બાળકોસહિત પંડિત કથામાં ગયા.

સાંજ પડી અને અંધારૂં થયું કે તત્કાળ ગુરુજીએ ઇશારત કરી. સ્વામીજીના માથાપર ઇંટાનો વરસાદ વરસવા લાગ્યો. આખી સભા ખળભળી ઉઠી, પણ સ્વામીજીએ સૌને શાંત પાડ્યા.

[illegible] ... [illegible]
[illegible] ... [illegible]
કે, ... [illegible]

સ્વામીજીએ ... [illegible] ... આનંદ હો !

× × ×

એક મુસ્લિમ વ્યાખ્યાન આપી રહ્યું છે, ... [illegible] ... તેમાં એક ... [illegible] ... સ્વામી, ... [illegible]

... [illegible] ... સ્વામીજી બોલ્યા ... [illegible] ... ?

... પામીને ચુપચાપ ચાલી ગયા.

× × ×

અજમેરનો પાદરી શુલબ્રેડ સાહેબ સ્વામીજીનાં નિષ્ઠાવંત પ્રવચનોની [illegible] સહન ન કરી શક્યો. ધીમે રાતો પીળો મુખમુદ્રા કરીને એ તરફથી ઉચ્ચારી કે:–"કેદમાં પડશો, કેદમાં !"

સ્વામીજીએ હસીને જવાબ દીધો: "બંધુ! સત્ય ખાતર કેદ તો શું, પણ મરણની પણ વાત નથી. એવી ધમકીઓથી તો હું હવે નિર્ભય બની ગયો છું. મારા વિરોધીઓ કદાચ મને તુરંગની કોટડીમાં નખાવશે તો એ વેદના સહેતાં સહેતાં ન તો હું મારા પ્રતિપક્ષીઓનું બૂરું વાંચ્છવાનો, કે ન તો મારા દિલમાં કશી દિલગીરી થવાની પાદરીજી! લોકોનો ડરાવ્યો હું સત્યને નહિ છોડું. ઇસુ ભગવાનનેય ક્યાં નહોતું લટકવું પડ્યું!"

× × ×

એક દિવસ એક બ્રાહ્મણે આવીને સ્વામીજીને પાનનું બીડું અર્પણ કર્યું ભાવિક મનુષ્યની સ્નેહ-ભેટ સમજીને સ્વામીજીએ બીડું મોંમાં મૂક્યું, લગાર રસ લેતાંજ પોતે પામી ગયા કે પાનમાં ઝેર છે, એ પાપીને કશુંયે ન કહેતાં પોતે ગંગા-કિનારે જઈ, ઉલટી કરી, ઝેર ઉતારી નાખ્યું. કાંઈયે ન બન્યું હોય તેમ આવીને પાછા આસનપર શાંત મુખમુદ્રા લઈ બેઠા: પણ પાપ ન છુપ્યું. અપરાધી ઝલાયો. તહસીલદારે એ પાપીને પકડી ગિરફતાર કર્યો. તહસીલદારે માન્યું કે, સ્વામીજી પ્રસન્ન થશે, પણ સ્વામીજીએ એની સાથે બોલવુંએ બંધ કર્યું. ચકિત બનેલા તહસીલદારે સ્વામીજીની નારાજીનું કારણ પૂછ્યું. જવાબ મળ્યો કે "ભાઇ! મારે ખાતર તમે એક પામર મનુષ્યને કેદમાં પૂર્યો તેથી હું ઉદાસ છું. હું અહીં મનુષ્યોને બાંધવા નથી આવ્યો, મુક્ત કરવા આવ્યો છું. બીજાઓ પોતાની સજ્જનતા ત્યજે, પણ હું મારી ખાનદાનીને શા સારૂ ગુમાવું?"

તહસીલદારે બ્રાહ્મણને છોડી દીધો.

× × ×

કાશીના મહારાજાની સરદારીનીચે બનારસી પંડિતોએ આવીને એકવાર દયાનંદજીને શાસ્ત્રાર્થને માટે ઘેરી લીધા. પોતાના વિજયની જૂઠી તાળીઓના હર્ષનાદ કરીને સંધ્યાકાળે પંડિતોની ટોળીએ શોર મચાવ્યો. ગડબડ મચી ગઇ. પચાસહજાર શ્રોતાઓની મેદનીમાંથી સ્વામીજીને શિરે ઈંટો, પથ્થરો, છાણ અને ખાસડાંની તડાપીટ થઇ. સાધુવર શબ્દ સરખોએ ન બોલ્યા. ફૂલો વરસતાં હોય તેવી પ્રસન્ન મુખમુદ્રા રાખી, પંડિતો ચાલ્યા ગયા. ઈશ્વરસિંહજી નામના એક પંડિતે જ્યારે દયાનંદ ઉપર આવું વીતક વીત્યાની વાત સાંભળી, ત્યારે એણે મનસૂબો કર્યો કે:–"ચાલો જોઇએ. અત્યારે આ અપમાનની શી અસર દયાનંદ ઉપર થઇ છે? એના બ્રહ્મજ્ઞાનીપણાનું માપ કાઢીએ." ઇશ્વરસિંહજી ઉદ્યાનમાં પહોંચ્યા.જુએ તો ચાંદનીમાં સ્વામીજી કુંજર શી ગતિએ ટહેલી રહ્યા છે. પંડિતનો સ્નેહભાવે સત્કાર કરીને સ્વામીજીએ જ્ઞાન-વાર્તાઓ માંડી. મધુર વિનોદ રેલાવ્યો. ન મુખપર ઉદાસીનો છાંટો, ન વ્યાકુળતા. ન ખેદ, કે ન લગારે છુપો રોષરાગ! જાણે કશુંય બન્યું નથી. ઇશ્વરસિંહજીએ એવી વિજયવંત સાધુતાનાં દર્શન કર્યાં. યોગીવરના નિર્મળ ચિદાકાશમાં

નિરાશાની નાનીસરખીયે વાદળી ન ભાળી, પંડિતજીથી બોલાઇ ગયું, "મહારાજ ! આપને પંડિતજ માનતો હતો, આજે એ પંડિતાઇને પેલે પાર જઇને મેં જાણે કે સાચા રાગનાં દર્શન કર્યાં !"

× × ×

મથુરાંપુરી આખી ખળભળી ઉઠી છે. જાણે કોઇ શયતાન આવીને ધર્મને નરકમાં જતો હોયની એવી વ્યાકુળતા મથુરાના પંડાઓમાં મચી રહી છે. સ્વામીજીએ આહ્વાન દીધું કે સુખેથી શાસ્ત્રાર્થ કરવા આવો. પાંચસો પંડા આવ્યા, પણ શાસ્ત્રાર્થ કરવા નહિ,ગાળાગાળી અને મારામારી મચાવવા ! અગાશી ઉપર ઉભા ઉભા સ્વામીજી મોં મલકાવી રહ્યા છે અને નીચે જમા વટ કરીને ઉભેલા લાઠીદાર ચોબાઓ ગાળોનો મારો ચલાવે છે. મકાન ઉપર ચોકી કરતા ક્ષત્રિ સેવકોએ કહ્યું કેઃ–"મહારાજ, રજા આપો, આ પંડાઓને પાંસરા કરીએ."

સ્વામીજી કહે છે કે "ના ભાઇ ! આ ધર્માંધતા ઉપર દયા ઘટે, કોપ ન ઘટે.બાકી તો મારું અહીં આવવાનો આટલો એ લાભ શું ઓછો છે, કે આ આળસના પીર, ઉંઘતા, પશુવત્ પંડા ઓમાં આટલી પણ જાગૃતિ તો આવી ! આટલી સંખ્યામાં એ બાપડા એકઠા મળ્યા, એ ફાયદો કાંઇ કમ નથી !"

× × ×

સ્વામીજી વ્યાખ્યાન દઇ રહ્યા છે. એવે ભરસભામાં એક કસાઇએ અને એક કલાલે આવી ખૂણો પાડીને ઉઘરાણી કરવા માંડી કેઃ–"સ્વામીજી ! હવે તો બહુ દિવસ વાયદા દીધા, આટલો બધો આંકડો ચડ્યો છે. હવે તો પૈસા ચૂકાવો !"

આવું સાંભળીને સેવકોની આંખોમાં ખૂન ભરાયું. સ્વામીજી બોલ્યા કેઃ–"ખામોશ પકડો, શબ્દ પણ ન કહેશો હો !"

સભા જેમની તેમ ચાલુ રહી. વ્યાખ્યાન શાંતિથી ખતમ થયું; એટલે એ બન્ને જણાને પોતાની પાસે બોલાવીને પૂર્ણ વાત્સલ્યથી બન્નેને ગળે પોતાના હાથ વીંટી પૂછ્યું 'ભાઇ ! સાચું કહેજો હો, આ તમને કોણે શીખવેલું ?"

હાથ જોડીને બન્ને બોલ્યા "બાપુ ! માંગીલાલ મુનીમે. અમને બદલો દેવાનું પણ એમણે વચન દીધું છે."

હસીને સ્વામીજીએ બન્નેને છોડી દીધા.

× × ×

મુંબઇમાં દયાનંદનાં પગલાં થયાં. વલ્લભી સંપ્રદાયના ગોસાંઇ મહારાજોએ માન્યું કે, આપણો કાળ આવ્યો. સ્વામીજીને સલાહો મળી કે "મહર્ષિજી ! વલ્લભપંથીઓની છેડ ના કરતા હો !"

દયાનંદજી કહે છે કેઃ–"ભાઇ ! અસતને તો ઇંદ્રના આસનપર પણ દીઠું નહિ મેલું. થવું હોય તે થાઓ !"

× × ×

"બળદેવસિંહ ! બચ્ચા ! તારી આંખોમાં આજ હું મારૂં મોત ઉકેલી રહ્યો છું." સ્વામીજી એક દિવસ બોલ્યા.

બળદેવને માથે વિજળી પડી.

"બોલ બચ્ચા ! આજ ગોસાંઇને ત્યાં ગયો હતો ?"

બળદેવે ચકિત બનીને ડોકું ધૂણાવ્યું.

"શા સારૂ મને વિષ દેવાનું કહ્યું ?"

"એક હજાર રૂપીએ." બળદેવે અંતર ખોલી નાખ્યું.

"જો બચ્ચા ! પરમેશ્વર જેનો રખવાળ છે એને કોઇ ન મારી શકે હો ! કાશીમાં મને [illegible] વાર ઝેર દીધેલું હતું. રાવ કર્ણસિંહે પાનમાં વિષ ભેળવીને ખવરાવ્યું હતું. બીજા કૈંક એ [illegible] અજમાવ્યા છે, પણ હું જીવું છું; ને યાદ રાખજે, હું હમણાં નથી મરવાનો."

બળદેવસિંહ સ્વામીના ચરણોમાં લોટી પડ્યો.

× × ×

મુંબઇમાં વ્યાખ્યાન ચાલી રહ્યું છે. વલ્લભસંપ્રદાયના ટોળાએ ઇંટ, પથ્થર અને છાણના પ્રહારો જીના માથાપર શરૂ કરી દીધા. સૌએ સ્વામીજીને વ્યાખ્યાન બંધ કરવાની સલાહ દીધી. મમાં સ્વામીજી બોલ્યા:–

" મારા ભાંડુઓએ ફેંકેલા ઇંટપથ્થર તો મારે મન ફૂલોની વૃષ્ટિસમા છે અને વ્યાખ્યાન ચિત સમયેજ સમાપ્ત કરીશ, અધૂરું નહિ મેલાય. ભલે પથરો વરસતા."

મારો સહેતાં સહેતાં સ્વામીજીએ બરાબર મુકરર સમયેજ સમાપ્તિ કરી.

× × ×

૧૮૭૫માં સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેએ સ્વામીજીને પૂનામાં નિમંત્ર્યા. ત્યાં જઇને સ્વામીજીએ ર વ્યાખ્યાનો દીધાં. વિદાયને દિવસે પ્રજાએ પાલખીમાં–વેદ પધરાવી, હાથીને હોદ્દે સ્વામીજીને ાટી ધર્મ–સવારી કાઢી. નગરની બદમાશ ટોળીએ આની સાથોસાથ 'ગર્દભાનંદ સવારી' ચઢાવી ાહસ કર્યો, અપશબ્દોની ઝડી વરસાવી. વરસાદમાં ભીંજેલી ધરતીપરથી કાદવ ઉપાડી ઉપા- ો છાંટયો. સ્વામીજી અને સ્વ. જસ્ટીસ રાનડે બન્ને જણા કાદવમાં ખરડાયા. જસ્ટીસ રાનડે- હુકમ આપ્યો હોત તો પલકમાં એ ટોળું તુરંગનાં દ્વાર દેખત, પણ સ્વામીજીએ હસીને કહ્યું ાનડેજી! કશી ચિંતા નહિ. કશુંએ કષ્ટ આ બાપડાઓને દેશો નહિ."

× × ×

મિરજાપુરમાં છોટુગિર નામનો એક ગુસાંઇ રહેતો હતો. ભારી જલદ પ્રકૃતિનો એ આદમી તો. એક વખત જબરદસ્ત ટોળું લઇને એ સ્વામીજીના મુકામપર ચઢી આવ્યો. આવતાંની ારજ સ્વામીજીના પગ ઉપર પગ રાખીને એ તો બેસી ગયો અને ફાવે તેમ બકવાદ કરવા લાગ્યો.

સ્વામીજીએ પૂછ્યું "આ કોણ છે?"

"કાશી વિશ્વનાથ જેવાજ અહીંના એક બુઢ્ઢા મહાદેવના પૂજારી છે."

સ્વામીજી સમજી ગયા કે આ ભાઇ લડાઇ મચાવવાજ આવ્યા છે. એટલે પોતે તો વધુ નિર્ભય બનીને કાશી વિશ્વનાથનું ખંડન કરવા મંડયા. સ્વામીજીની પાસે પતાસાંનો ડબો પડયો હતો. તેમાં હાથ ઘાલીને આ ગુસાંઈ એક એક પતાસું ઉઠાવીને અજીઠે હાથે પતાસાં બુઠકા- વવા લાગ્યો.

સ્વામીજી શાંત સ્વરે બોલ્યા " ભાઈ! પતાસાં ખાવાં હોય તો મૂઠી ભરીને એકસામટાં લઈ લે; પણ મારાં બધાં પતાસાં અજીઠાં શીદને કરી રહ્યો છે!"

ગુસાંઇએ માન્યું નહિ. એટલે સ્વામીજીએ ત્રાડ નાખીને સેવકોને આજ્ઞા કરી: "બહારનો દર- વાજો બંધ કરી દો. હું એકલોજ આ બધાને હમણાં સીધા કરી નાખું છું."

વિકરાળ આકૃતિને દેખીને છોટુગિરનું હૃદય કંપી ઉઠયું. એણે પોતાનો કાળ ભાળ્યો. ખસીને એ બેસી ગયો. ટોળું દિગ્મૂઢ બની ઉભું રહ્યું.

છોટુગિરનો ઘમંડ તે વખતે તો તૂટી ગયો, પણ એની દેવજવાળા હોલવાઇ નહિ. એક રાત્રિએ એણે બે પહેલવાનોને સ્વામીજીપર હુમલો કરવા મોકલ્યા. સ્વામીજી એક ભક્તને ધર્મનું રહસ્ય સમજાવી રહ્યા હતા, એવામાં એ ગુંડાઓએ આવીને ઠઠ્ઠામશ્કરી આદરી દીધી. એક–બે વાર તો સ્વામીજીએ એમને કોમળ વાણીવડે સમજાવ્યા પણ જ્યારે જોયું કે બલમનસાઇ ફોગટ જાય છે, ત્યારે પોતે સિંહગર્જના કરી અને એ તો આત્મસિદ્ધ બ્રહ્મચારીની ત્રાડ! છાતીવિનાના એ બન્ને માનવ-પશુઓ કાંપી ઉઠયા. પરસેવે નીતર્યા. પેશાબ છૂટવાથી વસ્ત્રો પણ બગડયાં.

સ્વામીજીએ સૌમ્ય સ્વરે કહ્યું:–"જાઓ, સુખેથી ચાલ્યા જાઓ. અમે સંન્યાસી! અમારો ધર્મ કોઇને મારવાનો નથી, બચ્ચાઓ!"

× × ×

કર્ણવાસમાં સ્વામીજી ફરીવાર આવી ચડયા છે. બરૌલીના પેલા ઠાકોર રાવ કર્ણસિંહ પણ ચંદ્રપૂર્ણિમાનું સ્નાન કરવા આવ્યા છે. એની રસાલત સાથે તો નાચરંગને માટે વેશ્યાઓ પણ શામિલ રહેલી છે! સ્વામીજીના મુકામથી દોઢસોજ કદમપર રાવનો ઉતારો છે.

આગલા પ્રસંગનું વેર રાવના અંતરમાં ખટકતુંજ હતું. મનિ ગુમાવીને એણે પોતાના ત્રણ નોકરોને ચકચકતી તરવારો આપી સ્વામીજીનો વધ કરવા મોકલ્યા.

મધરાતનો સમય છે. ચોમેર ચુપકીદી છવાયેલી છે, કેવળ ગંગાનો મંદ રવ ગુંજે છે. વાયુની કોઇ કોઇ લહરિમાં ઝાડપરનાં પાંદડાં ખડખડે છે. સ્વામીજી ધ્યાનમગ્ન છે, થોડે ભક્ત કૈથલસિંહ ગાઢ નિદ્રામાં પડ્યા પડ્યા નસ્કોરાં બોલાવે છે.

એ સમયે કર્ણસિંહના ત્રણ નોકરો હાથમાં નાગી તરવાર લઇને ચૂપચાપ ચાલ્યા આ. પણ અંગો થરથર ધ્રુજે છે. કલેજાં ધબકારા મારે છે. તરવારો તો તીક્ષ્ણ છે, પણ એક વીતરાગપર એ તરવારો ચલાવવા જેટલી હિંમત તેઓના હાથમાં નથી.

બહુ વારસુધી તેઓ ઉભા રહ્યા. આખરે થાક્યા. છાતી ન ચાલી. પાછા વળીને રાવ પાસે આવ્યા. રાવે ધમકાવીને ફરીવાર મોકલ્યા. તે વખતે સ્વામીજીની સમાધિ ઉતરી ગઇ હતી અને રાવે પોતાના નોકરોને દીધેલી ધમકી પણ સ્વામીજીએ કાનોકાન સાંભળી હતી. બીજી વાર પણ નોકરો પાછા વળ્યા; પણ રાવની જીદ તો આજે ઋષિના દેહની સાથે મોતની હીચકારી રમ્મ રમાં નાખવા ચાહતી હતી. એણે ફરીવાર ધમકાવીને નોકરોને ધકેલ્યા.

એ આવ્યા. સ્વામીજીએ બીજું કાંઇજ ન કર્યું. ઉઠીને ગગનભેદી હુંકાર ગજાવ્યો. જમીન પર એક લાત મારી. તરવારધારીઓની ભુજાઓમાંથી તરવારો પડી ગઇ, એ નાઠા.

કૈથલસિંહજીની આંખ પણ ઉઘડી ગઇ. સ્વામીજીને એણે વિનવ્યા "હત્યારાઓ હજુ ફરીવાર આવશે હો. મહારાજ ! માટે ચાલો, ક્યાંક છુપાઇને રાત વીતાવીએ."

સ્વામીજીના મુખમાંથી ગીતાપાઠ ગુંજી ઉઠ્યો કે

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥

'કૈથલ ભાઇ ! સંન્યાસી તે ગઢગુફાના આશરા ક્યાંસુધી શોધતો ફરશે ? મારો રક્ષક દાર તો પ્રભુ જેવડો હજાર હાથવાળો બેઠો છે. તું ગભરા નહિ. ભાઇ ! હું જો ધારત તો એ ત્રણે ના હાથમાંથી તરવારો છીનવીને તેઓનાં માથાં વાઢી લેત."

× × ×

તે દિવસેજ રાજઘાટ ઉપર પંજાબી સેનાની એક ટુકડીનો પડાવ હતો. તે લોકોને કર્ણસિંહના આ અત્યાચારની જાણ થઇ ગઇ. તેઓનું ખૂન તપી આવ્યું. પચીસ પંજાબી શસ્ત્રો બાંધીને સ્વામીજીની પાસે આવી ગર્જ્યા અને હાથ જોડીને કહેવા લાગ્યા કે:–"એક વાર અમને આજ્ઞા આપો ને પછી જોઇ લો, કે અમે એ સાધુઓના શત્રુને કેવો સ્વાદ ચખાડીએ છીએ. ભલે અમારી નોકરી તૂટી જાય, પણ એને તો પુરો કરીનેજ પાછા ફરીશું."

પ્રેમભરપૂર શબ્દોવડે સ્વામીજીએ એ સૈનિકોને શાંત કર્યા અને સત્સંગમાં બેસી શીતળ ઉપદેશ સંભળાવ્યો.

× × ×

અમૃતસરમાં છ–સાત હજાર મનુષ્યોની મેદની જામી છે. આજે પંડિતો અને મહર્ષિજી વચ્ચે પ્રશ્નોત્તરીનો મામલો મચવાનો છે, મહર્ષિજી બેઠા છે. થોડીવારમાં પંડિતોનું ટોળું જયનાદ ગુંજતું દાખલ થયું. તિલકધારી સાત–આઠ પંડિતો બગલમાં પુસ્તક દબાવીને બેસી ગયા. ત્યાં તો ચારેબાજુથી પંડિતોના ચેલાઓએ ઈંટપથ્થરનો મારો ચલાવ્યો. સભા–મંડપમાં ધૂળની મોટી ડમરી ચડી. પોલીસો દોડ્યા આવ્યા. એટલે પંડિતો પલાયન કરી ગયા. લોકો કોપાયા. ટોળાને પીટવા ઉઠ્યા.

સ્વામીજીએ સૌમ્ય નેત્રે આનંદભર વાણી કાઢી કે, "ગરમ ન થશો, બચ્ચાઓ ! આ મદિરા–પાનનો નશો કહેવાય અને મારૂં કાર્ય તો વૈદનું ગણાય. દારૂડીઆને વૈદ મારે નહિ, પણ આપે. વળી હું તો આર્યધર્મની ફુલવાડીનો પામર માળી છું. ફુલવાડીમાં ખાતર પૂરતાં માળીનાં અંગ ઉપર પણ ધુળકચરો છવાય, એમાં શી તાજ્જુબી છે ! મને એની ફિકર નથી. હું તો [illegible] છું એટલુંજ કે, આ ફુલવાડી સદા લીલીછમ રહે અને ફાલ્યા કરે."

ત્યાગ–વીર

[illegible] પહેલો રાજહંસ ઉઘાડું દ્વાર દેખીને માનસરોવરના પંથપર ધસવા માંડે તેમ, [illegible] [illegible] માતાપિતાના પ્રેમ–પિંજરમાંથી છૂટીને જે દિવસ સંત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], તે દિવસની આ કથા છે, દિવસ [illegible]. ભયાનક [illegible]

[illegible]

[illegible]

[illegible]

× × ×

[illegible] હજુ [illegible] સુકામ [illegible] વાડી [illegible] મહંત [illegible]

"બેટા! તું [illegible] આ [illegible] પોમાં લોટશે."

આ દરખાસ્તને દયાનંદે તત્કાળ તિરસ્કારથી [illegible] દે [illegible].

× × ×

વડોદરા રાજ્યના દિવાન બહાદુરે એક દિવસ સ્વામીજીને જમવા નોતર્યા. જમાડીને વિદાયગીરી વખતે એ દિવાને એક હજાર રૂપિયા એ સ્વામીજીના ચરણમાં ભેટ ધર્યા. સ્વામીજીએ [illegible] હસી કહ્યું:–"આહ! હું તો કુ–રીતિઓનું ખંડન કરી રહ્યો છું. હું પોતેજ [illegible] આ રીતરીવાજ તો પેલા ગોસાંઇઓને પોતાની પધરામણીઓનો જેવો મજેનો [illegible]!"

× × ×

સ્વામીજીના પ્રભાવમાં અંજાએલા તે કાળના એક વાઇસરૉય સાહેબે સ્વામીજીની વિપત્તિઓની કથા જ્યારે સાંભળી, ત્યારે સ્વામીજીના રક્ષણમાટે કાયમી સિપાઇઓ નીમવાની તેમજ રેલ્વે ગાડીની મુસાફરીમાટે પહેલા વર્ગનો પાસ કરાવી આપવાની એ નામદારે ઇચ્છા બતાવી. સ્વામીજીએ આભાર માનીને ઉત્તર દીધો કે, 'સદાયને હું નહિ સ્વીકારી શકું. એથી તો લોકો મને રાજસત્તાનો નોકર અથવા તો ખ્રિસ્તીઓનો પાદરી માની બેસે!'

વાઇસરૉય 'તો શું આપ રાજ્યની નોકરીમાં કાંઈ બુરૂં સમજો છો?'

સ્વામીજીઃ–'હું તો સંન્યાસી છું. મેં તો પરમેશ્વરરૂપ સાચી સરકારની નોકરીજ સ્વીકારી લીધી છે.'

વાઇસરૉયઃ–'ત્યારે શું અત્યારની સરકારને આપ સાચી નથી માનતા?'

સ્વામીજીઃ–'એટલે કે આ સરકાર પરિવર્તનશીલ છે અને મારી ઈશ્વરી સરકારનો નિયમ તો અટલ અને એનો ઇન્સાફ અદલ છે. મનુષ્યોના ન્યાયનિયમો સમયાનુસાર બદલાય છે.

× × ×

ઉદેપુરમાં મહર્ષિજી એકાંતમાં બેઠા છે. ત્યાં મહારાણા પધાર્યા. એમણે આવીને કહ્યું "સ્વામીજી! જો મૂર્તિ–પૂજાનું ખંડન છોડી દો તો એકલિંગ મહાદેવના મહંતની ગાદી આપને સોંપી દઉં. લાખ્ખોની નીપજના આપ ધણી થશો. આખું રાજ્ય આપને ગુરુ કરી માનશે.'

દુભાએલા મહર્ષિએ ઉત્તર દીધોઃ–'રાણાજી! આવી લાલચ બતાવીને મને મારા પ્રભુથી વિમુખ બનાવવા ચાહો છો? આપનું આ નાનકડું રાજ્ય અને કુબા જેવડો એ શિવ–મઠ, કે જેમાંથી તો હું એકજ દોટ દઇને બહાર નીકળી જઇ શકું છું, તે શું મને અનંત ઈશ્વરની આજ્ઞા ઉથાપવા જેટલો નિર્બળ બનાવી શકશે? ફરીવાર મને આવું કહેવાનું સાહસ ન કરના. લાખો મનુષ્યોનો પ્રભુપ્રત્યેનો વિશ્વાસ કેવળ મારા વિશ્વાસપરજ ટકી રહ્યો છે, જાણો છો રાણા?'

રાણાજી ત્યારથી સ્વામીજીના પરમ ભક્ત બની ગયા.

× × ×

લાહોરમાં આર્ય-સમાજનું અધિવેશન ભરાયું. સમાજીઓએ દરખાસ્ત કરી કે આર્ય-સભાના સંસ્થાપકને કંઇક પદવી આપવી. બીજાઓએ અનુમોદન આપ્યું.

હસીને સ્વામી બોલ્યાઃ-"ભાઇઓ, મેં કોઇ નવો પંથ ચલાવવામાટે ગુરુ-ગાદીનો મઠ નથી સ્થાપ્યો. હું તો ઉલટું ભોળા મતવાદીઓને મઠોથી અને મહંતોથી સ્વતંત્ર બનાવવા મથું છું. મને કે અન્ય કોઇને પણ પદવીઓ ન ઘટે. પદવીઓનાં પરિણામ બુરાં સમજવાં."

બીજી દરખાસ્ત પડી "સ્વામીજીને આ સમાજના 'પરમ સહાયક' સ્થાપવા."

સ્વામીજી કહે "તો પછી પરમ પિતા પરમેશ્વરને કયા પદે સ્થાપશો? પરમ સહાયક તો એ એકજ છે. મારૂં નામ લખવું હોય તો ફક્ત અદના સહાયકોના પત્રકમાંજ લખજો."

સામર્થ્ય-વીર

એક દિવસ દયાનંદજી યમુનાતીરે ધ્યાન ધરીને બેઠા છે. એવામાં કોઇક સ્ત્રીએ સ્નાન કરી આવતાં પદ્માસન વાળીને બેઠેલા સ્વામીજીને ભાળ્યા અને એમને પરમહંસ સમજી એમના ચ પર પોતાનું મસ્તક ઢાળી નમસ્કાર કર્યા. પગ ઉપર કોઇ મનુષ્યના માથાનો ભીનો સ્પર્શ સ્વામીએ નેત્રો ખોલ્યાં. ચમકીને અરે માતા! અરે મૈયા!' એવા શબ્દો ઉચ્ચારતા ઉભા ગયા અને ગોવર્ધન પર્વત તરફ જઇને એક મંદિરના ભીષણ ખંડિયેરમાં ત્રણ દિવસ ત્રણ રાત એમણે અન્નજળવિના, કેવળ ધ્યાનચિંતનમાંજ તન્મય રહીને એ સ્ત્રી-સ્પ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

× × ×

એક દિવસ કેટલીએક સ્ત્રીઓ મોહક શણગારો સજીને સ્વામીજીની પાસે આવી. સ્વામી પૂછ્યું, 'બહેનો! ક્યાંથી આવો છો?'

'મહારાજ! સાધુઓની પાસે થઇને અહીં આવીએ છીએ.'

'સાધુઓની પાસે શામાટે?'

'આપ કહો તો આપની પાસે આવીએ.'

'મારી પાસે શામાટે?'

'ઉપદેશ લેવામાટે'

'બહુ સારૂં. તો તમારા પતિઓને જ મોકલજો. એ અહીંથી ઉપદેશ લઇ જઇને ત સંભળાવશે. તમે પોતે હવે પાછી અહીં ન આવજો.'

ત્યાર પછી સ્ત્રીઓ કદી પાછી ન દેખાઈ.

× × ×

પોષમાઘની કડકડતી ઠંડીમાં, જ્યારે ઝાડપાનપર ઠાર પડતો હોય, ઝરાનાં નીર બરફ બની જતાં હોય, સુસવતો પવન કાતિલ શરની માફક શરીરને વિંધતો હોય, તેવે ગંગાની હીમ જેવી રેતીમાં કેવળ એક કૌપીનભર, પદ્માસન વાળીને સ્વામીજી આખી રાત રહેતા. એમને આવી દશામાં દેખીને કોઇ ભક્તજન એમની કાયા ઉપર કામળી ઓઢાડી જ સ્વામીજી તરત એ કામળીને અળગી કરી નાખતા. એવી એક રાત્રિયે, બદાયુંના ગોરા કલે સાહેબ તેમના મિત્રની સાથે ગંગાકિનારે ફરવા નીકળ્યા હતા. એમનાં શરીરો તો ગરમ વસ્ત્રો [illegible], ત્યારે તેઓએ ગંગાના તટપર આ લંગોટધારી તપસ્વીની પ્રચંડ તેજસ્વી [illegible] સમાધિની [illegible]માં વિરાજમાન દીઠી. બન્ને અંગ્રેજો ટગર ટગર જોઇ રહ્યા. સ્વામીજી સમાધિ [illegible] ત્યારે કલેક્ટર સાહેબે પૂછ્યું:-'આપને ટાઢ નથી લાગતી!' સ્વામીજી જવ [illegible] બન્ને અંગ્રેજ વચમાં બોલી ઉઠ્યા 'એને ટાઢ શાની લાગે! રોજ માલ [illegible]ને!'

હસીને સ્વામીજી બોલ્યા-'સાહેબ! અમે હિંદુઓ તો દાળ રોટલી ખાઇએ એમાં [illegible] [illegible] તો [illegible] જેવો [illegible] માલ આરોગો છો અને શરાબ પણ ઉડાવો છો [illegible]

[illegible] [illegible] કરી [illegible] [illegible], [illegible]
માં એમ મૂક્યો.'

[illegible] [illegible] [illegible] [illegible]
કેમ નથી લાગતી ?'

સ્વામીજી બોલ્યા, '[illegible], [illegible] [illegible]
શું ગભરાવાની મનન આદતને શીખો ! એજ પ્રમાણે [illegible] [illegible]
જ લાગ્યું નથી.'

નમસ્કાર કરીને બન્ને ગોરા ચાલ્યા ગયા.

× × ×

નદીના દૂર દૂરના કોઈ નિર્જન સ્થળપર જઈને સ્વામીજી સ્નાન કરતા. કૌપીન [illegible] કો-
થી પ્રથમ કૌપીનને પોતે, સૂકવી,પોતે નિર્વસ્ત્ર ન જોને રેતીમાં બેસી જતા. કૌપીન સૂકાઈ જાય
તે પોતે ઉઠીને સ્નાન કરી કૌપીન બાંધી પોતાને મુકામે જતા. એક દિવસ કેટલાક મલ્લો
સ્વામીજીના શરીરબળની નામના સાંભળીને એમને મળવા આવ્યા. સ્વામીજી તે વખતે સ્નાન કર-
ની તૈયારીમાં હતા. મલ્લરાજોને નિહાળી પોતે વાતનો મર્મ સમજી ગયા. કૌપીન તે વખતે
નું હતું. જમણે હાથે કૌપીનને જોરથી નીચોવીને મલ્લોને કહ્યું-"તમારામાંથી જેને પોતાના શરી-
નું ગુમાન હોય તે આ કૌપીનમાંથી નીચોવીને પાણીનું એક પણ ટીપું કાઢી બતાવે."

બધાએ એક પછી એક કૌપીનને નીચોવી જોયું. એક પણ બિંદુ ન પડ્યું !

× × ×

કાશીમાં સ્વામીજી મુસલમાન મતની પણ ત્રુટિઓ બતાવી ખંડન કરતા હતા તેથી મુસલ-
માનોને એમના ઉપર ભારે રોષ ચડેલો. એક દિવસ સાંજરે ગંગાતટ પર સ્વામીજી આસન લગા-
ડીને બેઠા હતા. દૈવયોગે મુસલમાનોની એક ટોળી ત્યાં થઈને નીકળી. પોતાના ધર્મના ટીકાકારને
ઓળખ્યો, બે પહેલવાનો ધસી આવ્યા.સ્વામીજીને ઉપાડીને ગંગામાં ફેંકવા લાગ્યા. બન્ને જણાએ
બન્ને હાથવતી સ્વામીજીનાં બે બાવડાં પકડ્યાં અને એ રીતે એમને ઝુલાવીને પ્રવાહમાં ફગાવી
દેવા જતા હતા, ત્યાં તો સ્વામીજીએ પોતાની બન્ને ભુજાઓ સંકોડીને પોતાના શરીરની સાથે દ-
બાવી દીધી. બન્ને મલ્લોના ચારે હાથ સ્વામીજીની બગલમાં સપડાઈ ગયા! પછી તો મગદૂર શી
કે હાથ સરકાવી શકે ? એમ ને એમ સ્વામીજીએ જોરથી ઉછાળો મારી ગંગામાં ઝંપલાવ્યું. પેલા
બન્ને જણ પણ સાથેજ ઘસડાતા ગયા. પોતે પાણીમાં ડૂબકીઓ મારીને બન્ને મલ્લોને થોડાં ગળકાં
ખવરાવ્યાં અને પછી છોડી દીધા. મુશ્કેલીથી બન્ને જણ બહાર નીકળ્યા. કાંઈ ઉભેલું ટોળું
આથી ખૂબ ચીડાઈ ગયું.બધાએ હાથમાં પથ્થરો લઈને સ્વામીજીના બહાર નીકળવાની રાહ જોઈ.
સ્વામીજી સમજી ગયા, એટલે પોતે શ્વાસને રૂંધીને પદ્માસન લગાવી પાણીપર બેઠક જમાવી. અંધારૂં
થઈ ગયું. પેલા સમજ્યા કે બાવો ડૂબી ગયો. ચાલ્યા ગયા. એટલે સ્વામીજીએ પણ પાણીમાંથી
નીકળીને અધુરી રહેલી સમાધિ ફરીવાર લગાવી.

× × ×

એક દિવસ બજારમાં એક માતેલો સાંઢ લોકોની પછવાડે દોડતો, કોઈને ફચરતો ને પટકતો
દોડ્યો આવે છે. લોકો ઓટલાપર ચઢી ગયા છે અને ' સ્વામીજી ! ખસી જાઓ, ચઢી જાઓ, '
એવી ચીસો પાડે છે. વગરથડકે સ્વામીજી સીધા ને સીધા સાંઢની સામે ચાલ્યા ગયા. તદ્દન નજીક
ગયા એટલે સાંઢ પોતાની મેળે રસ્તો છોડીને ગરીબ ગાયની માફક ચાલ્યો ગયો. લોકોએ આવીને
પૂછ્યું કે:-' મહારાજ ! સાંઢ શીંગડે ચડાવત તો ? '

' તો બીજું શું ? શીંગડાં પકડીને દૂર ધકેલી દેત ! '

× × ×

જોધપુરમાં એમણે મુસલમાન મતનું ખંડન ચલાવ્યું. તે સાંભળી ફેજુલાખાં નામના એક
મુસ્લીમના રોમેરોમમાં જ્વાળા ઉઠી. રોષે ભરાઈને એ ગાજી ઉઠ્યાઃ ' સ્વામી ! અત્યારે જો મુસ-
લમાનોની રાજસત્તા હોત તો તમે જીવતા ન જાત.'

સ્વામીજીએ ખાં સાહેબને ધીરથી ઉત્તર દીધો કેઃ-" જો એવો અવસર આવે તો હું કદી

થરથરી ન જાઉં કે ન તો ચૂપચાપ બેઠો રહું; પણ બે-ચાર વીર રજપૂતોની પીઠ એવાં તો શૂરાતન ચઢાવું કે મુસલમાનોના હોશ ઉડી જાય. ખબર છે ખાં સાહેબ?"

બીજે બળતા ખાં સાહેબ શું બોલી શકે?

× × ×

એક દિવસ સ્વામીજી ગંગાના ઉંડા જળમાં લોટતા હતા. એવામાં એક મસ્ત મગરમચ્છ તેમની લગોલગ થઇને નીકળ્યો. કિનારેથી ભક્તજનોએ બૂમ પાડી કેઃ 'મહારાજ, ભાગજો; મગર આવે છે.' લગારે ખસ્યા વગર સ્વામીજીએ મસ્ત દશામાં પળા પળા જવાબ દીધો કે 'ફિકર નહિ. હું જો એને નથી સતાવતો તો પછી એ મને શામાટે છેડવાનો હતો?'

× × ×

એક ગામડામાં સ્વામીજીએ ઉતારો કર્યો. લોકોએ હોંશે હોંશે પરોણાગત કરી. એવે તેઓનો કોઈ ઉત્સવ-દિન આવી પડ્યો. રાત્રિયે તેઓએ સ્વામીજીને પણ મંદિરે બોલાવ્યા. નગરબહાર એક ઉજ્જડ સ્થળે આવેલા મંદિરમાં ભયાનક દેવી-પ્રતિમા ઉભી છે. પાસે ઉઘાડી તરવારે એક કાળભૈરવ શો' પૂજારી ઉભો છે. મદ્યમાંસની સામગ્રી તૈયાર છે. અશ્લીલ નૃત્ય-લીલા ચાલે છે. સ્વામીજી પામી ગયા કે આ તો શાક્તધર્મનો અખાડો!

પૂજારી સ્વામીજીને કહે "દેવીને નમન કરો!"

સ્વામીજી કહે "આ જન્મે તો એ નહિ બને."

"એ...મ!" કહી પૂજારી ધસ્યો. સ્વામીજીની બોચી પકડી શિર નમાવવા મથ્યો. ચકિત સ્વામી ઉંચે જુએ તો ચોમેર ઉઘાડી તરવારવાળા નર-પિશાચો ઉભા છે. તરવાર ચલાવે તેટલીજ વાર છે.

સ્વામીજીએ છલંગ મારી. પૂજારીના હાથમાંથી તરવાર ઝુંટવી લીધી. ડાબા હાથનો ધક્કો મારીને પૂજારીને દિવાલ સાથે અફળાવ્યો, તરવાર વીંઝતા વીંઝતા મંદિરના ચોગાનમાં ગર્ડ પડ્યા. ત્યાં જુએ તો કુહાડા અને છરા ઉગામીને ટોળું ઉભું છે. બારણા ઉપર તાળું મારેલું છે. મોતને અને સ્વામીજીને અઢી આંગળનું અંતર છે. કેસરી કૂદે તેમ સ્વામીજી કૂદ્યા. દિવાલ પર પહોંચ્યા. બહાર ભૂસ્કો માર્યો, આજુબાજુના ઘીચ જંગલમાં દિવસભર છુપાઇ રહ્યા. બીજી રાત્રિએ પોબાર ગણી ગયા.

× × ×

એકવાર ૭ સાત અલમસ્ત મિત્રોએ જઇને સ્વામીજીને કહ્યું:-"મહારાજ! આપના પગ દાબવાના ભાવ થાય છે.' સ્વામીજી સમજી ગયાઃ 'છોકરાઓ મારૂં શરીર-બળ માપવા માગે છે.' તેઓ બોલ્યા "પગ તો પછી દાબજો, પ્રથમ તો તમે બધા ભેળા મળીને મારા આ પગને ભોંય પરથી જરા ઉઠાવી જુઓ!"

સ્વામીજીએ પગ પસાર્યો. સાતઆઠ યુવકો મંડ્યા જોર કરવા. પરસેવે નીતરી ગયા. પગ ન ચસક્યો.

× × ×

"મહારાજ!" રાવળપીંડીના સરદાર વિક્રમસિંહજીએ કટાક્ષ કીધો, "આપ કહો છો કે શાસ્ત્રોમાં બ્રહ્મચર્યનો બહુ મહિમા ગાયેલ છે, આપ પોતે પણ આપને અખંડ બ્રહ્મચારી કહેવરાવો છો; છતાં આપના દેહમાં એ વજ્રકછોટાનો એવો કશો પ્રતાપ અમે તો ભાળતા નથી!"

મહર્ષિજીએ તે વખતે તો એ સમસ્યાનો કશો ઉત્તર ન દીધો. એમનું રૂંવાડુંયે ન ફરક્યું. લાંબી વારસુધી સરદાર સાહેબની સાથે વાર્તાલાપ ચલાવ્યો. પછી જ્યારે નમસ્કાર કરીને સરદાર પોતાની ઘોડાગાડીમાં બેસી ગયા, ત્યારે મહર્ષિજીએ છાનામાના જઇને પાછળથી ગાડીને પકડી લીધી.

ડુંગર જેવડા ઘોડા ચસકતા નથી! સરદાર ચાબૂક લગાવે છે. ફરી ફરી ચાબૂકના પ્રહાર કરે છે; પણ ઉછળી ઉછળીને ઘોડા થંભી જાય છે. ગાડી જાણે કે ધરતીની સાથે જડાઈ ગઈ છે. સરદાર પાછળ નજર કરે ત્યાં હનુમાનજતિ શા' સ્વામીજીને હસતા જોયા. ગાડી છોડી દઇને સ્વામીજીએ કહ્યું: "હવે તો સમસ્યા ટળીને?"

વિસ્મય પામતા સરદાર ચાલ્યા ગયા.

× × ×

"[illegible] મારી [illegible] પ્રમાણ [illegible] છે; પરંતુ [illegible]
[illegible] હોય તે આવો આવે; કાં તો હું એટલું [illegible] તે એ [illegible], [illegible]
[illegible] રાખું તે કોઈ [illegible]. આવ્યા આ[illegible], [illegible]."
[illegible] એ [illegible] એક [illegible], એક [illegible]
તો આ પ્રકાર [illegible] નહોતો.
મેરઠ નગરમાં મહારાજે શ્રાદ્ધનું ખંડન કરનારું એક [illegible]
ગયા. જે માર્ગેથી સ્વામીજી પોતાના ઉતારા[illegible] જતા હતા, તે [illegible]
[illegible] બેસી ગયા. કહેવા લાગ્યા કે "આજ દયાનંદ નીકળે તો જીવતો ન જાય."
સ્વામીજીના પ્રેમીઓને આ વાતની જાણ થઈ. વ્યાખ્યાન પૂરું થયે [illegible] વિનવ્યું કે,
[illegible] વાર દેરી [illegible]. રસ્તે જોખમ છે."
હસીને સ્વામી બોલ્યા "ના રે! એ બાપડા કશુંય કરી શકવાના નથી. હું [illegible]
ને વળી મેં એક માણસને સમય આપ્યો છે, એટલે હું [illegible] ન શકું."
એમ કહી એજ ગલી વિંધીને મહારાજ પોતાની હમેશની અંબાર ગતિથી ચાલ્યા ગયા.
[illegible] મોં સામે જોતા રહ્યા. કોઈએ ઉચ્ચાર સરખો ન કર્યો.

× × ×

"સ્વામીજી! જોધપુર જવાનો વિચાર છોડી દો, એ લોકો આપને ઈજા કરશે."
"મારા આંગળાંને જલાવીને મશાલ બનાવે તેથી શું? હું જઈશ, અને ગમનો [illegible]-
શો આપીશ."

વિનોદ-મૂર્તિ

કાશીમાં મહર્ષિનો પડાવ હતો ત્યારે ત્યાંના પંડિતોએ ઠરાવ કર્યો હતો કે, કોઈએ એ
પાપીની પાસે ન જવું; એનું મોં પણ ન જોવું. એક મહામહોપાધ્યાયજીને ગર્વ ચડ્યો હતો કે, જો
મારી સાથે વાદવિવાદ થાય તો હું તો એ દુષ્ટને ભોંય ભેગો કરી નાખું! પરંતુ એમનું મોં જોવાથી
તો પાપ લાગે, તેથી એ બાપડા પંડિત સ્વામીજીની પાસે જઈ શકતા નહિ; પણ આખરે મોં
જોવુંજ ન પડે તેવી યુક્તિ એમને એકાએક સુઝી ગઈ. એક દિવસ રાત્રિએ અંધારામાં એ સ્વા-
મીજીની પાસે આવીને ચર્ચાનું આહ્વાન દેવા લાગ્યા. એણે શર્ત મૂકી કે 'હું આ છરી લાવ્યો
છું. આપણામાંથી શાસ્ત્રાર્થમાં જે હારે તેનાં નાકકાન એ વડે કાપી નાખવાં.'
હસીને સ્વામીજી બોલ્યા, "પંડિતજી! મારી પણ એક શર્ત છે. આ ચપ્પુ પણ રાખીએ.
આપણામાંથી જે હારે તેની જીભ પણ આ ચપ્પુવડે કાપી લેવી; કેમકે નાકકાન તો બિચારાં
આ વાતમાં નિર્દોષ છે. વાદવિવાદમાં જે કાંઈ દોષ થશે તે તો જીભનોજ થશે!'
ઉપરા ગામના પંડિતો પણ સ્વામીજીની સામે ઉઠ્યા અને એક પ્રસિદ્ધ પંડિત જગન્નાથની
સહાય લેવા ગયા. પંડિત બોલ્યા: "હું તો દયાનંદનો સામનો કરવા તૈયાર છું, પણ મારે એ
દુષ્ટનું મો જોવાથી પ્રાયશ્ચિત્ત કરવું પડે એજ મોટી પીડા છે ને!"
આ સમાચાર જાણીને સ્વામીજી હસતા હસતા બોલ્યા: "અરે, એવું હોય તો મારા મોં
પર પડદો ઢાંકી દેજો, પણ એને જરૂર આંહી તેડીજ લાવજો."
સ્વામીજી સિંહાસન ઉપર બેસીને ઉપદેશ દેતા અને ઉપદેશ પૂરો થયે કોઈને પ્રશ્નો પૂછવા
હોય તો તેને બેસવામાટે પોતાની સન્મુખ ખુરશી મૂકાવતા. એક દિવસ એક પંડિત કહેવા લાગ્યા
કે:-'અમને નીચું આસન શામાટે આપો છો? તમારા આસન જેટલીજ ઉંચી ખુરશી અમને
પણ મળવી જોઈએ.'
સ્વામીએ હસીને કહ્યું:-'ભાઈ! હું તો વ્યાખ્યાન દેવાની સુગમતા ખાતરજ ઉંચે બેસણે બેસું
છું; છતાંયે જો આપને અપમાન લાગતું હોય તો સુખેથી એ ખુરશીને મેજ ઉપર ચડા-
વી, મારા કરતાંયે ઉંચેરા બની આપ બેસી શકો છો. બાકી તો શું કોઈ ચક્રવર્તી રાજાના મુગટ
ઉપર બેસનારી માખી અથવા મચ્છર કંઈ ઉંચા બની જતાં હશે? આસનની ઉંચાઈ નીચાઈ વિ-
ચારવા આપને ન શોભે.'

× × ×

અલીગઢમાં એક દિવસ એક પંડિત મંદિરના ચબૂતરા ઉપર બેસીને સ્વામીજી સાથે [illegible] ર્થ કરવા મંડ્યો. સ્વામીજીના કરતાંયે ઉંચા બેસણાનો આ ઘમંડ બીજા સજ્જનોથી ન [illegible] પંડિતને સભ્યતાની રીત સમજાવવા લાગ્યા, પણ હઠીલો પંડિત પલળ્યો નહિ. સ્વામીજીએ [illegible] વાણીમાં લોકોને કહ્યું "શા સારૂ એ બિચારા જીવને સતાવો છો? કશી હાનિ નથી. ભલે એ [illegible] ડિત ઉંચે આસને બેઠા. ઉંચા આસનથીજ કંઇ કોઇને મહત્તા મળી જતી નથી. એમ તો [illegible] પેલો કાગડો તો પંડિતજીના કરતાંય ઉંચેરો પેલા ઝાડની ડાળીએ બેઠો છે!"

× × ×

દાનાપુરમાં મુસલમાનોએ સ્વામીજીના આંદોલન ઉપર કોપ-દૃષ્ટિ કરવા માંડી. ભક્તોએ [illegible] 'મહારાજ! એ લોકોની વિરુદ્ધ કાંઇ ન બોલશો. વાતવાતમાં તેઓ લડવા ખડા થઇ જાય છે.' [illegible] વખતે તો સ્વામીજી કાંઇ ન બોલ્યા, પણ સાંજરે ભરસભામાં એમણે ઉચ્ચાર્યું કેઃ-

"છોકરાઓ મને કહે છે કે, મુસલમાન મતનું ખંડન ન કરો; પણ હું સત્યને શી રીતે [illegible] વું? અને જ્યારે મુસલમાનોનું ચાલતું હતું ત્યારે તેઓએ તો આપણું ખંડન ખડ્ગથી કર્યું [illegible] પણ આશ્ચર્યની વાત છે કે આજે મને તો શબ્દોથીયે ખંડન કરવાની મના થઇ રહી છે!"

× × ×

"સ્વામીજી!" એક કૃષ્ણભક્ત ચપટી ધૂળ લઇને આવ્યો. "સ્વામીજી! કૃષ્ણ ભગવાને [illegible] ળપણમાં માટી ખાધી હતી, એટલે હું એ બાળ-લીલાની આ પ્રસાદી આપને ચખાડવા આવ્યો છું."

હાજરજવાબી સ્વામીજી બોલ્યાઃ-"ભોળા ભાઈ! છોકરાં તો માટી ખાય? કૃષ્ણે પણ [illegible] ણમાં ખાધી હશે, પણ એટલામાટે આપણાથી-ઉંમરલાયક મનુષ્યોથી તે એવી નાહાની થાય [illegible]

× × ×

મધપૂડાને મધમાખીઓ વળગે તેમ દિલ્હીમાં સ્વામીજીની ચોગરદમ મનુષ્યોની ગિરદી [illegible] ળાવા લાગી. મૂર્તિપૂજાના ખંડનથી ખુશી થનારા ઈસ્લામીઓ પણ દોડ્યા આવ્યા; પણ [illegible] જી તેઓના અજ્ઞાનને ઓળખતા હતા. એક મુસ્લીમ સજ્જને આવીને કહ્યુંઃ-"આપ [illegible] મૂર્તિ-પૂજાનું ખંડન કરો છો એ બહુ સારૂં કાર્ય છે, અમારા મજહબને અનુકૂળજ થઇ રહ્યું [illegible]

"ભાઈ! તમે ભૂલો છો" સ્વામીજીએ જવાબ વાળ્યો "હું તો તમામ મૂર્તિ-પૂજાનું [illegible] કરૂં છું; અને ઇસ્લામનેય મૂર્તિ-પૂજા ક્યાં નથી? હિંદુઓની પ્રતિમા તો ચાર આંગળથી [illegible] બહુ તો એક હાથ જેટલી ઉંચી હોય છે. એને તો હરકોઈ પ્રકારે હટાવી શકાશે; પરંતુ [illegible] માનોની મૂર્તિઓ તો કબર, હજીરા અને મિનારાને સ્વરૂપે મોટાં મોટાં મકાનો જેવડી ઉં[illegible] એટલે ખરી મુશ્કેલી તો એ તમારી મૂર્તિ-પૂજાને હટાવવામાંજ પડે છે!

ચકોર મુસલમાન આ શબ્દોના આંતરિક મર્મને સમજી ગયો, ચૂપ બન્યો.

સ્વમાન-પ્રેમી

જમાલપુર જંક્શનના ચોગાનની અંદર સ્વામીજી એક વાર ગાડીની રાહ જોતા જોતા [illegible] રહ્યા છે. એક અંગ્રેજ એન્જિનિયર પણ પોતાની પત્નીસહિત ત્યાં ઉભો હતો. આ [illegible] સાધુને પોતાની સમક્ષ નિર્લજ્જપણે ટેલતો દેખીને મડમ સાહેબને ગુસ્સો ચડ્યો. તેના [illegible] સાહેબે સ્ટેશન માસ્તરને આજ્ઞા કરી કે 'આ નાગડાને અહીંથી હટાવો.'

સ્ટેશન માસ્તર તો મહર્ષિને ઓળખતો હતો. એણે આવીને સ્વામીજીને યુક્તિપૂર્વક [illegible] કે 'મહારાજ! ગાડીને હજુ વાર છે, આપ પેલી બાજુ આવીને ખુરશીપર જરા આરામ [illegible]

સ્વામીજી સમજી ગયા; બોલ્યા કે 'જેણે આપને મારી પાસે મોકલ્યા છે તેમને [illegible] કે અમે તો એ યુગના મનુષ્ય છીએ, કે જે યુગમાં તમારા દાદા આદમ અને દાદી [illegible] [illegible] સ્વર્ગમાં નગ્ન [illegible] છતાં લજ્જા નહોતાં પામતાં!'

[illegible] સ્વામીજીએ તો [illegible] મારવાનું [illegible] રાખ્યું. પછી જ્યારે [illegible] [illegible] નામના [illegible] ત્યારે તો એણે તત્કાળ સ્વામીજીની [illegible] [illegible] શબ્દો ઉચ્ચાર્યા કે 'આ ઋષિનાં દર્શનની ઘણા કાળની [illegible] [illegible] હતી.'

× × ×

[illegible] ખ્રિસ્તી ધર્મના મિશનની સાથે સ્વામીજીને ધર્મના [illegible]
મહર્ષિ એક વખત ખ્રિસ્તીનું દેવળ જોવા ગયા; અંદર [illegible]
ત્યારે એણે કહ્યું 'મહારાજ! પાઘડી ઉતારીને પ્રવેશ કરો.'

સ્વામીજીએ હસીને ઉત્તર દીધો: 'અમારા દેશની રીતિ પ્રમાણે તો [illegible] તું એક મસ્તકનું ચિહ્ન છે. એટલે મારા દેશની [illegible] હું નહિ કરું. [illegible] તો જોડા ઉતારી નાખું.'

ખ્રિસ્તીએ કહ્યું–'ત્યારે તો ભલે ઉતારી નાખો.'

સ્વામીજી દરવાજેથીજ પાછા ફરી ગયા. સ્વમાનનો અંશ એવો એમને માટે તો જીવનું જીવન હતું.

× × ×

જયપુર રાજ્યના એક મોટા અધિકારીને એક સજ્જને કહ્યું કે,–"ચાલો સ્વામીજીનાં દર્શન કરવા."
પેલા અધિકારીએ જવાબ દીધો કે, "તમે તો દર્શનનું કહો છો, પણ હું જો મારું ચાલે તો એને કૂતરાને ગોપે કાઢી ખવરાવું!"

શ્રાદ્ધ અને મૂર્તિપૂજાના ખંડનથી જયપુર-નરેશ પોતે પણ સ્વામીજી ઉપર ખીજવાયા. સ્વામીજીને માથે ગજ-રોષનું ચક્કર ફરવા લાગ્યું.

ઠાકુર લક્ષ્મણસિંહજી નામના ભાવિક ક્ષત્રિયે જયપુર રાજના કમનસીબની વાત જાણ્યા પછી મહર્ષિજીને વિનવ્યા કે, 'આવી હાલતમાં આપને અહીં રહેવું ઉચિત નથી. આપના શિરપર જોખમ ભમે છે."

સ્વામીજી બોલ્યા, "ઠાકોર! મારેમાટે ના ડરો; પણ આપને પોતાનેજ જો જયપુરપતિની નારાજીનો ડર હોય તો સુખેથી આપ મારી કને આવવું બંધ કરી શકો છો. આપ રાજ્યના તાબેદાર છો; પણ હું તો કોઇ માનવીનો નોકર નથી. મારા આત્માને તો કોઇ મનુષ્ય છીનવી શકવાનો નથી. તો પછી મારી કને બીજી એવી કયી વસ્તુ છે કે જે છીનવાઇ જવાનો મને ડર હોઇ શકે!"

× × ×

લાહોરમાં નવાબ નિવાજિશ અલીખાનની કોઠીમાંજ મહારાજનો ઉતારો હતો. ત્યાંજ બેસીને મહારાજે લોકો સમક્ષ મુસલમાન મતની વિવેચના ચલાવી. નવાબ પોતે પણ એ વ્યાખ્યાનમાં આવી ચડ્યા. વ્યાખ્યાન થઈ રહ્યા બાદ એક સજ્જને સ્વામીને કહ્યું:–"આપને કોઈ હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી પણ ઉતરવાનું મકાન દેતા નથી! ઉપકાર માનો નવાબ સાહેબનો કે એમણે ઉતારો દીધો; છતાં ઉલટું આપે તો એને દુઃખ લાગે તેવી રીતે એનાજ છાંયડાતળે મુસ્લીમ પંથની ચર્ચા કરી. નવાબ સાહેબ પણ એ સાંભળી રહ્યા હતા!"

સ્વામીજી બોલ્યા,–"ભાઇ! હું તો અહીં કાંઇ મુસલમાન ધર્મની કે બીજા કોઇ ધર્મની યશગાથાઓ ગાવા નથી આવ્યો; હું તો આવ્યો છું વેદધર્મનો ખુલ્લો પ્રચાર કરવા અને નવાબને ભાળ્યા પછી તો ઉલટો હું જાણી બુઝીનેજ આર્યધર્મની મહત્તા સમજાવી રહેલ હતો. એનો મને શો ડર છે? એક નારાયણસિવાય મને કોઇની ધાસ્તી નથી."

× × ×

એક દિવસ સ્વામીજીના રસોઇયાનો કાકો મહેમાન આવ્યો. એ પોતાના ભત્રીજાને ભંભેરવા લાગ્યો કે–"તારે તો સ્વામી જમી રહ્યા બાદ જમવું પડતું હશે. એ રીતે તો રસોઇ અજીઠી બની જઇ જવાય; માટે હવેથી તું ચોકા બહાર બેસાડીને સ્વામીજીને ભોજન દેતો જજે."

ત્યાં તો સ્નાન કરીને સ્વામીજી આવી પહોંચ્યા. આવીને પોતાની મેળેજ ચોકા બહાર બેસી ગયા. બહારજ થાળી મંગાવી.

રસોઇયો પૂછે છેઃ—"મહારાજ, બહાર કેમ બેઠા?"

"ભાઇ, તને અને તારા કાકાને તો ન્યાત બહાર મુકાવાનો ભય છે; પણ હું તો હરકોઈ ઠેકાણે ભોજન પામી શકીશ. મને કશો ડર નથી. તમને હું શામાટે નાહક જોખમમાં ઉતારૂં?"

રસોઇયો તાજ્જુબ બન્યો, 'સ્વામીજીએ વાત શી રીતે જાણી લીધી!

રાષ્ટ્રધર્મનો સાચો પેગમ્બર કેવો હોય ?

(મુંબઇ સમાચાર તા. ૯-૫-૧૯૨૬ના અંકમાંથી)

જાણીતા વિચારક સાધુ વસવાણીએ છત્રપતિ શિવાજી મહારાજવિષે નીચેનો લેખ લખ્યો છે. શિવાજી મહારાજની જયંતિ તાજેતરમાં રાયગઢના કિલ્લામાં ખૂબ ધામધૂમથી ઉજવાઇ તે મહત્ પ્રસંગે આ લેખ લખાયો હતો.

છત્રપતિ શિવાજી એ કંઇ મહારાષ્ટ્રની મીલ્કત નથી. શિવાજી એ હિંદનું અમૂલું રત્ન અને એક દિવસ એવો પણ આવશે કે શિવાજી જગતજ્યોતતરીકે લેખાશે.

ખોટા ઇતિહાસ—શિવાજીનો વિચાર કરતાંજ મને ક્રોમ્વેલ, ગેરીબાલ્ડી કે અબ્રાહમ જેવી સમર્થ વ્યક્તિઓનો વિચાર આવે છે. આપણા ઇતિહાસે આપણા મહાપુરુષોનાં ચારિત્રોમાં છબરડો વાળી મૂક્યો છે. મહાન દેશભક્ત અને શૂરવીર શિવાજીને "ડુંગરના ઉંદર" વા "લૂંટારા" કહે છે. વીન્સન્ટ સ્મીથે પણ એ મહાન વ્યક્તિને એક લૂંટારાની ટોળીનો સરદાર કહ્યો છે, પણ મરાઠાઓ લૂંટારા ન હતા પણ દેશભક્તો હતા, અને શિવાજી એવા પ્રખર દેશભક્તો અને દેશને માટ મરી ફીટનારા લોકોનો સમર્થ નાયક હતો.

હિંદનું દરદ—જ્યારે શિવાજી મહારાજ હિંદમાં પ્રકટ્યા, ત્યારે હિંદની સ્થિતિ દયાજનક હતી. ઇસ્લામના મહાન આદર્શો ભૂલાયા હતા. પહેલાંના ખલીફાઓ પવિત્ર સત્યવક્તા અને પેગંબર સાહેબનાં ફરમાનોને અનુસરનારા હતા. એટલે કે તેમનામાં સહિષ્ણુતા હતી; પરંતુ હિંદમાં મોગલોની પડતીના જમાનામાં એ ઇસ્લામના ઉચ્ચ આદર્શો ભૂલાયા. લોકો કરના બોજાથી અને રાજકર્તાઓના જુલ્મોથી ત્રાસી રહ્યા હતા. પેગંબર સાહેબના નામે હિંદનાં કેટલાંક સુંદર શિલ્પ અને સ્થાપત્યના નમુના જેવાં સ્થાનો એ અરસામાં નષ્ટ કરવામાં આવ્યાં. આ પ્રસંગે શિવાજી અને તેના બહાદુર મરાઠા સાથીઓએ ઝુંડો ઉઠાવ્યો અને તેમણે દક્ષિણમાં સ્વરાજની સ્થાપના કરી.

હિંદુ સંસ્કૃતિનો પૂજારી—શિવાજીને હિંદુ ધર્મરક્ષક કહેવામાં આવે છે અને તે તદ્દન સાચું છે. એ કાળમાં શિવાજી મહારાજ ગૌબ્રાહ્મણપ્રતિપાળ કહેવાતા, પણ સાથે એ વાત યાદ રાખવાની છે કે, શિવાજીએ એક પણ મસ્જીદનો નાશ કર્યો ન હતો અને એ માટે તેણે કડક ફરમાનો કાઢ્યાં હતાં. હિંદુ ધર્મનું સાચું રહસ્ય એના દિલમાં ઉતરેલું હતું. હિંદુ સંસ્કૃતિનો એ અનન્ય પૂજારી હતો અને બધાં એકજ પ્રભુ પિતાનાં સંતાનો છે, એમ એ માનતો.

એની બહાદુરીનાં કારણો—બે ખાસ કારણોથી શિવાજી અદ્વિતીય છે.એ બે કારણો માતૃભક્તિ અને ગુરુભક્તિ. એમના ગુરુ અને માતાએજ એમના જીવનને આવું ઉત્તમ બનાવ્યું.એમણે શાળામાં કેળવણી નહોતી લીધી; પરંતુ એમની માતા રામાયણ અને મહાભારતમાંથી વાતો કહેતાં અને હિંદના મહાન પુરુષોનાં જીવનચરિત્રો સંભળાવતાં.આ શિક્ષણમાંથી શિવાજીએ આત્મસન્માન, સાદાઇ, હિંમત અને સ્ત્રીસન્માનના પાઠ શીખ્યા હતા.

જ્યારે કલ્યાણનો કિલ્લો શિવાજીએ જીત્યો, ત્યારે તેના એક સેનાપતિએ શિવાજીને ખુશ કરવા ખાતર એ ગઢના કેદ થયેલા મુસ્લીમ સુબાની સુંદર પુત્રીની શિવાજીને ભેટ ધરી; એટલે શિવાજીએ દરબાર ભર્યો. એ સુંદર યુવતીને ત્યાં બોલાવવામાં આવી. દરબારીઓ એ સૌંદર્ય જોઇ આભા થઇ ગયા. તે પછી શિવાજીએ એ યુવતીને ઉદ્દેશીને કહ્યું:—"એ મારી બહેન છે. રાવણ બળવાન હતો, પણ સીતાની લાલસામાં તેનો નાશ થયો. શાસ્ત્રો પુકારે છે કે, સ્ત્રીઓનું સન્માન કરવું જોઇએ." આમ કહીને શિવાજીએ એ મુસ્લીમ યુવતીને મુક્ત કરી તેને ભેટ સોગાદો આપી તેના માબાપ પાસે સહિસલામત રીતે મોકલી હતી.

શક્તિધર્મનો પેગંબર—એના જીવનમાં બીજું પ્રેરક બળ તે ગુરુભક્તિ.ગુરુ રામદાસ જેવા સમર્થ યોગી એના ગુરુ હતા. એમનાપ્રત્યે એની અવિચળ ભક્તિ હતી. આ ગુરુ રામદાસનું અસલ નામ નારાયણ હતું. નાનપણમાં એ હિંદની મુસાફરીએ નીકળી પડ્યા અને હિંદની પ્રજાની દુઃખી અને દિન સ્થિતિ જોઇ એમનું હૃદય ઘવાયું એટલે એમણે સાધુ જીવન ગાળવા અને આખા દેશમાં વિચરવાનો નિશ્ચય કર્યો. લગ્નની ચોરીમાંથી એ માબાપના પંજામાંથી ભાગ્યા પછી

[illegible] ભરી પ્રજાના જન્મા. નારાયણ [illegible] રામદાસ [illegible] એટલે [illegible]
અને શ્રીરામ એટલે શક્તિનો અવતાર અને [illegible] [illegible] રામદાસે [illegible]
ધર્મનો ઉપદેશ કરવા માંડ્યો. મહારાષ્ટ્રની [illegible] પ્રજા [illegible]
હિંદુધર્મના રક્ષણ માટે રામદાસે પડકાર કર્યો. [illegible] અને [illegible]
[illegible]. શિવાજીએ એમને ગુરુ કર્યા. એક દિવસ રામદાસ [illegible]
શિવાજી પાસેના ઘરમાં હતા. તેમણે ગુરુનો [illegible]. શિવાજી [illegible]
પોતાને ઘેર તેડી ગયા. શિવાજીએ એમના [illegible] એક [illegible]
એ કહ્યું-"આ તો [illegible] ! મને લાગી છે [illegible]
નો ટુકડો આપે છે ?" તે પછી શિવાજી એ [illegible] લખે છે, તેમાં શિવાજી પોતાનું
'રાજ્ય સ્વામીને ચરણે ધરી દીધું હતું. સ્વામીએ [illegible] પૂછ્યું:- 'તમે મને [illegible]
તમારે શું કરવાનું રહેશે !" શિવાજીએ જવાબ આપ્યો-"હું આપનો દાસ [illegible]. તે
સ્વામીની આજ્ઞા મુજબ સાધુવેશ ધારણ કરી શિવાજી ભિક્ષા માગવા નીકળે છે. આ નિશ્ચ
સ્વામી પ્રસન્ન થાય છે અને તેને પોતાના રાજ્યમાં [illegible] આજ્ઞા કરે છે.
[illegible] ઉઠાવે છે પણ સમર્થના મેરકનરીકે-ધર્મના મેરકતરીકે ને રાજકારભાર હાથમાં
. શિવાજીની ગુરુભક્તિનું આ અનુપમ અને જ્વલંત દૃષ્ટાંત છે.

એ પછી તો શિવાજીએ પ્રજાને મુક્ત કરી. શિવાજીએ હિંદુધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ
. દુઃખી અને દીનનો એ બેલી બન્યો. વિધવા અને અનાથોનો એ તારણહાર બન્યો.
! એણે હિંદ સમસ્ત એકજ આદર્શ-એકજ સંદેશ મૂક્યો અને તે "ધર્મની સેવા"

ખાદીનો પ્રચાર

લેખક-રા. રા. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. મુંબઈસમાચાર તા. ૧૨-૫-૨૬)

(૧) પ્રથમ પ્રશ્ન તો એ ઉપસ્થિત થાય છે કે ખાદી શામાટે વાપરવી ને તે વાપરવાથી શો લાભ થાય છે.

(૨) સાંપ્રત સમયનો મનુષ્ય, પાંચ કે દશ શતકના મનુષ્ય કરતાં સર્વ દિશામાં ઘણોજ આગળ વધ્યો છે. મી. બુક્સ નામના એક સુપ્રસિદ્ધ ઇંગ્લીશ સંશોધકે એવી અદ્ભુત શોધ કીધી કે "સુધારા" નો આરંભ કેટલુંજ પછીથી થયો તે વાત સાચી નથી. તે સંગીન પુરાવાની મદદથી એમ સિદ્ધ કરે છે કે આ સુધારો લગભગ ત્રીસહજાર વર્ષ પહેલાં અમેરીકામાં આવેલા કાર્બીઅન સમુદ્રની આસપાસના પ્રદેશમાં પૂર્ણજોસમાં ચાલતો હતો. તે વખતના મનુષ્ય-પ્રાણીમાં મી. બુક્સ કહે છે કે, સુખ કે દુઃખ જાણવાની લાગણીનો અભાવ હતો. આ વાત એમ સાબીત કરે છે કે જેમ સમય જતો જાય છે, તેમ તેમ માણસના શરીર બંધારણ અને મન-અંતઃકરણ-રચનામાં સદાકાળ ફેરફાર થતો જાય છે. એક હજાર વરસ પહેલાં જે મનુષ્ય હતો તેના કરતાં આ જમાના-આ ક્ષણનું મનુષ્યપ્રાણી તદ્દન નીરાળુંજ છે એમ કહેવામાં બીલકુલ અતિશયોક્તિ નથી. આજનો માણસ બુદ્ધિવિશાળતા અને સંગીનતામાં ઘણો આગળ વધ્યો છે. આ વાત સ્વતઃ સિદ્ધ છે કે આખી સૃષ્ટિનાં ઇતર જંતુઓ અને પ્રાણીવર્ગમાં માત્ર મનુષ્ય પોતાના બુદ્ધિવિકાસથી કુદરત ઉપર પોતાની સ્વતંત્ર સત્તા જમાવે છે. આવા પ્રકારની સત્તા મનુષ્યે કુદરત ઉપર ક્યારનીએ જમાવી છે. આકાશ, વાયુ, જળ, તેજ અને પૃથ્વીઆદિ પંચમહાભૂત તત્વો ઉપર મનુષ્યે અસ્ખલિત અને સંપૂર્ણ કાબૂ મેળવ્યો છે. અફસોસની વાત એ છે કે આ બધી સત્તા મેળવ્યા છતાં આજના મનુષ્યમાં એવો શોચનીય ફેરફાર જોવામાં આવે છે કે તે પોતે પોતાનો વધારેને વધારે ગુલામ બનતો જાય છે. ટુંકામાં કહીએ તો સાંપ્રત સમયના સમાજની સર્વ પ્રકારની પરિસ્થિતિનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનારને એમ જણાય છે કે મનુષ્ય-જીવન વિકારનાં મૂળમાંજ સડો પેઠો છે. આર્યાવર્તના મનુષ્યપ્રાણીનો મૂળ સ્વભાવ-ગુણ એ નિવૃત્તિ પરાયણતા. આ નિવૃત્તિ-પરાયણતા એ અત્યારે પોતાની જગા આળસ [illegible] કીધી છે અને

તેની જગા આધુનિક યુગમાં પ્રવૃત્તિએ લીધી છે: પ્રવૃત્તિની ધમાલમાંથી પ્રગતિને બદલે અધો[illegible] પ્રાપ્ત થાય છે. અત્યારે મનુષ્ય એક વાત કે કામ પૂરૂં ન કરે ત્યાં હજાર રીતે એના [illegible] ફેરફાર થઇ જાય છે. આપણા દેશના યુવકો અને વૃદ્ધોમાં મનનો વેગ અતિશય વધ્યો છે. [illegible] પરિણામ શુભ કે અશુભ, એ વાતનો નિર્ણય તો પરિણામ ઉપર આધાર રાખે. યુરોપના એક વખત સત્તા અને સમૃદ્ધિના શિરોબિંદુએ પહોંચેલા સઘળા દેશોની સ્થિતિ તો અત્યારે શોચનીય અને ભયંકર બની છે; પણ જ્યારે અમુક દેશ કે તેની પ્રજા અમુક શુભ દેખાતા માર્ગ [illegible] જોસભેર ધસતી હોય ત્યારે જે તેના આ વેગને રોકવાનો પ્રયાસ કરવામાં આવે, તો પૂરજોશમાં દોડતી મોટરના જે હાલ થાય તેવા તે પ્રજાના પણ હાલ થાય.

આજે સંસ્કૃતિના ચિન્હતરીકે યંત્રોની ધમાલ આગળ ધરવામાં આવે છે. આજથી [illegible] વરસ પહેલાં યુરોપમાં પણ એમજ હતું; પણ તે ખંડમાં તો એવો કડવો અનુભવ થતો [illegible] છે કે, આ દુનિયાને જેટલા કાચા-પાકા માલની જરૂર છે, તેના કરતાં પ્રમાણમાં ઘણો [illegible] માલ તૈયાર કરવામાં આવ્યો છે; અને પ્રતિદિન તે માલમાં વધારો થતો જાય છે. મુંબઇ શહેરનું તાજું દૃષ્ટાંત લઇએ. આ શહેરની મીલોએ પેદા કરેલો કરોડો રૂપિયાનો માલ શીલીકમાં પડ્યો છે અને મીલોની સ્થિતિ એવી ગંભીર બની છે કે એકસાઈઝ જકાત કાઢી નાખવામાં આવી છે છતાં મીલોની સ્થિતિમાં લેશમાત્ર પણ લાભપ્રદ ફેરફાર જોવામાં આવતો નથી. આવી સ્થિતિ દશ વર્ષ ચાલે તો મુંબઈ શહેર તારાજ થઇ જાય. આખા દેશની વ્યાપાર-સમૃદ્ધિનો મુખ્ય આધાર માત્ર એકલા મુંબઈ શહેર ઉપર રહ્યો. એટલે થોડા સમયમાં આખા દેશની પણ દયાજનક સ્થિતિ થાય. ત્યારે કરવું શું ? આ પ્રશ્નનો ઉત્તર વિકટ છે પણ અમે તે ઉત્તર આપવાની હિંમત કરીએ છીએ.

જેને જોડા ખૂંચે તેને તેની વેદનાની ખરી ખબર પડે. જેમને મીલના હથોડાના માર [illegible] છે તે તો હવે કબૂલ કરે છે કે, સાયંકાળથી બહુ ઝાઝો લાભ નથી. આ મીલો કરતાં [illegible] વરસ ઉપરના આપણા રેંટીઆ હજાર દરજ્જે સારા હતા. આ ધમધમ કરતી મીલોના [illegible] સુરત શહેરના હાથવણાટનાં કારખાનાં શો ઘણાં સારાં હતાં, તે શહેરનો કીનખાબ અને [illegible] જરીવાળું રેશમી કાપડ આખા યુરોપમાં જતું હતું અને તે વખતની આખી દુનિયામાં વખણાતું પણ હતું, આ બધાનો નાશ થયો. દુર્દૈવે તેનો સદંતર નાશ કર્યો અને તેનું સ્થાન મીલોએ લીધું. આપણા દેશના પુનરોદ્ધારના બે રસ્તા છે અને તે બન્ને રસ્તા ઉત્તમ છે. તે [illegible] નીચે પ્રમાણે છે.

(૧) આપણે પશ્ચિમના સુધરેલા દેશોની અહિતકર સંસ્કૃતિને દેશવટો આપવો જોઈએ [illegible] આપણું [illegible]-રૂચિ મુજબ સાદા જીવનનો પ્રારંભ કરવો. શ્રીયુત વિઠ્ઠલભાઇ પટેલની માફક [illegible] [illegible] કોન્ફરન્સના અધ્યક્ષ થાય તોપણ ખાદીનું ધોતીયું, ખાદીનો ઝભ્ભો અને [illegible] [illegible] નામદાર વૈસરૉય પાસે જવું. શ્રીયુત વિઠ્ઠલભાઇના દાદા હતા. તે [illegible] [illegible] પહેરતા હતા. ખાદીનું એક અંગરખું દેશી ગામડીઆ દરજી પાસે શીવડાવે અને [illegible] [illegible] નહિ. જ્યારે રાજદરબારમાં જવું હોય અથવા વિવાહ વાજનમાં ઘુમવું હોય, [illegible] [illegible] તે [illegible] પહેરે અને આ કામ પૂરૂં થયું કે તુરત તે સાચવીને પેટીમાં [illegible] [illegible] ધોતીઆં અને એક જુની પાઘડીવડે આપણા [illegible] [illegible] એમ કહે છે કે વીસ વરસ પહેલાં [illegible] [illegible] ભયંકર દેખાતી સ્થિતિના પ્રમાણમાં આગળી સારી [illegible] એમ [illegible]

[illegible] એ કે આપણે ખાદીનો [illegible] ઉપયોગ કરવા અને કરાવવા [illegible] [illegible] દરેક [illegible] બે પ્રકારનાં ફરજ છે. [illegible] ફરજ એ કે ખાદી પ્રચાર [illegible] [illegible] આ દેશનો [illegible] આ બે કામ સધે તો આખા દેશને [illegible]

ઉપર કહેવામાં આવ્યું તેમ આજે જીવનનો હેતુ ... છે. ... જીવન એટલે પ્રગતિ-પ્રમતિ; પરંતુ એ પ્રગતિ આત્મિક નહિ, ... વિલાસી સ્વભાવને જે સીધી સાદી રીતે પોષી શકે તેનું નામ આધુનિક પ્રગતિ ... આજના જમાનામાં ... ઢીલાના એન્જીનો દિવસના ૨૪ કલાક આત્મ-સ્વાર્થપરાયણતા અને ... દૃષ્ટિ રાખે છે. તેમ ગામમજુરોના ... પણ આવી જાતની સ્થિતિ ઉપસ્થિત થઇ છે. પ્રગતિની ભાવના ... છે; અને તેથી મનુષ્યના જીવનમાં વ્યવહારિક અને આધ્યાત્મિક દોષ પેસે છે.

વરસો પહેલાં તો મનુષ્યો પોતાની જરૂરીઆત સમજીને ... ભર્યું જીવન ચલાવતા. એ મનોદશા અત્યારે આ દેશના કેટલા સ્થળમાં પ્રતિબિંબિત થતી નથી. ... મહાન ધમાલ મુંબાઇ શહેરમાં ચોવીસ કલાક ચાલતી દેખાય છે, તેટલી ધમાલ-દોડાદોડ અને માનસિક બન્ને ગામડાઓમાં પણ જલદી આવતી સુધી ગઇ છે. આ ... સમયનો પ્રભાવ છે એમ કહીએ તો ચાલે, સારાંશ એ કે મનુષ્યનો વિકાસ જેમ આગળ આગળ વધે છે તેમ તેમ વિકાસની નુખ્યાપ્તિ દૂર ને દૂર થતી જાય છે.

એક મનુષ્ય જરૂરિયાત જમીનનો કે મીલનો માલીક બને અને બીજો પ્રતાપની માફક સાં-ભાળ-ખૂંદના રોટલાના ટુકડાવિના પોતાનાં આંસુડાં પાડે એવી દયાજનક સામાજિક સ્થિતિ ક્યાં સુધી ટકવાની! આનું પરિણામ તો નજીકના ભવિષ્યમાં એ આવવાનું કે આધુનિક સમાજના ભિન્ન ભિન્ન સ્થિતિનાં વ્યક્તિસમૂહોવચ્ચે અત્યારે સોનાની સાંકળની જે ગાંઠીઓ જોડાએલી છે, તે વહેલી કે મોડી તક લઇને તૂટવાની-જરૂર તૂટવાની અને સમાજના હાલના સ્વરૂપમાં મહાન પરિવર્તન થવાનું. સામાન્ય જનસમાજ અને મજુર વર્ગનું નિકંદ એ શ્રીમંત વર્ગના નાશનું મુખ્ય કારણ બનવાનું અને શ્રીમંતવર્ગ વખતસર ન ચેતે તો હાલના સમાજની "શેઠીઆ ચાકર અને ચાકર શેઠ" એવી વિપરીત દશાના ગણેશ અવશ્ય બેસવાના. રૂશીઆએ આ વાત સિદ્ધ કરી. ગ્રેટબ્રીટનની રંગભૂમિ ઉપર આવા પ્રકારનો વેશ ભજવવાનો પ્રારંભ થઇ ચૂક્યો છે. હાલના બ્રિટીશ પ્રધાન મંડળે મજુરો માથું ન ઉંચકે તે માટે નાણાંની મોટી સહાય મજુરવર્ગ આગળ ધરી; પણ શાશ્વત ગોઠવણવિના ભૂખે મરતા મજુરો કદીપણ સંતુષ્ટ થાય તેમ નથી. ફ્રાન્સના રાજકીય પરિવર્તને આખા યુરોપની સમાજો ઉપર પોતાની છાયા પાથરી હતી. તે પ્રમાણે ગ્રેટબ્રીટનના મજુરવર્ગો દંભવિત દાવાન-ળના છાંટા આ દેશની સમાજ ઉપર કાં ન પડે! આ ભાવી આફતમાંથી બચવાનો ઉપાય માત્ર એકજ અને તે ઉપાય એ કે આખા દેશના ઘરેઘરમાં ખાદી પ્રચાર ખાદીઉપયોગ થાય અને લોકો સાદુ જીવન ગાળતાં શીખે એવો પ્રબંધ સત્વર થવો જોઇએ. નર્મદા કે જમનાના ચોમાસાના અપ્રતિબંધ પ્રવાહને રોકવાની મનુષ્યમાં શક્તિ છે, તો પછી મનુષ્ય મન-વિચાર-ઓઘને મનુષ્ય પોતાની અગાધ અને તીવ્ર બુદ્ધિવડે અવશ્ય રોકી શકે. આ કાર્યમાં માત્ર ભગીરથ પ્રયાસ અને અત્યુગ્ર ઉત્સુકતાનીજ ખાસ જરૂર છે. સમાજ જે કાંઇ સાંખી શકે તે એટલુંજ કે દરેક મનુષ્ય, પોતાની જરૂરીઆતના પ્રમાણમાં, જમીનના કકડા કે મીલ-ઉદ્યોગ નીતિ લાભનો ભાગી થઇ શકે, કારણકે સ્વરક્ષણ (આમાં સ્વકુટુંબરક્ષણનો સમાવેશ થાય છે) કરવું તે પ્રત્યેક મનુષ્યનો સ્વાભાવિક હક છે. તે હકના ઉપર ઇતર મનુષ્ય-સમૂહ કે રાજકીય સંસ્થા વ્યાજબી રીતે ત્રાપ મારી શકે નહિ. "आत्मरक्षणा हि कर्तव्या येन केन प्रकारेण" એ આર્ય-ધર્મ-સૂત્ર સર્વાંશે સત્ય છે. આ મર્યાદા ઓળંગાઇ કે ભોગ મળ્યા સમજવા. એ જમીનના નાનકડા કકડા ઉપર ભલે તે મનુષ્ય-વ્યક્તિ યથેચિત પ્રગતિ કરે. તેમાં ઇતરજન આડે આવે નહિ. ભલે તે મનુષ્ય સ્વક્ષેત્રમાં, પો-તાના બચ્ચા સાથે વરસતા વરસાદમાં પ્રમાણિક મજુરી કરી, અથવા મજુરી કરાવી, ઇશ્વરદત્ત શુદ્ધ અને સાદો ખોરાક સહકુટુંબ આરોગે. આવાં અનેક આર્યગૃહો બંધાય ત્યારે દેશમાં સતયુ-ગનું પુનરાવર્તન થાય.

આજ તે પણ દૂર થઇ ગયા હશે. એ કાંટા ન હોય તો કંઇક અંશે એ ખાદ્ય અને સ્વાદિષ્ટ હોય છે. આપણે ત્યાં ગરીબ લોકને એ સ્વાદથી ખાતાં જોઇએ પણ છીએ; પરંતુ ખરા ધનવાનો પણ સફરજન-નારંગી જોડે પોતાના ભાણામાં એને બેસાડે એવાં બનાવવા મી. બુરબેન્કનો પ્રયત્ન છે અને એ ફળ બેસે છે કેટલાં ? અકેક ફાફડે સો સો. એક એકરમાં સો ટનથી અને સુંદર દેખાવ ન આપે તો બુરબેન્કનો હાથ કેમ ઓળખાય ? અત્યારસુધીમાં (૧૯૦૭ ધીમાં) ધોળાં, પીળાં, જાંબુડીઆં એમ અનેક રંગનાં અને કંઇક સ્વાદવાળાં ફળની જાત થઇ છે. કેવળ ફળની દૃષ્ટિથી પણ કાંટાવગરની થોરીનાં ઝાડ દરેક બગીચામાં રોપાવાં જોઇએ.

ઝાડના થડને પણ એણે વશ કર્યું છે. ધાર્યું મજબૂત લાકડું બનાવવું, તેને જલદી કરવું, એને ઇમારતી કામમાં આવે એવું કરવું, નાનું કરવું, મોટું કરવું, એ સૌ એના હુકમ પ્રમાણે જ જાણે બને છે. 'ઓક' ઇ૦ પોણોસો-સો વર્ષે તૈયાર થતાં ઝાડનો ઇમારતી લાકડાતરીકે વાપરમાં ઘણો નાશ થઇ ગયો છે અને અત્યારે એવી ઝડપે દુનિયા ચાલે છે કે, ઇમારતી લાકડા માટે પચાસ-પોણોસો વર્ષ વાટ જોવી તેને પાલવતી નથી. મી. બુરબેન્કે નવ વર્ષમાં તૈયાર થાય અને ઇમારતી કામમાં આવે એવું પાકટ અને કદમાં મોટું થાય એવું ઝાડ બનાવ્યું છે-બનાવ્યું એજ શબ્દ એને માટે જુગતો છે. ઇમારતી કામમાં આવે એટલુંજ નહિ પણ પુષ્કળ જથ્થો એને ખવાય એવાં ફળ બેસે છે. અખરોટનુંજ એ ઝાડ. 'રોયલ વૉલનટ' નું ઝાડ મોટું છે, જલદી થાય છે, ફળ સારાં અને મોટા પ્રમાણમાં આપે છે અને 'ઓક' જેવું લાકડું છે. 'બેરી 'નાં ઝાંખરાં દૂર કર્યાની અને ચેસ્ટનટનાં ઝાડ નીચાં કર્યાની વાત આપણે વાંચી

અનાજ ઉપર એનો હાથ ન ફર્યો હોય એમ તે કાંઇ બને ? અમેરિકા મકાઇ ઠીક પ્રમાણમાં ઉગાડે છે. એક સાંઠે પંદર પંદર ડોડા બેસે એવી જાત તેણે બનાવી છે. મીઠાશ વધારે હોય, દાણા વધારે હોય એવી જાત, દાણામાં 'સ્ટાર્ચ' વધારે હોય એવી જાત, પીળા, લાલ કે દાણા બેસે એવી જાત એમ અનેક જાત તેણે ઉગાડી છે. ઘઉંની જાત પણ નવીન બનાવી કણસલા દીઠ દાણા વધારે ઉતરે, રોગની સામે ટક્કર ઝીલે અને બધી જાતનાં હવા અનુકૂળ હોય, એવી જાત બનાવી છે. "રાઈ" ના દાણા પણ એવડા મોટા થાય એવું છે. જંગલી ધાન્ય સુધારીને નવી જાતનું ધાન્ય બનાવવાનું હાથપર લીધું છે. બગીચામાં આંતરે શોભાના છોડતરીકે અનાજના ક્યારા કરવા એની ભલામણ છે. આથી પ્રયોગ, અને ખોરાક ત્રણેની અનુકૂળતા થાય છે.

એ જે જે વસ્તુ હાથમાં ઝાલે છે, તેમાં તેની સર્વગામી દૃષ્ટિ હોય છે. એ જાણે છે કે વસ્તુ અનેક કારણે કિંમતી ગણાતી હોય છે. કોઇકને કદ મોટું હોય તે પસંદ, તો બીજાને પસંદ, ત્રીજાને ફાલ મોટો બેસે તે ઉપર લક્ષ્ય ને ચોથાને એના સ્વરૂપનો મોહ. બુરબેન્ક પ્રયોગ કરે છે, ત્યારે આ કારણે બે ચાર જાતો નીપજાવે છે અને બને ત્યાંસુધી બને બધાએ સારા ગુણ એકમાંજ એકત્રિત કરી શકાય તેવી તજવીજ કરે છે. આજ કારણે ફલ અને છોડ ખાદ્ય મૂળવાળા બને, થડ ઇમારતી લાકડું આપે અને ફળ બજારમાં પૈસા એવાં ઝાડ ઇ૦ તરફ એનું લક્ષ વધારે હોય છે.

પણ આ બધું અને આટલું બધું એ કરે છે શી રીતે ? એના હાથમાં કોઈ જાદુ કે લાકડી આવી ગઈ છે, કે જેથી ફળ, ફુલ, ઝાડ એના હુકમમાં રહી તેવું કર્યું કરે ? કે કોઈ રસાયણી પ્રયોગો અજમાવે છે ? કે એ કરે છે શું ? એણે શું કર્યું છે, તે જાણવા કરતાં શી રીતે કર્યું છે તે જાણવું આપણને વધારે ઉપયોગી થઇ પડશે. એણે જીવનભરમાં કશું નથી રાખ્યું. જે કાંઇ એણે કર્યું છે, કરે છે કે કરવા ધારે છે, તે સઘળું બધાની આગળ સર્વોત્સવમાં રજુ કરી દે છે. પૂરી માહિતીની જેને ઇચ્છા હોય તે એનાં પુસ્તકો વાંચી લે; પણ આ લેખમાટે તો બેજ શબ્દોમાં એની કામીઆગરી જણાવી શકાય; નિર્વાચન (ક્રૉસ બ્રીડીંગ) અને સંગ્રહણ (સાર્ટન આઉટીંગ). બે જુદી જુદી જાતનાં પુષ્પોના પુંકેસર અને સ્ત્રીકેસર મેળવી નવી જાત ઉત્પન્ન કરવાની કળાને નિર્વાચન કહે છે અને એકજ જાતમાંથી પસંદ કરી તેમાંથી છોડ ઉગાડી, તે પૈકીનાં સારાં બીજ સંગ્રહી, વળી ફરીથી તેમાંથી... એમ બે પાંચ સાત પેઢીસુધી વીણી વીણીને બીજ સંઘરવું એ વીણામણ (સાર્ટન આઉટીંગ)

આ બન્ને વાત સાચી અને [illegible] છે. '[illegible]' [illegible] અને વનસ્પતિ [illegible] છે અને [illegible] માનની કે પણ [illegible]–પ્રથમ પેદા થઈ. [illegible] નો સંયોગ સાધવો અને તેની પાછળ અથાગ પરિશ્રમ, [illegible] પ્રમાણમાં માપવાં એ 'બુરબેન્ક'ની [illegible] નહિ, કરતો નહિ, પણ કેટલા પ્રયોગો 'બુરબેન્ક' કરીને [illegible] આગળ જાય છે અને આપતા જાય છે [illegible] તેનાથી વધારે કરી બતાવવાની એની ઝંખના છે. પોતાનું ધાર્યું પરિણામ ન આવે [illegible], ચિત્તનું મન પરિપૂર્ણપણે સંતોષ ન પામે, ત્યાંસુધી [illegible] સેવતા હારે નહિ, એવી તેની ખાસિયત છે. નાની [illegible] એકઠ કરવા છે–અને લાખો છોડ પ્રયોગમાટે ઉછેરવાના [illegible] લીલી કાચી બાળીના એ બાળી મૂકે છે. [illegible] કિંમત દસ-હજાર ડૉલર થાય છે. આપણે ત્યાં અને અમેરિકામાં એ [illegible] પ્રયોગ કરનારાઓને એમ કરવાની જરૂર ન પડે અને થોડીક મહેનત અને [illegible] સારાં પરિણામ આવી શકે; પણ બુરબેન્કને તો પોતાનું ધાર્યું જ કરવાની અને તે ન થાય ત્યાંસુધી પૂરી ધીરજથી પ્રયોગ કર્યા કરવાની ટેવ. દરેક વર્ષે લાખો બીજનાં ઘર કરે, તેમાંથી પરાણે પાંચ–પચાસ છોડ પસંદ કરે અને તેનાં ત્યન કરી મોટાં થાય, ત્યારે તેનાં બીજ ઉતારી તેના ફરી લક્ષાવધિ પર ઉછેરે. એમ પચાસ પચાસ પેઢી સુધી મહેનત કરે, ત્યારે એકાદ છોડ એને મનપસંદ પરિણામ આપે. ઉપર જણાવી ગયેલા કાળા પાઉળ એને ૭ પેઢીના પ્રયોગ કરવા પડેલા, કેટલાકને માટે તો એને પચીસ પચીસ વર્ષનાં ગાળા વાનાંસુધી ધીરજ રાખવી પડેલી. બટાકાની જેડે સન્નેજમાં તો કોઈક જ વાર એ ફાવે છે, ગામ એને અંત–ધીરજ બહુ રાખવી પડે છે.

મોટાં ફળ–ઝાડ જેમને દરેકને બીજમાંથી ઉગી ફળ આપે, ત્યાંસુધી ઓછામાં ઓછાં દસ-બાર વર્ષ જોઈએ. તેના પ્રયોગો પાંચસાત પેઢીસુધી કરવામાટે મનુષ્યની જીંદગી પૂરતી નથી અને બુરબેન્કને નામે તો એવાં અનેક નવીન ફળઝાડ ચડી ચૂક્યાં છે; પરંતુ તેથી આશ્ચર્ય પામવાનું કારણ નથી. અનેક પ્રયોગને અંતે એણે સિદ્ધ કર્યું છે કે, બીજમાંથી જરાક મોટું ઝાડ થાય એટલે એજ જાતના મોટા વૃક્ષ ઉપર તેની કલમ ચડાવી દેવાથી એ વર્ષમાં ફળ બેસે છે અને તેથી લગભગ ત્રણ પેઢીના અખતરા એકજ પેઢી જેટલા વખતમાં થઈ શકે છે. જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં અખતરામાટેનો સમય બને તેટલો ટૂંકો કરવાની એની એક ખાસિયત છે. સતત પ્રયત્નથી એની આંખ, એની ઘ્રાણેન્દ્રિય એવાં કેળવાઈ ગયાં છે કે હજારો નમુનામાંથી એને જોઈતા ચાર-પાંચ નમુના એ પાંચદશ મીનીટમાં જૂદા પાડી શકે. હજારો ફૂલમાંથી સહેજ જૂદી પડતી ગંધવાળું કે સહેજ જૂદા પડતા રંગની ઝાંયવાળું ફૂલ તેને એકદમ જડી આવે. આમ પણ એ સમયનો બચાવ કરી શકે છે. ઘરના ઉછેરમાં, એને ખાતરપાણી આપવામાં અને હવા તથા ગરમી આપવામાં અને ઝીણવટથી તકેદારી રાખે છે. બીજ પણ પોતાની નજર આગળ મંઅરે છે. આમ પ્રયોગ નિષ્ફળ ન જાય, જલદી થાય, એ માટે બધી ઝીણી વિગતો ઉપર એ ખાને ધ્યાન આપે છે.

દરેક ઝાડ કે છોડમાં સૌથી પહેલી વાત એ નિરોગીતાની જુએ છે. જરાય રોગી, નમાલું કે નાતાકાતવગરનું ઘરૂ એ તરતજ ઉપાડી નાખે. ગમે તેવું સુંદર ફૂલ કે સ્વાદિષ્ટ ફળ થવા સંભવ હોય, પણ જો ઝાડ કે છોડ રોગ સામે ટક્કર ઝીલે તેમ ન હોય તો એ આખો અખતરો ફરીથી કરે. જો જંતુ તેનો નાશ કરી શકે, જો ભેજ કે ઉનાથી તેને હરકત આવે, તો ગમે તેટલા જથા-બંધ કે ગમે તેવાં સુંદર ને સ્વાદિષ્ટ ફૂલ કે ફળ આપનાર ઝાડને તે પોતાના બગીચામાંથી દેશપાર કરતાં અચકાય નહિ. બુરબેન્ક પોતાને ત્યાં કોઈ પણ જાતની જંતુનાશક દવા કે પદાર્થ વાપરતા નથી. એને દરેક રોગ સામે ટક્કર ઝીલી શકશે એવી ખાત્રી થયા પછીજ એ ઝાડ બજારમાં મૂકે છે.

આપણે બુરબેન્કના ચરિત્રમાંથી શું શીખીએ? આપણે ત્યાં હવાપાણીની અનુકૂળતા છે, સૂર્યનારાયણની આપણા ઉપર મહેર છે, અનેકવિધ વનસ્પતિ આપણે ત્યાં ઉગે છે, ઉગી શકે છે. આપણે વધારે સારાં ફળ નથી જોઈતાં, વધારે મીઠાશ આપણાથી નથી છરવાય એવી, આપણને

વધારે પેદાશ નથી ગમતી, એવું તો કોઇજ નહિ કહે. આપણને ઠળિયાવગરનાં જાંબુ કે ગોટલા-
વગરની કેરી નથી ભાવતી એમ નથી. પીચના ઠળિયામાંથી બદામ નીકળે એ સૌને ગમે. બટાકા-
ના છોડ ઉપર ટમેટાં ઉગે એ શાકભાજીના બગીચાવાળાને ગમે. ખોરસલીને ચીકુનાં ફળ બેસે
(બન્ને એકજ જાત હોવાથી આ ખ્યાલ હવાઇ નથી) તો સુગંધી પુષ્પ અને સ્વાદુ ફળનો સુ-
યોગ થાય. ખોરના કાંટા અને ઠળિયા બન્ને કાઢી નાખવા જેવી વસ્તુ છે. કાંટાવગરના થોર
દાખલ કરવા જેવી વનસ્પતિ ગણાય. આમાં કશું અશક્ય નથી. કાંટાવગરનાં ગુલાબ આપણે
ત્યાં ઉછરતાં જોયાં છે. રાયણ ઉપર ચીકુની કલમ હાલ થઇ છે. તે કીમીઓ હવે સૌ જાણી ગ-
તેટલો સહેલો થયો છે. રણોલી ખોરની કલમે સદ્ધર થયું, તે સૌ જાણે છે. આજે ગુજરાતમાં ફ-
ઝાડનો શોખ વધ્યો છે, પણ આવડત વધી નથી. થોડા ધનવાનોના બગીચા વગરખીજેથી કે
પાણના અભાવે ફળની ખેતીની પીછેહઠ થશે અને વળનાં પાણી સારૂં હશે તેયે ઘસડી જશે.
આવે વખતે સારા અનુભવી અખતરા કરનારાઓ, આપણાં ખેતીવાડી ખાતાંઓ,
આપણા ખેતીવાડીના ગ્રેજ્યુએટો, આપણા અનુભવી ખેડુતો અને આપણા શ્રીમંત
ધનિકો થોડા થોડા પ્રયોગો કરે, થોડાંક પણ સારૂં વળતર આપે એવાં ફળાઉ ઝાડો ગુજરાત-
ને આપે, તો આપણા ખેતીપ્રધાન દેશમાં લક્ષાવધિ નાણું પેદા કરવાની અને બચાવવાની
તક ગુજરાતને મળે. અરે, નવા પ્રયોગો ન કરવા હોય તો જે પ્રયોગો સફળ થયા છે, તેનો ઉ-
ખલ કરે અને વિસ્તારે તોયે ઘણું છે. માત્ર એ દિશામાં કોઇ પહેલ કરે તેની ખોટ છે. આ-
પણા ખેડુતો ઉદ્યોગી અને મહેનતુ તો છેજ. અજ્ઞાન હશે, જરા નવી ઘરેડમાં પડતાં વાર લાગે
એવા જૂના મતના પણ હશે; પરંતુ પડોશમાં નવી જાતના પ્રયોગ થતાં જુએ અને પોતાનીજ જેવી
જમીનમાં પોતાને મળે તે કરતાં વધારે નફો થતો જુએ તો એ નવા પ્રયોગનો લાભ ન ઉઠાવે એટલા
મૂર્ખ નથી અને અહીંજ સરકાર અને ધનવાનોનું કાર્યક્ષેત્ર છે.

બુરબેન્કને હજુ ઘણું કરવાની ઉમેદ છે. હજુસુધી જે કર્યું છે, તે કરવા ધાર્યું છે તેના હિસ્સે
કાંઇજ નથી; અને જે કરી શકાય તેવું છે તેનું ક્ષેત્ર ઘણું વિશાળ છે, એમ એ આજે એંશી
વર્ષની ઉંમરે કહે છે. "હજુ તો મેં મારૂં કાર્ય માત્ર આરંભ્યું છે. ઝાડને માણસના ઉપયોગમાં
લાવવાના કામની હજુ શરૂઆત છે. ભવિષ્યમાં હું ઝાડ અને છોડ ઉપર વધારે ફળ બેસે એમ ક-
રવા ઇચ્છું છું, પણ એના કરતાં તેમને અધિક મિષ્ટ, અધિક સારવાન અને ખુશનુમા બનાવવા
ઇચ્છું છું. એમાં એવા ગુણો ઉતારવા ઇચ્છું છું, કે જેથી તે બહુ દિવસસુધી સુરક્ષિત રહી શકે,
સડે નહિ, એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલતાં ખરાબ ન થાય અને એમાંનો પ્રત્યેક ઝેરી
કે હાનિકારક અંશ દૂર થઇ જાય. ભાગ્યે એવો કોઇ દિવસ વીતતો હશે, કે જ્યારે કાંઇ નેકું
નવી વાત હું ન શીખતો હોઉં. કામ કરનારે છોડને ઓળખવા એ અત્યંત આવશ્યક વાત છે.
આવતા પાંચ વર્ષમાં આજસુધી નથી કર્યું એટલું કામ કરવા ધારૂં છું."

બુરબેન્ક કેવળ બગીચાવાળો નથી. એને હૈયે દેશદાઝ છે. એણે પ્રયોગો કરીને ઝાડપાન
ઉછેરવા ઉપરાંત મનુષ્યની (એ "માનવ-છોડ" કહે છે) ઉછેર ઉપર પણ વિચાર કર્યો છે.
એના મત પ્રમાણે જન્મ અને વૃદ્ધિ વનસ્પતિ–પશુ–મનુષ્ય ત્રણેમાં એકજ રીતે થાય છે. નરમાદા-
નો સંયોગ એ ત્રણેમાં ઉત્પાદનકારણ છે. હવાપાણી અને બરદાસ્તથી ત્રણે વૃદ્ધિ પામે છે.
બીજગત ગુણ–અવગુણ પેઢીઉતાર ત્રણેમાં ઉતરે છે. 'ક્રૉસ બ્રીડીંગ' અને 'લાઇન બ્રીડીંગ'
પશુમાં આપણે અજમાવીએ છીએ, વનસ્પતિમાં અજમાવીએ છીએ, મનુષ્યમાં અજમાવી શકીએ-
અજમાવી જોવાં જોઇએ. વનસ્પતિ અગર પશુની પેઠે મનુષ્યોની પ્રયોગશાળા તો નજ થાય, પણ
લગ્ન વખતે યોગ્ય કાળજી રાખવામાં આવે તો પ્રજા જરૂર સુધરે. કોની સાથે લગ્ન કરવાં એના
કરતાં કોની સાથે ન કરવાં, એ વાત ઉપર વધારે કાળજી રાખી શકાય; અને બીજી વાત પ્રજા-
ઉછેરની. એમાં જરૂર આપણે વધારે ધ્યાન આપવું ઘટે. જેટલાં જતન ઝાડ કે પશુના કરીએ
જેટલી કાળજી આપણા માનીતા ગુલાબ કે મોગરાના ખાતર પાણીની રાખીએ, તેટલી અને તેથી
અનેકગણી વધુ કાળજી આપણા ભવિષ્યના પ્રજાજનની ન રાખીએ, એ મૂર્ખાઇ નહિ તો બીજું
શું ? પેઢીઉતાર ગુણ સચવાય, દુર્ગુણ નાશ પામે, પ્રજા સશક્ત અને સુંદર બને, એ અ-
તરફ નજર રાખવી ઘટે અને વનસ્પતિ અને પશુઉછેર શાસ્ત્રમાંથી શોધેલાં સત્વો શક્ય હોય

આ [illegible] મહાત્માને [illegible] ... [illegible] ... શ્રદ્ધાની [illegible] ... [illegible] ... [illegible] ... ગણાય છે. [illegible] ... [illegible] ... એ આખું અપ્રસ્તુત છે.

હરિનામરૂપી રસાયણ સાથે પાળવાનું પથ્ય

(સંત હરિદાસકૃત)

(એસા ધ્યાન શિવ હરીહર કા ધરકર આમન વાલંભર કા—એ રાગ.)

હરિનું નામ રસાયણ સેવે પણ જો પથ્ય પળાય નહીં,
નામ રટણનું ફળ નવ પામે ને ભવરોગ ટળાય નહીં. ૧

પહેલું પથ્ય અસત્ય ન વદવું નિંદા પરની થાય નહીં,
નિજવખાણ કરવાં નહીં સુણવાં વ્યસન કશુંએ કરાય નહીં. ૨

હરિજનને દુભાય ન જરીએ હરિજન નિંદા થાય નહીં,
ખળ આગળ હરિનામ તણા ગુણ ભૂલે પણ વરણાય નહીં. ૩

હરિહર માંહે ભેદ ગણીને વિતર્ક વાદ વદાય નહીં,
વેદશાસ્ત્ર આચાર્યવરોનાં વચનો ઓલંઘાય નહીં. ૪

નામતણા અતુલિત મહિમાને વ્યર્થ વખાણ ગણાય નહીં,
છે હરિનામ હવે ડર શો એમ જાણી પાપ કરાય નહીં. ૫

છે હરિનામ હવે ડર શો એમ નિજ કર્તવ્ય તજાય નહીં,
નિજ વર્ણાશ્રમ ધર્મ સાચવી દુર્જન સંગ સજાય નહીં. ૬

પરનારી માતા સમ લેખી કદી કુદૃષ્ટિ કરાય નહીં,
ત્યમ,પરધન પાષાણ ગણીને નિજ અભિલાષ ધરાય નહીં. ૭

જીવ સઘળા હરિના જાણીને કોઇને કષ્ટ અપાય નહીં,
મન વાણી કાયાથી કોઇનું કિંચિત કડું થાય નહીં. ૮

હું હરિનો હરિ છે મમ રક્ષક એહ ભરુસો જાય નહીં,
જે હરિ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહીં. ૯

ઇતર નામ સરખું સાધારણ હરિનું નામ ગણાય નહીં,
લૌકિક ધર્મની સાથે નામને કદીએ સરખાવાય નહીં. ૧૦

કર્યું કરું છું ભજન આટલું જ્યાં ત્યાં વાત કરાય નહીં,
હું મોટો સુજને સૌ પૂજે એ અભિમાન ધરાય નહીં. ૧૧

આ સૌ પથ્ય હૃદયમાં રાખી કદીએ પણ ભુલાય નહીં,
નામ રસાયણ સુખથી સેવે તો તે એળે જાય નહીં. ૧૨

સ્વલ્પ કાળમાં સિદ્ધિ મેળવે ત્યાં સંદેહ જરાય નહીં,
શ્રી હરિદાસ તણા સ્વામીને મળતાં વાર જરાય નહીં. ૧૩

ધર્મવીર હકીકતરાય

('[illegible]ભૂમિ' તા. [illegible] ના અંકમાંથી)

ધર્મવીર [illegible] મહમદશાહ રંગીલાના શાસનકાળમાં સંવત ૧૭૮૦ માં પંજાબના [illegible] નગર સિયાલકોટમાં થયો હતો. એના પિતાનું નામ ભાગમલ અને માતાનું નામ [illegible] હતું. [illegible] ભાગમલ [illegible] લાહોરના હાકેમના દરબારમાં એક [illegible] હતા. [illegible] હકીકતરાયજીનો વિવાહસંબંધ [illegible] થયો હતો. (જ્યારે હકીકતરાય પોતાને [illegible] ધર્મની [illegible]. આ ઉપદેશની [illegible] પોતાને ઘેર આવી શાળામાં ભણવા [illegible] હકીકતરાયની ઉમર બાર વર્ષની હતી.

× × ×

[illegible] એક દિવસ [illegible] મુસલમાનના છોકરા [illegible] હકીકતરાયની [illegible] કરી. તેમણે મહાશક્તિ શીતાજીને ગાળો દેવા માંડી અને [illegible] હકીકતરાયથી [illegible] ન રહેવાયું. તેમણે પણ તેના ઉત્તરમાં મહમદ સાહેબની દીકરી [illegible] મુસલમાન છોકરાઓએ શીતાજીને માટે [illegible]. આથી મુસલમાન છોકરાઓએ મળીને હકીકતરાયને ખૂબ માર્યો. મૌલવી [illegible] આવ્યા કે તરતજ તેમને મુસલમાન છોકરાઓએ કહ્યું કે, કાફર હકીકતે [illegible] ફાતિમાને ગાળો દીધી. હકીકતરાયે તેના જવાબમાં કહ્યું કે, પહેલાં એમણે ભગવતી શીતાજી [illegible] ગાળો દીધી, તેજ શબ્દો મેં ફાતિમાને માટે કહ્યા છે. એ સાંભળતાંજ મૌલવી સાહેબનો પારો ચઢી ગયો. હકીકતરાયને લાત, મુક્કા,સોટીઓથી ખૂબ માર્યો અને પછી [illegible] હકીકત લખીને તેને કાજીની પાસે મોકલી આપ્યો.

કાજીએ હુકમ કર્યો કે, જો હકીકતરાય તોબાહ પોકારીને મુસલમાન થઈ જાય તો તેને છોડી દેવો; નહિ તો તેની ગર્દન મારવી. આ હુકમ સાથે [illegible] મુકર્દમો [illegible] સિયાલકોટના હાકેમ અમીરબેગની પાસે મોકલી આપ્યો.

× × ×

અમીરબેગે કાજી અને મૌલવીના મોઢેથી સર્વ વૃત્તાંત સાંભળીને ઉત્તર આપ્યો કે:-"બાળકોનું લડવું, ઝગડવું અને ગાળાગાળી કરવાનું હમેશ થયાંજ કરે; માટે એવી બાબતોમાં સારા અને વિચારશીલ માણસોએ ધ્યાન આપવું ઉચિત નથી; માટે આપ એ ઝગડાને વધારે ના જગાડો. છોકરાઓને ધમકાવી છોડી મૂકો હકીકતરાયને પણ સારી રીતે ધમકાવી જવા દો.

કાજીએ કહ્યું કે, ધર્મની આજ્ઞામાં બુદ્ધિ અને ન્યાયનો અવરોધ નથી આવી શકતો. એણે તો કુરાન અથવા તરવારને આધીન થવું જોઇએ. અમીરબેગ આ ઘોર અત્યાચાર કરવાનું ચાહતો નહોતો, એટલામાટે તેણે પોતાને માથેથી આ બલા ટાળવામાટે હકીકતરાયનો મુકર્દમો લાહોરના સુબેદારની પાસે મોકલી આપ્યો.

× × ×

હકીકતરાયની સાથે તેની મા, બાપ, નાનકડી વિવાહિતા સ્રી અને નગરનાં સેંકડો માણસો લાહોર ગયાં.

જ્યારે કાજીઓએ કોઇ પ્રકારથી માન્યું નહિ, ત્યારે લાચારીથી સુબેદારે હકીકતરાયનું શિર કાપવાની આજ્ઞા કરી. આ આજ્ઞા સાંભળતાંજ હકીકતરાયની મા ગાંડાની પેઠે દોડી અને હકીકતરાયને છાતીસરસો ચાંપી રોતી રોતી કહેવા લાગી –'બેટા! મુસલમાન થઇ જા; જીવતો હોઇશ તો તારી મૂંઠ જોઇને પણ મારી આંખો ઠરશે! તારાસિવાય અમારી–વૃદ્ધોની સેવા કોણ કરશે?'

હકીકતરાય હાથ જોડી બોલ્યો કે:–"માતાજી! જે મળમૂત્રના શરીરને માટે આપ આટલું રુદન કરો છો અને મને ધર્મથી પતિત કરવાનું ચાહો છો, તે એક દિવસ માટીમાં મળી જવાનું ને? જનની! આપણો આર્યધર્મ છોડીને તારી કુખને અને પિતાજીના વંશને કલંકિત કરવા નથી

વાલ્નો! હું હિંદપુત્ર છું! જીવને માટે મારો [illegible]
નથી. આપ મારા આ નાશવંત શરીરની ચિંતા છોડી દો અને [illegible]

જલ્લાદ હકીકતનો હાથ પકડી વધસ્થાને લઈ ગયો; પરંતુ હકીકતરાય [illegible] વિકરાળ ચહેરો અને હાથમાંના ચળકતા [illegible] તેના હાથમાંથી [illegible] પડી ગઈ, હકીકતરાયે [illegible] ઉપાડી જલ્લાદના હાથમાં આપી કહ્યું કે:—"ભાઈ! તેમાં તારો કાંઈ દોષ નથી. તું તારા સ્વામીની આજ્ઞાનું પાલન કર.' ક્ષણવારમાં નવીન [illegible] હકીકતરાયના શિરચ્છેદ [illegible] તરવાર ચલાવી! પ્રાણી માત્ર [illegible] ધર્મવીર હકીકતરાયનો આત્મા આ નશ્વર વિશ્વ-માંથી પરલોકમાં પ્રયાણ કરી ગયો. ધન્ય છે એ ધર્મપરાયણ વીર હકીકતરાયને!

આર્યજનનિ! ભારતભૂમિ! તું હકીકતરાય જેવા આવા ધર્મવીર સંતાનોને ઉત્પન્ન કરી પોતાના નામને એકવાર પુનઃ સંસારમાં વિખ્યાત કર!!

હે ઈશ્વર! પરમાત્મન! તું આર્યોના હૃદયમાં હકીકતરાય જેવા આત્મબળની સ્થાપના કર, કે જેથી આજે તારા પવિત્ર વૈદિક ધર્મના મહત્વને જાણી આખા આર્ય જનતાની [illegible]!!!

શ્રીરામતીર્થ—યશોગાન

લેખક-(વિયોગી હરિ-માધુરી-વર્ષ ૩, ખંડ ૨ માંથી)

(છપ્પય)

(૧)

જયતિ દેશ ઉદ્ધરન, મોહ-તમ-હરન કલાધર, સૌમ્ય મૂર્તિ, નિર્ભાંત, શાંત, સમ, દાંત, દયાકર;
ઓજસ્વી, મતિમાન, ધ્યાન-રત, પ્રણ-પરાયન, બ્રહ્મચર્ય-વ્રત-ધીર, ધીર-બર, જ્ઞાન-રસાયન.
અતિ ઉદ્ભટ નિગમાગમ-સુભટ, શુભ તપોધન, જય-જયતિ;
જય બ્રહ્મ-બિમલ-પંકજ-રસિક, રામતીર્થ-મધુકર જયતિ.

(૨)

જયતિ એક જાતિય ભાવ-ભાવક, ભુવ-નાયક; રાષ્ટ્ર-વાદ-આચાર્ય, રાષ્ટ્ર-ગૌરવ-ઉન્નાયક;
દેશ-ભક્તિ-રસ-મધુપ, દેશ-કલ-કીર્તિ-કલાપી, સ્વર્ગાધિપ સ્વાતંત્ર્ય-મંત્ર-સ્વર મધુર-અલાપી.
ભુવિ-ભારત-જનની-પ્રિય-સુવન, જીવન-ધન, સહૃદય, સદય;
જય બંધન મત્ત-ગયંદ-હિત, રામતીર્થ-મૃગપતિ અભય.

(૩)

જયતિ કૃષ્ણ-પદ-પદ્મ-સરસ-મકરંદ-મધુવ્રત, શ્રીવૃંદાવન-રસિક, ભાવના-ભરિત, રાસ-રત;
જયહિમાદ્રિ-શિત-શિખર-રમણ,કૈલાસ-ઉપાસી, 'સોઽહમસ્મિ'ધ્વનિ-વૃત્તિ-બિમલ-ગિરિ-ગુહાનિવાસી.
નિત પરમ પૂત, અવધૂત-બર, સુંદર, સહજ સમાધિમય,
સુરસરિતા-ગંગ-તરંગ-કલ-કેલિ-કલોલ-મરાલ જય.

(૪)

નિખિલ શાસ્ત્ર-નિષ્ણાત,બદ-બેદાંત-બિભૂષિત, તપ્ત સ્વર્ણ-સમ શુદ્ધ, બુદ્ધ, અતિ અમલ, અદૂષિત;
ભાનુ પ્રચંડ, અખંડ દંભ-પાખંડ-બિનાસક, દિવ્ય જ્યોતિધન, કર્મ-કુશલ, સદ્ધર્મ-પ્રકાશક.
પરિપૂરન પ્રતિભા-પ્રભા-ધર, પરાપરા-પંડિત-પ્રબર;
જય આર્ય ઈષ્ટ-પથ-પથિક ઋષિ રામતીર્થ કલિ-કલુષ-હર.

(૫)

દિયૌ ત્યાગિ સરબસ્વ ધારિ કૌપીન કમંડલ, હાથ અસન-ગદ સત્ય-ધ્વજા રોપી મહિ-મંડલ;
કિયા બિજય મદ-લોભ, કામ કૌ અજય સમર મુનિ,સત્ય-સેતુ બનિ યા ભૂતલ પૈ ભયૌ અમર-ધુનિ.
નિત-નિત નૂતન તવ ગુન-ગનનિ ગાવૈં હમ સબ દ્રોહ તજિ;
સબ સદાચાર-રત રહૈં નિત લહિ સ્વતંત્રતા-સુખ સહજિ.

[illegible]

આ પણ એક કુદરતની અજબ બલિહારી છે.

ચોવીસ ઈશ્વરાવતારનું નામસ્મરણ

ગંભીર ચોપાઈ.

જય જય આદિ વરાહ, મીન વામન મન્વંતર; સનકાદિક નરસિંહ દેવ, નર પ્રભુ ધન્વંતર;
કપિલ કમઠ હયગ્રીવ, હંસ હરિ નર નારાયન; ઋષભદેવ રઘુવીર, કૃષ્ણ પરિબ્રહ્મ પરાયન.
બુદ્ધ નિકલંકી વ્યાસ, પૃથુ પૃથ્વી કે ઈશ; પરશુરામ અભિરામ, યજ્ઞપત એ ચોવીશ;
જિનકે પદ અરવિંદ, વંદ મુનિ વંદન કરહીં; તિનહિ ચરનકિ રેનુ, સદા મેરે શિર ધરહીં.
પાદકિ રેનુ પ્રસાદ, ખુલે અનુભવકે લોચન; દેખ્યા ચેતન બ્રહ્મ, ભયા જિનતેં ભવ મોચન;
અબ ન રહીં ભવરૂપ, રૂપ નિજ અપના પાવા; દેવા ગુરુ દયાલ દવા, કરી મોહિ બનાવા.

નવી મા હોય તો નવો બાપ પણ થાય ને?

(હિંદુસ્થાન તા. ૩-૮-૨૧ માંથી)

[બાપદીકરો ઓટલાપર બેસી વાતો કરતા હતા. બાપે છોકરાને કહ્યું કે:–" આ તારી નવી માને તારે બા કહેવી."]

છોકરોઃ–બાપજી! તમે મારેમાટે નવી મા કેમ લઇ આવ્યા?

બાપઃ–તારી જુની મા મરી ગઈ એટલે તને ગમે નહિ તેમાં.

છોકરોઃ–ત્યારે બાપા તમે મરી જશો, ત્યારે મારી આ નવી મા મારેમાટે કોઇ નવો બાપ લઇ આવશે કે?

બાપઃ–એર ગધેડા, એમ તારાથી બોલાય કે?

છોકરોઃ–કેમ બાપા! એમાં ખોટું શું?

બાપઃ–તારી માથી બીજીવાર પરણાયજ નહિ.

છોકરોઃ–ત્યારે બાપા! તમને પરમેશ્વરે પરવાનગી આપેલી કે તમારાથી મારેમાટે જોઇએ તેટલી મા અણાય?

એક પ્રચંડ વ્યાયામસંઘ

('હિંદુસ્થાન' તા. ૮-૧૧-૨૬ના અંકમાંથી)

ગુજરાતમાં તેનું અનુકરણ થવાની જરૂર

છેલ્લી લડાઇ પછી ઝેકોસ્લોવાકીઆ એ દેશ સ્વતંત્ર થયો છે. તે પહેલાં બોહેમીઆના એક ભાગતરીકે તે ઑસ્ટ્રીઆના તાબામાં હતો; અને ઑસ્ટ્રીઆના તાબામાં હતો ત્યારથીજ ત્યાં વ્યાયામ સંઘની ચળવળ શરૂ થઇ હતી. હાલમાં હિંદમાં અને ખાસ કરીને ગુજરાતમાં વ્યાયામ તરફ લોકાભિરુચિ વધતી જાય છે તેવે વખતે, ઝેકોસ્લોવાકીઆમાં ઉભી થયેલી પ્રચંડ વ્યાયામ સંસ્થાની ચળવળ ઉપરથી એવી સંસ્થાઓની સંઘટના કેવી રીતે કરવી તે સંબંધમાં વાચકોને કંઇ જાણવાનું મળશે, એમ સમજીને આ લેખ આપવામાં આવે છે.

આ સંઘટનાનું 'સોકોલ સંઘટના' એવું નામ છે. સોકોલ એટલે કાકાકૌઓ અને સંઘના પ્રત્યેક સભાસદની ટોળીમાં સંઘના ચિહ્નતરીકે કાકાકૌઆનું એકેકું પીછું હોય છે, તેથી એ ચળવળનું નામ 'સોકોલ ચળવળ' એ નક્કી થયેલું છે.

'બળવાન શરીર'

આ ચળવળના પ્રવર્તક ડૉ૦ મીરોસ્લાવ ટીરશ એ એક જૂની-નવી કળાના અભ્યાસી અને તત્ત્વજ્ઞાની હતા. ગ્રીસ અને ઇટલીનો સ્ફુર્તિમય પ્રાચીન ઇતિહાસ વાંચીને ઝેક રાષ્ટ્રની સ્વતંત્રતા ઘેર કરવા સારૂ માનસિક અને શારીરિક તૈયારી કરવી એ હેતુથી તેમણે આ ચળવળ શરૂ કરી. ઇ૦ સ૦ ૧૮૬૦માં ઑસ્ટ્રિયાની આપખુદ સત્તાનું જોર કમી થયું તે વખતે ડૉ૦ ટીરશ માત્ર ૨૮ વર્ષના જુવાન હતા. તે પછી બે વર્ષ પૂર્ણ તૈયારીમાં ગાળી ૧૮૬૨ની સાલમાં પોતાના ધ્યેયનું નાનકડા પ્રમાણમાં દિગ્દર્શન કરવામાટે તેમણે એક વ્યાયામ મંડળ સ્થાપન કર્યું. ડૉ૦ ટીરશની કલ્પના અને ઉદ્દેશ રાષ્ટ્રીય નેતાઓએ માન્ય કર્યાં અને તેમણે તાબડતોબ તેનો પ્રચાર કર્યો. દેશનો પરતંત્રતામાંથી ઉદ્ધાર વ્યાયામ સંઘટનાની મારફત કરવો, એ કલ્પના જર્મનીની એકીકરણની ચળવળમાં 'ટરનવેરીન' નામની વ્યાયામ સંસ્થાના કામ ઉપરથી ડૉ૦ ટીરશને સૂઝેલી હોવી જોઇએ; પણ ટીરશે જર્મન સંઘટનામાંના વધારાના કડક નિયમોનો ભાગ કાઢી નાખીને તેને બદલે સ્વયંસ્ફુર્ત સહકારી ખાતાના તત્ત્વ ઉપર આ ચળવળ શરૂ કરી. વ્યાયામની સાથે સાથે માનસિક ઉન્નતિને પણ તેટલુંજ મહત્ત્વ આપવાથી તેને રાષ્ટ્રીય સ્વરૂપ પ્રાપ્ત થયું. 'બળવાન શરીર' એવું આ સંસ્થાનું ધ્યેય હોવાથી એક એકલાથી કશું વળે નહિ, સઘળા લોક આ સંઘટનામાં સામેલ થાય તોજ કામ પાર પડી શકે. એવું સમુદાયમાટેનું ધ્યેય પણ આ ઘટનામાં સભાસદો સમજ્યા હોવાને લીધે તેને પ્રજાકીય સ્વરૂપ પણ સ્વાભાવિક રીતેજ પ્રાપ્ત થયું.

પાંચ લાખ સભાસદ

ડૉ૦ ટીરશને પહેલા ફુગનર નામના એક શ્રીમાન વેપારીની સહાયતા મળી. એ વેપારીએ પોતાનું તમામ નાણું પ્રેગમાં મધ્યવર્તી વ્યાયામશાળા બાંધવા સારૂ આપ્યું. એજ વેપારીની પુત્રીએ ડૉ૦ ટીરશની સાથે લગ્ન કર્યું અને ૧૮૮૪ ની સાલમાં ટીરશ ગુજરી ગયા પછી આ સોકોલ ચળવળ તેની પત્નીએ પૂરેપૂરી ખંતથી ચાલુ રાખી. હાલમાં આ ચળવળના અધ્યક્ષ ડૉ૦ જોસફ સીનર છે અને એ સંસ્થાના કુલ ૫,૦૦,૦૦૦ સભાસદો હોઇ તેમાં અડધોઅડધ સભાસદો પુરુષ, ૧ લાખ સ્ત્રીઓ, ૯૦ હજાર તરુણ સ્ત્રીપુરુષો અને ૨૨ હજાર બાલકબાલિકાઓ છે. આ સંઘટનાની સગવડમાટે ૫૩ જૂદા જૂદા પ્રાંતવિભાગો કરેલા હોઇ તેના તાબામાં એકંદર ત્રણ હજાર કરતાં પણ વિશેષ સ્થાનિક સોકોલ સંસ્થાઓ છે. પ્રત્યેક સભાસદને વાર્ષિક લગભગ ૭ શિલિંગ જેટલી ફી આપવી પડે છે. તેમાંનો ૧ શિલિંગ પ્રાંતિક સંસ્થાઓમાટે હોય છે અને તે સંસ્થા તેમાંથી ૪ પેન્સ મધ્યવર્તી સંસ્થા તરફ મોકલે છે.

ખાસ મહોત્સવ

આ સંઘનો દર પાંચ-૭ વર્ષે એક ખાસ મહોત્સવ કરવામાં આવે છે અને તે માટે સભાસદ દીઠ ૨ શિલિંગ જેટલો ફાળો એકઠો કરવામાં આવે છે. ચાલુ સાલમાં એવો મહોત્સવ થયો હતો.

એક લાખ પાઉન્ડ જેટલો ફાળો ભરાયો. એ ફાળામાંથી હજારો પ્રેક્ષક, હજારો લોકોની મેદની પન જોઈ શકે એવો એક મોટો ગોળ મંડપ બાંધવામાં આવ્યો હતો. તેમાં શારીરિક શ્રમનાં અને કુરીનાં કામ સભાસદોએ હોંસથી અને કશા પણ બદલાની આશા નહિ રાખેલી હોવાથી ખર્ચ ઓછો થયો; કારણ મહોત્સવનું તમામ ખર્ચ–સભાસદોને રહેવા તથા જમવાની સગવડ વગેરે ખર્ચ–કાઢીને બાકી કેટલાંક નાણાં વધ્યાં તે પ્રેગ ખાતેના મધ્યવર્તી વ્યાયામ મંડળનો વિસ્તાર કરવામાં ખર્ચાવાના છે.

પ્રશંસનીય તાલીમ

આ વાર્ષિક ઉત્સવમાં વીકહેમ સ્ટીડ નામનો લેખક હાજર હતો. તેણે 'રીવ્યુ ઑફ રીવ્યુઝ' માસિકના ગયા મહિનાના અંકમાં આ સંબંધમાં લેખ લખ્યો છે. તેમાં પ્રસ્તુત ઉત્સવનું વર્ણન કરતાં તે લખે છે કે, પા માઈલ લાંબા અને ૩૦૦ યાર્ડ પહોળા મેદાનની આસપાસ ૯૦,૦૦૦ પ્રેક્ષકોથી ભરાયેલો મંડપ માનવમેદનીથી ખળભળી રહેલો, તેમ છતાં બીજાં ૧૦,૦૦૦ માણસો ત્યાં ઉભાં જોઈ શકે તેવી બીજી વ્યવસ્થા કરેલી હતી. સમારંભના આરંભમાં ચારે તરફ ચાર માનદાર દરવાજામાંથી પ્રેક્ષકો મળતાંજ પડદા બાજુએ હઠાવીને પ્રત્યેક દરવાજામાંથી ૨૦×૧૮૦ એમ ૩૬૦૦ માણસોની ચાર ટોળી બૅન્ડના અવાજોમાં નૃત્ય કરતા મેદાનમાં દાખલ થયાં. પ્રત્યેક દરવાજા ઉપર એકેક બૅન્ડ રાખવામાં આવ્યું હતું. સફેદ સદરા, જામલી ઇજાર, કાળી ટોપી અને તેમાં કાકાકૌઆનું પીછું, એ સોકોલ સંઘટનાનો પહેરવેશ છે. બૅન્ડના તાલમાં તેમણે જૂદી જૂદી જાતની કસરતો કરી બતાવી. સૌની હિલચાલ સહજ હોવા છતાં એકજ સમયે, એકજ સરખી થતી. આ સમારંભના પહેલા દિવસે વાદળ ચઢી આવ્યાં અને કવાયત ચાલુ હતી. તેવામાંજ જોસબંધ વરસાદ પડ્યો અને સઘળા લોકો ભીંજાઇ ગયા. તેમના પગ નીચે કીચડ કીચડ થઇ ગયો, પણ તેમાંથી કોઇએ હું કે ચું સુદ્ધાં કર્યું નહિ. જાણે કશું બન્યુંજ ન હોય એવી બેફિકરાઇથી સઘળી કવાયત પાર પડી. આજ વખતે મંડપની બહાર સ્ત્રીઓ પણ ઉભી હતી. તે પણ વરસાદથી સહેજ પણ ડગી નહિ. પુરુષોની કવાયત થઇ રહ્યા પછી ૧૨,૮૦૦ સ્ત્રીઓએ એજ પ્રમાણે વરસાદ કે કીચડની પરવા ન કરતાં કવાયત કરી. આ સંઘટનામાં માત્ર બાહ્ય દેખાવ અથવા તો સમારંભપૂરતુંજ લક્ષ અપાતું નથી; પરંતુ 'સોકોલ'નો પ્રત્યેક સભાસદ દૃઢ વફાદાર અને સદાચરણી થવો જોઇએ, એવી વ્યવસ્થા છે. આ સમારંભ જોયા પછી વીકહેમ સ્ટીડના મુખમાંથી સાહજિક એવા ઉદ્‌ગાર નીકળી ગયા કેઃ–" આ વ્યાયામ સંઘટના નથી પણ એક ફોજ છે; અને મધ્ય યૂરોપમાં ઉત્પન્ન થયેલ આ સંઘટના યૂરોપના ભાવિ ઇતિહાસપર ભારે અસર કરનારી નિવડશે." ગુજરાતીઓ કોઇ પણ સમારંભ વખતે વરસાદ પડે ત્યારે કેવળ ભીંજાવાના ડરથી જે અકળાટ-ગભરાટ બતાવી દોડાદોડ કરી મૂકે છે, તેમણે આ સોકોલના સ્ત્રી-સભાસદો પાસેથી પણ તાલીમનો એટલો પાઠ શીખવા જેવો છે!



"કોઇ પણ વસ્તુ પૂરી રીતે અને બરાબર રીતે કરવાઉપરજ તે સારી થવાનો આધાર રહે છે."

"પ્રકાશ મેળવવા મહેનત કરનાર આત્માની પોતાની અંદરજ પ્રકાશ રહેલો હોય છે."

"જેઓ ભૂતકાળનો ખેદ કર્યા કરે છે અને ભવિષ્યથી બીધા કરે છે, તેઓ વર્તમાન જીવનની પવિત્ર પળોનો લાભ લઇ શકતા નથી."

"આપત્તિ હીરાકણીસમાન છે–જેનાવડે ઈશ્વર પોતાનાં જવાહિરોને ઓપ આપે છે."

"કોઇ પણ શુભ કાર્યમાં તમારો પરાજય થાય ત્યારે તમારે સમજવું કે, હવે વિજય સમીપમા છે."

"આમદ અને દૃઢ નિશ્ચયના ખરી કસોટી નિષ્ફળતા છે." ("આગળ ધસો"માંથી

આનું નામ તે રામરાજ્ય !

('હિંદુસ્થાન' ૨૪-૧૨-૧૯૨૨ ના અંકમાંથી)

ઝાપાટાલેન્ડ-એક ઉદ્યોગવાદી પ્રજાસત્તાક

જ્યાં ખાનગી મિલ્કત, નાણું, ખરીદ-વેચાણ જેવું કાંઇજ નથી-મોટા પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ્ય

એક ભાઈ અમને ૪૦૦૦૦૦૦ માણસોના બનેલા એક ઉદ્યોગી પ્રજાસત્તાકનો નીચેનો હેવાલ મોકલે છે. એની શરૂઆત ૧૯૧૧ માં દક્ષિણ મેકસીકોમાં કરવામાં આવી હતી. અહેવાલ ૧૯૧૯ માં પ્રકટ થયો હતો.

આ પ્રજાસત્તાકનું અસ્તિત્વ હવે છે કે નહિ તે અમે જાણતા નથી.

નામ

(ઝાપાટાલેન્ડ નામ અહીં એક દક્ષિણ મેકસીકોના મધ્યમાં આવેલા ઉદ્યોગી યુનિયનને આપવામાં આવેલું છે. પ્રજાસત્તાકના લશ્કરના કમાન્ડર-ઇન-ચીફ જનરલ ઝાપાટાના નામ ઉપરથી આ નામ પડયું છે. જનરલ ઝોગ જેઓ હાલ કેલીફોર્નીઆ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે તેમના મોઢાનો નીચેનો હેવાલ છે. એનો પોતાના દેશમાં લશ્કરના ઇજનેર ખાતામાં તેઓ મેજર જનરલ છે.)

તમે અમારા પ્રજાસત્તાકને ઝાપાટાલેન્ડ કહો છો; કારણકે અહીં અમેરિકામાં હજી વીરપૂજા છે; પણ અમે તો એને 'ઉત્તર અને દક્ષિણ અમેરિકાનું ઉદ્યોગી યુનિયન' એવું નામ આપ્યું છે. એક માણસની વ્યક્તિપ્રતિભાથી ચાલતો આ દેશ નથી; પણ આચરણમાં મૂકેલું એ સમાજવાદી રાજ્ય છે.

નાણું, ખૂન, છૂટાછેડા વગેરેનો અભાવ

નાણાંવગર, રાજતંત્રવગર અને તકરાર કર્યા વગર સાત વર્ષસુધી ૩૦ લાખ માણસો કેમ રહ્યા હશે, એ તમારામાં અજાયબી ઉભી કરશે. ત્યાં દરેક વસ્તુ પુષ્કળ છે; છતાં કોઇ માણસને બે કલાકથી વધુ કામ કરવાની જરૂર નથી-જો કે છૂટાછેડાની સ્વતંત્રતા છે, પણ હજી એકે નોંધાયો નથી-દરેક સ્ત્રીપુરુષ બંદુક સાથે તાલીમ લે છે, પણ આ વખતદરમિયાન એકે ખૂન થયું નથી; એ સાંભળી અજાયબી લાગશે. આ તો અમારે મન સાધારણ વાત થઇ ગઇ છે. એથી અમને અજાયબી ઉત્પન્ન થતી નથી. અમે તો એ પ્રમાણે રહીએ છીએ.

અમારા સોલ્જરો કમાન્ડરને ખબર આપીને ગમે તે વખતે રજા લઈ શકે છે; અમારી ગાડીઓ જ્યાં જેને ઉતરવું હોય ત્યાં ઉભી રહે છે; જ્યારે સમાચાર હોય ત્યારેજ અમારાં છાપાં પ્રકટ થાય છે. જ્યારે હું આ બધી વાત અમેરિકનોને કહું છું ત્યારે તેઓ હસી પડે છે.

લૂંટ શું ?

અમારો વગર લખેલો એક કાયદો એવો છે કે કોઇ માણસ બીજાને ધુતી શકે નહિ. આજ અમારૂં બંધારણ અને રાજ્યતંત્ર છે. જ્યારે કોઇ સ્ત્રીપુરુષ લગ્નમાટે પોતાનાં નામ નોંધાવા જાય, ત્યારે તેઓ લગ્નની પ્રાર્થનામાં કહે છે કેઃ—

'વર અને વહુતરીકે રહેવા અમે કબૂલ થઇએ છીએ અને પ્રજા ઉત્પન્ન કરીને તેમને લૂંટ નહિ કરવાનું શીખવવાની અમે આશા રાખીએ છીએ.'

સરકાર અને કાયદાવગર કોઈ દેશને ચાલે નહિ, કોઇ સત્તામાં જોઇએ નહિ તો ગુંચવાડો થાય, એવું જ્યારે અમે લોકોને કહેતાં સાંભળીએ છીએ ત્યારે અમને હસવું આવે છે.

પણ બધો વખત લોકો કહે છે કે, ઝાપાટાલેન્ડ નામનું ઉદ્યોગી યુનિયન છે.

તંદુરસ્તી અને પૈસો

યુનિયનમાં દાખલ થવા માગનાર કોઇ અમેરિકન આવો વિચાર કરેઃ-'આ લોકો તંદુરસ્ત અને સુખી તો જણાય છે; પણ તેઓ વધુ સમૃદ્ધિવાન નથી. ઘણા લોકોના ઘરમાં તો ફરસબંધ નથી અને જાડાં કપડાંસિવાય તેઓ બીજું કાંઈ પહેરતાં નથી.' ઘણા મેકસીકનો જાણી જોઇને આવી રીતે રહે છે, એ વાત અમેરિકનોએ ભૂલવી નહિ. અમેરિકનોના રહેવાના ખર્ચ સાથે તેમના ખર્ચની સરખામણી કરવી જોઇએ નહિ; પણ કરંઝાના નોકરો સાથે તેમજ રાજ્યકર્તા

તેમાં એક [illegible] [illegible]
[illegible] ફેર પડી જાય

નવા આવનારે [illegible]
[illegible] માલમ પડે, [illegible]
[illegible] [illegible]
અને આરામ મળતા [illegible]
અંદરના એ નાના [illegible] છે.

દરેક [illegible] દરેક ઉદ્યોગની પોતાની [illegible]
[illegible] એક આગળ [illegible]
દિવસે ફરીથી મળી [illegible]
કેટલાક [illegible] અને [illegible]
રીતે કામ કરે છે, [illegible]
ડાયરેક્ટર) સાથે સાધારણ કામદાર [illegible]
સાથે પણ લઈ જતું હોય એ.

પગાર જેવી વસ્તુ નથી.

તેથી જે સમાજમાં ડાયરેક્ટરને પોતાના [illegible]
શક્તિ ઉપર સારા કામનો આધાર રહે છે, ત્યાં [illegible]
આવી જશે. ડાયરેક્ટરની પસંદગી અનુમતિથી થાય છે. પણ [illegible]
બીજી ખાણમાં અથવા બીજા ઉદ્યોગમાં કામ કરવા જાય.

બીજા ઉદ્યોગો પણ એજ રીતે ચાલે છે. [illegible] એક ઠેકાણે [illegible] પોતાના [illegible]
[illegible] નીમે છે. રેલના કામદારો એક ઠેકાણે મળી પોતાના [illegible] નીમે છે. [illegible]
કામ કરનાર ખેડુતો એક ઠેકાણે મળી પોતાના મુખ્ય [illegible] નીમે છે. [illegible]
અને નર્સ તથા દરદીઓ પસંદ પડે તો ત્યાં જાય. [illegible] ઉપાડે છે. [illegible]
કરે છે. દરેક જણ પોતાની હુંશિયારીથી [illegible] છે. [illegible]
તેના નફામાટે કામ કરતો નથી. તે મુખ્ય કામદારના હાથ નીચે કામ કરે. પણ તે [illegible]
કરેલા માણસના હાથ નીચેજ કામ કરે છે. તે કામ અથવા તે માણસ ગમે તે વખતે છોડી
શકે એમ છે.

કામ કરવાનો વખત.

દરેક ઉદ્યોગના કામદારો તે ઉપયોગસંબંધી ધારા ઘડે છે અને કામ કરવાના કલાક નક્કી
કરે છે. સખત અને કંટાળો આપે એવા કામમાટે ઓછા કલાક રાખવામાં આવે છે. દાખલા-
તરીકે દિવસમાં ઇજનેર બે કલાક કામ કરે છે, ફાયરમેન ફક્ત એક કલાકજ કામ કરે છે. કોઈ
માણસ કામ કરવા ન ઇચ્છે તો તેને ફરજ પાડવામાં આવતી નથી. અમુક માણસ કેટલા કલાક
કામ કરે છે, તેનો હિસાબ રાખવામાં આવતો નથી.

આળસુની મશ્કરી !

કામ છોડી જનાર માણસ સામે ઉપહાસસિવાય બીજું શસ્ત્ર નથી; પણ એ શસ્ત્ર પૂરતું છે.
કામને માટે દિવસના બે કલાક સરેરાશ વખત છે; પણ પાક વખતે ખેડુતોને ૧૪-૧૫ કલાક
કામ કરતા મેં જોયા છે; પણ તેમને પાછળથી રજા મળે છે. નર્સ એ આરાધીઆસુધી એક-
સામટું ૧૨ કલાક કામ કરે છે અને પાછળથી મરજી પડે ત્યાંસુધી આરામ લે છે.

સાટાંનું અનસ્તિત્વ

અમારે ત્યાં સાટાંની સીધી પદ્ધતિ નથી. દાખલાતરીકે ખાંડના દાગીનામાટે એક બુશલ
બટાકા. ગામડામાં લોકો ખેતરમાં જઈને જોઇતો ખોરાક લાવે છે. શહેરમાં ખેડુતો લોકોની સગવડ-
માટે બજારમાં ઉત્પન્ન લાવે છે. અમુક લત્તામાં ખાંડની જરૂર જણાય તો પાસેની મીલમાંથી મં-
ગાવે છે. એક મોટી ખાંડની મીલમા મોકલવામાં આવતી ખાંડનો હિસાબ રાખવામાં આવે છે.
આનો હેતુ બીજા લત્તાઓપર દેખરેખ રાખવાનો નથી, પણ કોઇ લત્તો રહી ન જાય એ જાણવા-

નો છે. વારંવાર કોઇ લત્તામાંથી ખબર મળે છે કે, અહીં ખાંડ પુષ્કળ છે અને બીજાની જરૂર નથી.

સોનું અને આયાત

જ્યારે અમે બીજા દેશમાંથી ખરીદીએ ત્યારે તો અમારે નાણું વાપરવુંજ જોઇએ; અમારી ખાણોમાંથી સોનું વાપરવુંજ જોઇએ. ધારો કે બટાકા ઉગાડતા એક વર્ગને ખેતરનું યંત્ર જોઇએ છીએ અને તે યુનાઇટેડ સ્ટેટ્સમાંજ મળી શકે એમ છે. એ વર્ગના લોકો એક ઠેકાણે મળી ખરીદ કરવા એક માણસને નીમે છે. સ્ત્રીપુરુષ અને કામ કરવા અશક્ત બનેલાં વૃદ્ધ લોકો મત આપી શકે છે; પણ વિદ્યાર્થીઓનો અવાજ નથી. અમુક માણસને મોકલવા ધારતા લોકો એક ખૂણે જતા રહે છે, બીજાને મોકલવા ધારતા બીજે ખૂણે જાય છે અને આવી રીતે કામ કરનાર ચુંટાય છે. ત્યારપછી પાસે ખાણમાં કામ કરતા વર્ગ પાસે તે જાય છે અને લોકો સોનું માગે છે ત્યાં સભા ભરાય છે અને લોકો તેને સોનું આપવા મત આપે છે, જેથી યુનિયન વધુ સમૃદ્ધિવાન થાય એવી વસ્તુઓ દુનિયાબહારથી મેળવવા સિવાય એ સોનાનો શો ઉપયોગ છે? આવી રીતે તે માણસ સોનું લઇને યંત્ર ખરીદ કરે છે. આ યંત્ર બટાકા ઉગાડતા વર્ગની માલકીનાં થઇ જતાં નથી, પણ જ્યારે બીજા લત્તાને જરૂર પડે ત્યારે તેને આપવામાં આવે છે.

મફત મકાનો

અમારા યુનિયનના કોઈ માણસને ઘરની જરૂર હોય તો બાંધકામના ખાતા પાસે જઇ પોતાની ઇચ્છા દર્શાવે છે. ખાતું તેને કદાચ ખબર આપે કે, ફલાણા મહોલ્લામાં એક સુંદર ઘર ખાલી છે. ઘરને જોઇને તે કહે કે આ ઘર પસંદ નથી તો તેઓ તેને કહે કે ભલે, તમારી જના મૂકી જાઓ અને તમારો વારો આવશે ત્યારે તમારેમાટે અમે મકાન તૈયાર કરીશું.

નાનું અથવા મોટું મરજી ફાવે તેવું ઘર તેને મળી શકે, પણ અલબત્ત મોટા ઘરની સંભાળ રાખવી મુશ્કેલ હોવાથી તથા ગમે તેને એટલું મોટું ઘર મળી શકતું હોવાથી મોટા ઘરમાં કાંઇ લાભ નથી. ૬૦ ઓરડાની હવેલી જોઇએ તોયે મળે પણ કદાચ બીજાં ૨૦ કુટુંબો અંદર રહે.

દારૂ અને ઉપદેશકાર્ય સૌથી ઓછું

યુનાઇટેડ સ્ટેટમાં જે કામમાટે પૈસા આપવામાં આવે છે તેનો યુનિયનના કામમાં સ્વીકાર થતો નથી. દાખલાતરીકે ઉપદેશકાર્ય અને દારૂ બનાવવાનું કામ એમાંથી એકકે સામેલ નથી; પણ નિયમિત કામ પૂરૂં થયા પછી એ કામ કરવાનું હોવાથી અને પૈસા જેવી વસ્તુ નહિ હોવાથી ઉપદેશ અને દારૂનું કામ સૌથી ઓછું થાય છે. રાજ્યક્રાંતિ વખતે અમારા ધર્મગુરુઓ નાસી ગયા. થોડા રહ્યા છે અને અમારી સાથે રહી કામ કરે છે અને જો કે તેઓ ધારે તેમ ઉપદેશ કરી શકે; પણ અમારા પ્રજાસત્તાક ધર્મસ્થાનની સ્થાપના થઈ નથી.

વકીલો નથી

વકીલો કે રાજકીય પુરુષો નથી, તેમને માટે લૂંટ ચલાવવા કાંઇ નથી. ઉલટું બેન્ડ વગાડવું, સીનેમાનો ખેલ દેખાડવો અને બુલફાઇટમાં ભાગ લેવો તેને કામ ગણવામાં આવે છે.

ઘરના કામકાજનો કામમાં સ્વીકાર થાય છે. આ કામ સામાન્ય રીતે સ્ત્રીઓજ કરે છે, કારણ કે એવી જાતની મજબૂત લાગણી છે કે એમને માટે યોગ્ય જગ્યા ઘરજ છે. જો તેઓ વિરોધ દર્શાવે તો તેમને બીજું કામ કરવા દેવામાં આવે છે. આરામને ખાતર કેટલીક સ્ત્રીઓ આજ ઉત્પન્ન કરે છે.

સ્ત્રી અને પુરુષોનું સ્વયંસેવક સૈન્ય

સ્ત્રી અને પુરુષો બંને સ્વયંસેવકતરીકે કામ કરે છે અને દરરોજ નિશાન તાકવાની તાલીમ લે છે. યુનિયન પાસે લોકોનું ખરેખરૂં સૈન્ય છે. આ સૈન્ય કોઈ મૂડીવાદી લશ્કરી સત્તાનો ભય રહેશે ત્યાં સુધી ચાલુ રહેશે. બધા સૈનિકો સ્વયંસેવકો છે. તેઓ પોતાના ઑફીસરોને નીમે છે. આ ઑફીસરો પોતાના ઉપરી જનરલને ચૂંટે છે, તેઓએજ ઝાપાટાને નીમ્યા છે. તે હાલ લશ્કરના કમાન્ડર-ઇન-ચીફ છે. જો જનરલ પર્શીંગ યુનાઇટેડ સ્ટેટના રાજકર્તા કહેવાય તો તેમને રાજકર્તા કહી શકાય.

મુલકનો વિસ્તાર

સિપાઇઓ હમેશાં સરહદનું રક્ષણ કરવામાં રોકાયલા રહે છે અને કરંઝાના મુલકમાં વધતા જાય છે. આ સિપાઇઓ આગળ વધે એટલે રક્ષણમાટે વધુ સિપાઇઓ જોઇએ.

તેઓના વતનમાં અમુક સંખ્યાની માગણી કરવામાં આવે છે. માગણી કરતાં વધારે જણ આવે છે તેથી કેટલાકને પાછા મોકલી દેવા પડે છે. તેઓ એક દિવસ, કદાચ એક અઠવાડિયું એ અઠવાડિયાં જરૂર પ્રમાણે કામ કરે છે. કેટલી ઝડપથી બંદૂક વગેરે સાથે તેઓ તૈયાર થઈ શકે છે તે જોવા તેમને કેટલીકવાર એકદમ બોલાવવામાં આવે છે.

જ્યારે અમે કરંઝાના દેશમાં અમારી સરહદ વધારીએ છીએ અને કદાચ કાયદા બીજા સરજ કરીએ છીએ ત્યારે અમને લાગે છે કે, અમે સ્વતંત્રતાની હદ વધારીએ છીએ; પણ અમે જાણીએ છીએ કે, જ્યાંસુધી આખી દુનિયા સ્વતંત્ર થાય નહિ ત્યાંસુધી અમે નહિ સ્વતંત્ર થઈ શકીએ નહિ.

૯૫૦૦૦ ચોરસમાઇલ

અમારો મુલક હવે ૯૫૦૦૦ ચોરસમાઇલ છે. ૫૫૦ માઇલ લાંબી અને આશરે ૧૭૦ માઇલ પહોળી એ એક પટી મેક્સીકોની વચમાં થઈ પૂર્વ અને પશ્ચિમ તરફ જાય છે અને પૂર્વના ભાગમાં પહેલાંના મીકોકન, ગુરેરો અને ઓક્ષાકા રાજ્યોનો સમાવેશ કરે છે. અમારી આજુબાજુ કરંઝાનું મેક્સીકો આવી રહેલું છે. અમારા મુલકમાં બંદર નથી અને અમારે જોઇતું પણ નથી; કારણ તેમ હોય તો કોઇ મોટી લશ્કરી સત્તા અમારો વિનાશ કરી શકે. અમારા દેશમાં પર્વતો અને જમીનનો નીચો ભાગ પણ છે અને આના મોટા ભાગમાં ખેતી થાય છે. આબોહવા ઉષ્ણથી માંડીને સમશીતોષ્ણ છે અને વસંતઋતુમાં દક્ષિણ કેલીફોર્નીઆ જેવી છે.

૪૦૦૦૦૦૦ ની વસ્તી

અમારે ત્યાં વસ્તીપત્રક નથી; પણ અમે જાણીએ છીએ કે, અમારી વસ્તી ૩૦ લાખથી વધુ છે. આમાં ફક્ત ૨૦૦૦ યુરોપીયન છે અને આમાંના ઘણા મેક્સીકન અને યુરોપીયન મિશ્ર પ્રજા છે.

પરદેશીઓ-શંકાની દૃષ્ટિએ

અમારા દેશમાં પરદેશીઓને હમેશાં લૂંટ ચલાવનારતરીકે ગણવામાં આવે છે. વળી કેટલાક પરદેશીઓને સોનું આપી અમેરિકામાં ખરીદ કરવા અમે મોકલ્યા હતા, પણ તેઓ પાછા ફર્યા નથી. આ કારણથી પરદેશીઓ તરફ હજી શંકાની નજરથી જોવામાં આવે છે. જો કરંઝા તેમને આવવા દે તો પરદેશીઓના વસવાટમાં વાંધો નથી. અમારા દેશમાં ફરવા આવનાર ઘણાને તેણે પાછા કાઢ્યા છે. અમારા ધારવા પ્રમાણે એને બીક એ છે કે, એના દેશ કરતાં અમારા યુનિયનના સારા રિપોર્ટ બહાર જાય.

શાળાશિક્ષણ-એક રોગ

અજ્ઞાન અને રોગ સમાજવાદી રાજ્યમાંથી જતાં રહે છે. અમારી રાજ્યક્રાંતિ પહેલાં ૯૪ ટકાથી વધુ અભણ હતા. હવે ૪૦ ટકા સિવાય બીજા પોતાનું નામ તો લખી શકેજ છે. શિક્ષકોએ પોતે રચેલી ટાઇપથી લખેલી ચોપડીઓથી તેમને શિક્ષણ આપવામાં આવે છે. બાળકો દિવસે શાળામાં જાય છે અને સ્ત્રીપુરુષો સાંજે જાય છે. જે માણસો ટપાલ લઇ જાય છે, તેઓ દરેક કાગળની પાછળ પોતાનું નામ લખે છે. તેમ કરવામાં તેઓ અભિમાન ધરાવે છે. કદાચ લખવાની ટેવ પડે માટે પણ તેમ હોય; પણ ટપાલ ઘણી હોતી નથી. મફત મુસાફરી અને પુષ્કળ વખત હોવાથી ઘણા લોકો પોતાના મિત્રોને મળવાજ જાય છે અને જે કહેવું હોય તે મોઢે કહે છે.

પાછા જમીન તરફ

આનું એક વિચિત્ર પરિણામ એ આવ્યું છે કે, જમીન તરફ પાછા ફરવાની ચળવળ શરૂ થઇ ગઇ છે. રાજ્યક્રાંતિની શરૂઆતમાં અમારા મોટામાં મોટા શહેરની વસ્તી આશરે ૧૦૦૦૦ હતી. હવે એથી ત્રીજા ભાગથી પણ ઓછી છે.

૧૯૧૧ ની શરૂઆતમાં જ્યારે અમારી રાજ્યક્રાંતિની શરૂઆત થઇ ત્યારે અમારા પ્રજાસત્તાકની સ્થાપના થઇ એમ કહેવાય.

પોરફીરીઓ ડી આઝ બીજી વાર પ્રમુખ થયા. એ બંધારણવિરુદ્ધ હતું. ત્યાર પછી દરેક વર્ષે ગો કે તેથી વધુ રાજ્યક્રાંતિકારો ઉભા થયા અને તેમને મારી નાખવામાં આવ્યા; પણ ૧૯૧૦ના અંતમાં જ્યારે ડી આઝ અને મેડેરો બંને પ્રેસીડન્ટમાટે ઉમેદવાર હતા ત્યારે લોકો ઉશ્કેરાયા.

ચુંટણીનો ફાર્સ થયો અને ડી આઝે પ્રેસીડન્ટતરીકે પાછી જગ્યા લીધી; પણ જ્યારે મેડેરા જાહેરનામું બહાર પાડી જણાવ્યું કે, કોઇ પણ જગ્યામાટે ફરી ચુંટાઇ શકાય નહિ. ત્યારે [illegible] નિશાન નીચે ભેગા થયા. મુડીવાદ સામે થવા મજુર હમેશ તૈયાર હોય છે;કારણ કે તેને ખબર છે છે કે, મને લૂંટવામાં આવે છે. તેને આ વખતે એમ માલમ પડ્યું કે, જમીન પાછી આપે એવો આગેવાન મળ્યો છે. અમે તેને ફરીથી ચુંટણી નહિ કરનાર લશ્કર કહેતા. ૧૯૧૧ ના મેમાં [illegible] આઝ નાસી ગયો. ડીલા બરાને તેની જગ્યાએ કામચલાઉ પ્રમુખ નીમવામાં આવ્યો અને [illegible] પ્રસરી. મેડેરા અને બીજા બુદ્ધિશાળી વર્ગને લાગ્યું કે રાજ્યક્રાંતિ પૂરી થઇ ગઇ છે.

પણ જ્યારે મજુરોને માલમ પડ્યું કે, જે જમીનમાટે તેઓ લડત લડતા હતા તે [illegible] આપવાના નથી, ત્યારે તેઓને માલમ પડ્યું, કે રાજ્યક્રાંતિની શરૂઆત હમણાંજ થઇ છે. [illegible] ખરી રાજ્યક્રાંતિની શરૂઆત થઇ. ડી આઝ, મેડેરા, હુઅર્ટા, કરંઝા અને જેઓ મજુરોની [illegible] થયા તેમની સામે ત્યાર પછી અમે લડવા માંડ્યું. પહેલાં અમે આપખુદ ડી આઝ સામે લડ્યા. [illegible] પછી મેડેરા જેવા મારા મિત્ર હતા અને ફક્કડ માણસ હતા છતાં મજુરોના શત્રુ હતા તેમની સામે અમે લડ્યા; ત્યાર પછી અમારા લશ્કરના ઇજનેર હુઅર્ટા સામે લડ્યા અને હવે ધોળી [illegible] વાળા,સુંદર ચહેરાવાળા વકીલ અને પહેલાં ચોઆલા રાજ્યના પ્રમુખ કરંઝા સામે અમે લડીએ [illegible]

પ્રમુખ કરંઝા

મેક્સીકોના સમાજવાદ પક્ષના કરંઝા એક સભ્ય છે; છતાં તેઓએ લોકોની જમીન [illegible] લાવનારાઓને વેચી દીધી છે. યુનાઇટેડ સ્ટેટ્સના કોઇપણ પ્રમુખ કરતાં તે વધુ મુડીવાદી છે. તેમની વય ૮૦ વર્ષની છે. દેખાવમાં તે નીચા જાડા છે, ચશ્મા પહેરે છે અને સારી રીતભાતવાળા છે. પૈસાથી તેમને લલચાવી શકાય તેમ નથી; પણ લોકેષણા તેમને ચલિત કરી શકે એમ [illegible]

વીલ્લા

વીલ્લા એ કુમળા દિલાનો સમાજવાદનો આદર્શવાદી છે; પણ રેડીકલ નથી. [illegible] સાધનો સરકારની માલકીનાં હોવાં જોઇએ એમ તેઓ માને છે; પણ નાણું કે ખાનગી [illegible] રદ કરવાની તરફેણમાં નથી. જે હુમલાથી યુનાઇટેડ સ્ટેટ એની પાછળ લાગી હતી તેમાં [illegible] [illegible] હતા અને તેથીજ અમેરિકનોએ એમને પકડ્યા નહિ. તેમને માલમ પડ્યું કે, જે માણસને [illegible] [illegible] છે તે આ નથી. તેમ મેક્સીકોમાં હવે જે રાજ્યક્રાંતિ થશે તેમાં વીલ્લા કરંઝાની સાથે [illegible] પણ પાછળથી ઉતનાર એને ભૂલી શકશે નહિ.

ઝાપાટા પોતે

ઝપાટા જાતે ઠીંગો, મજબૂત, ૪૦ વર્ષનો મેક્સીકન ઇંડીયન છે. જ્યારે રાજ્યક્રાંતિ [illegible] તેઓ દરરોજ ૬૦ સેન્ટના પગારે તબેલામાં કામ કરતા હતા અને તે વખતે લખીવાંચી [illegible] પણ નહિ; પણ એ કદાવર માણસ છે એ ઢાંક્યું રહે એમ નથી. તેમનામાં તીવ્ર બુદ્ધિ [illegible] તેઓ જન્મવક્તા અને કુદરતી રીતે માણસના નેતા છે. તેઓ દેશભક્ત, નમ્ર હૃદયના અને [illegible] [illegible] છે વળી તેઓ સારી રીતભાતવાળા છે. જો તમે એને દિવાનખાનામાં હમેશના [illegible] જુઓ તો તમને માલમ પડે કે, તેઓ કેમ્પમાં હોય છે તેવાજ વિનોદી છે. અમારા પ્રિય [illegible] [illegible] રાજ્યક્રાંતિના નેતા ઝપાટા છે પણ તેઓ યુનિયનના રાજકર્તા નથી.

પરદેશી દખલ

[illegible] અત્યારનાં રાજ્યો કચરી શકે. પણ તેમણે યુનિયનના [illegible] [illegible] [illegible] અત્યારે અમે [illegible] રાજ્યક્રાંતિ પૂરી કરી છે. [illegible] [illegible] નથી

દાંતની ઉપયોગીતા અને તેની સ્વચ્છતા

(લેખક–શ્રી ગોપીનાથજી વર્મા 'ચાંદ' ૧૯૨૧ ના એપ્રિલના અંકમાંથી)

સાધારણ રીતે દાંતથી આપણને ત્રણ લાભ છેઃ—

૧–દાંન આપણા ખાદ્ય પદાર્થોને સારી પેઠે ચાવીને પચવાયોગ્ય બનાવે છે. જો ખાદ્ય પદાર્થો ામિત પચ્યા કરે તો ઘણાખરા રોગ તો આપણી પાસે ડોકીયું કરવા પણ ન આવે. નિરોગી ાથી કોઈ પણ કામ કરવામાં ચિત્ત ચોટે છે અને જીવનમાં આનંદ આવે છે. એથી વિરુદ્ધ ારત શરીર દુઃખદાયક તથા જીવનમાં બોજારૂપ થઇ પડે છે.

૨–દાંતથી બીજો લાભ એ છે કે, તે બોલવામાં મદદ કરે છે. જેમને દાંત હોતા નથી તેમની ગી લવણ-મધુર અને સ્પષ્ટ લાગતી નથી. વાત કરવાનો પ્રધાન ઉદ્દેશ બીજાઓને સંતુષ્ટ ાનો અને પોતાના મનના ભાવને પ્રકટ કરવાનોજ હોય છે. દાંતવિનાનો માણસ આ બન્ને ોથી વંચિત રહે છે.

૩–મુખની સૌંદર્યવૃદ્ધિ પણ દાંતનું મુખ્ય કામ છે. કોઇ દાંત પડી ગયો હોય તો ચહેરો બેડોળ ને વિકૃત થઈ જાય છે.

દાંત આપણા જીવનમાં બે વખત આવે છે. પહેલા બાલ્યકાળમાં જેને 'દૂધીઆ દાંત' કહે . દુધીઆ દાંત બાળકોને ૬–૭ મહિનાથી અઢી વર્ષની ઉંમરસુધીમાં ફૂટે છે. તે ઘણેભાગે વીસ ાય છે. તે દાંત સાધારણ રીતે અતિ સુંદર અને નાના નાના હોય છે. સ્થાયી દાંત ન આવે સાં- ધી આ દાંતજ કામ આપે છે.

ઘણું કરીને ૬–૭ વર્ષની ઉંમરમાં દુધીઆ દાંત પડવા માંડે છે અને તેની જગ્યાએ સ્થાયી ાંત આવવા લાગે છે. સ્થાયી દાંત ઘણેભાગે ૩૨ હોય છે–અર્થાત્ ૧૬ નીચે અને ૧૬ ઉપર. આ ાંત દુધીઆ દાંતથી મોટા હોય છે. આ દાંતોમાં ચોડાકને નડના દાંત કહે છે અને તે ૧૭ થી ૨ વર્ષની ઉંમરસુધીમાં આવે છે. કહેવાય છે કે, આ દાંત મૃત્યુસુધી સ્વસ્થ અને સબળ૨ છે.

બધા દાંત એકસરખા નથી હોતા. કોઇ તેજદાર, કોઈ શુદ્ધ, કોઇ તીક્ષ્ણ અને કેટલાક ઠિત અને પહોળા હોય છે. પ્રત્યેક દાંતનું નામ જૂદું જૂદું છે. દાંતથી વિવિધ પ્રકારનાં કામ રવામાં આવે છે, તેથી દાંત વિવિધ પ્રકારના હોય છે. કેટલાક દાંતથી કોઇ ખાવાની ચીજ રડવામાં સમર્થ હોય છે, કેટલાક કોઇ વસ્તુને તોડવામાં તેજદાર હોય છે અને કોઇ કોઇ દાંતથી ભોજનની કોઈ વસ્તુ તરતજ ચાવી નંખાય છે. દાંતના ઉપલા ભાગ સમતલ નથી હોતા, તેથી પણ કામમા એક સગવડ થાય છે.

નિયમ પ્રમાણે વ્યવહાર નહિ કરવાથી દાંત કમજોર થઇ જાય છે. દાંતમાં મેલ જામી જવાથી દાંતનાં મૂળમાં એક પથ્થર જેવી કઠણ વસ્તુ પેદા થાય છે, તે દાંતને હાનિકર્તા છે. કોઈ કોઇ વિ- જ્ઞાનવેત્તાનો એવો અભિપ્રાય છે કે, દાંતમાંથી લોહી નીકળવાનું કારણ એજ છે. દાંતને સારી રીતે સાફ નહિ કરવાથી બે દાંતની વચ્ચે ભોજનની નાની કણિકાઓ રહી જાય છે તે દાંતને સડાવે છે. તેનાથી બદબો આવે છે અને દાંત અકાળે પડી જાય છે. દાંતના રક્ષણમાટે કેટલીક જાણવા જેવી બાબતો નીચે આપવામાં આવે છે. આશા છે કે, તેથી અનેક જણને લાભ થશે.

૧—બાળપણથીજ છોકરા અને છોકરીઓને દાંત સાફ કરવાની ટેવ પાડવી જોઇએ. આ કામ માતાનું છે. એકવાર ટેવ પડી ગયા પછી કોઇપણ પ્રકારની અડચણ કે અગવડ નહિ આવે. ઘણે- ભાગે એવુંજ જોવામાં આવે છે કે, જેમને નાનપણથી દાંત સાફ કરવાની ટેવ પડી નથી હોતી, તેઓ મોટા થયે પણ દાંત તરફ ધ્યાન નથી આપતા. તેનું પરિણામ એ આવે છે કે, અલ્પાવસ્થા- માંજ કેટલાયના દાંત પડવા લાગે છે.

૨—જ્યારે દૂધીઆ દાંત પડી જાય છે તથા સ્થાયી દાંત આવવા લાગે છે, ત્યારે માતાએ છોકરા–છોકરીઓના દાંત તરફ ખાસ નજર રાખવી જોઇએ. હાલતા દાંતને ઉખાડી નાખવા જોઇએ. કેટલાક છોકરા–છોકરીઓ દુઃખવાના ભયથી હાલતા દાંતને ઉખાડતા નથી. પરિણામે દુધીઓ દાંત

રહેવા છતાં સ્થાયી દાંત નીકળી આવે છે. આવા દાંત બેડોળ થઇ જાય છે અને વિચિત્ર દેખાય છે. પછી અનેક પ્રયત્નો કરવા છતાં પણ તે દાંત જલદી સાફ થતા નથી.

૩—વધારે ગરમ તથા વધારે ઠંડી ચીજો ન ખાવી જોઇએ; કારણ કે બન્ને સ્થિતિઓ દાંતને હાનિકર્તા છે.

૪—લીમડો, વડ, બાવળ વગેરે ઝાડની કોમળ ડાળખીઓના ટુકડાથી દાંત સાફ કરવા જોઇએ. બ્રશ વગેરેથી પણ દાંત સાફ કરી શકાય છે.

૫—દાતણ તથા બ્રશથી દાંતને અંદર તેમજ બહાર તથા વચ્ચેથી એમ દરેક જગાએથી સાફ કરવા જોઇએ. જો અવાળાંમાંથી લોહી નીકળે તો તે જોઇને ડરવું નહિ; પરંતુ વધારે જોરથી સાફ કરવા જોઇએ.

૬—દાંત ઘસવાના પણ નિયમ છે. ઉપલા દાંત સાફ કરતી વખતે અવાળાં તરફથી શરૂ કરીને નીચેની બાજુસુધી ઘસવા જોઇએ અને નીચેના દાંત ઘસતાં અવાળા તરફથી શરૂ કરી ઘસતાં ઉપરની બાજુસુધી ઘસવા જોઇએ. આ પ્રમાણે ઘસવાથી દાંત સહેજે સાફ થઇ જાય છે. બીજી રીતે ઘસવાથી દાંત જલદી સાફ નથી થતા. આ પ્રમાણે દાંત સાફ કરવાનો અભ્યાસ કેટલાક દિવસસુધી હમેશાં પાડવાથી દાંત સાફ કરવામાં જરા પણ દુઃખ નથી થતું.

૭—રોજ દાંતને બે વાર સાફ કરવા જોઇએ. સવારે ઉંઘી ઉઠયા પછી તથા રાત્રે વાળુ કર્યા પછી અને સુઇ જતા પહેલાં. બે દાંતની વચ્ચે ઘણેભાગે ખાદ્ય પદાર્થની કોઈ કોઇ કણી રહી જાય છે. તેને સાફ નહિ કરવાથી રાત્રે દાંતની અંદરજ તે સડી જાય છે અને દાંતને નુકસાન પહોંચાડે છે. ઘણાખરા માણસો રાત્રે દાંત કચકચા દેખાય છે અથવા તેમના મોંમાંથી લાળ નીકળવા લાગે છે. તેનું કારણ પણ દાંતમાં રહેલો મેલજ છે. રાત્રે ખાધા પછી દાંત સાફ કરવાથી દાંતમાં કોઇ જાતનો મેલ નથી રહેતો અને આનંદપૂર્વક નિદ્રા પણ આવે છે.

૮—દાંત સાફ કરવાને માટે કોઇ મુલ્યવાન દંતમંજનની ખાસ આવશ્યકતા નથી. મીઠું, ફટકડી અને બાવળની ભુકી એકસાથે મેળવીને ઘસવાથી દાંત સારી રીતે સાફ થાય છે.

૯—કોઇ દાંત ખરાબ થઇ જાય તો તેને પડાવી નાખવો જોઇએ અથવા કોઇ યોગ્ય વૈદ્ય પાસે તેની દવા કરાવવી જોઇએ.

૧૦—સંયોગવશાત્ દાંત ભાગી જાય તો કૃત્રિમ દાંત બેસાડી લેવો જોઇએ, તેમાં વિલંબ કરવો ઉચિત નથી.

૧૧—કેટલાક પદાર્થો દાંતને સહેજે સાફ કરે તેવા હોય છે. જેમકે અનેક પ્રકારનાં શાક, ફળ વગેરે. જમ્યા પછી દાંતને પુષ્ટિ આપે એવાં ફળનું સેવન કરવું જોઇએ.

૧૨—મળમૂત્ર ત્યાગ કરતાં દાંત બીડેલા રાખવા જોઇએ અને શૌચાદિમાટે બેસવું પડે ત્યાંસુધી તેજ પ્રકારે બીડેલા રાખવા જોઇએ. આમ કરવાથી દાંત મજબૂત થાય છે. તરતજ પડી જતા નથી અને લાંબા કાળસુધી કામ આપે છે.

શક્તિવર્ધક પાકો બનાવવાની રીતો

(લેખક—જામનગરના વૈદ અમૃતલાલ સુંદરજી પઢિયાર—"સુંદરી સુબોધ" માસિકના આસિ. તંત્રી [illegible])

[illegible] છે, એવા વખતમાં શક્તિ વધારનારા [illegible] ઉત્તમ પ્રકારની દવા ખાવામાં આવે તો તે [illegible] છે અને તેથી [illegible] [illegible]

પાકો બનાવવાની રીતિ સમજાવવાની જરૂર છે. આ બાબત લખવાનું મને મન થયું છે તેનું બીજું કારણ એ છે કે, તુલસીનાં બીનો પાક, પીંપળાના ફળનો પાક તથા કાચલાનાં કોકવાંના રસનો પાક વગેરે બાબત ઉપર મુંબઇ વૈદ્યસભામાં મેં ભાષણ આપ્યું હતું, તે ઉપરથી એ બધા પાક કેમ બનાવવા એવો સવાલ પૂછનારા સેંકડો કાગળો મારી ઉપર આવેલા છે. એટલે મને લાગ્યું કે, પાક બનાવવાની રીતો જાણવાની હજારો લોકોની ઇચ્છા છે, માટે એ પ્રયોગો ખુલ્લા દિલે જાહેરમાં મૂકવા જોઇએ. આમ લાગવાથી પાક બનાવવાની વિધિનો આ લેખ હું લખું છું.

૧–તુલસીનાં બીના પાક અને તેના ફાયદા

ઘણાએ હિંદુલોકો પોતાને ઘેર કુંડામાં તથા બગિચાઓમાં તુલસીના છોડ રોપાવે છે. એ બે જાતની હોય છે. તેમાં જે તુલસીનાં પાન બહુ લીલાં હોય છે તે લીલી તુલસી કહેવાય ને જે તુલસીનાં પાન જરા કાળાશ પડતાં હોય તે કૃષ્ણતુલસી કહેવાય છે. એ બન્ને તુલસીના પાક બનાવવામાં કામ લાગી શકે છે; પણ એ બંને જાતનાં બીમાં કાળી તુલસીનાં વધારે સારાં ગણાય છે. તુલસીનાં બી એટલે તુલસીની ઉપર જે મંજરી થાય છે, ને જેને માંજર કહે છે તે સુકાયા પછી તેને ચોળી ખંખેરવાથી તેમાંથી ખસખસના દાણા જેવડાં, ... જેવા રંગવાળાં બી નીકળે છે તે. એ બી કંઈ ઠેકાણે ઠેકાણે મળતાં નથી; પણ ખાસ ...ને, ચોકસાઈ રાખીને કોઇ બગીચામાંથી મેળવીએ ત્યારે તે બી મળે છે. ગાંધી લોકોની દુકાને ...નાં બીને નામે કોઈ બીજી જાતનાં બી બાંધી આપે છે; પણ એ બાંધી કંઇ તુલસીનાં બી ... ફાયદો થતો નથી. આપણી તરફ તુલસીનાં ખેતરો લોકો વાવતા નથી. એટલે તુલસીનાં જથાબંધ મળી શકતાં નથી; પણ મેં સાંભળ્યું છે કે, બંગાળામાં તુલસીનાં બી મળી શકે છે ...ે મથુરા પાસે વૃંદાવન છે ત્યાં તુલસીનાં ખેતરો છે તે મેં જોએલાં છે. એ લોકોને મેં પૂછ્યું તુલસીનાં ખેતરો રાખવાં તમને કેમ પાલવે છે? ત્યારે એ લોકોએ કહ્યું કે, તુલસીની ખેતી ...મા બહુજ મોટો ફાયદો છે; કારણ કે તુલસીના એક ક્યારામાંથી આખું વરસ તુલસી ઉતારે ... (કિંમત રૂ. ૧) એક મળે છે અને એક વાઘા જમીનની અંદર ઘણા ક્યારા થઇ શકે છે. એ ...ની દેવને ચઢાવવામાટે તેનાં પાંદડાં તોડી લેવામાં આવે છે. એ પછી કાર્તિકમાસમાં તેનાં ... તૈયાર થાય છે. એ એક રતલ બીની કિંમત એક રૂપિયાથી માંડી ચાર રૂપિયાસુધી ઉપજે ... છે. એ સિવાય તુલસી સુકાઇ ગયા પછી તેનાં જે લાકડાંઓ રહે તે લાકડાંઓની કિંમત પણ ...ી ઉપજે છે. એ લાકડાંઓ માળા તથા કંઠી બનાવવાના કામમાં લોકો વાપરે છે અને તે ...કડાંના બંગાળી એક મણના વીસ રૂપિયા કિંમત ઉપજે છે. આવી રીતે તુલસીનાં પાંદડાંમાંથી ...ણ પૈસા ઉપજે છે ને તુલસીનાં બીઓમાંથી પણ પૈસા ઉપજે છે; તેમ તુલસીનાં લાકડાંમાંથી પણ ...હું મોટી કિંમત ઉપજી શકે છે, માટે તુલસીનાં વાવેતર કરવા ગુજરાતના ખેડુતો ધ્યાન આપે ...ો તેઓને બહુ ફાયદો થઈ શકે તેમ છે.

લીલી અને કાળી તુલસીસિવાય બીજી એક જંગલી જાતની તુલસી થાય છે. તે પોતાની મેળે જંગલમાં ઉગી નીકળે છે. તેના પાંદડાં બહુ મોટાં હોય છે અને તેનાં બી પણ રાઇના દાણા જેવાં હોય છે, તેનો રંગ પણ ઘણું કરીને રાઇના દાણાને મળતોજ હોય છે. એ તુલસીને કેટલાક લોકો રામ તુલસી કહે છે અને કેટલાક લોકો તેને વન તુલસી પણ કહે છે. તેના છોડ કૃષ્ણતુલસી કરતાં મોટા થાય છે અને એ તુલસીમાંથી બી પણ વધારે નીકળે છે. તે બીનો પણ પાક બની શકે છે અને તેના બીની તપાસ જો આપણે આસમાં કરી હોય તો ને વખતે ઘણું બી મળી શકે છે; પણ અફસોસની વાત એ છે કે, જે ઠેકાણે મોટી ઉત્તમ વસ્તુઓ થાય છે ત્યાંના લોકોને એ વસ્તુઓની કંઇ કિંમત હોતી નથી. એટલે તેઓ એ બીને સાચવી રાખવાની તજવીજ કરતા નથી. તેથી તે કિંમતી બી પોતાની મેળે ખરીને જમીન ઉપર ખરી જાય છે અને નાશ તેનો નાશ થાય છે, માટે આવી ઉત્તમ વસ્તુઓનો નાશ ન થાય ને તેનો કંઈ સદુપયોગ થાય તેમ કરવાની સૌ આગેવાનોએ કાળજી રાખવી જોઇએ.

તુલસીનાં બીને ઝાડી, ઝાટી, અંબર પંડોએ ... ... બારીક ભૂકો કરો. ને ... ...

ઓ તૈયાર રાખવી. પછી પ્રથમ ચણાના લોટમાં સારી પેઠે ઘીનું મોણ દઈ તેમાં જરા દૂધ છાંટવું. એ પછી લોખંડ અગર પિત્તળના વાસણમાં ઘી મૂકી, ઘી ગરમ થાય ત્યારે તેમાં ચણાનો મોણ દીધેલો લોટ નાખી ધીમી આંચે શેકવો અને જ્યારે અડધો શેકાઇ રહે, ત્યારે તેમાં માવો નાખવો અને એ લોટની સાથે માવાને પણ શેકાવા દેવો. માવાને તેમાં નાખ્યા અગાઉ છૂટો પાડી નાખવો, લોચા જેવો એમ ને એમ નાખવો નહિ. એ પછી જ્યારે માવાની અંદરનું પાણી બળી જાય ને માવો શેકાઇ રહે, ત્યારે તેમાં બદામના મગજનો ભૂકો નાખવો. બદામનો મગજ રીતસર [illegible] જાય, ત્યારે તેમાં તુલસીનાં બીનો ભૂકો નાખવો. એ ભૂકામાં ભાંગ ને એલચીનો તથા મરીનો [illegible] પણ મેળવી દેવો અને તે પછી તુરતજ ઉતારી લેવો. ત્યારબાદ સાકરની ચાસણી તૈયાર કરવી. તેમાં કેસર નાખવું. એ ચાસણી કેવી રાખવી તેનો આધાર જૂદી જૂદી ઋતુઓ ઉપર છે. [illegible] શિયાળામાં ચાસણી જરા નરમ હોય તો પાક રીતસર રહે છે; પણ જો આકરી ચાસણી [illegible] તો પાક બહુ કઠણ બની જાય છે; તેમજ ચોમાસામાં જો નરમ ચાસણી રહે તો પાક [illegible] દીથી બગડી જાય છે અને ઢીલો પડી જાય છે, પણ જો આકરી ચાસણી હોય તો પાક [illegible] થાય છે. બીજું એ કે, પાકની અંદર ઝાઝું ઘી સમાવવું હોય તો જરા આકરી ચાસણી [illegible] પડે છે અને થોડા ઘીમાં કામ ઉકેલવું હોય તો નરમ ચાસણી રાખવી જોઇએ. આ બધી [illegible] વારંવાર પાક બનાવનારા વૈદરાજો તથા મિઠાઇ બનાવનારાઓ સમજે છે; પણ ઘણા લોકોને [illegible] ઝીણી ઝીણી બાબતોની ખબર હોતી નથી અને આ લેખ તો સામાન્ય લોકોને માટે છે, [illegible] આ બધી બારીક વિગત કહેવી પડે છે. એ પછી તૈયાર થયેલી ચાસણીમાં તૈયાર થયેલા [illegible] મેળવવો અને સારી રીતે હલાવવો. એ પછી ઠરવા જેવું થાય, ત્યારે તેને થાળીની અંદર [illegible] ઢાળું. [illegible] પછી તેમાં ચપ્પુવડે કાપા પાડી પોતાની મરજી પ્રમાણે નાના કે મોટા કકડા બનાવવા. એ પાક દરરોજ બે તોલાથી દશ તોલાસુધી સૌ સૌના જઠરાગ્નિના જોર પ્રમાણે ખાઇ [illegible] છે. એ પાક સવારના પહોરમાં ખાવો અને તેની ઉપર પાશેર કે અડધો શેર દૂધ પીવું. એ [illegible] ખાતી વખતે તેલ, મરચું, ખટાશ વગેરે ચીજો ન ખવાય તો એ પાક ઘણોજ વધારે [illegible] આપી શકે છે અને જો શાકભાજીમાં બહુ મસાલાઓ ખવાય તો તે પાક ઓછો ગુણ [illegible] માટે પાક ખાતી વખત તેલ, મરચું, આમલી, ગરમ મસાલો વગેરે વસ્તુઓ ન ખાવામાં [illegible] અથવા ઓછાં ખાવામાં આવે તેવી તજવીજ રાખવી જોઇએ.

તુલસીનાં બીમાટે વૈદકશાસ્ત્રમાં એમ કહેલું છે કે, એ બી બહુજ શક્તિવર્ધક છે. [illegible] [illegible] છે અને વીર્ય વધે છે. શરીરમાં સાચી ગરમી આવી જાય છે અને વાયુના [illegible] ઘણી જાતના રોગ મટી જાય છે. જો એ પાક વિધિપુરઃસર બનાવ્યો હોય અને [illegible] [illegible] રીતસર ખાધો હોય તો તેથી બેહદ ફાયદો થાય છે અને બીજી ઘણી જાતના [illegible] રોગો એ પાક ખાવાથી મટી જાય છે.

[illegible] પાક બનાવવાની ઉપર જે રીત બતાવેલી છે, તે રીત સહેલામાં સહેલી અને [illegible] [illegible] છે; કારણકે એમાં ઝાઝું ખર્ચ લાગતું નથી કે ઘણી મહેનત પડતી નથી; તેમજ [illegible] [illegible] નહિ મળી શકે તેવી અલભ્ય વસ્તુઓ પડતી નથી અને તેની બનાવટ પણ [illegible] છે. [illegible] ઘણી જ બહુ સહેલાઇથી તે બની શકે તેમ છે. એ સિવાય તુલસીના [illegible] [illegible] પણ ઘણી રીતો છે અને એ પાકમાં બીજી પણ ઘણી જાતની [illegible] [illegible] [illegible] નહિ, કારણકે જૂદી જૂદી [illegible] [illegible] અને જૂદા જૂદા [illegible] જૂદી જૂદી દવાઓ મેળવીને [illegible] [illegible] [illegible] પણ ઘણી હોય છે [illegible] [illegible] [illegible]

નાં મૂળનો ભૂકો મેળવવો જોઇએ. એમાં ગાંઠોડીનાં મૂળ એ વધારે સારી ચીજ છે.×

૨–પીંપળાની પેપડીનો પાક અને તેના ફાયદા

પીંપળાને જે ફળ થાય છે તે ફળને પેપડી કહે છે. તે ફળ પક્ષીઓ ખાય છે; અને જ્યાં ગામને ઝાંપે પીંપળાઓ હોય છે, ત્યાં છોકરાંઓ પણ એ ફળ વીણી વીણીને ખાય છે. એ પાકેલી પેપડી લાવી તેને છાંયે સુકવવી, પછી તેને કુટવી અગર દળાવીને લોટ બનાવવો અને તે લોટનો તુલસીનાં બીની માફક પાક બનાવવો અને તેમાં પણ એજ પ્રમાણેની વસ્તુઓ નાખવી તથા વજન પણ તેજ પ્રમાણે સમજવું. તે સિવાય કોઇ માણસને ભાવે પસંદ ન હોય, અગર કોઇને બદામની જરૂર ન લાગે તો એ વસ્તુ નાખ્યાવિના પણ બનાવી શકાય છે; તેમજ પેપડીનું તથા તુલસીના બીનું વજન પણ પોતપોતાના શરીરની પ્રકૃતિ પ્રમાણે ઓછું વધતું કરી શકાય છે. જેમકે ઉપર જણાવેલ જાતના પાકમાં નવટાંક પેપડી પણ નાખી શકાય, પાશેર પેપડી પણ નાખી શકાય અને ઓછી વધારે પણ નાખી શકાય; પણ એ પ્રમાણે જેમ પેપડી વધારે કે ઓછી નાખીએ તે પ્રમાણે પાકના ગુણમાં તથા સ્વાદમાં ફેર પડે છે અને બહુ દવાવાળો પાક ઘણા લોકોને ખાવો ભાવતો નથી; તેમજ પચવામાં પણ મુશ્કેલી પડે છે. તેથી ઉપર જે વિધિ બતાવેલી છે; તે સ્વાદ તથા ગુણ બંને વસ્તુ સચવાય અને સૌને માફક આવે તથા સહેલાઇથી બના શકીને ઓછા ખર્ચમાં થઇ શકે તેવી છે; માટે જેનાથી બની શકે તેણે તેનો લાભ લેવો જોઇએ. પીંપળાની પેપડી પુરુષોને તાકાત આપનારી અતિશય ફાયદાવાળી વસ્તુ છે અને સ્ત્રીઓના ગર્ભાશયના ઘણી જાતના રોગો એથી દૂર થાય છે. વળી પીંપળાની પેપડી ખવરાવવાથી બાળકોની ભાષા સુધરી જાય છે અને તેને જલદીથી બોલતાં આવડી જાય છે તથા તેઓના શરીરમાંથી ઘણી જાતના રોગો ફક્ત પેપડી ખાવાથીજ મટી જાય છે. એવી ઉત્તમ વસ્તુઓ માત્ર પક્ષીઓજ ખાઇ જાય છે તથા નીચે ખરીને ધુળમાં મળી જાય છે. જે દવામાં તેના કરતાં સોમા ભાગ જેટલો પણ ગુણ ન હોય તેવી દવાઓ બહુ મોંઘી કિંમતે ઘણા લોકો વાપરે છે ને ઉલટા દુઃખી થાય છે. એમ ન થાય માટે આવી સારી સારી નિર્દોષ ઘરગતુ વસ્તુઓના લાભ લેતાં શીખવું જોઇએ.

૩–હાથલાના ફળના રસનો પાક

ગામડાંઓમાં ખેતરોની વાડોમાં હાથલાના થોર નામે કાંટાવાળા થોર થાય છે. તેનો આકાર હાથના પંજા જેવો હોય છે, તેની ઉપર બહુ કાંટા હોય છે અને તેમાં લાલ ડોડવાં થાય છે. તેની ઉપર પણ બહુ બારીક કાંટા હોય છે. એ પાકેલા ફળને લાવી તેની ઉપરની છાલ કાઢી નાખવી અને અંદરથી જે ગર્ભ રહે તે ગર્ભને છુંદી નાખવો. એટલે તેમાંથી રસ નીકળશે. એ રસને જાડા કપડાવડે બે વખત ગાળી લેવો. તે રસમાં સાકર નાખી તેની ચાસણી બનાવવી. મતલબ કે ચાસણી બનાવવા માટે સાકરમાં જેમ પાણી નાખીએ છીએ, તેમ પાણી નહિ નાખતાં તેને બદલે હાથલાનાં ડોડવાંનો રસ નાખવો અને તેની ચાસણી બનાવવી. એ પછી ચણાનો લોટ શે. ૧ લઇ તેને ઉપર મુજબ મોણ દઇ તથા દુધનો ધ્રાબો દઇ ઘીમાં મોહનથાળની પેઠે શેકી લેવો. તેમાં પણ ઉપર પ્રમાણે ભાંગ તથા મરી મેળવવાં અને બરોબર લોટ શેકાઇ રહે, ત્યારે પેલી ચાસણીમાં મેળવી દેવું. એ પાક ખાંસી તથા દમના દરદવાળાઓને બહુ ફાયદો કરે છે અને જેના શરીરમાં બહુ શરદી રહેતી હોય અને બહુ ટાઢ વાયા કરતી હોય તેને પણ એ પાકથી બહુ ફાયદો થાય છે. એ પાક લાલ રંગનો થાય છે. એ હાથલાનાં ડોડવાંનો રસ કાઢતી વખત બહુ સંભાળવું જોઇએ; કારણ કે તેની ઉપર બહુ કાંટા હોય છે. એ કાંટા પાકની અંદર ન આવી જાય તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. એ પાક ખાવાથી પણ અજબ જેવો ફાયદો થાય છે. એ ડોડવાં હજારો ખાંડી મફત મળી શકે તેમ છે; કારણકે કોઇ પણ લોકો તેમાંથી કોઇ ખાસ ચીજો બનાવતા નથી, પણ જો કોઇ રસાયણશાસ્ત્રી શોધ કરે તો હાથલાનાં ડોડવાંમાંથી ગોળ તથા સાકર બહુ સહેલાઇથી બનાવી શકાય તેમ છે. એ સિવાય બીજી પણ ઘણી જાતની દવા તેમાંથી મેળવી શકાય તેમ છે. તેમાં ખાસ ખુબીની વાત એ છે કે, એના

× "પાચક પાકોમાટે ઠંડક પદાર્થ વિરોધી ગુણવાળા હોવાથી તે એવા પાકોમાં નખાવા જોઇએ નહિ. એવા બાબતું એક અનુભવના વૈદ્યો વૈદ્યકના મતમાં વાંધેલું વાદ છે, માટે આવી બાબતમાં અનુભવી વૈદ્યનો મત લઇ તે મુજબજ વર્તવા ભલામણ છે.

ભિક્ષુ: અખંડાનંદ

ઝાડને પાણી પાવું પડતું નથી કે તેની ઉપર કંઈ મહેનત લેવી પડતી નથી; પણ ખરાબમાં ખરાબ જમીનમાં પણ પોતાની મેળે તે ઉગી નીકળે છે. જથાબંધ ફળ આપ્યા કરે છે, માટે એવી અમૂલ્ય વસ્તુઓ ફોકટ ન જાય તેની ખાસ કાળજી રાખવી જોઇએ અને એવી ફોકટ જતી વસ્તુઓમાંથી પણ દેશની સમૃદ્ધિ વધે એવા ઉપાયો કરવા જોઇએ.

૪–હાથલાના અને બીજાં બીજોના પાકો વગેરેની રીત

હાથલાના ફળનો રસ કાઢી લીધા પછી તેમાંથી જે બીજ રહે તે બી પણ બહુ ગુણકારી વસ્તુ છે. એ બી કઢાવી તેને પાણીથી ધોઇને સુકવી રાખવા પછી તેને ખંડાવવાં, તે બી બહુ સખ્ત હોય છે. તેને કૂટી તેનો ભૂકો કરતાં બહુ મહેનત પડે છે. એ બીમાંથી પણ બહુ મજેનો લોટ નીકળે છે. એ લોટનો પણ ઉપરની વિધિ મુજબ પાક થઇ શકે છે અને એ પાકના ગુણ પણ ઘણા સરસ છે. ખાસ કરીને ધાતુપુષ્ટિની બાબતમાં પણ આ પાક બહુ સારૂં કામ આપે છે અને શરીરમાં ગરમી રાખવાની બાબતમાં પણ એ પાક અજબ જેવો ફાયદો કરે છે.

આ બધી વસ્તુઓના જેમ પાક બની શકે છે, તેમજ તેમાંથી તેના પેંડા પણ બનાવી શકાય છે. એ પેંડા બનાવવાની રીત એવી છે કે, એક શેર માવો લેવો. તેને ગરમ કરી પેંડા બનાવવા જેવો થાય, ત્યારે તેમાં પાશેર તુલસીનાં બીનો ભૂકો નાખવો તથા એક તોલો એલચીનો ભૂકો નાખવો અને તેમાં પાવલીભાર ભાંગ તથા એક તોલો મરી મીલાવવાં અને સવાશેર સાકર નાખવી ને પેંડા વાળી લેવા. તે પેંડા દરરોજ એક તોલાથી પાંચ તોલાસુધી ખાઈ શકાય છે. એજ પ્રમાણે પીંપળાની પેંપડીના પેંડા પણ બની શકે છે તથા હાથલાના બીજના લોટના પેંડા પણ બની શકે છે. એ સિવાય શિવલિંગી તથા બીલીના ફળની અંદરથી જે બીજ નીકળે છે, તેના પેંડા પણ એ રીતે બની શકે છે. એ બંને જાતના પેંડા પણ અતિશય ગુણ કરે છે. એ સિવાય શિવલિંગીના બીનો તથા બીલીના બીનો પણ ઉપરની રીત મુજબ પાક બની શકે છે અને તે પાક પણ બહુ સારો ફાયદો આપે છે. આવીજ રીતે સફેદ ફ્રોનો પાક બનાવાય છે અને તે પણ લોહી સુધારવાના કામમાં અતિશય ઉપયોગી છે; તથા સ્ત્રીઓનાં કેટલાંક ખાસ દરદોને સારૂ એ પાક બહુજ ગુણકારી છે, માટે આવી સાદી સાદી ને મફત મળતી વસ્તુઓમાંથી પોતાની તંદુરસ્તી સુધારવાનો મહાન લાભ લોકો લે;અને આવી જાતના સહેલા સહેલા પ્રયોગો સૌના તરફથી વધારે વધારે જાહેરમાં આવે એમ હું ઇચ્છું છું.

મહાત્મા અગસ્ત્ય કી મહત્તા

(લેખક–' જ્ઞ ' સરસ્વતી ડીસેંબર ૧૯૨૬ માંથી)

કૂપમંડૂકતા બડી હી અનિષ્ટકારિણી તથા એક પ્રકાર સે વિનાશકારિણી હોતી હૈ. મનુષ્ય યદિ અપને હી ઘર, ગ્રામ યા નગર મેં આમરણ પડા રહે તો ઉસકી બુદ્ધિ કા વિકાસ નહીં હોતા, ઉસ કે જ્ઞાન કી વૃદ્ધિ નહીં હોતી, ઉસકી દૃષ્ટિ કો દૂરગામિની ગતિ નહીં પ્રાપ્ત હોતી. દેશ-વિદેશ જાને, ભિન્ન ભિન્ન જાતિયોં ઔર ધર્મો કે અનુયાયિયોં સે સમ્પર્ક રખને, દૂર દેશોં મેં વ્યાપાર કરને આદિ સે વિદ્યા, બુદ્ધિ, ધન ઔર ઐશ્વર્ય કી વૃદ્ધિ હોતી હૈ, મનુષ્ય મેં ઉદારતા આતી હૈ; જો આચાર–વિચાર ઔર રીતિ–રસ્મ અપને સમુદાય મેં હાનિકારક હોતે હૈં ઉન્હેં છોડને કી પ્રવૃત્તિ હૃદય મેં જાગૃત હો ઉઠતી હૈ. જો બાત એક, દો યા દસ–બીસ મનુષ્યોં કે હિતાવહ હોતી હૈ વહી એક દેશ કે લિએ ભી હિતાવહ હોતી હૈ. ઇંગ્લેંડ એક છોટા સા ટાપૂ ઉસકા વિસ્તાર યા રકબા હમારે દેશ કે સૂબે અવધ સે ભી શાયદ કમ હી હોગા; પર ઉસ સે ટાપૂ કે પ્રગતિશીલ નિવાસિયોં ને હજારો કોસ દૂર આસ્ટ્રેલિયા ઔર કેનાડા તક મેં પ્રભુત્વ જમા લિયા હૈ. દૂર કી બાત જાને દીજિયે, અપને દેશ ભારત કો ભી પાદાક્રાન્ત વે આજ ડેઢ સૌ વર્ષ સે યહાં રાજ્ય કર રહે હૈં. યદિ વે કૂપમંડૂકતા કે કાયલ હોતે તો ન પ્રતાપ ઔર ઐશ્વર્ય કી ઇતની વૃદ્ધિ હોતી ઔર ન ઉનકે રાજ્ય કી સીમા હી કા વિસ્તાર બઢતા. ઉનકી વર્તમાન ઉન્નતિ ઔર ઊર્જિતાવસ્થા કા પ્રધાન કારણ ઉનકી પ્રગતિશીલતા

દુર્વ્યવસાય કી હૈ. જિસ મનુષ્ય યા જિસ દેશ મેં મહત્ત્વાકાંક્ષા નહીં વહ કભી ઉન્નતિ નહીં કર સકતા. ઇસે અગાધ સત્ય સમઝિયે.

યદ્યપિ કુછ સમય સે ઇક્કે દુક્કે ભારતવાસી વિદ્યોપાર્જન ઔર વ્યાપાર કે લિયે પ્રાય દેશ પ્રાયઃ પ્રત્યેક પ્રાંત સે અબ વિદેશોં કો જાને લગે હૈં તથાપિ અધિકાંશ મેં સમુદ્ર-પાર કરના પુરાને ઢંગ વાલે બહુત બડા પાપ ઔર ધર્મચ્યુતિ કા કારણ સમઝતે હૈં. જો રાજપૂત, ક્ષત્રી અથવા, જરૂરત પડને પર, ઘોડે કી પીઠ સે આગે કી નોક સે છેદ કર નીચે આગ મેં. રોટિયાં પકાતે ઔર ખાતે થે વે તક ઇસ સમય યોરપ ઔર અમેરિકા આદિ કી યાત્રા કરને મેં ધર્મહાનિ સમઝતે હૈં. ફૌજ મેં ભરતી હોકર અરબ, મિસ્ર, ફારિસ, ફ્રાંસ, ઇંગ્લૈંડ ઔર હાંગકાંગ જાને મેં હમ લોગોં કી જાતિ ઔર ધર્મ કી હાનિ નહીં હોતી, પર અન્ય ઉદ્દેશ સે જાને મેં હમ ડરતે હૈં. યહ પ્રવૃત્તિ ધીરે ધીરે કમ હો રહી હૈ, પર ઉસકે સમૂલ જાતે રહને મેં અભી બહુત સમય દરકાર હૈ.

હમારી ઇસ કૂપમંડૂકતા ને હમારી જો હાનિ કી હૈ ઉસકી ઇયત્તા નહીં, ઉસકે ફલ હમ પદ પદ પર ભોગ રહે હૈં. ઉસને હમેં કિસી કામ કા નહીં રક્ખા. પરન્તુ દુર્દૈવ હમેં ફિર ભી સચેત નહીં હોને દેતા. ઉસને હમેં યહાં તક અંધા બના દિયા હૈ કિ હમ અપને પૂર્વ પુરુષોં કે ચરિત ઔર ઉનકે દૃષ્ટાન્ત ભી ભૂલ ગયે હૈ. હમારે જિન ધર્મધુરીણ પ્રાચીન ઋષિયોં ઔર મુનિયોં ને દ્વીપાન્તરોં તક મેં જાકર આર્યોં કે ધર્મ, જ્ઞાન ઔર ઐશ્વર્ય કી પતાકા ફહરાઈ ઔર બડે બડે ઉપનિવેશોં તક કી સ્થાપના કર દી, ઉનકી ચરિતાવલી આજ ભી હમેં અપની પુરાની પોથિયોં મેં લિખી મિલતી હૈ; પરન્તુ ઉનકી ઓર કિસી કા ધ્યાન હી નહીં જાતા. ઉનકે કાર્યોં કા અનુસરણ કરના તો દૂર કી બાત હૈ.

"રૂપમ્" નામ કા એક સામયિક પત્ર અંગ્રેજી મેં નિકલતા હૈ. ઉસમેં બડે હી મહત્ત્વ કે લેખ ઔર ચિત્ર પ્રકાશિત હોતે હૈં. ઉસમેં ઓ૦ સી૦ ગાંગુલી નામ કે એક મહાશય ને એક લેખ અગસ્ત્ય-ઋષિ કે સંબંધ મેં પ્રકાશિત કરાયા હૈ. યહી લેખ કવિવર રવીન્દ્રનાથ ઠાકુર કી વિશ્વભારતી નામક પત્રિકા કે ગત જુલાઇ માહને કે અંક મેં ઉદ્ધૃત હુઆ હૈ. ઉસ લેખ મેં યહ લિખા ગયા હૈ કિ હમારે પ્રસિદ્ધ ઔર પ્રાચીન અગસ્ત્ય-મુનિને કમ્બોડિયા હી મેં નહીં, સુમાત્રા, જાવા ઔર બોર્નિયો તક મેં જાકર વહાં પર ભારતીય સભ્યતા કા પ્રચાર કિયા થા. યહ વહી અગસ્ત્ય-ઋષિ જાન પડતે હૈં જિનકે વિષય મેં કહા જાતા હૈ કિ ઉન્હોંને સમુદ્ર કો અપને ચુલ્લૂ મેં ભર કર પી લિયા થા. ઇસ અતિશયોક્તિ યા રૂપક કા મતલબ શાયદ ઇતના હી હૈ, કિ જિસ સમુદ્ર કે પાર જાના લોગ પાપ સમઝતે યા જિસકે સન્તરણ સે લોગ ભયભીત હોતે થે, ઉસી કે પાર વે ઇસ તરહ ચલે ગયે, જિસ તરહ લોગ ચુલ્લૂ ભર પાની કો પાન કર જાતે હૈં. અગસ્ત્ય કો આપ કલ્પનાપ્રસૂત પુરુષ ન સમઝ લીજીએગા. ઉનકા ઉલ્લેખ આશ્વલાયન-ગૃહ્યસૂત્રોં તક મેં હૈ; પુરાણોં મેં તો ઉનકી ન માલૂમ કિતની કથાયેં પાઇ જાતી હૈં. ઉનકે ચલાયે હુએ અગસ્ત્ય-ગોત્ર મેં ઇસ સમય ભી સહસ્રશઃ મનુષ્ય વિદ્યમાન હૈં. પૂર્વીય દ્વીપોં મેં પાયે ગયે એક શિલાલેખ તક મેં ઇસ બાત કા નિર્દેશ હૈ.

અગસ્ત્ય-ઋષિ કા નિવાસસ્થાન કાશી થા. વે મહાશૈવ થે ઔર કાશી કે એક શિવ-મંદિર, બહુત કરકે વિશ્વનાથ કે મંદિર સે સંબંધ રખતે થે. વે બડે વિદ્વાન્ ઔર બડે તપસ્વી થે. ઉનમેં ધર્મ-પ્રચાર-વિષયક ઉત્સાહ અખંડ થા. શૈવ-મત કી અભિવૃદ્ધિ કે લિએ ઉન્હોંને દક્ષિણાપથ કે પ્રાન્તોં મેં જાને કા નિશ્ચય કિયા. ઉસ સમય વિંધ્ય-પર્વત કે પાર દક્ષિણી પ્રાન્તોં મેં જાના દુષ્કર કાર્ય થા; ક્યોંકિ ઘોર અરણ્યોં કો પાર કરકે જાના પડતા થા, પરંતુ સારી કઠિનાઇયોં કો હલ કરકે મહામુનિ અગસ્ત્ય વિંધ્યાચલ કે ઉસ પાર પહુંચ ગયે. વહાં જાકર ઉન્હોંને દૂર દૂર તક કે જંગલ કટવાકર વહ પ્રાન્ત મનુષ્યોં કે બસને ઔર આવાગમન કરને યોગ્ય બના દિયા. વાલ્મીકિ-રામાયણ કે અરણ્યકાણ્ડ મેં લિખા હૈ, કિ ઉસ પ્રાન્ત કો મનુષ્યોં કે બસને યોગ્ય બનાને મેં દંડકારણ્ય કે અસભ્ય જંગલી લોગોં (રાક્ષસોં) ને અગસ્ત્ય કે કામ મેં બડી બડી બાધાયેં ડાલીં; પરંતુ અગસ્ત્ય ને ઉન સબકા પરાભવ કરકે કિતને હી આશ્રમોં ઔર નગરોં કી સ્થાપના કર દી. ઇલ્વલ ઔર વાતાપિ નામ કે દો રાક્ષસ (શાયદ અસભ્ય જંગલી લોગોં કે સરદાર) ઉસ સમય વહાં બડે હી પ્રબલ થે. ઉનકે ઉત્પાત સદા હી જારી રહતે થે. ઉન્હેં

ભી અગસ્ત્ય સે હાર ખાની પડી. ઇસ બાત કા ભી ઉલ્લેખ પૂર્વોક્ત રામાયણ કે સંગ્રહો મેં હૈ. વર્તમાન ઍપોલ ઔર બાદામી નગર ઉન દોનોં રાક્ષસોં કી યાદ અબ તક દિલા રહે હૈં.

અગસ્ત્ય-ઋષિ ને દક્ષિણ મેં અપને મત હી કા પ્રચાર નહીં કિયા, ઉન્હોંને વહાંવાલોં કો કલા-કૌશલ ભી સિખાયા. કિતને હી નરેશોં તક કો ઉન્હોંને અપને ધર્મ મેં દીક્ષિત કિયા. પાંડ્ય દેશ કે અધીશ્વરોં કે યહાં તો ઉનકા સબસે અધિક સમ્માન હુઆ. વેલોગ ઉન્હે દેવતા કે સદૃશ પૂજને લગે. અગસ્ત્ય જી ને વહાં પહલે પહલ આયુર્વેદ કા પ્રચાર કર રોગ-નિવારણ કી વિદ્યા લોગોં કો સિખાઇ. કહતે હૈં કિ ઉન્હોંને તામિલ-ભાષા કા પ્રચાર ઔર સુધાર કિયા. દ્રવિડદેશીય વર્ણમાલા કા સંશોધન ભી ઉન્હીં કે દ્વારા હુઆ માના જાતા હૈ. ઔર વ્યાકરણ કા નિર્માણ ભી ઉન્હીં ને કિયા. ઉન્હીં કે નામાનુસાર વહ અગોથિયમ આજ ભી પ્રચલિત હૈ. મૂર્તિ-નિર્માણ-વિદ્યા પર ભી અગસ્ત્ય-ઋષિ કે દ્વારા નિર્મિત એક સંહિતા કહી જાતી હૈ. મતલબ યહ, કિ ઇસ મહર્ષિ ને દક્ષિણાપથ કો મનુષ્યોં કે નિવાસયોગ્ય હી નહીં કિયા, કિન્તુ ઉન્હોંને વહાં કે નિવાસિયોં કો ધર્મ, વિદ્યા ઔર કલાઓં આદિ કા ભી દાન દે ઉન્હેં સભ્ય ઔર શિક્ષિત ભી કર દિયા.

[illegible] અગસ્ત્ય કો ઇતને હી સે સંતોષ ન હુઆ. ઉપનિવેશ-સંસ્થાપન ઔર સભ્યતા-પ્રચાર [illegible] સમુદ્ર-બંધન [illegible] સમુદ્ર કો પી ડાલા. અથવા આજ-કલ કી [illegible] યા જહાજ બનવા કર ઉનકી સહાયતા સે [illegible] દેશોં મેં જા પહુંચે. વહાં ઉન્હોંને હિન્દૂ યા આર્યધર્મ [illegible] નિવાસિયોં સે જ્ઞાત હોતા હૈ, કિ ધીરે ધીરે વે દરવાતી કમ્બોડિયા [illegible] એક ખાસ ઍંકોર-વટ નામક હૈ. વહાં એક દ્વાર-દેશ [illegible]

[illegible] કે નિવાસી થે. વે શિવમત કે અનુયાયી થે. ઉનકે [illegible] કે દેશ તક પહુંચ ગયે થે. યહાં આકર ઉન્હોંને [illegible] બહુત કાલ તક કી. યહીં વે પરમધામ કો પધારે."

[illegible] અગસ્ત્ય ઋષિ ને અનેક બડે બડે શિવમંદિરોં કા નિર્માણ [illegible] ઉન્હોંને એક રાજવંશ કી ભી નીવ ડાલી. ઇસ પ્રકાર [illegible] નિવાસિયોં કો અપને ધર્મ મેં દીક્ષિત કરકે ઉન્હેં સભ્ય ઔર [illegible]

[illegible] સન્તોષ ન મિલી. વાયુ-પુરાણ મેં લિખા હૈ, કિ [illegible] દ્વીપ તક મેં ગયે, ઔર વહાં [illegible] નહીં બતાયા જા સકતા; [illegible]

[illegible]

પાંજરામાંનું પક્ષી

(લેખક-ઇશ્વરીપ્રસાદ શર્મા. સરસ્વતી ડીસેંબર ૧૯૨૧ મ.શ્રી)

બહુ પ્યાર સે પ્રાણોં કે પિંજરે મેં બંદ કર એક પંછી પોસ રક્ખા થા. [illegible] તુમ મુઝે ઇસ સોને કે પિંજરે મેં બન્દ કિયે હુએ હો ! મુઝે છોડ દો, મુક્ત કર દો, સ્વતંત્ર [illegible] ઉડ સકું-ફિરકર ઉન્મુક્ત આકાશ મેં નિર્મુક્ત વાયુ કા સેવન કરતા હુઆ, નીલ નભોં [illegible] કો અપને કંઠ-કંઠ સે નિકલી હુઈ સંગીત-ધારા સે ગુંજાયમાન કર દૂં. તબ સ્વતંત્ર [illegible] કા સ્વાતંત્ર્યગાન સુનકર તુમ સુખી હોગે, જગત સુખી હોગા, ચરાચર સુખી હોંગે. ઇસ [illegible] ધીનતા મેં તો મેરા કંઠ હી નહીં ખુલતા, મૈં ગાના ક્યા ગાઉં ?"

પરંતુ ઉસકે લાખ કહને પર ભી મૈંને ઉસે પિંજરે સે બાહર નહીં નિકાલા. પ્રાણોં કે ભીતર જો પ્રાણ હૈં, ઉનકે અંદર ભી જો સબસે અંતરતમ પ્રદેશ હૈ, ઉસીમેં [illegible] બચા કર છિપા રક્ખા. સોચા કિ અબ ઇસ અંધેરી કોઠરી મેં-પ્રેમ નિરાલે કેદખાને સે યહ [illegible] કભી કહીં ઉડ કર નહીં જા સકેગા. મૈં ઇસે કુછ અચ્છે ખાને કો દૂંગા વહી ખાયગા. પીને [illegible] દૂંગા વહી પીયેગા, મૈં જબ ઇસે સિખાઉંગા વહી ગાના ગાયેગા; પરંતુ ન જાને ક્યોં મેરે [illegible] સેવા-યત્ન કરને પર ભી, હૃદય કે પ્રેમ કા સમસ્ત ભાગર ઉસી પર ઉંડેલ દેને પર ભી, પંછી [illegible] દિન સુખી નહીં દિખાઇ દિયા. પ્રતિદિન ઉસકે મુખડે પર એક પ્રકાર કી ઉદાસી કી છાપ [illegible] દેતી-ઉસકે ગાન મેં વેદના કા સ્વર બજતા હુઆ માલૂમ પડતા. મૈં જો ગીત ગાને કો [illegible] વહી ગાતા, તો ભી ન જાને ક્યોં વહ સંગીત ન તો હૃદય કો સંતોષ પ્રદાન કરતા, ન [illegible] મેં અમૃત ટપકાતા. આંખોં સે ઉસકા જો વેદના-વિજડિત [illegible] વદન-મંડલ દેખ પાતા [illegible] સે સારા આનંદ હવા હો જાતા. હર્ષ કી એક હલકી સી તરંગ ભી હૃદય-સાગર મેં નહીં ઉઠ પાતી.

એક-દો દિન, માસ, વર્ષ કરતે-કરતે એક યુગ બીત ગયા. નિત્ય વહી વેદના, વહી અંતર્નાદ, વહી હાહાકાર ઉસ પંછી કે પ્રાણોં સે પ્રકટ હોતે માલૂમ પડતે. માયા કે મારે-મનુષ્ય-હૃદય કી દુર્બલતા કે કારણ મૈં ઉસે મુક્ત ન કર સકા, બંધન-હીન ન બના સકા. હરદમ ઉસે પ્રાણોં કી પેટી મેં બંદ કિયે હી રહા.

ગામડાંમાં વળી પ્રસુતિના સમયે જે બેદરકારી બતાવવામાં આવે છે તેવી શહેરોમાં ઘણા ભાગે હવે દેખાડવામાં નથી આવતી. શહેરો ઉપરજ સુંદરી ગયાં છે એમ તો કહેવાનું છેજ નહિ; ત્યાં પણ તેટલાજ બેદરકાર લોકો વસે છે, પણ જરૂર પડે ત્યારે મદદની મળે છે જેથી તેનો ઉપયોગ કરે છે. જેમ શહેરોના ઘણા ભાગમાં જેવામાં આવે છે તેમ ગામડાંઓમાં જાણે પોતાના ઘરને થોડાક સમયમાં ઉજ્જવલ કરનાર છે તેવી સદ્‌ભાગી સ્ત્રીના તરફ તેનાં સગાંવહાલાં ઓછી નિર્દયતા નથી વાપરતાં. જ્યારે પ્રસુતિને સમયે ચોખ્ખામાં ચોખ્ખો હવાઉજાસવાળો ઓરડો જોઈએ, પહેરવાને સારૂં તદ્દન ચોખ્ખાં કપડાં જોઈએ, ત્યારે હિંદુ માતાઓને નર્માલે અંધારો ઓરડો જેમાં બહારની હવા પ્રવેશ કરીજ ન શકે તેવો ગોદડો હોય છે, તેમને ગંદાં ધૂતાં કપડાં પહેરેલા મળે છે અને ગંદી બેદરકાર દવાઈઓ પાસે તેમને લગતું સઘળું કામ કરાવવામાં આવે છે. નવાઈની વાત એ છે કે, સ્ત્રીની હત્યા કરવા માટે આટલા બધા ઉપાયો લીધા છતાંએ તેઓ પૈકી ઘણી જીવતી રહે છે; પણ જે માતાઓ જીવતી રહે છે તે પૈકી ઘણીનાં શરીર પ્રસુતિના આંચકા બાદ ખખડી ગયેલાં લાગે છે. જે હિંદુ પ્રજા તેમના તરફ બેદરકારી અને નિષ્ઠુરતા બતાવે છે, તે હિંદુ-પ્રજાની નજરે તેમનાં કરેલાં પાપોની એંધાણીરૂપ માંદલી માતાઓના ફિક્કા અને નિસ્તેજ ચહેરા, ઉદાસી આંખો અને માંદી રહેલા હાડકાંના માળા ને જાણે મોટી પડતી હોય એવી તેમની ઝુલી ગયેલી ચામડી નજરે પડે છે. આ નબળી થયેલી અને નબળી થતી માતાઓ નબળાં બાળકોને ઉછેરે છે. શું હિંદુઓને આથી શરમાવા જેવું નથી?

બચપણથી પ્રજાહીણે નબળાં થયેલાં આ બાળકોને તેમના પિતાઓનાં ચોખ્ખી હવા વગેરેથી વિમુખ એવાં ઘરોમાં ઉછરવાનું છે, ત્યાં અર્ધ ભૂખાળવ જીંદગી ગાળવાની છે, વાઇટામીન વગરનો અને ઘણાં પૌષ્ટિક તત્વો જેમાંથી કાઢી નાખેલાં છે એવો કમકીંમતદાર ખોરાક ખાવાનો છે, મરીમસાલા ગળી જવાનાં છે, રોજના અનેક પ્યાલા ભરી ચાહના કડવા ઉકાળા ગટગટાવવાના છે અને જે ઠેકાણે માંકડ, મચ્છર, ચાંચડ વગેરે મનુષ્યના દુશ્મનોનો વાસ હોય ત્યાં સુવાનું છે. હવે કોણ કહેશે કે ગામડાંની ભવિષ્યની પ્રજા મજબૂત થશે?

હવે એક કારણ રહ્યું. જ્યારે શહેરના લોકો સાંસારિક, ધાર્મિક, રાજદ્વારી વગેરે અનેક બાબતોપર ચર્ચા કરે છે, તેમને તેવી બાબતોપર વારેઘડીએ સાંભળવાનું પણ મળે છે અને તેથી તે ઉપર વિચાર કરવાનું તેમને મન થાય છે; ત્યારે ગામડામાં તેવું નથી, જેથી તેઓ અંદર અંદરની ખટપટની કે વિવાદ, લગ્ન, સીમંત વગેરેના ઉપર વાતો કરે છે. આવી વાતો કરતી વખતે ઘણીક વખત તો જે ભાષા વપરાય છે તેમાં બીભત્સ ભાવ ઘણો જેવામાં આવે છે. આ પ્રસંગે ઉછરતાં બાળકો હાજર હોય છે અને એવી ભાષાની અસરથી તેમના વિચારો બગડે છે. જે બિચારા આત્માઓ કમનસીબે હિંદુમાં અવતરે છે તેમના જન્મથી નાકૌવત થયેલા અને પાછળથી કમતાકાત ખોરાક વગેરેથી બગડેલા શરીરપર આવા વિષયાસક્ત વિચારોની અતિ માઠી અસર થાય છે.

સંસારસુધારકો શહેરોમા પરિષદો ભરી સમજેલાને સમજાવવા પ્રયત્ન કરે છે, તેને બદલે ગામડાંમાં જઈ સાદાં અને જાદુઇ ફાનસોની મદદવની ભાષણો કરી ત્યાંની રહેણીકરણી, ખાણીપીણી વગેરેની શી માઠી અસરો થાય છે તે સમજાવવા પ્રયત્ન કરે અને ત્યાંના લોકોના ખાસ સહવાસમાં આવી તે બદલાવે તો તેઓ બળહીન થયેલી અને થતી પ્રજાને પાછી બળવાન કરવાને ભાગ્યશાળી નીવડશે અને હિંદુપ્રજાને નષ્ટ થતી અટકાવશે.

ચીચોડના મિયાંઓનું દીપડા સાથે દ્વંદ્વયુદ્ધ

(સૌરાષ્ટ્ર તા. ૨૭–૩–૨૬ ના અંકમાંથી)

શિયાળાની સુસવતી ઠંડી અને પરોઢીઆનો પહોર! વજ્રાંગ મારુતિસરખા જુવાનોનાંયે કાળજાં ગગડી જાય એવું એ કાળઝળ હીમ! સવારના પાંચ વાગ્યાને સુમારે જ્યારે મેઘલીનાં અંધારાં ભળભાખળાંથી ભેદાવા લાગ્યાં ત્યારે ગોંડળ રાજ્યના પાટણવાવથી બે કોસ દૂર ચીચોડમાં એક ભરવાડના આંગણામાંથી ગોકીરો ઉઠયો કે,

'ધ્રોડજ્યો રે, આંઇ દીપડો બેઠો સે.''

કોશ, કોદાળી ને કડીયાળી ડાંગો લઇને જુવાનીઆઓ ભેગા થયા, ત્યાં તો દીપડો કામ પતાવીને–ઘોડીને ચીરીને ફાળ ભરતો નાઠો. અંધારામાં પત્તો લાગ્યો નહિ.

ઉગમણી દિશામાં સૂરજ નારાયણની લાલ લાલ કિરણું ફૂટીયું, એટલામાં તો ગામમાં વાત ફરી વળી કે પેલા ફાટેલ–પેધી ગએલ દીપડાએ આજે ભરવાડની ઘોડી ઉપર મારણ કર્યું. આ ઉન્મત્ત દીપડાનો ત્રાસ ત્રણ ત્રણ ચોમાસાથી ચાલુ હતો. એને મારવાના પ્રયત્નો બધાજ નિષ્ફળ ગયેલા. ગઈ સાલ એણે ઢોરઢાંખરનો દાળોવાટો કાઢયો હતો. એકાંતરે સવાર પડે ને કોઈના બળદ–ઘોડા–ગાય–ભેંસની ગળકી ચૂસાયાની રાડ પડીજ હોય!

પણ આજે તો એને ગોતીને ઠાર કરવાનો નિરધાર કરી ગામલોક ચાલી નીકળ્યા અને એ ગામલોકને અગ્રે કોણ કોણ? ચીચોડના મીયાંજાતિના છીવાઇદાર ગિરાસીયા–જુવાન અને વૃદ્ધ સાથે સાથે. આ લોકો ચીચોડના ગામેતી કહેવાય છે. દીપડાને સગડે સગડે આદમીઓનું ટોળું આગળ ને આગળ ચાલ્યું. સૂરજદેવ આભામંડળમાં બે ત્રણ નાડાવા ઉંચા ગયા, અને દશ વાગ્યાને સુમારે એક ખેતરમાં દીપડો દૂર દૂર તબકયો. ગામેતીઓએ ચીસ નાખી "એલા, એ રિયો" અને બધાએ પૂરપાટ દોટ દીધી. આડા ફરીને 'હુડીયો, હુડીયો' કરતાં દીપડાને ચીચોડની આથમણી દશમાં તગડયો. ત્યાં ખેતરમાં જાનવર ઢીલાનાંગળ કરીને એરંડાના છાંયડામાં 'ભસાક કરતો' બેસી ગયો અને લાંબો લસ થઇને સૂતો. જાણે આદમીનાં ટોળાંની બીકજ નહિ!

પંદર આદમીના ટોળામાંથી જુવાનીના ખમીરવડે ત્રસત્રસતી લાંબી ભુજાવાળા, ગામેતી ખીમા ડોસાએ આગળ ડગ ભરી જામગરી સળગાવી અને ગોળી 'સણુણુણ' કરતી જઇને ચોંટી દીપડાના પડખામાં. પેટાળ નીચે છરકો કરતીક ને પેલી મેર ચાલી ગઈ.

પણ દીપડો તો જાણે ફૂલ પણ ન ફરકયું હોય તેમ નિરાંત કરીને પડયોજ રહ્યો. પાંચ મીનીટ, દશ મીનીટ, પંદર મીનીટ વીતી પણ એ તો ન હાલે કે ન ચાલે. માત્ર ઘડી બે ઘડી પટપટ પૂછડી હલાવે! એટલે બીજા જુવાન ગામેતી રામા સાંગાએ ફરીને જામગરી ચેતાવી, બંદુક ફુટી ન ફુટી, કાન આગળ દારૂનો ધુમાડો ઉઠયો, એટલામાં તો દીપડો 'હૂ હૂ હૂ હૂ' ફાળ દઇને રામા સાંગા ઉપર ત્રાટકયો ને તરાપ મારીને રામાને ધરતી ઉપર ફેંકી દીધો. પટકતાંવેંત એક થાપો મારી એના થંભામાં નોર ખુતાડી દીધા.

રામાના બાપ ઘરડા ડોસા સાંગાએ જોયું કે, 'હાય હાય! રાવણ જેવા મહાજોધ દીકરાને મણાં મારી નજરૂં આગળ આ દીપડો વિંખી નાખશે, મારા છીવતરમાં ધુડય પડી!' સાંગાની નસોમાં ઝનુન ધખકી ઉઠયું અને તેણે એકજ કૂદકે દીપડાની ડોકી પકડી, મરડી તેને રામા ઉપરથી ઉંચકી નીચે નાખી દીધો. તરતજ દીપડે એના ઉપર તરાપ મારી. દીપડો એના ઉપર સવાર પહેલાં તો સાંગાએ રામાની નીચે પડેલી બંદુક ઉંચકી લીધી અને દીપડાનો થાપો પડતા પહેલાં તો તે આડી ધરી દીપડાના મોઢામાં ખોસી દીધી. સાથે થોડોક હાથ પણ દીપડાના મોઢામાં ચાલ્યો ગયો.

દીપડો હવે તો વિફર્યો. તેણે કારમી ત્રાડ નાખી, જોરથી દાંત ભીંસી 'કચ કચ કડ' ની બંધુકને ને સાંગાના હાથને બન્નેને ચાવી નાખ્યાં અને સાંગાના પડખામાં એક પ્રચંડ ... મારી તેને નીચે પટકયો. નીચે ડોસો સાંગો અને ઉપર જમદૂત સરખો રાવણમસ્થો દીપડો.

બેય જામગરી ખાલી! હવે શું થાય? કોઈની પાસે બીજું હથિયારે ન મળે. સાંગાના દીકરા માના હાથમાં માત્ર એક કાટેલી જુનવાણી બુઠ્ઠી તરવાર હતી અને કરણા ગામેતીના હાથમાં તી એક ખોખડધજ કડીઆળી ડાંગ. તરવારનો ઘા કેમ થાય? નીચે પડેલા દોસ્તને વાગે તો!

કરણા ગામેતીને શૂર ચડ્યું. એણે હાકલ દીધીઃ "થાજે માટી" અને પોતાના માથા ઉપર ચણુવાર ફેરવીને કડીઆળી ડાંગ ભડ લઈને દીધી દીપડાના કપાળમાં.

ડાંગનો ઘા પડતાં દીપડો રઘવાયો બન્યો ને સાંગા ગામેતી ઉપરથી ઉઠી એણે કરણા ઉપર હાથ સાંધી. કરણાએ ટાંપ ચૂકાવી પોતે ગુલાંટ ખાઈ દીપડાની પુંઠે જઈ ઉભો. દીપડાની વડછમાં આવ્યો ગામેતી ખીમા રૂડા ને એક થાપા ભેગો જઇ પડ્યો હો.

દીપડો એના ઉપર ચડી બેસવા જાતો'તો એટલામાં તો બાહોશ અનેલા રામા ગામેતીએ પોતાની જુનવાણી તરવાર ફેરવી સોઇ ઝાટકીને ઝીંકી દીપડાની ખોપરીમાં, ને ભડસ કરતી ખો- પરીમાં સોઇવટ કાટય પડી ગઈ. સાથે તરવારના બે કટકા ખણુખણાટ કરતા બે બાજુએ ઉડી પડ્યા. દીપડો પણ પડ્યો. ત્યાં તો પેલા બારેય જણ કોદાળી, બરછી ને કુહાડી લઈને આડી પડ્યા.

પેલા થાપા ખાઇને નોર ખુંચી જવાથી ઘાયલ થયેલા રામા સાંગા અને ખીમાને લોકો ઉપા- ડીને ગામમાં લાવ્યા અને પડદે નાખ્યા.

દીપડા સામેની આ ત્રણે જણની સમરલીલા કાંઇ કલાક બે કલાક ન્હોતી ચાલી; ત્યાં તો કોટેલા, રઘવાયા થયેલા હિંસક પ્રાણીની ક્રૂર વિજળીક ગતિ સામે એટલીજ ત્વરાથી દાવપેચ ખેલવાના હતા; એટલે તો આ ભયંકર, જીવસટોસટની રમતમાં અઢાની ઘડી જેવી દસ મીનીટો વીતી; પણ એ એક એક મીનીટ એટલે તો પેલા બહાદુરોને મન હશે એક એક યુગ!

ચીચોડના મીયાંઓ કહે છે કે, "જે જગ્યાએ દીપડો માર્યો એ ધરતીજ નગદ શૂરવીરા- ઇનું પુરાતન ક્ષેત્ર છે. અમારા પંદરે બહવીરોમાંથી એકેય પાછો હટ્યો નહિ, એટલેજ એક- બીજાની દરમનવટે અમે આંગોપાંગ ઉતર્યા. અમે આ કંઇ પહેલવહેલો દીપડો નથી માર્યો. આમ ને આમ પૂરા સત્તરને અમે રામશરણ કરી દીધા છે." પણ આ દ્વંદ્વયુદ્ધ તો અનોખુંજ છે. આ તો–

> "કાઠી ખરીયા વરયા શૂર રજપૂત જ્યાં, મીર આહીર ગોહીલ વંકા;
> ખડગના ખેલની રંગભૂમિ મહીં, જંગના વાજતા નિત્ય ડંકા.
> સિંધુડા શૂર જ્યાં બીરને ભડ કરે, ધડૂકતા ઢોલ ત્રાંબાળુ ધણુણી;
> ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર—ધરણી."

વીર-શૌર્યનાં અગણિત સંસ્મરણોવડે મ્હેંકતી સોરઠની અમર ભોમકાનો એટલોજ ચામર શૌર્યપ્રસંગ છે.

દીપડા સાથે જીવણ બાથંબાથા કરી, લોથ થઈને ઘેર આવેલા આ શૂરવીરોને દેખનારજ ઘોમ મખને બપોરે ચીચોડનો પસાયતો સનરાભાઇજ દોડનો પાટણવાવ પૂગ્યો અને ફોજદારને ખબર કર્યા. ફોજદારે ટેલીફોનથી ગોંડળનરેશને સમાચાર મોકલ્યા અને ઘાયલ થયેલાઓને અને મરેલ દીપડાને લઈ પાટણવાવ આવવા હુકમ મોકલ્યો.

ફોજદારે તેમનો ધારાપુનર પંચકયાસ કરી તેમને ઇસ્પિતાલમાં જવાની પરવાનગી આપી; પણ હવે તો તેમના ઘા હરતા હતા અને ત્યાં અસહ્ય વેદના થતી હતી. દરદ વધવા માંડ્યું, અને સાંજ પડી. ત્રણેને ગોંડળ મોકલવામાં આવ્યા.

અને આ શૂરવીરોની કદર ગોંડળના રાજવીએ કેવી રીતે કરી! તેમને ઇનામ અકરામ કે સારો હોદ્દો આપીને નહિ. એમણે તો દીપડા સાથે મલ્લયુદ્ધ કરનારાઓને બહાદુરી બદલ દી- પડાનું ચામડું એનાયત કરવાનું નમુનેદાર ફરમાન કર્યું. ફોજદારે દેરા પ.ને ચામડું ઉતરાવી તે નરવીરોને આપ્યું, પણ ચામડું'યે અનેક કાણાં અને ચીરાવાળું હોવાથી તદ્દન નકામું નિવડ્યું. અ- ત્યારે તે ખ્યાપરમાં પાટણવાવના પોલિસ થાણામાં સંઘરેલા શૂરવીર ગામેતીઓની સ્મૃતિને પણ વિસરાવતું એક ખપારે ખુણે સડી રહ્યું છે.

ચીચોડના શૂરવીર મીયાંઓને કંઇ મહત્વ કે ઇનામ અકરામની અપેક્ષાએ દીપડા સાથે જણ- જણે ન્હોતો બાથ ભર્યો. એમને આવી જાહેરાતની પરવાહ પણ નહિ હોય; પણ સમસ્ત માનવોના

સામાન્ય બુદ્ધ આવી બહાદુરીની કદરદાની જોવા હમેશાં આતુર હોયજ. ઇંગ્લંડ કે અમેરિકામાં આવી વીરતા કોઇએ દાખવી હોય તો તેની ફિલ્મો લેવાય, જાહેર પ્રજા તેની પાછળ ઘેલી થૈ, રાજ્ય તેના ઉપર માન–ચાંદ–કિતાબ ને ઇનામની નવાજેશો વરસાવે, વર્તમાનપત્રોનાં એ અદ્ભુત પ્રસંગના લાંબા ઝગમગતા અહેવાલો છપાય, સાપ્તાહિકો ને માસિકોને પાને પાને તેમની તસ્વીરો ઉભરાય, ને કંઇ કંઇ થાય; પણ આ નિઃસ્પૃહી ને નિરભિમાની ગામડીઆ તો રહ્યા કોઇ અજાણ્યે ખૂણે સડતા હેમ્પડનો, ક્રોમ્વેલો, બ્રેટઆર્ડો અને યુજેન સેન્ડાઓ. તેમને માત્ર ચામડાંથી નવાજવા સિવાય, શુદ્ધ સ્વરૂપમાં દુનિયા સમક્ષ કોણ મૂકે? ગરવા સોરઠમાં એક કાળે ધરણી ધ્રુજાવતી વીરતા અને અંગાર સરીખાં ખમીર આજે ઓસરી પડયાં છે. તેનું મૂળ રાજવીઓની અને પ્રજાની આ વીરનરોપ્રત્યેની જડતાભરી બેદરકારી–બીન–કદરદાનીમાંજ છે.

બે માસ અગાઉ આ બનાવ ગોંડળની હદમાં બનેલો. ત્યારપછી ગોંડળના કુમારશ્રી નટવરસિંહજી એ બાજુ રંઝાડ કરતા એક બીજા દીપડાને મારવા સારૂ તા. ૧૭–૧–૨૬ ના રોજ સિધાવેલા. પાટણવાવના ફોજદારે તેમને પેલી ભાંગેલી તરવારના ટુકડા અને જામગરીવાળી બંદુક બતાવ્યાં, ત્યારે કુમારશ્રીએ દિઙ્મૂઢ બની પૂછ્યું, "શું? શું? આ હથિયારથી દીપડો માર્યો!" ફોજદારે માફી માગીને કહ્યું "બાપુ! ક્ષમા કરજો એ તો મજબૂત ને અનાડી જાત રહી એટલે દીપડાને માત્ર બથ્થંબથ્થા કરીને પૂરો કરી નાખ્યો." કુમારશ્રી સાશ્ચર્ય નયને જોઇ રહ્યા.

પછી કુમારશ્રી નટવરસિંહજી પચાસ માણસોના રસાલા અને બંદુક ગોળાના ગાડીભર સરંજામ સાથે ચોંચોડ આગળ ઓસામના ડુંગરોમાં રખડી રખડીને થાકયા, પણ શિકાર ન થવાથી પાછા સ્વગૃહે સિધાવ્યા.

એક મદ્રાસી સ્ત્રીની વીરતા

(લેખકઃ–**ગોપીનાથ વર્મા**–'**ગૃહલક્ષ્મી**' હિન્દી માસિક ઉપરથી)

એક મદ્રાસી યુવક ઘણા દિવસથી જમશેદપુરમાં રહે છે. સ્થાનિક કંપનીમાં નોકર છે. આ યુવક તા. ૨૩ મી જુલાઇને દિવસે રાતના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી નોકરી ઉપર હતો. તે રાત્રિએ તે પોતાને 'કામે થોડો વહેલો જઇ પહોંચ્યો. ઘેર સ્ત્રી એકલી હતી. પહેલેથીજ દાવ શોધતો એક નરપિશાચ પંજાબી લાગ મળતાં તે મદ્રાસી યુવતીના ઘરમાં ઘૂસ્યો. મદ્રાસી યુવતી ભણેલી ગણેલી તથા બુદ્ધિમાન હતી. ઘરમાં ઘુસતાંજ તે પંજાબી તેને ડરાવવા ધમકાવવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, ઘરમાં જેટલા પૈસાટકા હોય તે બધું હાજર કરી દે નહિ તો તારૂં ખૂન કરીશ અને આબરૂ લઈશ. યુવતીએ પોતાની બુદ્ધ પ્રમાણે તરતજ જવાબ આપ્યો, "અરે! આપ આટલા નાખુશ શામાટે છો, ઉભા રહો, હું આપના આગળ ઘરની સઘળી અમૂલ્ય વસ્તુઓ હાજર કરી દઉં છું. મારા પતિ મને બહુ દુઃખ દીધા કરે છે. હું જાતેજ તમારી સાથે ચાલી નીકળીશ. લો આ ઘરેણાં છે તે બાંધી લો. થોડાઘણા રૂપીઆ પેલા ખૂણામાં દાટેલા છે તે હમણાંજ ખોદીને કાઢી લાવું છું." આટલું સાંભળતાં તો તે પાપી પંજાબી અતિશય ખુશ થઇ ગયો. ઘરેણાં તથા બીજી અમૂલ્ય વસ્તુઓ એક પોટલીમાં બાંધવા લાગ્યો. યુવતી ખૂણામાં ગઇ. તેણે પેટીમાંથી એક ધારવાળો છરો કાઢીને પોતાના પાલવમાં સંતાડ્યો. કેટલાક રૂપીઆ પણ સાથે લીધા. પંજાબીના આગળ રૂપીઆ મૂકીને તેને ગણી જોવાને કહ્યું. તે દુષ્ટ રૂપીઆ ગણવા લાગ્યો. બરાબર લાગ જોઇને સ્ત્રીએ તેની છાતીમાં છરો ઘોંચી ઘાલ્યો અને તે બેહોશ થઈ નીચે પડ્યો. યુવતીએ તાળું વાસીને સ્થાનિક થાણામાં જઇને પોલિસને ફરિયાદ કરી. પોલીસના માણસો તેજ રાત્રે ૧૧ વાગે તે જગાએ આવ્યા. યુવતીએ કહેલી સઘળી બાબત જેમની તેમ મળી આવી. તે રાત્રિએ યુવતી કોઇ નજીકના સગાને ત્યાં સૂઇ રહી. સવારે ૭ વાગે તેનો પતિ પણ આવી પહોંચ્યો અને સઘળી હકીકત સાંભળી. આ બનાવ નજરો નજર જોયેલો છે. સંભળાય છે કે તે સ્ત્રીને ઇનામ આપવામાં આવશે. શહેરમાં આ બનાવે સણસણાટ ફેલાવી દીધો છે. તે દુષ્ટ પંજાબી મરી ગયો છે.

હિંદુ જાતિની મહત્તા

(લે:-ઓચ્છવલાલ છોટાલાલ કગોરીયા 'હિંદુસ્થાન' ના. ૨૪-૧૨-૨૬ ના અંકમાંથી)

જગતભરની તમામ સંસ્કૃતિઓમાં હિંદુ સંસ્કૃતિનું સ્થાન ઉંચામાં ઉંચી કોટિએ પહોંચ્યું છે. ક્ષમા અને ત્યાગની પ્રત્યક્ષ મૂર્તિમયી એ સંસ્કૃતિની છાપ એટલી મજબૂત પડે છે કે જે વરસો સુધી ભુંસાતી નથી; એટલુંજ નહિ પરંતુ તેની ભાવનાઓ એટલી પ્રબળ હોય છે કે હિંદુમાંથી પતિત થયા પછી પણ તે વિશુદ્ધ ભાવનાઓના રણકાર તેના હૃદયને ઝણઝણાવે છે. [ઉપ]રે એવા હજારો અને લાખો, પતિત થયેલા હિંદુઓ પોતાને હિંદુધર્મમાં પાછા લેવાન[ો] પોકારી રહ્યા છે. કારણ ! કારણ એજ કે, તેમના હૃદયમાં હિંદુ સંસ્કૃતિની ઉંડી છા[પ પડ]ી હોય છે. કેટલાંક કારણોને વશ થઇ જેઓ અત્યારે હિંદુધર્મ સ્વીકારી શકતા નથી, તેવા [ઇસ્લ]ામમાં ભળી ગયેલા પણ અત્યારે જાહેર કરે છે કે, અમે પણ એક વખત હિંદુ હતા [અને] હિંદુના પુનિત નામથી પોતાનું ગૌરવ સમજે છે. હિંદુ સંસ્કૃતિની પ્રબળ ભાવના ઉપર [વિધ]ર્મીઓના અનેક પ્રહારો પછી પણ તે અજોડ અને અજેય ઉભેલી છે અને તેના ગૌરવમાં [પ્ર]તિદિન વધારો થતો જાય છે.

આત્મશુદ્ધિનું ભાન થયેલ હજારો અને લાખો પતિત હિંદુઓનો સ્વધર્મમાં પાછા આવ[વા]ની પ્રબળ ઇચ્છાનો વેગ એટલો વધ્યો કે હિંદુધર્મમાં ધુરંધર નેતાઓનું લક્ષ તે બાજુ ખેંચાયું ને હિંદુત્વના છૂટાછવાયા થઇ ગયેલા અંગ-ઉપાંગોને એકત્ર કરવા શુદ્ધિ અને સંગઠનની હીલચાલના [પ્ર]ચંડ પાયા મંડાયા અને તે ધર્મકાર્ય કરતાં કરતાં અનેક સંકટો અને મુશ્કેલીઓ સહેતાં સ[હે]તાં, ચૂસ્ત હિંદુત્વના આક્ષેપો અને પ્રહારોની દરકાર નહિ કરતાં, વિધર્મીઓ તરફથી આપવામાં [આ]વતી પ્રાણાંત દંડની ધમકીઓ નહિ લેખવતાં, રાજ્યની પણ ખફગી વહોરીને, એ ધર્મકાર્ય [દી]પાવવા સતત પ્રયત્ન કરતાં એક મહાન રાષ્ટ્રવિધાયક નરવીર હતો-તેનો, હિંદુત્વના ગૌરવ[વંત]ો આત્મા, એક ક્રૂર અત્યાચારી મુસ્લીમના હાથે હણાયો. ધર્મચર્ચાના બહાને ભિખારીવેશ[ે આ મહ]ાન નરનું સ્વાગત, સ્વીકાર્યા પછી તે નરપિશાચે પાંચ પાંચ ગોળીબારથી જાન લીધો. આ [મહ]ાન નરનું સંસારી નામ મુન્શીરામ હતું, જે દુનિયાભરમાં સ્વામી શ્રદ્ધાનંદને નામે વિખ્યાત [હ]તું. એવા બહાદુર એ હતા કે જેણે ગૂર્ખાઓની સંગીનો અને મશીનગનો સામે પોતાની છાતી ખુલી કરી પોતાના અડગ ધૈર્યનો પરિચય આખા જગતને કરાવી દીધો અને ઇશ્વરમાં અપૂર્વ શ્રદ્ધા દાખવી પોતાનું શ્રદ્ધાનંદ[ખ]રેખરીનું નામ દીપાવ્યું. આ મહાન નરની ખોટ એકલી હિંદુ કોમને નહિ પરંતુ સમસ્ત ભારતવર્ષને ન પૂરાય તેવી પડી છે; પરંતુ હિંદુધર્મ આવા અત્યાચારીઓને પણ શિક્ષા કરવા ના પોકારે છે અને ક્ષમા આપવાના પોતાના પવિત્ર સિદ્ધાંતને વળગી રહે છે.

ઈ૦ સ૦ ૬૦૦ ની સાલથી એક એવી માન્યતા પ્રચલિત છે કે, કાફરનું ખૂન કરવાથી બેહસ્ત અને હુર પ્રાપ્ત થાય છે; અને એ માન્યતા ખોટી હોવાનો એકરાર અમુક ગણ્યાગાંઠ્યા મુસ્લીમ બંધુઓને બાદ કરતાં કેટલાઓએ કર્યો છે ? અને તે ધર્મઘેલી ભાવનાઓને પોશી આ પરિણામ આવ્યું છે. ઈ૦ સ૦ ૬૦૦ થી તે આજ દિનસુધી લગભગ ૧૩૦૦ વર્ષના ગાળામાં એવો એક પણ બનાવ નથી બન્યો કે કોઈ ધર્મઘેલા હિંદુએ પ્રમાણિક ધાર્મિક મતભેદના કારણે કોઈ વિધર્મીનું ખૂન કર્યું હોય.

દરેક હિંદુભાઇઓ પોતે પોતાનો "ફર્ગીવ એન્ડ ફર્ગેટ" અર્થાત્ "ક્ષમા કરો અને ભૂલી જાઓ"નો સિદ્ધાંત ન ભૂલે અને ગમે તેવા અપકૃત્ય તરફ પણ ક્ષમા બતાવી હિંદુધર્મને અને તેનીજ સંસ્કૃતિને શોભાવે.

લોકમાન્ય તિલકનાં થોડાંક સંસ્મરણો

(દૈનિક " હિંદુસ્થાન " ના એક અંકમાંથી)

લોકમાન્યનાં સૌથી મોટાં દીકરી પાર્વતીબાઇ કેતકર લખે છે કેઃ–' હું ફીમેલ હાઇસ્કૂલમાં જતી ત્યાં મરાઠી ચોથા ધોરણ જોડે અંગ્રેજી પહેલી ચોપડી પણ શરૂ કરાવતા. ૧૨ મા વર્ષ પછી છોકરીઓ પરણે છે ને ત્યાંસુધીમાં મરાઠી પણ તેમનું પૂરૂં થતું નથી. ત્યાં અંગ્રેજી પણ કે. જ. થાય; તેથી પ્રથમ મરાઠી પૂરૂં પાકું થયા વગર અંગ્રેજી નજ શીખવવું, એમ દાદા કહેતા ને એજ કારણથી દાદાએ અમારી નિશાળમાં આવીને અંગ્રેજીના કલાક વખતે મને બીજા એક ગણીત કે સંસ્કૃતના વર્ગમાં બેસવા દેવી એવી ગોઠવણ કરી હતી. આથી તે વખતના શાળાના કેટલાક શિક્ષકો દાદાને ' ચસ્કેલ ' કહેતા ને ટીકા કરતા.'

× × × ×

હું નિશાળેથી ઘેર આવું એટલે મારે સાડી બદલવી પડતી; તેથી એકવાર મેં દાદાને કહ્યું કે ' મને છીંટનો સાળુ લઇ આપો. ' દાદાએ જવાબ આપ્યો ' છીંટનો સાળુ ન લેવાય. [illegible] વિલાયતની હોય છે. ' આમ કહીને લંબાણપૂર્વક સ્વદેશીનો મહિમા મને કહી સંભળાવ્યો. [illegible] સમજની થઇ કે, નિશાળમાં બીજી છોકરીઓ જે ભભકાબંધ કપડાં પહેરીને આવે તે [illegible] વિલાયતની કપડાંનાં બનેલાં હોય છે. અમારા ઘરમાં સુતરાઉ બધું થાણા કલૉથ અને ગરમ [illegible] ચુલન મીલોને બદલે ખાદીઓનું વપરાતું.

× × × ×

ઘરમાં બે વખત ચહા થતી પણ આઇ અમને કદી ચહા આપતી નહિ. અમને [illegible] આપાતું. અમે દાદાને પૂછીએ ' તમે કેમ ચહા પીઓ છો ? ' દાદા કહેશે ' ટેવ પડી; તમારે [illegible] માંથી બચવું જોઇએ. બાપ દારૂડીઓ હોય તોપણ છોકરાઓએ દારૂ પીતાં કદી ન શીખવું [illegible] વિશ્વનાથ (લોકમાન્યનો સ્વર્ગસ્થ જયેષ્ઠ પુત્ર)ને જનોઇ દીધા પછી દાદા રોજ તેની [illegible] કરાવતા. કોઇવાર ન કરી હોય તો ગુસ્સે થતા. એક દિવસ વિશ્વનાથ કહે ' ત્યારે તમે કેમ [illegible] નથી કરતા ? ' દાદા કહે ' હું તારા જેવડો હતો ત્યારે રોજ કરતો, હવે તો હું રોજ [illegible] હું કેટલે સંધ્યા નથી કરતો. ' અમને એમના ઉપર વિશ્વાસ બેઠો નહિ એમ જોઇ [illegible] સાહેબે કરેલાં વેદોના ભાષાંતરનાં જાડાં જાડાં પુસ્તક દાદાએ અમને દેખાડ્યાં ને કહે ' [illegible] વેદોને ચોરીને લઇ ગયા હતા. હવે જર્મનો ભાષાંતર કરીને ધોળે દહાડે લઇ ગયા છે.'

× × × ×

સવારે ચહા પીતી વખતે દાદા રોજ ટપાલ જોતા અને વિનોદ કરતા. ૧૯૦૮ ના [illegible] બ્લેટા પછી મોડરેટ તેમજ એક્સ્ટ્રીમીસ્ટ છાપાંઓ વચ્ચે સારી પેઠે ગાળો ચાલતી. એક દિવસ ચહા પીતી વખતે અમને પૂછવા લાગ્યા ' તમે બધાં રોજ ચહાની સાથે કંઇને કંઇ ખાઓ છો [illegible] હું શું ખાઉં છું તે કહો જોઇએ ? ' દાદા ચહા સાથે કોઇ દિવસ કશું ખાતા નહિ, તેથી [illegible] કહ્યું કે, ' તમે તો કોઇ દિવસ કશું ખાતા નથી. ' દાદા હસીને કહે ' કેવું અજ્ઞાન ! [illegible] રોજ ચહા સાથે ગરમાગરમ ગાળો ખાઉં છું ! '

× × × ×

[illegible] ૧૯૦૬–૦૭ ની સાલમાં સ્વદેશી ચળવળ ઉપડી અને સરકારની દમનનીતિ [illegible] [illegible] જાહેર કર્યું છે, જેમને જેલની તૈયારી કરવી છે [illegible] [illegible] જેલમાં [illegible] વગેરે ખાવાની તાલીમ લેવાનું શરૂ કરી દેવું [illegible] [illegible] કહેવું છે, જેમને [illegible] આવી તૈયારી કરવાની [illegible] [illegible] એમજ [illegible] [illegible] તાલીમ લેવી [illegible] [illegible]

આત્મજ્ઞાન અથવા 'આપણે કોણ ?'

([illegible] 'વિશ્વબંધુ' [illegible])

સુખ મેળવવા માટે મથવા જેવું કે મનુષ્યનું [illegible] મેળવવું તેજ મનુષ્યનું ખરું ધ્યેય છે, એમ જે [illegible] મારા અંતઃકરણમાં પણ વસેલ છે; તેજ પ્રમાણે [illegible] માત્ર છે (સર્વભૂતહિતાય [illegible]). [illegible] એજ દરેક માનવીનું કર્તવ્ય છે. આ તત્ત્વો [illegible] હિત જોનારો સંતોષ મેળવવા કામો થાય છે. આવો [illegible] આ સહજ સ્વભાવ બને છે. પછી ભૂતમાત્ર ઉપર પ્રેમ કર, [illegible] કરનાર કાર્ય કર, એવું તેને કહેવાની આવશ્યકતા રહેતી નથી.

જ્ઞાનપ્રાપ્તિ થયા પછી તેને પોતાને માટે કરવાનું એવું કંઇ રહેતું નથી. [illegible] જ્ઞાની પુરુષ [illegible] જોઈને કોઇ દિવસ એમ કહે કે મારું કામ નથી, [illegible] કેવા દેવા નથી, હું તો સંન્યાસી થયો છું, એવું કહેનાર પુરુષે [illegible] માત્રનું પરમ હિત સધાય એવાં કાર્યો આજન્મ કર્યાં છે.

હજારો માણસોમાં 'આપણે કોણ ?' એવું જાણવાની [illegible] સિદ્ધિ મેળવવાનેજ પ્રયત્ન કરતો થાય છે. એવા પ્રયત્નો કરનારાઓમાંથી [illegible] મળે છે એવું ભગવાને કહ્યું છે. આવા આ અલ્પ માણસોમાંથી આત્મજ્ઞાન થયા પછી કર્મનો [illegible] રીતે ત્યાગ કરીને જંગલમાં જઇ વસનારો કોઈ [illegible] તેના તરફ ધ્યાન આપવામાં કાંઇ હાનિ નથી. આત્મજ્ઞાન થયા પછી જ્ઞાની મહાત્માએ શું કરવું ! એ વિચારનું આ સ્થળ નથી અથવા એવા જ્ઞાનીઓએ આમજ કરવું જોઇએ, એવું પ્રતિપાદન કરવું એ પણ કઠિન છે; પરંતુ જગતનો સર્વસામાન્ય અનુભવ જોઇએ તો આવા આત્મજ્ઞાની પુરુષ, સંસાર-સાગરમાં ડૂબકાં ખાતા પોતાના બંધુઓને સન્માર્ગે ચલાવવામાં પોતાનું બાકીનું આયુષ્ય અર્પે છે. આ વાત ઇતિહાસ-પુરાણો ઉપરથી અને અર્વાચીન સમયના મહાન પુરુષોના વર્તન ઉપરથી સિદ્ધ થાય છે.

પ્રાણીમાત્રના કલ્યાણમાટે મથતા રહેવું એ જ્ઞાનીપુરુષોનો જેવી રીતે સહજ ધર્મ થઇ પડે છે, તેજ પ્રમાણે આ બ્રહ્માનુભવની સ્થિતિમાં સ્વાભાવિક રહેલું આત્યંતિક સુખ પણ તેને ભોગવવા મળે છે. આ આત્યંતિક સુખ તે જ્ઞાનનું સ્વાભાવિક પરિણામ છે. આત્મજ્ઞાની બ્રહ્માનંદમાં તરંગવા લાગ્યો; માટેજ એવી જાતના આનંદની પ્રાપ્તિ થાય એ ઇચ્છાથી જ્ઞાની પુરુષે પ્રથમથીજ પ્રયાસો કર્યા, એવું કહી શકાશે નહિ. યોગાભ્યાસમાં સિદ્ધાન્ત ભૂમિતિકાર યુક્તિથી છોડવાયો, તે સમયે તેને પોતાના દેહનું ભાન રહ્યું નહિ અને પ્રમેયસિદ્ધિના આનંદથી તે ગાંડો થયો, ત્યારે આ અનુપમેય આનંદ મેળવવામાટેજ યુક્લિડે દિવસોના દિવસો વિચાર કરવામાં કાઢ્યા અને મગજને થકવી દેવામાં કાઢ્યા એમ કહી શકાશે નહિ. સુખ અને સુખની ઇચ્છા કરનાર, એવું દ્વૈત ઉત્પન્ન થયા પછી એકત્વથી મળનારું બ્રહ્મસંસ્પર્શજન્ય સુખ મળવુંજ મુશ્કેલ છે.

સુખ શોધવાની પાછળ લાગેલી મનુષ્યજાતિનું કલ્યાણ થયું નથી; પણ મનુષ્યોની તૃષ્ણાઓ અને હાજતો દહાડે વધારે વધી છે; અને સુખપ્રાપ્તિ એ મનુષ્યનું ધ્યેય નથી. આ સિદ્ધાંત વધારે ને વધારે માણસોને અનુભવમાં આવવા લાગ્યો છે. આ દૃશ્ય જગતની પેલીગમની અતકર્ય શક્તિનું જ્ઞાન પોતાને થાય, એ શક્તિનોજ હું પણ એક અંશ હોઇને પોતાનું ખરું સ્વરૂપ પોતે જાણવું અને તેની પ્રતીતિ મેળવવી એજ માણસનું અંતિમ ધ્યેય છે. આધિભૌતિક શાસ્ત્રો એક વિશિષ્ટ મર્યાદા ઓળંગીને માણસ જઈ શકે એ શક્ય નથી, એમ કહેવા માંડ્યાં છે. ઇંદ્રિયથી પર-અતીત એવો આ જ્ઞાનનો પ્રદેશ કેવળ બુદ્ધિજ કળી શકે ! આ જૂનું તત્ત્વ ફરી એક વધારે ઠોકર ખાધા પછી માણસને સમજવા લાગ્યું છે. સુખપ્રાપ્તિ એ માણસનું ધ્યેય નથી, પણ આત્મસ્વરૂપને ઓળખવું એજ સઘળાઓનું અંતિમ ધ્યેય છે. આ વાત સર્વને માન્ય હોય, તો

પણ એ ધ્યેય કેવી રીતે સાધવું આ સવાલ બાકી રહે છે અને આ પ્રશ્ન યોગ્ય રીતે જે માણસ ઉકેલી શકશે, તે વખતે આપણું આ જગતપરનું જીવનકાર્ય કર્યું તેનો નિશ્ચય કરી

આત્મસ્વરૂપને ઓળખવું, સર્વ ભૂત એક આત્મા છે આ તત્ત્વનો અનુભવ કરવો એજ નું અંતિમ ધ્યેય છે. આ વાત પાશ્ચાત્ય કે પૂર્વના સઘળા વિદ્વાનો આજે કબૂલ કરે છે. ઈશ્વર છેજ નહિ આવા નાસ્તિક વિચારો પ્રગટ કરનારા ડાહ્યા આજે પણ નથી એમ નથી; આ વિચારો નવીન પણ નથી. અધ્યાત્મજ્ઞાનનો જે વખતથી ઉદય થયો, તે સાથેજ નાસ્તિક તત્ત્વજ્ઞાન પણ ઉત્પન્ન થએલ છે. ગુલાબના ફૂલને તેની સુંદર પાંખડીઓના નીચેજ કાંટા છે. આ કાંટા જેમ ગુલાબને છોડીને જતા નથી, તે મુજબ માનવીના ધ્યેયનો નિર્ણય કરે તત્ત્વજ્ઞાન સાથે ચોંટી રહેલા આ નાસ્તિક વિચારો કોઇએ પ્રકાશિત કર્યા હોય તો તે માટે લગાડવાનું કાંઇ કારણ નથી.

માણસની વૃત્તિ બહિર્મુખ હોય ત્યારે તેના વર્તનને પોષક હોય એવું આ તત્ત્વજ્ઞાન થોડો વખત તેને સમાધાન થાય, પણ તે સમાધાન કાયમ ટકનારૂં નહિ. માણસ તુરત અંતર્મુખ થાય છે. વિષયોની ક્ષણભંગુરતા તેના જાણવામાં આવેલી હોય છે. સુખના ઉપભોગ કરતાં તૃષ્ણાઓ અને હાજતોનો છેદ ઝપાટાથી વધતો જાય છે, એનો અનુભવ તેને આવેલો હોય. આવે વખતે નાસ્તિકવાદીઓનું તત્ત્વજ્ઞાન સમાજમાં મૂળ ઘાલી બેસશે અને કોઇક વખતે વૃક્ષ થશે, એવી જરાપણ ભીતિ રાખવાનું કારણ નથી. એ તત્ત્વજ્ઞાન લૂલું હોય છે. માનવીના ઇતિહાસ આ વાત કહેતો આવ્યો છે, તેથી આવા મિથ્યાવાદીના તત્ત્વજ્ઞાનમાટે વિચાર કરવો એટલે ફોગટ કાળક્ષેપ કરવા જેવું છે.

આત્મસ્વરૂપ ઓળખવું એજ માનવીનો સાચો ધર્મ એવું મનમાં નિશ્ચિત થયા પછી કેમ આચારમાં મૂકવો એનો વિચાર કરવો એજ શ્રેયસ્કર છે.

ધર્મનાં બે અંગ માની શકાય. એક તો એ ધર્મનું તત્ત્વજ્ઞાન અને બીજું તે તત્ત્વજ્ઞાન પ્રત્યક્ષ આચારમાં મૂકવા માટે કરી આપેલ નિયમ. જગતમાંના જૂદા જૂદા ધર્મોમાં જે આચાર નિર્માણ થયા, તેનો મૂળ ઉદ્દેશ આજ હતો. આ બાહ્યવિધિ શુદ્ધ બુદ્ધિથી આચરણમાં મૂકે તે નીતિ. ધર્મ એટલે અંતિમ તત્ત્વજ્ઞાનનું ધ્યેય અને નીતિ એટલે એ ધ્યેય સાધવાને મનુષ્યોએ પોતાના પ્રત્યક્ષ વ્યવહારમાં રાખેલું વર્તન. ધ્રુવજીની જેમ અચલ અને નિષ્કંપ હોકાયંત્ર વિના માણસની સંસારસાગરમાંની આ નૌકા સુરક્ષિત ચાલવી એ શક્ય નથી. નાવિક ગમે તેટલો કુશળ હોય, તોપણ હોકાયંત્રની સહાયવિના હું મારી નૌકા ચલાવીશ આ તેનો કહેવું...

માનવીજીવનનું સાર્થક કરવાને આવી રીતે ધર્મ અને નીતિ એ બન્ને અત્યાવશ્યક ધર્મનો નાશ થવા લાગ્યો, સમાજનું સંગઠન તૂટવા લાગ્યું, સાધુ પુરુષોની હેરાનગતિ થવા દુરાચારનું જોર વધવા માંડ્યું, આવું જે જે વખતે કહેવાય; ત્યારે ધર્મ અને નીતિને કરે અપાર્થ છે, એવોજ તેમાંથી અર્થ નીકળે છે.

હોકાયંત્ર તેની જગા ઉપર છે, પણ આગબોટનો કેપ્ટન દારૂના નિશાને લીધે બેભાન ન હોય, તો હોકાયંત્ર શું કરી શકશે? જગતમાં પ્રચલિત છે એવા સઘળા ધર્મોની આવીજ દશા થઇ છે. ધ્યેયની બાબતમાં કોઇને મતભેદ નથી, પણ આ ધ્યેય સાધવા માટેનો જે બાહ્યવિધિ એટલે નીતિ, જે આચરણ માણસે રાખવું જોઇએ, તેનું યોગ્ય... હોવાથીજ આજે માનવીઓમાં જૂદી જૂદી તકરારો, દ્વેષ, નિરસ્કાર, અસહિષ્ણુતા વગેરે નું જોર વધ્યું છે.

જગતમાં એક આત્મા છે, સઘળી માનવજાતિ એકજ પરમાત્માના બાળકો છે, આ વાત ખરી છે ત્યારે આ વિચારને અનુસરીને માનવજાતિએ પરસ્પર વર્તન ન રાખવું [illegible] આ અનુભવને અમલમાં લાવવાને સઘળા ધર્મમાંના તાત્વિક બાહ્ય વિધિને [illegible]. આ તાત્વિક બાહ્ય વિધિને આચારમાં મૂકવા એટલેજ ધર્મનું પાલન થાય છે. [illegible] અત્યંત હિતનું નમોદ [illegible] છે! આ બાહ્યવિધિ [illegible] [illegible] પોતાના ધ્યેયની નજીક [illegible] [illegible] સાક્ષાત્કાર થાય એટલેજ [illegible]

એમ નિશ્ચય થયા પછી બાહ્યવિધિનું ખરું શુદ્ધ સ્વરૂપ કયું, એ શું સમજવું ન જોઈએ ?

પુરાણુ મનાભિમાન, પરંપરા, સંપ્રદાય, પૂર્વગ્રહ વગેરે અનેક બાબતો આ વર્તનમાં આડે આવશે; પણ આત્મહિત સાધવાનો ખરો તનમનાટ ઉત્પન્ન થયો હોય તો આ આડે આવનારી બાબતોનું મહત્ત્વ ઓછું કરવું જોઈએ. સવારે ઉઠયા ત્યારથી રાત્રે સૂતાસુધી આપણા ધર્મમાં જે બાહ્યવિધિ કહ્યા હોય તેમાંથી કોઈ આપણાથી કદાચ ન બની શક્યા, તો તેનામાટે દિલગીર થવાનું કારણ નથી; પણ સર્વ ભૂતમાત્રમાં એક આત્મા છે, સઘળા જગતનો પિતા એક પરમાત્મા છે, એ દૃષ્ટિએ આપણા દેશબંધુઓ સાથેના વર્તનમાં આપણા હાથે અપરાધ તો થતો નથી ને! આ વિચાર પ્રત્યેક પ્રથમ કરવો જોઈએ. કોઈને હાનિ પહોંચે એવું કોઈ કૃત્ય મારા હાથથી થયું નથી ને ! કોઈના મનને દુઃખ થાય અથવા તો કોઈને ઉદ્વેગ થાય એવું તો હું બોલ્યો નથી ને ! સ્વાર્થ સાધવાને અસત્યનું તો અવલંબન કર્યું નથી ને ? મારા હાથે કોઈને અન્યાય તો થયો નથી ને ? કાયાથી, વાણીવડે અગર મનથી કોઈના અહિતના વિચાર તો કર્યા નથી ને ? કોઈનાપર મેં જુલમ કર્યો નથી ને ? અથવા જુલમગારોને મદદ થાય એવું કોઈ કૃત્ય મારાથી થયું નથી ને ? પોતાના અને પોતાનાં બાળકોના ભરણપોષણમાટે પૈસા કમાવાની નજરે પ્રમાણિકપણાને તિલાંજલિ તો નથી આપી ? બિચારા ગરીબોને સુકી ભાખરીનો કટકો મળતો નથી એવું નજરે જોવા છતાં મારા પોતાના દૂધચોખામાં જરાપણ કમતરના ન આવે તે માટે પૈસાના ઢગલે ઢગલા તો ભેગા કરી રાખતો નથી ને ? પોતાનાજ દરવાજા આગળ ગરીબોનાં બાળકો બિચારાં નાગાં ઉઘાડાં રખડતાં અને ટાઢથી ધ્રૂજતાં-થરથરતાં જોવા છતાં પોતે સુટ ઉપર સુટ શીવડાવીને ચેનબાજી તો ઉડાવતો નથી ને ?

ગરીબોને ત્રણ ત્રણ ચાર ચાર ટંકના ખોરાકના ફાંફા થાય છે; શરીરના અંગને ઢાંકવા કેટલાએ કપડાંનો કટકો મળતો નથી; ટાઢ-તડકાથી થાકેલું શરીર રાતની વખતે લાંબું કરવાને ક્યાંયથી જમીનનો કટકો પણ નથી મળતો; એવી દેશની સ્થિતિ જોવા છતાં, પરસ્પર સ્પર્ધાને ભોગ પડીને 'અમુક ભાઈથી હું શ્રીમાન' એમ બતાવવાને-લાખો રૂપિયા ખર્ચીને માળ ઉપર માળ ચઢાવીને બંગલા તો નથી બનાવતો ?

ધર્મ પ્રમાણેનું આચરણ પોતાથી થાય એવી સુબુદ્ધિ છે; પણ ધર્મનું ખરું-મુખ્ય અંગ તેનેજ ભૂલીને તાંત્રિક બાહ્યવિધિ આચરવામાંજ પૂર્ણતા અને સમાધાન માનવાની ભાવના જે વખતે માણસના મનમાંથી તદ્દન નિર્મૂળ થશે, ત્યારે ઉપરોક્ત વિચારો તેના મનમાં ઉત્પન્ન થયાવિના કદી રહેશે નહિ.

ત્યારે 'સર્વ ભૂતમાત્રમાં એક આત્મા છે' આ રહસ્યને વર્તનમાં ઉતારવું એજ માનવીનું જીવનકાર્ય છે, એમ સિદ્ધ થઈને-'હું પ્રભુનો છું અને બીજાં પ્રાણીઓ પણ પ્રભુનાંજ છે' આ ભાવના નિશ્ચિત થયા પછી તેના હાથથી સર્વનું હિત જેનાથી સધાય એવાંજ કર્મો હમેશાં થયાવિના રહેશે નહિ. સર્વમાં તે પોતાપણું સમજશે.



હિંદુઓની સચ્ચાઈ

[illegible] નાગોરી મનસુખલાલ મગનલાલ–'ગુજરાતી' [illegible]

[illegible] સર્વ [illegible] જેવી સચ્ચાઈ હિંદુઓમાં છે તેવી [illegible] નથી. આ વાતના સમર્થનમાટે [illegible] હિંદુજાતિ [illegible] અત્યંત પ્રાચીન છે. હિંદુજાતિના [illegible] નવી જાતિઓનો પ્રાદુર્ભાવ પણ થઈ ગયો છે. [illegible] માત્ર તેની વર્તમાનદશાપર ધ્યાન નહિ આપતાં [illegible] આપવું જોઈએ.

[illegible] હિંદુજાતિ માનમર્યાદાથી પતિત થઈ પોતાના [illegible] આક્રમણ કર્યું; અને ક્રમશઃ તેઓ [illegible] હિંદીઓજ શાસન ચલાવે છે. [illegible] અનેક આઘાત–પ્રત્યાઘાત થયા છે. [illegible] હિંદુજાતિ પોતાના પ્રાચીન આદર્શોને [illegible] હિંદુઓ [illegible]

[illegible] હિંદુઓની સચ્ચાઈ [illegible] ન્યાયાલયોના [illegible] ન્યાયાનુષ્ઠાનમાં, [illegible] [illegible] [illegible]

તાના કોષરક્ષણને માટે તાળાંઓની આવશ્યકતા નથી પડતી."

(૩) ઇસ્વીસન પૂર્વે દ્વિતીય શતાબ્દીમાં થયેલો એરિયન લખે છે કેઃ—"હિંદુસ્તાનમાં ગામો અને શહેરોની સ્થિતિ જાણવામાટે નિરીક્ષકો નીમવામાં આવે છે. તેઓ સ્થાનોની મુલાકાત લઇ તેનો હેવાલ રાજા પાસે રજુ કરે છે. અસત્ય બોલવાનો આરોપ કદાપિ કોઇ પણ ભારતવાસીપર મૂકવામાં આવ્યો નથી."

(૪) હ્યુ એન સાંગ એક ચીની યાત્રી હતો. તે સાતમી શતાબ્દીમાં બૌદ્ધધર્મનું અધ્યયન કરવા ભારતવર્ષમાં આવ્યો હતો. તે લખે છે કેઃ—"ભારતવાસીઓમાં સચ્ચાઇ અને ઇમાનદારી એ મોટા ગુણો છે. તેઓ કોઇનું પણ ધન અન્યાયથી નથી લેતા. તેના રાજ્યશાસનમાં સત્ય નપદ ભોગવે છે."

(૫) ભારતવર્ષપર સર્વથી પ્રથમ પોતાનું આધિપત્ય સ્થાપનાર મુસલમાનોની પણ આ વિષયમાં જે સંમતિ છે તે અગીઆરમી શતાબ્દીમાં થયેલા ઇદ્રીસી નામે મુસલમાન લેખકના પુસ્તકમાં રહી છે. તેનો સારાંશ આ છેઃ—"હિંદુઓ ન્યાયપરાયણ છે. તેઓ ન્યાયપથથી કદાપિ વિચલિત થતા નથી. પોતાના આ ગુણોને લીધે તેઓ એટલા બધા પ્રસિદ્ધ છે કે તેમના દેશમાં દેશદેશના અનેક મનુષ્યો આવે છે."

(૬) તેરમી શતાબ્દીમાં માર્કોપોલો નામે યાત્રી ભારતવર્ષમાં આવેલો હતો. તે કહે છે કે, "ભારતવાસીઓ આખા જગતમાં શ્રેષ્ઠ વ્યાપારીઓ છે. તેઓ મહાસત્યનિષ્ઠ છે. કોઇ પણ જાતની લાલચથી તેઓ કદાપિ અસત્ય ભાષણ નથી કરતા."

(૭) ચૌદમી શતાબ્દીમાં થયેલો ફાયર જોર્ડેનસ નામક ઈસાઇ ભિક્ષુક લખે છે કે, "દક્ષિણ અને પશ્ચિમ હિંદમાં રહેવાવાળા મનુષ્યો મહાસત્યવક્તા અને ન્યાયપ્રિય છે."

(૮) પંદરમી શતાબ્દીમાં કમાલુદ્દીન અબ્દુલ રજાક સમરકન્દી ખુતનનરેશના પ્રતિનિધિતરીકે કાલીકટ અને વિજાનગરના દરબારમાં આવ્યો હતો. તે લખે છે કે, "આ દેશમાં (હિંદુસ્થાનમાં) વ્યાપારીઓ અને દુકાનદારો ખૂબ મોજમજાહ ભોગવે છે. અહીં ચોરીનો ભય નથી."

(૯) સોળમી શતાબ્દીમાં અકબર બાદશાહનો વજીર અબુલફઝલ આઇન-ઇ-અકબરીમાં લખે છે કે, "હિંદુઓ મોટા ધાર્મિક, શિષ્ટાચારી, પ્રસન્નમના અને ન્યાયપરાયણ છે. તેઓ વધુ પ્રમાણમાં હળવુંમળવું પસંદ નથી કરતા. પોતપોતાના કાર્યમાં સર્વ કુશળ હોય છે. સર્વ સત્યપથ ગ્રહણ કરે છે. તેઓ અન્યના ઉપકારોનું વિસ્મરણ નથી કરતા. પોતાના ઉપકારીઓપ્રત્યે તેઓ બહુ કૃતજ્ઞ હોય છે. તેઓ અત્યંત સ્વામીભક્ત હોય છે. હિંદુસૈનિક તો સમરાંગણમાંથી ભાગી જવાનું જાણતોજ નથી."

(૧૦) પાછલા સમયમાં હિંદુઓનો પ્રેમ મુસલમાનો તરફ પણ એવોજ હતો. કર્નલ સ્લીમેન લખે છે કે, "મેં મલામત અલી નામે એક મહાપ્રતિષ્ઠિત મુસલમાન અફસર સાથે વાતચીત કરી. તેણે કહ્યું કે, મુસલમાનોમાં ૭૨ ફિરકાઓ છે. દરેક ફિરકાનો આદમી પોતાનાજ ફિરકાવાળાઓ સાથે રહેવાનું પસંદ કરે છે. હિંદુઓ એવા નથી. તેઓ મુસલમાન સાથે પણ રહેવાનું પસંદ કરે છે."

(૧૧) સર જોન માલકમ સાહેબ લખે છે કે—"હું નિશ્ચયપૂર્વક કહી શકું છું કે, હિંદુઓમાં અસત્ય ભાષણ કરવાની ટેવજ નથી. જો તેઓ જૂઠું બોલે છે તો ભીતિથી વા કેવળ નહિ સમજવાથી. જો તેઓને વાત સમજાવી દેવામાં આવે તો તેઓ કદાપિ અસત્ય બોલશે નહિ."

(૧૨) પ્રોફેસર વિલ્સને હિંદુઓની સત્યપ્રિયતા અને તેમના સદ્વ્યવહારની મહાપ્રશંસા કરી છે. તે લખે છે કે, "હું કલકત્તાની ટંકશાળમાં હિંદુ કારીગરો સાથે ઘણો વખત રહ્યો છું. હું તેઓની સ્થિતિ સંપૂર્ણરીતે જાણું છું. તેઓ ઘણા મહેનતુ, હસમુખા અને સ્વામીભક્ત હોય છે. તેઓ દારૂ નથી પીતા, નથી દંગા ફીસાદ કરતા કે નથી સ્વામીની આજ્ઞાનો અવરોધ કરતા. તેઓ વ્યવહારમાં ઘણા કુશળ હોય છે. જ્યારે તેઓ કોઇનો વિશ્વાસ કરે છે, ત્યારે પોતાનું હૃદય તેની પાસે ખાલી કરે છે." વિલ્સન સાહેબ હિંદુ પંડિતોના સહવાસમાં પણ આવ્યા હતા; કારણ કે તેઓ તેમની પાસેથી સંસ્કૃત ભાષા શીખતા હતા. પંડિતોના વિષયમાં પણ તે લખે છે કે—"તેઓ [illegible], બુદ્ધિમાન, પ્રસન્નચિત્ત અને [illegible] હોય છે. તેઓ ...

કામકાજ અને બીજા લૌકિક વિષયોથી તેઓ અપરિચિત હોય છે." આ તો તેમણે પાં પણ ભારતવાસીઓમાટે તેમણે લખ્યું છે કે, "તેઓ શિષ્ટાચારી, સભ્ય, બુદ્ધિમાન, અને નિયમોનું અનુસરણ કરવાવાળા હોય છે."

(૧૩) કર્નલ સ્લીમેન ધર્તવૃત્તિ અટકાવવામાટે હિંદુસ્થાનમાં ઘણાં વર્ષોસુધી તરીકે રહ્યા. તેમણે 'મારૂં ભ્રમણ' (માય રેમ્બલ્સ) નામનું એક પુસ્તક લખ્યું અને સને ૧ પ્રકટ કર્યું. તેમાં ભારતવાસીઓની ખરી સ્થિતિ વર્ણવવામાં આવી છે. સ્લીમન સાહેબ સત્યપ્રિય હતા. આ પુસ્તકમાંથી થોડુંક નીચે આપવામાં આવે છે.

"ગ્રામવાસીઓમાં અસત્યનો અંશમાત્ર પણ નથી. તેઓ અસત્ય વદવાનું તથા જાણતા નથી. અસભ્ય ભીલોમાંના કેટલાક તો એવા છે, કે જેઓ અસત્ય કદી નહિ અને ચાહે તેવા મનુષ્યની હત્યા કરતાં સંકોચ નહિ પામે. ગામમાં પિંપળાનું ઝાડ હિંદુઓ આ ઝાડને પવિત્ર માને છે. તેઓ કહે છે કે, આ ઝાડમાં અમારા દેવ રહે છે. ગામવાસી આ ઝાડ નીચે ઉભો રહી અસત્ય ભાષણ નહિ કરે. ગામ પંચાયતોમાં સર્વ સત્ય વદે છે. મારી પાસે સેંકડો એવા મનુષ્યો આવ્યા હતા, કે જે અસત્ય વદવાથી અ... બનતા હતા અને તેમના ધનની અને પ્રાણની રક્ષા થતી હતી; પણ તેમણે અસત્ય અસ્વીકાર કર્યો. જે મનુષ્યો શહેરની અદાલતોમાં આવી અસત્ય બોલે છે, તેઓ પણ ચતોમાં કદાપિ અસત્ય બોલતા નથી. જો તેમના હાથમાં ગંગાજળ રાખવામાં આવે અથવા તેમને તેમના દેવના સોગંદ આપવામાં આવે તો તે લોકો કદાપિ અસત્ય નહિજ બોલે."

(૧૪) માઉંટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન સાહેબ પોતાના 'ભારતના ઇતિહાસ' માં લખે છે કે "અમારાં મોટાં મોટાં શહેરોમાં જેવા લુચ્ચાલફંગા મનુષ્યો મળે છે તેવા હિંદુઓમાં નથી. ગામો પ્રાયઃ સર્વ મનુષ્યો ભલાજ હોય છે. પાડોશીઓની સાથે તેઓ સ્નેહપૂર્ણ વ્યવહાર રાખે છે બીજાઓની સાથે પણ તેઓ અસદ્વ્યવહાર રાખતા નથી. ભારતવર્ષમાં ઠગો અને ડાકુઓનાં ક કાર્યોની ગણત્રી કરીએ તોપણ ઇંગ્લંડમાં જેટલા અપરાધો થાય છે તેટલી સંખ્યામાં નહિ થાય. હિંદુઓ સરળ અને સાચા છે. તેઓ કેદીઓપ્રત્યે જેટલી દયા બતાવે છે તેટલી દયા અન્ય કોઇપણ બીજી જાત બતાવતી નથી. તેઓ વ્યભિચારી નથી. આ વાતને લીધે તેનું સ્થાન અન્ય દેશો કરતાં અવશ્ય ઉચ્ચ છે. તેના શુદ્ધ ચારિત્ર્યથી અમને પણ ધડો મળે છે."

(૧૫) હિંદના આદિગવર્નર જનરલ વૉરન-હેસ્ટિંગ્સ સાહેબ લખે છે કેઃ-"હિંદુઓ ન જજન છે. તેઓ બીજાઓ ઉપર દયા કરે છે. જો કોઈ તેમનાપર ઉપકાર કરે છે તો તેઓ કૃ થાય છે. જો કોઇ તેઓની સાથે બુરાઇ કરે તોપણ તેનો બદલો લેવા અન્ય દેશવાસીઓ જેટલે દરજ્જે ઉત્સુક થાય છે તેટલે દરજ્જે તો તેઓ ઉત્સુક નથીજ થતા. તેઓ સ્વામીભક્ત હોય છે સર્વ સાથે સ્નેહ રાખે છે. રાજાજ્ઞાનું કદાપિ ઉલ્લંઘન નથી કરતા."

(૧૬) બિશપ હેબર લખે છે કે, "હિંદુ લોકો વીર, સભ્ય અને બુદ્ધિમાન છે. વિદ્યા અને સુધારાપર બહુ પ્રેમ રાખે છે. તેઓ ગંભીર અને મિલનસાર છે. માતાપિતાની સેવા કરે છે. સદા ધૈર્ય અને શિષ્ટાચારથી કામ લે છે. જો તેઓ સાથે થોડી પણ દયાથી વ્યવહારમાં ચલાવવામાં આવે તો તેઓ મોટી કૃતજ્ઞતા પ્રકટ કરે છે. આ હિંદુઓ જેવા મનુષ્યો મેં કદી પણ જોયા નથી."

(૧૭) પ્રૉફેસર મેક્સમૂલર લખે છે કે, "હું વીસ વર્ષો થયાં હિંદુઓના એટલા બધા પરિચયમાં આવ્યો છું કે જો તેમનામાં કોઈ કુટેવ હોય તો તે પણ મારાથી છાની ન રહે. જ્યારે તેઓ પરસ્પર એવા અંગ્રેજ સાથે વાદવિવાદ કરે છે, ત્યારે તેઓ સર્વ સત્ય બોલવાની ચેષ્ટા કરે છે અને ઉદારતાપૂર્વક અન્ય સાથે વર્તે છે. મેં યૂરોપ અને અમેરિકાના લોકોમાં આવો સદ્વ્યવહાર નથી દીઠો. તેઓના તર્કમાં ઉદ્ધતાઇ ન હતી, પ્રત્યુત સહનશીલતા રહેતી હતી. હું એમ પણ કહું છું કે, જ્યારે સંસ્કૃતજ્ઞ આંગ્લ વિદ્વાન તેમને 'અસભ્ય' કહી મેણાં માર હોય, વા દુર્વાચ્ય શબ્દ બોલતો હોય (જે દુર્વાચ્ય શબ્દોને લીધે તેની પોતાની અનભિજ્ઞતા ક શિક્ષાત્રુટિ પ્રકટ થાય છે) ત્યારે તે મનુષ્યોને આશ્ચર્ય થતું. જ્યારે તેઓ ભૂલ કરતા ત્યારે તાનો અપરાધ કબૂલ કરવા તત્પરજ રહેતા. જ્યારે તેમની વાત સપ્રમાણ સિદ્ધ થાય, ત્યારે તે પોતાના આંગ્લ મિત્રોની સાથે કદીપણ તાણતોડ કરતા નહિ. તેઓ પોતાની વાત સાચી કર

કદિ પણ દર કરતા નથી. અસત્ય ત્યાજ્ય છે, એમ તેઓ મક્કમ માને છે. જેવી લુચ્ચાઇ મનુષ્યોમાં નજરે પડે છે તેવી લુચ્ચાઇ તેઓમાં નથી દેખાતી. કોઇની ચીજ છાને છુપાવી પછી સામા માણસનેજ જૂઠો પાડવો અને આવી રીતે બીજાને ધક્કા દઇ પોતાની પ્રશંસા આવી સઘળી વાતો તેઓમાં નથી હોતી. આવા હિંદુ વિદ્યાર્થીઓદ્વારા અમને પણ થાય છે."

વળી પ્રો. મેક્સમૂલર પોતેજ કહે છે કે, "મને અંગ્રેજ વ્યાપારીઓએ વારંવાર કહ્યું કે, જેવી વ્યાપારિક શાખ ભારતવર્ષમાં છે તેવી બીજા કોઇપણ દેશમાં નથી. ભારતવર્ષમાં સ્વીકારાયજ છે. મારા કહેવાનો ભાવાર્થ એમ નથી થતો કે, ભારતવર્ષના સર્વે ૩૩ કરોડ લોકો દેવતાજ છે; પરંતુ હું આપને એમ ઠસાવવા માગું છું કે, હિંદીઓપર અસત્ય વદવાનો આરોપ મૂક્યો એ તો તદ્દન મિથ્યાજ છે.

ઇસવીસન ૧૦૦૦ પછી ભારતવર્ષપર વિદેશીઓ આક્રમણ કરવા લાગ્યા. મુસલમાનોના રાજ્યમાં હિંદુઓપર જે અત્યાચાર થયો તે જાણી મને તો એટલું આશ્ચર્ય થયું કે, ભારતવાસીઓમાં આટલી બધી સચ્ચાઇ અને સજ્જનતા કયી રીતે રહી ગઇ? બિલાડી સામે ઉંદર કદી પણ ચું નથી બોલી શકતો. આ રીતે હિંદુ પણ મુસલમાન અમલદાર સામે સાચું બોલવાની હિંમત કરીજ શકે નહિ. જો આપણે કોઇ બાળકને ધમકી આપીએ તો બાળક ધમકીથી ડરી જઇ જૂઠું બોલશે. એજ રીતે જો આપણે લાખો મનુષ્યોને ભયભીત કરીશું તો આપણા પંજામાંથી છૂટવા અસત્ય પણ બોલશે, એમાં કશું આશ્ચર્ય નથી. ઇગ્લંડ જેવા સ્વતંત્ર દેશમાં સાચું બોલવું કંઈ કઠિન નથી છતાં હું જેમ જેમ વૃદ્ધ થતો જાઉં છું, તેમ તેમ મને સત્ય બોલવું કઠિન થતું જાય છે. અત્યાચારથી પીડિત હિંદુઓને પણ હવે ખબર પડી હશે કે, દુર્દિવસોમાં સર્વથા સત્યજ ઉચ્ચારવું એ કેટલું કઠિન છે. ભારતવર્ષમાં વિદેશીઓનાં આક્રમણો થયાબાદ નિરંતર અત્યાચાર થવાથી હિંદુઓ અને સત્ય વચ્ચે અંતર પડવા લાગ્યું."

હિંદુઓની સચ્ચાઇના વિષયમાં હિંદુ સાહિત્યમાં પણ અનેક પ્રમાણો મળે છે. એવો કયો હિંદુગ્રંથ છે, કે જેમાં સત્યનો મહિમા વર્ણવ્યો ન હોય? આ વિષયનાં અગણિત પ્રમાણોમાંથી થોડાં પ્રમાણો નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે.

સંસ્કૃતમાં सत् શબ્દનો અર્થ 'હોવું' થાય છે. જે વાસ્તવિક છે તે સત્ય છે. આવી રીતે ऋत् નો અર્થ સીધો થાય છે. જે વાત મીઠુંમરચું ભભરાવ્યાવિનાની, દગાફટકાથી નિરાળી હોય છે, તે ઋત અથવા સત્ય કહેવાય છે. આ શબ્દોથી માલૂમ થાય છે કે હિંદુઓ સત્યને સરળ, સ્વાભાવિક અને સીધી વાત સમજે છે. હિંદુઓમાટે સત્ય બોલવું અને સત્ય વ્યવહાર ચલાવવો એ વાત બહુજ સરળ હોય છે.

પોતાના દેવતાઓને હિંદુઓએ सत्, ऋत् આદિ વિશેષણો વારંવાર આપ્યા છે. તેમણે પરમાત્માને सत् चित् आनंदનું અભિધાન આપ્યું છે.

ઋગ્વેદના સાતમા મંડળમાં ૧૦૪ અને ૨૬૪ મંત્રોમાં વસિષ્ઠજીએ કહ્યું છે કે, 'જૂઠા મનુષ્યો નાશ પામે.'

અથર્વવેદના (૪) ૧૫ માં કહ્યું છે કે, 'જે મનુષ્યો અસત્ય બોલતા હોય તેમને તું તારા પાશમાં બાંધી લેજે અને અસત્યવક્તાઓથી સદા દૂર રહેજે.'

શતપથ બ્રાહ્મણમાં ઘણાં સ્થળોમાં સત્યની ઘણી પ્રશંસા કરવામાં આવી છે. (અધ્યાય ૨, ૩) ભાવાર્થ એ છે કે, જે સત્યવાદી હોય છે તેનો પ્રભાવ દિવસે દિવસે વધતો જાય છે અને તેની ઉન્નતિ નિરંતર થાય છે. અસત્યવક્તાઓનું આથી વિપરીત હોય છે. આને લીધે મનુષ્યોએ સર્વત્ર સત્યજ બોલવું જોઇએ.

અસત્ય બોલવાથી મનુષ્ય અપવિત્ર અને પતિત થઈ જાય છે. તૈત્તિરીય આરણ્યકના દશમા અધ્યાયમાં કહ્યું છે કે, 'જેવી રીતે ખાડાપર રાખેલી તરવારપર ચાલતો મનુષ્ય ડરે છે કે 'આ પડ્યો, હમણાં પડ્યો' અને સાવધાન રહે છે, તેવી રીતે મનુષ્યોએ અસત્ય વક્તાઓથી સાવધાન રહેવું જોઇએ.'

કઠોપનિષદમાં પિતાપુત્રનું એક આખ્યાન છે. જેમાં પિતાએ પોતાના સત્યવ્રતાનુસાર યજ્ઞમાં

પુત્રનું બલિદાન આપી દીધું. જ્યારે પુત્ર યમરાજ પાસે ગયો, ત્યારે યમરાજે તેને [illegible] આપવાનું વચન આપ્યું. આ ત્રણે વરમાં એક એવો વર હતો, કે જે આપવા યમરાજ ઇચ્છતા ન હતા; પરંતુ વચનબદ્ધ થઈ જવાથી યમરાજને દેવોજ પડ્યો. આ વર 'મૃત્યુ [illegible] વાતો જાણવાનો' હતો.

રાજા દશરથ કૈકયીને વચન આપે છે તે આખા રામાયણનો મુખ્ય આધાર છે. જો કે [illegible] થઈને વચન દેવાઇ ગયું છતાંય તે પાળવું એ પરમાવશ્યક હતું. જ્યારે રાજા દશરથના [illegible] કૈકેયીએ રામચંદ્રને વનવાસ દેવાનું કહ્યું, ત્યારે રામને વનવાસ જવાની આજ્ઞા રાજાએ [illegible] પડી. આવી આજ્ઞા આપવાથી રાજાને એટલું તો દુઃખ થયું કે પોતાના પ્રાણ પણ સમર્પી પડ્યા. સત્યજ કહ્યું છે કે,

रघुकुल रीति सदा चली आई । प्राण जाहि अरु वचन न जाई ॥

રાજા દશરથના દેહાવસાન બાદ જ્યારે ભરત રામચંદ્રજી પાસે ગયો અને તેમને [illegible] આવવાનું કહ્યું, ત્યારે રામચંદ્રજીએ કહ્યું કેઃ—"ચૌદ વર્ષસુધી વનમાં રહેવાની પિતાજીની [illegible] છે, એટલે પિતુરાજ્ઞાનો ભંગ કરી શકતો નથી." ત્યારબાદ જાબાલિઋષિએ પણ રામચંદ્રજીને સમજાવ્યા, પણ રામચંદ્રજી તો દૃઢ રહ્યા. આ વખતે રામચંદ્રજીએ સત્યની જે પ્રશંસા કરી [illegible] વાંચવા યોગ્ય છે.

મહાભારતમાં પણ આવીજ રીતે સત્યનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. ભીષ્મની [illegible] હતી કે, સ્ત્રીપર હું શસ્ત્રપ્રહાર કરીશ નહિ. આ પ્રતિજ્ઞાનુસાર ભીષ્મે શિખંડીનાં [illegible] પોતાના પ્રાણ ત્યજી દીધા; પરંતુ શસ્ત્ર ચલાવ્યું નહિ. આજ મહાભારતમાં વળી પણ [illegible] કે, સહસ્ર અશ્વમેધ અને એક સત્ય ત્રાજવામાં તોળવામાં આવે તો સત્યનું પલ્લું ભારે [illegible] સહસ્ર અશ્વમેધથી ચઢી જશે. જ્યારે દુષ્યંત શકુંતલાને ઓળખી શક્યો નહિ અને પોતાની [illegible] તરીકે તેનો અંગીકાર કર્યો નહિ, ત્યારે શકુંતલાએ દુષ્યંતને કહ્યું કેઃ—"હે રાજન્! આપ [illegible] રહુને પૂછી જુઓ. સમજતા નહિ કે હું એકલી છું. આપ આપના હૃદયસ્થ પુરુષને [illegible] નથી. તે આપનાં દુષ્કર્મોને જાણે છે. તેની સામે આપ પાપ કરી રહ્યા છો. પાપી મનુષ્ય [illegible] સમજે છે કે, પોતાને કોઇ દેખતુંજ નથી. આ ખોટું છે તેને પોતાના હૃદયસ્થ સનાતન [illegible] દેવતાઓ દેખે છે."

શતપથ બ્રાહ્મણમાં અરુણ-ઔપવેશીએ પોતાના મિત્રના પ્રશ્નનો જવાબ દેતાં કહ્યું કે, [illegible] અગ્નિ રાખવાવાળાઓને તો મૌનવ્રતજ ધારણ કરવું પડે છે; કારણ કે તેમને માટે [illegible] છે અને જ્યારે મૌનવ્રતનુંજ અવલંબન કરી શકાય, ત્યારેજ અસત્ય ત્યાજ્ય થઇ [illegible]

સ્મૃતિઓમાં પણ આવાજ પ્રકારનો સત્યનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. [illegible] છે કે, "વનમાં આશ્રમો બાંધી રહેવાથી, સાંપ્રદાયિક વિધિઓનું પાલન કરવાથી કે [illegible] [illegible] ધર્મ થતો નથી. ધર્મ તો કર્મથીજ થાય છે. જે કાર્ય તમે તમારામાટે [illegible] તે અન્યમાટે પણ કરતા નહિ."

મનુસ્મૃતિમાં પણ લખ્યું છે કે, "[illegible] એમ સમજે છે કે અમારા પાપકર્મોને કોઇ [illegible] નહિ; પરંતુ તેમને તો તેમનું અંતઃકરણ અને દેવતાઓ દેખે છે."

[illegible] સત્કાર્યો કર્યાં હોય; છતાંય તે [illegible] [illegible] છે. વસિષ્ઠસ્મૃતિમાં લખ્યું છે કે, "સત્ય વ્યવહાર [illegible] [illegible] નહિ. સત્ય બોલો, અસત્ય નહિ. પરમાત્મા તરફ [illegible] [illegible] નહિ."

[illegible]

ગુરુ ગોવિંદસિંહ

(શ્રીમાન ટી. એલ. વાસ્વાની, એમ. એ. ના "પ્રભાકર"માં છપાયેલા ભાષણ ઉપરથી)

તમે કહો છો કે, તમને ગુરુ ગોવિંદસિંહજીનું અભિમાન છે. શું તમને ખરું અભિમાન છે ? અમને એક ભિખારી લાગુ પડી છે અને તે ભૂલી જવું તે છે. અમે પોતાને ભૂલી ગયા. આપણા ઐતિહાસિક વીરોને ભૂલી ગયા અને આપણી જાતિના આદર્શોને ભૂલી ગયા.

હું બધા ધર્મો અને બધી જાતિઓનું જ સન્માન કરું છું. પણ નમ્રતાની સાથે મારે કહેવું જોઈએ કે, સભ્યતા અને આદર્શવાદિતામાં ભારતના ઇતિહાસની બરોબર બીજા કોઈ દેશનો ઇતિહાસ નથી. ભારતનો ઇતિહાસ મને શાસ્ત્રોની સમાન પુનિત છે. તે મારે માટે પંચમ વેદ છે. તમારામાંથી કેટલા લોક એ જાણતા હશે ! કેટલા પોતાના જીવનમાં તેની કદર કરતા હશે !

સાગ્રમના એક વીરે એક સભામાં બોલતાં ખેદની સાથે કહ્યું હતું:–'હું સંતાનહીન છું. મારું હૃદય એટલા માટે દુઃખી છે કે જાતિસેવામાટે અર્પણ કરવા મને પુત્ર નથી.' બધા યુવકોએ ઉઠીને એકદમ ઉત્તર આપ્યો:–'મહાશય ! અમે આપના પુત્ર છીએ.' તમારામાંથી કેટલા જણા ગુરુ ગોવિંદસિંહના પુત્ર થવા ઇચ્છુક છો ?

કેટલાએક આવીને મને કહે છેઃ–' હવે તો આ દશ ગુરુઓની વાતો ભૂતકાળની થઈ ગઈ છે.' હું નમ્રતાપૂર્વક કહીશ કે, 'આ વાતો નાશ પામેલાં પુસ્તકોની નથી, પરંતુ જીવની જાગતી ભેરી છે.' ગુરુ ગોવિંદસિંહના જીવનમાં વર્તમાન ભારતમાટે એક જ્વલંત અપીલ છે.

કેવું મહાન ચરિત્ર છે ! ગુરુના જીવનને વાંચો ! તેઓ પહાડપર ધ્યાન કરે છે. આકાશવાણી થાય છેઃ–'પુત્ર ! સંતોની રક્ષા અને પાપીનો નાશ કરો.'

ગુરુ ગોવિંદસિંહના કાળમાં ભારતપર ઔરંગઝેબ રાજ્ય કરતો હતો. તે ઘણી વિચિત્ર વ્યક્તિ હતી. તે શાકાહારી હતો. દારૂનો તિરસ્કાર કરતો હતો. વ્યક્તિગત જીવનમાં તે બહુ સારો હતો. તે ભક્તિભાવથી કુરાન ભણતો; પરંતુ તેણે એ અનુભવ નહોતો કર્યો કે, ધર્મ બળથી નથી ફેલાતો, કારણ કે ધર્મ તો પ્રેમ છે.

અઢીસો વર્ષ પહેલાંની વાતોને સાંભળીને મને આશ્ચર્ય થાય છે કે, ઔરંગઝેબદ્વારા કરાયેલા અનાચારો અને અત્યાચારોને હિંદુઓએ કેવા સહ્યા હતા ! ! ! હિંદુસમાજમાં એ અદ્ભુત શક્તિ શામાટે છે ! એણે ઘણું સહન કર્યું છે અને ઘણું જીત્યું છે. હિંદુસમાજની આ શક્તિ આજે દબાઇ ગઇ છે. વાસ્તવિક રીતે તમે કમજોર નથી, પણ તમારી શક્તિ કેદમાં છે. તે સાંકળોથી બંધાયેલી છે. આ સાંકળો ક્રૂર રિવાજોની છે. મિથ્યા અભિમાનની છે. આ સાંકળોને તોડી નાખો તો તમે હિંદુજાતિનો પુનરુદ્ધાર કરી શકશો.

જંજીરોને કોણ તોડશે ? ગુરુ ગોવિંદસિંહ. જેમના સંબંધમાં તમારી સામે હું ભાષણ દઈ રહ્યો છું, તેમણે રાષ્ટ્રને બચાવવાને માટે પોતાનું સર્વસ્વ બલિદાન કરી દીધું. તેમણે પોતે પોતાના પિતાને પ્રજાને માટે બલિદાન કરવાનું કહ્યું. ગુરુએ પોતાના પિતાને કહ્યું કેઃ—' તમારા કરતાં વધારે શ્રેષ્ઠ બીજું કોઇ નથી.' અને જ્યારે ગુરુ તેગબહાદુરના શહીદ થવાના સમાચાર આવ્યા ત્યારે ગુરુ ગોવિંદસિંહને જરા પણ દુઃખ થયું નહિ. વીરોના શબ્દકોષમાં 'ઉદાસી' શબ્દ છેજ નહિ. તેઓ કેવળ એકજ મંત્ર જાણે છે અને તે મંત્ર છે શક્તિનો. ગુરુ ગોવિંદસિંહ બહાદુર હતા. તેઓ પોતાના પિતાના મૃત્યુને ઈશ્વરીય ઉદ્દેશ્ય સમજતા હતા. તેમણે ગુરુ પાસેથી ૯ વર્ષની ઉંમરમાં પોતાના ધર્મ અને રાષ્ટ્રની રક્ષામાટે તરવાર ધારણ કરી હતી. ગુરુ ગોવિંદસિંહે પિતાને જે વચન આપ્યાં હતાં, તે તેમણે પુરાં કર્યાં. ગોવિંદસિંહ એક વીર યોદ્ધા હતા. તેમણે પોતાના આદર્શની રક્ષામાટે પોતાનું સર્વસ્વ અને છેવટે ચાર પુત્ર સુદ્ધાંને બલિદાન કરી દીધા.

પોતાના પાંચ પ્રિય ચેલાઓને ગુરુએ કહ્યું છેઃ–' પહેલાં મૃત્યુને સ્વીકારો. દરેકની રજ બની જાઓ અને પછી મારી પાસે આવો.' શું આ શબ્દોમાં આજના ભારતમાટે સંદેશ નથી ?

ગુરુ કહે છેઃ–' મૃત્યુનો સ્વીકાર કરો.' જો કોઇ રાષ્ટ્ર જીવિત રહેવા ઇચ્છતું હોય તો તેણે મૃત્યુથી ન ડરવું જોઇએ; પણ તેણે મુક્તિની દૈવી યુક્તિ સમજવી જોઇએ. કષ્ટો સહન કરવામાંજ રાષ્ટ્રોનો પુનર્જન્મ છે, કોમળતાજ અમારું પાપ છે. જેઓ ખરું જોતાં વિનમ્ર હોય છે, તેઓ

કમજોર નથી હોતા. 'પહેલાં મૃત્યુનો સ્વીકાર કરો, રજ બની જાઓ' એ સિદ્ધાંત આજ કેટલા માને છે? સેવાના સન્માર્ગપર ચાલનાર કેટલા પુરુષો છે! અમારા ભાગલા ને તડોના મૂળમાં અહંકાર છે. આથી એક જાતિ બીજી જાતિ સાથે, એક વર્ગ બીજા વર્ગ સાથે, એક સમાજ બીજા સમાજ સાથે અને એક ભાઈ બીજા ભાઈ સાથે મળીને નથી રહેતા અલગ પડી જાય છે. અહંકાર રાખીને અમે દીન અને નિર્બળોને વિસારી દીધા છે. ગુરુ દીન અને દુઃખીઓને પોતાના પુત્રની પેઠે છાતીએ લગાવતા હતા. ગુરુ તેમને કેટલો પ્યાર કરતા હતા! જો ગુરુના બતાવેલા માર્ગપર અમે ચાલવા ઇચ્છતા હોઇએ તો અમારે દુઃખીઓની સેવા કરવી જોઇએ. ગુરુના પરિવારમાં અસ્પૃશ્યો નહોતા, બધા ભાઇ ભાઈ હતા. તેમણે કહેલો મૃત્યુનો સ્વીકાર અને પ્રેમ તથા વિનમ્રતાની સાથે ગરીબોની સેવા કરવાના મહાન સંદેશમાં ભારતના કલ્યાણની આશા છે.

તેમનો સંદેશ છેઃ–' પહેલાં મૃત્યુનો સ્વીકાર કરો, પ્રત્યેક રજ બની જાઓ અને પછી મારી પાસે આવો.'

'માનવજીવનનું ધ્યેય અને સાફલ્ય'

(લેખકઃ–રામદાસ જે. રૂપારેલ. 'સાહિત્ય' માસિકમાંથી)

વિશ્વમાં દરેક માનવપ્રાણીને જન્મીને અનેક કાર્યો કરવાનાં હોય છે અને તેમાં તે સાફલ્ય પામવાની આકાંક્ષા રાખે છે; પરંતુ કેટલાએકોનું જીવનધ્યેય અચોક્કસ હોવાને કારણે, તેઓ પોતાનાં કાર્યોમાં પાર પડી શકતા નથી. કોઇ પણ કાર્યોમાં ધ્યેયનું દઢપણું આવશ્યક છે.

મનુષ્યજીવન શામાટે? જન્મીને શું કરવાનું છે? વગેરે વિષયોપરત્વે, ઘણાં થોડાંજ મનુષ્યો વિચાર કરતાં હશે; જ્યારે કેટલાકો ફક્ત લૌકિક વ્યવહારમાં રચ્યાંપચ્યાં રહી, પોતાનું જીવન ગમેતેમ રીતે પસાર કરે છે. નથી હોતાં તેમનાં જીવનમાં આનંદ કે ઉલ્લાસ, કે નથી હોતા કોઇ પણ પ્રકારના અભિલાષ. કારણ? તેમનો જીવનક્રમ નિયમિતપણે રચેલો હોતો નથી. ક્રમબદ્ધ જીવન મનુષ્યોને ઉન્નતિને શિખરે પહોંચાડે છે.

મનુષ્યજીવનપર ચર્ચા કરતાં પહેલાં, મનુષ્યોત્પત્તિવિષે વિચાર કરવાની અને જાણવાની આ સ્થળે જરૂર પડશે અને તે અત્રે યોગ્ય ગણાશે, એમ હું માનું છું.

સૃષ્ટિના આરંભમાં પ્રજાપતિના શરીરમાંથી ચાર વર્ણો તથા આદિદેવોની ઉત્પત્તિ થઇ છે, એમ હિંદુધર્મના શાસ્ત્રકારો કહે છે; અને સૌ કોઇ માને છે તથા તેને મહાભારતાદિક ઇતિહાસોમાંથી પણ પુષ્ટિ મળે છે, કે જેમાં "નારદ વગેરે દશ ઋષિઓ, બ્રહ્માના જૂદા જૂદા અવયવોમાંથી ઉત્પન્ન થયા છે" એમ જણાવેલું છે. તે પરથી માની શકાય છે કે, સૃષ્ટિના આરંભમાં સૃષ્ટિ મૈથુનધર્મ વિનાની હતી. મનુ ભગવાન તથા શતરૂપાથી મૈથુનસૃષ્ટિનો આરંભ થયો છે–અર્થાત્ મનુ ભગવાન સૃષ્ટિના સરજનહાર થયા. જગતનું જનકત્વ મનુભગવાનને મળેલું છે અને એમ પણ કહેવાય છે કેઃ–"મનુભગવાન થકી ઉત્પન્ન થયેલી પ્રજા, "મનુજ" મનુ થકી જન્મેલી કહેવાય છે અને તે પરથી "મનુષ્ય" કહેવાય છે." આ પરથી મનુભગવાન સૃષ્ટિને મૈથુનધર્મવડે ઉત્પન્ન કરનારા પિતા છે, એમ માનવાને સબળ કારણ મળે છે. અસ્તુ: આ પ્રમાણે સૃષ્ટિનો તેમજ ઉત્પત્તિનો ઇતિહાસ છે.

આર્યાવર્તમાં પુનર્જન્મની ભાવના ઘણી મહત્ત્વની અને મનુષ્યજીવન સાથે સંબંધ ધરાવનારી છે. "જેવી મતિ, તેવી ગતિ"–અર્થાત્ મન, વાણી તથા કાયાથકી જેવાં કર્મો કરવામાં આવે તેના પ્રમાણમાં શુભાશુભ ફળ મળે; અને તેને અંગે ઉત્તમ, મધ્યમ અને અધમ યોનિમાં જન્મ ધારણ કરવો પડે તથા તે "જન્મ" ને "પુનર્જન્મ" કહેવાય. પુનર્જન્મ મનુષ્યની વાસનાપર આધાર રાખે છે અને તેટલામાટે વાસનાપર વિજય મેળવવાની અત્યંત આવશ્યકતા છે.

ગત જન્મનાં કર્મો પ્રમાણે આત્માને આગામી જન્મમાં કાર્યો કરવાનાં હોય છે અને તે કર્મોનો વ્યવસ્થિત કાળ, તેજ "જીવન." જીવન એટલે આયુષ્યનો ક્રમ, મૃત્યુલોકપર અમર આત્માની સફર. મૃત્યુલોક કર્મભૂમિ છે અને સ્વર્ગલોક ભોગભૂમિ છે. કર્મભૂમિમાં કરેલાં કામો પ્રમાણે ભોગ ભોગવવા, સ્વર્ગ અને નર્કની યોજના યોજાઈ છે. "જો નર કરણી કરે, તો નર

...યુ હોય." અર્થાત્ સર્વોત્તમ કર્મો કરીને મનુષ્યમાંથી "દેવ" બની શકાય છે. કર્મ વિના
...ન નથી અને તેટલાજ માટે કર્મો કરવા માનવજન્મની જરૂર છે.

જીવન એ યાત્રા છે અને તેમાં અનેક પ્રકારની પ્રવૃત્તિ, નિવૃત્તિ અનુભવ થાય છે. ધર્મનિ-
...જીવનને ઘણીવાર આત્મ સ્થિતિ કરતાં, ...સ્થિતિની અપેક્ષા થાય છે; અને તે જીવનની
...મ ધ્યેયોમાંહેનું એક ધ્યેય છે. જીવનમાં અનેક અનંત શક્તિઓ સમાય છે. તે જાણવામાટે,
...સવવામાટે, અસાધારણ બુદ્ધિની જરૂર છે. પક્ષીઓને ઉડવામાટે જેમ બે પાંખો છે, તેમ મનુ-
...ને જીવનસાફલ્યમાટે "જ્ઞાન" અને "કર્મ" રૂપી બે પાંખોની આવશ્યકતા છે.

માનવપ્રાણીનાં સ્થૂલ અને સૂક્ષ્મ એ બન્ને શરીરો તેના અંતઃકરણને આધીન રહે છે. સારા-
...નો વિચાર કરવો, વસ્તુને જાણવી, ઓળખવી, મનન કરવું અને પોતાપણાનું અભિમાન ધરવું
...બધાં અંતઃકરણનાં મુખ્ય લક્ષણો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એવા ચાર વિભાગો તત્ત્વ-
...એ યોજ્યા છે. જીવનસાફલ્યમાટે અંતઃકરણ સંસ્કારી બનાવવું જોઇએ. માનવીઓપર જન્મતાં-
...જ સાથે અન્નપ્રાશન, જાતકર્મ, નિષ્ક્રમણાદિક સોળ પ્રકારના સંસ્કારો થાય છે; પરંતુ તે અંતઃ-
...રણશુદ્ધિમાટે, મારા મત મુજબ જરાએ ઉપયોગી નથી.

મનુષ્યજીવન પરોપકારી, નૈતિક, ધાર્મિક અને આદર્શ હોવું જોઇએ. પરોપકાર એજ જીવન-
...ા સુંદર રાહ છે.

"સંસારસુ સરસો રહે, ને મન મારી પાસ; સંસારમાં લેપાય નહિ, તે જાણ મારો દાસ."

જેવી રીતે કમળપત્ર પાણીમાં હોવા છતાં પાણીથી દૂર છે, તેજ પ્રમાણે જે સંસારી સંસાર-
માં રહીને તેના મોહપાશથી દૂર રહી સંસાર પાર ઉતરે, તો તે આદર્શ સંસારી છે.

મનુષ્યધ્યેયના પ્રકાર ખાસ કરીને સંસ્કાર પ્રમાણે પડાય છે અને તેની સાથે દેશકાળ પણ
ગૌણ ભાગ ભજવે છે. કેટલાંક ભોગી અને વિલાસી હોય છે, તેમજ કેટલાંક સ્વાર્થી અને પર-
...ર્થી હોય છે, ત્યારે કેટલાંક ત્યાગી અને મુમુક્ષુ હોય છે.

આદર્શ લૌકિક વ્યવહાર, એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે. "મોક્ષ" એ જીવનનું સર્વોત્તમ અને
...માન્ય ધ્યેય છે અને તેની પ્રાપ્તિ સંયમી તથા સંસ્કારી જીવન ગાળવામાં સમાઇ છે અને ઘ-
...જ થોડા પ્રમાણમાં મનુષ્યો તેને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નિવડે છે; કારણ કે મનુષ્યોનો સામાન્ય
...ભાવ ભોગી અને વિલાસી તથા સ્વાર્થી હોય છે, પરંતુ જો મનુષ્ય ધારે તો તે સહેલાઇથી પ્રાપ્ત
...ી શકે ખરો, એ નિર્વિવાદ છે. સાંસારિક વિષયોમાં જે નિષ્ણાત હોય છે, તેજ પરમાર્થ સાધી
...કે. સ્વાર્થ અને પરમાર્થ, એ સંસારના માર્ગો છે. અંતઃકરણ એ દેહરથનો સારથિ છે. સારથિ
...સ્કારી હશે તોજ જીવનનું સાર્થક થશે.

અંતઃકરણ સંસ્કારી બનાવવા માટે, પ્રથમ સંયમની જરૂર પડશે. વાસનાનો નાશ કરવો
...ડશે. સંયમ, શાંતિ, વિવેક, ભક્તિ, શ્રદ્ધા, જ્ઞાન તથા વૈરાગ્ય, એ જીવનસાફલ્યના અનુપમ
...ાર્ગો છે અને તેનાજ વડે સંસ્કારી થઇ શકાશે. તથા આદર્શ ધ્યેય તો પ્રભુના પાદમાં વિરમ-
...ામાં સમાયું છે અને તે સંયમી મનુષ્ય સહજમાં પ્રાપ્ત કરી શકે છે.

સાંસારિક કર્મો નિષ્કામપણે કરવાથી આત્માની શુદ્ધ થાય છે. વાસનાનો નાશ, એજ
જીવનસાફલ્યનો સુંદર રાહ છે. પુરુષાર્થ પણ જીવનનું ધ્યેય ગણાય છે; અને તે ધર્મ, અર્થ,
તથા કામ તેમજ મોક્ષની ક્રમવાર પ્રાપ્તિમાં સમાયેલું છે.

મનુષ્યપ્રાણીની મહત્તા મહાન છે. સૃષ્ટિની શરૂઆતથી તે અત્યારસુધીની મહાન શોધખોળો
તથા સુધારા મનુષ્યોને આભારી છે અને તેટલામાટે માનવયોનિની મહત્તા વિશાળ છે.

મનુષ્યજન્મ, મોક્ષની ઇચ્છા અને મહાપુરુષોનો આશ્રય, દેવનો અનુગ્રહ હોય તોજ પ્રાપ્ત
કરી શકાય; છતાં પણ પુરુષાર્થી પુરુષ પોતાના પ્રભાવથી તેને પ્રાપ્ત કરી શકે છે.

આદર્શ સંયમી થવાને સંસારત્યાગની જરૂર પડે છે, પરંતુ સંસાર ભોગવ્યાવિનાનો ત્યાગ
નિરર્થક ગણાય છે. સંસાર સેવ્યા પછીનો ત્યાગ આદર્શ હોઇ શકે; કારણ તે સમયે વાસના
તૃપ્ત થયેલી હોય છે, ભોગની ઇચ્છા હોતી નથી અને તેથી કરીને ત્યાગીના નિયમો સહેલાઇથી
પાળી શકાય છે.

સામાન્ય રીતે મનુષ્ય સંસારમાં રહીને સંપૂર્ણ રીતે ત્યાગી થઇ શકતો નથી, કોઇ વિરલજ તેમ કરી શકે છે. સામાન્ય પ્રકારના માનવોને માટે સંસાર સેવ્યા બાદ ... અવેશ કરી નીતિમય જીવન ગાળીને, જીવનનું પરમ ધ્યેય પ્રભુપ્રાપ્તિ મેળવવાનું છે. તે પ્રાપ્ત ઉત્તમ રાહ સમજપૂર્વકનો ત્યાગ છે અને તેમાંજ જીવનની મુક્તિ સમાઇ છે. તેજ સાફલ્ય છે.

સંસારી જો સંસારનું વિધિપૂર્વક સેવન કરે, તો તે ત્યાગીના કરતાં વહેલો ... તરી જાય; પરંતુ કમભાગ્યે વર્તમાનકાળમાં એવો વિધિયુક્ત આદર્શ સંસારસેવનમાં ... નથી. એજ ભારતવર્ષ છે, કે જેના ભૂતકાળમાં અસંખ્ય પુરુષો પોતાને તથા દેશને ... ગયા છે અને વિશ્વને કર્મ તથા ત્યાગના પાઠો શીખવી ગયા છે. તેજ આજનો કેવી દશામાં છે ! પરદેશીઓના પાદપ્રહાર સહન કરી રહેલો છે અને જીવનનું ધ્યેય ફક્ત ... રીતે જીવવામાં મનાય છે. એ કોનો વાંક ? દેશનો કે દેવનો ?

દેવોને પણ દુર્લભ એવા મનુષ્યાવતારને પ્રભુપ્રાપ્તિ અર્થે ઉપયોગમાં લેવો, એજ ... નવીની પવિત્ર ફરજ છે. એજ સર્વોત્તમ જીવનનું સાફલ્ય છે. માનવજીવનની સાર્થકતા તેમાંજ સમાઇ છે.

નીતિ અને ધર્મમાટે જે નિયમો ઘડાયા હોય છે, તે ધર્મ કહેવાય છે અને તેને અનુસ... રનાર મનુષ્ય ધાર્મિક કહેવાય છે. તેમ ન કરનાર સમાજનો તેમજ પ્રભુનો ગુન્હેગાર ... છે. યાદ રાખવું કે, ધર્મ રક્ષણમાટે છે, નહિ કે ભક્ષણમાટે. ધર્મ ધર્મનું રક્ષણ કરે છે. કોઇ પણ મનુષ્ય જો ધર્મનું યથાર્થ રીતે પાલન કરે, તો ધર્મ તેનું અવશ્ય રક્ષણ કરે. એ સનાતનસિદ્ધ સિદ્ધાંત છે. ધર્મપાલન એ અંતઃકરણ પવિત્ર કરવાનું સાધન છે અને તેજ પ્રમાણે સંયમ તથા નીતિ મનુષ્યજીવનને ઉત્તમ, સંસ્કારી અને સફળ બનાવવાનાં ઉત્તમ સાધનો છે.

ધ્યેય અને તેના સાફલ્ય સાથે, મનુષ્ય પોતાનું જીવન સંસારમાં કેવી રીતે પસાર કરે છે ! તે જાણવાની પણ અત્યારે ખાસ જરૂર છે. આ વિષે આ સ્થાને યથાશક્તિ વિવરણ ... અસ્થાને નહિ ગણાય.

મનુષ્યજીવનપર દેશકાળનું વાતાવરણ ઘણી સારી રીતે અસર કરે છે. પાંચ હજાર ... પૂર્વેના મનુષ્યનાં ધ્યેયો અને આધુનિક માનવીઓનાં ધ્યેયો ! ! ! એ બંનેમાં ઘણો તફાવત નજરે પડે છે. તેનું કારણ ? દેશની આધુનિક દશા. આપણે હવે પાંચહજાર વર્ષો પૂર્વેના ... નવજીવનપર અને તેમની દશાપર ઉડતી નજર નાખીએ.

તે સમયના મનુષ્યો સંપીલા અને કળાકૌશલ્યમાં પ્રવીણ હતા. સંસ્કૃત વાણીનો ... ફેલાવો હતો. લોકો આધ્યાત્મિક વિષયના અભ્યાસી હતા. પરદેશસાથેના વાણિજ્ય થકી, આર્થિક સ્થિતિમાં સુંદર વધારો કરતા હતા. રાજવ્યવસ્થા ઘણી ઉત્તમ હતી. લોકો ચતુર અને ... હતા. સમૃદ્ધ અનહદ હતી અને ભરતખંડની કીર્તિ સમસ્ત ભૂમંડળમાં સર્વોત્તમ હતી.

હવે અર્વાચીન સ્થિતિ ભાળીએ......

રાજ્યક્રાંતિને અંગે મનુષ્યજીવનમાં અજબ ફેરફાર થયો છે. પરદેશી, વિલાસી અને સ્વાર્થી રાજ્યકારોના કારણે મનુષ્ય તથા દેશની સર્વ રીતે સંપૂર્ણ પાયમાલી થઈ રહી છે. "યથા રાજા તથા પ્રજા" ના ન્યાય પ્રમાણે, પ્રજામાં પરદેશીઓના તમામ દુર્ગુણો પ્રવેશ્યા છે. પ્રજા વિલાસી, સ્વાર્થી અને નિર્વીર્ય બની છે; અને લોકોમાં આત્મવિધિત્સા, અભિમાન વગેરે દુર્ગુણો વધ્યા છે; તેથી કરીને પ્રજાના આયુષ્યના ક્રમનો ભંગ થયો છે–અર્થાત્ પ્રજા અલ્પાયુષી થઈ છે.

આવા સંજોગોમાં મનુષ્યો ધ્યેયવિનાના જીવે છે; અને ધ્યેયવિનાનું "જીવન" ... વિનાના ઢોર જેવું છે. મનુષ્યજીવનની ઉન્નતિમાટે, ખરૂં જીવન જીવી જાણવામાટે, તેમજ જીવન સાર્થક કરવામાટે કોઇ મહાપુરુષની જરૂર છે.

વેદવેદાંતનાં રહસ્યો સમજાવવા, સમાજનો સડો દૂર કરવા, કર્મસૂત્રના મંત્રો સુણાવવા, કોઈ જ્ઞાનીઓની આવશ્યકતા છે.

દેહનૌકાને સંસારસાગરમાંથી તારીને મોક્ષકિનારે પહોંચાડનાર જ્ઞાનરૂપી સુકાનીની જીવન સાફલ્યમાટે જરૂર છે. પ્રભુ તે પાર પાડે, એજ અભ્યર્થના.

પુરોહિતનું બલિદાન !

('પ્રતાપ' તા. ૫-૩-૧૯૨૭ ના અંકના મુખપૃષ્ઠપરથી સાભાર ઉદ્દ્ધૃત)

પુરોહિતઃ-રાણાજી ! તમને બન્નેને આ શું સૂઝયું ? ક્ષત્રિયની તરવાર ભાઇ ભાઈના ગળાપર ! ! આ નરવીરોની ભૂમિનો આ શો અધઃપાત ! રાણાજી ! ચિતોડનું સત્યાનાશ વળી જશે. તલવારના આ ભાઇને ગળે નથી, એ ચિતોડને ગળે જાણજો. દુશ્મનો ઝઝૂમી રહ્યા છે; ચિતોડ ર ઘોર આફત લટકી રહી છે; આ વખત ભાઇભાઇનાં ગળાં કાપવાનો ? પૃથુરાજે અને જયચંદે ોને આર્યાવર્ત ગુમાવ્યું, એ યાદ છે ? યાદ કરો ! તમારા પ્રતાપી પૂર્વજોનું વીરત્વ સંભારો ! ોડ તમારો મોંઘો વારસો છે. બલિદાન અને શિરસમર્પણની આ ભૂમિ ભારતની કીર્તિનો ખ-ો છે. ભાઇ ભાઇ કપાઇ મરશે, તો એની રક્ષા કોણ કરશે ? એના રક્ષકો એકમેકના ટોટા સશે તો ચિતોડનું શું થશે ! તમારી સમશેરો-તમારૂં વીરત્વ-તમારી શક્તિ શત્રુઓ સામે વાપ-ો ! ભાઈ ભાઈની આ તકરાર ચિતોડના નાશની ઘોર ખોદે છે. જો ચિતોડની દાઝ દિલે હોય, આ હાથ આ રીતે લોહીથી ખરડાતા બચાવો અને વેર ભૂલીને ભાઇએ ભાઇ ભેટો ! આ ાહ્મણના આશીર્વાદ છે કે...

શક્તસિંહ—ચિતોડ ! અરે ચિતોડ તો હવે મોગલોનું છે. ગોરદેવ ! એ વિદ્વત્તાનાં શાસ્ત્રો ોરીના માંડવામાં સંભળાવજો. શક્તસિંહ હવે આ વેર નહિ ભૂલે. કાં તો હું નહિ કે કાં તો આ મિથ્યાભિમાની પ્રતાપ નહિ. ચિતોડ જશે તો એવાને પાપે જશે. આ અપમાન કરતાં ચિતોડ દુશ્મનનું થાય, એ શું બહેતર નથી ? જાઓ, દૂર જાઓ; નહિતર તમે નાહક હણાઈ જશો. (પુરોહિતને હડસેલે છે.)

પુરોહિતઃ—અધધધ ! આ શું સાંભળું છું ! આ બ્રાહ્મણનું અપમાન ? ઓ નરાધમ ! લે ! હું આ ઉભો ! ચલાવ તારી એ પાપિણી તરવાર, આ ગળે ચલાવ ! ક્ષત્રિયો ધર્મ ભૂલ્યા, જાત ભૂલ્યા, ટેક ભૂલ્યા, દેશ ભૂલ્યા, ત્યાં બ્રાહ્મણની જીંદગી શા કામની ! હાય ! રજપૂતાનાનો વિનાશ હવે અચૂક છે ! ઓ ઉગ્ર આકાશ ! તારા વજ્રનિપાતનો વરસાદ ! ઓ પ્રતાપી માર્તંડ ! તારી આગની જ્વાલાઓ પ્રકટાવ ! ઓ મેઘ ! તારા પ્રલયથી આ ધર્મભ્રષ્ટ ભૂમિનો નાશ કર ! ઓ ઉડુગણો ! આ પતિત ભૂમિ ઉપર તૂટી પડો ! ઓ દિગ્ગજો ! આ હૃદયશૂન્ય માનવજાતિનો ભાર હલકો કરો ! ઓ શેષ ! તારી ફેણ સમેટાવ ! ઓ દેવાધિ દેવો ! તમારાં આયુધોથી આ આર્યત્વવિહોણી ભૂમિને આસુરી તત્ત્વોથી ઉગારો ! ઓ નવખંડ પૃથ્વીને વિંટાયેલા અપાર રત્નાકર ! તારાં અમાપ જળમાં આ અધર્મી જાતિને સમાવી દે ! તપસ્વીઓની યોગસમાધિશા, માનવલોક અને સ્વર્ગલોકની શીદીશા, ઓ ધુર્જટિ હિમાદ્રિ ! તારી અચલતા છોડ અને આ આચાર, કર્મ અને ધર્મભ્રષ્ટ મનુષ્યો ઉપર તૂટી પડ ! ઓ કૈલાસવાસી ત્રિપુરારિ ! તમારૂં ત્રીજું લોચન ખોલો અને ભારતમાંથી અધર્મને બાળીને ભસ્મ કરી નાખો ! નથી-નથી-ભારતમાં હવે આર્યત્વ નથી, ક્ષત્રિયોમાં ક્ષત્રિયત્વ નથી, બ્રાહ્મણોમાં બ્રહ્મત્વ નથી, આર્યત્વનાં ઓજસ નથી ! જે ભૂમિમાં નરરત્નો પાકયાં, તે ભૂમિમાં પથરા નીકળ્યા ! જે આર્યબાળાને-સતીને ખોળે વીર કેસરી ધર્મમૂર્તિ અમર પુરુષો જન્મ્યા, તે ખોળે ભાઇ ભાઇના વેરી જન્મ્યા ! એ સતીઓ-એ શૂરી ક્ષત્રાણીઓ ચોધાર આંસુએ રડે છે ! ભડભડાટ બળતી આગમાં હસતે મોઢે દેહ ભસ્માવી દેનાર એ ભારતની દેવીઓ આજે લાજે છે ! હા ! ભારત એના શત્રુઓનું વિહારભુવન થશે. આજે એક શત્રુ હશે, પણ યાદ રાખજો એ એકના અનેક તમારે પાપે આ ભૂમિમાં ઉભરાશે ! આજે પ્રતાપ અને શક્તસિંહ કપાઈ મરશે; પણ યાદ રાખજો કે એ આગ સમસ્ત ભારતમાં, કોમેકોમમાં અને ઘેરેઘેર સળગશે ! અને ભાઈ ભાઈના વિનાશના એ દાવાનળમાં આ પ્રાચીન ભૂમિનાં પુરુષાર્થ, ધર્મ અને સંસ્કૃતિનો નાશ થશે. ઓહ ! આ મારાથી નથી જોવાતું ! ચિતોડની ભસ્મ જોવાને, ચિતોડનાં પુત્ર માંહે માંહે કપાતાં જોવાને, ચિતોડની ચિરનિદ્રાના અભિષેક [illegible] હું મારો દેહ, એ અભાગીઓના આજે ભૂદેવના રક્ત [illegible] ! હવે [illegible] ! નમસ્કાર [illegible] તે પહેલાં હું આ ભૂમિનો ત્યાગ કરીશ. (પુરોહિત પેટના કટારીમાં [illegible] છે.)

...થી ઝેરી પદાર્થો "એપેનડીક્ષ" માંથી બહાર નીકળી આવે છે અને આખા શરીરમાં ...
... જાય છે. આથી મરણ થવાનો ભય પણ ઉભો થાય છે. બીજા કોઈ પણ દરદમાં આટલા-
...ના દરદ જેટલી તાબડતોબ વૈદ્ય સલાહ લેવાની જરૂર ઉભી થતી નથી અને આ સલાહ
...વામાં આવે તો ઘણી વખત દરદીઓને મરણના મુખમાંથી બચાવી લેવાય છે. પથરી સિવાયના
...રણગાંઠનો અટકાવ કરી શકાય છે; પણ આમ કરવાથી કબજીયાત અને "ટોનસીલાઇટીસ"
...થાય છે. આવી વખતે જેમ ઘણી વખતે કરવામાં આવે છે, તેમ દરેક ભોજન પછી દરરોજ
...તે આંતરડાં ખાલી કરવાં જોઇએ. આમાં કંઇ નવું નથી; પણ તે એજ છે કે, આપણે આપણા
...વાઓની સાદી રીતભાત અને સાદો ખોરાક ભૂલી ગયા છીએ. કેટલાકોએ આ વાત ૨૦૦૦
... પૂર્વે ગ્રીકો પર ઠસાવી હતી અને તે પણ બહુજ સરળ શબ્દોમાં. તેઓએ કહ્યું હતું કે,
'પ્રમાણસર ખોરાક એક વખત સારૂં ઝાડો લાવે છે અને અમારી તો તે એક આદત થઇ છે.'
...આ વાત આપણામાટે અને આપણા બંધુઓમાટે પણ સમજવાભરી છે.

આપણે એટલા બધા ઉદ્યોગી છીએ અને એ પણ નિરાશાજનક છે કે,આપણે આપણા બા-
ળકોમાટે પાણીના કુંડ પણ શાળાઓમાં રાખી શકતા નથી. આ એક દુર્ગુણ છે કે જેનો નિષેધ
ફક્ત છોકરાઓના માબાપોએજ નહિ પણ સમસ્ત સમાજે કરવો જોઇએ. આપણે આપણો
ખોરાક અને રીતરિવાજો એવી રીતે બદલવા જોઇએ, કે જેથી આપણને રોગો અને અકાળ
મૃત્યુ જેવો દંડ ન આપવો પડે. નવી આરોગ્ય સંસ્થા કે જેને વર્તમાનપત્રો ટેકો આપે છે તે
પ્રજાને આરોગ્યના ફાયદાઓ સમજાવવાનું ચાલુ રાખશે કે જે પ્રમાણે વર્તીનેજ પ્રજા રોગોને
ટાળી સંપૂર્ણ આરોગ્ય, સુખ અને આનંદ મેળવી શકશે. સારણગાંઠના દરદમાટે લોકોને કહો
કે અનો અટકાવ તમારા હાથમાંજ છે.

નવયુવકોં કો બસ્વાનીકા સંદેશ

('વર્તમાન' તા. ૨૭-૩-૨૭ ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત)

ગુરુકુલ જયંતિ કે અખિલ-ભારતીય યુવક સંમેલન મેં આચાર્ય બસ્વાની ને સ્ફુર્તિપ્રદ વાણી
મેં કહા કિ, હમ લોગ શ્યામસુન્દર કૃષ્ણ કે સેવક હૈં. વહી હમારા ઇષ્ટદેવ હૈ, ઔર હમ ચાહતે હૈં
કી શ્રીકૃષ્ણ કે સંદેશ સે હમારે નવયુવકોં કા હૃદય ભર જાય.કોઇ કહતા હૈ કિ યહ શાંતિ યુગ હૈ;
કિન્તુ મેરા વિશ્વાસ હૈ કિ, યહ શાંતિ કા યુગ નહીં. યુવકોં કે કર્મ કા યુગ હૈ. મૈં હમેશ સે યુવકોં
કો પ્યાર કરતા રહા હું, ઔર મેરે હૃદય મેં અબ ભી યુવકોં કે પ્રતિ ઘોર-પ્રેમ કા સાગર
લહરા રહા હૈ. મેરા વિશ્વાસ હૈ કિ, પરમાત્મા કી અતુલ અનુકમ્પા સે યુવક હી નવિન
રાષ્ટ્ર કે નિર્માતા હો સકતે હૈં. લોગ કહતે હૈં કિ, ભારતીય યુવક ભટક રહે હૈં, નષ્ટ હો
રહે હૈં ઔર ઉનમેં કોઇ આશા નહીં; પર મૈં આશાવાદી હૂં. ઔર મૈં ભારત કા ઉદ્ધાર નવયુવકોં
દ્વારા દેખતા હૂં. મૈં રાત્રિ મેં એકાન્ત મેં આકાશ કે તારોં કો દેખતા હૂં, ઔર ઉસ સમય હ-
મારે હૃદયસે દર્દભરી આવાજ નિકલતી હૈ, ઔર સોચતા હૂં કિ ઇન્હીં તારોં ને રામ, કૃષ્ણ કે
ભારત કો, ગૌરવમય ઔર સમ્પન્ન ભારત કો, બલશાળી ઔર જગતગુરુ ભારત કો દેખા હૈ,ઔર
આજ યે દરિદ્ર, પરતંત્ર, ઘૃણિત ઔર અછૂત ભારત કો દેખ રહે હૈં. ઉસ સમય હમ અપની માતા
સે પૂછતે હૈં કિ, એ માઁ, તુને હમારે નવયુવકોં કી ઔર સે ક્યોં મુખ ફેર લિયા હૈ ? માતા કહતી
હૈ કિ, ભારત કે યુવક ઔર યુવતિયોં કી ઔર દેખો. વહી ભારત કા ઉદ્ધાર કરને વાલે હૈં. ઉન્હી
કે હાથોં મેં ભારત કા ભવિષ્ય હૈ, ઔર વે હી ભારત કી આશાલતા હૈં. ઇસિ પ્રેમ કે બદલે મેં
મૈં ઉનસે યહી ચાહતા હૂં કિ, વે સત્ય ધર્મ પર આરૂઢ રહેં.

એક જમાના થા કિ, જબ ભારતવર્ષ સારે સંસાર કા ગુરુ થા, કિન્તુ આજ વહ અછૂત
માના જાતા હૈ. હજારોં વર્ષ પૂર્વ ભારત સેંકડોં દેશોંપર શાસન કરતા થા. ભારત કો, સ્વતંત્રતા
કૌંસિલોં ઔર પાર્લામેન્ટ સે નહીં પ્રાપ્ત હોગી, વરન્ વહ યુવકોં કી શક્તિ કે હી બને મિલેગી.
ઇસ હેતુ યુવકોં કો નિયન્ત્રિત હોને કી અત્યંત આવશ્યકતા હૈ. આપને આદેશ કિયા કિ દેશ કે
હર ભાગ મેં, આશ્રમ ખોલે જાને ચાહિયે, જહાં પર યુવકગણ સત્ય ધર્મપર ડટ કર ભારત કા
ભાગ્ય-નિર્માણ કરને કે લિયે શિક્ષા પાકર તૈયાર હો સકે, જો ભારતીય ધર્મ કે ફૈલાને મેં સહા-
યક હોં. ભારતવર્ષ કેવળ અપને હી લિયે નહીં જીતા, વરન્ વહ સંસાર કી માનવતા કી-ભલાઈ

કે લિયે જીતા હૈ. યદ્યપિ ભારત માતા આજ મલિન, ઔર દલિત હૈ, તથાપિ મેરા વિશ્વાસ હૈ કિ, વહ અમિટ ઔર અમર હૈ.

આશ્રમોં કા ચલાને કે લિએ પ્રોગ્રામ કા જિક્ર કરતે હુએ આચાર્યને કહા કિ, **આશ્રમ કે પ્રત્યેક મનુષ્ય કો પ્રાચીન ભારતકા સંદેશ અવશ્ય પઢના ચાહિયે.** પ્રત્યેક આશ્રમવાસી કો દઢ ઔર સરલ હોના ચાહિયે; ક્યોંકિ સરલતા મેં હી બલ ઔર જીવન વાસ કરતે હૈ. સાદગી મેં શક્તિ હૈ, બલ હૈ, ઓજ હૈ. દેશ કે નવયુવક ફેશન કે ગુલામ હૈં, પર ફેશન મૂર્ખતા હૈ ઔર ઐસે પ્રકાર મૂર્ખતા કે પીછે હમારે નવયુવકોં કો નહીં પડના ચાહિયે. હમારે ઋષિમુનિ, ઔર પૂર્વજ સાદે થે. ×××××× યુવકોં કો ફેશન કા દાસ ન હોના ચાહિયે, ક્યોંકિ ફેશન કા અર્થ મૂર્ખતા હૈ. પ્રત્યેક નવયુવક કો મહાપુરુષોં કી જીવનિયોં કા અધ્યયન કરના ચાહીયે ઔર ઉનકે પદચિન્હોં કા અનુસરણ કરના ચાહીએ. મહાત્મા સુકરાત ને યુવકોં કો યહી ઉપદેશ દિયા થા કિ, અપને કો પહિચાનો. હમ આજ દેખતે હૈં કિ, હમારે નવયુવક અપને દેશ કે પ્રાચીન ગૌરવ કો ભૂલતે જા રહે હૈં. **પર ભારત કી સ્વતંત્રતા કે લીએ નવયુવકોં કો ઉસ પ્રાચીન** ગૌરવ કો અપ**નાના હોગા. ઉન્હેં રામાયણ, મહાભારત, ગીતા આદિકા અધ્યયન કરના હોગા.** ઔર પાંચવાં મંત્ર–અન્તિમ પદ સબસે મુખ્ય સેવા હૈ, ઔર આશ્રમ કે પ્રોગ્રામ મેં ઇસકા મહત્વ બહુત હી અધિક બઢા હુઆ હૈ, રાષ્ટ્ર–નિર્માણ બ્રહ્મચર્ય–નિર્માણ કે અતિરિક્ત અન્ય વસ્તુ નહીં હૈ. અતએવ યુવકોં કો બ્રહ્મચર્ય કો દઢ કરના ચાહિયે.

ભારત મેં યહ એક ભારી દુર્ગુણ હૈ કિ, વહ પશ્ચિમ કા ઉપાસક બનતા જા રહા હૈ. મૈં પશ્ચિમકી સ્વાધીનતા, કારીગરી, બુદ્ધિચમત્કાર–સબકો પ્યાર કરતા હું, પરન્તુ જો પશ્ચિમ હમારે પૈરોં મેં બેડિયાઁ ડાલતા હૈ, ઉસકી કઠોર ઔર કરુણાહીન સભ્યતા કો મૈં સહન નહીં કર સકતા. મૈં ચાહતા હું કિ, પ્રત્યેક યુવક પાશ્ચાત્ય–સભ્યતા કે સમસ્ત ચિન્હોં ઔર વિચારોં કો અપને ઉપર સે ઉતાર ફેંકે, ઔર ભારતીયતા કો ગ્રહણ કરે. (હર્ષ) અંત મેં આચાર્યને હૃદય–બીણા કે તારોં કો ઝંકાર દેને વાલે મર્મસ્પર્શી શબ્દોં મેં યુવકોં સે અપીલ કી કિ, "જાઓ, પ્રિય નવયુવકો! સંસાર કો જાઓ! સત્યતા, ધર્મ ઔર પ્રેમ કે રાજ્ય મેં જાઓ! અપને દેશ કી ઇજ્જત કે લિયે જાઓ! જાઓ, ઔર બતા દો પીડિત ભાઇયોં કો કિ, ભારત અબ તક ક્યોં જીવિત હૈ, જબ કિ, રોમ, ગ્રીસ ઔર મિસર મ્રિયમાણ હોકર ગંભીર સમાધિ મેં સુપ્ત હો રહે હૈં! હે વીર યુવકો! જાઓ! જાઓ! ઔર સમસ્ત ભારત કો મંત્ર–મુગ્ધ કર દો, ઉસે જગા દો! (હર્ષ) ઇસકે બાદ પ્રિન્સિપાલ બસ્વાનીને નિમ્નાશય કી કવિતા કો પઢ કર અપના ભાષણ સમાપ્ત કિયા.

"જાગો! જાગો! હે પૂર્વ દેશ કે ઋષિયોં કી સન્તાનો, જાગો! કબ તક નીંદ કી ખુમારી મેં પડે રહોગે? ક્યા જાગોગે અથવા યશ આનંદ કે સપને હી દેખા કરોગે?"

ઈસાઈયોં કા પ્રચાર.

("ઉદ્યોગ" તા. ૨૧–૩–૨૭ ના અંકમાંથી)

પાદરીલોક હિંદુસ્તાન કો ઇસાઇ બનાને કે લિયે કિતના પ્રયત્ન કર રહે હૈં. યહ ઇસ સે જાના જા સકતા હૈ કિ ઉન્હોંને જૈસા કિ ઇસાઇયોં કે 'પ્રચાર' નામક અખબાર સે માલૂમ હોતા હૈ. ૧૯૨૭ ઇ૦ મેં ધર્મપ્રચાર કે લિયે ૫૬૮૨ પાદરી નિયુક્ત કિયે હૈં, ખર્ચ કે લિયે ... કરોડ રૂપિયોં કી મંજૂરી દી ગઇ હૈ ઔર અબતક સબ મિલકર ૨૨૨૨૭૬૮ આદમી ઇસાઇ બનાયે જા ચૂકે હૈં. પ્રચારકી શિક્ષા દેને કે લિયે ૧૦૭ વિદ્યાલય ખોલે ગયે હૈં. ઇસાઇ હોનેવાલે અધિકતર લોગ હિન્દૂ હી હૈં. યહ તો ઇસાઇયોં કા કામ હુઆ, ઉધર મુસલમાનોં કી તબલીગ દેખિયે. કિસ પ્રકાર હિન્દુઓં કો હડપ કર રહી હૈ. એક હમારી હિન્દૂ મહાસભા હૈ, જો સાલ ભર મેં એક બાર કિસી જગહ અપના મહાધિવેશન કરને કો હી સફલતા કા સારાંશ સમઝતી હૈ. હમ નહીં જાનતે કિ વહ મહાસભા કિસ લિયે કાયમ હુઈ હૈ ઔર અબ તક ઉસને ક્યા કિયા! ક્યા સભા અપને ઉદ્દેશ્ય કી પૂર્તિ મેં કુછ ક્રિયાત્મક કાર્યવાહી કરને કો તૈયાર નહીં હૈ? અગર ... કો જીવિત રહને કી ઇચ્છા હૈ તો ઉસે જાતિઉન્નતિ કે લિયે કુછ કામ કરના ચાહિયે, ... ઇસ પ્રકાર કી દિખાવટી સભાઓં સે કોઇ લાભ નહીં.

દર્દીઓને સલાહ

[લેખક-બ્રહ્મચારી આત્માનંદ ત્રિવેદી-દૈનિક 'હિંદુસ્થાન' ના. ૨૬-૩-૩૫ ના અંકમાંથી]

હરસ-તેની ચિકિત્સા અને ઉપાય

વાયુનો, પિત્તનો, કફનો, ત્રિદોષનો, લોહીનો અને વારસામાં મળેલો એટલે જન્મનો, એ પ્રમાણે હરસ રોગના છ પ્રકાર ગણેલા છે. સાધારણ લોકો જેને અરશ-મસા તથા બવાસીરના નામથી ઓળખે છે, તેને હરસ રોગ કહે છે. એ રોગમાં છ જાત કહેલી છે; પરંતુ તે ખુની અને બાદી એવા બે ભાગમાં વહેંચાયેલી છે અને તે એકેક જાતના ગુદાના પહેલા, બીજા અને ત્રીજા આંટામાં (વળીઓમાં) થાય છે, તેથી ખુની અને બાદી એવી બે જાતોના ત્રણ ત્રણ સ્થાન ગણતાં છ પ્રકાર છે. ખુની હરસમાંથી લોહી પડે છે અને બાદીમાંથી લોહી પડતું નથી, પણ તેમાં ચળ ચાલે છે. ખુની અને બાદી બે પૈકી કોઈ પણ જાતના હરસ, ગુદાની પહેલી વળીમાં થયા હોય તો તે બહાર દેખાયા કરે છે અને બીજી વળીમાં થયા હોય તો ઝાડો થતી વખતે તે બહાર નીકળે છે (અને) પાછા ઉપર ચઢી જાય છે, પણ ત્રીજી વળીવાળા મસાઓ કોઈ પણ વખતે બહાર નીકળતા (નથી); પરંતુ અંદર રહીનેજ પીડા કરે છે. તે ઉપરથી એટલું કહી શકાય છે કે, પહેલી વળીવાળા (સુખ)સાધ્ય છે અને ત્રીજી વળીમાં થયેલા અસાધ્ય છે. એ પ્રમાણેનું વિવેચન અમારા અનુભવ (પ્રમા)ણેનું કર્યા પછી, શાસ્ત્રીય રીતે હરસના રોગનું પૃથક્કરણ કરવાની જરૂર જણાતી નથી; કારણ કે (માધ)વનિદાને જૂદી જૂદી જાતના ખોરાકથી અને જૂદી જૂદી જાતનાં કારણોથી છ પ્રકારના હર(સનું) વર્ણન કરેલું છે. જેને જાણવાની ઇચ્છા હોય તેણે આયુર્વેદના ગ્રંથો જેવા કે માધવનિદાન, (ભા)વપ્રકાશ, વાગ્ભટ, ચરકસંહિતા, સુશ્રુતસંહિતાનું નિદાનસ્થાન ઇ૦ જોઇ લેવું. આ રોગના ઔષધ(માટે) શાસ્ત્રોમાં અભયારિષ્ટ, સુરણવટક, અમૃતભલ્લાતકાવલેહ, લોહભલ્લાતકાવલેહ, ભુવન કરઅવાદરસ (વગે)રે ઘણા ઉપાયો બતાવેલા છે; પરંતુ તે બાબતમાં અમારો અનુભવ નહિ હોવાથી તેનો ઉતારો (અહીં) વિસ્તાર કરવામાં આવ્યો નથી, પણ એ રોગને માટે જે અનુભવ અમને થયો છે, તે લોકોની (જાણ) માટે નીચે આપીએ છીએ. જો ગુદાની ત્રીજી વળીમાં બાદીના મસા થયા હોય ને ઝાડો ઉત(રતો) ન હોય એટલે તેમાં વિશેષ ચળ ચાલતી હોય તો-કાળી દ્રાક્ષ, સોનામુખી, રેવંચીની ખટાઇ, (હર)ડાં, બેડાં, આમળાં, ઇંદ્રજવ, વાવડીંગ, એ દરેક તોલો તોલો લઇ તેને અધકચરાં ખાંડી રાત્રે પાશેર (પા)ણીમાં પલાળી મૂકવાં, સવારે તે ભૂકાને ચોળીને તેમાં બે રૂપિયાભાર ગોળ મેળવીને કપડે ગાળી (તે) પાણી પીવાથી ત્રણ દિવસમાં ચળ મટી જશે. વળી જ્યારે બે-ચાર મહીને ચળ ઉપડી આવે (ત્યા)રે એ પ્રમાણેનું હીમ બનાવી દિવસમાં એક વાર સવારે ત્રણ દિવસસુધી પીવું. જો મસામાંથી (લો)હી પડતું હોય અને મસા બહાર દેખાતા ન હોય તો ઇંદ્રજવ, વાવડીંગ, શીંગોળી, કાચકાની (મીં)જ અને હીરાબોળ, સરખે ભાગે લઇ, તેની ફાકી રૂપિયા અર્ધાભારની ઠંડા પાણી સાથે દિવ(સ)માં બે વાર લેવાથી, લોહી પડતું અટકી જાય છે. જો ઝાડે જતા મસા બહાર નીકળતા હોય અને હાથ પાણી લીધા પછી ઉપર ચઢી જતા હોય, અગર મસા બહારજ રહેતા હોય અને તે ખુની (કે) બાદી ગમે તે જાતના હોય તો વરખી હડતાલ તોલા બેને પ્રથમ ખુબ બારીક વાટી તેમાં ચોખ્ખો (ક)ાથો તોલા ચાર ઉમેરીને વાટવું. પછી ૪૦ તોલા ઘીને સો વાર પાણીથી ધોઇ તેમાં તેને ખલમાં ઘુંટવો, એટલે વધારાનું પાણી નીકળી જશે અને મલમ તૈયાર થશે. એ મલમ ડબીમાં રાખી મૂકવો. જ્યારે જરૂર જણાય ત્યારે બહારના મસા ઉપર તે મલમ ચોપડવો અને અંદરના મસા હોય તો મસા બહાર આવે ત્યારે એ મલમ ચોપડી મસા ઉપર ચઢાવી દેવા. એ મલમથી મસા કરમાઈ જાય છે અને પાછા ભરાતા નથી. (હડતાલ અશુદ્ધ પણ ઉપયોગમાં લેવાય છે. આમા કોઇ પણ જાતનો ભય નથી હોતો.) જો ખુની કે બાદી મસા થયા હોય, લોહી પડતું હોય અથવા ન પડતું હોય તો વન(ના)નું સુરણ લાવી તેને છોલીને છીણી તડકે સૂકવવું. પછી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મૂકવું. એટલું યાદ રાખવું કે, આ ચૂર્ણ જીભને કે ગળાને લાગે તો જીભ અને ગળામાં અસહ્ય વેદના થાય છે. ને જ્યાંસુધી લીંબુની, દહીંની કે હીમજી હરડેની ખટાશ જીભને ન લગાડીએ ત્યાંસુધી મટતી નથી. એવું જોખમભરેલું આ ચૂર્ણ છે, એટલામાટે અંગ્રેજી દવા વેચનારાઓને ત્યાં 'એમ. ટી. કેપ્સુલ' નામની જીલેટાઇનની બનેલી ખાલી લંબગોળ ગોળીઓ મળે છે. તેમાં આ સુરણનો ભૂકો ભરીને તેનું

ટાંકણું બંધ કરી પાણી સાથે ગળવાથી ગળામાં કે જીભમાં ચૂર્ણ લાગતું નથી, પણ પેટમાં તે ગોળી ફાટી જાય છે અને દરદ ઉપર તાત્કાળિક અસર કરે છે. એ કેપ્સુલ નંબર એક, એક ઝીરો, બે ઝીરો અને ત્રણ ઝીરોસુધી આવે છે; તેમાં નંબર બે ઝીરોની કેપ્સુલ-ગોળી [illegible] છે, તેમાંની બબ્બે ગોળી દિવસમાં ત્રણવાર ગળવાથી ઘણો ફાયદો થાય છે. બીજું દરદના [illegible] માટે આસોમાસમાં આવતા નવરાત્રિનું વ્રત કરવાનો અમે ખાસ આગ્રહ કરીએ છીએ; [illegible] માતાની પ્રસન્નતામાટે નહિ, પરંતુ દરદના રોગને નાબુદ કરવાને માટે છે. જો બની [illegible] હોય તો નવરાત્રિના નવ દિવસસુધી નવ ઉપવાસ કરીને, નવે દિવસ વખતે સુરણ [illegible] મીઠા સુરણના કકડા કરીને પાણી નાખ્યા વગર મીઠું, હળદર, ધાણા-જીરું નાખી તેમાં [illegible] ઘણું કડક ન થઈ જાય અથવા કાચું ન રહી જાય એવું બનાવીને પેટ ભરીને ખાવું. [illegible] નવ દિવસમાં પાણીસિવાય બીજા કોઈપણ જાતનું ખાનપાન લેવું નહિ. આ [illegible] નાબુદ થાય છે.

આ દરદનો રોગ ઉત્પન્ન થાય છે, ત્યારથીજ તે કષ્ટસાધ્ય થાય છે અને [illegible] રોગીનો અગ્નિ મંદ પડી જાય છે અને શરીર ઉપર સોજા આવે છે; આંખ, નખ, [illegible] [illegible], ફીકાં પડી જાય છે, ત્યારે એ રોગીની આશા છોડી દેવી પડે છે; પરંતુ આ [illegible] [illegible] છે, જેનાં માટી પાસે ખાસ સંગ્રહ કરેલા દુઃખીજનોને માટે જાહેર છાપામાં [illegible] [illegible] કરી પોતાના દરદમાંથી મુક્ત થવાને અનુભવશે.

ઉપાય ૧ લો

[illegible] (વાડ દુધેલી) અને ગમાર દુધેલી એવાં જેનાં નામ છે, તેના [illegible] [illegible] છે. [illegible] તેનાં અને સામસામાં હોય તે બેથી પાંચ છંચ [illegible] [illegible] છે. [illegible] તેનાં પીળા રંગના ફૂલનાં ઝુમખાં આવે છે અને [illegible] [illegible] છે. એ [illegible] કોઈ પણ ભાગ તોડતાં તેમાંથી દૂધ નીકળે છે. [illegible] [illegible] દિવ્ય ગુણ છે. એનાં પાંદડાં બે તોલાના આશરે [illegible] [illegible] અરશમાં પડતું લોહી એકદમ બંધ થઈ જાય છે. [illegible] [illegible] કે [illegible] બીજા કોઈ પણ ઉપાયથી અટકતું નહોતું, તેમને આ [illegible] [illegible] માટે [illegible] પડતું બંધ થયું છે; માટે રક્તારશના [illegible] [illegible] કરતાં પહેલાં આનો અનુભવ લેવા સલાહ આપવામાં આવે [illegible]

ઉપાય ૨ જો

[illegible] ઉપયોગ લાગવાથી તેનાં [illegible] [illegible] છે. તે [illegible] તોલા લઈને તેમાં [illegible] [illegible] બારીક ચૂર્ણ કરવું. એ ચૂર્ણમાં [illegible] [illegible] કોલસાના અંગારા ભરી તેના ઉપર [illegible] [illegible] અરશનાં દરદ નિર્મૂળ થઈ [illegible] [illegible] આ પ્રમાણે તમામ [illegible] [illegible] અને [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સ્ત્રીઓની શોભા

લેખિકા—શ્રી. પાર્વતીબહેન પુરુષોત્તમદાસ [illegible]

[illegible] અલંકારે પહેર્યું [illegible] પોતાના અંગ ઉપરાંત પોતાના પતિ [illegible]માં આવી જાય છે; પરંતુ [illegible] અને શિયળરૂપી અલંકારોમાં [illegible] નથી. [illegible] પોતાનાં નામ અમર કરી ગઇ છે. [illegible] શિયળરૂપી આભૂષણમાટે [illegible] સુધી પોતાનું નામ અમર કરી ગઇ છે.

પતિને બોજારૂપ ન થઇ પડતાં આપણાથી બને તેટલી તેમના કાર્યમાં મદદ કરવી. તે-ઓના મનને આનંદમાં રાખવું. વ્યાવહારિક જંજાળની વાતો કરી તેમના મગજને અશાંત કરવું નહિ. પતિ કામથી પરવારી ઘેર આવે ત્યારે તેમને કેવી રીતે આનંદ આપવો તેનો વિચાર કરવો. પતિ પાસેથી જ્ઞાન લેતાં શીખવું. ઘણી બહેનોને એવી ટેવ પડી હોય છે કે પારકાની નિંદા અને કુથલીમાંજ પોતાનો અમૂલ્ય વખત ગાળે છે; પરંતુ વખત અમૂલ્ય છે. કરોડ રુપિયા આપતાં પણ ગયેલો વખત ફરી મળતો નથી, તેનું તેમને બિલકુલ ભાન હોતું નથી. ડાહ્યા માણસો કરોડ રુપિયા ગુમાવવા કરતાં એક પણ સેકંડ જવા દેવામાં વધારે નુકસાની સમજે છે. પહેલાંના વખતમાં સ્ત્રીઓ પોતાના પતિને મિત્રની ગરજ સારતી; પરંતુ હાલ તો બોજારૂપ થઇ પડી છે.

બહેનો ! આ એક વાત ઘણી ધ્યાનમાં રાખવા જેવી છે. બાળકને બાળપણમાં સારી કેળ-વણી નહિ મળવાથી જોઇએ તેવાં સદ્ગુણી બની શકતાં નથી. પોતાની આવક કરતાં ખર્ચ ઓછો રાખવો. કરકસર કરવી, પણ કંજુસાઇ કરવી નહિ. જેટલો વખત લેખે કાઢ્યો હોય તેટલો આપણને લાભ છે; પણ વખત નકામો કાઢ્યો હોય તો તેટલું નુકસાન થયું સમજવું.

જેટલી શોભા આપણે શરીરની વધારવા મથીએ છીએ એથી કરોડગણી શોભા આત્માની વધારવા મહેનત કરવી. હાડ, માંસ અને રુધિરથી ભરેલા આ દેહને શણગારી શું લાભ કાઢવો છે! આપણા મનની અંદર ભૂતપ્રેત જેવા ભ્રમ, દોરા, ચિઠ્ઠી, બાધા જેવા અનેક જાતના વહેમ ઘર કરી બેઠા છે, તેને જ્ઞાનરૂપી પાણી સિંચી મગજમાંથી ભ્રમરૂપી કચરો કાઢી નાખવો. ઘણી સ્ત્રીઓ તો વળી પોતાના પતિથી ખાનગી રીતે બાધાઓ રાખે છે, દોરાચિઠ્ઠી કરાવે છે. આવી અજ્ઞાન-તાને લીધે ઢોંગી ધુતારા ફાવી જાય છે. જેટલે અંશે અજ્ઞાનતા વધારે તેટલે અંશે બાહ્ય વસ્તુઓથી શરીર શોભાવવાનો શોખ વધારે હોય છે. ખરી શોભા તો સદ્વર્તનમાં રહેલી છે.

મંત્રશાસ્ત્રની આલોચના+

(લેખકઃ-ગિરિજાપ્રસાદ ભોળાનાથ ભટ્ટ-'સાહિત્ય' માસિકના એક અંકમાંથી સાભાર

આજકાલ અંગ્રેજી ભણેલા કેટલાએ ભારતવાસીઓને માંત્રિક વિષયો ઉપર શ્રદ્ધા નથી. તેઓ ઉપેક્ષાની દૃષ્ટિએ જુએ છે. કેટલોક આસ્તિક અને ભાવિક વર્ગ તે ઉપર વિશ્વાસ અવશ્ય છે, કિંતુ તદ્વિષયક સાધારણ સિદ્ધાંતોને પણ તે સમજી લેવાની પરવા કરતા નથી. આ વર્ગના લોકોને કોઈવાર કોઇ માયાવી અગર ધૂર્તની જાળમાં ફસી પડવાનો પ્રસંગ આવી પડે આવે સમયે મંત્રતંત્રના વિરોધીઓને કુત્સિક ટીકાટિપ્પણી કરવાનો અનાયાસે અવસર મળે છે. આનું પરિણામ એ આવે છે કે, શ્રદ્ધાળુ વર્ગને પણ તંત્રમંત્ર ઉપર અશ્રદ્ધા સ્વાભાવિક ઉત્પન્ન થાય છે.

મંત્રશાસ્ત્રનો વિષય ગહન અને જટિલ છે. તેને સમજવો એ સાધારણ વાત નથી. તેના ધમાં એટલેસુધી લખ્યું છે કે, **एतद्गोप्यं महागोप्यं न देयं यस्य कस्यचित्।** તથાપિ વિષયનું શાસ્ત્રમાં જે વિવેચન કરેલું છે તે અત્યંત સુંદર, બુદ્ધિપુરઃસર અને મનનીય છે: માટે આ લેખદ્વારા શાસ્ત્રસંમત વિચારોને પ્રકટ કરવા એ ઇષ્ટ ગણ્યું છે.

ભારતીય વાઙ્મયમાં મંત્રવિદ્યાનું આસન સર્વ વિદ્યાઓ કરતાં ઉંચું છે. વૈદિક જૈન સાહિત્ય અને બૌદ્ધ સાહિત્યમાં આ વિષય ઉપર સ્વતંત્ર ચર્ચા કરવામાં આવેલી છે. જેમ કાવ્ય, કોષ, અલંકાર, વ્યાકરણ, ન્યાય અને છંદ આદિ વિષયોમાટે સ્વતંત્ર અલગ ગ્રંથ રચાયેલા છે, તેવી રીતે મંત્રવિદ્યાના સેંકડો સ્વતંત્ર ગ્રંથો છે. જૈન સાહિત્યમાં નમસ્કારમંત્ર પ્રતિષ્ઠા કલ્પ, ચક્રેશ્વરી કલ્પ, જ્વાલામાલિની કલ્પ, પદ્માવતી કલ્પ, સૂરિમંત્ર કલ્પ, વાગ્વાદિની શ્રીવિદ્યા કલ્પ, વર્દ્ધમાન વિદ્યા કલ્પ, રોગાપહારિણી કલ્પ આદિ અનેક કલ્પગ્રંથ વિદ્યમાન છે. તેવી રીતે બૌદ્ધસાહિત્યમાં તારા કલ્પ, વસુધારા કલ્પ, ઘંટાકર્ણ કલ્પ આદિ અનેક છે. વૈદિક સાહિત્યમાં આ શાસ્ત્રનો અલગ ભંડારજ છે; તેમાં કાત્યાયની, નિર્વાણ, કુલાર્ણવ અનેક અપરિમિત તંત્રગ્રંથ છે. ઉપર નિર્દિષ્ટ કરેલા ગ્રંથોમાં કેટલાક છપાઇ ગયા છે;પરંતુ યના અધિકાંશ મહત્ત્વપૂર્ણ ગ્રંથ હજુ અપ્રકાશિત રહી ગયા છે અને દિનપ્રતિદિન દુર્લભ થતા છે. આ ત્રણે સાહિત્યોના મંત્રશાસ્ત્રસંબંધી ગ્રંથોની નામાવલિમાત્રથી એટલું જણાઇ આવે છે કોઇએક સમયે આ વિષયની ભારતમાં મહાન ઉન્નતિ થયેલી હોવી જોઇએ.

કલ્પગ્રંથ—જેમાં મંત્રવિધાન, યંત્રવિધાન, મંત્રયંત્રોદ્ધાર, બલિદાન, દીપદાન, હવન, પૂજન, વિસર્જન અને સાધન આદિ વિષયોનું વર્ણન કરેલું હોય તે ગ્રંથને કલ્પગ્રંથ કહે

તંત્રગ્રંથ—જેમાં ગુરુશિષ્યસંવાદરૂપે તથા શિવપાર્વતીસંવાદરૂપે મંત્ર, તંત્ર અને ઔ વલ્લી આદિ દ્રવ્યોનું વર્ણન હોય તેને તંત્રગ્રંથ કહે છે.

પટલગ્રંથ—કોઇ એક દેવતાને આરાધ્યમાન કરી તે દેવતા સાથે સંબંધ રાખનારી યંત્ર આદિ સાધનવિધિઓ જેમાં લખી હોય, માંત્રિક ભૂમિકાઓનું વર્ણન પણ હોય તથા કામ્ય કર્મોમાં નિષ્ણાત થવાના સર્વ વિષયોનું વર્ણન હોય, તેને પટલગ્રંથ કહે છે.

પદ્ધતિગ્રંથ—જે ગ્રંથોમાં અનેક દેવદેવીઓની સાધનાના પ્રકાર બતાવ્યા હોય તેને પદ્ધતિગ્રંથ

બીજકોશ—મંત્રોના પારિભાષિક શબ્દો સમજવાની તથા એક એક અક્ષર અને અનેક વ્યાખ્યાઓ જે ગ્રંથોમાં લખેલી હોય, તેને મંત્રકોશ યા બીજકોશ કહે છે.

આ પ્રકારે કલ્પ, તંત્ર, પટલ, પદ્ધતિ અને બીજકોશ વગેરે ગ્રંથોમાં મંત્રશાસ્ત્રનું વિભક્ત છે અને તેનો આ ક્રમ વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણે પ્રકારના સાહિત્યમાં વિદ્યમાન

મંત્રસાધન કયા માર્ગદ્વારા કરવું જોઇએ-અર્થાત્ કયા માર્ગદ્વારા મંત્ર સિદ્ધ થાય એ પહેલું જાણવું જોઇએ. આ સંબંધમાં મંત્રશાસ્ત્રમાં ત્રણ માર્ગોનો ઉલ્લેખ કરાયેલો છે, દક્ષિણ, વામ અને મિશ્ર કહે છે. સાત્વિક દેવતાની સાત્વિક ઉપાસના સાત્વિક મંત્ર અને સામગ્રીદ્વારા કરવાનો જે માર્ગ છે, તેને દક્ષિણ યા સાત્વિક માર્ગ કહે છે. મદિરા, માંસ, મૈથુન અને મદિરા આદિ પાંચ વસ્તુઓથી યુક્ત ભૈરવભૈરવી આદિ તામસ પ્રકૃતિના

+ શ્રી. આનંદઘનાચાર્યના એક લેખને આધારે

ના સાધના અને ઉપાસના જે આચારદ્વારા કરાય છે, તેને [illegible]
માર્ગમાં મીન, માંસ, મદિરા આદિ પદાર્થોને પ્રકટરૂપે ન [illegible]
ની સાધના કરવામાં આવે છે, તેને મિશ્ર માર્ગ કહે છે; પરંતુ [illegible]
એજ માર્ગો છે. વામમાર્ગ પ્રાય: તંત્રશાસ્ત્રનો વિષય છે. [illegible]
વામમાર્ગી કેવળ ભૈરવ અને કાલિ આદિ દેવી-દેવતાઓના ઉપાસક હોય છે. [illegible]
ક, મુગ્ધશમ્પાદુકા, શ્રીચક્ર તથા ભૈરવીચક્રની તેઓ પૂજા કરે છે; પરંતુ મંત્રશાસ્ત્ર [illegible]
એટલું કહેવું આવશ્યક છે કે, વામમાર્ગનો પ્રભાવ મિશ્રમાર્ગ ઉપર તો પડ્યો છે; [illegible]
ણ દક્ષિણમાર્ગ ઉપર પણ તેનો થોડો ઘણો પ્રભાવ અવશ્ય પડેલો છે. આથી દક્ષિણમાર્ગ-
વાળા પણ તામસ પ્રકૃતિવાળા દેવતાઓની આરાધના કરતા આવ્યા છે. [illegible] આત્મશક્તિ
એજ મોટી શક્તિ છે. આથી આત્મતત્ત્વ ઉપર વિશ્વાસ રાખી, તેનો પ્રભાવ [illegible]
કરનાર દક્ષિણમાર્ગનો પણ સાધક સાધક કહેવાય છે. આથી તે પોતાને [illegible]
સંકોચ નથી કરતો; પરંતુ વામમાર્ગી તથા કૌલ પોતાને વામમાર્ગી તથા કૌલ કહેવડાવવામાં અચ-
કાય છે. દક્ષિણમાર્ગ સાત્વિક હોવાને લીધે પ્રકટ માર્ગ છે, ત્યારે વામમાર્ગ અસાત્વિક હોવાને
લીધે ગુપ્ત માર્ગ છે. ' गोपनीयं ! गोपनीयं ! गोपनीयं प्रयत्नतः' ની શિક્ષા તે પ્રમાણીજ આપે
છે. તંત્રગ્રંથમાં એમ પણ લખેલું છે કે, 'सर्वे शाक्ता द्विजाः प्रोक्ता न च शैवा न च वैष्णवाः'
અતએવ એ વાત પ્રમાણસિદ્ધ છે કે, તંત્રશાસ્ત્ર પ્રાય: વામમાર્ગને પુષ્ટ કરવાવાળો ગ્રંથ છે.
ગમે તેમ હોય, પરંતુ વામમાર્ગનું બળ અધિક વધી પડવાથી સાત્વિક મંત્રો અને સાત્વિક દેવ-
તાઓનું સિદ્ધ થવું દુ:સાધ્ય થયું અને તેથી કેટલાકનો સ્વયં મંત્રશાસ્ત્રમાંથી વિશ્વાસ ઉઠી ગયો.

મંત્રશાસ્ત્રમાં કેરલ, કાશ્મીર અને ગૌડ નામક ત્રણ સંપ્રદાયો પ્રચલિત છે. વૈદિક ધર્માવલંબી
માંત્રિકોમાં પ્રાય: કેરલ સંપ્રદાય છે, બૌદ્ધોમાં ગૌડ અને જૈનોમાં કાશ્મીર સંપ્રદાય છે. કાશ્મીર-
સંપ્રદાયી સરસ્વતી વગેરે સાત્વિક દેવતાઓના ઉપાસક અને દક્ષિણમાર્ગી હોય છે. ગૌડસંપ્રદાયી
તારા તથા કાલિ આદિ તામસ પ્રકૃતિ દેવતાઓના ઉપાસક અને વામમાર્ગી હોય છે. કેરલ સંપ્ર-
દાયી મિશ્રમાર્ગી હોય છે; તેમાં પ્રકટરૂપે દક્ષિણ અને ગુપ્તરૂપે વામમાર્ગનું અવલંબન કરાયેલું
હોય છે. આ સંપ્રદાયના સાધક મહાલક્ષ્મી આદિ રજસ્ પ્રકૃતિના દેવતાઓના ઉપાસક હોય છે.
સંપ્રદાયના સંબંધમાં લખ્યું છે કે,

संसार सारभूतत्वात् प्रकाशानन्ददानतः ।
यशः सौभाग्यकरणात् संप्रदाय इतीरितः ॥ (કુલાર્ણવ)
गुरुहीनात् क्रमस्त्यागात् संप्रदायवियोगतः ।
दारिद्र्यं प्रथमं भूयात्तत्र कार्या विचारणा ॥ (શક્તિસંગમ)

આ બંને શ્લોકો અત્યંત વિચારણીય છે. કોઈ પણ સંપ્રદાયની દીક્ષા લીધાવગર મંત્ર સિદ્ધ
થતો નથી; એટલા માટે સંપ્રદાયનું અવલંબન કરવું, એ સાધનને માટે પરમાવશ્યક છે.

વેદાગમ, બૌદ્ધાગમ અને જૈનાગમ આ પ્રકારે મંત્ર શાસ્ત્રમાં ત્રણ આગમ છે. જૈનાગમ
દક્ષિણ માર્ગાવલંબી અને કાશ્મીર સંપ્રદાયમાં પ્રધાન છે. બૌદ્ધાગમ વામમાર્ગાવલંબી અને ગૌડ સંપ્ર-
દાયમાં પ્રધાન છે તથા વેદાગમ મિશ્રમાર્ગાવલંબી અને કેરલ સંપ્રદાયમાં પ્રધાનછે.વૈદિક મતાવલંબીમાંત્રિક
વર્ગ વેદાગમને શૈવાગમ પણ કહે છે. આનું કારણ એ બતાવાય છે કે,મંત્રશાસ્ત્રની ઉત્પત્તિ શિવજીથી
થયેલી છે. આ માટે તંત્રશાસ્ત્રમાં શિવપાર્વતીના સંવાદરૂપે મંત્ર-યંત્ર-તંત્રોનું વર્ણન કરાયેલું છે.

મંત્રશાસ્ત્રના સંપ્રદાયોને 'ચક્રપૂજા પણ માન્ય છે. જૈનોના કાશ્મીર સંપ્રદાયમાં ' સિદ્ધચક્ર'ની
(નવપદ મંડલ ચક્રની) સાત્વિક પૂજાનું વર્ણન છે. કેરલ સંપ્રદાયમાં ' શ્રીચક્ર' ની પૂજાની
વિધિ છે. ગૌડ સંપ્રદાયમાં 'ભૈરવીચક્ર' નો ઉલ્લેખ કરેલો છે. 'ભૈરવીચક્ર' નું પૂજન કરનારાઓનો
એ સિદ્ધાંત છે, કે ' प्राप्ते भैरवी चक्रे सर्वे वर्णा द्विजोत्तमा।' ચક્રપૂજાની કલ્પના બ્રહ્માંડપૂજા યા
વિશ્વપૂજા, વિશ્વપ્રેમ અને વિશ્વસેવા ધર્મસૂચક છે.

મંત્રદીક્ષા—ગુરુસમીપ યથાવિધિ મંત્રોપદેશ લેવો તેને દીક્ષા કહે છે. જે સંપ્રદાયની વિધિ
અનુસાર મંત્રદીક્ષા લીધી હોય, તે સંપ્રદાયના પ્રકારથી સાધના કરવાથી મંત્ર સિદ્ધ થાય છે;
અર્થાત્ મંત્રદીક્ષા શિષ્યની યોગ્યતા સૂચિત કરે છે.

મંત્રપીઠક—મંત્રશાસ્ત્રમાં ચાર પીઠિકાઓનું વર્ણન છે. પીઠિકાઓનાં [illegible] [illegible] શ્મશાનપીઠ, શવપીઠ, અરણ્યપીઠ અને શ્યામા પીઠ. એ ક્રમશઃ [illegible] [illegible] રાત્રે શ્મશાનભૂમિમાં જઈ યથાશક્તિ વિધિથી મંત્રનો જપ કરે, એ પીઠ [illegible] દિવસે [illegible] પ્રયોગ હોય. તેરસ [illegible] મંત્રની સાધના [illegible] કહ્યું છે કે, શ્રીકૃષ્ણ વાસુદેવના અનુજ્ઞાત ગજસુકુમાર મુનિએ [illegible] [illegible] કરતાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધિ અને મુક્તિ મેળવી [illegible]

[illegible] ઉપર બેસી અથવા તેમાં પ્રવેશ કરી મંત્રાનુષ્ઠાન કરવું [illegible] પ્રધાન પીઠિકા છે. કર્ણ-પિશાચિની, [illegible] સાધના તથા અઘોર પંથીની સાધનાઓ [illegible]

[illegible] સંચાર ન હોય, સિંહ, [illegible] નિર્જન વનસ્થાનમાં [illegible] અને નિર્વાણ [illegible] [illegible]

[illegible]

સિદ્ધ વિદ્વાન હેમચંદ્રાચાર્યે લખ્યું છેઃ—

सम्मंत्रागमरहस्याभीणं स्मृतीयावचगोचरं ।
रहस्यालोचनं मन्त्रो रहस्यसमुपस्हरम् ॥ (श. क. ६१६)

મંત્ર સાધકની યોગ્યતાનુસાર સિદ્ધ થાય છે, તેથી માંત્રિક કથા કરે છે કે 'जपात्सिद्धिः
ત્સિદ્ધિઃ—જપનાજ જાઓ, અવશ્ય સિદ્ધિ મળશે.' મંત્રનું રહસ્ય બતાવવાને માટે એક મનો-
: દષ્ટાંત અહીં આપ્યું છે.

પ્રસિદ્ધ મીમાંસક માધવાચાર્ય ગૃહસ્થાશ્રમમા દરિદ્ર હતા, પણ પોતે મહાન વિદ્વાન હતા.
ણે વિચાર કર્યો કે, ગાયત્રીનું પુરશ્ચરણ કરી લક્ષ્મી પ્રાપ્ત કરવી જોઇએ. આ વિચાર થતાં
ણે ગાયત્રીના પુરશ્ચરણનો પ્રારંભ કરી દીધો. એક પુરશ્ચરણ પૂર્ણ થયું; પરંતુ લક્ષ્મી ન મળી.
ણે બીજા પુરશ્ચરણનો આરંભ કર્યો. આ વખતે પણ લક્ષ્મી ન મળી. હતાશ ન થતાં તેમણે
ાસ પુરશ્ચરણ કર્યાં, છતાં એ દરિદ્રતા ન ગઇ. અંતમાં સ્ત્રી, પુત્ર અને ઘરબાર છોડી
તરમાં જઇ તેમણે સંન્યાસ લીધો. તેજ રાત્રિએ લક્ષ્મી માધવ પાસે આવી કહેવા લાગી કે,
ર માગ!' માધવે કહ્યુંઃ—"તું કોણ છે?" લક્ષ્મીએ કહ્યુંઃ—"તું વર્ષોથી મને યાદ કરતો
. હવે હું આવી છું. હું લક્ષ્મી છું." માધવે કહ્યુંઃ—"હવે મને કાંઇ ન જોઇએ. જ્યાંથી આવી
ત્યાં ચાલી જા." લક્ષ્મીએ કહ્યુંઃ—"મારૂં દર્શન કદાપિ નિષ્ફળ ન જાય,માટે કંઈ માગી લે."
ધવે કહ્યુંઃ—"આટલા દિવસ ક્યા હતી?" લક્ષ્મીએ કહ્યુંઃ—"તમારાં પૂર્વકર્મ બહુ મલિન હતાં
ી તમારૂં મન પુરશ્ચરણ ઉપર પુરશ્ચરણ કરવા છતાં શુદ્ધ ન થયું; પરંતુ સંન્યાસ લેવાથી તે
વિત્ર થઇ ગયું અને તેથી હું આવી. તમારો મંત્ર હવે સિદ્ધ થયો."

આ દષ્ટાંતનો સાર એ છે કે, મનની શુદ્ધિ ઉપર મંત્રશાસ્ત્રનો આધાર છે. જ્યાંસુધી માધ-
ને દ્રવ્યની લાલસા હતી, ત્યાંસુધી બુદ્ધિ ઉપર પડદો પડેલો હતો; પરંતુ લાલસારૂપી પડદો
ટતાંજ મંત્ર સિદ્ધ થઇ ગયો. એટલા માટેજ કહ્યું છે કે, યદિ કોઇ કાર્ય કરવું હોય તો વાસના,
હિત થઈ કાર્યમાં તલ્લીન થવું જોઇએ, ત્યારેજ કાર્ય શીઘ્રતર સિદ્ધ થાય છે. મંત્રનો જપ તલ્લીન
ાથી કરવાથી મંત્ર સિદ્ધ થાય છે; પરંતુ મંત્ર સાધતાં સાધનીય કાર્ય તરફ લક્ષ આપતાં મંત્રમાં
લ્લીનતા રાખી શકાતી નથી અને એકાગ્રતાવગર મંત્ર સિદ્ધ થઇ શકતો નથી. આ મંત્રશાસ્ત્રનું
હસ્ય છે. વાસનારહિત બની તલ્લીનતા—એકાગ્રતા પ્રાપ્ત કરવી એ સહજ વાત નથી. તે મહાન
જટિલ પ્રશ્ન છે.

હવે યંત્રસાધનની વાત લઇએ. અષ્ટગંધ, સુરભીદ્રવ્ય આદિની શાહી બનાવી ભોજપત્ર, કાગળ
યા સુવર્ણ, રજત, તામ્ર આદિ ધાતુપત્ર ઉપર ષટ્દલ, અષ્ટદલ, શતદલ, સહસ્રદલ તથા ત્રિકોણ,
ચતુષ્કોણ યા વર્તુળ રેખાઓની અંદર અક્ષર યા અંકો લખવા અને તેનું યથાવિધિ પૂજન કરી
સાધના કરવી, તેને 'યંત્રસાધના' કહે છે. સિદ્ધચક્ર યંત્ર, શ્રીચક્ર યંત્ર, ભૈરવીચક્ર યંત્ર, ઋષિમંડલ
યંત્ર, વિજય યંત્ર આદિ હજારો યંત્ર છે. કોઇ કોઇ જગ્યાએ મંત્ર અને યંત્ર બે સાથે કરવાં પડે
છે. યંત્રવિદ્યા એ મંત્રશાસ્ત્રનું એક અંગ છે. વર્ણો યા અંકોને એકાગ્રતાપૂર્વક લખવા, તે આ
સાધનાની મુખ્ય ક્રિયા છે.

ઔષધિદ્રવ્યોદ્વારા કાર્ય સિદ્ધ કરવું તેને તંત્રસાધના કહે છે. કેટલાંક તંત્રોમા ઔષધિ
દ્રવ્યોના મિશ્રણની સાથે મંત્રયંત્રનો પણ ઉપયોગ થાય છે. જડ અને ચેતનશક્તિના સંયોગદ્વારા
કાર્યસાધના કરવી તે તંત્રસાધનાનો વિષય છે. મંત્ર, યંત્ર તથા તંત્રનો એકબીજાની સાથે
સર્વત્ર ઉપયોગ થાય છે, તેથી તંત્રસાધન પણ મંત્રશાસ્ત્રનું એક અંગ છે.

મંત્ર, યંત્ર અને તંત્રથી શું શું કામ થાય છે, તેને માટે માંત્રિકોએ કામ્યકર્મોના પ્રયોગોનું
એક વર્ગીકરણ કર્યું છે. તે નીચે પ્રમાણે છેઃ—

स्तम्भनं मोहमुच्चाटं वश्याकर्षणजृम्भणम् ।
विद्वेषणं मारणं च शान्तिकं पौष्टिकं तथा ॥
विद्या प्रवाद पूर्वस्य तृतीय प्राभृतादयम् ।
षट्कृत कर्मप्रपाताय धीवैर क्षमामि मारिणि ॥ (मंत्र द्वात्रिंशिका)

અર્થાત્–સ્તંભન, મોહન, ઉચ્ચાટન, વશ્યાકર્ષણ, જૃમ્ભણ, વિદ્વેષણ, મારણ, શાંતિક [illegible] પૌષ્ટિક, આ પ્રકારે નવ પ્રકારના મંત્રપ્રયોગો કહેલા છે. કોઈ કોઇના મત પ્રમાણે શાંતાનિક એ [illegible] પ્રયોગ મનાય છે.

જે મંત્ર, યંત્ર અગર તંત્ર કરવાથી ચોર, સર્પ, શ્વાપદ અને પરચક્ર (શત્રુસેના) [illegible] આક્રમણભય મટી જાય અને તે જ્યાં ને ત્યાં અટકી જાય, તેને ' સ્તંભનપ્રયોગ ' કહે છે. [illegible] પ્રયોગ કરવાથી સાધક કોઇને પણ પોતાને વશીભૂત કરી લે તેને 'મોહનપ્રયોગ' કહે છે. [illegible] મોહન, સભામોહન અને સ્ત્રીપુરુષમોહન, એમ મોહનપ્રયોગના ત્રણ પ્રકાર છે. આ [illegible] સાધનાઓ પણ પૃથક્ પૃથક્ છે. જે પ્રયોગ કરવાથી વિદ્વેષી રોગાક્રાંત બની જાય અને [illegible] પદભ્રષ્ટ બની જાય, તેને ઉચ્ચાટનપ્રયોગ કહે છે. જે પ્રયોગ કરવાથી ઇચ્છિત પદાર્થ [illegible] પાસે સ્વયં ચાલ્યો આવે, કદાચ ચેતન પ્રાણી હોય તો તેનું વિપરીત મન પણ અનુકૂળ બની [illegible] કને શરણે જાય, તેને વશ્યાકર્ષણ પ્રયોગ કહે છે.

જે પ્રયોગ કરવાથી શત્રુ આદિ સાધકથી ડરવા માંડે, ભયભીત બની જાય, દબાઇ [illegible] કાંપવા લાગે તેને જૃમ્ભણ પ્રયોગ કહે છે. જે પ્રયોગબળથી દેશ, કુટુંબ જાતિ યા સમા[illegible] પરસ્પર વિદ્વેષ, ફુટ, કલહ થવા લાગે, તેને વિદ્વેષણ કહે છે. આતતાયી અને અન્યાયી આદિને [illegible] શક્તિપૂર્વક મંત્રપ્રયોગદ્વારા સાધક પ્રાણદંડ આપી શકે, તે પ્રયોગને મારણ પ્રયોગ કહેવાય છે.

જે પ્રયોગ કરવાથી મહામારી, રાજભય પરચક્રભય આદિ રોગ અને વિપ્લવોની શાંતિ [illegible] તેને શાંતિક પ્રયોગ કહે છે. વૈદક શાસ્ત્રમાં પણ લખ્યું છે કે ' **सिद्ध वैद्यस्तु मान्त्रिकः**' અર્થાત્ ઔષધવગર મંત્રપ્રયોગથી જે રોગની શાંતિ કરે તે ચારે પ્રકારના વૈદ્યોમાં શ્રેષ્ઠ અને સિદ્ધ વૈદ્ય કહેવાય છે.

જે પ્રયોગ કરવાથી ઐશ્વર્ય વધે, સુખપ્રાપ્તિ થાય, દેવ–દર્શન થાય, શુભાશુભ [illegible] પ્રતીત થાય, સર્વ કામનાઓ સિદ્ધ થાય, તેને પૌષ્ટિક પ્રયોગ કહે છે.

કેટલાકના મત પ્રમાણે દશમો શાંતાનિક પ્રયોગ ગણવામાં આવે છે. જે પ્રયોગથી [illegible] પુત્રલાભ થાય, વંશની વૃદ્ધિ થાય તેને શાંતાનિક પ્રયોગ કહે છે. મૃતવત્સા રોગ આદિનો [illegible] આ પ્રયોગમાં છે.

આ વર્ગીકરણમાં દશ પ્રયોગો બતાવ્યા છે; પણ કેટલાક તાંત્રિક–સંપ્રદાયી કેવળ ૭ [illegible] જ માને છે અને ઉપર્યુક્ત દશે પ્રયોગોનો ૭ પ્રયોગોમાં અંતર્ભાવ કરી લે છે.

પહેલાં ભારતમાં આ વિદ્યાનો અધિક પ્રચાર હતો; પરંતુ જ્યારથી દેશમાં માનસિક દુર્[illegible] વધતી ચાલી, ત્યારથી આ વિદ્યા પણ કમી થતી ગઇ.

મંત્રવિદ્યા જેવી ઉપયોગી વિદ્યાના પૂર્ણજ્ઞાતા આજ દૃષ્ટિગત કેમ નથી થતા ? [illegible] સંપ્રદાયોમાં જેટલા સંપ્રદાય છે, તે સર્વમાં ધર્મગુરુદ્વારા મંત્રદીક્ષા લેવાનો પ્રચાર [illegible] પ્રચલિત છે; તથાપિ તે ધર્મગુરુઓમાં અગર તેમના આપેલા મંત્રોમાં ' **कर्तुमकर्तुमन्यथा** નું સામર્થ્ય કેમ નથી ? મંત્રદાતા ગુરુ અને મંત્રદીક્ષા લેનાર શિષ્ય કેવા જોઇએ ? સાધના [illegible] પ્રકારની જોઇએ ? આદિ સર્વ સમજવાથી ઉપર્યુક્ત પ્રશ્નોનું સમાધાન સ્વયં થઇ જાય છે.

મંત્રદાતા ગુરુ અને દીક્ષા લેનાર શિષ્ય કેવા હોવા જોઇએ, તે સંબંધમાં મંત્રશાસ્ત્ર કહે છે

पूर्वमात्महितं ज्ञात्वा सूरिणः गुणशूरिणः ।
शिष्यस्याऽपि हितं चिन्त्यं दातु कामे न काञ्चनम् ॥ (भद्रगुप्ताचार्य)

અર્થાત્ ગુરુએ પોતાનું તેમજ શિષ્યનું હિત વિચારી નિઃસ્પૃહભાવે મંત્રદાન કરવું, કાંચન આદિના લોભે કરી ન કરવું.

મંત્રાધિકારી માટે લખ્યું છે:—

दक्षो जितेन्द्रियो धीमान् कोपानल जलोपमः ।
सत्यवादी विलोभश्च मायामद विवर्जितः ॥
मानत्यागी दयायुक्तः परनारी सहोदरः ।
जितेन्द्र गुरुभक्तश्च मन्त्रग्राही भवेन्नरः ॥ (भद्रगुप्ताचार्य)

અર્થાત્ મંત્ર, [illegible], [illegible], [illegible], [illegible], [illegible] વગેરે [illegible] ના [illegible] જેમાંનાથી [illegible], [illegible], [illegible], [illegible] અને [illegible] છે [illegible] ની [illegible] છે. આ પ્રકારે [illegible] કેટલીએ [illegible] [illegible] છે [illegible] ઉત્પત્તિ કહી રહી છે.

મંત્રગ્રંથના કર્તા માંત્રિકોએ આ શાસ્ત્રની ઉત્પત્તિ [illegible] કરી છે, [illegible] [illegible] છે. ધર્મગ્રંથોના કર્તા માંત્રિકોએ એની ઉત્પત્તિ 'પૂર્વપક્ષે' થી કરી છે, કેમ [illegible] છે; [illegible] [illegible] ના અધિકારીઓ [illegible] ત્યાગી જનોને [illegible] છે. [illegible] મંત્રવિજ્ઞાન [illegible] [illegible] છે તેના સંબંધમાં અનેક મત છે. કેટલાક તેને [illegible] [illegible] [illegible] માને છે, તો કેટલાક તેને અનાદિ કહે છે, કેટલાક અવિચ્છિન્ન કહે છે, તો કેટલાક તેને [illegible] [illegible] છે. આ રીતે મંત્રશાસ્ત્રની ઉત્પત્તિવિષે અનેક મત છે; [illegible] એકનો નિર્વિવાદ સિદ્ધ છે કે, [illegible] ઉન્નતિના પૂર્ણ વિકાસસમયે આ વિદ્યા પ્રચલિત હતી. [illegible] [illegible] [illegible] [illegible] પહોંચ્યા. અંતમાં તેનાં અનેક રૂપાંતર થયાં અને આજે તે ભિન્ન ભિન્ન દશામાં [illegible] અવશેષ રહી ગઇ છે.

આજકાલ માંત્રિક કહેવડાવનારાઓ મંત્રાધિષ્ઠાયક દેવતાના નામ જાણી પૂજન-સ્તુતિ-ભક્તિ કરે છે અને દેવતાઓને પ્રસન્ન કરવા માટે છે; પરંતુ ત્યાગીવર્ગ આ પ્રમાણે નહોતો કરતો. ત્યાગી મંત્રાક્ષરોનો જપ અવશ્ય કરતા હતા, પરંતુ મંત્રાક્ષરોના સર્વ વર્ણોનો સંયોગ-વિયોગ સન્નિધાન કરી તે મંત્રસ્વરૂપ બની જતા અને તેથી તેમની તપશ્ચર્યા અને એકાગ્રતાથી આત્મિક સ્વરૂપ પ્રગટ થવાને લીધે-મંત્રાધિષ્ઠાયક દેવતા સ્વયં આવી તેમની સેવાભક્તિ કરવા સામી જતા અને તેમનેજ આધીન રહેતા. જે કાર્યમાં તેમની ઇચ્છા જણાતી તે કાર્ય તેમના કહ્યા વગર દેવતાઓ સ્વયં કરી નાખતા. આ બાબત બહુ ઉચ્ચ કોટિની છે. આવા મહાત્માઓને માટે લખ્યું છે કે, 'देवाऽपि तं नमस्यन्ति यस्य धर्मसहायकः' આ પ્રકારે તંત્રોમાં પણ લખ્યું છે કે:-

देवाधीनं जगत्सर्वं मन्त्राधीनाश्च देवताः ।
ते मन्त्राः ब्राह्मणाधीनाः तस्मात् ब्राह्मणदेवताः ॥

તેની મતલબ એ છે કે, મંત્રને આધીન મંત્રાધિષ્ઠાયક દેવતા છે અને તે મંત્ર બ્રહ્મતાની (આત્મતાની) મહાપુરુષોને આધીન છે, તેથી આત્મતાની મહાપુરુષ સ્વયમેવ સાક્ષાત્ દેવસ્વરૂપ છે. તેને અન્ય દેવતાઓની ઉપાસના કરવાની કંઈ જરૂર રહેતી નથી. કેટલાએક બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલાઓ શ્લોકનો આશય સમજ્યાવગર એમ કહેવા મંડી પડે છે કે, અમે બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા છીએ, માટે અમે સર્વ બ્રાહ્મણ દેવતા છીએ; પણ આ પ્રમાણે કહેવાથી કંઇ તેઓ દેવતાઓ થઇ શકતા નથી. વળી ઉપલા શ્લોકમાં જે બ્રાહ્મણ શબ્દ છે તે જાતિવિશેષ નહિ, પણ ગુણવિશેષ છે. જે અધ્યાત્મવિદ્યાનો જ્ઞાતા હોય તેજ મંત્ર સિદ્ધ કરી શકે છે. કાશ્મીર સંપ્રદાયી માંત્રિક સરસ્વતીના ઉપાસક હોય છે. 'मुखे प्रसरणं यस्याः सा सरस्वती' એ સરસ્વતી શબ્દની વ્યુત્પત્તિ છે. અર્હન્મુખપદ્મમાં વાસ કરનારી, જગવદ્વાણીનું નામજ સરસ્વતી છે. તે સાત્વિક ઉપાસના છે. તે સિદ્ધિ અને મુક્તિદાતા છે. રાજસ અને તામસ ઉપાસના કરવાથી લૌકિક કાર્ય થઇ જાય, પણ પરલોકસિદ્ધિ નથી થતી; પરંતુ કલિકાલનો મહિમા અગમ અને અપાર છે. ભારતીય સંપ્રદાયોના આચાર્યોએ પણ મોહમાં ફસી આવી ઉપાસના કરવાનો પ્રારંભ કર્યો છે. સર્વસંગપરિત્યાગી સંન્યાસીઓ પણ માયાદેવીની ઉપાસના કરવા મંડયા છે. એક દિવસ એક ભારતપ્રસિદ્ધ મઠાધીશ આચાર્યને હું મળવા ગયો. તે સમયે તે અનેક બ્રાહ્મણો સાથે દેવપૂજન કરી રહ્યા હતા. હું ત્યાંજ બેસી ગયો. પૂજન સમાપ્ત થયા પછી તેમની સાથે બહુ જ્ઞાનગોષ્ઠિ થઈ. તેઓ અંગ્રેજી અને સંસ્કૃતના મહાન વિદ્વાન હતા. મેં પૂછ્યું:-" સ્વામીજી ! આપ સંન્યાસીઓના આચાર્ય છો. આપના શાસ્ત્રમાં સંન્યાસીઓમાટે કર્મ કરવાનો નિષેધ ગણાવેલો છે અને આપ ખુદ પૂજન આદિ કામ્યકર્મ કરી રહ્યા છો એમ કેમ ? " ઉત્તરમાં તેમણે કહ્યું કે, "આપનું કહેવું યથાર્થ છે. શાસ્ત્રની આજ્ઞા એવીજ છે, પણ મઠાધીશ આચાર્યમાટે એ પ્રમાણે કરવાની પરંપરાથી રીતિ છે અને તે રીતિ એક પ્રકારની રૂઢિ બની ગઇ છે. તેને જો અમે છોડી દઇએ, તો અમારા ભક્તો અમને નાસ્તિક કહે, એ ભયને લઇને અમારે આ કરવું પડે છે." પછી મેં તેમને

કંઇ કહ્યુંજ નહિ. આ ઘટનાને અહીં લખવાનું તાત્પર્ય એટલું છે કે, જ્યારે સંપ્રદાયના આચાર્યો પણ માનસિક દુર્બળતાને કારણે ગભરાઇ રૂઢિનું સન્માન કરી રહ્યા છે, ત્યારે મંત્ર સિદ્ધ ક્યાંથી થાય? જે અખંડ ધૈર્યવાન હોય, તેજ મંત્ર સિદ્ધ કરી શકે અને તેને સાચો આચાર્ય ગણી શકાય. આવા હાલ સર્વ સંપ્રદાયોના આચાર્યોના છે! જૈનાચાર્યો ઉપર પણ વામમાર્ગીઓનો થોડો ઘણો પ્રભાવ પડી ગયો છે. કેટલાએ ગચ્છોમાં જ્યારે નવીન આચાર્યનો પટ્ટાભિષેક થાય છે, ત્યારે શ્રીપૂજ્ય કોઇને કોઇ દેવસ્થાન ઉપર જઇ તેલ ચઢાવે છે. તપગચ્છના શ્રીપૂજ્ય મગરવાડા (ગુજરાત) જઇ મણિભદ્રની મૂર્તિને તેલ ચઢાવે છે. મંડોબરા ખતરગચ્છના શ્રીપૂજ્ય મંડોર (જોધપુર સ્ટેટ) જઇ ભૈરવને તેલ ચઢાવે છે. લાપસી વગેરે કરી પૂજારી વગેરેને પ્રસાદી જમાડે છે. તેવીજ રીતે ગુર્જરીય લુંકેગચ્છના શ્રીપૂજ્ય સોનારાય ભૈરવને તેલ અને પ્રસાદ ચઢાવે છે; પરંતુ આ પ્રમાણે કરવાની કોઇ જૈન શાસ્ત્રની આજ્ઞા નથી. આ પ્રથા આધુનિક છે, અજ્ઞાનસૂચક છે. મારા કહેવાનો ભાવાર્થ એ છે કે, ભારતીય જનતામાંથી મંત્રશાસ્ત્ર જાણનારા ઘટી ગયા છે અને ઐહિક કામનાઓનો અભિલાષી વર્ગ વૃદ્ધિ પામ્યો છે. માંત્રિક સ્વયં મંત્રસ્વરૂપ બની દેવતાઓને પોતાના આજ્ઞાકારી બનાવવાનું ભૂલી ગયા છે અને ખુદ પોતે આજ્ઞાકારી બની બેઠા છે.

ગુરુકુળ કાંગડીમાં રાજેન્દ્રબાબુએ અધ્યક્ષપદેથી આપેલા ભાષણમાંથી થોડાક ફકરા

('નવજીવન' તા-૨૭-૩-૨૭ ના અંકમાંથી)

"પાશ્ચાત્ય જ્ઞાનવિજ્ઞાનને તજો એમ મારૂં કહેવું નથી, પણ એ જ્ઞાનવિજ્ઞાનને લોકહિતકારી બનાવવાં અને તેને અનુકૂળ મનોવૃત્તિ રાખવી; પરંતુ જ્યાંસુધી આપણી ભોગ અને વિલાસની પ્રવૃત્તિ ઉચિત સીમામાં મર્યાદિત ન થાય, જ્યાંસુધી યમનિયમની કઠણ સાધનાથી આપણે ઇન્દ્રિયનિગ્રહ ન કરીએ, જ્યાંસુધી ત્યાગ અને સેવાથી આત્માને પુષ્ટ ન કરીએ ત્યાંસુધી જ્ઞાન અને વિજ્ઞાનને લોકહિતકર કરવાં અશક્ય છે. આપણાં ગુરુકુલો અને રાષ્ટ્રીય વિદ્યાલયોનો ઉદ્દેશ એ હોવો જોઇએ કે આવશ્યક જ્ઞાનવિજ્ઞાનની ચર્ચા અને સંપ્રદાયની સાથેસાથે આપણને આત્મનિગ્રહ, ત્યાગ અને સેવાની દીક્ષા આપે."

"ભારતની કોઇપણ સંસ્થા રાષ્ટ્રીય અથવા ભારતીય કહેવડાવવાને માટે અધિકાર ત્યારેજ રાખી શકે કે જો તે પોતાના વિદ્યાર્થીઓને ભારતવર્ષની વર્તમાન સ્થિતિનો, આવશ્યકતાઓનો, હીનતા અને દીનતાનો-દુઃખદારિદ્ર્યનો અનુભવ કરાવે;જે એ દુઃખદારિદ્ર્ય દૂર કરવાનો, દેશની દુર્બળતા દૂર કરવાનો, વિખરાયેલી શક્તિનો સંચય કરવાનો અને નવજીવન સંચાર કરવાનો માર્ગ બતાવે; અને તે માર્ગપર સંકલ્પ, સાહસ, દઢતા અને એકાગ્રતાની સાથે ચાલવાની યોગ્યતા વિદ્યાર્થીઓમાં ઉત્પન્ન કરે.........૧૯૨૧માં વસ્તીના ૯૦ ટકા માણસો ગામડામાં રહેનારા હતા, અને ૧૮૯૧થી ૧૯૨૧ સુધીમાં ગ્રામવાસી વસ્તીનું પ્રમાણ સેંકડે એક ટકો વધ્યું છે. જો આ ક્રમ જારી રહ્યો તો ભારતીય લોકોને નગરવાસી બની જવાને માટે ત્રણ હજાર વર્ષ જોઇએ. આ કારણે આપણે એ વસ્તુ સ્વીકારવી જોઇએ, ગ્રામ અને ગ્રામીણ જીવનજ ભારતવર્ષની સભ્યતાનો આધાર માનીને આપણે આપણી શિક્ષણશૈલી નિર્માણ કરવી જોઇએ."

"આજે મેટ્રિક્યુલેટો અને ગ્રેજ્યુએટોની વીસ-પચીસની મામુલી નોકરીમાટે સેંકડો અને હજારો અરજીઓ થતી આપણે જાણીએ છીએ. સરકારી શિક્ષાલયોમાં ભણવાથી નોકરી મળી શકે છે, એ દાવો તો મિથ્યા છે. સરકારી વિદ્યાલયોના, સરકારી શિક્ષણપદ્ધતિના મોટામાં મોટા અને કટ્ટામાં કટ્ટા પક્ષપાતીઓને હું પૂછું છું કે, શું તેઓ બતાવી શકે છે કે ત્યાં કેળવાયેલા બધા વિદ્યાર્થીઓને નોકરી મળીજ જાય છે અથવા તેમની રોટલીનો સવાલ ટળી જાય છે? જો તેમ ન હોય તો શા સારૂ આપણને પૂછવામાં આવે છે કે,રાષ્ટ્રીય શિક્ષાલયો-ગુરુકુલો સુદ્ધાં-ના વિદ્યાર્થીઓનું ભવિષ્યમાં શું થશે? બંને ઠેકાણે રોટીનો સવાલ સરખોજ મુશ્કેલ હોય તો લોકો રાષ્ટ્રીય વિદ્યાલયોને શા સારૂ નથી અપનાવતા? કારણ આમાંથી નીકળીને તો વિદ્યાર્થીઓને રાષ્ટ્રસેવા અને સમાજસેવાનો અવસર મળશે,જ્યારે સરકારી વિદ્યાલયોમાં રહીને તો સરકારી ચક્કી ચલાવવાની છે, સરકારને ગુલામીનું રાજ્ય કાયમ રાખવામાં મદદ કરવાની છે."

સાપ ઉતારવાનો ઘરગથ્થુ ઉપાય

('મોડર્ન રિવ્યુ' માંથી અનુવાદકઃ—ચુ. ધ. પટેલ)

સ્વામી વિવેકાનંદના શિષ્યોદ્વારા ચાલતા ' પ્રબુદ્ધ ભારત ' નામના માસિકમાં સાપ ઉતારવાનો સાદો ઉપાય નીચે પ્રમાણે આપવામાં આવ્યો છે. આશા છે કે, સુજ્ઞ માણસો તેનો ઉપયોગ કરી જનસમાજને આવા ઘરગથ્થુ ઉપાયોથી પરિચિત કરશે.

"હિંદુસ્તાનમાં સાપ કરડવાથી જેટલાં મરણ થતાં હશે તેટલાં મરણ બીજે ભાગ્યેજ થતાં હશે. આજકાલ સાપ, વિંછી ઇ૦ ઉતારવાની રામબાણ દવાઓ જાહેરખબરોદ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે; પણ આમાંની ઘણી દવાઓ નિરર્થક હોઈ ફક્ત પૈસા કમાવા માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે. બીજી મુશ્કેલી એ પણ છે કે, સારી દવાઓની જાહેર ખબર નિરક્ષર ગરીબ ગામડાની પ્રજાને પહોંચતી નથી; જ્યારે સાપ,વિંછી ઇ૦ નો ઉપદ્રવ ગામડાંઓમાં વધુ પ્રમાણમાં હોય છે. અમો પણ જે અહીંઆં લખીએ છીએ તે ગામડાંઓમાં નહિ પહોંચે, તોપણ અમારા ઉપાયો એટલા બધા સાદા અને ઘરગથ્થુ છે કે, સુજ્ઞ માણસો જીવદયાની ખાતર પણ આ ઉપાયોની અજમાયશ કરશે;અને જો આ ઉપાયો ફળીભૂત થાય તો તેનાથી જનસમાજને બને તેટલો પરિચિત કરશે."

" થોડા વખત પહેલાં અમારા આશ્રમમાં ખબર આવી કે, પાસેના એક ગામમાં કોઇને સાપ કરડ્યો છે. તુરતજ બે સ્વામીઓ તે ગામમાં ગયા અને નીચે પ્રમાણેનો ઉપાય અજમાવ્યો. સારા ભાગ્યે ત્યાંના માણસો જાણતા હતા કે, ડંખ ઉપરના ભાગને મજબૂત બાંધી લેવામાં આવે તો લોહીદ્વારા સાપનું ઝેર શરીરમાં પ્રસરી જશે નહિ; તેથી તેઓએ દરદીને જ્યાં સાપ કરડ્યો હતો, ત્યાંથી થોડે છેટે ઉપરના ભાગને મજબૂત બાંધી લીધો હતો, પણ આ ઉપાય લેવામાં બહુ ઢીલ થયેલી હોવાથી ઝેર આખા શરીરમાં વ્યાપી ગયેલું હતું અને સ્વામીઓ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે દરદી પૂરેપૂરી બેભાન સ્થિતિમાં હતો. તેઓએ તુરતજ તુલસીનાં પાંદડાનો અને કેળનો રસ કાઢ્યો. તુલસીનો રસ માથે, કપાળે, ગળે, છાતીએ, નાભિએ વગેરે જગ્યાએ ઘસવા માંડ્યો અને કેળનો રસ પાંચ દશ મિનિટે ચમચો, અડધો ચમચો પાવા માંડ્યો. છ–સાત કલાકના આ પ્રમાણેના સતત પ્રયાસ પછી દરદીને કંઇક ભાન આવવા માંડ્યું. આટલી બધી મોડી અસર થવાનું ઘણું કારણ તો એક છે કે, આ ઉપાયની અજમાયશ સાપ કરડ્યા પછી લગભગ આઠ કલાક પછી લેવામાં આવી હતી. લગભગ સવારમાં ૯ વાગે આ ઉપાયની શરૂઆત થઈ હતી. જ્યારે ધીમે ધીમે ભાન આવતું ગયું, ત્યારે વળી એક બીજા ઉપાયની અજમાયશ કરવામાં આવી. ડંખ ઉપર એક ચીરો કરવામાં આવ્યો અને પછી એક નાના મરઘાના બચ્ચાની ગુદા ઉપર પણ એના જેવો બીજો ચીરો કરવામાં આવ્યો. પછી મરઘાની ગુદાવાળો ચીરો પેલા ડંખના ચીરા સાથે જોડવામાં આવ્યો. આવી રીતે પાંચ મરઘાં સાપના ઝેરથી મરી ગયાં. છઠ્ઠું મરઘું જીવ્યું અને દરદીને પણ ભાન આવી ગયું. પછી ગુદાવાટે જળપ્રયોગથી (એનીમાથી)ઝાડો કરાવવામાં આવ્યો. દરદીને ધીમે ધીમે સારૂં થતું ગયું અને ૨૪ કલાકમાં તે પહેલાંના જેવો સાજો થઇ ગયો."

" ઉપર પ્રમાણેનો ઉપાય કેટલાકને મુંઝવણભરેલો લાગે અને વળી મરઘાનાં બચ્ચાંના ઉપયોગથી કેટલાક ડરી જઇ આ સાદા અને ઘરગથ્થુ ઉપાયનો ઉપયોગ ન કરે; પણ તેમને માટે અમો ભાર દઇને કહીએ છીએ કે, એકલા તુલસી અને કેળના રસના પ્રયોગથી સાપનું ઝેર પુરેપુરૂં નાબુદ થતું જોવામાં આવ્યું છે. મરઘાના પ્રયોગથી તો કદાચ જલદી ઝેર ઉતરી જાય એટલુંજ. સાથે સાથે બીજા સ્વામીઓએ સાપ ઉતારવાના બીજા ઘરગથ્થુ ઉપાયોની અજમાયશ કરી છે, તેની નોંધ લેવી ઠીક થઇ પડશે."

" તુલસીને બદલે કમળના મૂળનો (પદ્મ ગ્રંથિ) અથવા રાસ્નાનો અથવા કુંવારના પાઠાનો રસ અને કેળના રસને બદલે કપાસનાં પાંદડાનો રસ હોય તોપણ ચાલશે; પણ એક વસ્તુ ખાસ યાદ રાખવાની છે કે, કમળના મૂળનો રસ ફક્ત માથા ઉપરજ લગાડવો. જો આમાંની કોઇ પણ વસ્તુ ન મળી આવે તો પછી ફક્ત તુલસીનો રસ ચોપડવો અને પાવો. આથી આરામ થશે. જ્યારે દરદીની સ્થિતિ હાથથી ગઇ હોય તે વખતે પણ દરદીના શરીરને તુલસીનો રસ ચોપડવાથી કંઇક ભાન થયેલું જણાશે."

" જો કે કમળ અને કુંવારનું પાકું ઝેરનો નાશ કરે છે, તોપણ અમો આ બીજા ઉપાયોમાટે અભિપ્રાય આપી શકતા નથી. અલબત્ત, તુલસીથી ઝેર નાબુદ થાય છે અને જૂના વૈદિક ગ્રંથોમાં પણ ઝેર નાબુદ કરનારતરીકે ઓળખાવવામાં આવી છે. અમારામાંના એક સ્વામી- એ વિંછીના ઝેરી ડંખ ઉતારવામાં તુલસીના રસનો પૂરેપૂરો ફાયદો જોયો છે. સામાન્ય રીતે હિંદુઓનો તુલસી એ પવિત્ર છોડ છે અને તે મેળવવો સહેલો થઈ પડે છે."

" જે ભાઇઓ આ ઉપાયની અજમાયશ કરી સફળતા-નિષ્ફળતાની ખબર અમારા આશ્ર- માં પહોંચાડશે, તેમનો ઉપકાર માનવામાં આવશે. "

પત્ર લખવાનું શિરનામું:—તંત્રી 'પ્રબુદ્ધ ભારત' અલમોડા-માયાવતી. (હિમાલય)

વીણા કી ઝનકાર

લેખક 'નારદ' અર્જુન તા. ૧૭-૩-૨૭ માંથી)

દુનિયા મેં સબ સે અધિક ધર્મપરાયણ જાતિ યદિ કોઈ હૈ તો હિંદુજાતિ હૈ. ઇસ કે ધર્મ કી મહિમા દેખની હો તો ચલો વૃન્દાવન કો, જહાં બડા ભારી મેલા હો રહા હૈ,અગર વહાં ન જા સકો તો ચલો હરિદ્વાર કો, જહાં કુમ્ભ કા મહામેલા હોનેવાલા હૈ.

* * *

વહાં ધર્મ કે બડે અદ્દભુત નમૂને દિખાઇ દેંગે. ઐસી ઐસી બાતેં દિખાઈ દેંગી, જિન્હેં સીધી ખોપડી કે આદમી સમઝ ન સકે.

* * *

જો જો કુછ દિખાઈ દેગા, ઉસકે કુછ નમૂને સુનિયે. આપકો વહાં ઐસે મહાત્મા મિલેંગે જિન સે નમ્બર દસિયે ભી શર્મા જાયં.

* * *

વહાં આપકો ઐસે ત્યાગી દિખાઈ દેંગે જિન કે તબેલોં મેં દસ દસ હાથી ખડે હૈ. દસ દસ નૌકર સોને ઔર ચાંદી કે બર્તનોં મેં ખાના ઔર પાની લેકર તૈયાર ખડે રહતે હૈ.

* * *

વહાં આપ ઐસે ઐસે જતી દેખેંગે જિનકે ઘરોં મેં દો દો તીન તીન ભગતનિયાં રહતી હૈં, ઔર ઉનકી વાસનાઓં કો તૃપ્ત કરતી હૈં.

* * *

વહાં આપકો ઐસે ઐસે મહન્ત ભી દિખાઇ દેંગે જિનકા જીવન મેં જો કોઈ કામ હૈ તો ગરીબોં કી મહેનત કી કમાઇ કો ઉડાના ઔર મઝે ઉડાના, ઔર સ્વયં દંડ પેલના ઔર ખાએ હુએ માલ પચાના.

* * *

ઉસ કુમ્ભ મેં આપ ઐસી ઐસી કુલાંગનાઓં કો દેખોંગે જો મુંહ પર હાથભર કા લમ્બા ઘુંઘટ કાઢે બિના ઘરસે બાહિર નહીં નીકલતી, પરન્તુ લુચ્ચોં ઔર બદમાસોં કી આંખોં કે સામને નંગે બદન નહા કર મોક્ષ પાના ચહતી હૈં.

* * *

વહાં આપકો ઐસે ઐસે ધર્માત્મા શેઠ ભી દિખાઇ દેંગે જો ઘર મેં અનાથાલય કા ચન્દા આને પર વહી સે સાબિત કર દેતે હૈં કિ ઉનકે પાસ દાન દેને કે લિએ એક કૌડી ભી નહીં હૈ, પરન્તુ નિઠલ્લે અન્નમય કોષોં કે ચરણોં મેં હજારો કી થેલિયાં રખને કો તૈયાર હો જાયંગે.

* * *

જિસ જાતિ કે પાસ ઐસે ઐસે ધર્મ કે નમૂને હો, ઉસકે બરાબર ધર્માત્મા જાતિ સંસાર મેં કહાં મિલેગી? બસ યહાં તો જો કુછ હોના હૈ. ધર્માનુકૂલ હોતા હૈ. ચોરી,બદમાસી, ગરીબોંકી લૂંટ, દુરાચાર ઔર મુફતખોરી- સબ ધર્મ કે નામપર બોલો ધર્મ કી જય!

કોને પડી છે !

(લેખક:-બાબુલાલ. વી. ગાંધી. ' મનન ' પેટ-૧૯૮૩)

દુનિયામાં આપણે જોઈએ છીએ કે, કોઈને કોઈની પડી હોતી નથી. સૌને પોતપોતાની પડી હોય છે. બહારથી પરાર્થ દેખાતા પ્રયત્નોનું કેન્દ્ર જો તપાસીએ તો તે સ્વાર્થમાંજ હોય છે. પરાર્થ પીડા વહોરનારા અને તેમાં માનનારા વીરલાજ હોય છે અને આવા વિરલાઓજ સમાજ અને દેશનું કંઈ ભલું કરી શક્યા છે.

અત્યારે આપણા સમાજમાં જે દાવાનળ સળગી રહ્યા છે, જે દાવાનળની પીડાથી હજારો કુટુંબો પાયમાલ થતાં જાય છે, જેના ત્રાસથી પુરુષ, સ્ત્રી અને છોકરાંનાં જીવન છિન્નભિન્ન અને અ-ભાગી બની રહ્યાં છે, તે દાવાનળને ઠારવામાં તેની ભભુકતી જ્વાળાઓને શાંત પાડવામાં કેટલા ધા પ્રયત્નની જરૂર છે અને કેટલા ત્યાગની આવશ્યકતા છે, તે યથાર્થ જાણી કાર્ય તે પ્રમાણે યો ઉપાડી લેવાની દરેક સમાજસેવકમાં જો લાગણી થઈ આવે તો તે કાર્ય સુલભ થઈ પડે. નેક કુરિવાજો, વહેમો અને અજ્ઞાનાંધકારને ભોગ થઈ પડેલો આપણો સમાજ દિનપ્રતિદિન તેજ-હીન; શક્તિવિહીન અને નમાલો બનતો જાય છે. તેમાંથી તેને ઉગારવાનો ઇલાજ નથી વાતો-માં રહ્યો, નથી ભાષણોમાં રહ્યો, નથી લેખોમાં રહ્યો કે નથી ઠરાવોમાં રહ્યો. તેને માટે તો ધન, માન અને કીર્તિનો ભોગ આપી જગતથી અજાણ એકાદ ખૂણામાં પડ્યા રહી શાંતિથી કામજાનૂર કામ કરવાની જરૂર છે. હુન્નર, ઉદ્યોગ અને કેળવણીના નવાં નવાં કેન્દ્રો ઉપાડી, તેને વિકસાવી દિનપ્રતિદિન તેને આગળ ને આગળ ધપાવી મંડ્યા રહેવામાંજ આપણો ઉદય સમાયો છે. તમસ-માં પોરતા આપણા સમાજ આગળ કામનાદગોરંગ રજુ કરવાની જરૂર છે. આવડતને અભાવે તેની શક્તિનો વેગ વિરુદ્ધ દિશામાં વહી જાય છે. કુસંપ,ઇર્ષા અને અજ્ઞાનમાં રીબાતા સમાજને તારવાનો ઉપાય તેની આજુબાજુ સંસ્કાર અને ઉદ્યોગનું વાતાવરણ ખડું કરવામાં રહેલો છે.

પણ પ્રશ્ન એ થાય છે કે, આ બધું કરે કોણ ?

અજ્ઞાનાંધકારમાં ભટકતો સમાજનો વિશાળ સમૂહ એ કામ સ્વયં ઉપાડવા, યથાર્થ જ્ઞાનને અભાવે અશક્તિમાન છે; ત્યારે સમાજના કેળવાયેલા આ કાર્ય ઉપાડી શકે? કેળવાયેલાને સમાજની કંઈ પડી છે ? તેમનાં હૃદય સમાજનાં દુઃખો અને વહેમો જોઈ ખળભળી ઉઠ્યાં છે ? પોતાના સમાજને જગતમાં ઉચ્ચ સ્થાન અપાવવા તેમના હૃદયમાં તનમનાટ વ્યાપી રહ્યો છે? સમાજનું ઋણ વાળવા તેમનું હૃદય તૈયાર છે ? ધન, માન, કીર્તિનો ભોગ આપવા તેમણે નિશ્ચય કર્યો છે? યથાર્થ કર્મ કરવામાં તેમને આનંદ મળે છે ? એક નાનું શું ભીંતડું ચણવું કઠણ છે; જ્યારે મોટાં મકાનો તોડવાં એ સહેલું છે; એ તો જેને અનુભવ થયો હોય એ જાણી શકે છે.

સામાન્ય અનુભવ એવો છે કે, જે કાર્યમાં ઢાકડાં નમાવ્યા સિવાય કીર્તિ, માન અને મોટાઈ મળતી હોય છે, તે કાર્યનાં યશોગાન ગાવા, તેનું અગ્રપદ લેવા સૌ કોઈ તૈયાર થઈ જાય છે. જ્યાં ફક્ત બોલીને, ઠરાવો કરીને કે વાહ વાહ કહીને કામ કરવાનું હોય છે, ત્યાં જરૂર આપણા કેળવાયેલા આગળ પડતા હોય છે. જ્યાં સત્તાની લગામ મળવાનો સંભવ જણાતો હોય છે, ત્યાં બેલાશક આપણા કેળવાયેલા તૈયારજ હોય છે. કાર્યનું ગમે તે થાય પણ પોતાનો માનમરતબો જ-ળવાતો હોય તો કોઈ પણ કામ કરતાં ન અટકવામાં હમેશાં આપણા કેળવાયેલા તૈયારજ હોય છે.

યાદ રાખવાની વાત એ છે કે,કોઈપણ કાર્ય બોલવાથી થતું નથી.કાર્ય ઉપર એકનિષ્ઠા કે ભક્તિ-સિવાય તે કાર્ય ફળતું નથી. તેને માટે સતત વિચાર કર્યા સિવાય કાર્યની પ્રગતિ થતી નથી, તે પોષાતું નથી અને ખીલતું પણ નથી. આખાયે વર્ષમાં બે-ચાર દિવસ તે ઉપર વિચાર કરવાથી શું કરી શકવાના હતા ? ચોવીસે કલાક પોતાની જંજાળમાં મચી રહેનારા યથાર્થ કર્મ કરવાના રહસ્ય-ને શું સમજી શકે ? જંજાળમાં ગુંચવાયેલી અને તેમાંજ રમખાણ થતી બુદ્ધિ સ્પષ્ટ શું જોઈ શકે ? એને તો જ્યાં ત્યાં પોતાના જેવાજ વ્યવહાર દષ્ટિએ પડે તેમાં શું આશ્ચર્ય ! સ્વચ્છ બુદ્ધિ સ્વચ્છ કાર્યોને જોઈ શકે. સ્વાર્થના આવરણથી ઢંકાયેલી બુદ્ધિને સર્વત્ર સ્વાર્થ દેખાય, સારામાં પણ ખોટાનો ભાસ થાય, ગુણોને ન પારખી શકે, છિદ્રો ઝટ શોધી કાઢે અને છિદ્રોને દૂર કરવાનો ઉપાય ન લેતાં આખીયે વસ્તુનો નાશ કરવા તૈયાર થઈ જાય,

આવી સ્થિતિમાં કોને કોની પડી હોય ? બીજાનું ગમે તે થાય. પણ તેમાં [illegible] રીતે મને શો ફાયદો મળવાનો છે તેનોજ વિચાર કરવામાં આવે છે.

" આપઘાત કરવામાં મારૂં શું જાય છે ? સાતને પચીસ પચાસ વાકયો પેપરની [illegible] નાખુ કર્યા એ મારા હૃદયને અડે છે ? ક્યાં મને એ લાગુ પડે છે ? ભલે, સૌએ તે [illegible] કે ન વર્તે તેમાં મારૂં શું જવાનું છે ? આપણને માન મળે છે, મોટાઇ મળે છે, [illegible] [illegible] ? આપણી વાહવાહ ગવાય છે. ભલેને પડે બીજા ઊંડા ખાડામાં ! તું તારૂં [illegible] આવી વિચારસરણીથી જ્યાં કાર્યો થતાં હોય તે કેટલા દિવસ ટકે ? તેની અસર કેટલી [illegible]

" [illegible] સમાજ નિર્વીર્ય અને નમાલો બની જતો હોય તેમાં મારે શું [illegible] [illegible]. [illegible] ઉપર જતાં હોય અને ઘરનાં ઘર ઉપડી જતાં હોય તેથી શું [illegible] [illegible] ને રોટલો [illegible] અને કંસારના જેવું જ્ઞાન ગાળીને સંસારમાં [illegible] [illegible] મળે શું ? સમાજના સિપાઇને જોઇએ કાળજું ધડકતું હોય. [illegible] [illegible] હોય તેથી શું થઇ ગયું ? શું મારા છોકરાઓને [illegible] [illegible] નમાલા સિવાય મને તો રોટલો મળે [illegible] [illegible] મોટી મોટી સભાઓના પ્રમુખ થવાનું [illegible] [illegible] આપ કિસ્સો તો હોયજ છે. સર્વ [illegible] [illegible] તેમની [illegible] મોટા [illegible] [illegible] મારે શું લેવાદેવા ? "

[illegible] ત્યાં કોણ કોને સંભાળે ? પોતાનું કાર્ય [illegible] [illegible] છે, બે-ચાર વાક્યો બોલી [illegible] [illegible] હોય ત્યાં ઉન્નતિની [illegible] [illegible] ન હોય, ત્યાં કેમ કાર્ય થઇ શકે ? [illegible] [illegible] જમાનાના પુરુષો ન નીકળી આવે, [illegible] [illegible] આવા દીવા કર્યા સમાન [illegible] [illegible] કામ કરવાની પ્રેરણા આપે !

હોલી આજ મનાતે હૈં

[illegible] 'અર્જુન' [illegible]

[illegible]

ખરો કર્મયોગી કેવો હોય ?

(પ્રાન્તિપ્રેમી કોઈ કર્મયોગી નથી; પણ એ તો એક પ્રકારના લૌકિક નિયમનો ભોગી છે અને કેવો પૂર્ણ નિસ્પૃહી તથા ત્યાગી હોય તો કર્મયોગી ગણાય, તે સમજવામાટે આ લેખ ઉપયોગી હોવાથી તે 'સુવર્ણમાળા' માંથી લીધો છે. લેખકનું નામ મળ્યું નથી.)

તેને સૌ પાગલ કહેતાં. તે કોણ હતો ને ક્યાંથી આવ્યો હતો, તે કોઈ જાણતું નહિ; પણ દીઠે સૌ તેને ઓળખતા. તેને માટે જાતજાતની વાતો પ્રચલિત હતી. કોઈ કહેતું કે, એ સ્વદ્દ્-ગર છે. કોઈનો મત પડતો કે, વ્હાલાના વિયોગમાં એનું મગજ ચસ્કી ગયું છે. કેટલાક એમ કહેતા કે, તે શ્રીમંત છે પણ ગરીબીનો ઢોંગ કરે છે. વળી કેટલાક તેને તદન મુફલીસ માનતા. ઘણાની નજરે એ ઉસ્તાદ ઉઠાવગીર લાગતો ને ગામના એક બે પોલીસ સિપાઇઓ તેની-પર નજર પણ રાખતા. કોઈનો મત હતો કે એ તરંગી છે. તેની ઉદારતાની પણ વાતો પ્રસિદ્ધ થઇ હતી. ગામમાં બાળકો તો તેની પછવાડેજ ભમતાં હતાં, કારણ તેઓને પીપરમીંટ, ખજૂરાદ, કાજુ કે એવુંજ કંઈક મળ્યા કરતું. પાગલનાં ખીસ્સા આ વસ્તુઓથી સદાગે ભરેલાંજ રહેતાં.

પણ એક વાત તો હું કહેતાંજ ભૂલી ગયો. કોઇ કોઇ વખત સ્મશાનમાંથી કે નદીકિનારે-થી કે એવાજ કોઇ એકાંત જગાએથી મધ્યરાત્રિની શમશમાકાર નિરવ શાંતિમાં દિલના તાર હલાવે ને મૃત આત્માઓ પણ અનંત નિદ્રા ત્યાગે એવું અદ્ભુત સંગીત સંભળાતું. બીકણ લોકો એ ગાન પશાચણીઓ ને ડાકિનીઓ ગાય છે, એમ કહી ડરતી ઉઠતાં. માત્ર કોઇક કોઇક હિંમતવાન ગામડીઆઓજ જાણતા કે એ ગાન ગાનાર પાગલ હતો.

\+ \+ \+ \+ \+ \+

એક સાંજે હું ફરવા નીકળ્યો. રાસ રમવા નીકળનાર બાળાઓની માફક સમીરલહરિઓ સ્વચ્છંદે વિહરવા લાગી હતી. ગામબહાર થોડે છેટે ઉભેલા કોઇ ભૂતપૂર્વ વીરના સ્મારકચિહ્ન-સમા એકાદ પાળીયા પાસે કેટલાક મોટા પથ્થરો પડયા હતા, એમાંના એકપર હું બેઠો; ને વિ-ચારવા લાગ્યો કે, બહારના પાગલ દેખાવ નીચે મનુષ્યજાતનું કોઇ બેમૂલું છુપું રત્ન તો નહિ હોય! કદાચ એમ પણ સંભવ છે કે એ ખરેખરો બદમાશ પણ હોય. જે હોય તે તપાસ તો કરવીજ જોઇએ. આમ નિશ્ચય કરી મેં આસપાસ નજર ફેરવી,ખેતરથી પાછા વળતાં એક ખેડુતપર મારી દૃષ્ટિ પડી.

"એલા, હે...એ...એ અહીં આવ તો." મેં હાક મારી. ખેડુ પાસે આવ્યો.

"આ ગામમાં એક પાગલ રહે છે, તેને તું ઓળખે છે ?" મેં પૂછ્યું.

"પાગલ! હા, હા, ઓલ્યો ગાંડીઓ. એને કોણ ન ઓળખે! એનું કામ પડયું?" કહેતાંની સાથેજ તેના મોઢાપર હાસ્ય છવાયું;પણ મારા સભ્ય દેખાવપર નજર પડતાંજ તે પાછો ગંભીર થઈ ગયો.

"ખાસ કામ તો નહિજ, પણ એ ક્યાં રહે છે તે મારે જાણવું છે. તને ખબર છે?" મેં કહ્યું.

"હા, જુઓ આ પાછળ નદીની પેલી તરફ વડલો છે તેની પાછળ જે ઝુંપડી જેવું દેખાય છે ત્યાં રહે છે, પણ......... આ એજ આવે." એમ કહી ખેડુતે ગામ તરફ દૃષ્ટિ કરી અને પછી ચાલતો થયો.

જે તરફ એણે દૃષ્ટિ કરી તે તરફથી એક માણસ ચાલ્યો આવતો હતો. એક-બે છોકરાં તેની પછવાડે આવતાં હતાં. મુઠ્ઠી ભરી કાંઇક આપી તેમને વિદાય કરી એ પાળીયાની દિશામાં ચાલ્યો આવ્યો. પાસે આવ્યા પછી મેં તેને ધારીને જોયો.તેણે માથાપર એક પટકો જેમ તેમ બાંધ્યો હતો. શરીરે ધોળી કફની પહેરી હતી. તેનું મોઢું લંબગોળ ને આકર્ષક હતું. બે બાબત એકદમ ધ્યાન ખેંચે તેવી હતી. એક તો તેના હોઠ આસપાસ રમી રહેલું સ્મિત ને બીજી તેની દૂર-સુદૂર કાંઈક જોયાં કરતી હોય તેવી ઘેનઘેરી આંખો. તે સ્મિત બેજ માણસોમાં હોય છે. કાં કોઈ ગાંડામાં અથવા તો કોઇ અવધૂતમાં.

તે ઝપાટાબંધ મારી પાસેથી પસાર થઇ ગયો. હું પણ તેની પાછળ ચાલ્યો. થોડી વારે ઝુંપડી આવી. તેમાં એ પેઠો.

"હું અંદર આવું?" મેં વિવેકથી પ્રશ્ન કર્યો.

"આવો ને ભાઇ" જવાબ મળ્યો.

હું અંદર ગયો. અંદર ઝાઝો સામાન નહોતો. ખૂણામાં એક પાણીનો ગોળો; થોડાંક ઠામ; વચમાં એક સાદડી ને એક તરફ એક જૂની પુરાણી દિલરૂબા; બસ આટલુંજ રાચરચીલું હતું.

"કંઇ કામકાજ" તેણે મારા તરફ જોઇ પૂછ્યું.

"કામકાજ તો ઘણુંએ હતું; પણ તમે કાંઇક ઉતાવળમાં છો એટલે હવે પછીજ વાત" મેં કહ્યું.

"હા, મારે ઉતાવળથી એક ઠેકાણે જવું છે." તેણે કહ્યું.

"હું સાથે આવું ?" મારાથી પૂછાઇ ગયું.

તે એક ક્ષણ મારી તરફ જોઈ રહ્યો, પછી કહ્યું "મારી સાથે ? મને બધાય શું કહે છે તે જાણો છો ને ? મારી સાથે આવવામાં શો લાભ મળશે ? મારા માર્ગ ન્યારા છે."

"ન્યારા ભલે બીજાને માટે રહ્યા. મને એ એવા નહિ લાગે; પણ તમને ખાસ વાંધો ન હોય તો મારી એટલી વિનતિ સ્વીકારશો."

"ઠીક ચાલો" કહી તેણે એક કપડામાં દિલરૂબા વિંટાળીને બગલમાં મારી. અમે એ [illegible] માર્ગે ચાલ્યા. પાએક કલાક ચાલ્યા પછી એક જીર્ણ થયેલું મકાન આવ્યું. ખડકી [illegible] ઉઘાડી અમે અંદર ગયા. એકજ ઓરડો હતો, અંદરના ભાગમાં એક અર્ધ તૂટેલી ખાટલીમાં એક ડોશીમા સૂતાં હતાં.

"કાં મા ! આજ કેમ છે ?" કહી પાગલે તેને કપાળે હાથ અરાડયો.

"બેટા ! કાલ કરતાં કાંઇક ઠીક છે." ડોશીમાએ ક્ષીણ સ્વરે જવાબ આપ્યો.

"મા ! આજ એની દવા આપું છું, કે જેથી તાવ નહિ રહે" એમ કહી પાગલ ખાટલી પાસે બેઠો અને દિલરૂબા કાઢી, તાર મેળવ્યા ને એક ભજન ઉપાડયું. હું સંગીતશાસ્ત્રથી સાવ અજાણ્યો નહોતો. નાનપણમાં કેટલાએ તાનપલટા મારી લીધા હતા. અનેક ઉસ્તાદોના પણ સમાગમમાં હું આવ્યો હતો, પણ આ ભાવ મેં કદી પણ જોયો નહોતો. પાગલે એકતાન થઇ ભજન છેડવા માંડયું. વાતાવરણમાં ભક્તિરસની છોળો ઉડવા માંડી. મકાનની બહાર હાલતાં વૃક્ષો સ્થિર થઈ ગયાં. અનીલ પણ થંભી ગયો હોય તેમ લાગ્યું. ભજન અર્ધે પહોંચ્યું ત્યાં ડોશીમાને કપાળે આછો આછો પરસેવો થવા માંડયો. ભરસભામાં દ્રૌપદીજીએ ચીર ખેંચાતી વખતે કરેલી પ્રાર્થના કે નરસિંહ મહેતાએ કટોકટીને પ્રસંગે કરેલું સ્તવન કયી જાતનાં હશે તેનો કાંઇક ખ્યાલ મને પહેલવહેલો આવ્યો. એ તો દિલના તાર પરબારા પરમશક્તિ સાથેજ જોડાતા હોય તેમ લાગ્યું. થોડી વારે ભજન પૂરૂં થયું, પણ આ શું ? ડોશીમા ખાટલીમાં એકદમ બેઠાં થઇ ગયાં.

"વાહ પ્રભુજી વાહ, બેટા! મારો તાવ ગયો. દીનોનાથ તારૂં ભલું કરે" કહેતાંની સાથેજ મા ઉભાં થઈ ગયાં. દીવાસળી માટે થોડી શોધ કરી દીવો પ્રકટાવ્યો. પછી પાગલ પાસે આવી તેનું મોઢું ધારી ધારીને જોયું. આંખમાં આંસુ ઉભરાણાં. ગદ્દગદ્દ કંઠે તેણે કહ્યું:–"પેટનો દીકરો એ ન કરે એવું તેં કર્યું. શું આપું ? મારી પાસે કાંઇ ન મળે. થોડીક મીઠી રાબ કરી આપું ?"

"ના, મા ! મારે કાંઈ ન જોઇએ. મોડું થયું છે એટલે જશું" કહી પાગલ ઉપડયો. હું પણ બહાર પડયો. થોડેક ચાલ્યા પછી પાગલે મને કહ્યું:–

"બિચારીની સંભાળ રાખનાર કોઇજ નથી." હું તો ત્રણ બાબતોથી અજાયબીમાં ગરકાવ જ થઇ ગયો હતો. પાગલની સહૃદયતા, તેણે સાધેલી અદ્દભુત કલા ને સંગીતનો દર્દપર પ્રભાવ. થોડી વાર રહીને મેં કહ્યું:–

"તમારી પાસે આવી કળા છે તો કોઇ અમીરઉમરાવ................" હજી હું વાકય પૂરૂં કરૂં તે પહેલાંજ એ બોલી ઉઠયો:–

"શું ? એ તમારા ઉમરાવોની વાતજ કરશો નહિ. પચીસ વર્ષ એ સાધનમાં ગાળ્યાં તે કુંદીભર નિષ્ઠુર અમીરોને ખુશ કરવા નહિ, પણ ગરીબ નિરાધારોની સેવાર્થે."

"પણ કયાં બીમારી ને કયાં સંગીત !" મેં પૂછ્યું.

"સંગીતની દર્દોપર શું અસર થાય છે, એ વાત તો પશ્ચિમના વિદ્વાનો તમને જણાવશે ત્યારેજ તમે જાણશો. મેં જે જાણ્યું ને અનુભવ્યું, તે તમે નહિંજ માનો. બાકી જગતભરના કળાભકતોને કહેજો કે, તમારૂં લક્ષ્યબિંદુ કળાજ નહિ પણ તે દ્વારા સેવા છે." તેણે કહ્યું.

ત્યાં તો ઝુંપડી આવી. હું તેનાથી છુટો પડયો. મારા મનમાં એકજ વિચાર ઘૂમતો રહ્યો.

કળાનો ઉપયોગ સેવા, માત્ર રંજન નહિ." અરેરે, શાસ્ત્રોમાં ને ઇતિહાસમાં આપણી સમક્ષજ
કેટલા દાખલાઓ આપણે કાં ન સમજીએ ?

લોકો ભલે તે કહે પણ પાગલની સાચી પ્રવૃત્તિઓ થોડી ને ટુંકમાં કહેવાય એવી હતી. કોઇ
અત્યંત કંગાળ કે નિરાધાર આદમી બિમાર હોય ત્યાં પાગલ પોતાની દિલરૂબા લઇ પહોંચેલોજ
હોય. આજ પૈસા ખીસ્સામાં હોય તો તે ચાર આપી દેતાં ખંચાતો નહિ. કોઈ દુબળી ગાય કે
જ કોઇ પ્રાણી જુએ તો તે તેને ગળે હેતથી હાથ ફેરવી કાંઇક વાત કરવા લાગી જતો. તે
ાં શ્રીમંત, જાગીરદાર કે અધિકારી જેવા માણસોથી ભડકીને દૂરનો દૂરજ નાસતો. કોઈ કોઇ
ા તો ખેતરે પણ જઇ બુલંદ સ્વરે દુહાપર દુહા લલકારી ખેડુઓ કે કણબણોનાં મોઢાં
ાં કરી આવતો. બાકી તેને વધારેમાં વધારે આનંદ ત્યારેજ મળતો કે જ્યારે એ કોઇ ગરીબ
ની મેલી પથારી પાસે બેસી કોઇ ધૂળીઆં મકાનમાંથી આભ સાથે વાતો કરતી હોય ને ભૈરવી કે
ાણુની તાન ઉપર તાન લેતો હોય.

તરંગ ચડે તો કોઈ કોઇ વખત સામેથી હાંફતાં હાંફતાં ચાલ્યાં આવતાં કોઇ મજુર કે મ-
જુના માથાપરથી બોજો પોતાને માથે થોડો વખત લઈ પાગલ તેઓને રાહત આપતો. આમ
રે થાય ત્યારે બોજો ઉપાડનાર વ્યક્તિ આ અણધાર્યા મદદગાર તરફ ડોળા ફાડી જોઈ રહે ને પાછ-
ા "સાવ પાગલ" કહે તો એમાં એનો શું વાંક ? પણ આવી બાબતો ક્યાં ગણાવવા બેસું ?

તેનું મૂળનામ અમૃતપ્રસાદ હતું. ઉત્તરહિંદુસ્થાનમાં કોઇ શહેરમાં તેનો જન્મ શ્રીમંત મા-
બને ત્યાં થયો હતો. નાનપણથીજ તેને સંગીતનો શોખ હતો. તેના પિતા એને વેપારી બનાવવા
મતા હતા; પણ વેપારમાં પ્રસાદનું ચિત્ત બિલકુલ લાગતું નહિ. જન્મથીજ તેની મનોવૃત્તિ
ખી હતી. જે મોજશોખના વાતાવરણમા એ ઉછર્યો તેનેજ એ અંતઃકરણથી ધિક્કારવા લાગ્યો.
૨૪ વર્ષની વયે કોઇ ઉસ્તાદની સાથે એ ભાગી ગયો. તેના પિતાએ બહુએ શોધખોળ કરી,પણ
ો નજ લાગ્યો. એ ઉસ્તાદજી પાસે પચીસ વર્ષસુધી રહી તેણે સંગીતશાસ્ત્રનાં મૂળતત્વો ઘુંટી
ઘૂંટીને પીધાં. ઉસ્તાદજી પણ શિષ્યની તેજસ્વી બુદ્ધિથી તાજ્જુબ થયો. ત્યારપછી ઉસ્તાદજીએ પો-
તાના માનીતા શિષ્યના લાહોરમાં જલસાઓ કરાવ્યા.શ્રોતાજનો એનો અદ્દભુત કાબુ જોઇ દિંગ-
મૂઢ થયા, ચારે તરફ વાહવાહ થઇ રહી.

પછી કોઇ અમીરે તેની દીકરીને સંગીત શીખવવા પ્રસાદને રાખી લીધો. પાછળથી ઘણીએ
વાતોમાં બને છે તેમ બન્યું. એ બાળા પ્રસાદની સાથે પ્રેમમાં પડી—ના, ના, મોહમાં પડી એમ
મારે કહેવું જોઇએ; કારણ પ્રેમ શબ્દ તો બહુજ પવિત્ર છે. પ્રસાદ તેને બેટી કહીનેજ બો-
લાવતો. જ્યારે જ્યારે પ્રેમ આપવા–લેવાની હમેશની જનૂની વાત નીકળતી, ત્યારે પ્રસાદ આટલું-
જ કહેતો–"બહેન ! કળાને અભડાવાય નહિ, સાચી કળાનો ભક્ત હમેશ સ્ત્રીઓને ભાન ભૂલાવે છે,
પણ ધિક્કાર હજો જે કળાભક્ત ભાન ભૂલે તેને ! તું તો મારી દીકરી જેવીજ છે ને રહેવાની.
બહેન ! તારે પૂજાજ કરવી હોય તો કળાના શુદ્ધ સ્વરૂપની કર, તેના ભક્તની નહિ." જેને મોહજ
થયો હોય તે પ્રસાદના સિદ્ધાંતો શો સમજે ! પરિણામ એ આવ્યું કે એ બાળાએ ઝેર ખાઇ આત્મ-
હત્યા કરી. પ્રસાદ તેને એક પિતાના જેવા નિર્મળ પ્રેમથી હૃદયપૂર્વક ચાહતો હતો. તેના આ
દીકરીના અવસાન પછી પ્રસાદ પલટાઈ ગયો. તેણે જાગીરદાર વગેરે ત્યાગ્યાં. એક સાદી કફની ને
માથે જેમ તેમ વિંટાળેલો ફટકો, આ એનો પહેરવેશ બન્યો. અમીરઉમરાવો કે રાજામહારાજા-
ઓને ત્યાં થતા જલસાઓમાં જવાનું તેણે માંડી વાળ્યું.આવા જલસાઓને લીધે તેની પાસે જે કાંઇ
નાણું થયેલું તે તેણે છૂટે હાથે ગરીબ ને દુઃખી લોકોને વહેંચવા માંડ્યું. બસ, તેણે પોતાની રાજી-
ખુશીથીજ મુફલીસ હાલત પસંદ કરી લીધી.

એ પછી તે કોઇ પણ એક સ્થળે લાંબો વખત તે રહેતો નહિ. કોઇ કોઇ વખત તો એ માત્ર
કના ઘડ જતો;છતાં ભુખી એ હતી કે,એવી મુફલીસીમાં પણ દેવી અન્નપૂર્ણા તેના પર કૃપા રાખતી.

એક પ્રભાતે ખબર મળ્યા કે એ ઓચીંતોજ આ ગામમાંથી ક્યાંય ઉપડી ગયો હતો. એ ક્યાં
ગયો તેની કોઇને ખબર પડીએ નથી ને પડવાનીએ નથી.

હજુએ કોઈ કોઇ વાર એકાંતમાં એ વિચિત્ર વ્યક્તિની મૂર્તિ નજરસમક્ષ તરે છે અને મારી
દૃષ્ટિમા પડઘા પાડતો સ્વર સંભળાય છે કે "કળા એટલે સેવા !"

" લહેરાતી હૈ ખેતી દયાનંદ કી "

(લેખકઃ-શ્રીસત્યવ્રત. 'પ્રચારક'ના એક અંકમાંથી)

મનુષ્યસ્વભાવ અત્યંત વિલક્ષણ અને વિચિત્ર છે. જનસમાજમાં અનેક મહાન પુરુષો ઉત્ થાય છે, પણ તેમની હૈયાતીમાં તેમની ખરી કિંમત આંકવાની કૃતજ્ઞતા અને વિવેકબુદ્ધિ સમાજ નથી. તેમના મરણ પછી જનસમાજને આંચકો લાગે છે અને પછી તેમની ખરી કિંમત આંકવા અવસર પ્રાપ્ત થાય છે. આવુંજ સ્વામી શ્રીદયાનંદજી મહારાજના વિષયમાં પણ બન્યું છે. તેમ જીવતાંસુધી તેમનો વિરોધ કરવામાં આવ્યો. પૌરાણિકોએ તેમને નાસ્તિક ઠરાવ્યા, બીજાએ તેમને છુપા ખ્રિસ્તી પ્રચારક ગણ્યા, ત્રીજાઓએ તેમને વર્ણાશ્રમભંજકતરીકે પિછાન્યા, કોઇ તેમને ધર્મના દુશ્મનતરીકે જાણ્યા અને કોઇએ કંઇ. કોઇએ તેમના પ્રાણ હરવામાટે પાન બીડામાં હળાહળ દીધાં, કોઇએ ધર્મ રક્ષવા એ એકાકી સંન્યાસી ઉપર તરવારના પ્રહાર કર કોઇએ મશ્કરી કરવા ગધેડાપર સ્વારી કઢાવી, કોઇએ ગાળોનો વરસાદ વરસાવ્યો તો કોઇએ પથ્થરોનો ઉપહાર આપી પોતાની કૃતજ્ઞતા (!) પ્રગટ કરી. આમ તેમની જાહેર જીંદગીના પ્રારં ઝેરથી પ્રાણ લીધાની અંતિમ સંધ્યા ક્ષણસુધી એ **એકલ મલ્લ** સંન્યાસીને અન્યાય અને અન્યાય દેશભરમાંથી મળ્યા કર્યો; પણ આખી જીંદગીસુધી ઘોર તપ તપેલો એ સંન્યાસી, પોતા મૃત્યુને એવું વિદ્યુતશક્તિવાળું-જોરદાર બનાવી જાય છે કે તેમના મૃત્યુ પછી તેમનાં અનેકવિધ કા એવા ઝપાટાથી ચાલ્યાં કે આજનો ભારતનો જાયો એ ઋષિના પુણ્યશ્લોક નામ ઉ કૃતજ્ઞતાથી અશ્રુઅંજલિઓ આપતો અને પોતાના પૂર્વજોએ કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત આદરતો ભવાય છે. આજ એજ ઋષિના તપઃપ્રભાવથી પ્રભાવિત થયેલો ભારત-તરુણ નવજીવનના સંદેશાઃ તેમના મૃત્યુ-પ્રસંગમાંથી વીણી વીણી પોતાનો ભાવીમાર્ગ ઘડે છે અને સમાજ શું કે ધ શું, રાજકારણ શું કે વિશ્વભ્રાતૃત્વ શું-દરેક દિશામાં ઋષિએ મૂકેલ પગલાંને અનુસ રવા આતુર અને ઉમંગભર્યો દેખાય છે. ઋષિએ જીવનભરમાં જનતાને મૂર્તિપૂજાથી મુક્ત કરવા અનેક ઉપદેશો આપેલા, પણ તેમાં વિઘ્ન નાખનાર સનાતનીઓના ચિરંજીવીઓ એજ પથ્થરોને આજ પણ ગંગા-યમુનામાં પધરાવી રહ્યા છે. પિંડદાન અને તર્પણનાં શાસન હવે ભારતના ધર્મ પટલપરથી ઝાંખાં થવા લાગ્યાં છે. ધર્મગુરુઓનાં ધતિંગો જે દયાનંદે કડવી રીતે બતાવેલાં, તે કરતાં શતગણાં વધુ તીવ્ર અને અસહ્ય કટુ ધતિંગો આજ ચોમેર ઉઘાડાં પડી રહ્યાં છે. સ્ત્રીઓ તેમણે કરેલી વકીલાત આજે પુષ્પિત થઇ રહી છે. વર્ણાશ્રમધર્મના તે વેળાએ ગણાતા એ ઉચ્છે નેજ આજનો હિંદુ ચાતુર્વર્ણ્યનો સુયોગ્ય રખેવાળ માની તેમનાં અદસ્ય ચરણમાં પોતાનું મ ભક્તિભાવથી નમાવે છે. સર્વ રોગોની રામબાણ મહૌષધિ બ્રહ્મચર્યસેવનનાં ડિંડિમઘોષો કે આ દેશમાંજ નહિ, સમસ્ત સંસારભરમાં ઉદ્‌ઘોષિત થઇ રહ્યા છે. સનાતનીઓના અજેય દુર્ગ કાર ધામમાં આજ શુદ્ધિના ગણેશ મંડાયા છે; અને સમસ્ત દેશે આજ દયાનંદને અનેક રીતે પે નિંદેલ, છતાં અસ્પૃશ્યતાનું ધર્મ-મહાપાતક ટાળવા તે પ્રતિજ્ઞા લઇ રહેલ છે. પચાસ વર્ષ-અ સદીના નાનકડા ગાળામાં દયાનંદના તેજસ્વી અને વીર્યવંતા સિદ્ધાંતોનો આ ચોમેર સમગ્ર વર્તનકાળ અદ્દભુત વિજય નથી સૂચવતો ? દયાનંદે સહેલાં ઘોર કષ્ટો અને તપેલાં અદ્દભુત તપે શું આથી વધુ યોગ્ય વિજય બીજો કોઇ હશે ખરો ? જેમને અર્ધી સદી પહેલાં, જે સિદ્ધાંતો મારી નાખવામાં આવ્યા, આજ તેનાજ તેજ સિદ્ધાંતો સમગ્ર દેશ સ્વીકારે એ, તે ધર્મવીર મ ત્માનું સર્વોત્તમ માહાત્મ્ય નથી સૂચવતું શું ? " લહેરાતી હૈ ખેતી દયાનંદકી " ની સત્યતા પ્ર નથી થતી શું ?

આજ અમે તેમના સિદ્ધાંતોની બધી બાજુ ઉપર આ સ્થળે વિચાર કરી શકતા નથી.કેવળ કજ પ્રશ્નની ગડી ઉકેલવા પ્રયત્ન કરીશું અને તે એજ કે, જેમને સમગ્ર દેશે બંગાળથી સિંધુ નદી અને હિમાચળથી કન્યાકુમારીસુધી તાત્કાળિક અત્યંત મહત્ત્વ આપ્યું છે, તે પ્રશ્ન એટલે અસ્પૃશ્ય નિવારણનો મહાપ્રશ્ન. મહાસભાના ચોપડેથી માંડી છેલ્લામાં છેલ્લી હિંદુસભાની નાની શાખ ચોપડાસુધી અને તે દ્વારા પ્રત્યેક હિંદુ આબાલવૃદ્ધ નરનારીના કોમળ હૃદયમાં જે પ્રશ્ને અ ભડકાવી છે, તે પ્રશ્ન એટલેજ અસ્પૃશ્યતાનિવારણનો માર માર કરતો આજનો કાળધર્મ

કો મહાપ્રશ્ન ! આ પ્રશ્નને હાથમા લઈ કેવળ પંપાળી કાળ કેરવી પાછો મૂકી દેવાય એવો નિ-
ાંલ્ય હવે નથી રહ્યો. એ પ્રશ્ન આજ ઉઘાડો હિંદુધર્મનો ફેંસલો કરી નાખવા તૈયાર થયો છે. તે
હ છે કે, મારૂં-અસ્પૃશ્યતાનું-નિવારણ કરી હિંદુજાતિ અમર થાઓ અથવા આ સંસારમાંથી તેનું
ામનિશાન નાબુદ થાઓ. કાં તો તેના નિવારણથી ફરી આર્યસંસ્કૃતિ અને હિન્દવી સ્વરાજ્યને
ાસલ કરો અગર ઋષિમુનિઓના નાનાવિધ તપસંચિત અમર વારસાને દફનાવી વિધર્મી-
ઓના પગતળે ખુંદાઇ અદૃશ્ય થઈ જાઓ. આ મહાપ્રશ્ન હવે સમાધાનનીતિ-આંધળોડની
ીતિ નથી ચાહતો. તે એક ઘાએ ચોખ્ખા બે કટકા કરવા માગે છે. તે તો આજ રા
્વરે ગગન ગજાવતો કહે છે કે, કાં તો જીવો અને જીવાડો અથવા મરો અને નાબુદ થાઓ.
ા કે ના એકજ સ્પષ્ટ ઉત્તર. ચોખ્ખો અને ચટ ફેંસલો તે પ્રશ્ન માગે છે અને તે પણ તુર્તજ. તે
અમુક મુદતને હવે ઓળખવા ના પાડે છે. તે પ્રશ્ને આજ રુદ્રસ્વરૂપ ધારણ કરી ભયંકર વિ-
કાળતા ધારણ કરી છે. તેના ઉકેલમાંજ આર્યજાતિ-હિંદુજાતિનું જીવન છે, તેના નકારમાંજ તેનું
મૃત્યુ ઉભું છે. તેના નિવારણથી આવના નવજીવનને ખાળવા ઇસાઇયત કે મુસલમાનીયત જરાય
શક્તિમાન નથી અને તેના નકારથી હિંદુજાતિના આવતા મહામૃત્યુને પણ ખાળવા કોઈ ધન્વંતરી
સમર્થ નથી. એવો અનનુભૂત અને અશ્રુત મહાપ્રશ્ન આજ ભારતના સામાજિક, ધાર્મિક, રાજ-
નૈતિક પ્રત્યેક ગગનમાં ગાજે છે અને દરેક ક્ષેત્રને પોતાના સૂરથી તે તરફજ ટકટકી લગાવતું આ-
કર્ષિત કરી રહ્યો છે. સંસારના ઇતિહાસમાં આ મહાપ્રશ્નની મહત્તાની જોડીનો બીજો પ્રશ્ન નહિજ
હોય. જે પ્રશ્ને જીવન અને મૃત્યુની દાંડી કેવળ હા કે ના ઉપર ધરી હોય તેવો પ્રશ્ન સમગ્ર સં-
સાર આજ પહેલ વહેલો ભારતમાં અનુભવે છે. આ સ્થિતિ છે મારેજ અસ્પૃશ્યતાનિવારણનો
પ્રશ્ન એટલે ભારતના જીવન-મરણનો મહાપ્રશ્ન. અમે નિર્ભય થઈ એ પણ કહી શકીશું કે, આ પ્ર-
શ્નની મહત્તા પાસે સ્વરાજ્ય અને ચરખાના પ્રશ્નો સૂર્ય આગળ પતંગિયાસમાન તુચ્છ છે. જેનો
નિકાલ સૌથી પહેલો કરવાનો છે તે આજ, અને આ એકજ મહાપ્રશ્ન છે. અસ્તુ. આ પ્રશ્નની
ગંભીરતા આજથી પચાસ વર્ષો પૂર્વે તે અદ્ભુત દ્રષ્ટા મહર્ષિ દયાનંદે પારખેલી, જેને આજ અમે
હજી પણ તેટલી ગંભીરતાથી અનુભવી શકતા નથી. તેમણે તર્કથી અને દલિલોથી, શાસ્ત્રોથી અને
વેદોથી, મનુષ્યતાના નામથી અને દયાના નામથી,પાપના પ્રાયશ્ચિત્તના પ્રકારથી અને ઉજ્જવળ ભાવિ
થવાના સદભિપ્રાયથી એનો નિકાલ કર્યો કે, અસ્પૃશ્યતા-એક ભાઇ જેવા ભાઇને-એકજ પરમ પિતાના
અમૃતસંતાનને અડકવા ના પાડવી, અડકતાં અભડાઇ જવાની વૃત્તિ રાખવી, તે પ્રભુ પિતાનું ભયં-
કર અપમાન કરવા બરાબર છે. કોઇ વેદ, કોઇ ધર્મગ્રંથ મનુબાંધવનો બહિષ્કાર કરવા ના પાડે
છે અને જે તેમ કરવા કહે છે તે શાસ્ત્રજ નથી. તે ધૂર્ત-પ્રપંચ છે.માયાવી રાક્ષસની દાનવી-લીલા
છે.અઘોર નરકાસુરનું ઘોર નર્ક-તાંડવ છે ! કોઇ જન્મમાત્રથીજ અસ્પૃશ્ય નથી, તેમ કોઇ જન્મ-
માત્રથીજ સ્પૃશ્ય નથી. સત્ય, ન્યાય, સમભાવ, પ્રેમ, પવિત્રતા, સદાચાર, એ જેમાં જેમાં હોય,
ગમે તે દેશની ગમે તે જાતિમાં-તે તે સ્પૃશ્ય છે; અને તદ્દવિપરીત-અનાચારયુક્ત જાતિ કોઇ પણ
દેશની ધમંડખોર કાં ન હોય-તે તે અસ્પૃશ્ય છે. જન્મ અમુક જાતિમાં થવો એનો કંઇ હિસાબ
નથી. ગુણ, કર્મ અને સ્વભાવ એજ પ્રધાન વિચારણીય છે. ટુંકમાં ધર્મ એ સ્પૃશ્ય અને અધર્મ
એ અસ્પૃશ્ય છે. ધર્મ કોઈ એકજ દેશની એકજ જાતિની બાપુકી મિલકત નથી. જે ધારણ કરે
તે ધાર્મિક અને જે ધાર્મિક તેજ સ્પૃશ્ય.

આ તે આદર્શ દ્રષ્ટાની આજના મહાપ્રશ્નપરત્વે ૫૦ વર્ષ પૂર્વેની મીમાંસા હતી, જે આજ
પણ જેવી ને તેવીજ ઉભી છે. બલ્કે આજ તે મીમાંસા વધુ સ્પષ્ટ સ્વરૂપમાં નજરે તરવરવા લાગી
છે. અર્ધી સદી પૂર્વે દયાનંદની આ મીમાંસા તે સમયના જનસમાજને કડવી લાગી, પણ આજે
તે મહૌષધિસમાન તેને નવજીવન દઇ રહી છે. એને મારેજ અમે આજના અમારા લેખનું મથાળું

'लहेराती है खेती दयानंद की'

એ રાખ્યું છે. અસ્તુ. આ મહાપ્રશ્ને આજે કેવું ગંભીર રૂપ લીધું છે અને તેના નિરાકરણમાંજ
અમારૂં જીવન તથા મુક્તિ છે, તે બતાવવા અને તે સાથે દયાનંદના ઉપદેશનો વિજય સૂચ-
વતા હું નીચલું બયાન (સ્થલાભાવ ધ્યાનમાં હોવા છતાંયે) રજુ કરીશ.

રા. ૨૫

[illegible]

[illegible]

રેજ નહિ. રહેવા દેને. આજથગી હિંદુના મુસલમાન થતા તો અમે જોયા, પણ મુસલમાનના
તો થતા ક્યાંય જોયા નહિ. તેનું બધું ખાધેલુંપીધેલું ભુંસાય નહિ. કાગડાનો બગ
તે ક્યાંથી ?'

છઠ્ઠા ધોરણમાં ગયે જ વરસે પાસ થયેલી લક્ષ્મી બોલી ઉઠી: ' સુભદ્રા કાકી ! ગધેડાની ગાય
ન જ થાય, પણ એ તો કહેવાની, ગાયનો ગધેડો પણ થાય કે !'

' હંહં......ગાયનો ગધેડો કોઇ કાળે થાય ના' સુભદ્રા ડોશી બોલ્યાં.

' વારૂ! ત્યારે હંસનો કાગડો થાય કે ?' લક્ષ્મી બોલી. ' ના, ના. તું જાણે છે તો ખરી.
ટલું પણ સમજતી નથી !' સીતાબા બોલ્યાં.

લક્ષ્મી:-ઠીક ' એક રજપૂત હોય કે એક બ્રાહ્મણી હોય, તમે તેને હંસ માનો છો, ગાય
નો છો. જો તેઓ મુસલમાનના ઘરનું પાણી પીએ અથવા બ્રાહ્મણી મુસલમાનના ઘરમાં બેસે,
એ વટલે કે ?

સીતાબા:-હારતો. મુસલમાનનું ખાધું એટલે વટલેસ્તો.

લક્ષ્મી:-પછી આ તો હંસ, કાગડો થયો બા !

સુભદ્રા:-લક્ષ્મી ! તારી વાત તો ખરી છે; પણ આ કેમનું થતું હશે ? કોણ જાણે ! આપણે
એટલુંજ જાણીએ-હિંદુ વટલી શકે છે.

લક્ષ્મી બોલી ઉઠી:-કાકી ! જે વટલે છે તે સુધરી પણ શકે છે. પગે કાદવ ચોંટે, ધોઇએ
નીકળી જાય; તો પછી બીજા ધર્મમાં જવાથી જે વટાળ લાગે છે તે પણ કાઢી શકાય છે,
ને શુદ્ધ આચારવિચારવાળા હિંદુ બનાવી શકાય છે.

સુભદ્રા ડોશી:-હા ! હા ! બહેન, તારી વાત ગળે તો ઉતરે છે;પણ કોઇ વાર આપણે મુસલ-
માનને હિંદુ થતા જોયા નથી એટલે આપણને નવાઇ લાગે છે.

લક્ષ્મી:-કાંઇ નહિ કાકી, હવે હિંદુઓ, મુસલમાનને હિંદુ કરે છે. આ ક્રિયાને શુદ્ધિક્રિયા
કહે છે. એક ખ્રિસ્તી કે મુસલમાનની શુદ્ધિ થાય છે તો તે પછી આપણા સમાજમાં આવે છે અને
તેને હિંદુતરીકેના બધા હક્કો આપવામાં આવે છે.

સુભદ્રા:-ચલો બહેનો ! આપણા ગામની મોલેસલામ ગરાસણીઓ હિંદુ થઇ છે. તેને
મળવા જઇએ.

લક્ષ્મી:-ઠાકોરાએ હમણાંજ કહ્યું કે, સવારે તે બધાં હિંદુ થયાં છે. તેમાંની કેટલાંક તો
ઈજાર પહેરતી છોડી દીધી. કેટલાંકે શુદ્ધિ પછી માટીનાં જૂનાં બેડાં ફોડી નાખ્યાં ને કેટલીકે તો
ઘરની થાપ સુદ્ધાં ઉખેડી નાખી. પેલી સમજુમાએ તો ચૂલે ચઢાવેલી હાંલ્લી પણ ચકલે મૂકી દીધી.

સુભદ્રા:-વિધર્મીને પાવન કરવાથી મોટું પુણ્ય છે એ ચંદ્રાનંદશંકર કથામાં કહેતા હતા, તે
આજ બરોબર મને સાંભરે છે. બીજું બધુંય જવા દઇએ, પણ એકેક ગાય તો મરાતી બચીને ?

લક્ષ્મી:-હવે તો ધડાધડ બીજા બધાં ગામે શુદ્ધિમાં પડવાનાં. શુદ્ધિનો જબરો પવન વાયો
છે. કોઇ મોટું હિંદુ થશે તો કોઇ વહેલું.

સીતાબા:-સમજણનો ફેર પોસ્તો.

દીવાતળે અંધારૂં !

(લેખક:-આનંદપ્રિય આત્મારામ પંડિત-' પ્રચારક 'ના એક અંકમાંથી)

દેડવાડાની સભામાં પીરાજપુર ગામના ચોખટીઅરા જઇ પહોંચ્યા. ભાવભીની ધમાલ મચી
રહી હતી. રા. મારતિશંકરે તો મગમગા થઇ હિંદુ દેવાની સુગ લેવાની પેટ ભરીને વાતો કરી.
બધમાં ઉત્સવ રેડાયો. લોકોનાં મન ઉછાળા મારવા લાગ્યાં. સભા શાંતપણે પાર પડી. લોકો
પછી વિખરાયા. મારતીશંકરે પોતાની પાઘડી ને ખેસ જમાલમિયાને ત્યાં મૂક્યાં. જમાલમિયાં તેને
અડક્યા ને તે પાછું આપ્યું. મારતીશંકર ઘેર પહોંચ્યા તો તેમનાં દેવી તાંબાકુંડી ભરી પાટલો
નાખી બહાર ઉભા હતાં. મારતીશંકરે સ્નાન કર્યું ને ઘરમાં પેઠા ત્યાં તો દૂર ઉભેલા ટીખળીખોર
જગાભાઇ બોલી ઉઠ્યા-આ શું દીવાતળે અંધારૂં કે !

× × × × ×

મે૦ ઓઘડભાઇ સુધારક છે. વિધવાવિવાહના ચુસ્ત હિમાયતી છે. [illegible] પ્રતાપથી અનેક વિધવાઓ સધવા થઇ છે. તેમની પુત્રી બ્હેન ચંચળનાં લગ્ન વસંત[illegible] ધૂમથી થયાં, પણ એક અઠવાડીઆમાંજ યમરાજે ચંચળનું સૌભાગ્ય લુંટી લીધું. ચંચળે ફરી પરણવાની ઇચ્છા બતાવી, પણ તેના વિરોધમાં ઓઘડ ડોસાએ સાબીત કરી [illegible] કે દીવાતળે અંધારૂંજ !!! એક જણાને વાત કરતાં તે બોલ્યા, ' બીજાનાં પુનર્લગ્નો ભલે [illegible] આપે, પણ ભા ! ઘરમાંજ એવું થાય તોપછી બાપદાદાની કીર્તિપર પાણી ફરી વળે એનું [illegible] પછી રહ્યું રગદોળ્યું એકજ. '

× × × × ×

કરૂણાશંકર મહારાજ કળિકાળમાં વર્ણાશ્રમધર્મનું પૂછડું પકડીને બેઠા છે. તે દિવસે [illegible] તેમણે આર્યસમાજીઓની સખ્ત શબ્દોમાં ખૂબ ઝાટકણી કાઢતાં કહ્યું કે એ લોકો વર્ણ[illegible] જરાય માનતા નથી. શ્રોતાજનોએ દરરોજની ધૂનમાં પોકારી દીધું કે સત્યવચન, મહારાજ [illegible] દાસ નમોનમઃ મહારાજની સફેદ દાઢી ભકતજનોની ' હાજી, બાબા, હા, ' ની લહેરમાં ફરફર[illegible] હરિદાસ મહારાજ કરૂણાશંકર મહારાજની સફેદ દાઢી જોઇ વિચારમાં પડી ગયા કે, [illegible] ધર્મના બાંગો પોકારનારા મહારાજ હજીસુધી કેમ ગૃહસ્થી રહ્યા છે? સંન્યાસી કેમ [illegible] મેંકલા શંકરભાઇ કહેવા લાગ્યા, ' ભાઇ ચૂપ રહો ! એ તો દીવાતળે અંધારૂં !'

× × × × ×

[illegible] ગામ [illegible] કુલીન ગામોમાં ગણાય છે. મોરાર પટેલ પોતાના પટાવાળા હમીદ[illegible] ' [illegible] ! [illegible] !' ના પોકારો વચ્ચે વાંકી પાઘડી મૂકી જઇ રહ્યા છે. [illegible] [illegible] છે. પગ જરા વાંકો પડવાથી મોરાર પટેલને આડી પડી. [illegible] [illegible] રામલીના માથામાં જોરથી ફોકયો, ને રામલીને લોહીલુહાણ કરી [illegible] પટેલ [illegible] કે, હિંદુ [illegible] તે વળી કેમ આડી જાય ? હમીદખાન મિયાં [illegible] [illegible] ને ઘણી ફિકરમાં ફરતા હતા. છેવટે થાકીને આંખ આડા કાન કરીને [illegible] [illegible] બેઠા. શિવલી પછી તો મરીયમ બની. મિયાંની બીબી બન્યા [illegible] [illegible] ખૂબ મદદ કરી. લોકો કુલીનતારૂપી દીવાની નીચે અંધારૂં [illegible]

× × × × ×

તે દિવસે કોલેજ હોલમાં ભાષણ કરતાં મી. ચંદુભાઇએ વરવિક્રય ને કન્યાવિક્રય [illegible] [illegible] સરસ વિવેચન કરેલું હતું. બી. એ. પાસ કરી ચંદુભાઇ ઘેર આવ્યા [illegible] [illegible] પોતાની પુત્રીનું લગ્ન તેમની સાથે જોડવાની આતુરતાથી તેમને [illegible] [illegible], [illegible] પુત્રી સાથે લગ્નની ગાંઠથી જોડાવા રાજી તો થયા; પણ [illegible] [illegible] વાત કરી કે તેમના સસરા [illegible] વિલાયત મોકલી તેમનો [illegible] [illegible] કે કેમ એ પ્રશ્ન ઘણાના મનમાં ઘોળાયો; [illegible] [illegible] દીવાતળે અંધારૂં છે.

× × × × ×

[illegible] શ્રી ગોકુલપતિ કળિયુગમાં સાક્ષાત્ કૃષ્ણ અવતાર બની [illegible] [illegible] ગોપીઓ સાથે [illegible] વગેરે અનેક લીલાઓની [illegible] [illegible] કળિયુગના [illegible] [illegible] [illegible]

શ્રદ્ધાનંદને શ્રદ્ધાંજલિ

('સુવર્ણમાળા' માગશર ૧૯૮૩ ના અંકમાંથી)

વેદધર્મની વિજયપતાકા ફરકાવનાર, મહર્ષિ દયાનંદનો સાચો વારસદાર, દલિતોનો ઉદ્ધારક ને રાષ્ટ્રીયતાનો તપસ્વી આજે પરધર્મના ઝનૂની હુતાશનમાં હોમાઈને અમર નામના મૂકી ગયો એ તપસ્વીનું નામ સ્વામી શ્રદ્ધાનંદ. આર્યોચિત અતિથિધર્મના પાલનમાં એના પ્રાણ હરાયા. કાફિરની કતલ કરીને બેહિસ્તમાં હુરાઓની બાથમાં ભીડાવાની મુરાદ સેવનાર એક ધર્માન્ધ મુસ્લીમ અબ્દુલ રશીદ હિંદુવટની એ ગૌરવમૂર્તિને આંગણે અતિથિ બને છે અને પછી લાગ જોઈ નિઃશસ્ત્ર, નિર્દોષ અને સહિષ્ણુ સ્વામીજીને પાંચ પાંચ ગોળીએ વિંધી નાખે છે. એ માર્ગભૂલ્યો મુસ્લીમ એટલુંયે નથી જોતો કે જેને તે પોતાના દીનનો અને ઇસ્લામી આલમનો શત્રુ ગણીને સંહારવા આવ્યો છે, એ તો મુસ્લીમોનોય બાંધવ છે. દિલ્હીમાં લોહીતરસ્યા ગુરખાઓની બંદુકો સામે તેના જાતભાઈઓને કાજે–ઈસ્લામીઓને માટે–પણ પોતાની પહોળી છાતી ધરી દેનાર મિત્ર છે. અરે! એટલી ઉદાર ને દૂરંદેશ દૃષ્ટિ તો વેગળી રહી; પણ એને માનવતાસુલભ બુદ્ધિ પણ નથી સૂઝતી કે, શ્રદ્ધાનંદ બિમાર છે, અશક્ત છે, અસાવધ છે, માટેજ આ સંહાર હત્યારે દીપકારો બની રહે છે. સ્વામીજી પાસે પાણી માગનાર એ માનવપશુ પાણીનો તરસ્યો નહોતો. એને તો દીનના શત્રુ એક કાફિરના રુધિરની પ્યાસ હતી અને એ તેણે જોતજોતામાં છીપાવી લીધી.

સુધારકનું જીવનજ જોખમોની એક જીવતી પરંપરાસમું હોય છે. ધર્મસુધારક કે સમાજસુધારક, ગમે તે સુધારકની રચના એકવાર તો પુરાણી રૂઢિના સંહારપર મંડાયેલીજ રહે છે; એટલેજ બંડ જગાવનારની સામે પ્રારંભે ધોધમાર બંડ જાગે છે. મહર્ષિ દયાનંદનું જીવન આવા આઘાત અને પ્રત્યાઘાતનો ગૌરવભર્યો ઇતિહાસજ છે. એ રુદ્રાવતારની સામે ખુદ હિંદુસમાજના સનાતનવાદીઓએ બીભત્સ પડ્યંત્રો રચી, વિષપ્રયોગવડે એનો જીવ ચૂસી લીધો હતો, તે માર્ગભૂલ્યા ઝનૂની પરધર્મીને હાથે તપસ્વી શ્રદ્ધાનંદનું ખૂન કેટલું આશ્ચર્ય ઉપજાવી શકશે? મહર્ષિના જાજરમાન શિષ્યને ઉચિત મરણ, કાંગડીના તપોધનને સાંપડ્યું છે. આ વીરોચિત અવસાન થકી તો આર્યસમાજ અધિક ઉજમાળો બની રહે છે. એની જે કંઈ ખામીઓ હશે, હિંદુવટની જે કંઈ જડતા રહી ગઇ હશે તે સર્વ આ શહીદની શોણિતધારાવડે ધોવાઇ જાય છે. વિજયી વેદધર્મનો અને સમાજસેવાનો ઝંડો ફરકાવનાર આર્ય શહીદોની પરંપરામાં સ્થાન પામીને ઋષિ શ્રદ્ધાનંદજી આજે હિંદુવટને અને હિંદની રાષ્ટ્રીયતાને અસ્ખલિત જાગૃતિનો અબોલ પડકાર આપ્યે જાય છે.

શહીદ શ્રદ્ધાનંદજીના ઉજ્જ્વલ મૃત્યુપર અભિમાન લેતાં તો સાત સાત દાયકાઓપર પથરાયેલું એમનું સેવાજીવન નજર સમીપ તરવરી ઉઠે છે. સમાજની બદીઓ સામે, આર્યજનનીનાં સાંસારિક બંધનો સામે, અસ્પૃશ્યતા સામે, રાજદ્વારી પરાધીનતા સામે, ધર્મના નામે માનવજીવન ઉપર જડવામાં આવતી શૃંખલાઓ સામે અને હિંદુવટ ઉપર દારુણ આક્રમણ કરતી વિધર્મી પ્રવૃત્તિઓ સામે શ્રદ્ધાનંદજીનું સિત્તેર વર્ષનું આયુષ્ય પોણી સદીના રણસંગ્રામસમું જ્વલંત ઉભું છે. સ્વદેશ, સ્વધર્મ અને સ્વજાતિમાટે આખી જીંદગી ખર્ચી, આખરે એ સેવાવ્રતધારી જીવનની કુરબાની કરી દેનાર તપસ્વીની મહત્તા પ્રીછવામાટે પુસ્તકો આલેખવાં પડશે. અહીં એ તપોધનના જીવનની આછી આછી તેજછાયાઓનું અપૂર્ણ ચિત્ર દોરવાનો માત્ર પ્રયત્ન થાય છે.

શૈશવ અને કૌમાર

સંવત ૧૯૩૧ માં મહર્ષિ દયાનંદે વાંસબરેલીમાં આ વચનો ઉચ્ચાર્યાં હતાં, "મારા આત્માને હણવાનો દાવો કરનાર શૂરવીર નર મને કોઇ તો બતાવો." સમાજના ઉદ્ધારકની કાયા હણનાર ખુની એના આત્માની અખંડ જ્યોત જગતપર પ્રકટાવી દે છે. શ્રદ્ધાનંદજીના ખૂનનું પણ એજ ઉજળું રહસ્ય છે. શ્રદ્ધાનંદજીનો સંહાર કરીને ખુની અબ્દુલ રશીદે માન્યું હશે કે, તેણે હિંદવટના પોષક ને પ્રેરક બળનો વિધ્વંસ કર્યો છે, પણ એજ ખૂન આજે જાણે કે હજારો જીવ

જેમાં ખાંત કરતા રહેતા. એમના [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
તે એમના [illegible] રાખતા પ્રચંડ દેવની પ્રતિમા [illegible] [illegible] ને [illegible] [illegible]
[illegible] અનુગામના પૈપા. વેદધર્મના [illegible] દેવમાં એને [illegible] [illegible]
ના તેજ–અંધારમાં મનશીરામના અંતઃકરણમાં ચમકાર [illegible] અને એને [illegible] [illegible]
[illegible]. પરમ જીવનના જોબીકારની ગાથા એને આપતી જ. [illegible] એને પોતાની [illegible] [illegible]
વિંદ આવ્યો. સેવાજીવન એજ એનું નૈતિક ધ્યેય બની રહ્યું.

શિક્ષણસુધારણ

પ્રબુદ્ધ મુનશીરામે રાષ્ટ્રવિધાયકની આર્ષ દૃષ્ટિથી જોયું કે, સરકારની શિક્ષણપદ્ધતિ દેશમાં ગુલા-
મગીરી ને સ્વત્વહીન નવયુવકો ઉત્પન્ન કરવાને બદલે કેરળ મદ્રાસ ગુજરાતમાં રાખનાર [illegible] [illegible]
[illegible] છે. રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ એને શિક્ષણક્રમમાં અનિવાર્ય લાગ્યો. તરુણ જનતાની
મદીનગી તથા ગોખણપટ્ટીમાં હીણાતી જોઈ એનો આત્મા કકળી ઉઠ્યો. એ અરસામાં લાહોરમાં એંગ્લો-
વેદીક કૉલેજની સ્થાપના થઈ ચૂકી હતી. (ઈ. સ. ૧૮૮૫) ધર્મશીલ અને રાષ્ટ્રગૌરવને
પ્રેરનાર પુસ્તકોપર મુનશીરામનું લક્ષ ચોંટ્યું. એમણે બુલંદ અવાજે જાહેર કર્યું કે, કૉલેજ અને
શાળાના અભ્યાસક્રમમાં વેદોને પ્રધાનપદ મળવું જોઈએ. આ ક્રાન્તિકાર મંતવ્યપર તેને પં. ગુરુદત્ત
વિદ્યાર્થીનું સમર્થન મળ્યું; પણ મુનશીરામનો અવાજ કાને ધરાયો નહિ, એટલે તેને રાષ્ટ્રીય શિક્ષ-
ણનું નિર્માણ કરવાની નવી ભાવના જાગી. શિક્ષણશાસ્ત્ર ઉપર એણે વર્ષોસુધી મનન કર્યું. પરિ-
ણામે એક અપૂર્વ અને સળંગ યોજના તૈયાર થઈ. પંજાબના આર્યસમાજના પ્રભાવશાળી નેતા
ગુરુદત્ત શાસ્ત્રીનું અવસાન થયું અને મુનશીરામને સરદારી સોંપવી. રાષ્ટ્રીય શિક્ષણના વિધાનની
ઘડી આવી લાગી.

ગુરુકુળની સ્થાપના

પરદેશી શિક્ષણપદ્ધતિમાં પીસાઈને ચેતના ગુમાવનારી તરુણ જનતાનો ઉદ્ધાર સાકાર કરવા મુન-
શીરામે કમર કસી. એણે વકીલાતનો ધંધો ફગાવી દીધો અને સર્વ શક્તિ રાષ્ટ્રીય શિક્ષણની યોજના-
પર કેન્દ્રિત કરી. ભવ્ય ભૂતકાળની બ્રહ્મચર્યાશ્રમની શિક્ષણપ્રથાને પુનર્જીવન આપવાની યોજના એણે
જનતાસમક્ષ ધરી દીધી. પછી એણે ગુરુકુળ સ્થાપવાની પ્રતિજ્ઞા કરી; પણ તેની સિદ્ધિઅર્થે તો
હજારો રૂપિયાની આવશ્યકતા ખડી થઈ. સરકારી મદદની એને ઉપેક્ષા નહોતી. ઉલટું સરકારી શિક્ષણ-
પ્રણાલીની અનિષ્ટ પ્રથા સામે એને બેડો બળવો સળગાવવો હતો. બ્રહ્મચર્ય, પવિત્રતા અને ધર્મભા-
વનાને પોષણ આપે એવું સ્થળ શોધાયું. હીમાચળની અટીખમ ખડકીઓ વટાવી, ભાગીરથી જ્યાં
સપાટ પ્રદેશને ભીંજાવ્યા કરે છે, ત્યાં પુણ્યક્ષેત્ર હરદ્વાર નજીક કાંગડીપર એ સમાજસેવકની નજર ઠરી.
જ્યાં બ્રહ્મચારીઓને દુન્યવી માનવીઓના વિકારો અભડાવી ન શકે, જ્યાં કુદરત, કિરતાર અને
નિર્દોષ માનવજીવનનો એકાંત સંયોગ વિદ્યાર્થીજીવનની પવિત્રતાને આડે પહોર પોષ્યા કરે, જ્યાં
નિર્જનતાને રમ્ય બનાવતો કવિત્વમયી પશુપંખીઓનો સંગાથ જીવનની મધુર ને મદોન્મભરી ટહુકો
ફૂટાવે, ત્યાં ગુરુકુળનું ખાતમુહૂર્ત નિર્માયું. ત્રીસ હજારનો અંદાજ બંધાયો. માનવતાનો સેવ
બનીને, હિંદની તરુણ જનતાનો સાથી બનીને, મુનશીરામ ઝોળી લઈને ગામેગામ ભટક્યો. થાકને
એણે ગણકાર્યો નહિ. વિટંબણાઓ એની વિસાતમાં નહોતી. એ તો દિનરાત એક નિયત કર્તવ્ય-
પથ ઉપર મજલ દર મજલ ધપ્યે જતો હતો. દેશભરમાં ઘૂમીને એણે છજ મહીનામાં આવડી રકમ
ઉઘરાવી લીધી. જે જમાનામાં પ્રજાને રાષ્ટ્રીય શિક્ષણનું લગારે ભાન નહોતું જાગ્યું અને આર્યસ-
માજની સામે ધનાઢ્ય સનાતનવાદીઓની લાલ આંખ ફરકતી હતી, એ જમાનામાં આ ફતેહ
અદ્ભુત લેખાઈ ગઈ.

પ્રાણવાન શિક્ષણ

સેવાવ્રતધારી શ્રદ્ધાનંદની ભાવના ફળી અને ૧૯૦૨ માં કાંગડીમાં ગુરુકુળ ખુલ્લું મૂકવાનો વિધિ
ઉજવાયો. ચોમેર વિસ્તરતી ભયાનક વનઘટા, હિંસક પ્રાણીઓનો સતત ઉપદ્રવ, જંગલી માતંગોનાં વાર-
વાર આક્રમણ—આવા વીરત્વપોષક વાતાવરણવચ્ચે એણે બ્રહ્મચારીઓનું જૂથ વસાવ્યું. ત્યાં હિંદની
પ્રાચીન સંસ્કૃતિનું નવસર્જન થવા લાગ્યું. માતૃભાષા તમામ શિક્ષણનું વાહન બની રહી. પરબ્રહ્ર-

વાદી વેદોના અધ્યયનને પ્રધાનપદ અપાયું; છતાં એ શિક્ષણક્રમ સંકુચિત નહોતો. વિદ્યાનેય તેમાં સમીચીન સ્થાન હતું. બ્રહ્મચર્યસેવન અને વ્યાયામવડે વિદ્યાર્થીઓની ઓજસ્ અને વીર્યનો સંગ્રહ થયો. પ્રાણવાન શિક્ષણ એ સંસ્થાનું ધ્યેય બની રહ્યું. આ શિક્ષણસંસ્થાને નિરખવા આવનાર તેનાં ભવ્ય સંસ્મરણો લેતા ગયા. યૂરપી અને અમેરિકન શિક્ષકો તે જોઇને હેરત પામ્યા. ટાઢતડકા અને વરસાદમાં ખુલ્લા શરીરે ઘૂમતા, જાહ્નવીમાં પ્રભાતસ્નાન લેતા, પહાડોને પગતળે કાઢતા અને કુદરતના સૌંદર્ય સાથે મસ્ત ખેલન કરતા બ્રહ્મચારીઓનાં દર્શન કરી પરદેશીઓ પણ પ્રેરણા પામ્યા. અમેરિકન કેળવણીકાર મહાશય રૂલ્મે તો અહીં ત્રણ માસપર્યંત નિવાસ કરી, કાંગડી ગુરુકુળની શિક્ષણપ્રણાલિની તારીફ જગતને એક પુસ્તકમાં સુણાવી છે. આવી સ્વાધીન અને જીવનદ્યોત કેળવણી આગળ એણે વંદના ઝુકાવી છે. ડૉ. ઇસ્લીંગ્ટન, માઇકલ સેડલર, લૉર્ડ મેસ્ટન, રામસે મેકડૉનલ્ડ–કેટકેટલા વિલાયતી અમીરોએ આ સંસ્થાનાં દર્શન કરી પ્રશંસાના સૂર કાઢ્યા છે! અરે, બ્રિટીશ તાજના પ્રતિનિધિ વાઇસરૉય પણ એનો પરિચય સાધવાનું ચૂકયા નહોતા. રામસે મેકડૉનલ્ડે તો એનાપર એક પુસ્તકમાં આખું સંસ્કારચિત્ર આલેખ્યું છે. મુનશીરામજીના વેદસ્તવનના બુલંદ નાદોએ એની હૃદયતંત્રીઓ ઝણઝણાવી મૂકી છે. કાંગડીના કુલપતિની દેહલતામાં એણે ભગવાન જિસસ અને સેન્ટ પિટરનાં દિવ્ય તેજ વિલોક્યાં. આ સર્વ વાતોનો એકરાર તેણે એક ગ્રંથમાં વેગવતી વાણીમારફત કર્યો છે.

નવું સર્જન

ગુરુકુળના બ્રહ્મચારીઓ વચ્ચે મુનશીરામ વાત્સલ્યમૂર્તિ માતાસમા વિરાજતા. લાલા મુનશીરામની કીર્તિ મહાત્મા મુનશીરામનું પદ વરી લાવી. એનો માંસલ દેહ, રાષ્ટ્રોન્નતિની ભાવનામાં સળગી ઉઠતાં એનાં જ્વલંત નેત્રો અને એનો ખુન્નસભર્યો ચહેરો નીરખનાર એની સત્સલતા નિહાળીને તાજુબ થતો. એના જીવનમાં વીરત્વ સાથે ક્ષમાનો સંગમ થયો, ઉગ્ર તેજ અને રુદ્રતા સાથે સૌજન્ય અને સુકુમાર સ્નેહની ફોરમ પ્રકટી. **वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि** એવું હૈયું એને પ્રાપ્ત થયું; અને એ હુંફની છાયામાં તરુણોના જીવનનું એક નવું અને પ્રાણવાન સર્જન રચાઇ રહ્યું; પણ મહાત્મા મુનશીરામનો માર્ગ કંઇ ગુલાબોવડે નહોતો પથરાયો. પ્રજાવિધાનના દુર્ગમ રાહપર તો કંઇક શૂળો વેરાયા હતા. એમની શિક્ષણપ્રવૃત્તિમાંય 'ચારચક્ષુ' સરકારે રાજદ્રોહની ઘોર વાદળીઓ ઘેરાયેલી દીઠી. ગોરા દેવાધિદેવોની ખફા એનાપર ઘુરકવા લાગી. એના પંથ આડે અનેકવિધ આવરણો ખડાં થયાં; છતાં એ ભડવીર નજ ડગ્યો. એ તો વિજયને વરવા નીસરેલો આજીવન લડવૈયો હતો. એની છાતી લોખંડની ઘડાઇ હતી. સત્તર સત્તર વર્ષોસુધી તે પારાવાર આપત્તિઓ સામે નિસ્પંદ ઝુઝ્યો. બોંબ, રિવોલ્વર અને કારાગારની એણે ગણત્રી ન કરી અને એણે વિજય મેળવ્યો. ગુરુકુળની સંસ્થા એના વિરાટસ્વરૂપે આજે મુનશીરામની ભાવનામૂર્તિસમી નિશ્ચળ ઉભી છે. ત્રીસ વર્ષને અંતે આજે એ સંસ્થાની પંજાબભરમાં પથરાયેલી શાખા–પ્રશાખાઓમાં દોઢ હજાર કન્યા–કુમારો સ્વાધીનતાનું શિક્ષણ મેળવી રહ્યાં છે. પોણોસો સ્નાતકો એમાં શરીર અને માનસ કેળવીને સંસારમાં આજે સ્વમાન અને ધર્મભાવનાથી મહેકતું જીવન ગુજારી રહ્યા છે.

મહિલાશિક્ષણનો નિર્માતા

કેળવણીકાર મુનશીરામની શિક્ષણભાવના વિરાટ હતી. એણે કાબેલ શિક્ષણશાસ્ત્રીની નજરે વડે વિલોકી લીધું હતું કે, રાષ્ટ્રની ઉન્નતિની ખરી ચાવી મહિલાશિક્ષણમાં છે. બાળક એ તો ભાવી પ્રજા છે, તો એ પ્રજાની ઘડનાર તેની જનનીજ છે. માતાના કુસંસ્કારો ભાવી પ્રજાને વિઘાતક નીવડવાના, માટેજ પ્રજાવિધાન સારૂ પ્રથમ દરજ્જે મહિલાશિક્ષણની જરૂરત છે, એમ જાણી લઇ તેણે જલંધરમાં કન્યાઓનું મહાવિદ્યાલય ઉભું કર્યું. સ્ત્રીજીવનની ઉન્નતિમાટેની એની ધગશ પંજાબમાં ઠામઠામ પથરાયેલાં કન્યાશિક્ષણાલયો અને દિલ્હીના કન્યાગુરુકુળરૂપે સાકાર ઉભી છે.

સમાજસુધારણા

પણ એણે રાષ્ટ્રીય કેળવણીનું નિર્માણ કરીનેજ ઇતિકર્તવ્યતા નથી માની. હિંદુ સમાજનાં બહુવિધ દૂષણો સામે એની ઝુંબેશ એટલીજ ધોધમાર હતી. જ્ઞાતિ–પેટાજ્ઞાતિના સાંકડા વાડા એના દિલને ડંખ દેતા હતા. એ બંધનો તોડી વછોડી, એ કાળે તો લગભગ વિપ્લવકારક ગણાતું

નેનું આચરણ એણે અખત્યાર કર્યું. પોતાનાં સંતાનોને એણે જ્ઞાતિમાં પરણાવી અનેરું ઉદા-
ત દાખલો બેસાર્યો. જ્યારે ગાંધીજીની અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ હિંદને જાણે નહોતી
ત્યારે હિંદુસમાજના વિરોધવચ્ચે સામી છાતીએ ચાલીને અંત્યજોનું અપૂર્વ ઉદ્ધાર આરંભ
સમાજસુધારક હતો.

મુનશીરામમાંથી શ્રદ્ધાનંદ

ધીમે પણ અચૂક પગલે જરા એના ઉપર પસા આવતી હતી. એનું જીવનનો નમનો પહેરાર
નીદાઓ અને પોતાની તમામ પ્રવૃત્તિઓપરથી સર્વ અનુરાગ સમેટી લીધો. એણે સંન્યાસ
ગ્રહણ કર્યો. મહાત્મા મુનશીરામ મટીને તે સ્વામી શ્રદ્ધાનંદ બન્યા. હાથે મર્યાદા નહીં રહી;
અનુરાગ વિશ્વપ્રેમમાં પરિણમ્યો. ભગવાં પહેરીને એ તો જગતનું કલ્યાણ કરવા બહાર પડયા.

રાષ્ટ્રવિધાન

વાનપ્રસ્થ જીવનમાં મુનશીરામે બ્રહ્મચર્ય અને રાષ્ટ્રીય શિક્ષણનું સ્વપ્ન સફળ કરીને આત્મ-
નિમજ્જનની સંન્યસ્ત જીંદગી સ્વીકારી; પણ એટલામાં તો સંન્યાસી શ્રદ્ધાનંદને કાને પરાધીન-
તાનું રુદન કરતી ભારતમાતાનો આર્તસ્વર અથડાયો. એણે નિશ્ચય કર્યો કે, જ્યાંલગી માતૃભૂમિ
દના અનુભવે છે, ત્યાંલગી મારે આત્મકલ્યાણની નિવૃત્તિ કશા ખપની નથી. રાષ્ટ્રનો સાદ જેને
જગાડે નહિ તે એ પુત્ર નથી, પણ પથ્થર છે. નિવૃત્તિ અને સંસારત્યાગના એકાન્તે એને
એકાન્તવાસમાં બેઠો ખાવાની મતિ નજ સૂઝી. એ તો વૃદ્ધાવસ્થામાંયે જુવાનોને શરમાવવાના સાજ
સજીને બહાર આવ્યા અને પોતાની જાતને રાષ્ટ્રોત્થાનની અવિરત ઝુંબેશમાં ઝૂકાવી દીધી. ત્યારથી
એના જીવનની પ્રત્યેક પળ પરાધીનતાની શૃંખલા તોડવામાં ખર્ચાવા લાગી. રાષ્ટ્રવિધાન એજ
એનો જીવનમંત્ર બની રહ્યો.

વીરત્વની પરાકાષ્ઠા

કાંગડીની વનરાજીમાં મત્ત માતંગો ને હિંસક પ્રાણીઓનો સામનો કરનાર જુવાન મુનશી-
રામને હવે વૃદ્ધાવસ્થામાં એથીયે અધિક શૌર્ય દાખવવાના પ્રસંગો ખડા થયા. ૧૯૧૯ ના કાળા
સંવત્સરમાં પંજાબના રોલેટ કાયદાએ દેશભરમાં અંધેરી પ્રસારી દીધી અને પડનાપર પાટુ
લગાવવા જલીઆનવાલા બાગનો પૈશાચિક હત્યાકાંડ ખેલાયો. પ્રજા સમગ્રનાં હૈયાં થરથરી ઉઠયાં.
દિલ્હી નગરમાં ભયંકર ઉશ્કેરાટની લાગણી પ્રસરી રહી. હિંદુ-મુસ્લીમ સર્વ કોઇ એ જુલમજહાં-
ગીરી સામે પોતાનો વિરોધ દાખવવા ટોળે મળ્યા. વચ્ચે શ્રદ્ધાનંદજીનો સિંહનાદ ગર્જી ઉઠયોઃ
"બસ, નિર્દોષ માનવતાનો સંહાર નહિજ થવા દઇએ." હજારો હિંદુમુસ્લીમ જનોને પોતાની
વિરાટ કુક્ષમાં સંઘરી એ ભીષ્મસમો અણનમ અને અડગ સંન્યાસી ચાંદનીચોકમાં આવી ઉભો.
લશ્કરી કાયદાના સાજ સજીને સરકારની ગુરખા ટુકડી વિરોધ પોકારનાર જનતાની મેદની વીખે-
રવા મારમાર કરતી ખડી થઈ. વીખરાઇ જવાના લશ્કરી આદેશની અવગણના કરી સંન્યાસી
સ્વસ્થ ઉભો રહ્યો. હિંદુ-મુસ્લીમો કંપી ઉઠયાઃ "હમણાં આ મશીનગનો અમારા ઉપર હલવાઇ
જશે!" પણ શ્રદ્ધાનંદજીને આત્મબળમાં અવિચળ શ્રદ્ધા હતી. ગુરખા સોલ્જરો સંગીન લઇને
હલ્લો કરવા ધસ્યા. મેદનીને મોખરે જઇ શ્રદ્ધાનંદ છાતી કાઢીને ઉભા રહ્યા. "વિંધી નાખો,
તાકાત હોય તો સંગીન ચલાવી દો." ગુરખાઓ સ્તબ્ધ બનીને ઉભા રહ્યા. તપોધન સંન્યા-
સીનું એ તાપસતેજ, એની કાયામાંથી નીસરતાં પ્રતિભાકિરણો, એની આંખની સૌમ્ય ને જ્વ-
લંત દ્યુતિ-આત્માંના ઓજસ્ આગળ પશુબળ ઝંખવાણું પડયું. યુગ યુગ સુધી આ ઘટના ભારત-
વાસીઓનાં સંતાનો પોતાની જનનીનાં ધાવણમાં ધાવશે.

પંજાબીઓનો વિશ્વાસ

પંચનદના દેશને એ સંન્યાસીના નામની લગની લાગી હતી. એના શબ્દે પંજાબીઓ ઘેલા
થતા. શ્રદ્ધાનંદની સેવા ઉપર તેઓ મુગ્ધ બન્યા હતા; એટલેજ જ્યારે અમૃતસરમાં રાષ્ટ્રીય મહા-
સભા મળી અને અતિથિઓનાં જૂથ આવી ઉતર્યાં, ત્યારે મુસળધાર વરસાદની વચ્ચે સરકારની
કડક નીતિની બીકે પ્રજાજનો મકાન આપવાને તૈયાર નહોતાં. એવી વિકટ વેળાએ એક શ્રદ્ધા-

નંદના અવાજને પંજાબીઓએ પોતાને મસ્તકે ચઢાવ્યો અને એકેક ઘરે પચાસ પચાસ અતિથિ એને સાચવી લીધા.

હિંદુવટનો ઉદ્ધારક

એને વેદધર્મ અને હિંદુવટ ઉપર પ્રેમ હતો, પણ એ તેણે રાષ્ટ્રભાવનામાં મિલાવી દીધો હતો. હિંદુ-મુસ્લીમ ઐક્ય સાધવામાં એની ઝુંબેશ અજોડ હતી. એ યોગીવરજ એક એવા હિંદુનેતા હતા કે જેને મુસ્લીમ જનતાએ પોતાનીજ સભામાં વ્યાસપીઠપરથી સાંભળવાની સહિષ્ણુતા દાખવી હતી. આ એકજ ઘટના એની ઉદાર રાષ્ટ્રભાવનાની જીવંત સાબિતી છે. એને કટ્ટર કોમવાદી કહેનારાઓ આત્મવંચનામાં ગોથાંજ ખાય છે. અમૃતસરના ઘોર હત્યાકાંડ પછી હંટર કમીટી સમક્ષ બળતી ભાષામાં જુબાની આપનાર શ્રદ્ધાનંદનું હૃદય હિંદુમુસ્લીમ બન્ને કોમ ઉપર ઉતરેલી આફતની કરુણ ચીસો સંભળાવતું હતું. અસહકાર અને ખિલાફત પ્રવૃત્તિમાં એનો કોમવાદનો એક પણ સૂર કોઇએ કદી સાંભળ્યો છે? પણ અસહકારના જુવાળ ઓસરી ગયા અને ખિલાફતની ઝુંબેશ ઉપરથી પ્રજાને ઇતબાર ઉઠી ગયો, ત્યારે હાડવેરીઓની જેમ હિંદુમુસ્લીમોએ રમખાણો મચાવ્યાં. મલબાર, કોહાટ, મુલતાન, પીંડી, સહરાનપુર, મથુરાં-કેટલે કેટલે ઠેકાણે કોમી પાશવતાએ કચ્ચરઘાણ વાળ્યો!. મલબારમાં સ્વામી શ્રદ્ધાનંદે બળીઆ મુસ્લીમોને હાથે નિર્બળ ને અસહાય હિંદુજનતાને મેંઢાની માફક રહેંસાઈ જતી નીરખી. એમના હૃદયમાં હિંદુઓની એકસંપીના અભાવપર, હિંદુઓની અરક્ષિત અને પરાવલંબી દશાપર, હિંદુઓની આત્મરક્ષણની અશક્તિ ઉપર લજ્જા ઉપજી. એ બન્ને કોમનું ઐક્ય ચાહતા હતા, પણ તે સમાનતાના ધોરણે, એક કોમ પોતાના પશુબળથી બીજીની ગરદનપર ચઢી બેસે ને તેનો અવાજ ગુંગળાવી નાખે એવા અન્યાયી અને એકપક્ષી ધોરણપર નહિ. સાચો ભાઈચારો બે બળવાનો વચ્ચે સંભવે. નામર્દ અને શૂરવીરતાનો કૃત્રિમ સંગાથ કેટલીક ઘડીઓ લગી ટકી રહે? એક બાજુથી હિંદુઓ ઉપર લોહીતરસ્યા મુસ્લીમોનું આક્રમણ, બીજી બાજુથી તેમની સામે ધસ્યે આવતી મુસ્લીમોની ધર્માન્તરણ ને વટાળકાર્યની પ્રવૃત્તિ, ત્રીજી બાજુ હિંદુજનતામાંથી ખ્રિસ્તધર્મમાં ખેંચાઇ જતો એક જબ્બર વર્ગ અને ચોથી બાજુ ખ્રિસ્તધર્મને ભેટેલા હજારો અનિર્બાંધવોની હિંદુવટમાં પુનઃ આવવા ઇંતેજારી છતાં તેમને સદા અસ્પૃશ્ય અને મ્લેચ્છ માનનાર હિંદુસમાજની મંડૂકવૃત્તિ-આમ ચોગરદમથી એણે હિંદુવટને કાળના ઝપાટામાં ઝંપલાતી નિહાળી. એટલે એણે વટલેલાની શુદ્ધિ કરવાની અને સ્વધર્મીઓનો દુર્ગ દુર્ભેદ્ય બનાવવાની શુદ્ધિ-સંગઠનની આત્મરક્ષક પ્રવૃત્તિઓ હાથ ધરી. હીણાતી હિંદુવટને ઉદ્ધારવાની અને સબળ સંઘ કરી લીધા પછી મુસ્લીમોની સંગાથે સમાનતાને નાતે સંપ રચવાની ભાવના આચરણમાં મૂકી. સાથે સાથે અંત્યજોદ્ધાર અને દલિત કોમના ઉદ્ધારની હીલચાલ પણ એણે જોસભેર આદરી દીધી. એક વેળા 'સદ્ધર્મપ્રચારક' અને 'શ્રદ્ધા' નામે પત્રો શરૂ કરીને રાષ્ટ્રીય લડતમાં વેગળાં મૂકેલાં એ સાપ્તાહિકોને 'લીબરેટર' રૂપે પુનઃ પ્રકટાવ્યાં. એ 'લીબરેટર' ને પાને પાને દલિત વર્ગનાં આંસુ લૂછતા પરમાર્થી સાધુની વેદના સદેહે આલેખાઇ રહી છે. ક્વચિત્ એમાં શુદ્ધિ સંગઠનની પ્રચારણાયે ચિતરાઇ છે; છતાં એનો પ્રધાન સૂર રાષ્ટ્રભાવનાનુંજ સંગીત ગુંજે છે. એમાં શરૂ કરેલી 'ઇન ઍન્ડ આઉટ ઑફ ધી કૉંગ્રેસ' લેખમાળા સ્વામી શ્રદ્ધાનંદના વેધક ને વિવેચક રાજદ્વારી વિચારોથી પ્રચુર એક બહુમૂલ્ય મીમાંસા છે. હિંદુવટના એ ઉદ્ધારકની ઉદાર રાષ્ટ્રભાવના તો જુઓ. છેક ૧૯૨૪ માં તેણે હિંદુ મહાસભામાંથી રવાનગી લીધી. શાને કાજે! ત્યાં લાલાજી અને પંડિત માલવીજી રાષ્ટ્રીય મહાસભામાંયે કોમીવાદ દાખલ કરવાની અને કોમી ધોરણે હિંદુમહાસભા તરફથી ધારાસભાના સભ્યો દોડાવવાની યોજનાઓ ઘડતા હતા. હિંદુમુસ્લીમ એકદિલી સર્જવા ઇચ્છનાર સંન્યાસીને એ કોમવાદ ન રુચ્યો. એણે હિંદુમહાસભાને સલામ ફરમાવી. આવા ઉદાર ને પરધર્મના સહિષ્ણુ રાષ્ટ્રવિધાયક સ્વામીને કટ્ટર કોમવાદી અને ઇસ્લામનો શત્રુ ગણનાર મુસ્લીમો ખરેખર ભયંકર અન્યાય આચરી રહ્યા છે.

આફત

શુદ્ધિનું સંચલન ઉઠાવ્યા પછી સ્વામીજી ઉપર નિરંતર આફત તોળાઇ રહી હતી. એમના પર કંઇક જાસા-ચિઠ્ઠીઓના વરસાદ વરસ્યા હતા; પણ બોમ્બ,રિવોલ્વર ને છુરીસામે સદૈવ ખુલ્લી

તો રાખીને અડગ ડગ ભરનાર તપોધન એમ શાનો ચળે ? તેમાંયે છેલ્લા ૭ માસથી ખુનીની રી એની આંખ સામેજ ચળકાટ કરી રહી હતી: જે અસગરી બેગમે ખાનગી રીતે વૈદિક માદિનું અધ્યયન કરી વેદધર્મનું ગૌરવ પરખ્યું હતું, તેને તેની સ્વેચ્છાથીજ આર્યા બનાવી હિન્દુરમાં લાવનાર સ્વામીજીનું મરણ બહુ દૂર નહોતું. મુસ્લીમ બંધુઓએ સ્વામીપર પરણેલી સ્ત્રીના અપહરણનો આરોપ ઢોળી અદાલતનાં પગથીઆં અનેકવાર ઘસડી નાખ્યાં હતાં; પણ અદાલતને આંગણે તો શ્રદ્ધાનંદજી નિર્દોષ ઠરીને બહાર આવ્યા. એ ઘડીએથી એનું રુધિર ચાખવા કેટલાંક ખુની હૈયાં તલસી રહ્યાં. સ્વામીજી સર્વ ધમકીઓને મધુર રમતે હસી કાઢતા; પણ આખરે એ નનામા-ચિઠ્ઠીઓ સાચી ઠરી. ધર્માંધ મુસ્લીમવર્ગ શુદ્ધિની પ્રવૃત્તિ કે હિંદુઓની જાગૃતિ સહી ન-શક્યો.

અને ત્રેવીસમી ડિસેમ્બરના નમતા બપોરે બિમાર, બિછાનાવશ, અશક્ત, નિર્દોષ ને એકલ સ્વામીજી ઉપર એક નામર્દ મૂર્ખ મુસ્લીમે, સ્વામીજીનું આતિથ્ય સત્કાર્યા પછી, બેવફા બનીને પોતાની રિવોલ્વર છોડી મૂકી. વીરનરને વીરોચિત અને સુમહોજ્જ્વલ અવસાન સાંપડ્યું; પણ સાધુસુના હિંદનો એક વિરલ સાધુ જતાં તો આર્યાવર્ત માર્મિક જખ્મની વેદના અનુભવી રહ્યો.

ખૂનની વિચારણા

શ્રદ્ધાનંદજી કંઇ ધર્માંધ કે અનુદાર આચાર્ય નહોતા. સનાતનવાદની જડમાં સડી સડીને સમાજમાં પોતાના દુરાચારોની બદબો ફેલાવનાર મહંત, શર્મા કે ગુસાંઇ નહોતા. એ તો સૌમ્યતાની સાક્ષાત્ મૂર્તિ હતા. રાષ્ટ્રવિધાયક અને ધુરંધર સમાજસુધારક હતા. હિંદુ-મુસ્લીમ એકદિલીની ભૂમિકા તૈયાર કરનાર દેશનેતા હતા. મુસ્લીમો વચ્ચે તેઓ કેટલાયે મિત્રો સર્જી શક્યા હતા. હિંદુત્વના ઉદ્ધારની ભાવનાને અને કોમવાદને તેઓ રાષ્ટ્રવાદમાં સહેજે ડૂબાવી શકતા; એટલેજ એમની ખોટ સારા ભારતને, હિંદુ-મુસ્લીમ સકળ જનતાને સાલે તેવી છે, તેથીજ આજે ગઝનવી, અલીભાઇઓ, સર મહમદ શફી, ઝીણા અને અબ્દુલ કાદિર જેવા ધરખમ મુસ્લીમ નેતાઓ આ હિચકારા ખુનીના ધર્મઝનુન ઉપર ધિક્કાર પોકારી રહ્યા છે અને એમ છતાંએ કોમી ઐક્યની સર્વ સંભાવના છુંદાઇ ભુંસાઇ ગઇ છે. જે ઘડીએ કોમી કલહને ત્યજી પરસ્પર તડજોડની તૈયારીઓ થતી હતી, તે અણીની પળે આ અશનિપાત કોમી હુતાશનનું બીજારોપણ કરે છે. મુસ્લીમ નેતાઓનાં આશાવાન વચનો તો હજુયે કોમી એખલાસની સંભાવના ઉપસ્થિત કરે; પણ જે કોમમાં સર અબ્દુલ રહીમ જેવો નેતા શ્રદ્ધાનંદના ખૂનને, દિલ્હીના ચોકમાં કોપાયમાન જનસમુદ્રને હાથે વૈરતૃપ્તિ અર્થે હણાયેલા એક મામુલી મુસ્લીમના મરણ સાથે સરખાવી, આ હીચકારા ખુનીને તિરસ્કારવાને બદલે શ્રદ્ધાનંદજીનું અવસાન ગળી જવાની મૂર્ખાઇભરી શિખામણ આપે છે, જે કોમમાં એક જબ્બર ને ઝનુની વર્ગ ખુની અબ્દુલને ગાઝી બનાવી તેનાં પ્રશસ્તિ ચિત્રો દિલ્હીની બજારમાં વેચી ખુનનેજ આદરણીય ગણે છે, તે કોમ સમાનતાના ધોરણે કયી પેરે હિંદુઓ સાથે એકદિલી સ્થાપી શકશે ? કુરાન શું જબરજસ્તીથી વટાળકાર્ય કરવાનું ફરમાવે છે ? હદિસ અને કુરાનમાં શું બિનગુનાહ કાફિરની કત્લ કરવાનું શાસન છે ? કુરાન જો બુદ્ધિવાદને બાજુએ મૂકી એકલી સમશેરનું શાસન આપતું હોય તો હઝરત્ મહમદ પેયગમ્બરને કોઇ બીજીજ આલમ શોધવી પડશે. તબ્લીગ પરિષદને પ્રમુખપદેથી એક મુસ્લીમ બેરિસ્ટર ધગધગતી વાણીમાં સંદેશ આપે છે કે, દશ વર્ષમાં ફુલઝપટ હિંદુઓને અભડાવી મુસલમાન બનાવી મૂકવા અને જ્યારે સ્વરાજ્ય સાંપડે ત્યારે એકલા મુસ્લીમોએજ સ્વાધીન શાસનની લગામ હાથ ધરવી. તંગ વાતાવરણમાં આ ભભભામણી ને અક્કલશૂન્ય મનોદશાની બુલંદ જાહિરાત કેટલી બધી હાનિકારક નીવડશે ! આ પરિસ્થિતિમાં તો દરેક મુસ્લીમ નેતાની ફર્જ છે કે, તેણે કુરાને શરીફની આજ્ઞા સ્વચ્છંદી રીતે કોઇપણ માનવનો વધ કરવા નથી ફરમાવતી, એમ સાફ સાફ પોતાના ધર્મબાંધવોને સંભળાવી દેવું. કુરાનના ફર્માનવિરુદ્ધ અન્ય કોઇ દલીલને કે બુદ્ધિવાદને લાત મારવાનો મહાવરો પામેલી મુસ્લીમ જનતાને ખ્વાજા હસન નિઝામી કે સર અબ્દુલ રહીમ કુરાનનું સાચું રહસ્ય ક્યારે સમજાવશે ? ગાંધીજીને ખુની અબ્દુર રશીદની દયા આવે છે. સર્વ કોઇને આવશે; પણ કેવળ કુરાન-અધીન મુસ્લીમ મનોદશાનું નિદાન કરી એ બીમારી વ્યાધિમાટે ઓસડ શોધનાર ઉદાર મુસ્લીમ નેતાઓ પ્રાંતે પ્રાંતે નહિ પાકે, ત્યાંસુધી આ પ્રજાના કોમી વૈમનસ્યનું શમન સ્વપ્ન જેટલું પણ સિદ્ધ થવાની આશા બાંધવી વ્યર્થ છે.

भक्षयेयं विषं तीक्ष्णं मज्जेयमपि चार्णवे। नियुक्तो गुरुणा पित्रा नृपेण च हितेन च॥
तद्ब्रूहि वचनं देवि! राज्ञो यदभिकांक्षितम्। करिष्ये प्रतिजाने च रामो द्विर्नाभिभाषते॥"

"માતા! યહ તુમ ક્યા કહ રહી હો? મેરે લિયે તુમ્હેં ઐસા કહના ઉચિત નહીં હૈ. ક્યા તુમ્હેં માલૂમ નહીં હૈ, કિ મૈં મહારાજ કી આજ્ઞા પાકે, તો ધધકતી આગ મેં કૂદ પડૂં, અગ્ર-કમેં ડૂબ જાઉં ઔર હંસતે હંસતે ભયંકર વિષ કા પ્યાલા પી લૂં! વે મેરે પિતા, ગુરુ, રાજા ઔર હિતૈષી હૈં-ઉનકી આજ્ઞા મેરે લિયે વેદ-વાક્ય સે ભી બઢકર હૈ. શીઘ્ર કહો, વે ક્યા ચાહતે હૈં? વે જો કહેં, વહ કરને કે લિયે મૈં તૈયાર હૂં. ઠીક જાન લો, રામ દો બાતેં નહીં કરતા, જો કહતા હૈ, ઉસે પૂરા કર દિખાતા હૈ."

ઇસ પ્રતિજ્ઞાવચન કો સુનકર કૈકેયી ને અપને તરકસ કે વે દોનોં તીર નિકાલે; જો કદાચિત્ બડે સે બડે ધીર પુરુષ કા હૃદય ચીર ડાલતે; પર રામને ઉન્હેં ફૂલ કી તરહ સ્વીકાર કર મુસકરાતે હુએ કહા-"માં! ઇતની સી બાત કે લિયે મહારાજ કો ઇતના દુઃખ દે! લો, મૈં અભી વન જાતા હૂં. ભાઇ ભરત કો ગદ્દી મિલે, ઇસસે બઢકર આનંદ કી બાત મેરે લિયે ઔર ક્યા હોગી! હાં, યહ દુઃખ મુઝે અવશ્ય રહા, કિ ભરત કી રાજગદ્દી મૈં અપની આંખોં ન દેખ સકૂંગા."

યહ કહ રામ, બિના ક્ષણ-ભરકા વિલંબ કિયે, વન જાનેકો તૈયાર હો ગયે. કૈકેયી કે કોપ-ભવન સે ઐસા વજ્ર સા કઠોર આદેશ લેકર બાહર આનેપર ભી કિસીને ઉનકે તેજોમય મુખમંડલ કી કાંતિ મેં તનિક ભી કમી નહીં દેખી. કિસીકો યહ અનુમાન કરને કા ભી અવસર નહીં મિલા, કિ અભી-અભી ઇસ કોમલતા કી ખાનપર ઉસ કા ભયાનક વજ્ર બરસ પડા હૈ.

પિતા કા વહી આદેશ રામને એક દિન, દો દિન નહીં, ચૌદહ વર્ષોં તક સિર-આંખોંપર રક્ખા. હજારોં તરહ કે કષ્ટ ઉઠાયે, પર એક દિન કે લિયે ભી પીછે ફિરકર નહીં દેખા; પિછલે દિનોં કે લિયે પશ્ચાત્તાપ તક નહીં કિયા-સામને આયે હુએ નીરસ ઔર કઠોર કર્તવ્ય કે પાલન મેં હી પ્રાણ-પણ સે લગે રહે.

કિતને પરિવર્તન હુએ; પરંતુ રામ! તુમ્હારે રૂપ મેં તો કભી કોઇ પરિવર્તન નહીં દિખાઇ દિયા. વહી સાગરસા અગાધ અનંત ગગનસા ઉદાર-હૃદય જીવન કે સુખમય પ્રભાતસે લેકર જીવ-નાન્ત કી અંધેરી સંધ્યાતક સદા કામ કરતા રહા. માનોં જગત્‌કો યહી શિક્ષા દેને કે લિયે તુમ ઇસ પૃથ્વીપર અવતરિત હુએ થે, કિ જીવન કા સમર-સ્થલી મેં નિરંતર યુદ્ધ કરના હી વીર કે જીવન કી સાર્થકતા હૈ. ઉસે એક દિન કે લિયે ભી વિશ્રામ, સુખ યા સુવિધા કા મુંહ જોહને કી આવસ્યકતા નહીં. યુદ્ધ હી ઉસકી પ્રકૃતિ હૈ, કષ્ટ સહના હી ઉસકા પુરસ્કાર હૈ.

ઔર, તુમ્હીંને પહલે-પહલ હમેં યહ સિખલાયાં, કિ જગત્ મેં કોઇ જીવ છોટા યા નીચ નહીં હૈ. સભીમેં ઉસ પરમાત્મા કા અંશ વર્તમાન હૈ, જો સૂર્ય કી કિરણોં કી ભાંતિ આબ્રાહ્મણ-ચાંડાલ સબકે ભીતર બૈઠા હુઆ હૈ. ઐસા ન હોતા, તો નિષાદોં કે રાજા ગુહ કો તુમ ક્યોં પ્યાર સે અપના સખા બનાતે ઔર ઉસે ગલે લગાતે? જિન બન્દરોં કા સવેરે-સવેરે કોઇ નામ ભી નહીં લેતા, ઉન્હીં કો અપના મિત્ર ક્યોં કર બનાતે? વિભીષણ કો અપના પરમ સખા કહકર ક્યોં કર આલિંગન કરતે? ભીલની કે જૂઠે બેરોં કો ક્યોં સરાહ-સરાહ કર ખાતે? નાથ! ઇસી લિયે તો હમ તુમ્હેં પરમાત્મા કહકર જાનતે, માનતે ઔર પૂજતે હૈં. ઇસીસે તો હમારા યહ વિશ્વાસ હો ગયા હૈ કિ-

"રામ-ભક્તિ-મણિ ઉર બસ જાકે, દુઃખ-લવલેસ ન સપનેહુ તાકે."

હે પ્રભો! હે રામ! આજ ઇસ રામનવમી કે દિન હમેં તુમ્હારે કૌન-કૌનસે ચરિત નહીં યાદ આતે? પરંતુ દેવ! સચ જાનના, હમ આજ ઐસે પતિત હો ગયે હૈં, કિ તુમ્હારે ઉપાસક કહલાકર ભી હમ થોથે અભિમાન ઔર ઝૂઠે ધર્માડંબર મેં પડકર જગતભર સે નિંદિત ઔર ઉપ-હાસાસ્પદ હોતે હુએ ભી ન જાને કૌનસા બુરા ભલા દિન દેખને કે લિયે અબ ભી અપનેકો આર્ય ઔર હિંદુ કહતે હુએ પૃથ્વી કા ભાર બઢાયે હુએ હૈં. શતાબ્દી કે બાદ શતાબ્દિયાં બીતતી ચલી ગયીં-હમને દાસતા કે દિન બડે સુખ સે કાટ ડાલે ઔર આજતક ઉસકે સાથ નાતા જોડે બૈઠે એક બાર શતસહસ્ર કંઠ મિલાકર તુમ્હારે ચરણોં મે અપની વિપત્તિ કી કથા ભી નિવેદન કરના નહીં ચાહતે. ભાઇ ભાઇ કા જો પ્રેમ તુમ દિખા ગયે હો, આજ યદિ હમમેં ઉસકા શતાંશ ક્યા સહ-સ્રાંશ ભી હોતા, તો ન જાને હમારે યે દુઃખ કે દિન કબકે બિદા હો ગયે હોતે. તુમને તો વાન-

રોં કો સખા બનાયા થા ઔર આજ હમ સ્વયં વાનરોં સે ભી ગયે-બીતે હોકર અપને [illegible] યોં સે ઇતની ઘૃણા કરતે હૈં, ઉનકી વિપત્તિ દેખકર મન હી-મન ઇતને પ્રસન્ન હોતે હૈં કિ [illegible] પશુ ભી કદાચિત્ અપને કિસી સજાતીય પશુ કી પીડા દેખકર ઉતના પ્રસન્ન નહીં હોતા [illegible] સ્વાર્થ, આત્માર્થીપન ઔર નિર્લજ્જ હૃદયહીનતાકે હમ પુતલે બને હુએ હૈં ! નાથ ! ઇસ [illegible] ઇસ અધમ દશા સે કૌન હમારા ઉદ્ધાર કરેગા ? દયામય! ક્યા ફિર એક બાર આકર [illegible] ભારત કી વર્તમાન દયનીય દુર્દશા કો દૂર ન કરોગે ?

ક્યા ચાહતે હો ? હમારે અસ્તિત્વ કા લોપ ? નાથ! વહી હોતા, તો ફિર રોના [illegible] ફિર તુમ્હેં ઉલાહના દેનેકા હી ક્યા કામ થા ? તબ તો હમ પોથીપુરાણોં કે પન્નેં ઉલટકર [illegible] દેખને જાતે, કિ તુમને એક સમય ઉસી હિંદુજાતિ કો અપને જીવન સે પવિત્ર કિયા [illegible] નામપર કલંક કી કાલિમા લગાનેવાલે આજ એક કી જગહ હજારોં રાવણ હમારે હી [illegible] મુંહ ફટકારતે હૈં ! કિસ દિન કે લિયે પ્રભો ! તુમને હમેં નિર્વીર્ય હોનેસે બચા રખા હૈ [illegible] દિન દેખના બડા હૈ, જિસકે લિયે શત-શત વર્ષોસે પતિત દશાકો પ્રાપ્ત હુએ યહ [illegible] પૃથ્વી કે ઉપર જીતી-જાગતી દિખાઇ દે રહી હૈ? જાપાન મેં ઇતને ભૂકંપ આતે હૈં ! પરંતુ [illegible] હમારે લિયે કોઇ ઐસા ભૂકંપ ક્યોં નહીં આતા, કિ હમ સબ એકસાથ હી અરબ-[illegible] બંગાલ કી ખાડી મેં ડૂબ મરતે ? ઇસ જીવન સે મૃત્યુ ક્યા સહસ્રવાર વરણીય નહીં ! [illegible] નિસ કરકે જલના, તપેદિક કે બિમાર કી તરહ રોજ ઘુલ-ઘુલ કર મરના, યહ પ્રતિદિન [illegible] દૂસરી વિપત્તિ ઉઠાતે રહના ક્યા કોઇ સુખ કા જીવન હૈ ?

આઓ, પ્રભો ! એક બાર ફિર આઓ ! હે રામ ! માતા આદ્યશક્તિ કે સાથ [illegible] ભારત મેં આઓ ! હિંદુ-જાતિ કો, હિંદુધર્મ કો ઇસ પ્રકાર ડૂબનેસે બચાઓ ! હિંદુ [illegible] ઔર હિંદુ-જાતિ કો ડૂબો રહે હો! ધર્મ-કર્મ કા લોપ હોતા જાતા હૈ ! અધર્મ [illegible] રહી હૈ કેવલ ઝૂઠી શાન ઔર મુંહમેં રામ, બગલમેં છૂરી ! પરંતુ નાથ ! [illegible] કભી આઓગે ? તુમ બડે હી નિષ્ઠુર ન્યાયકર્તા, વિકટ વિચારક હો ! તુમને "[illegible] સીતાજી સતી જાની, હમ સારે હૂં કલંકિતકો કૈસે અપનાઓગે ?"

પરંતુ રમાનાથ ! સચમુચ તુમ્હારે ચરિત્ર બડે હી વિચિત્ર હૈં ! હમ ક્ષુદ્ર માનવ [illegible] સકતે હૈં ? કૌન જાનતા હૈ હમારે સામને જો વિકટ વર્તમાન મુંહ ફેલાયે નજર આ [illegible] ભીતર તુમ્હારી કૌનસી મહતી લીલા છિપી હુઇ હૈ ? ઇસ જગતમેં જો કુછ હો રહા [illegible] હો ચુકા હૈ ઔર આગે જો કુછ હોનેવાલા હૈ, વહ સબ તો તુમ્હારી હી લીલાઓં કે [illegible] રૂપ હૈં! હમ ઇસી સત્ય કો ભૂલ ગયે હૈં, ઇસીસે તો હમ જો નીચે ગિરે હૈં, સો ઉપર [illegible] તક નહીં સકતે ! યદિ હમ યહ જાન લેં, કિ હમેં ઇસ અવસ્થા મેં પટકકર તુમ્હીં [illegible] સિખા દે રહે હો, કિ ગિરકર ઉઠ ખડે હોના હી સચ્ચા મનુષ્યત્વ હૈ. તો ફિર હમારે [illegible] જાયેં પરંતુ હમારે પાપોં ને હમારી મનોવૃત્તિપર, હમારે જ્ઞાનપર, હમારે વિવેકપર, [illegible] પર, તમ કા વહ પરદા ડાલ દિયા હૈ, કિ હે અનંત ! હમ ઇસ અનંત બ્રહ્માંડ મેં [illegible] અનંત દેવ કો વિદ્યમાન નહીં દેખતે ! યદિ દેખતે, તો પ્રહ્લાદ કી તરહ હમ ભી [illegible] [illegible] મેં, પૃથ્વી મેં, આકાશ મેં, મિત્ર મેં, શત્રુ મેં, સ્વજાતિ મેં, વિજાતિ મેં [illegible] મેં, ધર્મ મેં, અધર્મ મેં-સર્વત્ર, સબ સમય, તુમ્હારી [illegible]

[illegible] પ્રાર્થના કરતે હૈં કિ રામ ! હમ ભી તુલસીદાસ કી તરહ [illegible] [illegible] પ્રભો ! તુમ્હારે બિના હમારે ઉદ્ધારકા ઔર કૌન [illegible] [illegible] દેકર હમારી દૃષ્ટિકી સારી મલિનતા દૂર કર [illegible] [illegible] મેં, જિસકે અનુપમ વાત્સલ્ય મેં [illegible] [illegible] મેં, સ્વજાતિ મેં, અભિમાન મેં, સ્વદેશ [illegible] [illegible] પ્રેમ [illegible] [illegible]

[illegible] ઔર [illegible]
[illegible]

રામ ! [illegible] પરન્તુ તુમ્હેં [illegible]
[illegible] હમ તુમ્હેં નહીં અપને [illegible]
[illegible] અપને હૃદયોં મેં, [illegible]
[illegible]
[illegible] આધિક પ્રાર્થના કે સાથ હમેં [illegible]
[illegible] ઔર [illegible] દિયા હૈ ! [illegible]
[illegible] કી બુદ્ધિ, સ્થિતિ ઔર સંહાર કે કારણ [illegible]
હો, તુમ્હીં બંધુ હો, તુમ્હીં સ્વામી હો, તુમ્હીં [illegible]
કે ઉપર અનેકો સુધા-કલશ ઢાલતે હો ઔર [illegible]
કરતે હો, પ્રભુ હોકર તુમ્હીં દાસપર શાસન કરતે હો ઔર [illegible]
અપના અભિન્નત્વ [illegible] તુમ્હીં ધની હોકર [illegible]
હો, તુમ્હીં નાયક-નાયિકા કે પ્રાણોં કે અંદર [illegible]
હો, તુમ્હીં સકલ કર્મોં કે કર્તા, સકલ ધર્મોં કે ધાતા, [illegible]
વિશ્વ કે નિર્માતા હો.

હે રામ ! હમારે બડે ભાગ્ય થે, જો તુમને હમારે દેશ મેં, હમારે [illegible] ઔર [illegible] જન્મ ગ્રહણ કિયા, ઔર હમેં હી [illegible] સંસાર કો અપને આદર્શ [illegible] હમ ભૂલ ગયે, ઇસી લિયે હમ આજ [illegible] હૈં, [illegible] હૈં [illegible] દેશ મેં [illegible] દુ:ખ [illegible] જિસ દિન હમ અપને આપકો પહચાનકર [illegible] હોંગે, ઉસી દિન હમારે [illegible] દશરથ હોંગે, કૌસલ્યા હોંગી, અયોધ્યા હોગી, ભરત હોંગે, લક્ષ્મણ હોંગે, [illegible] સીતા હોંગી ઔર હોંગે રણ-દુર્મદ રાવણ કે અત્યાચાર સે [illegible] અભય-શરણ, તરણ-તારણ, વિઘ્ન-વિદારણ, જનકી-રમણ ભગવાન રામચંદ્ર !

શ્રી રામચંદ્ર કી જય !

રામનવમી

(લેખક:-શ્રીયુત કુમાર ગંગાનંદસિંહજી-૧૧-૭-૮-૧૯૨૭ ના "હિંદુપંચ"ના અંકમાંથી)

આજ કા દિન હમેં શ્રીરામચંદ્રજી કી શક્તિ કી ઉપાસના કરને કા સ્મરણ કરાતા હૈ. અનાચાર શમન કરને કે લિયે યદિ હિંદુઓં કે આદર્શ રામચંદ્રજી કો શક્તિ કી ઉપાસના કરને કી આવશ્યકતા પ્રતીત હુઈ, તો ન માલૂમ આજ નિર્બલ-નિરીહ હિંદુઓં કો શક્તિ કી ઉપાસના કરને કી કિતની અધિક આવશ્યકતા હૈ. હમારે જીવન કે પ્રત્યેક શ્વાસપ્રશ્વાસ સે અધિકાધિક સ્પષ્ટ હોતા જાતા હૈ, કિ પ્રત્યેક પલ હમારી શક્તિ કા કેવલ હ્રાસ હી નહીં હો રહા હૈ, વરન હમારી શક્તિ-સંચય કરને કી ક્ષમતા ભી નષ્ટ હોતી જા રહી હૈ. યહી કારણ હૈ, કિ હમ હિંદુ-સંગઠન કે વિષયમેં ઘનની મન-વિભિન્નતા પાતે હૈં ઔર ઉદાસીનતા હમ પર અધિકાર જમાયે હુઇ હૈ.

બહુધા દેખા જાતા હૈ, કિ જહાં કહીં હિંદુ સભા સ્થાપિત હુઇ ઔર કાર્યકર્તા ચુને ગયે, કિ અવશિષ્ટ વ્યક્તિ સમઝતે હૈં, કિ યહી ઉનકે ઉત્સાહ કી પરાકાષ્ઠા હૈ. કાર્યકર્તા યા તો અપની પદ-પ્રાપ્તિ સે હી સંતુષ્ટ હો જાતે હૈં યા અવશિષ્ટ જનતા કે નિરુત્સાહ ઔર નિરુદ્યમ કો દેખકર કિંકર્તવ્ય-વિમૂઢ હો, ચુપચાપ બૈઠ રહતે હૈં. કહનેકા તાત્પર્ય યહ હૈ, કિ કભી કાર્યકર્તાઓં કી અકર્મણ્યતા કે કારણ ઔર કભી જનતા કી અકર્મણ્યતા કે કારણ હમ અપને લક્ષ્ય કા સાધન નહીં કર પાતે. મૈં માનતા હૂં, કિ કાર્યકર્તા કે સિરપર બડી ભારી જિમ્મેદારી હૈ. યહ આન્દોલનરૂપી રથ

સારથિ હૈ; પર જિસ પ્રકાર રથ કે અંગ યદિ સુદૃઢ ન હોં, તો ચતુર-સે ચતુર સારથિ ભી દક્ષતાપૂર્વક નહીં લે જા સકતા, વૈસે હી કુશળ કાર્યકર્ત્તા ભી જનતા કે વાસ્તવિક સહયોગ કે બિના આંદોલન કો ખડા નહીં રખ સકતા.

આજ હિંદુજનસમુદાય કે અતિરિક્ત હિંદુજાતિ કે હાથ મેં કોઇ શકિત નહીં હૈ. યહ ભલી ભાંતિ જાનતે હુએ ભી યદિ વિભિન્નતાઓં કો એકતા મેં વિલીન કરને કા કોઇ હાર્દિક પ્રબલ ઉદ્યમ ન દેખેં, તો ઇસ કે સિવા કયા કહના પડેગા, કિ હમમેં યથેષ્ટ ક્ષમતા નહીં હૈ, કિ હમ અપને બિખરે હુએ અંગોં કો ઇકટ્ઠા કરેં !

દો બાતેં તો હમારે સામને પ્રાયઃ પ્રત્યક્ષ હૈઃ—

(૧) હિંદુસંગઠન કિસી અન્ય આન્દોલનપર અવલમ્બિત નહીં હૈ. ચાહે કોઇ આન્દોલન ચલે યા ન ચલે, ચાહે અવસ્થા કિતની હી કયોં ન બદલ જાયે! જબતક હિંદુ-સભ્યતા, હિંદુ-આદર્શ તથા હિંદુ-ઉત્કર્ષ કી રક્ષા કરને કી આવસ્યકતા હૈ,તબતક હિંદુ-સંગઠન કે આન્દોલન કી આવશ્યકતા ભી નિર્વિવાદ હૈ.

(૨) હિંદુ-જાતિ કો અપને આપ બલ ઉપાર્જન કરના હૈ. ઉસકા ઐસા સોચના વ્યર્થ હૈ કિ વહ કીસી દૂસરી જાતિ કે અસહયોગ યા સહાનુભૂતિ સે કુછ પાયેગી યદિ ઉસકે અપને પૌરુષ સે, અપને ઉદ્યમ સે, અપને અધ્યવસાય સે કુછ લાભ નહીં હુઆ,તો વહ નિશ્ચય જાને કિ ઉસે કિસી દૂસરે કા મુંહ તાકને સે કુછ લાભ હોને કા નહીં.

સારા સંસાર અપની જાતિ, અપને દેશ ઔર અપને ધર્મ કી ઉત્કૃષ્ટતા જગત મેં સ્થાપિત કરને કે લિયે છટપટા રહા હૈ.હમ ઉન જાતિયોં કી પ્રતિદ્વન્દ્વિતા દેખ રહે હૈં.ઐસે સમય મેં જબ હિંદુ જાતિકો અપની વિભિન્નતા બનાયે રખનેકી હી લગન લગી હુઇ હૈ,તબ હમ ઇસસે કયા નિષ્કર્ષ નિકાલેં!

ભારતવર્ષ મેં આજ દો વાતોંપર વિશેષ જોર દિયા જા રહા હૈ. એક તો 'હિંદુ ઔર મુસલમાનોં કે બીચ એકતા' ઔર દુસરી-'સ્વરાજ્ય;' પર જબતક હિંદુઓંકી આવાજ એક નહીં હોગી, ઉનકી કિયા એક મનસે નહીં કી જાયેગી, તબતક મુસલમાનોંસે સમઝુતા કરેંગા તો કૌન ઔર સ્વરાજ્ય મિલેગા તો કિસે ?

હિંદુ-જાતિ આજ કે દિન કા મહત્ત્વ સમઝે, શકિત કી ઉપાસના કરે.ઉસે અપની રક્ષા આપ કરની હૈં. શક્તિસંચય કરને કે વિષય મેં ઉદાસીનતા દીખાના માનોં અપને આપકી આત્મઘાત કરના હૈ. શક્તિ-સંચય કર લેને પર હી હમ 'રામરાજ્ય' સ્થાપિત કર સકતે હૈં. હિંદુ-જાતિ નિરીહતા છોડે, અવિશ્વાસ છોડે, હિંદુસભાકે કાયકર્તા નિરુત્સાહ ઔર નિરુદ્યમ કે વશીભૂત ન હો તભી ભગવાન હમારા સહાયક હોગા ઔર હમ અપને લક્ષ્યકી પૂર્તિ કરેંગે.

શ્રીરામચંદ્ર

(લેખકઃ—બાબુ કેશવચંદ્ર ગુપ્ત—તા.૭-૪-૧૯૨૭ ના "હિંદુપંચ" ના અંકમાંથી)

બોદાલ ગામમાં ભંગીનાં ઘરો આશરે ૨૦–૨૫ છે. એકજ ગામમાં ભંગીવાડો આટલો મોટો હોય એવાં ગામો બહુ થોડા હોય છે, પણ તેમને પીવાના પાણીનો જુદો કુવો આજસુધી નથી સાંપડ્યો, તેથી તેમની મુશ્કેલીનો પાર નથી. તેમાંનાં ઘણાં કુટુંબો અમદાવાદ, મુંબઇ, વડોદરા એવાં મોટાં શહેરોમાં આ દુઃખને લીધે ચાલ્યાં ગયાં છે. ઢેડને માટેના ત્રણ કુવા આ ગામમાંજ હોવા છતાં તેમાંથી એકે કુવામાંથી તેમને પાણીનું ટીપું પણ ભરી જવાની પરવાનગી નથી. આમાં ઢેડભાઇઓનો હું ખાસ દોષ નથી કાઢતો, કારણ કે તેમણે તો કેવળ વાણિયાબ્રાહ્મણનું અનુકરણજ કર્યું છે. જેવું આપણે તેમનાપ્રત્યે કર્યું, તેવું તેમણે ભંગીઓપ્રત્યે કર્યું. "શ્રેષ્ઠ જે જે આચરણ (કે દુરાચરણ) કરે તેવું ઇતર જનો કરે" એ ગીતાવાક્ય પ્રમાણે થયું છે. ઇતર જનોનો બિચારાનો શો દોષ ! કહેવાતા શ્રેષ્ઠો સુધરશે, પછી ઇતર જનો લાંબા વખતે સુધરશે. આજે તો એવી સ્થિતિ છે કે કોઇ અંત્યજ વિદ્યાર્થીઓના આશ્રમમાં ભંગીનો છોકરો દાખલ થાય છે કે તરત ઢેડ અથવા ખાલપા વિદ્યાર્થીઓ કે તેમના માબાપો કોલાહલ કરી મૂકે છે ! અંત્યજ કોમમા રંગમેલ અને ઓતપ્રોત થયેલ માણા હડકે પણ ભંગીના

છોકરાઓને પોતાના આશ્રમમાં આકર્ષવા નિષ્ફળ નીવડયા છે અને ખ્રિસ્તી મિશનોને [illegible] ભંગી ખ્રિસ્તીને ઢેડ ખ્રિસ્તીઓથી જુદા રાખવા પડે છે ! પામોલના અંત્યજના કુવા માટે રૂા. ૫૦૦) વગર વ્યાજે ઉછીના આપવાનું નક્કી કર્યું ત્યારે મેં ટકોરમાં પૂછ્યું કે "આ કુવે ભંગીના પાંચ સાત ઘરો છે, તેમને પાણી પીવા દેશોને ?" લોકો ચમકી ઉઠયા, "હેં એ શું કહ્યું ?" એમ મોટે સાદે અનેક મુખેથી ઉચ્ચારણ થયું, અને એકે તો એમ પણ કહ્યું કે 'એમ હોય તો તો અમારે તમારા પૈસા ન જોઇએ.' મારે પાઘડી ફેરવી બાંધવી પડી કે 'એ તો હું જરા મશ્કરી કરૂં છું. અમે લોકો અમારે કુવે તમને પાણી નથી ભરવા દેતા, [illegible] તમે ભંગીને શેના ભરવા દો ?' આમ કહી વાત બદલી નાખી.

"બહેન, આ ભંગીબાઇને પાણી નહિ નામે ?"

ભંગીઓને પાણીને માટે કેટલો ત્રાસ પડે છે, તે મારે નજરે જોવું છે, એમ કહેતાં સ્થાનિક કાયકર્તા ભાઇ અંબાલાલ મને ગામને કુવે લઈ ગયા. ત્યાં એક ભંગીબાઈ બે ત્રણ કલાકથી પાણીના બે ઘડા ભરવા આવેલી, કુવાથી થોડે દૂર પોતાના બચ્ચાંને ધવરાવતી બેઠી હતી. તેને મેં પૂછયું કેઃ–' બાઇ તું કયારની અંહી બેઠી છે ?' તેણે કહ્યુંઃ–' ભાઇ, સવારની બેઠી છું.' તે વખતે સવારના અગ્યાર વાગ્યા હતા. તેના કહેવામાં અતિશયોક્તિ હશે એમ શંકા થતાં, તે કુવા ઉપરજં એક પાટીદારની ૧૨–૧૩ વર્ષની છોડી પાણી ભરતી હતી તેને આ વાત ખરી છે કે કેમ પૂછ્યું. તેણે કહ્યું કેઃ–'હા' એ બહુ વખતથી બેઠી છે.' હવે સ્થિતિ એમ છે કે ભંગીઓના [illegible] માટલામાં સીધું કોઇ પાણી રેડતું નથી, રેડી શકતું નથી. અમારા શિક્ષક ચુનિભાઇ પટેલે એક વખત પોતાની ડોલમાંથી ભંગીના માટલામાં પાણી રેડવાની ધૃષ્ટતા આ કુવા ઉપરથીજ કરી હતી, અને તેના ઉત્તરમાં તેમને સખત ચેતવણી મળી હતી કે, 'માસ્તર, આવું અમારા ગામમાં નહિ ચાલે.' કુવાના પડથારની નીચે એક નાની કુંડી બાંધેલી હોય છે, તેમાં જેને દયા આવે, જેના હૃદયમાં પ્રભુ વાસો કરતો હોય, તે બાઇ પાણી રેડે. કુંડીમાંથી બહાર એક વાંસના કટકાની નળી નીકળતી હોય છે, તેની નીચે ભંગી પોતાનો ઘડો મૂકે, અને તે પાણીથી તે બિચારીનો ઘડો [illegible] એક કલાકે ભરાય; પણ તેમાંએ વળી આ વાત ધ્યાનમાં રાખવાની છે કે આખો ઘડો પાણી [illegible] કુંડીમાં રેડવા જેટલી દયા બતાવનાર બાઇ તો કોઇ ભાગ્યેજ નીકળે. પોતાના માટલામાં રેડતાં થોડું ઘણું વધે તેટલુંજ, કળશો–બે કળશા જેટલું, પાણી આ કુંડીમાં નાખે. [illegible] આ કુંડીમાં રેડે એટલી તેમની મહેરબાની! બેઠેલી ભંગી બાઇ પાણી (ભરીને નહિ [illegible]) મેળવીને, પોતાને ઘેર છોકરાને લઇને જલદી પહોંચી જાય તે મતલબથી ઉપર જણાવેલ પેલી પાટીદારની ૧૨–૧૩ વર્ષની કન્યાને મેં વિનંતિ કરીઃ–'બ્હેન, આ ભંગીબાઇને પાણીના બે ઘડા [illegible] તું કાઢી ન આપે ?' તેના કુમળા હૃદયમાં દયા આવી. કુવો ૬૦–૭૦ ફુટ ઉંડો હતો; [illegible] બાળાએ આ ધર્મકાર્ય કર્યું, અને અમે રસ્તે પડયા. અહીં ભંગીના કુવાના ખોદાણ માટે [illegible] દોઢસો સુધી આપવાનું વચન આપી, તેનું ખોદાણકામ ઉચકું કોઇ પાસે કરાવી લેવા [illegible] ભાઇઓને વિનંતિ કરી બીજું કામ હાથમાં લીધું.

અંત્યજઆશ્રમ યોજ્યું

બોરસદ તાલુકાનાં ગામોમાં ઢેરવાડાઓ બહુ મોટા છે. ૪૦–૫૦ ઘરની વસ્તી એ તો [illegible] સો સવાસો ઘરના ઢેડવાડાવાળાં ગામો પણ ખરાં. ભંગીનાં ઘરો પણ તેટલા પ્રમાણમાં [illegible] બીજા જીલ્લાનાં ગામડાઓ કરતાં અત્રે વધારે છે. આટલી મોટી અંત્યજોની વસ્તી [illegible] થઇ હશે તેનો ઇતિહાસ કોઇ શોધી શકે તો તેમાંથી કોઇ અતિ કરુણી અને [illegible] કે પાટીદાર 'બાપા' ની કહાણી બહાર આવે; પણ મારે તેનું શું કામ ? આ તાલુકામાં [illegible] ખેડા જીલ્લામાં ખ્રિસ્તી મિશનોનો મોટો પથારો છે અને તેને પરિણામે ખ્રિસ્તી [illegible] અને ભંગીઓની મોટી સંખ્યા છે, એ તો નિર્વિવાદ વાત છે. આવી મોટી [illegible] 'ગાંધી બાપુ' નું એક પણ અત્યંજ વિદ્યાર્થીનું આશ્રમ નહિ, એ મને [illegible] સાલ્યા કરતું હતું. આણંદ મુકામે મળેલી સને ૧૯૨૨ ની અંત્યજ પરિષદના [illegible] મેં પોકારીને કહ્યું હતું કે, "આવતા બાર માસની અંદર આણંદમાં, [illegible] એકાદું અંત્યજ આશ્રમ સ્થાપીશ." પણ તે વચન તો મારા [illegible]

થાય હતું. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
મારે દેરડીના પૈસા ભેગા આપવાની જવાબદારી [illegible]
છે. તેની તો મારે કાંઇ ચિંતા નથી. [illegible]
અને બાબુ પરીક્ષિત અને હરિવદન જેવા ઉત્સાહી યુવકો મળે તેમ છે. [illegible]
અંત્યજ કામનો બોજો ઉપાડી શકાય. [illegible]
[illegible] રૂપિયા જોઇએ. તેમાં [illegible]
[illegible] ચાર હજાર રૂપિયા દર માસ લાગશે. હિંદુ જનતા [illegible]
તા અને ટૂંકી દૃષ્ટિ હોવા છતાં, [illegible]
હોય તો આટલી રકમ તો દર માસ આપી શકે.

અંધ વિદ્યાર્થી વડાલાભાઇ

મિત્રોએ આપેલા બે [illegible] અહીંની અંત્યજશાળા તપાસી. વિદ્યાર્થીઓની હાજરી ઓછી હતી. [illegible] માત્ર પાંચ છોકરાઓ જીનમાં મજુરીએ ગયા હતા. કપાસની મોસમ શરૂ થતાં [illegible] ઉપરના છોકરાઓ જીનના સંચામાં કપાસ ઓરવા પુરુષો કરતાં વધારે ઉપયોગી થઇ પડે છે. મોટી ઉંમરના પુરુષો કરતાં તેઓ વધારે ઝડપથી કામ આપી શકે છે અને મજુરી ઓછી માગે છે. આથી જીનો શરૂ થઇ જતાં અંત્યજોના બાળકોની માગ ભારે જાગે છે ને નિશાળનું ભણતર છોડાવીને તેમનાં માબાપો તેમને આ મજુરીએ લેતી જાય છે, કે મોકલે છે. તેમને છથી આઠ આનાનું રોજ મળે છે: અહીંનો શિક્ષક [illegible], પણ હિંદુધર્મ પ્રમાણે પ્રાર્થના કરાવનાર છે, તેથી તેની જોડે મુશ્કેલી આવતી નથી. આ શાળામાં એક અંધ છોકરો વડાલાભાઇ આવે છે. તે પ્રથમ અનિયમિત આવતો પણ તેને અહીં ભજનો શીખવાડવાની વ્યવસ્થા બોરસદ સત્યાગ્રહ છાવણીવાળા નારણભાઇ પટેલની સાથે કરી દીધાથી તે નિયમિત થયો છે અને ૭ માસના અરસામાં બાવીસ મોટાં ભજનો સરતા સાહિત્યના 'ભજન સંગ્રહ'માંથી તેણે મોઢે કરી નાખ્યાં છે. અમને 'મારી હુંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી' એ પણ' સાંભળ્યું ૧૫–૧૬ કડીનું ભજન તેણે એક પણ ભૂલ વિના ગાઇ બતાવ્યું. તેના કેટલાક અશુદ્ધ ઉચ્ચારો સુધારવા મેં પ્રયત્ન કર્યો. તેની સ્મરણશક્તિ બહુ સારી છે. બાપનો દશે કે સાવ. તેનો બાપ તેની પાસે કોદરી ભરડાવે છે ને મેં ભજન શીખવાડવાની ગોઠવણ કરી આપી છે. એક છોકરાને પાટ વંચાવના હાથના નખ જીભ વતી કેટલાક છોકરાઓ ઉતારે છે એમ તેમા આવતા પરીક્ષિતભાઇની દૃષ્ટિ તેજ છોકરાના નખ ઉપર પડી, અને તે મેલથી ભરેલા અને લાંબા વધેલા જોયા. આથી બધા છોકરાઓના નખ મેં અને પરીક્ષિતે તપાસ્યા ને અમારાં ખીસાંના ચપ્પુઓથી જેના લાંબા હતા તેના ઉતાર્યા.અંધ વડાલાભાઇએ પોતાને હાથે પોતાના નખ ઉતાર્યા હતા પણ બરાબર ઉતર્યા ન હતા, તે પણ મેં ઠીક કર્યાં. વડાલાભાઇના બાપ શાળામાં બેઠા હતા, તેના મોંમાંથી સ્હેજે નીકળી ગયું કે–'ખરા બાપ તો આ છો, હું નહિ.' મને કંઇક સંતોષ થયો, પોરસ ચડ્યો.

સીતાની પર્ણકુટી

વાસણાથી પગે ચાલતા બોરસદ આવતા હતા, ત્યારે રસ્તામાં નારણભાઇ પટેલ પોતાની ઝુંપડીએ અમને લઇ ગયા. ત્યાં જવાની મારી ઇચ્છા બહુ નહતી, પણ તેમના આગ્રહને માન આપી ગયા. ગયા પછી એમ લાગ્યું કે ન ગયો હોત તો મોટી ભૂલ થાત. તે સાધારણ ઝુંપડી નહિ, પણ ખરેખરી પર્ણકુટી, ઝાડના પાંદડાં અને ડાંખળાઓનીજ બનાવેલી ઝુંપડી હતી. આંબાના મોટા વૃક્ષની નીચે પણ સહેજ ઉગમણમાં આ કુટી બાંધી હતી; પણ તે સાથે તેમાં એક સીતા–નારણભાઇનાં પત્ની–પણ હતાં. આવા ખેતરમાં, એક કુટીમાં, હાથમાં પુસ્તક લઇને વાંચતી,

એક આધેડવયની, બહુ બીકણ નહિ તેમ બહુ વાચાળ નહિ એવી પાટીદાર [illegible] ત્યારે પચાસેક વર્ષ પર મારી મોટી બહેને મને વાંચી સંભળાવેલ સીતાની પર્ણકુટીનું [illegible] જ બધું થયું; પણ મને લાગ્યું કે આ બાઈને આવા એકાંતમાં કોઈ પણ જાતના [illegible] સગાંસાંઈથી દૂર, બાળબચ્ચાંની પણ સોબત વિના, કોઈ પણ સ્ત્રીમિત્ર (કે [illegible]) [illegible] ગોઠતું હશે? તેના દીવસ કેમ નિર્ગમન થતા હશે? નારણભાઈએ તરત ખુલાસો કર્યો કે [illegible] તેમને અહીં આવવું પોસાતું નહતું. તેઓ વસો છોડીને મારી ઝુંપડીમાં વાસ કરવા [illegible] નહોતાં; પણ નાગપુર સત્યાગ્રહમાં હું જઈ આવ્યા પછી, તેમને મારાપ્રતે [illegible] તેઓ મને સાથ આપવાને છેલ્લા અઢાર માસથી આવ્યાં છે, અને હવે તો તેમને [illegible] હું કોઈ દિવસ રાત્રે બોરસદ કે વાસણાથી આઠ નવ કે દશ વાગે આવું છું, ત્યારે પણ [illegible] તેમને મુંઝવણ આવતી નથી.

આવી કુટીમાં રાત્રરહીનું, જીંદગી ભોગવવાની રીતે કઈ કઈ હશે તે જોવાનું [illegible] મન આવ્યું અને તે દાબી શક્યો નહિ. તે બહેનની પરવાનગી લઈ પર્ણકુટીમાં દાખલ [illegible] [illegible] ચટાઈઓ, એક લોઢાના પતરાની ટ્રંક, પાંચ સાત ટીનના [illegible] [illegible] મંદિરનાં કેટલાંક પુસ્તકો, રસોઈનાં [illegible] [illegible] અને લોટા પ્યાલાં, લીંબુના અથાણાની બે ત્રણ માટલીઓ, [illegible] [illegible] કુટીની ભોંય બહુજ સ્વચ્છ રીતે લીંપેલી હતી, [illegible] [illegible] ફુટ લાંબી અને ૧૧ ફુટ પહોળી હતી. આંબાની છાયાનું તો [illegible] [illegible] શાંતિ મેળવવા ખાતર, નિઃસંગ દશા ભોગવવા અને [illegible] [illegible] "[illegible] આનંદમાં રહેવું રે" એ સત્ય કરવા, એકાકી [illegible] [illegible] પણ [illegible]. આવતી કાલે વાંકળના બીલ આશ્રમની [illegible] [illegible] અને મુંઝાએલા હૃદયે સીતા તથા રામની-બન્નેની રજા [illegible] [illegible] બોરસદ સુધી મુકવા આવ્યા, અને વાસદ સ્ટેશન (૧૧ [illegible] [illegible] રવાના. ફરી પછી પોતાની પર્ણકુટીએ આશરે ૯।। વાગે પાછા [illegible]

નારણભાઈની ને મારી નળગાડીઓ

[illegible] મેં નારણભાઈને પૂછ્યું હતું કે, "તમારે કાર્ય કરવું [illegible] [illegible] કે બોરસદ કે વાસણામાં રહીને કામ કરવું, તો [illegible] [illegible] એકાંતવાસમાં કોઈના સંગ વિના, [illegible] [illegible] પ્રથમ હું આશ્રમમાં રહેતો હતો. ત્યાંના વાસથી [illegible] [illegible] બોરસદ [illegible] [illegible] મારી નળગાડ [illegible] [illegible]

[illegible]

તેનું કામ પૂરું થઇ ગયું હતું. ઓવરટનું બીલ પણ બની ગયું હતું અને પછી તેણે લાંચ આપી હતી, અને મેં લીધી હતી. બીજી વખત પોરબંદર રાજ્યને માટે ઍરિફાની જનાનાની નેતરની ખુરશીઓની મોટી ખરીદી કરવા મુંબઇ ગયો હતો. તે ખરીદીમાંથી આશરે ૩૦૦ રૂપિયા વધારે કિંમત બતાવી મારી ખાધા હતા. આ બે વખત પછી કોઇ વખત લાંચ લીધેલી મને યાદ નથી. આમ આ મારી નબળાઇનો જાહેર એકરાર કરી જાહેર માફી માગી શકું.

ટુંકમાં આ દિવસે નીચે પ્રમાણેનાં સેવાકાર્ય કરવા હું ભાગ્યશાળી થયો:—

૧ પામોલ ગામમાં અંત્યજોના કૂવા માટે રૂ. ૫૦૦ વગરવ્યાજે અપાવવા વ્યવસ્થા કરી, તેમનાં બાળકો માટે શાળા કઢાવી આપવાનું વચન આપ્યું.

૨ બોરસદ ગામમાં ભંગીના કૂવાના ખોદાણ માટે રૂ. ૧૫૦ સુધી આપવાનું વચન આપ્યું. ભંગીઓને પડતો પાણી માટેનો ત્રાસ નજરે જોયો.

૩ બોદાલમાં ૩૦ વિદ્યાર્થીઓના અંત્યજ આશ્રમમાટે યોજના કરી મંજુરી માગી.

૪ વાસણાની અંત્યજશાળા તપાસી. છોકરાઓના વધેલા નખ ઉતાર્યા, અંધ છોકરાને ભજનો શીખવા ઉત્તેજ્યો.

૫ નારણભાઇની નબળાઇનો નિખાલસ એકરાર સાંભળી,મારી નબળાઇનો એકરાર કરવા પ્રેરાયો.

આ દિવસને અંતે રાત્રે ૯ થી ૧૧ સુધી વડોદરામાં શારદા—સુમંત એ સુખી યુગલ સાથે બે કલાક શાંતિથી જાહેર વિષયોની ચર્ચા કરવાનો પ્રસંગ મળ્યો, એ તો દૂધચોખામાં સાકર ભળવા જેવું થયું. અંગત વાતો લખવા માટે, વાચક માફી આપશો ?

લેખ વીજો

(લેખક:—અમૃતલાલ વિ. ઠક્કર—'નવજીવન' તા. ૨૪—૪—૨૭ ના અંકમાંથી)

કાઠિયાવાડના એક ગામમાં અંત્યજ શાળા છે. ત્યાંના શિક્ષક ભાઇ.........સંસ્કારી, સેવા-ભાવવાળા અને જન્મે વણકર (અથવા ઢેડ) છે. ગાયકવાડ સરકારની ફરજિયાત કેળવણીની નીતિથી તેઓ ભણ્યાગણ્યા છે; અને પોતાની જ્ઞાતિની ઉન્નતિમાટે પોતાથી બનતું કાર્ય કરી રહ્યા છે. તેઓ સુઘડ, સુવિચારના અને તેમની રહેણીકરણી ઉપરથી કોઇ ઢેડતરીકે ન ઓળખાય તેવા છે; છતાં પુરાણપ્રિય કાઠિયાવાડના એક નાના ગામમાં રહી તેમને પોતાની જ્ઞાતિનાં બાળકોને ભણાવવાનું ભાગ્ય કે કમભાગ્ય પ્રાપ્ત થયું છે, તેથી ત્યાંનો દરેક માણસ તેમને ઢેડતરીકે ઓળખે છે અને અસ્પૃશ્ય ગણે છે, પણ તેઓ તેવીજ રીતે પોતાનું કાર્ય મુગે મોઢે કર્યેજ જાય છે; પરંતુ આવી અસહ્ય સ્થિતિ સહેતાં સહેતાં કોઇ વખત માણસનો ગુસ્સો, બળાપો ને દુઃખના ઉદ્ગાર બહાર આવી જાય છે, તે આ ભાઇના નીચેના પત્રોથી જણવામાં આવશે. તેના દરેક ટુંકા વાક્યમાં કરુણકથા ભરી છે. ગામનું નામ, ડૉક્ટરનું નામ, લેખકનું નામ, સજ્જન નગરશેઠ અને ગરાસિયાભાઇના નામો, જાણીજોઇને આપ્યાં નથી. આપવાથી કદાચ લેખક—શિક્ષકને કોઇ નુક-સાન કરે એમ જાણી આપ્યા નથી.

૧

તા. ૯—૪—૨૭

નમસ્કાર સાથે વિ. કે તા. ૫-૪-૨૭ને રોજ મારી વહુને સુવાવડ થઇ. તા. ૭-૪—૨૭ના રોજ બપોરે પછી મારી સ્ત્રી બહુ બિમાર થઇ ગઇ. ઝાડા થયા ને બોલવાનું બંધ થયું, શ્વાસ વધારે ચડ્યો, છાતી સુજી ગઇ, પાસોડાં બીંસાનાં હતાં. હું અત્રેના મે. ડૉ.........ને બોલાવવા ગયો, પણ તેઓશ્રીએ કહ્યું કે:—'હું ઢેડવાડામાં આવવાનો નથી. ઢેડને અડીને તપાસવાનો પણ નથી.' છેવટે નગરશેઠ.........તથા ગરાસિયા દરબાર.........ને હું ડૉ. સા. પાસે તેડી ગયો. ત્યારે રૂ. ૨) ફીના નગરશેઠ પાસે કબૂલ કરાવ્યા; તે પછી આવવાને શરત કરી કે ઢેડવાડા બહાર દર્દીને લાવો, તો આવું. ડૉ. સા. આવ્યા. ઢેડવાડા બહાર એ દહાડાની સુવાવડી બાઇને કાઢી. પછી ડૉ. સાહેબે મુસલમાનને થર્મોમિટર આપી ને તેમણે મને આપી. મેં મારી સ્ત્રીની કાખમાં મૂકી. ત્યારપછી થર્મોમિટર મેં મુસલમાનને આપી, તેમણે ડૉ. સા. ને આપી. તેઓશ્રીએ

[illegible] હવે એટલે કે ન્યુમોનિયા ને સુસ્તી થયો છે. [illegible] ગયા, દવા [illegible]. આગલીના રોગનો [illegible] શું કુમારની [illegible]. [illegible] શારીરિક અભ્યાસ કરી નહિ. જેથી [illegible] ગયા. [illegible] ૨) [illegible] છે. ....થી મારા કુટુંબની ખબર કાઢવા આવ્યા છે. [illegible] આ બાબત શું કરવું તે આપ જણાવશો.

[illegible]

૨

[illegible] મારી આ [illegible]

[illegible]

[illegible] મારી [illegible] કાઢતા નકામા છે. [illegible] અને મારી [illegible] [illegible] આ [illegible]

મરી એ અનેક પ્રકારના રોગ ઉપર અમૂલ્ય દવા છે

[illegible]

શ્રી શિવાજી છત્રપતિ



("રાષ્ટ્રશક્તિ" ના તા. ૨૧-૪-૨૭ ના અંકમાંથી ઉધૃત)

આ મહાન પુરુષનો જન્મ ત્રણસો વર્ષ પહેલાં થયો હતો.

એક કવિ કહે છે કેઃ—

"કાશીકી કળા જાતી મથુરા મસીદ હોતી, શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી."

ઓ મહાન્ આત્મા! તને અમારાં કોટી કોટી વંદન હોજો!

ત્રણસો વર્ષ અગાઉ હિંદમાં મોગલસમ્રાટ્ ઔરંગઝેબના ધર્માંધપણાના ત્રાસે હિંદુસમાજ ત્રાહિ ત્રાહિ પોકારી ઉઠેલો, હિંદુસમાજના વિનાશનાં ભયંકર વાદળો ચઢી ચૂકેલાં અને સનાતન વેદધર્મના વિનાશના ડંકાઓ આ પવિત્ર ભારતવર્ષમાં વાગી રહ્યા હતા. મોલવીઓ, મુલ્લાંઓ, રાજ્યકર્મચારીઓ અને ખુદ એ ધર્માંધ શહેનશાહ ઔરંગઝેબે પક્કો નિશ્ચય કરેલો કે, હિંદુસ્થાનમાં હિંદુત્વને નષ્ટ કરીને હિંદુસ્થાનને મુસ્લીમસ્થાન બનાવવું.

પરંતુ એ પામર મનુષ્યો બિચારા શું કરી શકે!

હિંદુસમાજે પરમકૃપાળુ પ્રભુને રડતા હૃદયે કરુણાજનક સ્વરે પ્રાર્થનાઓ કરી કે, "ઓ પ્રભુ! અમારા દેશના, અમારા ધર્મના, અમારા સમાજના રક્ષણમાટે તું આ પવિત્ર ભારતમાં જન્મ ધારણ કર."

પ્રભુએ આ પ્રાર્થના સ્વીકારી અને એ ભયંકર આપ્તિસમયે હિંદુસમાજ, હિંદુ-ધર્મ અને હિંદદેશના રક્ષણમાટે એ દિવ્ય પુરુષને—એ આજાનબાહુને ભારતના ઉદ્ધાર અર્થે મોકલી આપ્યો.

એજ આપણો પ્યારો રાષ્ટ્રદેવ ગૌબ્રાહ્મણપ્રતિપાલ છત્રપતિ શિવાજી મહારાજ!

રાષ્ટ્રવીર શિવરાજ

(" સૌરાષ્ટ્ર " તા. ૩૦-૪-૨૭ ના અંકનો મુખ્ય લેખ)

ભારત-ઇતિહાસના અઘોર અને અત્યંત અટપટા અરણ્યપંથો ઉપર પોતાનો પરમ તેજસ્વી પ્રકાશ પાથરતા જે અનેક ઐતિહાસિક પુરુષવરો ખડા છે, તે પુરુષવરોની પુનિત નામાવલિમાંથી એવો નરસિંહ કયો છે કે જેના માત્ર નામસ્મરણેજ, આજની પરાધીન દશામાં, આપણે ઘડીભર આપણા લોહીમાં વસી ગયેલી દીનતા અને દાસત્વને જાણે ભૂલી જઇએ ? અને સ્વાધીન, સમાન-પ્રેમી, સ્વદેશપ્રેમી મનુષ્યોતરીકે શ્વાસોચ્છ્વાસ ખેંચવા મંડીએ ? ભારતની ઐતિહાસિક વિભૂતિઓમાંથી એવી વિભૂતિ કયી છે, કે જેની કલ્પનામૂર્તિ આપણાં ચક્ષુઓ સમીપ ખડી થતાં, આપણે ઘડીભર તો આ દુનિયાનાં દુઃખોને ભૂલી જઈએ, આપણી બધી નિર્બળતાઓને ખંખેરી નાખીએ અને દૃઢતા તથા નિશ્ચય, કોઈ વિશુદ્ધ ધ્યેય અને એ ધ્યેયની સાધનાનો પુરુષાર્થ, આપણા આખા જીવનનો જાણે કબજો લઇ લેતાં હોય એવી પ્રેરણા અનુભવીએ ? એવા નરસિંહો, એવી વિભૂતિઓ, ભારત-ઇતિહાસમાં કેટલીક છે ? અને તેમાંયે ભારતની ઉત્તરની કિલ્લેબંદી તોડી, મુસ્લીમોએ આપણા ઉપર ધસારો કર્યો અને અહીં સમ્રાટોતરીકે વાસ કર્યો તે કાળથી, છેલ્લી આઠેક શતાબ્દિઓમાં, એવા નરશાર્દૂલો આપણી વચ્ચે કેટલાક નીપજ્યા છે ? આંખો ઇતિહાસની આખી અટવીમાં એ શોધને માટે વ્યર્થ ભટકી ભટકીને પાછી ફરે છે; અને અંતર કરુણ સ્વરે પોકારી રહે છે કે, માંડ ત્રણ-ચાર વિભૂતિઓજ એવી હાથ લાગે છે, કે જે પોતાનું પુનર્વિધાન સંરજી રહેલા આજના ભારત-વર્ષને અને ભાવી ભારતવર્ષને માટે પ્રેરણામૂર્તિ બની શકે ! એવી એક પ્રેરણામૂર્તિ છત્રપતિ શિવાજી મહારાજ !

સત્તરમી સદીનો સૂર્યોદય થતો હતો. લોહીથી ખરડાયેલા, મુડદાંઓથી ઢંકાયેલા, લૂંટારાઓથી છવાયેલા આ દુર્ભાગી ભારતના માર્ગો ઉપર તે કાળે પણ સવિતાદેવ તેમનાં તેજ વરસાવતા ભાર-તીય પ્રજાની દુર્દશાના સાક્ષીસમા આકાશભ્રમણ કરતા હતા. મુસ્લીમ શહેનશાહત બરાબર જામી ગઇ હતી. તલવારની અણી ભોંકીને બીન-મુસ્લીમને મુસ્લીમ બનાવવાની વટાળ-પ્રવૃત્તિ પૂર-જોસમાં ચાલતી હતી. હિંદુ દેવાલયો અને હિંદુ તીર્થધામો જમીનદોસ્ત બની રહ્યાં હતાં અને તે જમીન ઉપર, તેજ પથ્થરોથી નવી મસ્જીદો રચાઇ રહી હતી. હિંદુપ્રજાનું અસ્તિત્વ કોઈ ઠાર માર્ગોએ ભૂંસાઈ રહ્યું હતું. પરદેશી પ્રવાસીઓ પણ એ ત્રાસ અને એ અત્યાચાર જોઇ કંપી ઉઠતા હતા. કોઇ રામદાસસ્વામી સમા વિચારસૃષ્ટિમાં બળવો માંડી રહ્યા હતા; પણ વસ્તુતઃ તમામ મોટાં હિંદુરાજ્યોનો કયારનોયે લય થઇ ચૂકયો હોવાથી અને 'હિંદુપતનો તારણહાર' બનવાના દુઃસાધ્ય જીવન-કર્તવ્યને જીંદગીનું નિશાન બનાવી-જીવનની પળેપળની સાધનાનું ધ્યેય બનાવીને રણે ચઢે એવો અસ્મિતાવાન કોઈ નરવીર જાગતો ન હોવાથી, 'હિંદુ' નામનો પણ નાશ થવાની વેળા આવી પહોંચી હતી. એવે સમયે શિવરાજનો અવતાર થયો. તેણે જીવનાન્તસુધી, ભવાની તલ-વારની અને તેના માવળ સરદારોની સહાયને બળે, જીજાબાઇ માતાની તથા રામદાસ-સ્વામીની પ્રેરણાના બળે, મહાભારત અને રામાયણના પ્રતાપી વડવાઓનાં પરાક્રમોની સ્મૃતિઓના બળે, અને સૌથી વિશેષ, આત્માભિમાન અને અદમ્ય મહેચ્છાના બળે, અત્યાચારી સત્તાઓની સામે સંગ્રામ ખેલ્યો અને તેમના આક્રમણને થંભાવી દીધું-અને એટલુંજ નહિ પણ એ આક્ર-મણનાં પૂર પાછાં વાળી હિંદુઓમાં સ્વત્વની રક્ષાની નવી ભાવના ફુંકી, તેમને શૂરા સમરવીર બનાવી, હિંદુ મહારાજ્યની સ્થાપના કરી. એ શિવાજી મહારાજનું જીવનકર્તવ્ય ! શિવાજી મહા-રાજે યુગપલટો સાધ્યો, ઇતિહાસનો ક્રમ બદલી નાખ્યો. કશાજ પ્રતિરોધવિના કચરાતી, પીડાતી, છુંદાતી આ ભારતવર્ષની પુરાણી આર્યપ્રજામાં પ્રબળ વિરોધનો જુસ્સો જન્માવ્યો. એ શિવાજી મહારાજની સ્વદેશસેવા ! શિવરાજની ત્રણસોએકમી જન્મજયંતિનો ઉત્સવ આવતા મંગળવારથી સમસ્ત ભારતવર્ષમાં મંડાય છે. એ શિવરાજની આ મહાસેવાઓનો સ્વીકાર કરતાં અર્થે, આજે ફરીવાર નવપ્રેરણાની ભારે જરૂર ખડી થઈ છે ત્યારે એ પ્રેરણામૂર્તિમાંથી નવું પ્રેરણાદોહન કરવા કાજે.

શિવરાજની કર્મલીલા મહારાષ્ટ્રમાં ભજવાઈ, શિવરાજના ભગવો ઝુંડા નીચે ઉભો એ

[illegible]-યુદ્ધમાં આમ ફુલાનું માન [illegible] એક [illegible] [illegible] રાજ એક મહારાષ્ટ્રનીજ મિલકત બની શકે છે! શિવરાજના [illegible] [illegible] [illegible] હતા અને એ [illegible] ગુજરાતમાંથી [illegible] [illegible], એ [illegible] શિવરાજને એકલા ગુજરાતની મૂડી કહી શકાય છે? એ [illegible] [illegible], એ મૂલ્ય [illegible] છે. શિવરાજ [illegible] સમગ્રની વાત ન કરીએ તોયે, અખિલ ભારતવર્ષની મૂડી છે. [illegible], [illegible] [illegible]રાષ્ટ્ર, મદ્રાસ, ગુજરાત, રજપૂતાના એ તમામ પ્રાંતોની, પ્રાંતીય નહિ [illegible] [illegible] છે. [illegible]રાજ આખી હિંદી પ્રજાની–હિંદુ, મુસ્લીમ, શિખ વગેરે તમામ કોમોની [illegible] હિંદી [illegible]ની સંપત્તિ છે. શિવરાજને રાષ્ટ્રવીરનુંજ સ્થાન [illegible]. એ [illegible] એ [illegible] [illegible] [illegible]. શિવરાજના જીવનની નિર્મળ ભાવે તુલના કરનારાઓ, જે 'ભગવા ઝુંડાના મેરુ' [illegible] જીવન-[illegible] મોડી, એ સ્વરાજ્યવીરની જીવન-સાધના નીરખી, એ પરમ વિરાગી સાધુપુરુષની સર્વ [illegible]પ્રત્યેની વિરલ સન્માનવૃત્તિ જાણી, એ રાજપુરુષ-યોદ્ધાનો [illegible] અત્યાચારો અને [illegible]થી મુક્ત કરવાનો સર્વોપરિ અભિલાષ તુલામાં મૂકી, ફેસલો આપે છે કે, 'શિવ જન્મ્યો હિંદુ [illegible], હરણીએ હિંદુત્વની રક્ષા અર્થે ઝુઝ્યો છે; પણ એના જીવનની સિદ્ધિ, જે આજે ત્રણસો વર્ષના [illegible]ળવહન પછી આપણી સમક્ષ ઉભી છે, તે તેને રાષ્ટ્રવીરના ગૌરવ સિંહાસન ઉપરજ સ્થાપે છે.' શિવરાજનું જીવન એવું ભવ્ય છે અને તેના કાર્યોમાં એવી પ્રબળ રાષ્ટ્રભાવના, એવી વિશુદ્ધ ધર્મ-ભાવના, એવી પુનિત કર્તવ્યભાવના ઝળહળે છે કે ભારતવર્ષ એને ભારતવીરતરીકે ન આરાધે તો ભારતવર્ષ ગુમાવે-શિવરાજ કે મહારાષ્ટ્ર નહિ, હિંદુ જાતિ કે હિંદુ ધર્મ નહિ.

અને હિંદુજાતિ તો જગતના મહાજનોના કીર્તિમંદિરમાં નેપોલિયનો અને ગેરીબાલ્ડીઓની સાથે આસન પામી શકે એવા પ્રતાપી પોતાના આ પુત્રને-શિવરાજને-બનાવી ગર્વ લઇ શકે, કે હિંદુજાતિ વંધ્યા નથી, હિંદુજાતિ હજીયે ભારતીય ઇતિહાસમાં અને જગતની તવારીખમાં આવાં સમૃદ્ધ અર્પણોનો પોતાનો ફાળો પૂરવાને બરાબર સમર્થ છે. હિંદુજાતિના ગગન-સ્પર્શી જંગી વટવૃક્ષની ડાળીઓનું છેદન ગમે તેટલા જોરથી ચાલી રહ્યું હોય, જગતભરમાં શાખા-બાહુઓ પ્રસારતા હિંદુ-જાતિના તરુનાં મૂળ બાળી નાખવા ગમે તેવા જલદ પ્રયાસો ચાલતા હોય, સદીઓ થયાં પરાધીનતાની તોપ હિંદુજાતિના આત્માને ગમે તેવા જોરથી કચડી રહી હોય; પણ એ બધું છતાં શિવરાજને તો હજી હિંદુજાતિમાંથીજ પાકે છે. એવો ગર્વ બીજી કયી જાતિ લઇ શકે તેમ છે? એવો ઇતિહાસ બીજી કયી જાતિ બતાવી શકે તેમ છે? હિંદુઓ આજે કહી શકે કે, શિવરાજના જીવનના પ્રસંગે પ્રસંગમાંથી એકજ ઘોષણા ગાજી રહી છે; અને તે એ કે, હિંદુત્વ અમર છે; શતાબ્દિઓના રાજકીય પરાધીનતાની બેડીઓના ગમે તેવી પ્રાણવાન જાતિને પણ ઠેઠ પાતાળમાં હડસેલી દે એવા જીવલેણ દબાણ નીચેથી પણ તે મસ્તક ઉઠાવી શકે છે; તેના અંગે અંગને છેદી નાખી તેમને છુટાંછવાયાં રઝળતાં કરી નંખાયા છતાં, તે અંગો ફરીવાર સંયોજન પામી, તેમાંથી ફરીવાર પ્રાણવાન અને પ્રતાપી આત્માની બુલંદ આગ ઉઠી શકે છે; હિંદુત્વ તેની ભુજાઓના બળે ગમે તેવાં વિઘ્નો અને અંતરાયોને ભેદી શકે છે, ગમે તેવા આક્રમણોની સામે તરવાર વિંઝી શકે છે, અને એમ વીરતાપૂર્વક પ્રતિ-બળને શમાવી દીધા પછી ફરીવાર ફુલેફાલે છે; હિંદુત્વ અમર છે, અજર છે. હિંદુઓ આજે ટટ્ટાર મસ્તક રાખી એટલું કહી દે.

હિંદુત્વની આવી અખુટ શક્તિની સૌ કોઇને પ્રતીતિ કરાવનારા આ શિવાજી મહારાજનો ઉત્સવ એ સમસ્ત ભારતવર્ષનો અને અખિલ ભારતીય પ્રજાનો ઉત્સવ છે. જુવાનોનો જીવન-આદર્શ બની શકે એવા એ વીરનો ઉત્સવ એ સર્વ ધર્મોના અને સર્વ વર્ગોના ભારતીય યુવકોનો ઉત્સવ છે. ગુજરાત, ગુજરાતના યુવકો, એ ઉત્સવદિને-આવતા મંગળવારના પર્વદિને-શિવરાજની જીવન-[illegible]ી ઝાંખી કરજો. જે આદર્શોને માટે અને જે ભાવનાઓને માટે શિવરાજ ઝુઝ્યો છે, એ [illegible] અને એ ભાવનાઓમાંથી એકાદને, આછી અધુરી, જીવનમાં પધરાવજો. પુરુષવરોની જયંતિ[illegible]ે અર્થ છે. રાષ્ટ્રવીરોના જન્મોત્સવનો એ અર્થ છે. એવી જયંતિઓ અને એવા જન્મો[illegible] [illegible]વો, એવાં પ્રતાપી જીવનોમાંથી, એ જીવનોને પ્રતાપી બનાવનારી ભાવના અપનાવી [illegible]ી હોય છે; એથીજ એ ઉત્સવો સહેતુક અને સાર્થક બને છે. ગુજરાત! શિવરાજની જીવન-[illegible]ના [illegible] અપનાવી લેજે; શિવરાજનો ઉત્સવ ઉજવી એટલી કમાઇ કરી લેજે; અને ગુજરાતી

નરનારી ! શિવરાજના જયજયકારથી ગુજરાતને ગજાવી મૂકજો; એ વીર યોદ્ધાની, એ ઉજ્જવલ દેશભક્તની તમારા હૃદયમાં પ્રતિષ્ઠા કરજો.

હિંદુપતનો તારણહાર

(લેખકઃ–નાનાલાલ કવિ–'સૌરાષ્ટ્ર' તા ૩૦–૪–૨૭ ના અંકમાંથી સાભાર ઉદ્ધૃત)

(૧)

એક ગુજરાતીતરીકે એ મહારાષ્ટ્રીય વીર શિવરાજ મહારાજની ત્રિશતાબ્દિની જયંતિમાં ભાગ લેતાં આજ હું ગૌરવ માનું છું.

હિંદુપતની પુનઃ સ્થાપનાના વીરને મારી વંદના છે, સારા ગુજરાતની વંદના છે. ગુજરાતના–મહાગુજરાતના પ્રતિનિધિતરીકે આજ આ સમારંભ વચ્ચે ઉભી વંદન વંદું છું એ ભારતવીરને.

ગુજરાતીઓને કાજે તો આજ સાત્ત્વિક અભિમાનનું પર્વ છે.

આપ પૂછશો કે, આજ મહારાષ્ટ્રનો ઉત્સવ છે, એમાં ગુજરાતીઓને શું ? ગુજરાતને શું ઇતિહાસ અનોખીજ વાત ઉચ્ચારે છે.

ચિતોડના રાજપુત્ર સજનસિંહની અગિયારમી પેઢીએ શિવરાજ મહારાજ થયા એ જો ઐતિહાસિક સત્ય હોયઃ

શિવરાજ મહારાજ સિસોદિયા કુલના–બાપ્પા રાવળના વંશના હતા એ જો ઇતિહાસ હોય તો–તો

ચિતોડનેયે એ બાપ્પા રાવળ ઇડરે–ગુજરાતે દીધા. ચિતોડને પણ ઘેલોહી-સિસોદિયા વંશ ગુજરાતે દીધોઃ એ ઇતિહાસ છે.

શિવરાજ મહારાજના વડિલોનું વતન ચિતોડ હોય, તો ચિતોડના મહારાણાઓના વડિલોનું વતન ગુજરાત હતું, એમ ઇતિહાસ ઉચ્ચારે છે.

એટલે ઇતિહાસ કહે છે કે, શિવરાજ મહારાજના પૂર્વજોનું મૂળ વતન ઇડર તે વલ્લભીપુર ગુજરાત હતું.

કાશીપ્રયાગના ગંગાતીર્થમાં ન્હાઓ છો એ ઋષિકેશઃ મહારાષ્ટ્રહરદ્વાર આગળનાં ગંગાતીર્થ એ ચિતોડઃ ત્યાં ગંગાજીએ ગિરિમાળ છોડી, ત્યાં ગંગાજી ધરતીના સપાટ પ્રદેશમાં ઉતર્યાં.

શિવરાજ મહારાજની કુલગંગાના મૂળવતનનાં તીર્થક્ષેત્ર એમ અમારા ગુજરાત દેશમાં.

મહારાષ્ટ્રીઓ! ગુજરાતના પ્રતિનિધિતરીકે ગુજરાતીતરીકે હું આજના ઉત્સવમાં સુગૌરવ ગૌરવ લઉં છું.

(૨)

બીજુંઃ શિવરાજ મહારાજને કોણે કોણે ઘડયા ?

આપ તો જાણોજ છો એ કાળિદાસ કહે છે,

जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ

જગતમાત્રના **पितरौ**, પાર્વતી ને શંકર ભગવાનસમાં, સૌ-સૌનાં માતપિતા.

તે તેમને હોય સૌના જીવનની પ્રથમ વંદના.

શ્રુતિ ભગવતી ઉચ્ચારે છે કે, **मातृदेवो भव, पितृदेवो भव**

શિવરાજ મહારાજનાંયે પ્રથમ ગુરુઓ એમનાં માતપિતા,

શાહજી ને જીજાબાઈ.

સિંહાદ્રિની શિલાસમા શાહજી હતા. વજ્રના વીર, મહારાષ્ટ્રના બ્રાહ્મણીવંશના ઠરડેલ નરેશોના સરદાર; પણ ગૌરવવંતા, સ્વમાનવંતા, ટેકીલા રજપૂતસમા કરડા, એ સમશેરિયા હતા.

દેવગિરિના જાદવવંશની, ને એમ શ્રીકૃષ્ણચંદ્રના યદુકુળની જીજાબાઈ હતાં વેલડી.

એ માતાપિતાએ શિવરાજને સરજ્યા.

પિતાએ પુત્રને પુનર્જન્મ દીધો, માતાએ દેશના હીર પાઈ ઉછેર્યો. ને [illegible] પાર્થવત્ શિખામણો દીધી.

પુત્રનો રાજ્યાભિષેક નિરખી, જીવનની પરમ કૃતકૃત્યતા પામી, [illegible] ભવમોહ નથી રહ્યા માની, જીવનવતની જ્યોતે પૂર્ણાહુતિની આરતી ઉતારી. [illegible] ભળતી, જીજાબાઈ મોક્ષમાર્ગે સંચર્યાં...

એ માતાએ તો જીવનમાં જીંદગીનો મોક્ષ આપ્યો. એ માતાએ મનના પરમ મનોરથ મનો-ઓજે પૂરા કીધા.

(૩)

શિવરાજ મહારાજના ત્રીજા ગુરુ એમના ધર્મપિતા શ્રી સમર્થ રામદાસ સ્વામી.

જીંદગીનો પાયો ધર્મ છે, રાજ્યનો પાયો ધર્મ છે, સારા સંસારનો પાયો ધર્મ છે: એ સનાતન આર્યભાવના.

શિવરાજ મહારાજમાં એ આર્યંત સિંચનાર ને મ્હોરાવનાર શ્રી સમર્થ રામદાસ સ્વામી.

ગ્રાન્ટ ડફ કહે છે તેમ શિવરાજ મહારાજ જન્મે હતા સિંહાદ્રિના વાઘ! સ્થૂલદૃષ્ટ ગ્રાન્ટ ડફે જોયું નથી. તે એજ કે, એ વાઘના આર્યવીર સરજ્યા હતા શ્રી સમર્થ રામદાસ સ્વામીએ.

શિવરાજ મહારાજ હતા ગાંડીવધન્વા અર્જુનઃ એમને નિષ્કામ ધર્મ સદ્બોધ્યો શ્રી સમર્થ રામદાસ સ્વામીએ. શિવરાજ મહારાજના જીવનમાં ગીતાજીના યુગયુગજૂના જગતસંદેશ ઉનાર્યાં શ્રી સમર્થ રામદાસ સ્વામીએ.

શિવરાજના રણધ્વજ ઉપર ભગવો ઝુંડો આરોપ્યો શ્રી સમર્થ રામદાસ સ્વામીએ.

ગ્રાન્ટ ડફે નથી પૂરા ઓળખ્યા રામદાસ સ્વામીને કે રામદાસ સ્વામીના નિષ્કામ સદ્બોધને. રામદાસ સ્વામીને, એમની ચીંદડીને ગ્રાન્ટ ડફે પૂરાં પારખ્યાં-પિછાન્યાં હોત તો, લખ્યું છે તે કદાચ ન લખત કે, 'શિવરાજ એટલે સિંહાદ્રિનો વાઘ;' 'શિવરાજ એટલે સિંહાદ્રિનો લૂંટારો.'

સિંહાદ્રિમાં તો સિંહ પાકતા અને શિવરાજ એટલે સિંહાદ્રિના ગાંડીવધન્વા. ને શ્રી સમર્થ રામદાસ સ્વામી એટલે એ અર્જુનના શ્રીકૃષ્ણદેવ.

શિવરાજના સંગ્રામોને યજ્ઞસ્વરૂપ કીધા, શિવરાજના રણધ્વજને ધર્મધ્વજ કીધો શ્રી સમર્થ રામદાસ સ્વામીએ.

શ્રી રામદાસ સ્વામી શિવરાજના ધર્મપિતા ને ત્રીજા ઘડનાર.

(૪)

ને શિવરાજને ચોથા ઘડનાર તુળજાપુરનાં ત્રિભુવનેશ્વરી મહાશક્તિ જગદંબા તુળજાભવાની. એમણે શિવરાજને સમશેર દીધી.

દંડકારણ્યમાં પ્રવેશતાં રામચંદ્રજીને અગસ્ત્યઋષિએ બ્રહ્માસ્ત્ર દીધું હતું.

શિવરાજ મહારાજને એમ તુળજાભવાનીએ દીધી સમશેર. શિવરાજ મહારાજની સ્વરાજ્ય-સિદ્ધિની એ મહાશક્તિ, હિંદુપતની પુનઃ સ્થાપનાની એ મહાદેવી, શ્રી શિવરાજ મહારાજની સમશેર ભવાની.

એ ચાર શિવરાજ મહારાજનાં સર્જનહારાંઓ.

(૫)

શિવરાજ મહારાજના જીવનમાંથી મારી આંખ આગળ તો આજ પ્રસંગ તરવરી રહે છે.

કોઇની આંખે તોરણા લીધો એ પ્રસંગ તરવરતો હશે; કોઇની આંખે સિંહગઢ જીત્યો એ તરવરતો હશે; ગઢ આવ્યા, પણ સિંહ ગયા; કોઇની આંખે આગ્રાનો દરબાર, તો કોઇની આંખે રાયગઢનો રાજ્યાભિષેક તરવરતો હશે.

મારી બે આંખો સમક્ષ બે પ્રસંગો આજ તરવરે છે.

એક તો રામદાસ સ્વામીને રાજ્યસમર્પણ.

ઇતિહાસને ચોપડે કંઇ કંઇ દાન નોંધાયાં છેઃ પણ આ સમર્પણની જોડ જડવી દુર્લભ છે. એ તો હતાં જીવનસિદ્ધિનાં પરમ સમર્પણ. જીંદગીભરનાં સાધનસિદ્ધિનાં એ હતાં મહાદાન. એ અવસરે તો શિવરાજ મહારાજ જીવનનાં પરાક્રમ, જીવનના મહાશ્રમ, જીવનના સકલ

[illegible] મહાગીતિઓ, [illegible] સ્મરણીય હતા.

એ [illegible] શિવરાજ મહારાજ [illegible] સ્વામીને શું [illegible]

[illegible] પરમ [illegible] માટે તો [illegible] હતા.

એ [illegible] મહાગાન [illegible] આજ [illegible] છે.

(૬)

ને જોને પ્રસંગ એ [illegible] પુનરુક્તિ, એ તુકારામની સુદામાજીના જેવી ઝુંપડી સુદામાજીને ત્યાં જાણે કૃષ્ણદેવ પધાર્યા હોય ને!

પનાને [illegible] શિવરાજને [illegible]. 'પનાને સંસ્કૃતિનું તીર્થ કરું; [illegible] મહાગીતિઓનું [illegible] મહારાજની રાજધાની [illegible] મહારાજના પરમ [illegible]' શિવરાજ મહારાજને એ [illegible] જન્મી.

[illegible] મંડળીને પાછી આણંદી. એ કવિવરને, એ ભક્તરાજને [illegible] વિનવી [illegible] સુખાસનમાં આણીને [illegible].

[illegible] મંડળી [illegible] સાંભરી. [illegible] કરી રાજસંદેશ ભાખ્યો કે, 'મહા[illegible] ને [illegible], પુણ્યપત્તન પધારો.'

એ સુદામાએ કહ્યું કે 'દારિદ્રયના [illegible]-દારિદ્રયની રાજમંત્રણાઓમાં અમારાં [illegible] નહિ. મહારાજને આ એક [illegible] આપજો ને કહેજો કે [illegible]નાં જતન કરે છે એવાં ધર્મ જતન કરે.'

એમાં શું મહારાજને માઠું લાગ્યું કે એ સુદામાએ કૃષ્ણદેવનાં રાજઆમંત્રણનાં અપમાન કીધ[illegible]

નહિ જ. શિવરાજ મહારાજ હૈયાસૂઝના ઘડેલા મહાપુરુષ હતા. કવિજનના સુદામામંદિ[illegible] પોતે સંચર્યા: 'ભક્તરાજ! પધારો મારે પુણ્યપત્તને. કવિવર! આવો ને શોભાવો મારી રાજસભ[illegible]'

ભક્તરાજે મહારાજનેયે નકાર્યા, કવિવરે રાજવૈભવનીયે ના પાડી. 'રાજા! માણુ તા[illegible] રાજવૈભવને ને એમ તારાં સંસાર કુરુક્ષેત્ર. [illegible] અદકેરો એક તારા સ્વધર્મ[illegible]'

આજેયે શિવાજી મહારાજને પગલે પગલે પુણ્યપત્તનથી આળંદી પાલખી પરવરે છે [illegible] ભક્તજનની વંદનાએ, એ કવિવરના અભિનંદનાર્થે.

ને શ્રોતાજનો હો! ત્રણ ત્રણ સદીઓથી–આજ ત્રીજી સદી પૂરી થાય છે, ચોથી સદી[illegible] પ્રભાત ઉગે છે–ભારતવર્ષ કોને પૂજે છે? એ દેહધારી શિવરાજની વ્યક્તિને? કે સંગ્રામજયિ[illegible] એ શિવરાજની સમશેરને?

ના, નાઃ એ દેહધારીને એ ભારતજનતા પૂજતી નથી આજ; એ સંગ્રામ સોહાવતી વિજ[illegible] વરશાલિની સમશેરનેયે આરાધતી નથી આજ.

ભારતજનતા એ વીર હૈયામાંની ભાવનાને વંદન વંદે છે.

(૭)

સજ્જનો! શિવરાજને ઓળખો છો? શિવરાજ એટલે કોણ?

શિવરાજ મહારાજ એટલે ધી ગ્રેટેસ્ટ હિંદુ સીન્સ પૃથ્વીરાજ ચૌહાન! છેલ્લી સાત સાત સ[illegible] ઓમાંનો હિંદુપતનો રાજમુગટ, હિંદુત્વનું રાજતિલક.

૧૧૯૩ માં પૃથ્વીરાય ચૌહાણ પડયો; દિલ્હી પડી; સાથે હિંદુપત પડી. હિંદુ પાદશાહત આથ[illegible]

શિવરાજ મહારાજને હિંદુ પાદશાહતની પુનઃ સ્થાપનાનું સ્વપ્નું સાંપડયું: 'દિલ્હી [illegible] ભારતના એ સનાતન સિંહાસને હિંદુપતની પુનઃ સ્થાપના કરૂં.'

હૈયાની ઝાળ સમી એ મહાભાવના શિવરાજ મહારાજ ન સાધી શકયા. એમના પૌત્ર[illegible] મંત્રીકુલદીપકે, એક ક્ષણભરના લીંબુઉછાળ રાજપદની પેઠે, ઘડીક દિલ્હી જીતી; ઘડીક એ પાં[illegible] જૂના કિલ્લાઓને કાંગરે ભગવો ઝુંડો ફરકાવ્યો; ઘડીક ભારતવર્ષને સનાતન સિંહાસને હિંદુપત પુનઃ સ્થાપના કીધી; ઘડીક શિવરાજ મહારાજનું સ્વપ્નું સાચ્ચું પાડયું.

વિધિના આંક અવળા હશે. એ બધું સ્વપ્નવત્ ક્ષણજીવી નિવડયું.

ભારતનું હિંદુત્વ એના હૈયામાંના અણુતપ્યો હુતાશને આજ પૂજે છે: શિવરાજ મહારાજની મનોભાવનાને પૂજે છે.

એના રોમેરોમ ઉચ્ચરતા હિંદુપતની પુનઃ સ્થાપના: એના છિદ્રછિદ્રમાંથી નિર્ઝરતો હિંદુપતની પુનઃ સ્થાપનાનો મહામંત્ર.

ભારતનું હિંદુત્વ આજ પૂજે છે છેલ્લી સાતસાત સદીઓના એ હિંદુકુલતિલકને.

મેવાડનો રાણો પ્રતાપ, પંજાબકેસરી રાજ રણજિતસિંહ, વેદટંકારકારી બ્રહ્મચર્યબિરદધારી મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી: એ ત્રણે એવીજ મહાભાવનાના વારસો, એવીજ મહાભાવનાના પ્રેરિતો.

પણ શિવરાજ મહારાજ તો હિંદુપતની એ મહાત્રિપુટિનાયે મુગટમણિ.

રાણા પ્રતાપની 'નૅગેટીવ' ભાવના હતી, 'ન નમું.' રાણા પ્રતાપની પ્રતિજ્ઞા હતી 'મેવાડ મુગલોને નહિ જાય.' મહારાણા પ્રતાપને પૉઝીટીવ કંસ્ટ્રક્ટીવ મહાભાવના ન હતી કે, 'દિલ્હીને જીતું, દિલ્હીને તખ્તે હિંદુપતને સ્થાપું, ભારતવર્ષમાં હિંદુપતની પુનઃસ્થાપના કરૂં.'

પંજાબકેસરી રણજીત, શીખોનો સિંહ, ગુરૂઓનો વીર, એ તો પંજાબકેસરીજ રહ્યો, ભારતકેસરી ન થયો. એને એ ભાવ નહોતા જાગ્યા કે પંજાબકેસરી મીટી ભારતકેસરી થાઉં.

ને સ્વામી દયાનંદ સરસ્વતી! સ્વામીજીને સ્વપ્નાં પડ્યાં હતાં આર્ય-સંસ્કૃતિને પુનર્જન્મે અવતારવાનાં. ભારતનું સનાતનત્વ, ભારતની સર્વશ્રેષ્ઠ સંસ્કારિતા, ભારતની વેદપ્રાચીન સંસ્કૃતિ, ભારતનું કાળજૂનું આર્યત્વ આંગણે આંગણે રેળવવાનાં એ સંન્યાસીને પડ્યાં'તાં સ્વપ્નાં.

જગતમાં આર્યત્વ અમર છે; ને સાચ્ચાં પડશે અખંડબ્રહ્મચારી સ્વામીનાં એ સ્વપ્નાં, ક્યારેક ને પૃથ્વીભરમાં.

પણ આજ તો સ્વામી દયાનંદ સરસ્વતી એટલે શિવરાજવિહોણા શ્રીરામદાસ સ્વામી. ૧૯ મી સદીમાં મહર્ષિ દયાનંદજીને શિવરાજ મહારાજ ન સાંપડ્યા. પોતે શ્રીસમર્થના સમોવડિયા ખરાઃ એમને ન લાધ્યા શિવરાજ મહારાજ.

ઇતિહાસની સારવણી સારવતાંયે એમ શિવરાજ મહારાજ એટલે છેલ્લી સાત સાત સદીઓના હિંદુત્વના મંદિરના ધર્મધ્વજ.

જનતા આજ એમના હિંદુત્વને પૂજે છે, એમની એ મહાભાવનાને પૂજે છે.

શિવરાજ મહારાજનો સારોયે જીવનસમારંભ હતો હિંદુત્વનો મહાયજ્ઞ, ને એ મહાયજ્ઞની વેદીના હુતાશની કાળીકરાળી જીહ્વાઓ ઉચ્ચારતી ને રટતી ને ફડફડતી હતી એકજ મહામંત્રઃ હિંદુપતની પુનઃ સ્થાપના, હિંદુપતની પુનઃ સ્થાપના.

આજ એ મહાજરમને ભારતનું હિંદુત્વ લલાટે આંકે છે, ભાગ્યરેખે ચડાવે છે, આત્મવંદના વરે છે.

એ હૈયાના હુતાશને અભિવંદવા આ સમારંભે આજ એકઠા મળ્યા છે.

આપ સૌની સંગાથે મારી યે શિરસા વંદના છે, આતમ હાજીને અભિવંદના છે એ ભારતવીરના હૈયાના હુતાશને, એ ધર્મધ્વજની મહાભાવનાને, સત્તરમા સૈકાના એ હિંદુપતના ગાંડીવધન્વાને.

હિંદુવટનો રક્ષણહાર

(લેખકઃ-સાધુ વાસવાણી-'સૌરાષ્ટ્ર' તા. ૩૦-૪-૨૭ માંથી સાભાર ઉદ્ધૃત)

દક્ષિણના ડુંગરાઓમાં જાણે આજેયે એકલા અટૂલા ભટકતા દેખાતા એ પુરુષવરનું-શિવાજી મહારાજનું-પ્રાતઃસ્મરણીય નામ સ્મરણે ચડતાં, ઇંગ્લાંડના એ ક્રૉમ્વેલ અને ઇટાલીના એ ગેરીબાલ્ડી, અમેરિકાના એ અબ્રહામ લીંકન અને હંગેરીના એ કોસ્યુથની મૂર્તિઓ આંખ સામે ખડી થાય છે. ત્રણસો વર્ષ પહેલાં, મહારાષ્ટ્રમાં સ્વાધીનતાનો જબરો ઝંડો ફરકતો કરનાર એ રાષ્ટ્ર-વીર નરસિંહની રોમાંચકારી જીવનલીલા અંતર-ચક્ષુથી નીરખતાં, ઘડીભર એમજ મનમાં વસી જાય છે કે આજે યે, તેના જીવન-સાથી ઘોડા ઉપર પલાણેલો એ પુરુષ, પૂનાના રાજમાર્ગ ઉપર એકાકી ઉભો છે, શીરંગીઓનું પ્રબળ સામ્રાજ્ય અને હિંદીઓની એટલીજ નિરાધાર

રણસંગ્રામ, જીવનની સર્વેયે મહાશક્તિઓ, જીવનસર્વસ્વ ગુરુદેવને સમર્પતા હતા.

ઓ આર્યજનતા! શિવરાજ મહારાજ શ્રીસમર્થ સ્વામીને શું સમર્પતા હતા! એ જીવનધન, પરમ આત્મભંડાર ગુરુચરણારવિન્દે ત્યારે તે ઠલવતા હતા.

એ જીવનસર્વસ્વનાં મહાદાન આંખે આજ તરવરે છે.

(૬)

ને બીજો પ્રસંગઃ એ આળંદીની પર્ણકુટિ, એ તુકારામની સુદામાજીના જેવી ઝુંપડી. સુદામાજીને ત્યાં જાણે કૃષ્ણદેવ પધાર્યા હોય ને!

પૂનાને શણગારવાની ભાવના શિવરાજને જન્મી. 'પૂનાને સંસ્કૃતિનું તીર્થ કરું; પૂના થાય મહાશક્તિઓનું ધામ;મહારાષ્ટ્રની રાજધાની બને; મહારાષ્ટ્રના પરમ આત્મભંડારની શિવરાજ મહારાજને એ સંસ્કારભાવના જન્મી.

અષ્ટપ્રધાનમંડળીને પાઠવી આળંદી. એ કવિવરને, એ ભક્તરાજને જઈ વિનવો પુણ્યપત્રનમાં આવીને વસવા.

અષ્ટપ્રધાનમંડળી આળંદી સંચરી. પ્રણિપાતો કરી રાજસંદેશ ભાખ્યો કે, 'મહારાજ વિનવે છે; પુણ્યપત્રન પધારો.'

એ સુદામાએ કહ્યું કે 'દ્વારિકાના વૈભવધામમાં–દ્વારિકાની રાજમંત્રણાઓમાં નહિ. મહારાજને આ એક અભંગ આપજો ને કહેજો કે જીવનાં જતન કરે છે એ જતન કરે.'

એથી શું મહારાજને માઠું લાગ્યું કે એ સુદામાએ કૃષ્ણદેવનાં રાજઆમંત્રણનાં અપમ

નહિજ. શિવરાજ મહારાજ દેવમાટીના ઘડેલા મહાપુરુષ હતા.કવિજનના સુદામામહારા પોતે સંચર્યાઃ 'ભક્તરાજ! પધારો મારે પુણ્યપત્રને. કવિવર! આવો ને શોભાવો મારી રાજસમૃદ્ધિ.

ભક્તરાજે મહારાજનેયે નકાર્યા, કવિવરે રાજવૈભવનીયે ના પાડી. 'રાજા! માણ તારા રાજવૈભવને ને ખેલ તારાં સંસાર કુરુક્ષેત્રઃ જાળવજે જીવથીયે અદકેરો એક તારા સ્વધર્મને.'

આજેયે શિવાજી મહારાજને પગલે પગલે પુણ્યપત્રનથી આળંદી પાલખી પરવરે છે એ ભક્તજનની વંદનાએ, એ કવિવરના અભિનંદનાર્થે.

ને શ્રોતાજનો હો! ત્રણ ત્રણ સદીઓથી–આજ ત્રીજી સદી પૂરી થાય છે, ચોથી સદીનું પ્રભાત ઉગે છે–ભારતવર્ષ કોને પૂજે છે? એ દેહધારી શિવરાજની વ્યક્તિને? કે સંગ્રામવિજેતા એ શિવરાજની સમશેરને?

ના, નાઃ એ દેહધારીને એ ભારતજનતા પૂજતી નથી આજ; એ સંગ્રામ સોહાવતી વિજય વરશાલિની સમશેરનેયે આરાધતી નથી આજ.

ભારતજનતા એ વીર હૈયામાંની ભાવનાને વંદન વંદે છે.

(૭)

સજ્જનો! શિવરાજને ઓળખો છો? શિવરાજ એટલે કોણ?

શિવરાજ મહારાજ એટલે ધી ગ્રેટેસ્ટ હિંદુ સીન્સ પૃથ્વીરાજ ચૌહાન! છેલ્લી સાત સાત સદી ઓમાંનો હિંદુપતનો રાજમુગટ, હિંદુત્વનું રાજતિલક.

૧૧૯૩ માં પૃથ્વીરાય ચૌહાણ પડ્યો; દિલ્હી પડી; સાથે હિંદુપત પડી. હિંદુ પાદશાહત આથમી

શિવરાજ મહારાજને હિંદુ પાદશાહતની પુનઃ સ્થાપનાનું સ્વપ્નું સાંપડ્યુંઃ 'દિલ્હી ભારતના એ સનાતન સિંહાસને હિંદુપતની પુનઃ સ્થાપના કરું.'

હૈયાની ઝાળ સમી એ મહાભાવના શિવરાજ મહારાજ ન સાધી શક્યા. એમના પૌત્ર મંત્રીકુલદીપકે, એક ક્ષણભરના લીંબુઉછાળ રાજપદની પેઠે, ઘડીક દિલ્હી જીતી; ઘડીક એ પાંડવોના જૂના કિલ્લાઓને કાંગરે ભગવો ઝુંડો ફરકાવ્યો; ઘડીક ભારતવર્ષને સનાતન સિંહાસને હિંદુપતની પુનઃ સ્થાપના કીધી; ઘડીક શિવરાજ મહારાજનું સ્વપ્નું સાચ્ચું પાડ્યું.

વિધિના આંક અવળા હશે. એ બધું સ્વપ્નવત્ ક્ષણજીવી નિવડ્યું.

ભારતનું હિંદુત્વ એના હૈયામાંના અણુતપ્યાં હુતાશને આજ પૂજે છે: શિવરાજ મહારાજની મનોભાવનાને પૂજે છે.

તેના પિતા પાસે સહિસલામત પહોંચાડી. શિવાજીને ખુશ કરવા આ અપકૃત્ય આચરનાર પેલો સૈન્ય-નાયક આખી સભાના ધિક્કારનો માર્યો જ્યાં હતો ત્યાં ને ત્યાં જમીનમાંજ સમાઇ ગયો!

* * * *

જેવું શિવાજીનું ચારિત્ર્ય વિશુદ્ધ હતું, તેવીજ ઉચ્ચતમ ધર્મમયતા અને નિસ્પૃહતા તેના જીવનમાં છલોછલ ભરી હતી.

મહારાષ્ટ્રના નવજન્મમાં અપ્રકટ છતાંયે અત્યંત જબ્બર હિસ્સો આપનાર, ભગવા ઝુંડાના સંસ્થાપક સ્વામી રામદાસ શિવાજીના ગુરુ હતા. શિવાજીએ તેની જીવનદીક્ષા આ ગુરુને ચરણે લીધેલી. એ જીવનદીક્ષાને પ્રતાપે શિવાજીના ભાગમાં મહાન મરાઠા સામ્રાજ્યનું વિધાન કરવાનું સાંપડ્યું. મોગલસમ્રાટ્ જેને નામે કાંપી ઊઠે, એવા એક બલિષ્ઠ હિંદુસમ્રાટતરીકે સારા દેશમાં તેની ગણના થવા માંડી હતી. શિવાજીના જીવન ઉપર કીર્તિનો કળશ ચઢી ચૂકયો હતો. ગો-બ્રાહ્મણપ્રતિપાલ શિવાજી મહારાજના નામની છડી મહારાષ્ટ્રમાં ઠેકાણે ઠેકાણે પોકારાતી હતી.

એ સમયમાં એક દિવસ શિવાજી, સમ્રાટ્‌ને શોભે એવા રસાલા સાથે સતારા ગયા. ત્યાં તેના ગુરુજી વસે છે એવા તેને સમાચાર મળ્યા અને અચાનક તેના ગુરુદેવને પાસેના આંગણામાં ભિક્ષાપાત્ર લઇને 'મૈયા ભિક્ષા દે' નો અવાજ દેતા જોયા. શિવાજી ગદ્ગદિત થઇ ગયા. તેની આંખો સજળ બની. શિવાજી દોડ્યા. રામદાસજીના ચરણમાં લોટી પડયા.

'પ્રભુ મારૂં આંગણું પાવન કરો' અતિશય નમ્રભાવથી શિવાજીએ પ્રાર્થના કરી. ગુરુ રામદાસ શિવાજીની સાથે ચાલ્યા. શિવાજીએ ગુરુદેવનું પોતાના આંગણામાં સ્વાગત કરતાં એક કાગળ તેમના ભિક્ષાપાત્રમાં મૂકયો.

'આ શું છે? હું ભૂખ્યો છું. મારે તો ભિક્ષા જોઇએ છે, અને તું તો કાગળનો ટુકડો આપે છે!' ગુરુદેવ બોલ્યા.

ગુરુજીએ કાગળ ઉપાડયો, ઉઘો-અવળો ફેરવ્યો. તેમાં શિવાજીએ લખ્યું હતું કેઃ-'હું આપનો નમ્ર સેવક છું. આ સામ્રાજ્ય આપને અર્પણ છે.'

રામદાસજી ખડખડાટ હસ્યાઃ 'ત્યારે હવે તું શું કરીશ?'

'આપની સેવા.'

'તારાથી આ ભગવાં અને ભિક્ષાપાત્ર ધારણ થઇ શકશે?'

'આપની કૃપાથી થશે.' શિવાજીએ નમ્રભાવે નમસ્કાર કર્યા.

શિવાજીએ ભગવી કંથા પહેરી અને હાથમાં સંન્યાસીનું કમંડળ ઉપાડયું. મરાઠાસામ્રાજ્યનો સ્થાપક ઘેર ઘેર ભિક્ષા માગવા તૈયાર થયો. રામદાસ અત્યંત પ્રસન્ન થઇને શિવાજીને જોઇ રહ્યા.

'બેટા! તને આ ન શોભે. તું તો ક્ષત્રિય છે. તારો ધર્મ રાજ્ય કરવાનો છે. લે, આ રાજ-મુકુટ પહેરી લે.'

'જી, મેં રાજ્ય આપને અર્પણ કર્યું છે. હવે હું આપનો સેવક છું.'

'ઠીક, એ તો હું તને આજ્ઞા કરૂં છું કે રાજાતરીકે નહિ, પણ ધર્મના સેવકતરીકે આ રાજ્યનો વહિવટ કરજે.' શિવાજીએ ફરીવાર મસ્તક નમાવ્યું.

અને ધર્મના સેવકતરીકે-ભગવા ઝુંડાના રક્ષકતરીકે-શિવાજીએ કેવો ઉજ્જવળ કારભાર ચલાવ્યો તેનો સાક્ષી ઇતિહાસ છે.



હિંદુત્વને હાકલ !

("સૌરાષ્ટ્ર" ના તા. ૨૩–૪–૨૭ ના અંકમાંથી ઉદ્ધૃત)

'હિંદુ સંગઠન એટલે હિંદુ નામ ધરાવતા આ આર્યભૂમિના એકે એક પુત્રને હિંદુત્વના ભગવા ઝુંડા નીચે ખડો કરવો તે. હિંદુ સંગઠન એટલે ગમે તે પંથ કે શીરકાનું તિલક કરનાર પણ દિલમાં હિંદુત્વનું ઉજ્જવળ અભિમાન સંઘરતા બાવીસ કરોડ આર્યોને હિંદુત્વની ધ્વજા સ્વીકારતા કરવા તે. આવી આત્મસંરક્ષક પ્રવૃત્તિને જો કોઇ આક્રમણ કહેતું હોય તો હું કહું છું કે, અમે આક્રમણકારી છીએ.

'કેટલાક શુભેચ્છકો કહે છે કે, સંગઠનની હલચલ દિવસે દિવસે અસહિષ્ણુ બનતી જાય છે. એ બિરાદરોને મારો પ્રશ્ન છે કે, તમે સહિષ્ણુતા કોને કહો છો? જો સહિષ્ણુતા એટલે નીચી મુંડીએ હલ્લો સહી લેવો એમ હોય, જો સહિષ્ણુતા એટલે તમારૂં જીવન હણી નાખવાને પ્રવૃત્ત થયેલાં બળો સામે પણ તમારે ચૂપ રહેવું એમ અર્થ થતો હોય, તો હું કહું છું કે, હિંદુ તો એ સહિષ્ણુતામાં નથી માનતો. એ સહિષ્ણુતા નથી. એ આત્મ–સંહાર છે. કોઇ કોમ આત્મસંહારમાં નજ માની શકે.

'હિંદુઓને હું એટલુંજ કહેવા માગું છું કે, તમને આ પૃથ્વી ઉપરથી સાફ કરી નાખનાર જબ્બર પ્રવૃત્તિ ચાલી રહી છે. એ આક્રમણકારી પ્રવૃત્તિની હાજરીમાં તમે નિષ્ક્રિય રહો તે નહિ ચાલે. હિંદુની આજની લાચાર દશા એ તેની નિષ્ક્રિયતાનુંજ પરિણામ છે. કોઇ ન માનજો કે, હિંદુધર્મ અપમાનો બરદાસ્ત કરી લેવા સૂચવે છે. હિંદુઓ! વસ્તુસ્થિતિને ઓળખો અને તેનો મર્દાનગીપૂર્વક સામનો કરો.

'દુનિયાની કોઇ પણ પ્રજા જેને માટે મગરૂર બની શકે એવા તમારા વિશિષ્ટ ધર્મ અને સંસ્કૃતિ ઉપર આજે આફત ઝઝુમી રહી છે. કાં તો તમે તમારા મનુષ્યત્વની શોભા રૂપે એ આફતને ટાળી નાખો; અને કાં તો તમારી ગરવી સંસ્કૃતિને અને તમારા પ્યારા ધર્મને શાંતિપૂર્વક નાશ પામવા દ્યો. હિંદુઓની જો આજની મનોદશા નહિ બદલાય તો હિંદુકોમ અને હિંદુધર્મ તથા હિંદુસંસ્કૃતિનો આ પૃથ્વી ઉપરથી લોપ થશે......હું દુનિયાના દેશ દેશમાં ભટક્યો છું અને મેં તમામ પ્રજાઓના ઇતિહાસ અને સંસ્કૃતિનું અવલોકન કર્યું છે. એ બધા પછી, હું પ્રામાણિકપણે માનું છું કે, હિંદુસંસ્કૃતિ અને હિંદુ જીવનની ક્યાંય જોડી મળે તેમ નથી. મને શ્રદ્ધા છે કે, એક દિવસ આખું જગત આ હિંદુસંસ્કૃતિની ઉપાસના માંડશે; પણ એ શુભ દિન ઉગે ત્યાંસુધી, હિંદુઓ! તમે તમારી સંસ્કૃતિને જીવતી રાખી શકશો?'

(લાલા લજપતરાયના ભાષણમાંથી)

છત્રપતિ શિવાજી મહારાજ

('સૌરાષ્ટ્ર' ના તા. ૨૦–૪–૨૭ ના અંકમાંથી સાભાર ઉદ્ધૃત)

'હિંદવી સ્વરાજ્ય' નો સ્વપ્નદ્રષ્ટા

પુનાની પશ્ચિમે, અરબ્બી સમુદ્રને બરાબર સમાંતરે પશ્ચિમ ઘાટને નામે [illegible] આશરે ૯૦ માઇલ લાંબી અને ૧૨ થી ૨૪ માઇલ પહોળી ડુંગરાઓની એક લાંબી [illegible] જાય છે. એ ડુંગરાઓની કુદરતી રીતેજ એવી ગોઠવણ થયેલી છે કે આસપાસનો [illegible] એક અભેદ્ય કિલ્લેબંદી બની જાય છે. આજથી બરાબર ૨૮૨ વર્ષ પહેલાં, [illegible] આશરે વર્ષનો એક જુવાન ઘોડેસ્વાર, પશ્ચિમ ઘાટની એ ડુંગરમાળ ઉપર [illegible] [illegible] જતો, આથમતા સૂર્યના ઘેરા લાલ રંગનાં કિરણોથી રંગાઇ [illegible] [illegible] તળેટીનો મુલક અતિ ઝીણી નજરે જોઇ રહ્યો હતો. એ [illegible] [illegible], તેના મનમાં એ બધું ધીમે ધીમે સર કરવાની સ્પષ્ટ યોજના [illegible] [illegible], [illegible] પશ્ચિમઘાટની વેરાન પહાડી જમીનના રંગ જેવો [illegible] [illegible] અને કેડે લાંબી સીધી તલવાર ધારતો, કોઇ અસામાન્ય તેજથી [illegible]

આખોવાળો એ જુવાન, એ ઘડીએ, તેની કલ્પનાની પાંખોને છૂટી મૂકી દઈ, [illegible]
હતો; અને સાથે સાથે તલવાર ઉપર હાથ નાખી, તે મનોરથોને સિદ્ધ કરવાનો નિશ્ચય
હતો. યુરોપના ઇતિહાસમાં અમર બની ગયેલા સ્કાટોની સ્વતંત્રતા [illegible]
આ પ્રદેશમાં ઉભો ઉભો તે, મોગલોના પાદનખ આખા ઉપર [illegible]
ઓનો ઝુંડો ફરકાવવાનાં અને આખા ભારતવર્ષ ઉપર પોતાની આણ વર્તાવવાના [illegible]
હતો. ભારતવર્ષની માટીમાંથી પવિત્ર અને ભારતવર્ષના જન્મજાતી [illegible] ભારતવર્ષના
ફરીવાર સામ્રાજ્ય સ્થાપવાના જીવનાદર્શનો ત્યારે તેને સાદ સંભળાતો હતો ...એવાં
[illegible] જોનાર અને એવા મનોરથો ઘડનાર અઢાર વર્ષના એ જુવાને—એ શિવાજી મહારાજે,
સ્વપ્નાં અને મનોરથોની સિદ્ધિ પાછળ આખી જીંદગી કુરબાન કરી દીધી. મેદોનિયનના
[illegible] યુદ્ધકૌશલથી અને ગેરીબાલ્ડીના અદ્વિતીય સ્વદેશપ્રેમથી, સદીના [illegible]
[illegible] અભિમાન અનુભવતા એ યોદ્ધા—રાજપુરુષે દેશનું સ્વરાજ્યનું સ્વપ્નું સાચું કર્યું અને
[illegible] ઇતિહાસનો આખો ક્રમ બદલી નાખ્યો. સમસ્ત ભારતવર્ષ આ ૨૭ મે ને દિવસે એ
[illegible] પુરુષવરની ૩૦૧ મી જન્મજયંતિ ઉજવે છે.

શિવનેરના કિલ્લામાં જન્મ

શિવાજીનો જન્મ ૧૬૨૭ ના મે માસની ૨૭ તારીખે શિવનેરના કિલ્લામાં થયો. એની માતાનું નામ માતા જીજાબાઇ. શિવાજીના જન્મ પહેલાં, જીજાબાઇના પિતા સુબેદાર જાધવરાવ ને જીજાબાઇના સ્વામી શાહજી વચ્ચે વિખવાદ થતાં, શાહજીએ નાસભાગ માંડેલી અને જાધવ[illegible] પાછળ પડેલો. એ વેળા શાહજીની સાથે ગર્ભવંતાં જીજાબાઇ અને નાનો પુત્ર સંભાજી [illegible] ઘોડેસ્વારી કરી કૂચ કરી રહ્યાં હતાં. શિવનેરના કિલ્લા પાસે આવતાં, પ્રસવનો સમય આવી [illegible] જાણતાં, શાહજીએ જીજાબાઇને એક મિત્રના રક્ષણ નીચે ત્યાં રાખ્યાં અને પોતે આગળ [illegible] માંડી. શાહજી ઉપડ્યા પછી થોડીજ વારે જાધવરાવનું કટક આવી પહોંચ્યું. જાધવરાવના [illegible] તેને સમજાવ્યો કે, 'તારી પુત્રી આ કિલ્લામાં એકલી પડી છે. તારે શાહજી સાથે [illegible] છે, જીજાબાઈ સાથે નહિ. જીજાબાઇને કોઇ મુસલમાન સતાવશે તો તારી આબરૂ જશે. [illegible] જીજાબાઇને તારે સલામત સ્થળે લઇ જવાંજ જોઇએ.' જાધવરાવ જીજાબાઈ પાસે ગયો. પોતાની [illegible] આવવા આગ્રહ કર્યો; પણ શિવાજીની એ અડગ ટેકીલી માતાએ તેના પતિના શત્રુનો આશ્રય [illegible] સ્વીકાર્યો. જીજાબાઇએ જાધવરાવના ગમે તેવા સુરક્ષિત, સુખદાયી મકાન કરતાં શિવનેરનો [illegible] અંતરિયાળ અને અરક્ષિત કિલ્લો વધારે પસંદ કર્યો. જીજાબાઈ તે ઘડીએ તો જાધવરાવ સાથે [illegible] ગયાં, પણ તેમણે પછી આખી જીંદગીમાં પણ કદી પિતૃગૃહ સામુંજ જોયું નહિ. એવી [illegible] નારીની કુખનું સંતાન તે શિવાજી.

રામાયણ અને મહાભારતનું શિક્ષણ

શિવાજીના જન્મ પછીનો આખો દશકો શાહજીને રખડપાટમાંજ ગાળવો પડ્યો; એટલે જીજાબાઇ અને શિવાજીને શિવનેરના કિલ્લામાં એકલાંજ રહેવું પડ્યું. એમ પણ કહેવાય છે કે, જાધવરાવ સાથેના કલહને કારણે શાહજીએ જીજાબાઇનો પણ ત્યાગ કરેલો, અને તેને શિવનેરમાં રહેવા દઇ, પોતે તુકાબાઇ મોહિતે નામની નવી સ્ત્રી કરેલી. ગમે તેમ, જીજાબાઇને પતિની અવગણના પામેલી સ્ત્રીની દશામાં રહેવાની વેળા આવી, એટલે એ પતિવ્રતા નારીએ એક પાસ પોતાનો બધો પ્રેમ નાના શિવાજી ઉપર ઢોળવા માડયો અને બીજી પાસ વૃત્તિઓને અંતરાભિમુખ બનાવી મનને ધર્મમાં પરોવવા માડયું. શિવનેરના એકાંત કિલ્લામાં માતા અને પુત્ર વર્ષોસુધી એકલાં સાથે રહેવાથી બન્ને વચ્ચે અજબ પ્રેમગાંઠ બંધાઇ. શિવાજી જીજાબાઇને જગદંબાસ્વરૂપે પૂજવા લાગ્યો. તેની આજ્ઞાઓને અને તેના ઉપદેશને જીવનનું સર્વસ્વ સમજવા લાગ્યો, અને જીજાબાઇની આંખો સમક્ષ પણ એક નાનો શિવાજીજ દેખાવા માંડયો. તેણે તેને મહાભારત અને રામાયણની કથાઓનું વારંવાર પાન કરાવી, તેનામાં ઉંડા ધર્મસંસ્કાર પાડવા માંડયા અને ધર્મના ઉદ્ધારની દીક્ષા આપવા માંડી. જીજાબાઇએ શિવાજીની મનઃસૃષ્ટિમાં મહાભારતના વીર યોદ્ધાઓ ખડા કર્યા અને રામાયણના ઉત્તમોત્તમ આચારધર્મની સજ્જડ છાપ પાડી દીધી. ભાઇ, બહેન, પિતા કે કોઇ એકલોદીઆ આખજનની સોબતવિનાના, કોઇ સાથીવિનાના, એક માતૃ-પ્રેમનુંજ પાન કરીને

દિવસો સુભગ બનાવતા બાળક શિવાજીમાં, તેને માટે નિર્માણ થયેલા જીવનકાર્યને માટે અનિવાર્ય એવાં અનેક તત્વો ખીલવા માંડયાં. શિવનેરના કિલ્લામાં અને આસપાસના ડુંગરો ઉપર એકલો ભટકતો આ કિશોર વયનો એ બાળક સ્વાવલંબન અને સ્વાશ્રય શીખતો ગયો, કોઇની મદદવિના ગમે તેવી મુંઝવણમાંથી માર્ગ કાઢવા લાગ્યો, મરાઠાની સ્વભાવગત સ્વાતંત્ર્યપ્રિયતા અને સાદગી–નિખાલસતા તથા નિડરતા–જમાવતો ગયો, મહિનાના મહિનાસુધી અને દિવસોના દિવસોસુધી અવિરત ઘોડેસ્વારી કરી શકે એવું સુદ્રઢ શરીર ઘડતો ગયો; અને સૌથી વિશેષ, તો પોતાના મનોરથોને એકદમ આચરણમાં ઉતારવાની અને ગમે તે ભોગે તે સિદ્ધ કરવાની અસામાન્ય સાહસિકતા તેનો સ્વભાવ બનતી ગઇ. પુત્રમાં આ ગુણોની ખીલાવટ થતી જોઇ જીજાબાઇના હર્ષનો પાર ન રહેતો. શિવનેરના કિલ્લા ઉપર, શિવાજીના જન્મ પછી શિવાજી અને જીજાબાઇએ જે નવ વર્ષો ગાળ્યાં, તે સમયમાં ભાવી છત્રપતિ શિવાજી મહારાજનું પ્રારંભિક ઘડતરકાર્ય થયું.

ગુરુદેવ દાદાજી કોંડદેવની છાયામાં

સને ૧૬૩૬ માં જીજાબાઇ અને શિવાજી શિવનેરથી પૂના આવ્યાં. શાહજીની માતાની શિવાજીની સંભાળ દાદાજી કોંડદેવ નામના શાહજીની પુનાની જાગીરના કારભારીને સોંપાઇ. દાદાજી કોંડદેવ કારભારીતરીકે અત્યંત સમર્થ અને મનુષ્યતરીકે ઉજ્જવળ ચારિત્ર્યવાન હતા. તેમની વ્યવહાર વિચાર–સરણીમાં ઉંચી ભાવનાઓને કે સ્વપ્નાંઓને સ્થાન નહોતું; પણ સત્યવાદી અને ધર્મનિષ્ઠ જીવન ગાળવામાં તથા ન્યાયપરાયણતામાં અને સર્વપ્રત્યે સમાન દષ્ટિ રાખવામાં તે એકકા ગણાતા. તેમના શ્રમ તથા શાણપણથી, શાહજીની ઘોડ, ભીમા અને નીરા નદીઓ વચ્ચેની પુનાની જાગીર ખૂબજ આબાદ બની અને તેમની ન્યાયપરાયણતાના સંબંધમાં તો કહેવાય છે કે 'એક વખત દાદાજી તેમની વાડીમાં ફરતા હતા. તેમણે પોતે નિયમ કરેલો કે, એ વાડીમાંથી પાંદડું સરખું તોડનારને સખ્ત નસ્યત થશે. ફરતાં ફરતાં, દાદાજીથી એક ફળ તોડાઇ ગયું. ફળ તોડયા પછી તો તરતજ દાદાજીને પોતે કરેલા ગુન્હાનું ભાન થયું; પણ શું થાય? ગુન્હો થઇ ચૂકયો હતો. દાદાજીએ તરતજ જે હાથે ફળ તોડયું હતું તે હાથ છેદી નાખવા તલવાર કાઢી. માણસોએ ખૂબ સમજાવ્યા, પણ દાદાજીએ પોતાના કાયદા પોતે પાળવાજ જોઇએ એવો દ્રઢ આગ્રહ ધર્યો; પરંતુ માણસોએ માત્ર શરતચૂકથી થયેલી આ ભૂલ માટે આવી સખ્ત શિક્ષા નજ સહવા દીધી. આખરે દાદાજીએ પોતાના અંગરખાની જમણી બાંય તોડી નાખી અને તે દિવસથી જીંદગી સુધી એક બાંયવાળુંજ અંગરખું પહેર્યું'. એવા ગુરુદેવના હાથનીચે શિવમાં જીવનના નિયમો નિર્દય સખ્તાઇપૂર્વક પાળવાની વૃત્તિ જન્મી. માતાએ દીધેલા ધર્મસંસ્કારો, ધર્મપ્રેમ અને ન્યાયવૃત્તિ વિશેષ દ્રઢ બન્યાં. શિવમાં અસમાનતા સામે અને અત્યાચાર સામે પુણ્યપ્રકોપની ભાવના પ્રકટી. શિવમાં નિરાધારતા અને નિર્બળતાપ્રત્યે દયાની લાગણી પ્રકટી. તેનામાં તેના દેશબાંધવોની દરિદ્ર દશા, મુસલમાનોના ધર્મઝનુનમાંથી નીપજતા જૂલ્મો, હિંદુત્વને ભૂંસી નાખવા ઠેર ઠેર મંડાયેલા જબ્બર પ્રયત્નો, એ બધી આસપાસની દુઃખસૃષ્ટિ જોઇ, એ દોઝખનો નાશ ન કરે ત્યાંસુધી ન બૂઝાય એવો પ્રલયકારી આતશ સળગ્યો. સત્તર અઢાર વર્ષનો એ જુવાન, બાપની નાની જાગીરની આવક ઉપર સુખચેનની જીંદગી ગાળવાની નિર્વીર્ય વાસના ઉપર ધિક્કાર વરસાવવા માંડયો અને પોતાના જેવી આગથી સળગતા સાથીઓ શોધી દુષ્ટોનું દમન કરવા અધીરો બન્યો. જીજાબાઇએ શરૂ કરેલું શિક્ષણ કોંડદેવે પૂરું કર્યું. હિંદુત્વના રક્ષણહાર બનવાની તાલાવેલીએ ગાંડા બનેલા એ જુવાને પોતાનો ઘોડો, તલવાર અને માવળસૈનિકોનું દળ લઇને કેસરીયાં કરવા નીકળી પડવાની તૈયારીઓ માંડી.

માવળ સાથીઓનો સંગાથ

શિવનો શિક્ષણ–કાળ પૂરો થયો. જીંદગીના ખડબચડા માર્ગ ઉપર ઘોડા કુદાવવાની તેણે તાલીમ લઇ લીધી અને શિવની તાલીમ એટલે? શિવના ઇતિહાસકારો કહે છે કે, શિવને લિપિનું કુલ અક્ષરજ્ઞાન નહોતું. ઇતિહાસમાં પોતા જેવી કારકીર્દિ નોંધાવી જનારા પુરુષોની જેમ શિવને લખતાંવાંચતાં બિલકુલ ન આવડતું. ત્યારે શિવે કયી તાલીમ લીધી? શિવાજીએ બહાદુર લડવૈયાની તાલીમ લીધી. ઘોડેસ્વારીમાં અને તીરંદાજીમાં, તલવારની પટાબાજી ખેલવામાં અને યુદ્ધના વ્યૂહો ઘડવવામાં, વીર સૈનિક અને કુશળ સેનાપતિની કળામાં શિવ અજોડ બન્યો. મહાભારત અને

માદાજીના એ પીરકાવ્યોનાં અનંત સ્વરૂપથી, ધર્મગુરુનાં અને ધર્મને માટે ...ના ઉપદેશોથી, કરુણાના અને રાજધર્મના શૌર્યપ્રેરક દૃષ્ટાંતોથી તેણે તેના યુવાન હૃદયને ભરપૂર કરી નાખ્યું. શિવ કર્મવીર બન્યો અને બીજી તરફથી તેણે તેની કર્મની આરાધનાને માટે યોગ્ય ક્ષેત્ર અને સાથી સાથીઓ શોધવા માંડ્યા. તેની નજર પશ્ચિમઘાટના ડુંગરાઓ ઉપર ઠરી. એ મુલક અને એ મુલકના વાસીઓ તેણે તેના કાર્યની આરંભભૂમિ તરીકે સ્વીકાર્યાં. એ માવળોના માવળ લોકોમાંથી શિવે પોતાના પહેલા સિપાઈઓ પોતાના જીવનભરના સાથીઓ અને આખું કાર્ય આપીને સ્વાર્પણ સિદ્ધ કરનારા સેવકો મેળવ્યા. માવળો મુખ્યત્વે પશ્ચિમઘાટ અને સહ્યાદ્રિના ... નામે ઓળખાતા મુલકમાં વસતા—આજેયે એ કોમ ત્યાં વસે છે. કોંકણ આખી પટ્ટી, પહાડો અને પાડાં જંગલોથી છવાયેલી હોવાથી, માવળો બહુ ગરીબ, અજ્ઞ અને જંગલી હાલતમાં જીવતા; પણ, એ છતાં, પહાડોમાં રહેઠાણ હોવાને કારણે અને પશ્ચિમઘાટની અભેદ્ય કિલ્લેબંદી હોવાને કોઈ મોગલ શહેનશાહ કે મુસ્લીમ સરદાર તેમના સ્વાધીન આત્મા ઉપર જંજીરો ન પહેરાવી શક્યો હોવાને કારણે, માવળો તેમની ચીંથરેહાલ દશામાં પણ, વીર કોમને શોભા આપે એવું જૂનું ખમીર જાળવી રહ્યા હતા. તેમનામાં સ્વાશ્રય અને સાહસ, હિંમત અને ખંત, મારફાડ અને તોછડાઈ લાગે તેવી સ્પષ્ટવક્તૃતા, માણસ વચ્ચેની સમાનતા અને ગરીબાઈમાં પણ ગૌરવભરી અમીરી—એ બધા મનુષ્યત્વ અર્પનારા ગુણો બરાબર જળવી રહ્યા હતા. એવી એ પાણીદાર મરાઠા કોમોને કબજે લેવા શિવે પ્રથમ એ માવળોના સરદાર યેસાજી કંક, તાનાજી માલસુરે, બાજી ફસલકર વગેરેને મિત્રો બનાવ્યા; અને પછી, તેમની મારફત માવળોનું દળ જમા કરી તેમને લશ્કરી તાલીમ આપવા માંડી.

કિલ્લાઓ અને જંગલોનું અવલોકન

મહારાષ્ટ્રના એ આખા મુલકની કેડીએ કેડી અને માર્ગે માર્ગના ભોમીઆ માવળ સૈનિકો સાથે શિવે સહ્યાદ્રિની ગિરિમાળાના ડુંગરાઓ ઉપર અને જંગલોમાં અવિશ્રાંત ભટકવા માંડ્યું. તેણે એ આખા દેશના કિલ્લાઓ અને ગામો તથા લોકોની જાત-માહિતી મેળવવા માંડી. શિવ જેમ જેમ તેની જન્મભૂમિમાં અસંખ્ય ગામગામડાંઓમાં ભટકતો ગયો અને માતૃભૂમિની તથા દેશબંધુઓની દુર્દશા સગી આંખે નિરખતો ગયો, તેમ તેમ મુસ્લીમ સત્તાધીશોને હાથે ગરીબ હિંદુજનતા ઉપર ગુજરતા સીતમોના જાત-અનુભવે તેની આંખોમાંથી લોહી ઝરવા માંડ્યું. શિવનો સમકાલીન તેનો એક પોર્ટુગીઝ જીવનકથાકાર કહે છે તેમ, આસપાસની ભૂમિની દુર્દશા જોઈ શિવનું સ્મિત એકાએક અદૃશ્ય થઈ જતું; અને તેના ચહેરા ઉપર ઘેરો શોક છવાઈ જતો. તેના સાથીઓમાંથી કોઈ તેને આ એકાએક પલટાનું કારણ પૂછવાની હિંમત કરતું, ત્યારે શિવ ચૂપ બેસી રહેતો. તે મુંગો મુંગો પાસે બેહાનમેદાન ઉભેલાં હિંદુ દેવાલયો તરફ આંગળી ચીંધતો અને પાછો ઉંડા વિચારમાં ગરકાવ બની જતો...પછી એકાએક વિચારનિદ્રામાંથી જાગી તે એકદમ હાકોરો પાડતોઃ 'ઓ મારા સાથીઓ ! જીંદગીભર મારો સાથ ન છોડવાનું તમે મને વચન આપો. હું મારું જીવન ધર્મને ચરણે ધરી દેવાનો તમને આજથી કોલ આપું છું.' ફરી-વાર શિવ ઘોડા ઉપર ચડતો અને ભવાનીની જય બોલાવતા માવળ સિપાઈઓની સાથે પાછો ડુંગરાઓમા ભટકવા નીકળી પડતો. સત્તરમી સદીના પ્રારંભમાં કોઈની કલ્પનામાં પણ ન સંભવી શકે એવી ઉન્નત ભાવનામસ્તી અનુભવતા શિવે પોતાને માટે મુગલાઈ સામે બહારવટાની જીંદગી નક્કી કરી. તેણે સ્વાધીનતાની તપશ્ચર્યામાં વધારે સુખ જોયું; અને એ રણશીંગડું ફુંકવા લાગ શોધવા માડ્યો. પણ શિવની આ વૃત્તિઓ કોંડદેવને ન ગમી, તેણે શિવને એ માર્ગેથી વાળવા અને વ્યવહારુ જીવન ગાળી બને તેટલું લોકકલ્યાણ કરવાને પંથે ચડાવવા ખૂબ પ્રયત્ન કર્યો; પરંતુ ભાવિનો ગહન સંદેશો ઉકેલતા શિવે એ સલાહ ન સ્વીકારી. તેણે તો સાહસ અને સ્વાતંત્ર્ય-સાધનાનુંજ જીવન પસંદ કર્યું. શિવે આખરે ૧૬૪૬માં માતા જીજાબાઈની આશિષ મેળવીને સ્વાધીનતાના ભેરીનાદથી આખા મહારાષ્ટ્રને ગજાવી મૂક્યું.

આઝાદી જંગનો આરંભ

સને ૧૬૪૬નું વર્ષ દક્ષિણના ઇતિહાસમાં અનેક રીતે યાદગાર રહી જાય તેવું છે. એ વર્ષમાં ત્રણ મહત્ત્વની ઘટનાઓ બની. એક વિજાપુરના મહમદ આદિલશાહ બિમાર પડ્યા—એટલા બિમાર

થયા કે પથારીવશ બની ગયા અને વિજાપુરમાં સત્તા માટે મોટી ખટપટો શરૂ થઈ. ત્રીજું, વર્ષમાં–પોતાના મૃત્યુ પહેલાંના વર્ષે દાદાજી કોંડદેવે પુનાની જાગીરની લગામો ૧૯ વર્ષના શિવના હાથમાં મૂકી અને શિવ કેવો કારભાર કરે છે, તે પોતે દૂર ઉભા રહીને જોવા માંડ્યું. ત્રીજું, એક તરફથી વિજાપુરમાં સોયના મોંમાંથી હાથીઓ ચાલ્યા જતા હોવાથી અને બીજી તરફથી પોતાના હાથમાં સત્તા આવવાથી શિવે પોતાનો સત્તા–પ્રદેશ વધારવાનું શરૂ કર્યું. શિવે સ્વરાજ્ય-સ્થાપનાનો આરંભ કર્યો. સૌથી પ્રથમ શિવે પોતાના સરદાર બાજી ફસલકર, યેસાજી કંક અને તાનાજી માલસુરેને ગાવળ લડવૈયાઓના કટક સાથે તોરણા ઉપર મોકલી, કિલ્લાના રખેવાળને વશ કરાવી એક પણ સિપાઇના મૃત્યુ કે કશીયે મારામારી વિના, એ કિલ્લો હાથ કર્યો. તોરણામાંથી શિવને બે લાખ હોન (એટલે દશ લાખ રૂપિયા) નો ખજાનો મળ્યો. શિવે એ કિલ્લાને નવું નામ આપી તેને પ્રચંડગઢ કહેવા માંડ્યું. પછી તોરણાથી પાંચજ માઇલ ઉપર, ઉગમણી દિશામાં રાજગઢ નામનો નવો કિલ્લો બાંધ્યો. શિવના આ આક્રમણની ફરિયાદ વિજાપુર પહોંચી; પણ શિવે વિજાપુરના ઉમરાવોને હાથ કરી લઇ, આગળથીજ પોતાનો પક્ષ મજબૂત કરી રાખેલો, તેમ શાહજીએ પણ કંઇ સાચાખોટા ખુલાસાઓ કરી વાતને પતાવી દીધી; એટલે શિવના આ 'ગુન્હા'ની આદિલશાહની કચેરીમાં બહુ નોંધ ન લેવાઈ. શિવ આ બધા 'રાજરંગો' જોઇને મનમાં હસ્યો. તેણે જ્યાંસુધી ચાલે ત્યાંસુધી, વિજાપુરને પોતાની યોજનાનો ખ્યાલ આવવા દીધા વિના શિવે જીતવે જવાનો વિચાર કર્યો; પણ ત્યાં તો શાહજીનો દાદાજી કોંડદેવ ઉપર કાગળ આવ્યો કે, 'શિવને કબજામાં રાખો, આવી રંજાડ કરે એ ન ચાલે.' દાદાજીએ ફરીવાર શિવને શીખ આપી. શિવે ફરીવાર એ દુનિયાડાહ્યા પુરુષનાં વચનોનો અસ્વીકાર કર્યો. દાદાજીએ શાહજીને એ સ્થિતિથી વાકેફ કર્યા; પણ શાહજીએ ફરીવાર કંઇ લખ્યું–કર્યું નહિ, એટલે કોંડદેવે મૌન સેવવા માંડ્યું અને શિવે પોતાની વિજયપરંપરા ચાલુ રાખી. ત્યાં તો ૧૬૪૭માં કોંડદેવ અવસાન પામ્યા.

શિવ સંગઠિત રાજ્ય સ્થાપે છે.

કેટલાક લોકોનું એવું માનવું છે કે, જુજુત્સુનો જન્મ પ્રથમ ભારતવર્ષમાં થયો અને અહીંથી તે વિદ્યા નેપાળના રસ્તે જાપાનમાં ગઇ છે. એ સમજ ખરી છે કે ખોટી છે તેનો નિર્ણય કરવા હાલમાં સાધન નથી; પણ એટલી હકીકત સત્ય છે કે, આ કળા જાપાનમાં ૨૦૦૦ વર્ષોથી છે. આ કળા પ્રથમ કોણે કાઢી તે જાણવાનાં સાધન ઉપલબ્ધ નથી; પણ રામાયણમાં વાલી સુગ્રીવ, લવ અને ભરત, એમના બાહુયુદ્ધનાં વર્ણનો વિસ્તારથી કરેલાં છે.તેજ પ્રમાણે ભારતના ભીમે કીચક, જરાસંધ, કીચક વગેરે જોડે મલ્લયુદ્ધ કરેલું છે, તેનાં સરસ વર્ણનો વાંચવા મળે છે. તે પ્રમાણે જાપાની ભાષાના જૂના ગ્રંથોમાં આવાં યુદ્ધોનાં વર્ણનો છે. તે ઉપરથી એટલું જણાઇ આવે છે કે, ૧૦૦ વરસ પહેલાં આ કળાનો પ્રસાર ફક્ત 'સેમ્યુરાઇ' નામનાજ ક્ષત્રિય જાપાનીલોકોમાં હતો.

આ વિદ્યા આ લોકોએ ગુપ્ત સ્થિતિમાં રાખી હતી. આશરે ૫૦ વર્ષ પહેલાં જાપાનમાં મોટી ક્રાન્તિ થઇ. શોગન ઘરાણાના રાજાની સત્તાનો અંત થયો અને તે સાથેજ સેમ્યુરાઇ વર્ગનું પણ જુદું અસ્તિત્વ નષ્ટ થયું. તે લોકો બીજા જાપાનીલોકોમાં સામેલ થઇ ગયા અને જાપાનમાં લોકસત્તાત્મક રાજ્યપદ્ધતિનો ઉદય થયો. જૂના વિચારો બદલાઇ ગયા અને તે કારણે ગુપ્ત રાખેલી આ વિદ્યા પણ આખા જનસમાજને શીખવવાની શરૂઆત કરવામાં આવી. પોતાનું સામર્થ્ય વધારી શત્રુ પાસેથી પોતાનો બચાવ શી રીતે કરવો, તે આ વિદ્યા શીખવાથી સમજાય છે. આ વિદ્યાનો આખા દેશમાં પ્રસાર થવાથી તેનું મહત્ત્વ લોકોના અને સરકારના પણ ધ્યાનમાં આવ્યું, તેથી આ કળાનું શિક્ષણ દરેક સ્કૂલમાં, કૉલેજમાં આપવાની ગોઠવણ કરવામાં આવી; તેજ પ્રમાણે પોલીસ અને લશ્કરી ખાતામાં આનું શિક્ષણ ફરજીયાતતરીકે આપવાની શરૂઆત થઇ.

જે પ્રમાણે આપણા દેશમાં મલ્લવિદ્યાની અનેક પરંપરાઓ છે, તેજ પ્રમાણે જાપાનમાં જુજુત્સુની પણ અનેક જૂદી જૂદી પરંપરાઓ અસ્તિત્વમાં હતી. તે બધી પરંપરાઓમાંથી સારો ભાગ લઇ હાલ જાપાનમાં પ્રચલિત છે તે જુજુત્સુની પદ્ધતિ મુકરર કરવામાં આવી છે.- જુડો અગર જુજુત્સુ એટલે શક્તિ અને યુક્તિના યોગ્યમિશ્રણથી સામાવાળા ઉપર જય મેળવવાની કળા. બીજી કેટલીક પદ્ધતિઓ છે, પણ તેમાં યુક્તિ કરતાં શક્તિનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. 'કેમ્પો' નામની એક પદ્ધતિ છે, તેમાં દરેક દાવથી સામાવાળાના શરીરને નુકસાન થાય છે. એ પ્રકારના દાવો જુજુત્સુમાં છે, પણ તેનો ઉપયોગ પોતાનો જીવ જોખમમાં હોય ત્યારેજ કરવાનો છે. 'પેનક્રેશન' નામની એક ગ્રીકપદ્ધતિ છે તે કેમ્પોને મળતી છે. એ બે પદ્ધતિઓનું એટલું તો સામ્ય છે કે તે પદ્ધતિ મૂળમાં આ તરફથી ગ્રીસ દેશમાં ગઇ હશે એવું અનુમાન નીકળી શકે.

ઇટાલીની એક વર્તમાન મહાન વ્યક્તિ—એન્રીકો ફેરી

(લેખકઃ–રા. ચુનીલાલ મગનલાલ ફેરાઈ, 'વ્યાયામ'ના ઑક્ટોબર ૧૯૨૬ના અંકમાં

આપણા દેશમાં હાલ ૬૦ વર્ષ ગયા પછી મનુષ્યને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ ગણાય છે ઘણેભાગે તે ઉંમરે પહોંચેલા મનુષ્યો કાંઇ પણ મહત્ત્વનું કાર્ય કરી શકે નહિ, એમ માનવામાં આવે છે. પ્રાચીન કાળમાં આપણા દેશમાં ૧૦૦ વર્ષનું આયુષ્ય તો સાધારણ રીતે ગણવામાં આવતું અને તે વખતે ૬૦ વર્ષ અને તે ઉપરાંતની ઉંમરનાં મનુષ્યો પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ પોતાનાં કુટુંબીઓને તથા શિષ્યોને સારી રીતે આપી શકતા. હવે તે સ્થિતિ પલટાઇ છે, અને ૫૦ વર્ષની ઉંમરે તો મનુષ્ય જેમ તેમ કરી પોતાનું ધુંસરૂં ખેંચતો માલમ પડે છે; પછી પોતાના જ્ઞાન અને બુદ્ધિનો લાભ બીજાને આપવાની તો વાતજ શી? પાશ્ચાત્ય દેશો આપણા ભારતવર્ષને મુકાબલે પ્રથમ ઘણોજ પછાત ગણાતો; તે હાલ સુધારાની ટોચે પહોંચેલ જાય છે અને ત્યાંના મનુષ્યની સરેરાશ આયુષ્યમર્યાદા પણ હિંદુસ્થાનના મનુષ્યની સરેરાશ આયુષ્યમર્યાદા કરતાં ઘણીજ વધારે છે. ત્યાંના લોકોમાં જે સાહસ અને ઉત્સાહ ભર્યાં છે, તેને પરિણામે તેઓએ દરેક દિશામાં અનેક શોધો કરી છે; અને અનેક અશક્ય ગણાતાં કાર્યોને શક્ય કરી બતાવવા માંડ્યાં છે. મનુષ્ય અમુક ઉંમરે વૃદ્ધ થઇ જાય છે અને પછી તે દુનિયાના કામને માટે નકામો થાય છે. તેણે તો એકજ સ્થળે બેસીને પોતાની જીંદગીનાં વર્ષ જેમતેમ પૂરાં કરવાં જોઇએ, એવી જે સામાન્ય માન્યતા છે તેને તેઓએ ખોટી પાડવા માંડી છે; અને ત્યાં ૭૦ તથા તે ઉપરાંતની વયના મનુષ્યો જે કાર્ય કરી રહ્યા છે, તેનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે આપણને આશ્ચર્ય ઉત્પન્ન થયાવગર રહેતું નથી. જર્મન યુદ્ધમાં અગ્રભાગ લેનાર વોન હીંડનબર્ગની ઉંમરનો વિચાર કરો અને તમને સમજાશે કે, વૃદ્ધ ગણાતો મનુષ્ય પણ કેટલું કામ કરી શકે છે. તેવાજ એક ઇટાલીના મહાન પુરુષ એન્રીકો ફેરી ૭૦ વર્ષની ઉંમરે શું કાર્ય કરી રહ્યા છે, અને તે કયા નિયમો પાળવાથી આ પ્રમાણે પોતાની શક્તિઓ જાળવી રહ્યા છે; એટલુંજ નહિ પરંતુ હજી તો ઘણી આશાઓ તે પોતાને માટે રાખે છે, તે આ લેખમાં બતાવવાનો હેતુ છે.

મી. એન્રીકો ફેરી એ ૭ ફુટ ઉંચો અને કદાવર બાંધાનો મનુષ્ય છે. તેની આંખમાં અજબ તેજ રહેલું છે, તેમજ તેની રીતભાત અને બોલવાની ઢબ અત્યંત આકર્ષક હોઇ, તે સર્વના પ્રીતિપાત્ર છે. તેમની ઉંમર હાલ ૭૦ વર્ષ ઉપરાંતની છે અને હજી એ યુવાન જેવાજ લાગે છે. હેલન ઝીમરમેન નામના ગ્રંથકાર 'પોતાના ઇટાલી ને ઇટાલીયનોમાટે' એ પુસ્તકમાં મી. ફેરીવિષે લખતાં લખે છે કે, 'તે એક અદ્‌ભુત સૌંદર્યવાન પુરુષ છે અને તેમની રીતભાત તથા બોલવાની છટા એવી મોહક છે કે તેની આગળ સર્વ પોતાનું માથું નમાવ્યા સિવાય ભાગ્યેજ રહે.'

તેમની બરફ જેવી ધોળી દાઢીથીજ તેમની ઉંમરવિષે કલ્પના કરી શકાય છે અને ઇટાલીનાં વિશ્વવિદ્યાલયોમાં તે પચાસ વર્ષથી અધ્યાપકતરીકે કામ કરે છે, તે ઉપરથીજ માની શકાય એમ છે. તેમણે ગુન્હાસંબંધના શાસ્ત્રનો સારો અભ્યાસ કરેલો હોઇ, તેમાં તેમણે ઘણી નામના મેળવી છે; અને તેમની ૫૦ વર્ષ ઉપરાંતની તે શાખાની માહિતીને લીધે તે ફોજદારી વકીલતરીકે અત્યંત પ્રખ્યાત થયેલા છે. તેમણે 'ચેમ્બર ઑફ ડેપ્યુટીઝ' માં ૩૮ વર્ષ કામ કર્યું છે, અને કાયદાના વર્તમાનપત્રના અધિપતિતરીકે ૩૩ વર્ષસુધી પોતે ચાલુ રહેલા છે.

૭૦ વર્ષે આ મહાન પુરુષ જણાવે છે કે, જીવનની ખરી ખુબીઓની હજી તો મને હમણાંજ ઝાંખી થાય છે. તેમણે લગભગ ૮૦ પુસ્તકો લખ્યાં છે અને તેમાંનાં ૮ તો ઘણાં મોટાં છે. લગભગ ૨૦૦૦ ઉપરાંત તેમણે વ્યાખ્યાનો આપ્યાં છે તથા કાયદાના સુધારાવિષે, વિજ્ઞાનની દૃષ્ટિએ તેમજ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ તેમણે ઘણું વિવેચન કરેલું છે. ૧૯૧૯ માં ઇટાલીયન સરકારે તેમને પીનલ લૉ અને પીનલ પ્રોસીજરમાં યોગ્ય સુધારો કરવાનું સોંપ્યું હતું અને ઉક્ત ઑગસ્ટમાં આખર 'રાષ્ટ્રીય સભા' જે લંડનમાં ભરવામાં આવી હતી તેમાં તે ઇટાલીયન સરકાર તરફથી પ્રતિનિધિતરીકે ગયા હતા. તેમને 'વૃદ્ધ યુવાન' અને 'યુવાન વૃદ્ધ' પુરુષતરીકે સંબોધ

વામાં આવ્યા હતા. આ ઉંમરે તેઓ આટલું કાર્ય કેમ કરી શકે છે તથા તેમના જીવન-
ના શા નિયમો છે તેનો હવે વિચાર કરીશું.

રોકા ડી પાપા નામનું ગામડું રોમથી આશરે ૧૫ માઈલ દૂર આવેલું છે. તે ઘણું ઉંચાણ
માં હોઇ તેની હવા અત્યંત આરોગ્યમય અને શુદ્ધ છે. આવી સુંદર જગાએ સેનેટોર ફેરી
પોતાના ઘણા દિવસો ગાળે છે. અઠવાડીઆમાં ઉઠાઃ બે-ત્રણ દિવસ તેમજ તહેવારોનો ઘણો ભાગ
તેઓ ત્યાં ગાળે છે. ત્યાં તેઓ વિશ્રાન્તિ લે છે, એટલે એમ માનવાનું નથી કે ત્યાં તે મોજમજાહ
અને એશઆરામમાં વખત ગાળતા હશે. ત્યાં તો તેઓ જુદા પ્રકારની પ્રવૃત્તિમાં પોતાનું જીવન ગાળે
છે. શહેરની ધમાલથી દૂર હોવાથી, તેઓ અહીં અત્યંત સારું જીવન ગાળી શકે છે. તેઓ ટેકરી-
ઓ ઉપર ચઢે છે અને ઉતરે છે તથા લાંબી મુસાફરી પગે ચાલીને કરે છે. નજીકમાં એક
સુંદર સરોવર આવેલું છે. ત્યાં શાંત ચિત્તે તેઓ ધ્યાનમાં પ્રવેશે છે અને અનેક ઉપયોગી શોધોની
વિચારમાળા અહીં આવી રીતે રચાય છે. પોતાના આ શાંત ગૃહને ફેરી "મી સીન સાન્સસ્ઝી"
એ નામથી ઓળખે છે. ત્યાં આજુબાજુનું વાતાવરણ એટલું તો શુદ્ધ અને લીલી વનસ્પતિથી
ભરપૂર છે કે જે નામ તેને આપવામાં આવ્યું છે, તે સાર્થક છે. આ જગા વૃદ્ધાવસ્થાના આરામ-
ગૃહતરીકે રાખવામાં આવી હશે, એમ કોઇએ શંકા કરતાં તેને જે ઉત્તર મિ. ફેરીએ આપ્યો
છે, તે વિચારવા જેવો છે. સિત્તેર વર્ષ થયાં તેમાં શું ! માણસ કદી ઘરડો થનોજ નથી. માત્ર
સગવડની ખાતર પંચાંગ ઉપરથી ગણત્રી કરતાં એમ લાગે છે કે, મને ૭૦ વર્ષ થયાં છે તેથી
મારા ભવિષ્યના જીવનની સાથે તેને કોઇ સંબંધ નથી. એક ઘડાનું દૃષ્ટાંત લ્યો. સારી રીતે સાચવી-
ને વાપરનાર મનુષ્ય એક ઘડાને અનેક વર્ષોસુધી પાણી કાઢવાના કામમાં લઇ શકે છે; જ્યારે
બેદરકારીવાળો મનુષ્ય થોડા વખતમાં એવા કેટલાય ઘડા ભાંગે છે. તે એમ જણાવે છે કે, જો
મનુષ્ય નિયમિત જીવન ગાળે અને કુદરતને અનુસરે તો તે કેટલું આયુષ્ય ભોગવે તેની મર્યાદા નથી.

કુદરતી રીતે જીવવું એટલે શું ? હાલના સંજોગોમાં તે પ્રમાણે જીવવું શક્ય છે ! એ પ્રશ્નોના
ઉત્તરમાં તે જણાવે છે કે, કુદરતના યથાર્થ અર્થમાં હાલમાં સંપૂર્ણ રીતે મનુષ્ય જીવી ન શકે તો-
પણ લગભગ તે પ્રમાણે જીવવાનો તે યત્ન કરી શકે, એમાં સંશય નથી. આપણે શહેરમાં રહીએ
છીએ એ ખરું, રેલ્વેમાર્ગે મુસાફરી કરીએ છીએ એ પણ ખરું; પરંતુ આપણને ખરાબજ હવા
શ્વાસમાં લેવાની હમેશાં કોઇ ફરજ પાડતું નથી. મારા આ રોકા-ડી પાપામાં હું ૨૫ વર્ષથી રહું
છું અને જ્યારે તક મળે ત્યારે હું અહીં આવું છું તથા સારામાં સારું કામ હું અહીં કરી શકું
છું. વકીલ, અધ્યાપક, વિજ્ઞાનશાસ્ત્રી વગેરે તરીકે જે અનેક દિશામાં મારે કામ કરવાનું છે, તેને
માટે મારા શરીરમાં જીવનપ્રવાહને હું અહીંથીજ ભરું છું.

આ ઉંમરે તદ્દન સશક્ત અને આરોગ્યવાળું શરીર રહેવાનાં બીજાં કારણોમાં મિ. ફેરી જ-
ણાવે છે કે, કામ અને ઉંઘ એ બેમાં હું બહુજ નિયમિત રહું છું અને તેથી હું સારું આરોગ્ય
ભોગવું છું. તે જણાવે છે કે, હું આઠ કલાકની ઉંઘ લઉં છું અને જ્યારે જમતો હોઉં અગર
કસરત કરતો હોઉં તે સમય બાદ કરતાં બાકીનો બધો વખત હું કામમાં રોકાએલો રહું છું.
માત્ર બે વખત હું જમું છું. નાસ્તો સવારમાં લેતો નથી અને બે વખત જમું છું; તે પણ પેટ
તડાતુમ થાય ત્યાંસુધી જમતો નથી, માત્ર ભૂખપૂરતુંજ ખાઉં છું. બીડી કે દારૂ હું પીતો
નથી. સવારમાં છેલ્લાં પચાસ વર્ષથી હું ઠંડા પાણીથી સ્નાન કરું છું અને મને સળેખમ કદી
થયું નથી. તરવાનો મને ઘણો શોખ છે અને વારંવાર હું સમુદ્રમાં તરવાનો અખ્તરો કરું છું.
હું કદી પણ માંદો પડ્યો નથી. હું ચાલવાની કસરતનો ઘણો હિમાયતી છું. તે ઘણી સહેલી
અને વિનામૂલ્યે કરી શકાય એવી છતાં અત્યંત આનંદ આપનારી કસરત છે. હું રોમથી મારે ગામ
ઘણી વખત ચાલતોજ આવું છું અને સાથે મારો દંડ લઇને ચાલવાનું મને ઘણુંજ ગમે છે.
પર્વતની ટેકરીઓ ચઢવાનું મને ઘણું ગમે છે અને ફેફસાંને માટે આના જેવી બીજી એકે સારી
કસરત નથી.

મિ. ફેરી જણાવે છે કે, હું કુસ્તીબાજ નથી તેમજ અત્યંત શ્રમવાળી કસરતો પણ મને
ગમતી નથી. ખૂબ જોરથી દોડવું, કૂદવું, તેના કરતાં જે કસરતોથી આનંદ મળે અને કંટાળો
આવેજ નહિ તે મને વધારે ગમે છે. તરવાની કસરત છે એ સર્વોત્તમ કસરત છે; કારણ કે

તેથી શરીરના બધા સ્નાયુઓને કસરત મળે છે.

'મંકી ગ્લેન્ડ' એટલે કે વાંદરાની અમુક ગ્રંથિનો ઉપયોગ કરવાથી મનુષ્યના શરીરમાં [illegible] જીવન આવે છે એવી જે હાલ નવીન શોધ વિજ્ઞાનિકોએ કરી છે, તે સંબંધમાં મિ. ફેરીનો અભિ- પ્રાય પૂછતાં તેઓ જણાવે છે કે, "મારા શરીરની જે શક્તિઓ હું આ વયે જાળવી રહ્યો છું [illegible] ભવિષ્યમાં જાળવવાની મારી શક્તિ અને ખાત્રી છે તે જોતાં હું વાંદરાને મારા ભાગીદાર [illegible] સાથી બનાવવા માગતો નથી. ઈશ્વરે મને જે શરીરની બક્ષિસ આપી છે, તેનો સદુપયોગ કરી [illegible] ૧૦૦ વર્ષસુધી જીવીશજ, એમ મારી ખાત્રી છે. હું વર્ણસંકરતા કરવાની વિરુદ્ધ છું."

પ્રૉફેસર ફેરી એમ માને છે કે, 'શારીરિક કેળવણી' વિષે દરેક અભ્યાસક્રમમાં સારી [illegible] હોવી જોઇએ; તેમજ વિદ્યાર્થીઓને (સ્ત્રી-પુરુષ બંનેને) જનનેંદ્રિયની રચના તથા તેના [illegible] યોગ-દુરુપયોગસંબંધી તમામ નિયમોથી તેમને સારી પેઠે વાકેફ રાખવા જોઇએ તથા શારીરિક અને પૂર્ણ આરોગ્ય કેમ જાળવવું એ સંબંધી ખાસ ધ્યાન આપવું જોઇએ. કેટલાકો એવી [illegible] ઉઠાવે છે કે, આ સંબંધી માહિતી આપવી એ કેટલાક દેશોમાં અને ખાસ કરીને યુરોપ [illegible] તેના દક્ષિણના દેશોમાં, એ સમાજના નિયમથી વિરુદ્ધ છે; પરંતુ તેના જવાબમાં તે જણાવે [illegible] કે, "એ બાબતને ગુપ્ત રાખવાથીજ ઘણાં નુકસાન થાય છે, કારણ કે વિદ્યાર્થીઓ જીવનના [illegible] કાયદાઓસંબંધી આ દિશામાં તદ્દન અજ્ઞાન રહે છે; અને પછીથી ગમે તેવા સંજોગો [illegible] ચતાં તેમાં ફસાઇ જાય છે તથા શારીરિક અને નૈતિક હાનિ વહોરી લે છે.' તેમણે પોતે તે [illegible] માં પોતાનાં બાળકોને લેખી પત્રોદ્વારા આ જ્ઞાન આપ્યું છે. તેમને બે પુત્રો અને [illegible] છે. ઇટાલિયન સમાજમાં આ સંબંધી મોઢેથી જ્ઞાન માબાપો પોતાનાં પુત્ર-પુત્રીઓને આપે, [illegible] સમય હજી આવ્યો નથી; માટે મિ. ફેરીએ પત્રો લખીને પોતાનાં બાળકોને આ જ્ઞાન આપવાની પહેલ કરી છે.

મિ. ફેરી કહે છે કે, મારા પત્રોદ્વારા મેં સરળ અને સહેલી ભાષામાં કુદરતના જનનેંદ્રિયસંબંધી નિયમો મારાં બાળકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને તેમાં ખાસ કરીને મારા પુત્રોને શારીરિક [illegible] નૈતિક આરોગ્યવિષે ખાસ સૂચનાઓ આપી. મને આ સંબંધી કાંઈ જ્ઞાન મારા વડીલો તરફથી [illegible] નહોતું; પરંતુ મોન્ટીગોઝા નામના વિદ્વાન લેખકનાં પુસ્તકો આ વિષય ઉપર મેં વાંચેલાં તે ઉપરથી જાણવા યોગ્ય હકીકત મેં એકઠી કરી હતી. મારી તો ખાસ માન્યતા છે કે, આ સંબંધમાં [illegible] એમાં કંઇ શીખવવામાં આવતું નથી, એ મોટી ભૂલ છે. તંદુરસ્તી જાળવવાના [illegible] તેમને જીવનભર ઉપયોગી થઇ પડનાર છે, તે સંબંધી તેમને પૂર્ણ માહિતી આપવી [illegible] કે આ કામ સહેલું નથી, તોપણ તે અઘરૂં છે; માટે કરવા જેવું નથી એમ માનવું [illegible] છે. આ દિશામાં પ્રયત્ન કરવામાં આવે તો સહેલાઇથી પ્રગતિ કરી શકાય એમ છે, અને [illegible] નો પોતાનો સમય આ દિશામાં ગાળશે, તેમને આગળ ઉપર સમજાશે કે તેમનો સમય [illegible] યોગી કાર્યમાં ગાળવામાં આવ્યો છે તથા તેનું પરિણામ અત્યંત સંતોષકારક [illegible]

પ્રૉફેસર ફેરીનો અવાજ ઘણોજ મધુર અને સંગીત જેવો કર્ણપ્રિય છે. [illegible] હુવાન બોલતો હોય એવું તેમાં ઓજસ્ છે.તે સંબંધમાં તે જણાવે છે કે, "આ અવાજ [illegible] છે. દરેક વસ્તુ મહેનત કરવાથી થઇ શકે છે. મારે વકીલાત અને વ્યાખ્યાનકાર [illegible] કરવામાં અવાજની મધુરતાની જરૂર પડી અને તે માટે મારાં ફેફસાં પણ સારાં [illegible] મને લાગ્યું. તે વખતે હું ગામડામાં રહેતો,હું ગામ બહાર જતો અને ત્યાં [illegible] કસરતો કરતો. જેટલે મોટેથી બોલી શકાય તેટલે મોટેથી હું [illegible] અને કોઇ વિષય ઉપર જાણે વ્યાખ્યાન કરતો હોઉં તેમ મારા [illegible] [illegible]

[illegible]

[illegible] કરી શકતો."

પ્રૉફેસર ફેરી [illegible]
[illegible] મળ્યા હોય, કે [illegible]
[illegible] આવ્યો. [illegible]
ઉપયોગી કામ [illegible]
તેમની [illegible]
[illegible] મળ્યા પણ [illegible]
સાથે વાર્તાલાપ કરવા તેમજ નવું નવું [illegible]
[illegible] આ પ્રમાણે શહેરમાં આવે ત્યારે [illegible]

પ્રૉફેસર ફેરી પૂરાં ૧૦૦ વર્ષ તો [illegible]
છે. રોમના વિશ્વવિદ્યાલયમાં કે જ્યાં તેમને માટે [illegible]
અને શીખવવાનું તો ચાલુ રાખ્યું; તેમજ [illegible]
તેમની શોધો પણ ચાલુ રહેશેજ.

ગુન્હા અને ગુન્હેગારસંબંધી તેમના વિચારો [illegible] ગુન્હેગારોને [illegible] કંઈ
અર્થ સરતો નથી, એમ તેઓ માને છે; પરંતુ તેમનું [illegible] ગુન્હો કરવા [illegible]
નિકટદ્રષ્ટિએ શોધી કાઢીને તે કારણને દૂર કરવા પ્રયત્ન કરવો એજ જરૂરનું છે, કે [illegible]
તે તેવો ગુન્હો કરવા પ્રેરાયજ નહિ. સમાજને ઉદ્ધત અને ન સુધરી શકાય એવા ગુન્હેગારોથી
બચાવવો એ જરૂરનું છે, એ વાત ખરી છે; તોપણ જે સુધરી શકે એવા છે, તેમને સુધારવાની
તક આપી તેમનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવો, એ પણ એટલુંજ જરૂરનું છે, એમ તેઓ માને છે.
હાલનાં કેદખાનાંને ખેતીવાડીનાં નાનાં સંસ્થાનો બનાવી દેવાની તેઓ સલાહ આપે છે; કારણ કે
તેઓ એમ માને છે કે, આથીજ ગુન્હેગારની શારીરિક અને માનસિક સુધારણા થવાનો સંભવ છે.

પ્રિય વાચક ! આ ઉપરના પ્રૉફેસર ફેરીના ટુંક સંબંધથી આપને જરૂર સમજાશે કે,
મનુષ્ય જો પોતાની ઉન્નતિ કરવા માગે તો તે કરી શકવા સમર્થ છે. હાલમાં આપણા શિક્ષિત
યુવાનવર્ગની દશા જુઓ. તેમની શારીરિક સ્થિતિ જોઈ, તમને દયા આવ્યાવિના રહેશે
નહિ. આપણા યુવકવર્ગનાં શરીર બગડવાનાં અનેક કારણો છે, અને તે સુધારવા શું કરવું જોઇએ
તે ચર્ચવાનું આ સ્થાન નથી, તોપણ ઉપરના દષ્ટાંતમાંથી એટલું તો સમજાશે કે, જો પ્રયત્ન
કરવામાં આવે તો શારીરિક સુધારણા ગમે તે મનુષ્ય કરી શકે; અને પ્રથમનો પાયો સુધરતાં,
આખું જીવન સુધારવાનું સુગમ થાય. પ્રૉફેસર ફેરીએ કસરત અને યોગ્ય આહાર ઉપરજ ખાસ
ધ્યાન આપ્યું છે અને તેમ નિયમિત રહેવાની તથા હમેશાં નિયમિત કામ કરવાની ટેવ પાડવાની
કેટલી જરૂર છે, તે ઉપર ખાસ ધ્યાન આપવાથી તે ૭૦ વરસની ઉંમરે પણ કેટલું બધું કામ કરી
શકે છે તે આપણે જોઇ શકીએ છીએ. ખુલ્લી હવામાં જેટલું રહી શકાય એટલું રહેવું અને
ચાલવાની તથા તરવાની બની શકે તેટલી કસરત કરવી એથી કેટલો બધો લાભ છે, તે પણ બતા-
વ્યું છે. આપણે તેમાંથી બને તેટલો પ્રયત્ન કરીને લેવા યોગ્ય લાભ લઇએ અને આપણી તંદુ-
રસ્તી સુધારી બીજાને સુધારવાના કામમાં મદદગાર થઇએ એજ વિનતિ છે.

અખંડ સુખશાન્તિ મેળવવાના ઉપાય

અપકાર ઉપર ઉપકાર કરવા; અવગુણ ઉપર ગુણ કરવા; ક્રોધને શાન્તિથી વશ કરવો; કડવું
બોલનારને મીઠાશથી વશ કરવો; વેરી તરફ ક્ષમા બતાવવી; હિંસા તથા નિંદા કરનાર તરફ દયા
બતાવવી અને દુઃખ દેનારને પણ ધન્યવાદ આપતાં શીખવો. અખંડ સુખ તથા શાન્તિ મેળવવા
માટે આ બતાવેલા સદ્ગુણો શીખવા જોઇએ.

છોકરાઓને છાના ઉપદેશ—નઠારી સોબતનું ફળ

('વ્યાયામ'ના ઑક્ટોબર ૧૯૨૬ ના અંકમાંથી)

જે વિદ્યાવગરના છે, કામી છે, લોભી છે, દાંભિક છે, મોજી છે અને ગર્વિષ્ઠ છે, [illegible] દુષ્ટ માણસોનાં સ્વપ્નાંમાં સુદ્ધાં નીતિ અને ધર્મ એ બે વસ્તુ શું છે,તે સમજવામાં આવતું નથી; તેથી તેઓ જૂઠું બોલે છે, નહિ ખાવા જેવા પદાર્થો ખાય છે, નહિ પીવા જેવી વસ્તુઓ પીએ છે અને નાના પ્રકારનાં વ્યસનોને વશ થાય છે; એટલુંજ નહિ પણ તેને તાબે થવાને [illegible] પડતો નથી કે વખત વ્યતિત થતો નથી,પરંતુ ઉપર દર્શાવેલી ખરાબ ટેવો છોડવી ઘણી મુશ્કેલ પડે છે અને તેમાંએ વળી કેટલીક પડેલી કુટેવો છોડી છુટી શકતી નથી. એટલા સારૂ [illegible] આવે છે કે, આવા દુર્ગુણવાળા મિત્રોનો સંગ કદાપિ કરવો નહિ, તેમણે વિસ્તારેલી જાળમાં ઝંપલાવવું નહિ અને શ્રેયસ્સંપાદનનાં સાધનો સાધ્ય કરી લઈ જીવનને સફળ કરવું.

આ લેખ શરૂ કરતાં પહેલાં કેટલીએક વ્યાવહારિક સૂચનાઓ છે, તે આ સ્થળે હું આપું છું. પહેલી સૂચના છે તે જેમને રાત્રે ઉપરાઉપરી સ્વપ્નાં આવે છે તેમને માટે છે. બીજી સૂચના છે તે અજ્ઞાનના કારણથી **મુષ્ટિમૈથુન**ની ટેવ પડી જવાથી નિરંતર જેઓ તેને આધીન થયેલા છે,તેઓ એને નુકસાનકર્તા કુટેવ કાઢી નાખવાની અંતઃકરણમાં ઇચ્છા છે, તેમને સારૂ છે.

સ્વપ્નાં ઓછાં આવે તેને માટે ઉપાયો પુષ્કળ છે; પણ ખરી રીતે જોઇએ તો શરીર નિરામય રાખવું એજ મુખ્ય ઉપાય છે. શરીર નિરોગી રાખવા માટે નીચે જણાવેલી [illegible] ખાસ ધ્યાનમાં રાખવીઃ—

(૧) ખુલ્લી હવામાં નિરંતર નિદાન નિયમિતપણે બે કલાક સુધી બરાબર રીતે વ્યાયામ કરવો. મને એક છોકરાએ કહ્યું છે કે, રાત્રે સૂતા અગાઉ સૅન્ડોના કહેવા પ્રમાણે કસરત (એક્સરસાઇઝ) કરવાથી મને સારો ફાયદો થયો છે.

(૨) હમેશાં ટાઢા પાણીથી ન્હાવું સારૂં છે. નિરંતર ટાઢા પાણીથી ન્હાવાને પ્રકૃતિ ઠીક ન રહે, તો અઠવાડિયામાં એકાદ દિવસ પણ ટાઢા પાણીથી ન્હાવું જોઇએ.

(૩) રાત્રિએ ઘણું મોડું જમવું નહિ અને ભૂખ હોય તેના કરતાં નિત્ય [illegible] ઓછા ખાવા; તેમાં પણ રાત્રે તો જેમ ઓછું ખવાય તેમ સારૂં છે. કોઇ પણ પ્રકારનો [illegible] પદાર્થ પીવો નહિ.(થવાનું હશે તે થશે એમ કહી ચા-કૉફી બિલકુલ પીવાં નહિ.)

(૪) હમેશાં ઝાડો સાફ આવે તેને માટે કાળજી રાખવી.

(૫) જનનેન્દ્રિયની જગ્યામાં જો વારંવાર ખંજવાળવું પડે તો વૈદ્યની સલાહ લેવી કે [illegible] જવાળવું કેમ પડે છે? વૈદ્યને એમ પૂછવામાં જરાપણ ડરવાનું કંઇ કારણ નથી.ખંજવાળ [illegible] નું કારણ સામાન્ય હોય છે, પણ વૈદ્યની સલાહ લેવી એ શ્રેયસ્કર છે; કારણ કે એવી [illegible] માં યોગ્ય ઉપાય યોજવા વૈદ્યવગર બીજા કોઇ ખરેખરી સલાહ આપી શકતા નથી.

(૬) હમેશાં જનનેન્દ્રિયના અગ્રભાગ ઉપરની ત્વચા પાછી હઠાવી અંદરનો [illegible] પાણીથી બરાબર ધોઇ નાખવો. આ ભાગ ઉપર સફેદ રંગનો ચીકણો પદાર્થ [illegible] જો તે બરાબર ધોઈ નાખવામાં ન આવે તો ત્યાં આગળ ઘણી ખંજવાળ આવે છે. તે [illegible] આવે છે તે ન સમજવામાં આવ્યાથી, ત્યાં આગળ હાથ લગાડવાનો અનિવાર્ય [illegible] થાય છે. આ જે ધોળી વસ્તુ છે તે વીર્યજ છે, એમ સમજી તરૂણ માણસો [illegible] પરંતુ આ પદાર્થ સાથે વીર્યનો યત્કિંચિત્ માત્ર સંબંધ નથી. ખરેખરો પવિત્ર [illegible] તેનું શુદ્ધ પવિત્ર વર્તન છતાં પણ આ ઠેકાણે ધોળા રંગનો થર બાઝે છે;માટે જો તે [illegible] વામાં ન આવે તો તેને લીધે ત્વચાના અનેકાનેક રોગો ઉત્પન્ન થવાનો સંભવ રહે છે.

(૭) ન્હાતી વેળાએ ગુહ્યસ્થાન નિરંતર સાબુ લગાડી ધોઇને સ્વચ્છ કરતા [illegible] રાખવો. કેટલાક ગામડાના છોકરાઓ આ ગુહ્ય ભાગ ધોઇને ચોખ્ખો કરતા નથી, તેથી [illegible] ગરમી વગેરે ત્વચાના રોગો થાય છે; એટલુંજ નહિ પરંતુ જે જગાએ [illegible] [illegible] નથી, ત્યાં આગળ ખજુવાળ આવવાથી હાથ લગાડવો પડે છે.

(૮) રાત્રિએ સૂતી વખતે હમેશાં સ્વચ્છ લંગોટ પહેરીને સૂઈ રહેવું. [illegible]

છે, લંગોટ પહેરીને સુઇ રહેવાથી નામર્દાઈ પેદા થવાની ધાસ્તી રહે છે; પરંતુ તેમનું આ ઉચિત નથી. કહેવને કમી કરવાના કામમાં લંગોટ ઉપકારક થઇ પડે છે. રાત્રિદિવસ પહેરી રાખવો, તે અત્યંત ભેદરકર છે.

સુવાનું સ્થળ અને પથારી માટે નીચે જણાવેલી હકીકત ધ્યાનમાં રાખવી:—

(૧) સુવાના સ્થળમાં સારી શુદ્ધ હવા આવવા દેવી. બારીબારણાં ઉઘાડાં મૂકીને સુવું.

(૨) સુતા પહેલાં પેશાબ કરી આવવો.

(૩) વીર્યપાત વારંવાર થતો હોય તો, સવારમાં ઉઠ્યા બરોબર પાંચ મિનિટ ઠંડા પાણીની ધાર ઇંદ્રિય ઉપર કરવી.

(૪) સગવડ હોય તો પોતાને માટે સ્વતંત્ર એકાંત સ્થળમાં પથારી પાથરવી. પાથરવાની તળાઇ સાધારણ કઠણ કરવી પણ બહુ નરમાશવાળી રાખવી નહિ.

(૫) ફાવે તે પ્રમાણે પાસાભેર સુઇ રહેવું. ચતા અથવા ઉંધા સુઇ રહેવું, એ બરોબર નથી; કારણ કે તેથી ઇંદ્રિય ઉત્તેજિત થઈ, વીર્યપાત તરફ વૃત્તિ વાળે છે. પાસાભેર સુઇ રહેવાની ટેવ પાડવી એ ઘણું સરળ છે. પાટીનો પટો અથવા ઝીણી બારીક પટ્ટી કમરના ભાગમાં એવી રીતે બાંધવી કે, ગાંઠ પાછળના ભાગ પાસે વળી શકે.તાત્પર્ય એ છે કે, ઉંઘમાં કદાપિ ચતા થઇ જવાય તોપણ ગાંઠ ખુંચવાથી જાગી જવાય, જેથી વિક્ષેપ આવી શકે નહિ.

(૬) બીજો ઉત્તમ માર્ગ એ છે કે, સ્વપ્નાં આવવાનો વખત જે ૨ થી ૫ સુધીનો છે, તે વખત વાંચવામાટે અથવા ખરેખરી ગાઢ નિદ્રામાટે મુકરર કરવો, એટલે સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થવાનો સમય આવી શકવાનો નથી. જાગ્રત થવાય તે વખતે પેશાબ કરવા જવાની આદત રાખવી.

ઉપર દર્શાવ્યા ઉપરાંત બીજી ત્રણ સાધારણ સૂચનાઓ ઉપર પણ લક્ષ આપવાની ખાસ અગત્ય છે.

(૧) ગમે તેમ થાય, પરંતુ ગુહ્ય ઇંદ્રિયને હાથ લગાડવાનો સ્વભાવ સારો નથી; માટે તેવી ટેવ પાડવી નહિ.

(૨) સારા વિચારવગરના બીજા વિચારોમાં લક્ષ લગાડવું નહિ.ઘણાં છોકરાંઓના મનમાં ખરાબ વિચારો આવે છે; પરંતુ સારા છોકરાઓ તે તરફ ધ્યાન આપતા નથી. વિલક્ષણ ચિત્રો અથવા નકામી વાતોવિષે મનમાં વિચારો આવે તો તેને સર્પની પેઠે વેગળા કરી નાખવા. આ પ્રમાણે કરવાથી સ્વપ્નાવસ્થા બંધ થશે.

શરીરમાં ગમે તેટલી ધાતુ વધે, પણ તેનાથી કોઈ પ્રકારે ઉપાધિ થઈ શકતી નથી. જો મન સ્વાધીનમાં ન રહે અને વૃત્તિ વિહ્વલ થાય તો નિરામય શરીરવાળાને પણ વધેલી ધાતુ નુકસાન કરે છે તથા શરીરમાં રોગ કરે છે. કહેવાનો સારાંશ એ છે કે, ધાતુ વધવાથી રોગ થતો નથી; પરંતુ મનોવિકારની વૃત્તિ વિહ્વલ થવાને લીધે રોગ પેદા થાય છે.

(૩) બાર વરસની વયથી પચીસ વરસની ઉંમર સુધી ૧–વિષયી મિત્રો સાથે ગાઢો સંબંધ, ૨–સ્ત્રીના સ્વરૂપનું અને તેના ગુણનું વર્ણન, ૩–શૃંગારિક કાદંબરીઓ, ૪–નાટક અને નૉવેલો વગેરે વાંચવાં અને તેના પ્રત્યક્ષ થતા પ્રયોગો જોવા, ૫–વિષયની વાતો હાસ્યવિનોદમાં કહેવી, વગેરે બાબતો વર્જ્ય કરવી. શરીરમાં વધેલી ધાતુ ન વપરાવાને લીધે શરીરમાં રોગ થાય છે એવી સમજણ વિષયવાસનાને વધારનારી અને અતિશય નુકસાન કરનારી છે. સુખમય જીંદગી ગાળવાના મુખ્ય સાધનરૂપ જે ધાતુ છે, તેને જે વયમાં એકત્ર કરી ભંડાર ભરી રાખવો જોઇએ, તેને બદલે વિષયવાસનામાં તલ્લીન થઇ જઇ, જેઓ તાત્કાલિક સુખ ભોગવે છે, તેઓ મોટી ભૂલ કરે છે; અને તેઓ મનોવિકારની વિફરેલી વૃત્તિને વશ કરી, દીર્ઘાયુષ્ય સુખમય નિર્ગમન કરવા સારુ લવલેશ પ્રયત્ન આદરતા નથી, એ અત્યંત દિલગીરી ઉપજાવનારું છે, એમ અમારે ડીંડીમ વગાડીને કહેવું પડે છે.

મુષ્ટિમૈથુનની કુટેવમાંથી મુક્ત થવાનો ઉપાય

અજ્ઞાનતાને લીધે નુકસાનકારક મુષ્ટિમૈથુનની કુટેવમાં ફસી ગયેલાઓએ તેમાંથી મુક્ત થવાની ઇચ્છા હોય તો નીચે જણાવેલી સૂચનાઓનું અવશ્ય મનન કરવું.

(૧) પ્રથમ દર્શાવેલી પ્રત્યેક સૂચનાઓ તેમણે કાળજીપૂર્વક પરિપાલન કરતાં [illegible] વિકપણે સ્વપ્નાં આવે તો વિશેષ ગભરાવાનું કારણ નથી; પરંતુ કુક્રિયાની કુટેવના [illegible] લીધે રાત્રિએ જો વીર્યપાત સ્વપ્નાવસ્થામાં થતો હોય તો પ્રથમ કુટેવ કાઢી નાખીને [illegible] ન આવે તેવા યોગ્ય ઉપાયો યોજવા તજવીજ કરવી.

(૨) કુક્રિયાની કુટેવમાંથી મુક્ત થવાની જો કોઈ છોકરાના મનમાં [illegible] તે ટેવનો ત્યાગ કરવા સારૂ અડગ નિશ્ચય આદરવો. અંતઃકરણથી બરાબર નિશ્ચય [illegible] તો તે કુટેવ પુનઃ તેને વળગ્યા વગર રહેવાની નથી; માટે કુટેવની કુક્રિયાના પરિણામનો અંતઃકરણમાં ઉંડો વિચાર કરી એક વખત દૃઢ પ્રતિજ્ઞા કરવી અને તે [illegible] સ્વીકાર કરી લેવી. એ વગર અન્ય ઉપાય તેમને તેમાંથી મુક્ત કરાવનારો નથી. [illegible] વધારે અને જેટલા વધારે દિવસની હશે, તેટલો વધારે વખત તેને છોડવાને લાગશે [illegible] કવા સારૂ પ્રયાસ પણ વધારેજ કરવો પડશે. સાધારણ સામાન્ય કુટેવ ટળી જાય. [illegible] ટેવ જેમ અને તેમ સમુળગી અંતઃકરણમાંથી અળગી થાય તેને સારૂ જે કંઈ કરવું [illegible] તૈયાર રહેવું જોઈએ; કારણ કે અઠવાડિયું, મહીનો અથવા વરસદિવસ થઈ જાય, [illegible] વાની જાય તોયે કુટેવનો મોહ છોડી દેતાં છૂટી શકતો નથી. મોહ ન જાય; પરંતુ [illegible] દૃઢ નિશ્ચયનો ત્યાગ કરવો એ વ્યાજબી નથી. કુક્રિયાની કુટેવ કાઢવા જે પ્રમાણમાં પરિ[illegible] આદર્શે, તે પ્રમાણે તેમાંથી મુક્ત થવાનો વધારે સંભવ છે.

હિંદુઓ, સાવધાન !

તમારા બંધુઓને સાચવો

હિંદુજાતિને લાગુ પડેલો જાતિક્ષય કેટલો ભયંકર, તેમજ હિંદુજાતિ[illegible] નાશ[illegible] છે, તે ૧૯૧૧ થી ૧૯૨૧ સુધીના દશકામાં, જુદી જુદી જાતિઓના કેટ[illegible] ધર્મનો સ્વીકાર કર્યો, તેના આંકડા એક પત્રે પ્રગટ કર્યા છે, તે જોતા કોઈ પણ [illegible] આઘાત થયા વિના રહેશે નહિ. એ આંકડા નીચે પ્રમાણે છેઃ—

[illegible]	૩૮૦૭૨૭	ગવલી	૮૩૬૨૫
[illegible]	૪૧૬૨૫	ગોસાઈ	૧૨૧૨૬૩
[illegible]	૨૯૮૬૦૯	[illegible]	૧૬૩૫૮
[illegible]	૧૯૫૪૨૫	વાણીઆ(ગુર્જર)	૧૯૧૦૧
[illegible]	૮૩૩૦૬૮	નાઈ (હજામ)	૧૦૭૬૦૫
[illegible]	૨૧૧૨૨૭	ચમાર	૨૩૦૮૫
સુતાર	૪૧૫૬૬૬	[illegible]	૯૮૫૫૨
[illegible]	૨૮૮૫૭૯	[illegible]	૨૨૮૭૦
[illegible]	૬૦૨૬૬	[illegible]	૫૩૮૦૮

[illegible]

(દૈનિક 'હિંદુસ્થાન' [illegible])

ભગવાન બુદ્ધની સાધના, સિદ્ધિ અને ઉપદેશ

("[illegible]" [illegible])

પ્રસ્તાવના:-દુનિયામાં આજપર્યંત [illegible] ભગવાન બુદ્ધની પણ ગણના થાય છે; તથાપિ [illegible] આધુનિક ઇતિહાસકારોની લેખણ જનથનાટ કરતા [illegible] નામ નજરે પડતું નથી. આ માન સીઝર, [illegible] એજ છે! ભગવાન બુદ્ધ પોતાની કીર્તિધ્વજ ઉપર [illegible] આડંબર ઉપર રોપ્યો નથી અથવા એવી ઐશ્વર્યરૂપી ઇમારત રચની [illegible] સારૂ દીધેલા નરબલિના રક્તરૂ નીતરની તરવારથી [illegible] પતાની પણ તેણે અપેક્ષા રાખી નથી. મહાભાગોના સામ્રાજ્યની [illegible] ની સાક્ષી પૂરનારા શિલાલેખ તેમણે જનતાજનાર્દનના અંતઃકરણરૂપી [illegible] કેવળ જ્ઞાનચક્ષુવડે વાંચી શકાય એવી અદૃશ્ય લિપિમાં કોરી રાખ્યા છે. [illegible] આંખની કીકીને પોતાના મૃદુસ્પર્શથી આલ્હાદ આપનાર છે, પરંતુ [illegible] પોતાના અવિરત વર્ષાવથી શત્યવત્ કરણક્ષમ જે નીર, તદ્રૂપ નિર્મળ પ્રેમના [illegible] હોય છે. આ સામ્રાજ્યની શાશ્વતિ પણ ચાર આઠ પેઢીઓ ટકવા [illegible] પૈકી નથી તે કલ્પકલ્પાંત સુધી ટકનારી હોય છે. આવાં અદૃશ્ય સામ્રાજ્યોના પ્રસ્થાપકોને ચિદ્ઘન ચૈતન્યના અવતાર માનવાની આપણ હિંદુઓની રીત છે.

અવતાર ધારણ કરવાના પરમેશ્વરના ઉદ્દેશ અનેક હોય શકે છે. ધર્મોદ્ધાર, દુષ્ટસંહાર, શિષ્ટ-પરિપાલન, આદર્શભૂત આયુષ્યક્રમ ઇત્યાદિ મુખ્ય છે. એ પૈકી બુદ્ધનું અવતારકાર્ય ધર્મો-દ્ધારનું હતું.

એ મહાભાગસંબંધી એકંદર હકીકત અહીં આપવી અશક્ય છે; તેથી તેમની આધ્યાત્મિક સાધના, સિદ્ધિ અને ઉપદેશ, આ ત્રણ બાબતોનુંજ વિવેચન કરવાનું અહીં યોગ્ય છે. બુદ્ધની બાબતમાં અનેક ભ્રામક, અતિશયોક્તિપ્રચુર ને અસંભાવ્ય કલ્પનાઓ જનસમાજમાં રૂઢ છે. પાલીભાષાના જાણકાર ને બૌદ્ધ તત્ત્વજ્ઞાનમાં કુશળ ગણાતા સુપ્રસિદ્ધ ધર્માનંદ કોસંબીના લેખ-નાધારે ઉપરની ભ્રામક કલ્પનાઓનું નિરસન કરવાનો પ્રયત્ન પણ આ લેખમાં કર્યો છે.

અવતારી હતા છતાં પણ ભગવાને માનવદેહ ધારણ કર્યો હતો; ને પ્રથમ ક્રમે ક્રમે પોતાની ઉન્નતિ કરી લઇને છેવટે સિદ્ધાવસ્થામાંના પુરુષો પ્રમાણે પોતાનું વર્તન તેમણે રાખ્યું હતું-આથીજ તેમનાં વૈરાગ્ય, દયા, પ્રેમ ને સહિષ્ણુ અખિલ માનવજાતિને આદર્શભૂત થઇ રહ્યાં છે. તેઓ અવતારી પુરુષ હતા, તેથી તેમની વાત જુદી ને આપણી જુદી. તેમની પેઠે વર્તવાનો આપણે પ્રયત્ન કરવો એ અનિષ્ટ છે, એમ માનવું એ મૂર્ખાઇભરેલું લેખાશે. પરમેશ્વર જ્યારે મનુષ્યદેહમાં અવતરે છે, ત્યારે માનવદેહધારી આત્માને કયી કયી કરણી કરવી શક્ય છે, એ બનાવી આપવું એજ તેમનો મુખ્ય ઉદ્દેશ હોય છે. મનુષ્યની અંતર્ગત શક્તિનો વિકાસ કેટલા પ્રમાણમાં થઇ શકે છે ને તેનું રહસ્ય શું છે, એ સમજાવવા સારૂજ ઇશ્વર પોતે પંચભૌતિક દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર અવતરે છે. બુદ્ધની સાધનાનો અભ્યાસ આપણે આજ દૃષ્ટિથી કરવો જોઇએ. તેમણે મેળવેલી સિદ્ધિ, સામાન્ય મનુષ્યને એક તો શું પણ સો જન્મે પણ મેળવવી શક્ય નથી; તથાપિ જે મુમુક્ષુ છે તેમણે, બુદ્ધે પોતાના નેત્ર સામે રાખેલું ધ્યેયજ પોતાની સામે પણ રાખવું જોઇએ. અનંત જન્માંતરે કાં નહિ, પરંતુ પ્રયત્ન કરનારાને મુક્તિ છેજ એવો વિશ્વાસ ભગવાને પોતેજ શ્રીમુખે ગીતામાં આપ્યો છે; તો જન્મોનો હિસાબ રાખવાનું કારણ નથી. ઉજ્જવલ ધ્યેયને આંખ સામે રાખીને તદનુસાર વર્તવું એટલુંજ આપણું કર્તવ્ય ને એજ આપણા જયનો બીજમંત્ર.

બચપણ ને અધ્યાત્મનું બીજ:—ગૌતમ શાક્ય કુળમાં જન્મ્યા. શાક્ય એ એક વિશિષ્ટ જાતિનું નામ. આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં આ જાતિના લોક આર્યાવર્તના ઉત્તરભાગમાં રહેતા હતા. આ શાક્યરાજ્યના પૂર્વ, પશ્ચિમ ને ઉત્તરભાગ નિર્જન અરણ્યોથી વ્યાપેલા હતા ને

આવતું. ઉપર પ્રમાણે પ્રાપ્ત થયેલા વિષયોપભોગમાં તે ડૂબી ગયા નહિ. દયાળુ મન દીનદુ: પ્રત્યેની સહાનુભૂતિથી હમેશાં આર્દ્ર રહેતું હતું.

તેમની આ કોમળ વૃત્તિનો અધિક વિકાસ થતાં થતાં તેનું પર્યવસાન છેવટે ગૃહત્યાગમાં લલિતવિસ્તર વગેરે ગ્રંથોમાં સારથિની સાથે થયેલા સંભાષણને યોગે અથવા એકાદો વૃદ્ધ મ: અથવા કોઇનું પ્રેત કિંવા પથિસ્થ ભિક્ષુ ઇત્યાદિ દૃષ્ટિપથમાં આવવાથી તેમને સકૃદ્વૈરાગ્ય પ્રાપ્ત થ રસભરી, પરંતુ કાલ્પનિક કથાઓ અનેક આવી છે. કેટલાક ગ્રંથોમાં તો તેઓ રાતના એકલાજ ગયાનાં, સારથિની સાથે રથમાં બેસીને ગયાનાં અથવા પ્રભુ રામચંદ્રની પેઠે અશ્વારૂઢ થઇને એ: જ ગયાનાં નાનાવિધ વર્ણનો છે. બીજાં અનેક સ્થળે ગૃહત્યાગ કરવાના દિવસેજ ગૌતમને રત્ન પ્રાપ્ત થયાની હકીકત પણ આપેલી જણાય છે; પરંતુ આ બધાં યથાર્થ વર્ણનો નથી. સત્યનો થોડો અંશ હશે; પરંતુ અક્ષરશઃ સત્યતા તેમાં નથી. વ્યાધિગ્રસ્ત મનુષ્ય અથવા અગર પ્રેત કિંવા ભિક્ષુ એ પૈકી બધી અથવા એકાદ વ્યક્તિ વયના ૨૯ મા વર્ષપર્યંત ગૌ ના જોવામાં ન આવી હોય, એ બિલકુલજ સંભવતું નથી. સારથિએ તેમને ગુરૂપદેશ આ એ પણ ખરૂં લાગવા જેવું નથી. ઘર છોડીને જવાના અરસામાં તેમને રાહુલ નામનો પુત્ર એ બીના ખરી હોય; તોપણ તે ગૃહત્યાગના દિવસેજ જન્મ્યો હતો, એવું અનુમાન બાંધવ કોઇ પણ જાતનો ખાત્રીલાયક પૂરાવો નથી. મધ્યમનિકાયના અરિયપરિયેસનસુત્તમાં બુદ્ધે ર મુખે પોતાના ગૃહત્યાગની હકીકત કહી છે. તે આ પ્રમાણેઃ–

"ભિક્ષુઓ, હું જ્યારે જુવાન હતો અને મારા માથાપરનો એક કેશ પણ ધોળો નહોતો થયો, ત્યારેજ આ વિચારોએ મારા હૃદયસાગરમાં ખળભળાટ મચાવી મૂકયો ને મને ઘરમાંથી બહાર ધકેલ્યો. પિતાએ ને માતાએ મને પરવાનગી આપી નહિ. તે બંનેને ઝારઝાર રડતાં મૂકી નેજ મેં મુંડન કરી લીધું ને કાષાયવસ્ત્રો ધારણ કરીને ઘર બહાર નીકળી પડયો."

વૈરાગ્યનાં કારણોઃ—ગૌતમે ઘરનો ત્યાગ કેવી રીતે કર્યો એ હકીકતના કરતાં, ખરી જુવાની ના બહારમાં આ સુકુમાર રાજકુમારે વિષયોપભોગોને તુચ્છ માની તમામ ઐશ્વર્યને લાત મારીને અને વૈરાગ્યદીપિકાને હાથમાં લઇ દુઃસાધ્ય નિર્વાણસુખની શોધ શા સારૂ આરંભી એ જાણી લેવું વધુ મહત્ત્વનું ને બોધપ્રદ છે. ગૌતમના જમાનામાં પોતાને ચક્રવર્તી કહેવરાવી લેવાનું ધ્યેય ક્ષત્રિયમાત્રનું અત્યુચ્ચ ધ્યેય હતું. અમુક રાજાને ત્યાં કુમાર જન્મ્યો કે આગળ જતાં સાર્વભૌમ થશે કે નહિ એની ચિકિત્સા તેના જાતક ઉપરથી કરવાની શરૂઆત થતી; પરં વસ્તુઓનું ઇંગિત જાણનારા બુદ્ધનું આવું ચક્રવર્તિત્વ સંપાદન કરવાની મહત્ત્વાકાંક્ષાથી સમાધા થાય તેવું નહોતું; કારણ ચક્રવર્તી થાય તોપણ ભય, મોહ, અશાંતિ ઇત્યાદિ શત્રુપરંપરાથે મુક્ત થવું પોતાને શકય નથી, એ બુદ્ધ સારી રીતે સમજતા હતા. આ શત્રુઓના ત્રાસમાંથે છૂટીને, તેનાથી દૂર રહેલા અખંડ શાન્તિસામ્રાજ્યની પ્રાપ્તિ કરી લેવી–એવી તેમની મહત્ત્વાકાંક્ષા; તે શાંતિસામ્રાજ્યનો માર્ગ સામાન્ય જનોને બતાવીને તેમને સંસારતાપથી છોડાવવા–એ તેમનં અંતઃકરણની ધગશ. સંસારત્યાગ કરીને પરિવ્રાજક બનેલા ને જંગલ જંગલમાં સંચાર કરનાર શ્રમણ આ સામ્રાજ્યપ્રાપ્તિના માર્ગે પોતાને લઇ જશે, એવો બુદ્ધને દઢ વિશ્વાસ હતો.

દંડસુત્તમાં આવેલા સુત્તનિપાતમાં ગૌતમનાં ગૃહત્યાગનાં કારણો આ પ્રમાણે આપ્યાં છે: "પોતાને સંતોષ–સુખ ન હોવાથી, બીજાનો દોષ કાઢીને એકબીજામાં કલહ વધારનારા લોકે તરફ જોઇને મને અત્યંત ભય લાગવા માંડયો. મને સંવેગ (વૈરાગ્ય) કેવી રીતે પ્રાપ્ત થયો હવે જણાવું છું. દિવસે દિવસે શુષ્ક થતા જતા સરોવરને જોઇને સરોવરમાં રહેનારાં માછ જે પ્રમાણે ગર્ભગલિત થઇ જાય છે, તે પ્રમાણે પોતપોતામાં ઝગડા મચાવીને પોતાનો ક્ષય કરી લેનારા જનસમૂહતરફ જોઇને હું ગભરાઇ ગયો. મને સંસાર અસાર લાગવા માંડયો. દશેદિશાઓ થરથર કંપે છે એવો મને ભાસ થવા લાગ્યો. મારૂં પોતાનું રક્ષણ કરી શકાય એવી નિર્ભય જગ્ મને કયાંઇજ નજરે પડતી નહિ; કારણ દિગંતપર્યંત દૃષ્ટિ ફેંકું તોય કલહમગ્ન જનસમૂહનું ભયં કર ચિત્ર મારી નજર સામે ખડું થતું. આ સ્થિતિ જોઇને મારૂં મન તદ્દન ગળી ગયું." ઉપરના ઉદ્‌ગાર તરફ તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં જરામરણાદિ વ્યાધિઓવડે મૂળથીજ હતબલ થયેલા અને સમાજને, ક્ષણભંગુર ઐહિક સુખોપભોગના છંદે લાગી એકબીજાનો નાશ કરવાને ઉઘુક્ત થયે

[illegible] બુદ્ધના [illegible] [illegible],
[illegible] [illegible]
[illegible] [illegible]

[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] [illegible]
[illegible] વસ્તુઓપર [illegible] સુખ [illegible]
[illegible] સુખ છે, એવી મનમાં [illegible]
[illegible] છે. મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિનો પ્રારંભ [illegible]

[illegible]

ભગવાને હવે સંપૂર્ણ વૈરાગ્યનો અંગીકાર કર્યો. [illegible]
[illegible] જંબુદ્વીપની છાયામાં હમેશાં રહેતા નિર્ગ્રંથો [illegible]
[illegible]માં તે લાગ્યા. નિર્વાણસાધન ને આત્માનુભવનેજ તેમણે [illegible]
વખતમાં આ ધ્યેય કાંઈ નવીન આવ્યાં ન હતાં. જન્મમરણની [illegible]
સુખનું ધ્યેય ભરતખંડમાં અતિપ્રાચીન એવા ઉપનિષદ્કાળથી [illegible] છે. [illegible]
પ્રાપ્તિને સારૂ હિંદુ આર્યોમાંના અતિ તેજસ્વી તેમજ ઓજસ્વી ઋષિઓએ [illegible]
આપ્યું. આ રીતે આ ધ્યેય અનન્ય અને સનાતન છે, તેથીજ તેને સાધ્ય કરવાના માર્ગ [illegible] ને
હમેશાં બદલી શકાય એવા છે. આ સાધનરૂપ ભિન્નતા આધુનિક નથી, પણ તે બુદ્ધ પ્રાચીનકાળથીજ
ચાલુ થએલી છે. આ પ્રકારને અનુસરી ગૌતમના સમયમાં આ ધ્યેયસાધનને માટે કેટલાક વિવિધ પંથ
અને સાધનાઓ અસ્તિત્વમાં આવી હતી. તે કયા કયા એનું આપને સંક્ષેપમાં દિગ્દર્શન કરીએ.

જૂદા જૂદા પંથ

પાલી ભાષાના સુત્તનિપાત, મજ્ઝિમસુત્ત, નિકાય વગેરે ગ્રંથોમાં આશરે ૬૨-૬૩ પંથોના
મતનો ઉલ્લેખ જણાય છે. કોસલ અને મગધ દેશમાં આ જૂદા જૂદા મતાનુયાયીઓનો સંચાર
હમેશાં ચાલુ હતો. પ્રસંગવશાત્ આવા પાંચપચાસ શ્રમણ એક ઠેકાણે ભેગા થઇ જતાં પોતપોતાના મતની ઉત્તમતા સાબીત કરી આપવાને તેઓ તાત્વિક વાદવિવાદ પણ કરતા. બુદ્ધપદની
પ્રાપ્તિ પછી ભગવાને તેમનું ગૌરવ કર્યાનું દૃષ્ટિએ પડતું નથી; કારણ તેમનો ધિક્કાર કરીને એમને
સત્યનું ખરૂં સ્વરૂપ બિલકુલજ સમજાયું નથી, એમના સિદ્ધાન્ત જન્માંધોએ કરેલા હસ્તિદર્શન-
ના જેટલાજ વસ્તુસ્થિતિનિદર્શક છે, વગેરે પ્રકારના ઉદ્ગાર તેમણે એક ઠેકાણે કાઢ્યા છે. દીર્ઘ-
નિકાયમાં આવેલા બ્રહ્મજાળસુત્તમાં આ બાસઠ મતોનું સવિસ્તર વર્ણન આપ્યું છે. આ મતો પૈકી
બધાજ એકબીજાથી તદ્દન ભિન્ન હોય એ બિલકુલ સંભવતું નથી. એ પૈકી અનેકોમાં પુષ્કળ
સામ્ય પણ દેખાઇ આવે છે, તથાપિ કંઇક શુદ્ર મતભેદોને લીધે તેમને મતાંતરત્વ પ્રાપ્ત થયું હતું.

વૈદિક પંથ

પ્રથમ બ્રાહ્મણ અથવા વૈદિક પંથનો આપણે વિચાર કરીએ. એમાં મુખ્ય ભેદ બે. સંસારમાં
રહીનેજ વેદાધ્યયન કરી યજ્ઞયાગાદિ વેદોપદિષ્ટ કર્મ કરનારા ગૃહસ્થાશ્રમી લોકોનો એક ને બીજો
સર્વસંગપરિત્યાગ કરીને વનમાં રહી અગ્નિહોત્રાદિ વ્રતો ને જપતપાદિ સાધના કરનારા નિત્યસંન્યાસી
તપોધનોનો. બન્નેની સામે ધ્યેય એકજ; ને તે એ કે, બ્રહ્મસાયુજ્યના મેળવવી.આ બેમાં શ્રેષ્ઠ કોણ?
એ બાબતમાં પુષ્કળ મતભેદ હોવાનો ઉલ્લેખ દીર્ઘનિકાયના તે વિજ્જસુત્તમાં જણાય છે. આ ગ્રંથમાં
ઉપરોક્ત પ્રશ્નના નિર્ણયસંબંધી મહર્ષિ વસિષ્ઠ ને ભારદ્વાજની વચ્ચે વાદવિવાદ થયાનું વર્ણન છે.

વૈદિકેતર પંથ

આમાં શ્રમણોને મુખ્ય સ્થાન આપવું જોઇએ. એમનું મુખ્ય ધ્યેય ઐહિક દુઃખમાંથી મુક્ત
થવું, એ છે;તથાપિ આ મુક્તતા મેળવવી કેવી રીતે? એ બાબતના મતભેદને લીધે તેમનામાં જૂદા જૂદા
બાસઠ મતભેદ થયા. એમાંથી ૭ મહત્વના છે ને બુદ્ધના વખતમાં તેમને માન પણ સારૂં મળતું
હતું. અક્રિયા, સંસારશુદ્ધ, ઉચ્છેદ, અન્યોન્ય, ચાતુર્યામસંવર ને વિક્ષેપ, આ એ ૭ વાદોનાં નામ છે.

હમણાં આ પૈકી ચાતુર્યામસંવર અથવા 'નિગ્રંથી' સિવાયના બીજા બધા પંથ નામશેષ [illegible]
'સામઞ્ઞફલસુત્ત' નામનો બૌદ્ધગ્રંથ એમ જણાવે છે કે, આ પંથ મહાવીર સ્વામીએ સ્થાપ્યો છે
તથાપિ જૈનગ્રંથોની અંદર આ બાબતમાં જૂદાંજ વિધાનો કર્યાનું જણાય છે. તેમના મત [illegible]
મહાવીરનીયે પહેલાં આશરે અઢીસો વર્ષ અગાઉ પાર્શ્વનાથ તીર્થંકરે આ પંથ સ્થાપ્યો. હિંસા,
અસત્ય, ચૌર્ય ને પરિગ્રહમાંથી નિવૃત્તિ, આ એ પંથનો મૂળમંત્ર. આ નિયમ ચતુષ્ટયને ચાતુ-
ર્યામ નામ આપવામાં આવ્યું હતું. મહાવીરે આ ચતુષ્ટયને મૈથુનનિવૃત્તિ આ પાંચમા [illegible]
(નિયમ) ની જોડ દીધી. ઉત્તરાધ્યયન સૂત્રમાં 'પાર્શ્વમહામુનિએ ઉપદેશેલો યાગચતુષ્ટયજ [illegible]
મુનિએ પંચશિક્ષારૂપે નિરૂપ્યો' એવું વર્ણન છે. સુત્તપિટક ગ્રંથમાં આ મતસંબંધે [illegible]
માહિતી મળે છે. પુનર્જન્મના તત્ત્વપર આ મતના અનુયાયીઓનો વિશ્વાસ હતો. સંયમ અને
તપની સહાયતાથી કૃતકર્મકર્દમ ધોઈ નાખી મુક્ત થવાના માર્ગને તેઓ અનુસરતા હતા. [illegible]
પંથને છોડી દઇ આ એકજ જૈન પંથની આટલી સવિસ્તર ચર્ચા કરવાનું મુખ્ય કારણ એ છે કે
એ ધર્મ બૌદ્ધ ધર્મનીયે પહેલાંથી ચાલતો આવ્યો છે એ વાંચકોને સ્પષ્ટપણે બતાવી આપવું. ભગ-
વાન બુદ્ધે આ પંથનાંજ અહિંસા, અસ્તેય, સત્ય વગેરે તત્ત્વો સ્વીકાર્યાં છે ને તેમાં [illegible]
ફેરફાર કરીને પોતાનો પંથ પ્રસ્થાપ્યો છે. એમાંના અપરિગ્રહ, મૈથુનવિરતી આ તત્ત્વોને [illegible]
બદલીને બૌદ્ધ ગૃહસ્થધર્મીઓ સારૂ પરસ્ત્રીવિરતિ આવું તેવું પરિવર્તન કર્યું. ઉપર જણાવેલા [illegible]
મતો પૈકી આજની ઘડીસુધી આ એકજ પંથ સારી રીતે જીવતો રહ્યો છે. હમણાં અસ્તિત્વ[illegible]
છે તે જૈનધર્મજ એ પંથ છે. તેમાંનાં અમૂલ્ય એવાં પાંચ તત્ત્વોને આધારેજ એ જીવી [illegible]
છે, એ વાચકોના લક્ષ્યમાં આવ્યું હશેજ.

હવે બાકીના પાંચ પંથોના થોડા સમાચાર લઇએ. અક્રિયવાદી પંથના આચાર્ય [illegible]
સ્યપ છે. તમામ દુઃખનું મૂળ પાપપુણ્યસંબંધેની ભાવનામાં હોવાથી તે ભાવનાનેજ [illegible]
નાખીએ કે થયું, એવો તેમનો ઉપદેશ હતો. પાપપુણ્યનો વિચાર એ કેવળ ભ્રમ છે, એમ તેઓ
માનતા-અર્થાત્ આ પંથ તે એક પ્રકારનો નાસ્તિકવાદજ છે, એમ કહીએ તોપણ ચાલે.

સંસારશુદ્ધિવાદી પંથનો પ્રસ્થાપક મકખલી ગોસાળ છે. આ વાદનુંજ નિયતિવાદ [illegible]
બીજું પણ નામ છે. સૃષ્ટિમાંની અખિલ ચરાચર વસ્તુ, પ્રાણી અને જીવ, દુર્બળ ને [illegible]
હોય તે બધા દૈવના તંત્રથી ચાલે છે. પોતપોતાના કર્મોનો ઉપભોગ લેતા રહેવું એજ [illegible]
વ્યવસાય અને એ વ્યવસાયમાંથી તેમનો કદી પણ છૂટકારો થતો નથી, એ આ પંથનું [illegible]

ઉચ્છેદવાદી પંથ અજિતકેસકંબલીએ સ્થાપ્યો. આ નિર્ભેળ નાસ્તિકવાદી હતો. મનુષ્ય [illegible]
પૃથ્વી, અપ, તેજ ને વાયુ–આ ચતુસ્તત્ત્વોની બનાવેલી પૂતળી. મૃત્યુ પછી તેના દેહનું [illegible]
મહાભૂતમાં ફરીથી રૂપાંતર થઇ જાય છે ને ઇંદ્રિયો આકાશમાં લીન થઇ જાય છે. [illegible]
વગેરે જૂઠું છે. ઐહિક સૌખ્ય એ એકજ ખરૂં તત્ત્વ, આ એ પંથનો મુખ્ય સિદ્ધાન્ત છે.

અન્યોન્યવાદી પંથના મત પ્રમાણે સૃષ્ટિમાં પૃથ્વી, અપ, તેજ, વાયુ, સુખ, દુઃખ ને [illegible]
આ સાત નિત્ય તત્ત્વ છે. એનો નાશ કરે એવી કોઇ પણ વ્યક્તિ નથી. મનુષ્યના [illegible]
આ તત્ત્વો અબાધિત રીતે અસ્તિત્વમાં હોય છે વગેરે સિદ્ધાન્તોપર આ પંથની રચના [illegible]

હવે બાકી રહ્યો વિક્ષેપવાદી પંથ. એનું જૈનોના સ્યાદ્વાદની સાથે પુષ્કળ મળતાપણું છે. [illegible]
[illegible] નામ [illegible] જેવું છે. આ મત પ્રમાણે પ્રત્યેક પ્રશ્નને માટે [illegible]
દેવ છે કિંવા નહિ ? આ પ્રશ્નને દેવ છે, દેવ નથી, દેવ છે એમ પણ નહિ, દેવ નથી [illegible]
નહિ, [illegible] તેમના ઉત્તરો હોય છે.

ભગવાનના ગુરૂ

[illegible] આ પ્રકારના જૂદા જૂદા પંથ પ્રચલિત હતા, [illegible]
[illegible] પંથનો તેમણે સ્વીકાર કર્યો, એ કહેવું પણ [illegible]
[illegible] કપિલવસ્તુમાં [illegible] નામના એક [illegible]
[illegible] તેમના ગુરૂ છે. [illegible]
[illegible]
[illegible]

સિવાય બીજું સ્થળ મળતું નહિ, એવો ઉલ્લેખ અંગુત્તરનિકાયમાંના નિકનિપાતમાં જણાય છે.

આ ઉપરથી ગૌતમ ભરંડુની પેઠેજ આલારકાલામના શિષ્ય હતા અને ભરંડુનો આશ્રમ કપિલવસ્તુમાં ઘણા સમયથી હતો, (નહિ તો ગૌતમને ત્યાં ઉતારવા ભરંડુ સમર્થ ન થયું હોત) એવું જ અનુમાન નીકળે છે. બોધિસત્વ જે પ્રમાણે કોસલદેશવાસી હતા તે પ્રમાણે આલારકાલામ પણ કોસલદેશીયજ. અંગુત્તર નિકાયાંતર્ગત નિકનિપાતમાં તેમના મૂળ રહેવાના ગામનું નામ કેસપુત્ત આપેલું છે. ઉપર જણાવેલા ૭ મતસ્થાપકોના જેટલા આલારકાલામ પ્રસિદ્ધ નહોતા, તોપણ મલ્લ અને કોસલદેશમાં ને તેમાંય કપિલવસ્તુ શહેરમાં તો તેમનું પુષ્કળ વજન હતું. પરિવ્રાજક થતાં પહેલાં ગૌતમનો આલારકાલામની સાથે પુષ્કળ પરિચય હોવો જોઈએ. અરિયપરિયેસનસુત્તમાં "પરિવ્રાજક થયા પછી કુશળનું (પરમ કલ્યાણનું) જ્ઞાન કરી લેવા સારૂ લોકદૃષ્ટિએ પ્રસિદ્ધ એવું એકાદ શાંતિસદન શોધવાના નિમિત્તે ફરતાં ફરતાં આલારકાલામવાળા ઠેકાણે હું આવ્યો" એવું વર્ણન છે. આલારકાલામનો આશ્રમ કપિલવસ્તુ ગામમાંજ ઘણા દિવસથી હતો અને શ્રેષ્ઠ શ્રમણતરીકે તેની ખ્યાતિ હોવાથી મુમુક્ષુ ગૌતમને તેનો પરિચય નહિ હોય એ બિલકુલજ સંભવિતું નથી. પરિવ્રાજક થયા પછી પ્રથમ આલારકાલામની પાસેજ જવાથી એ પરિચય બહુ વધ્યો હતો, એવું સહજ અનુમાન નીકળે છે.

રાજગૃહી તરફ ગમન

આલારકાલામ એ ગૌતમના ગુરુ હતા. એ ઉપર આપેલી હકીકત ઉપરથી નક્કી થયું એમ કહેવાને હરકત નથી. હવે ગૌતમ તેમની પાસેથી કયી કયી બાબતો શીખ્યા તે તપાસીએ. આલારકાલામે બોધિસત્વને પહેલાં ચાર ધ્યાનો અને આકાશાનંત્યાયતન, વિજ્ઞાનાનંત્યાયતન અને આકિંચન્યાયતન આ ત્રણ ચિદવસ્થાઓ ઉપદેશી. સમાધિશિખરે પહોંચાડનારાં આ સાત પગથિયાં છે; પરંતુ બોધિસત્વનું સમાધાન એટલાથીજ થાય તેમ નહોતું. આ યોગમાર્ગથી એકાદિ વ્યક્તિને કંઈક કાળપર્યંત ચિત્તવૃત્તિનો નિરોધ કરી તેને સમાધિશાંતિમાં લીન કરી શકાય, એ ખરૂં, પણ એકંદર જનતા સામે આચરણીયતરીકે રજુ કરવાને તે અયોગ્ય (नायं धम्मो संबोधाय) છે, એવી તેમની સંપૂર્ણ ખાત્રી થઇ હતી; તેથીજ તેમણે કપિલવસ્તુમાંથી ઉદકરામપુત્ત નામના સાધુપ્રત્યે પ્રયાણ કર્યું. આ સાધુ પણ આલારકાલામ જે સંઘનો સાધુ હતો તે પૈકીજ એક હતો. તેણે અકિંચન્યાયતનથી આગલી નૈવ સંજ્ઞાનાસંજ્ઞાયતન નામક સાધના બોધિસત્વને ઉપદેશી; પરંતુ બોધિસત્વનું સમાધાન એ સાધનાથી પણ થયું નહિ, કારણ આ સાધના જો કે પાછલી સાધનાઓના કરતાં સરસ હતી, તોપણ તે તેજ માર્ગની હતી. આથી બોધિસત્વે એ સમયે શ્રમણોના વિદ્યાભ્યાસનું કેન્દ્ર ગણાતી મગધ દેશની રાજગૃહી રાજધાની તરફ પોતાનો મોરચો ફેરવ્યો. બોધિસત્વ રાજગૃહી તરફ કેવી રીતે ગયા અને ત્યાં ગયા પછી ત્યાંના રાજા બિંબીસારની સાથે તેમનું શું સંભાષણ થયું, વગેરે બાબતોની માહિતી સુત્તનિપાતાન્તર્ગત પબ્બજ્જાસુત્તમાં આપી છે. સંન્યાસલક્ષણસંપન્ન એવા બોધિસત્વને જોઇને બિંબીસારે કહ્યું, "હાથ નીચે ગજસેના રાખીને એકાદ મહાવીરની જેમ તું મારી પાસે રહે. હું તને જોઇએ તેટલું ધન આપીશ. તેનો તું તારે જોઇએ તેવો ઉપભોગ કર. તું કોણ ને તારૂં કુળ કયું છે, તે મને કહે." બોધિસત્વે ઉત્તર આપ્યો:–" રાજા ! આ દેશની ઠેઠ ઉત્તરબાજુએ આવેલા કોસલ દેશમાં ધનધાન્યાદિ ઐશ્વર્યસંપન્ન શાક્યજાતિના લોક વસે છે. હું જાતે શાક્ય, મારૂં ગોત્ર આદિત્ય. આવી સંપન્નસ્થિતિનો ત્યાગ કરીને હું જે પરિવ્રાજક બન્યો છું, તે કંઈ સંપત્તિને લોભે નહિ. કામોપભોગની બાબતમાંથી મારૂં મન ઉઠી ગયું, એકાંતવાસ મને પ્રિય લાગવા માંડ્યો અને તેથીજ તપશ્ચર્યાને માટે હું નીકળ્યો છું. મને આ એકજ વિષયની માત્ર હવે અભિરુચિ બાકી રહી છે."

બોધિસત્વને આલારકાલામનો અથવા ઉદકરામપુત્તનો પંથ સંપૂર્ણપણે માન્ય ન થવાથી અત્યંત શાન્તિદાયી ને પરમ કલ્યાણપ્રદ એવા માર્ગની શોધમાં તે રાજગૃહીસુધી ચાલી આવ્યા. ત્યાં અનેક શ્રમણોને વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરતા જોઇને એ માર્ગે જવાથી પોતાનું ધ્યેય હાથ લાગશે, એમ લાગવાથી પોતે પણ તપ શરૂ કરવું એવો નિશ્ચય કર્યો. આથી તેમણે ત્યાંથી ઉરુવેલા પ્રયાણ કર્યું ને ત્યાં તપશ્ચર્યાની શરૂઆત કરી. આનું વર્ણન અરિયપરિયેસનસુત્તમાં આવ્યું છે, તે અહીં ઉતારી લેવું ઈષ્ટ જણાય છે. ભગવાન બોલ્યા:–" ભિક્ષુઓ ! કુશલ–(પરમ, કલ્યાણ)–

જ્ઞાનપ્રાપ્તિ સારૂ તપ આચરવાને નિતાંતશાંત એવું સ્થાન મેળવવા સારૂ મેં ચારે તરફ પ્રવાસ કર્યો ને છેવટે અહીં (ઉરૂવેલામાં) આવ્યો. ત્યાં અતિશય રમણીય એવું એક સ્થળ નજરે પડ્યું. એક અતિશય સુંદર વનમાંથી મંદમંદ ગતિએ એક નદી વહેતી હતી. નદીના બન્ને [illegible] વિપુલ ને શુભ્ર એવી વેળુ પથરાયેલી હતી. નદીનું પાત્ર પણ વિશેષ ઉંડુ ન હોવાથી એક બીજે કાંઠે સહજ લીલાથી જવાતું અવાતું. વનની ચારેબાજુએ ગામો વસેલાં હોવાથી ભિક્ષા[illegible] ની ઉત્તમ સગવડ હતી. આ બધું જોઇને મને અતિશય આનંદ થયો ને ત્યાંજ મેં મારી ત[illegible] શ્ચર્યાનો આરંભ કર્યો."

તપશ્ચર્યાના પ્રકાર

બોધિસત્વે કયા કયા પ્રકારની તપશ્ચર્યા કરી એ વિષય મહાસીહનાદસુત્તમાં આવ્યો છે; ત[illegible] એ વર્ણનો વાંચવાથી એકજ વ્યક્તિએ એકજ જન્મમાં, આવાં અને આટલાં તપો આચર્યાં હો[illegible] એ શકય લાગતું નથી. આ વર્ણનમાં અમુક એક પ્રકારની તપશ્ચર્યા નોંધવામાં નથી આવી એ[illegible] નથી. આ ઉપરથી બોધિસત્વે કયાં તપો આચર્યાં એ કહેવા કરતાં એ વખતમાં કયાં કયાં ત[illegible] પ્રચારમાં હતાં એ તપો જણાવવાનો લેખકનો ઉદ્દેશ હતો, એ સહજ ધ્યાનમાં આવે એવું છે. [illegible] પૈકી થોડાંકને અહીં નોંધવાં ઇષ્ટ લાગે છે. ભગવાન બુદ્ધે સારીપુત્તને ઉપદેશ આપ્યાનું મહાસી[illegible] સુત્તમાં જે વર્ણન આવ્યું છે, તેનો સારાંશ આ પ્રમાણે છેઃ—

"હે સારિપુત્ત! મેં ચાર પ્રકારનાં તપો આચર્યાનું મને સ્મરણ છે. હું પ્રથમ તપસ્વી બન્યો, પછી રૂક્ષ થયો, કેટલેક દિવસે જુગુપ્સિતાનો સ્વીકાર કર્યો ને છેવટે પ્રવિવિક્ત બન્યો. હું નિગ્રં[illegible] વૃત્તિથી રહેતો હતો. કોઇ પણ જાતનું લૌકિક આચારનું બંધન પાળવાનું મેં છોડી દીધું હતું. [illegible]

"કરતલપાત્રમાં મળેલી ભિક્ષા હું ખાતો હતો; મત્સ્ય, માંસ અથવા સુરાયુક્ત આહાર [illegible] બિલકુલજ ગ્રહણ કરતો નહિ. મને બોલાવીને આપેલું જાત્રા (મેળા)માં રાંધેલું, ગર્ભવ[illegible] સ્ત્રીએ અથવા કેડ ઉપર બાળકને તેડનારે આપેલું અન્ન હું સ્વીકારતો નહિ. કૂતરાંએ અથવા માખીઓએ અપવિત્ર કરેલી જગ્યા ઉપરનું અન્ન હું ખાતો નહિ. શાક, શ્યામાક, નીવાર, શેવાળ, ચુલું, શેકેલું અનાજ, પિણ્યાક, લીલું ઘાસ, ફળ, પાંદડાં, ગોમય, ચમારોએ ફેંકી દીધેલા ચામડાના ટુકડા વગેરે ખાઇને હું જીવધારણા કરતો હતો. પહેલા દિવસે એક ગ્રાસ (કોળીયો) અથવા એ[illegible] કડછી અન્ન, એકાદ બોર અથવા મગનો એક દાણો, બીજે દિવસે બે, ત્રીજે દિવસે ત્ર[illegible] એમ સાત દિવસપર્યંત ક્રમે ક્રમે ચઢીને પછી ક્રમે ક્રમે એક એક ઉતરતો જતો હતો; અને આ[illegible] રીતે મેં જિહ્વાનિગ્રહનું તપ આચર્યું. આથી મારો માંસાળ દેહ સૂકાઇ ગયો ને શરીરમાંનું અસ્થિ[illegible] પિંજર સાફ દેખાવા લાગ્યું. એક જૂના પૂરાઇ ગયેલા કૂવાને તળીયે ખોબા જેટલા પાણીમાં પ[illegible] નક્ષત્રબિંબ જેવું દેખાય, તે પ્રમાણે ઉંડી ગયેલી મારી આંખોના તેજની અવસ્થા થઇ [illegible] મારી ચામડી સૂકાઇને શુષ્ક થઇ જવાથી તે શરીરપર લબડતી હોય એવી દેખાવા લાગી. [illegible] ઉપર હાથ ફેરવતાં હાથે પાંસળીઓ લાગતી હતી. મળમૂત્રવિસર્જનને માટે ઉઠીને બેસવા જેટલું [illegible] શરીરમાં સામર્થ્ય ન હોવાથી કોઇ કોઇવાર હું જે સ્થિતિમાં પડ્યો હોઉં એ સ્થિતિમાંજ એ[illegible] થઈ જતો. એકાદ ચામડાની કોથળીમાં હાડકાં મૂકી રાખ્યાં હોય એવી મારા દેહની અવસ્થા ગઇ હતી. કોઇ કોઇવાર હું ચીંથરાને પરિધાન કરતો હતો. કોઇવાર ઘોડાના કેશથી બનાવેલું, ચક[illegible] ઓનાં પીછાંથી બનાવેલું તો કદી કુશનું અગર મૃગાજિનનું વસ્ત્ર હું ઓઢતો હતો. મૂછો, દા[illegible] માથા ઉપરના કેશ હું પોતાને હાથે ચુંટી કાઢતો હતો. આવી રીતે અનેક પ્રકારના દેહદંડ[illegible] ચરણ મેં કર્યું છે. આ મારૂં તપ."

"સારિપુત્ત! હવે મારી રૂક્ષતાનું વર્ણન સાંભળ. અનેક વર્ષની ધૂળથી મારૂં આખું [illegible] ભરાઇ ગયું હતું, જૂના લાકડાનાં પાટીયાં ઉપર ધૂળ ચઢી ચઢીને જેવી તેની સ્થિતિ થાય [illegible] મારા દેહની અવસ્થા થઇ હતી; તથાપિ તે ધૂળ મેં ધોઇ કાઢવી કે બીજા કોઇએ ધોઇ [illegible] એવો મારા મનમાં કોઇ દિવસ પણ વિચાર આવ્યો નહોતો."

"હવે મારી જુગુપ્સાનું વર્ણન સાંભળ, હું બહુ સાવચેત રહીને હાલચાલ કરતો [illegible] પાણીના ટીપાપ્રત્યે સુદ્ધાં હું મોટી દયાર્દ્ર દૃષ્ટિથી જોતો! એકાદ ક્ષુદ્ર કૃમિકીટક પણ [illegible] હાથેથી ન માર્યો જાય એને માટે હું ખૂબજ ખબરદારી રાખતો."

"મારી પ્રવિવિક્તતાનું પણ થોડું વર્ણન તને કહું છું. એકાદ નિર્જન અરણ્યમાં જઈને રહેતો. પશુને પાળનારા ભરવાડો, કઠિયારા અથવા બીજું કોઈ પણ જો આમમાં આવતું ખાતું ત્યાંથી હું નાસી જતો અને તેમની દૃષ્ટિઆડે થતો. આ રીતે મેં પ્રવિવિક્તતા આચરી હતી."

"કોઈ કોઈવાર હું ગોવત્સોનું છાણ ખાઈને રહેતો. પોતાનાં મળમૂત્ર ખાઈને પણ મેં કેટલાક દિવસો કાઢ્યા છે; આવું સૂગ ચઢે એવા પ્રકારનું મારું ખાવાનું હતું. ઘોર જંગલમાં મેં નિવાસ કર્યો હતો. ટાઢના દિવસોમાં હું ખુલ્લા મેદાનમાં સૂતો. કોઈવાર શ્મશાનભૂમિમાં જઈ મુડદાંનાં હાડકાંને ઓશીકે મૂકીને સૂતો હતો. લોકો મારા ઉપર થૂંકતા હતા; તથાપિ મારા મનમાં મેં તેમને માટે જરા જેટલો પણ ખરાબ વિચાર આવવા દીધો નથી."

આ પ્રમાણે જૂદી જૂદી જાતનાં નિષ્ઠુર, કઠોર, ઘોરતર, ભયંકર, બીભત્સ, નિસર્ગસિદ્ધ અને નિસર્ગવિરુદ્ધ એવાં તપો એ સમયમાં પ્રચલિત હતાં. એમાંના કેટલાક પ્રકાર હમણાં સુદ્ધાં હિંદુસ્થાનના કેટલાક વિશિષ્ટ પંથોમાં પ્રચલિત છે. કાંટાની પથારી કરી તેમાં સૂવું, કાંટાવાળી ચાખડીઓ પહેરવી, સખ્ત ટાઢના દિવસોમાં ગળા જેટલા પાણીમાં જઈ ઉભા રહેવું, ઉનાળાના દિવસોમાં તપેલા શિલાખંડ ઉપર ઉભા રહી તપશ્ચર્યા કરવી, પંચાગ્નિસાધન, શ્મશાનવાસ, કેશ ચુંટી કાઢવા, ઉપવાસ, કૃચ્છ્રચાંદ્રાયણ વ્રતો વગેરે પ્રકારો હમણાં પણ રૂઢ હોવાનું નજરે પડે છે. પોતાની વિષ્ઠા અને વમન પોતેજ ખાઈ જવાનાં ઉદાહરણો અઘોરપંથી લોકોની અંદર એકસરખાં ચાલુ હોવાનું દૃષ્ટિએ પડે છે. આ ઉપરથી જોતાં હમણાં પ્રચારમાં છે, તે વિવિધ પ્રકારની તપશ્ચર્યાની પરંપરા આજ ૨૫૦૦ વર્ષથી ચાલી આવી છે, એ સહજ ધ્યાનમાં આવે એવું છે.

દેહદંડની નિરર્થકતા

આ બધા પ્રકારો પૈકી બોધિસત્વનો ઉપવાસપર વિશેષ વિશ્વાસ હતો, એવું અરિયપરિયેસન તથા મહાસચ્ચક સુત્ત ઉપરથી જણાય છે; પરંતુ એ પૈકી એકનાથીયે પણ બોધિસત્વને શાંતિસુખનો આનંદ મળ્યો નહિ. એનું કારણ આ પ્રકારોની અંદર 'આર્ય પ્રજ્ઞા' નહોતી એવું વર્ણન મધ્યમ નિકાયમાં આવ્યું છે:—"तं किस्स हेतु । इमिस्सायेव अरियाय प्रज्ञाय अनधिगमा" આવી રીતે શ્રમણોના માર્ગથી નિર્વાણ પદવીએ પહોંચવું શક્ય નથી, એવી પૂરેપૂરી ખાત્રી થઈ ત્યારે પોતે બાળપણમાં જાંબુડીની છાયામાં બેસીને કરતા હતા તે ધ્યાનમાર્ગનું બોધિસત્વને સ્મરણ થયું. ભગવાન બુદ્ધ અગ્નિવેસ્સાને કહે છે:—"મારા પિતાના ખેતરમાં ખેડવાનું ને વાવવાનું કામ ચાલતું હોય ત્યારે હું જાંબુડીની છાયામાં ધ્યાનનિમગ્ન થઈને બેસતો હોવાનું મને સારી રીતે યાદ છે. એ ધ્યાનના આનંદનું સ્મરણકિરણ ચિત્તાકાશમાં માત્ર ચમક્યું, ત્યાં તો બોધનો (સંપૂર્ણ જ્ઞાનનો) ખરો માર્ગ તે આજ, એવી મારી ખાત્રી થઈ ચૂકી." મહાભાગના આધ્યાત્મિક પ્રગતિના ઇતિહાસમાંનો આ અતિશય મહત્વનો પરિવર્તનકાળ છે.

શ્રમણ સંન્યાસમાં રૂઢ એવા દેહદંડના પ્રકાર અને કઠોર ત્યાગમાર્ગ નિર્વાણપદપ્રાપ્તિની દૃષ્ટિએ વ્યર્થ છે, એવી ખાત્રી થયા પછી બોધિસત્વને આલારકાલામે ઉપદેશેલો સમાધિમાર્ગ યાદ ન આવતાં બાળવયમાં આક્રમેલા ધ્યાનમાર્ગ તરફ તેનું મન વળ્યું. એમાંનો મર્મ શું ? એ સમજવાને બોધિસત્વનું મુખ્ય ધ્યેય શું હતું, એ બરાબર સમજી લેવું જોઈએ. સંસારસાગરમાં ગોથાં ખાતી દુર્બળ જનતા તરફ જોઈને મહાભાગનું અંતઃકરણ હળહળી ઉઠ્યું હતું. ઇંદ્રિયસુખ એ સત્ય અને નિત્યસુખ નથી, એ તેમના અંતઃકરણમાં અચ્છી રીતે ઠસ્યું હતું; પરંતુ વૈરાગ્ય અથવા અકુશળ (અકલ્યાણકારક) બાબતોપર અવલંબી રહેલા સુખનો તિરસ્કાર આવવો એટલાપરજ તેમની મજલ અટકી નહોતી; પણ પ્રેમ, પ્રીતિ, કરુણા, દયા ઇત્યાદિ કુશળ (કલ્યાણકારક) ભાવનાઓને લીધે ઉત્પન્ન થનારા શાશ્વત સુંદર સુખના બિલકુલ છેવટના પગલે તેમને પહોંચવાનું હતું. આ ઉપરથી અહંકાર, કામ, સ્વાર્થાદિકોથી ઉત્પન્ન થતી વિષયાસક્તિ ને ઇન્દ્રિયસુખપ્રત્યેનું મનનું ખેંચાણ નષ્ટ થઈને, અકુશળ વિચાર ને ભાવનાઓ નષ્ટ થાય ને શુદ્ધ પવિત્રગંધી અહંકારકંટકશૂન્ય, કલ્યાણકુસુમમયી વાસનાવલ્લરી મનોભૂમિ ઉપર ડોલવા લાગે ને એવા પ્રકારની અકુશળ વિચારવિહીનપૂર્વક કુશળ વિચાર-પ્રવૃત્તિથી ઉદ્ભવનારા નિરતિશય-નિર્વાણસરોવરમાં મનઃકમળ વિકસે, એ બોધિસત્વનું મુખ્ય ધ્યેય હતું. લોકકલ્યાણ સાધી શકાય તો તે આજ માર્ગથી, એવી મહાભાગની દૃઢ શ્રદ્ધા હતી.

લેખાંક ત્રીજો

બુદ્ધનો પંથઃ–જે સાધનોવડે આત્યંતિક સુખશાન્તિ સાધ્ય થાય એ માર્ગ તરફજ સત્વનું મન ખેંચાવું સાહજિક હતું. દેહદંડનના માર્ગે, બળજબરીથી, ઇચ્છાશક્તિના [illegible] ઇંદ્રિયોનો નિગ્રહ કરીને તેમની સ્વાભાવિક પ્રકૃતિને તદ્દન દાબી નાખવી શકય નથી. [illegible] કાલામના સમાધિના માર્ગે એકાદ મનુષ્ય પોતાની એકાગ્રતા વધારી શકશે ને અનેક પ્રસ[illegible] બહુના અનેક મહિના સમાધિસુખનો અનુભવ લઇ શકશે,પરંતુ 'नायं धम्मो संयोगाय' [illegible] ત્રિક ધર્મપ્રસારનો એ માર્ગ નથી, એવું બોધિસત્વે નિશ્ચિત કર્યું. બચપણમાં સહજ સ્વભ[illegible] જાંબુડીની છાયામાં બેસીને લોકહિતસંબંધી ધ્યાન કરતી વેળા જે શુદ્ધ અને પવિત્ર [illegible] ઝરો પોતાના અંતઃકરણમાં ફૂટયો, તેજ આનંદ શ્રેષ્ઠ અને સૌને સાધ્ય છે, એવો બો[illegible] નિર્ણય કર્યો, આજ માર્ગનું આક્રમણ કરતાં પ્રાપ્ત થતી પરમાનંદસ્થિતિમાં નિરંતર [illegible] રહેવું એજ નિર્વાણપદવી ને એજ સન્માર્ગ અને સદ્ધર્મ, એવો તેણે પોતાના મનનો [illegible] કર્યો. પોતે દેહદંડનના માર્ગનો ત્યાગ કરતાં પોતાના સાથીઓ અને લોકો પોતાને પતિત [illegible] એ ગૌતમ પોતે સારી રીતે જાણતો હતો, પણ કોઇથીયે ન બીતાં પોતાના આત્મ[illegible] અનુસરીને પોતાનો આધ્યાત્મિક માર્ગ પાર કરવાનું વિરલ ધૈર્ય એ ગૌતમમાં હતું, એ [illegible] તેમ નથી, ભગવાન બુદ્ધ અગ્નિવેસ્સાને ઉદ્દેશીને કહે છેઃ–"ઇન્દ્રિયસુખ અને અકુશળ વિ[illegible] ઉભયને તુચ્છકારી કાઢી કુશળ વિચારોથી થનારા સુખથી હું કેમ ડરું ? નહિ, હું [illegible] ડરવાનો નથી; પણ તે સુખ અત્યંત દુર્બળ સ્થિતિવાળા મને થવું શકય નહોતું, તેથી [illegible] થોડો થોડો આહાર લેવાની શરૂઆત કરી. એ પ્રસંગે પાંચ સાધુઓ મારી સેવા કરવામાં [illegible] હતા. બોધિસત્વને જે ધર્મનો બોધ થશે, તે ધર્મનો ઉપદેશ આપણને પણ તે કરશે, એમ [illegible] છને તેઓ ચાતકની પેઠે વાટ જોઈ રહ્યા હતા; પરંતુ મેં આહારસેવનનો આરંભ [illegible] સાથેજ હું તપોભ્રષ્ટ થયો, એમ કહેવાની તેમણે શરૂઆત કરી ને તેઓ મારી [illegible] ચાલી પણ ગયા." વિષયસુખનો ત્યાગ કરીને પ્રાણીમાત્રના સુખને માટે કાયા, [illegible] ગનવડે પ્રયત્ન કરતાં જે નિષ્કામ સુખ થાય છે, તેજ ખરૂં સુખ; અને એજ માર્ગે [illegible] જ્ઞાન થશે, એવી શ્રદ્ધાવાળો બોધિસત્વ લોકોની સ્તુતિનિંદાને દાદ ન દેતાં પોતાના[illegible] આગળ ચાલ્યો.

ઉરૂવેલાના રમ્ય પ્રદેશમાંના નિવાસની વેળાએ દેહદંડપ્રધાન સાધનાસંબંધી તેને ત્રણ [illegible] એ સૂઝી હતીઃ–(૧) પાણીમાં ભીંજાયેલા એકાદ લાકડાની ઉપર બીજો એકાદ [illegible] લાકડાનો કટકો ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થવો કદી પણ શકય નથી; એવીજ રીતે કામ[illegible] ગ્રસ્ત થયેલું મન દેહદંડથી કદી પણ શુદ્ધ થવું શકય નથી. આથી મનુષ્યને [illegible] થશે. (૨) પાણીમાં પડેલા લાકડાના ટુકડાને પાણીથી દૂર લઈ જઇને તેની ઉપર [illegible] ચેલા લાકડાનો કટકો જોરથી ઘસીએ તોપણ અગ્નિ ઉત્પન્ન થવાનો નથી એજ પ્રમાણે [illegible] વિષયવાસના નષ્ટ થઇ નથી, તેને દેહદંડનાદિ તપથી કે અરણ્યવાસથી કંઇ પણ ફાયદો [illegible] (૩) સારી રીતે સુકાયેલા લાકડાનો કટકો પાણીથી દૂર પડ્યો હોય તેની ઉપર [illegible] ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થશે,તેજ પ્રમાણે જેની વિષયવાસના નષ્ટ થઇ છે,તેનેજ મોટી [illegible]

ઉરૂવેલાના નિવાસદરમિયાન શારીરિક તપપ્રયોગજ બોધિસત્વનું વિશેષ લક્ષ [illegible] માનસિક તપપ્રત્યે તેમનું દુર્લક્ષ્ય નહોતું. કામ, દ્વેષ, હિંસા વગેરે મનોવિકાર [illegible] એકવાર પેસુ ન આવે એને માટે તે ખૂબજ સાવચેતી રાખતા હતા, તેમજ [illegible] મૈત્રી, અહિંસા વગેરે વિચારને તે પોતાના મનમાં અત્યંત આદરપૂર્વક રાખતા [illegible] [illegible] તત્ત્વબોધ થવો દુર્લભ છે, એમ સમજીને રાત્રિ–અર્ધરાત્રે સ્મશાનાદિ [illegible] [illegible] ઉપાસના કરીને હું નિર્ભય થયો' એવું [illegible] લખેલું જણાય છે.

અકુશળ વિચારોથી ચિત્તવિક્ષેપ થાય છે. કુશળ વિચાર સુદ્ધાં બહુ [illegible] સ્થૈર્ય બગાડે છે, તેથી ચિત્તનું સ્થૈર્ય ઇચ્છનારા બોધિસત્વે આનાપાન સ્મૃતિ–સમાધિ [illegible]

[illegible] ૫૨૮ [illegible] છે, [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] (કાશ્યપની [illegible]) [illegible]
ઉલ્લેખ છે. એ [illegible]
બુદ્ધનું એક રસપ્રદ વર્ણન [illegible]
આધ્યાત્મિક [illegible] છે. [illegible]
વર્ણન છે. સુત્તનિપાતમાં આ [illegible]
[illegible] નૈરંજરા નદીને કાંઠે [illegible]
ને બોલ્યો: 'તું કૃશ થયો છે, [illegible]
કર, અગ્નિહોત્રાદિ કરીને સ્વર્ગસુખ પ્રાપ્ત કરી લે. [illegible]
માર્ગ દુષ્કર છે.' મેં જવાબ આપ્યો: 'તું [illegible]
પુણ્યની જરૂર નથી. મારામાં શ્રદ્ધા, વીર્ય અને પ્રજ્ઞા છે. [illegible]
કરી શકે ને હું મારું ધ્યેય [illegible] [illegible], [illegible], [illegible],
આળસ, ભીક, શંકા, અભિમાન [illegible]
સામાન્ય મનુષ્ય આગળ [illegible]
નિર્વાણ તરફ જાઉં છું. [illegible]
આગળ જાઉં છું. નિર્વાણમાર્ગનો ઉપદેશ કરતો હું [illegible]
આવક નિર્ભયસ્થાને જઈ પહોંચશે.' આ સાંભળી [illegible]
બુદ્ધની પછવાડે, હું ભટકું છું; પણ મને એક પણ [illegible]
નિરાશ થયેલા કાગડાની પેઠે [illegible] આવ્યો છું.'" આ કથા [illegible] છે, એમાં [illegible]
સંદેહ નથી.

હિંદુસ્તાનના જંગલની વનસ્પતિ અને તેના ગુણદોષવિષેના લેખો કે જેની [illegible] આપણા પ્રખ્યાત 'ગુજરાતી કેસરી' માં શરૂ થઇ હતી, જેનો લાભ સેંકડો ગરીબ[illegible] તેમજ ઘણાક સદ્‌ગૃહસ્થોએ લીધો હતો. ત્યારબાદ કમનસીબે અમોને લેખ બંધ કરવાની પડી હતી. લેખ બંધ કરવાનું કારણ એ હતું કે, ઘણાક માણસો નાહકના કાગળો લખી ઘણીજ તકલીફ આપતા હતા. તેને અનુસરીને અમોએ લેખ આપવાનું મોકુફ રાખ્યું. હાલમાં ઘણા સદ્‌ગૃહસ્થો તરફથી અમને એવી ફરમાસ થઇ છે કે, તમારા વનસ્પતિના લેખો શરૂ કરો; કારણ કે તમારા લેખો વાંચી દુઃખી માણસો લાભ લે અને આપને આશીર્વાદ [illegible]...! અમોએ તેઓનું સુકન રાખી હાલમાં આ લેખક વળી પાછી પોતાની કલમ હાથ[illegible] છે. હવે આજે અરીઠાવિષેનો લેખ શરૂ કરૂં છું. અરીઠા છે તો એક ઝાડની વનસ્પતિ. તેના ગુણો ઘણાજ બળવાન છે. અરીઠાને સંસ્કૃતમાં અરીષ્ટ, ફેનીલા, ગુચ્છફલ અને [illegible] કહેવામાં આવે છે. ગુજરાતીમાં અરીઠા અને હિંદુસ્તાનીમાં રીઠા કહેવામાં આવે છે. [illegible] જાતની દરેકે દરેક વસ્તુઓ ઉપયોગી છે. એનું સેવન કરવાથી ટુંકજ વખતમાં [illegible] [illegible] છે; પણ મને સવાલ એ છે કે, આ વીસમી સદીને અનુસરીને તેમજ કેટલાક [illegible] [illegible] લઇને લોકોને દેશી દવાપરથી મોહ ઓછો થયો છે. અમો હિંમતથી કહીએ છીએ [illegible] ગુણ આવા ઝાડપાલામાં સમાયેલો છે, તેવો ગુણ બીજી રકમ-ચકમપર નથી. [illegible] [illegible] કિંમતી દવાઓ નિષ્ફળ જાય છે, ત્યાં આ એક પાઈની વનસ્પતિ [illegible] [illegible] છે. અરીઠાનાં ઝાડ વીસથી પચીસ ફીટ જેટલાં ઉંચાં થાય છે. તેમાં ઘણી [illegible] [illegible] ચોતરફ ફેલાયલી જોવામાં આવે છે. ફુલ ફિક્કા ધોળા રંગનાં આસો-કારતક [illegible] આવે છે અને ફળ પોષ-મહામાસુધીમાં તૈયાર થાય છે. મૂળનું લાકડું ફિક્કા [illegible] [illegible] હોય છે, પણ કાપ્યા પછી તે પરની છાલ પીળા રંગની થઇ જાય છે. [illegible] [illegible] અને [illegible] કડવાશ લેતો મીઠો તથા ચીકણો લાગે છે. પાનની [illegible] [illegible] [illegible] છે. ફળ કાચાં હોય છે, ત્યારે પીળાશ પડતાં લીલા રંગનાં હોય [illegible] [illegible], ત્યારે તે પરની રંગછાળ ધીમે ધીમે ખરી જાય છે. [illegible]

[illegible]

[illegible] ... તેથી જેમ પાણીને તથા તેનાં બાષ્પમાં આવવે ... પણ એનાં ... કુમળી ... ના ... નાં સાફ ... ના ... માં ... તેથી તેઓને ... અસર થતાં ... ને મારે ... હતો. શરીરે ... હોય અને તે પાકવર આવતા ન હોય તો અરીઠાના ફીણનાં પોતાં મૂકવાથી પાકવર આવી જાય છે. મગજ અસ્થિર થયું હોય, મગજપર ... ની અસર હોય એવાં દર્દોમાં અરીઠાનો ભૂકો સુંઘાડવામાં આવે છે. અરીઠા ગર્ભને પાડી નાખે છે, ... ને મટાડે છે અને અરીઠાના ... નો ગર્ભ પાચનશક્તિ વધારે છે. અરીઠાનું ફીણ રેશમી કપડાં ધોવામાટે સાબુ કરતાં ... વધારે સરસ છે; તેમજ માથાના વાળ, ... ના તથા કપડાં સાફ કરવામાં ખાસ કરીને વપરાય છે.

શિવાજીનો સંદેશો—તેમના આત્માસાથે વાતચીત

('હિંદુસ્થાન'ના તા. ૬-૫-૨૭ના અંકમાંથી)

ગયા રવિવારે મૃત આત્મા સાથે વાત કરવાના કાર્યમાં પ્રવીણ એવા સ્પીરીચ્યુઅલીસ્ટોની એક બેઠક મળી હતી. શિવાજીના વિરાટ સાંવત્સરિક જન્મોત્સવની શરૂઆત થવા પહેલાં એ બેઠકે શિવાજી તરફથી સંદેશો મેળવ્યો હતો. પ્રિન્સેસ સ્ટ્રીટમાં રહેતા ડૉ૦ જેકબ ઈઝાકીએલ, જેઓ એક જ્યુ છે અને રીટાયર્ડ આઇ. એમ. એસ. હોઈ ઉપરી વિદ્યામાં પ્રવીણ છે, તેમણે શિવાજી તરફથી મળેલો સંદેશો કાગળ ઉપર લખી લીધો હતો. સંદેશ દરમિયાન દેખાયું હતું કે, શ્રી શિવાજી હમણાં સત્યલોકમાં છે. ઉપરી સભા તરફથી શ્રી શિવાજીનો નીચે મુજબ સંભળાયેલો સંદેશો પ્રગટ કરવામાં આવે છેઃ—

"દેશની સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. સ્વદેશસેવા કરનારાઓની સંખ્યા ઘટતી જાય છે; અને દંભીઓ દેશને વધુ નુકસાન કરતા જાય છે. હાલની ચળવળો દેશને વધારે ને વધારે ખરાબીમાં જકડતી જાય છે. સંગઠનની ચળવળ હજુ વધુ જોરમાં ચલાવવાની જરૂર છે. આટલું થયા પછીજ બીજાઓ તમને માન આપશે. શુદ્ધિની ચળવળ ચલાવી દેશને એકત્ર કરો, આ કાર્યક્રમ જો થોડાં વર્ષ ચાલશે તો હિંદુસમાજ વધુ બળવાન થશે અને ભવિષ્યમાં જો જરૂર પડશે તો એમ થયા પછીજ સમાજ ટકી રહેશે."

જ્યારે મી૦ જેકબે 'સ્વરાજ્ય ક્યારે મળશે ?' એવો સવાલ પૂછ્યો, ત્યારે શ્રી શિવાજીએ જવાબ આપ્યો કે, "જ્યારે દેશસેવકો સ્વરાજ્ય લેવાને પૂરતા તૈયાર થશે ત્યારે સ્વરાજ્ય મળશે."

આગળ ચાલતાં શ્રી શિવાજીએ કહ્યું કે, "જો શુદ્ધિ અને સંગઠનની ચળવળો ચાલુ હોય તોજ આવા સમારંભો ફતેહમંદ ગણી શકાય. શુદ્ધિ અને સંગઠનમાંજ તમારા બધા સમારંભો આરંભજો. મારા સંદેશને લોકો માને યા ન માને તોપણ તમે તમારું કાર્ય કરજો. આજે એ કરતાં બીજો સંદેશ હું આપતો નથી."

"તમારા જન્મમહોત્સવનો સમારંભ કયા ચોક્કસ દિવસે થવો જોઇએ?" એ સવાલ જ્યારે મેં૦ જેકબે પૂછ્યો ત્યારે શ્રી શિવાજીએ જવાબ આપ્યો કે, "આ દિવસ ખરો હોય યા ખોટો હોય તે વિષે મને કશું લાગતુંવળગતું નથી."

ધર્મને નામે અધર્મ !

'દેવદાસીઓ' તરીકે રહેતી જુવાન બાળાઓની વેશ્યાઓ જેવી દશા—એક કુમારિકાનું બલિદાન—આપઘાત કરતાં તેણે કરેલો એકરાર—શ્રીમતી મુથુલક્ષ્મીની અરજ

('હિંદુસ્થાન' તા. ૨૮–૬–૨૭ ના અંકમાંથી)

દેવદાસીતરીકે દેવને અર્પણ કરવામાં આવેલી, પરંતુ ખરી રીતે જોતાં વેશ્યાનું જીવન ગાળવાને સરજાયેલી લોકોથી મનાતી શંપકાવલી નામની ૧૩ વર્ષની મદ્રાસી કુમારિકાએ આપઘાત કરીને પોતાની જીંદગીનો છેડો આણ્યો છે.

એ છોકરીએ "તામીલ નાડુ" પત્રના અધિપતિ અને જાણીતા પ્રજાકીય આગેવાન ડૉ. વરદરાજાલુ નાયડુપર એક ઘણો દયાજનક પત્ર લખી કલંકિત જીંદગી કરતાં મોતને પોતે શા માટે પસંદ કર્યું, તેનો ચિતાર આપ્યો છે. એ કુમારિકા લખે છે કેઃ—

"મારા ખરાબ કર્મના સંજોગે એક "દાસી" માતાને પેટે હું જન્મી હતી. મારી ૧૦ વર્ષની ઉંમરે તે મરણ પામી. પછી મારી દાદીમા મારાપર બહુ હેત રાખતી. તેણે મને મોટી કરી. રામાયણની વાતો હું બહુ પ્રેમથી સાંભળતી અને દરરોજ પ્રભુને પ્રાર્થના કરતી કે, તે મને રામ જેવો પતિ આપે અને હું સીતા જેવી સુખી થાઉં.

એક દહાડો મારી મોટીમાએ મને પણ "દાસી" થવા કહ્યું, જેથી કરીને હું વેશ્યાના ધંધામાં પડું.

મેં તેની ખરાબ સલાહ માનવાની ના પાડી અને તેને ભલી અને સદ્‌ગુણી થવા કહ્યું.

એ પછી હું ૧૩ વર્ષની થતાં ઉંમરલાયકની થઈ. બીજીવાર પણ તેણે મને દેવને અર્પણ કરવાને જણાવ્યું; કારણ કે હવે હું સ્ત્રી થઇ હતી. થોડા સમયમાં (દેવ સાથે) મારાં લગ્ન કરવાંજ જોઇએ.

સગાંઓનો બળાત્કાર

તે સમયે પણ, મેં તેને ઘણી સમજાવી કે, હું લગ્નની પવિત્ર ક્રિયાથી એક કૂતરા સાથે પણ લગ્ન કરીશ; પરંતુ "દાસી" તરીકે વેશ્યા તો થઇશજ નહિ.

એ પછી, મારાં સગાંઓએ પોતાનું ધાર્યું કરવા, મારાપર બળાત્કાર કર્યો; પણ હું મક્કમ રહી. ૭ દિવસસુધી મને ભૂખે મારવામાં આવી. તેમ કરતાં ૧ મહીનો નીકળી ગયો. મેં આપઘાત કરવાની પણ ધમકી આપી.

દાદીમાનું તરકટ

એક દહાડો એક શ્રીમંત માણસ મારી દાદીમા પાસે આવ્યો અને તેઓ વચ્ચેની લાંબી વાતચીત દરમિયાન, મેં દાદીમાના ફક્ત નીચલા શબ્દો સાંભળ્યાઃ—

"...તે ઉંઘી જાય, પછી તમારે ફાવે તેમ મોજ ઉડાવજો."

આ શબ્દોથી મને સખ્ત આંચકો લાગ્યો. મધરાતસુધી હું જાગતીજ પડી રહી. પછી દાદીમા આવીને જોઇ ગઇ અને મને સૂતેલી ધારીને ચાલી ગઇ.

આબાદ બનાવ્યો !

"તરતજ મેં બેઠી થઇને પથારીમાં ઓશીકાને ઊભું સુવાડ્યું અને તેનાપર મારી સાડી ઓઢાડી!"

હું બહાર જઇને ઉભી અને બારીમાંથી જોવા લાગી.

તરતજ પેલો શ્રીમંત માણસ ઘરમાં દાખલ થયો અને ઓશીકાને જોસથી આલિંગન દીધું !

પુરુષવેષમાં નાઠી

આ પછી હું છુપચુપ મરદનો પોશાક પહેરીને અને રૂ. ૨૦૦, ના દાગીના લઇને ઘરમાંથી નીકળી. પછી હું કલાદીના પવિત્ર તીર્થે ગઈ અને જગદ્‌ગુરુ શંકરાચાર્યની કુંભકોનમ ખાતે [illegible] [illegible] મરવું અગાઉ લખેલા પત્રમાં કુમારી શંપકાવલી લખે છે કેઃ—"હે પ્રભુ ! દેવદાસીઓને બચાવ."

"હું પ્રભુને પ્રાર્થના કરું છું કે, ખાસ મારે જે સહન કરવું પડે છે, તેવા દુઃખમાંથી

જેવી બીજી નિર્દોષ બાળાઓને ઉગાર ! તેઓને પરણેલી જીંદગી ગાળવા દે ! જો કે મેં ઘર છોડી મારી પવિત્રતા જાળવી રાખી છે, છતાં દુનિયાની નિંદાથી બચવા ખાતર, મેં આ જીંદગીનો છેડો લાવવા ઠરાવ કીધો છે."

"મેં ડૉ૦ વરદરાજલુ નાયડુને મારા કેસથી વાકેફ કીધા છે અને તે તેમને પોતાના પત્રમાં આપવાને અરજ કરી છે."

મારો પત્ર વાચકો વાંચશે, તે અગાઉ તો હું આ દુનિયા છોડી બીજી દુનિયામાં ચાલી ગઈ હોઈશ; જેથી કરીને મારા પેદા કરનાર પ્રભુને હું આજીજી કરૂં કે, તે મારી રાંક બહેનોને આવી "દાસી" ની જીંદગીમાંથી બચાવે. મને આશા છે કે, મારા મોતથી મારી દાદીગાને શો મળશે.

લી૦ કુમારી શંપકાવલી "

મદ્રાસની ધારાસભાની જાણીતી બાનુ સભાસદ, શ્રીમતી મુથુલક્ષ્મી આ ભયંકર રિવાજ નાબુદ કરવાની દિલ પીગળાવનારી અપીલ કરતાં 'હિંદુ' માં પત્ર લખી જણાવે છે કેઃ—

"ગઇ તા. ૧૭ મીના "તામીલ નાડુ" પત્રમાં કુમારી શંપકાવલી નામની "દાસી" કન્યા, કે જેણે વેશ્યાતરીકેનું ભયંકર અને ત્રાસદાયક જીવન ગુજારવામાંથી મુક્તિ મેળવવા આપઘાત કર્યો છે, તેનો હૃદયભેદક પત્ર પ્રગટ થયો છે. તે જુવાન અને બીનઅનુભવી હતી અને આપઘાતસિવાય તેને બીજો કોઇ માર્ગ સુઝયો ન હતો.

પોતાના જેવી હાલતમાં આવી પડેલી નિર્દોષ "દાસી" કુમારિકાઓમાટે તેણે સચોટ દિલ પીગળાવનારી અપીલ કરી છે.

આપઘાત કરતાં તેણે એવી ઉમદા અભિલાષા રાખી હતી કે, તેના જેવી છોકરીઓની જે દયાજનક હાલત થાય છે, તે તરફ સમાજનું ધ્યાન ખેંચાય તે માટે કંઇક સચોટ પગલાં ભરવાને પ્રેરણ આપનાર થશે.

તેના સદ્ગુણ, આત્મભોગ અને પવિત્રતાના રક્ષણમાટેની કાળજીએ દુનિયાને બતાવી આપ્યું છે કે, જીંદગી કરતાં પણ પોતાના શિયળને વહાલું ગણનાર સ્ત્રીઓ ધરાવવાનો, હજી આ દુનિયામાં દરેક કોમ દાવો કરી શકે છે. પછી તે કોમ, ગમે તેટલી પછાત કાં ન હોય !

એ રિવાજ નાબુદ કરો !

આ ભયંકર અનીતિને ધર્મની સંમતિ હોવાનો લોકોમાં ભ્રમિત ખ્યાલ પેસી ગયો છે. મંદિરના ટ્રસ્ટીઓ હઠ અને દુરાગ્રહથી તેને પોષી રહ્યા છે. "કોઇમ્બતુર સેનગુણતર મહાજન સંઘ" ની આ રિવાજ નાબુદ કરાવવાની કોશીશ ઉપલા કારણસર નિષ્ફળ ગઇ છે; છતાં હિંદુ કોમે જાગ્રત થઇને પોતાના સમાજમાં પેઠેલી આ ભયંકર બદીને નાબુદ કરવી જોઇએ.

કહેવાતા ધાર્મિક રિવાજના ઓઠા હેઠળ, લાખો નિર્દોષ બાળકીઓને અનીતિના ભયંકર ખાડામાં હોમી દેવામાં આવે છે, જ્યારે ધર્માચાર્યો થઇ બેઠેલાઓ એ ભયંકર "વેશ્યા"-ધંધો મુંગે મોઢે જોયા કરે છે. સ્ત્રીકેળવણી નહિ હોવાથી, હિંદુસમાજ આવા અનર્થો જડમૂળથી દૂર કરવાને તૈયાર થતો નથી, એ શોચનીય છે. સ્ત્રીઓના એક મોટા વર્ગની આવી પતિત દશાથી હિંદુઓની નૈતિક, ધાર્મિક, શારીરિક અને સામાજિક અધમ સ્થિતિ થતી જાય છે. ઘણું ખરી સંસારનું નખોદ વળે છે. આ જુવાન સ્ત્રીઓ પુરુષોનું મન ચલિત કરવા જીંદગીભર મથતી હોવાથી સમાજનો મોટો વંશ નાશ પામે છે.

"દેવદાસીઓ" માં ઘણી ચાંભીલી રહે છે; તેઓ પ્રેમ આપીને કુમળી બાળાઓ ખરીદે છે અને તેઓને "દેવદાસી" બનાવીને અનીતિના જીવનમાં ધકેલે છે. એવી હતભાગી બાળાઓ, હિંદુઓમાં પરણીને ઘરેલું સુખી જીવન નહિ ગાળી શકે ! ઘણું હિંદુસ્તાનમાં આવા ભયંકર અનર્થો હજુ પણ ચલાવી લે છે, તે આશ્ચર્યની વાત છે.

છેવટે શ્રીમતી મુથુલક્ષ્મી, આ રિવાજ નાબુદ કરવાને મુંબઇની ધારાસભા, કાયદો ઘડી "રીલીજીયસ એન્ડોવમેન્ટ્સ બોર્ડ" (હિંદુ ધર્માદા ફંડોને વહીવટ કરનાર) ઉભું કરવાની અત્યંત હીમાયત કરે છે."

આ તે પુરુષવર્ગનાં પરાક્રમ કે ક્રૂર કાળાં કર્મ !!

(લેખિકાઃ-કુમારી જયવતી દેશાઈ-"હિંદુસ્થાન" તા. ૭-૫-૨૭ ના અંકમાંથી)

લગ્નગાળો શરૂ થયો છે. એ વેદીમાં અનેક બાળાઓનાં બલિદાનો લેવાવાં શરૂ થયાં છે. હિંદુસંસારમાં ઠામ ઠામ અજ્ઞાનનાં અંધારાં વ્યાપી ગયાં છે. તેમાં કુરૂઢિઓની અંધભક્તિથી હોળીઓ સળગી રહે છે અને તે ભડભડતી હોળીમાં, જીવદયાના હિમાયતી હિંદુઓ પોતાનાંજ પુત્રપુત્રીઓને હોમી રહ્યા છે !

× × × ×

આ ભડભડતી હોળીઓમાં અપાતાં બલિદાનોનાં થોડાંક ઉદાહરણો જોઇએ.

(૧) વર કે કંન્યા પૂરૂં બોલતાં કે ચાલતાંએ શીખ્યાં ન હોય, તેમને માબાપોની કમરે ચઢાવીને અંધરૂઢિ શ્રદ્ધાની ભડભડતી હોળીમાં લગ્નને નામે હોમવામાં આવે છે !

(૨) બાર વર્ષની બાલિકાને કુળ નામની રાક્ષસિણીની અંધભક્તિને નામે બાસઠ વર્ષના બુઢ્ઢાની પાંચમી પત્નીતરીકે ગોઠવણ કરવા નીકળેલા પોતાની જાતેજ પોતાને અકુલીન માની લેવાની ગુલામી મનોદશાથી પોતાની પુત્રીના હૈયામાં ભડભડતી હોળી સળગાવે છે !

(૩) એજ કુલરાક્ષસિણીની અંધભક્તિથી સાનભાન ભૂલી કઠણ કાળજાનાં બનેલાં હિંદુ માબાપો સોળ વર્ષની પોતાની કુમારિકાને દશ વર્ષના કહેવાતા કુલીન ગભરૂની 'બાયડી' બનાવવાની રાક્ષસી રમતમાં, લગ્ન નામની હોળીમાં પેટના ફરઝંદનું બલિદાન હસતે મુખડે ચઢાવી, "મૂકો છોકરાને આવશે કંઇ છોકરીને ઓછીજ આવવાની છે ?" એવી શબ્દબાણાવળીથી દઝાડેલાને ઉપરથી ડામવાની શૈનાની ક્રૂરતા બતાવે છે !

(૪) ભણીગણી કન્યાને કોઇ અભણ, એદી, વ્યસની કે રોગી વરની સાથે 'હાથેવાળો' મેળવવાને બહાને સળગતા સંસારનો ભોગ બનાવવામાં આવે છે !

(૫) દમડાનાં લાલચુડાં માતાપિતા કે સગાંવહાલાં કાગડાની કોટે દહીથરૂં બાંધી, ઘરની તિજોરી તર કરવામાં કસાઈ કરતાંએ અધર્મ કામ કરી મલકાય છે. કસાઇ બકરાને રહેંસે છે, આ લોકો મનુષ્યજાતિમાં કોમળ ગણાતી સ્ત્રીજાતિની પોતાનીજ પુત્રીને રહેંસે છે. કસાઇ મુએલા પશુના માંસનું વેચાણ કરે છે, આ લોકો જીવતા મનુષ્યના માંસનું વેચાણ કરે છે !

'લગ્ન' નામની આવી હોળીઓ આ મહીનામાં ઠામ ઠામ સળગવી શરૂ થશે. તેની જ્વાળાઓથી હિંદુસંસાર હજીપણ વધુ ને વધુ સળગતો જશે.

અત્યારની લગ્નપ્રથા એટલે રાક્ષસી પ્રથા. પરણનારની સંમતિ લેવામાં ન આવે, તેની ઇચ્છા જાણવામાં ન આવે અને તેમ છતાં નક્કી થયેલા સાટાને જીવનભર વફાદારીથી વળગી રહેજો એવો 'મારશલ-લૉ' નો પડકાર કરવામાં આવે તેનું નામ 'લગ્ન!' આવી રાક્ષસી રમતોને 'લગ્ન' નામ આપવું, તે 'લગ્ન' ની પુણ્યમય અને પવિત્ર ભાવનાઓને કલંકિત કરવા જેવું છે.

× × × ×

આવાં લગ્નથી હિંદુ 'વરવહુ' ઘરસંસાર ચલાવે છે, પ્રજોત્પત્તિ કરે છે; પણ તેથી સંસારમાં સ્વર્ગ ઉતરતું નથી. સમાજ સશક્ત, ઉજ્જવલ અને આહ્લાદક બનતો નથી. નિર્માલ્ય રૂઢિઓ બલવત્તર બનતી જાય છે, દેશ વધારે ને વધારે પરતંત્ર થતો જાય છે ! આવાં લગ્ન એટલે બંધન, પડતી નીસરણી !

× × × ×

આ નીસરણીથી અધઃપતનને માર્ગે ઉછરતી ચૌદ, પંદર અને સોળ વર્ષની બાળાઓને પેટે પાકતી નિર્માલ્ય પ્રજા નથી તો તેના માતાપિતાને મદદ કરતી, નથી તો તેની જ્ઞાતિ, ગામ કે દેશને મદદ કરતી, પણ ખુદ પોતાની જાતને પણ તે મદદ કરી શકતી નથી. હતભાગી ભારતની પરતંત્રતા અને પડતીનું મોટામાં મોટું કારણ એજ છે.

× × × ×

જ્યાં આવી પ્રજા પાકે ત્યાં જગજ્જનનીઓને માટે જેલખાનાં અને ગુલામી બનો તૈયાર થાય, માતૃપદની ઠામ ઠામ અવગણના થાય, સ્વયંશક્તિ અને દેવીઓને અબળા, બેગમ એવાં અપમાનજનક વિશેષણો લગાડવામાં આવે. અરે એટલુંજ નહિ પણ
માતા રક્ષતિ કૌમારે, ભર્તા રક્ષતિ યૌવને। પુત્રા રક્ષતિ વાર્ધક્યે, ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ॥
જેવા શ્લોકો રચાય અને પોતાનીજ માતાઓની સ્વતંત્રતા હરી લઈ, પ્રજા જાતે સ્વતંત્રતા ગુમાવી બેસે ! આવી રીતે પતન પામેલી પ્રજાની ઉન્નતિમાટેનો સાચો માર્ગ ભૂલ્યા ત્યાંથી ફરીથી લેવું તે છે. સમાજના ઓ સુધારકો અને નેતાઓ ! સાવધાન થાઓ અને આ લગ્નમહીનામાં બનની ભડભડ હોળીઓ અટકાવી 'પરણવું' એ તો પ્રભુતામાં પગલાં માંડવાં' 'લગ્ન એટલે સ્વર્ગનું સોપાન' એ વ્યાખ્યાઓ સાચી પાડી બતાવવા મથો.

× × × ×

જૂની પુરાણી થઇ ગયેલી રૂઢિઓને આંધળી રીતે અનુસરતા જતાં પ્રજા મુડદાલ અને અચેતન બની જાય છે. જે સમયે જે કારણસર રૂઢિ યોજવામાં આવી હોય તે સમય અને કારણ બન્નેનો નાશ થઇ જવા છતાં રૂઢિઓના ભૂતને પકડી રાખનાર પ્રજા જાતે ભૂત જેવી બની જાય છે. રૂઢિભક્ત પ્રજા અને ઘેટાંના ટોળામાં ફરક રહેતો નથી. 'ચાલ્યું' આવે છે, માટે તેને ચલાવ્યા કરવું' એજ એ મુડદાલ પ્રજાનું જીવનસૂત્ર બને છે. એ વહેમભરી રૂઢિઓના ડરથીજ પછી તો તે પ્રજા નીતિ અને ધર્મનું પણ પાલન કરે છે. પરિણામે પ્રજાનું પતન થાય છે. રૂઢિની ગુલામી એજ તે પ્રજાનું લક્ષ્ય બને છે.

× × × ×

સ્ત્રીઓને પડદા પાછળ ગોંધી રાખવાની પ્રથા એ જાતની રૂઢિની ગુલામીનું સુસ્મૃતિચિહ્ન છે. તુર્કસ્તાન સ્વતંત્ર થયું ને એ ગુલામીને તોડી ફોડી નાખી. ઇજીપ્તમાં ચેતન આવ્યું અને સ્ત્રીઓના મુખ ઉપરથી પરતંત્રતાના, ગુલામીના, અપમાનના પડદા હટવા લાગ્યા ! પણ અચેતન હિંદમાં તો હિંદુ અને મુસલમાનોમાં પડદાનાં પ્રાબલ્ય હજી જેમનાં તેમ કાયમ છે.

× × × ×

એ પડદા સ્ત્રીઓમાટે અપમાનની પરાકાષ્ઠા છે. પડદા પાછળ રહેવાથીજ સ્ત્રીજાતિ પવિત્ર રહી શકે એવી ક્રૂર કલ્પનાનું એ મૂર્તિમંત સ્વરૂપ સ્ત્રીજાતિને હીણપત લગાડનાર છે; અને શું સ્ત્રીઓ એ અપમાનને—એ હીણપતને પસંદ કરે છે ? કદી નહિ. નવા યુગની સ્વતંત્રતાને ચહાનારી સ્ત્રી કદી પણ એ માનભંગ દશાને લઈ ચલાવવા તૈયાર નથીજ.

× × × ×

એનું ઉદાહરણ બંગાળની સ્ત્રીકેળવણી પરિષદમાંનું મીસીસ આર. એમ. હુસેનના ભાષણનો ઉતાર પૂરું પાડે છે. એ બહેન સામાન્ય બાઇ નથી. મોળ સોળ વરસથી તો એ સખાવત સ્મારક શાળા ચલાવી રહેલ છે. નથી તો એ ઉછાંછળાં કે નથી તો વગરવિચારે એક અક્ષર પણ બોલનાર એ બહેન દરદભરી ચીસ પાડતાં કહે છે:—

"પડદાની રૂઢિને જીવલેણ કારબોનીક ઍસીડ ગેસની સાથે સરખાવવી જોઇએ. જો તે ગેસની સામે સાવચેતીના ઉપાય લેવામાં ન આવે તો તેનાથી દુઃખવિનાનું મરણ થાય છે. તેજ રીતે પડદા પાછળ અમારી બહેનોનું, એ પડદાને લીધે ઉત્પન્ન થતા પ્રાણઘાતક વાયુને લીધે દુઃખ વિના ધીરે ધીરે મરણ થાય છે—અર્થાત્ ધીરે ધીરે મરણ લાવનાર વિષ અથવા તો ગેસના જેવીજ પરદાની અસર બેવડીમ નજરે થાય છે."

× × × ×

પરંતુ મનુષ્યજાતની નજરે એના આત્મા ઉપર જે ભયંકર અસર થાય છે, તેની તો ગીનતી નથી ! કુદરતે મનુષ્યને સરજીને ખુલ્લા હવાઅજવાળાની તેને ભેટ કરી ! પણ મનુષ્યે પોતાની સ્ત્રીજાતિને માટે પડદો સરજીને એ નૈસર્ગિક ભેટ ઉપર લૂંટ ચલાવી ! એવી સ્ત્રીજાતિના અપમાન કેવી રીતે સહનનજ થાય છે !

× × × ×

મીસીસ હુસેન એવી ફરીઆદ કરે છે કે, "હિંદમાં મા બહેનોની ફરીઆદ સાંભળનાર કોણ

નથી. ગાંધીજીએ અંત્યજો અને ત્રીજા વર્ગના રીબાતા મુસાફરોની રાડ સાંભળી, જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા માટે પણ ઘણી સંસ્થાઓ સ્થપાયેલી છે, એકાદ કૂતરા ઉપર ગાડી ફરી વળે તો એંગ્લો ઇંડિયન પત્રકારો ભારે હોહા મચાવી મૂકતા જણાય છે; પરંતુ ઝનાનામાં પૂરી મૂકવામાં આવેલી અમારા જેવી દુર્ભાગી સ્ત્રીઓની દયા ખાનાર સમસ્ત હિંદમાં એકે વીરલો પુરુષ જણાતો નથી.''

× × × ×

એ બ્હેન હૈયાની વરાળ કાઢતાં કહે છે કે, સ્ત્રી અને પુરુષ એ સમાજનાં બે અંગ છે; છતાં કેટલાય વખતથી પુરુષો અમો સ્ત્રીજાતિને છેતરી રહ્યા છે અને અમે એ બધું મુંગે મોઢે સહન કરી રહ્યા છીએ. એટલે જૂના જમાનાથી પુરુષજાતિ આમ સ્ત્રીજાતિ ઉપર વિજય મેળવવાને મગરૂર રહી છે!'' પરંતુ એમનો આ વિજય પક્ષીની પાંખો કાપી તેને ઉડવા કહેવું અને તે ઉડી ન શકે એમાં પોતાનો વિજય માનવો તેના જેવો છે. સહૃદય બંધુઓએ આ વાત વિચારવા જેવી છે.

× × × ×

સ્ત્રી અને પુરુષની બેલડી સંસાર-રથનાં બે ચક્ર છે. એમાંના એક ચક્રે મોટરનું ટાયરવાળું પૈડું જોડ્યું હશે અને બીજા ચક્રે જૂનામાં જૂના સમયના ગાડાનું પૈડું જોડ્યું હશે તો કદી પણ એ રથ ચાલી શકવાનો નથી. હિંદનો સંસાર-રથ અત્યારે ખોળંભે પડયો છે, તેનું મૂળકારણ આજ છે; પરંતુ વર્ષોના વિજયથી મસ્ત બનેલા મરદોને આપણે જ્યાંસુધી બરાબર શુદ્ધિ ઉપર લાવીશું નહિ, ત્યાંસુધી તેઓ આપણા હક્ક સ્વીકારવા તૈયાર થવાના નથી. હક્ક અને અધિકાર ભીખ માગવાથી કદી પણ મળ્યા જાણ્યા નથી. બહેનો! ઉઠો અને જ્યાંસુધી લક્ષ્યસિદ્ધિએ ન પહોંચો ત્યાંસુધી લગારે જંપો નહિ.

"ચન્દા"

(લેખકઃ-રામનાથ શર્મા "કમલેશ" 'વિશ્વમિત્ર' ના તા-૨૮-૬-૨૭ ના અંકમાંથી)

નૌકરી તિજારત કૃષી કે કર્મ કરિ દેખા, સારે રોજગારન કા ભાવ હુઆ મન્દા હૈ;
યાતે છોડિ કામ સારે ત્યાગિ કે આરામ બસ, સેવક સમાજ દેશ કા કહાયા બન્દા હૈ.
સેવા મેં લગા હૈ દેશપ્રેમ મેં પગા હૈ, જાતિ-ધર્મ મેં રંગા હૈ ખૂબ દૂસરા ન ધન્ધા હૈ;
ઔર કછુ ચાહતા નહીં કસમ ખુદા કી યાર! "કમલેશ" માંગતા ફકત એક ચન્દા હૈ.

ગારત ભારત કી આરત

(લેખકઃ-નારાયણદાસ ચતુર્વેદી, વિન્ધ્યક્ષેત્ર-'વિશ્વમિત્ર' ના તા-૨૮-૬-૨૫ ના અંકમાંથી)

અફસોસ! કિસી વક્ત થા ગુલઝાર યે ભારત, અબ રોના નજર આ રહા જો, યાર એ ભારત.
અર્જુન વ ભીમ, કર્ણ, દ્રોણ, ભીષ્મપિતામહ, અભિમન્યુ સે વીરોં કા થા ભંડાર યે ભારત. ૧
યે ધર્મરાજ સે યહાં ધર્માત્મા મહીપ, ભગવાન કૃષ્ણ કા થા પ્રાણાધાર યે ભારત. ૨
નીતિજ્ઞ રામચંદ્ર સે સીતા સી પતિવ્રતા, ભાઇ ભરત સે પ્રેમ કા આગાર યે ભારત. ૩
આતે થે સીખનેકો ગૈર મુલ્કસે યાં લોગ, સબ ઇલ્મો હુનર કા રહા ચટસાર યે ભારત. ૪
પરવા ન કિસીકી ભી કમી રખતા થા જરા, હર એક બસ્તુ કા થા ભંડાર યે ભારત. ૫
સબ દેશોં કા શિરતાજ થા કુછ થી કભી નહીં, યોં થા કભી બના ન ખાકસાર યે ભારત. ૬
હે કૃષ્ણ કર્મવીર કહાં હો બત આ તો-કબતક સહેગા ગૈરોં કી ફટકાર યે ભારત. ૭
અબ કરકે કૃપા આઓ ફિર એક બાર 'નરાયણ', કબસે તુમ્હારી કરતા ઇન્તજાર યે ભારત. ૮

કેળવણીકારોને એક ખાસ મહત્ત્વની સૂચના

('ફૂલછાબ'ના [illegible]ના અંકમાંથી સાભાર ઉદ્ધૃત)

[illegible] શિવદાસભાઈ ! તમને બારોટના અભિનંદન છે. તમારી [illegible] [illegible] અભિનંદિત છે. તમારી [illegible] [illegible] કરે છે, તમે [illegible] છો, તમે [illegible] [illegible] રીતે [illegible] છો. એવાં કામ કરનાર [illegible] [illegible] બારોટ [illegible] છે.

× × × ×

ભાઈ શિવદાસભાઈ ! મુંબઈમાં મળેલા ડાયરામાં તમે હાજર હતા કે ! જો હાજર હો તો [illegible]ની મહેફીલ આગળ એક ભાઈએ સૂચના કરી હતી, એ સૂચના બારોટ તમારી આગળ મૂકે છે. એ સૂચના હિંદુત્વ ટકાવનારી ઉમદા સૂચના છે. તમે તો હિંદુત્વ ટકાવી રાખવા માટે [illegible] કમર બાંધી છે, એટલે એ સૂચના જરૂર ઝીલશો, ઝીલીને અમલી બનાવશો.

× × × ×

સૂચના એવી છે કે, જે ચારણોએ મુંબઈમાં ડાયરો જમાવ્યો હોય એવા ચારણોની એક સંસ્થા સ્થાપવી. એવા ચારણોને એમાં પગારદારતરીકે રાખવા અને એ ચારણોનો સંઘ ગામડે ગામડે ફરે, ગામડે ગામડે ડાયરા જમાવી એમાં રામાયણ અને મહાભારતની વીરરસની કથાઓ કહે. [illegible] તો ખરા, તમે જે વીરરસને માટે આંખ લાલ કરો છો એવો વીરરસ સર્જ શકે [illegible] અને સૌની આંખ તમારા જેવી મર્દાનગીભરી લાલ થઈ જાય. અખતરો છે કરવા જેવો હો !

× × × ×

બારોટ તો માને છે કે એ માત્ર અખતરો નથી, પણ એક ખરી બીના છે. જો આવા ચારણોને રોકવામાં આવ્યા હોય તો જે હિંદુત્વ સાચવવા માટે આજે હિંદે ભગીરથ પ્રયત્ન આદર્યો છે એ કાર્યનાં ખૂબ સંગીન પરિણામ આવે. દશ વક્તાઓનાં શૂરવીરતાવિષે ભાષણો કરતાં એને બદલે કવિ મેઘાણંદ જેવો એક ગઢવી જો મહાભારત અને રામાયણની શૂરવીરતાનો પ્રસંગ કહે તો લોકોને ઉભા કરી દે, એમાં બારોટને જરાય શંકા લાગતી નથી. ભાષણો કરતાં જનવર્ગ ઉપર વાર્તાઓ સારી અસર કરી શકે છે. શિવદાસભાઈ ! આ કામ (જરૂર) કરવા જેવું છે.

× × × ×

જો વિધવાઓમાટે શિવદાસભાઈના એક મિત્ર હજારો રૂપિયા આપવાને તૈયાર હોય તો હિંદવા સતી વીરતામાટે તો જરૂર હજારો રૂપિયા શિવદાસભાઈના મિત્રો આપેજ. ત્રણ ચારણોને પગારદારતરીકે રોકવા જેટલું ફંડ શિવદાસભાઈને કરવું, એ એક ચપટી વગાડે તેટલામાં થઇ જાય, એમ બારોટને લાગે છે.

× × × ×

બારોટ તો ઘણુંય ગામડાંમાં ફરે છે અને ગામડાંઓને ગોંદરે પ્રાતઃકાળે જ્યારે છાણના સુંડલા લઇને ઉભેલી કન્યાઓને જુએ છે, ત્યારે એને આ યુગના જુવાનીઆઓ યાદ આવે છે. શકુંતલા અને શીરીનની કલ્પનામાં ઉડતા યુવાનની ભવિષ્યની અર્ધાંગના છાણના સુંડલા ભરવા જ્યાં ત્યાં દોડે છે, એ વિચારજ તમને કડવો લાગતો નથી ? સંસ્કારશૂન્ય્યા કંઇક જુવાનોની જીંદગી બગડે એમાં બારોટને કંઈ નવાઇ લાગતી નથી.

× × × ×

તંદુરસ્તી હોય પણ સંસ્કાર ન હોય, શરીર ગોરું હોય પણ અક્કલનો છાંટો ન હોય, કાયા ખૂબ મજબૂત હોય પણ હૈયું કાચું હોય એવી છોકરીઓને પરણી બેઠેલી શકુંતલા અને શીરીનની કલ્પનાવાળો જુવાન મોંએ પોક મૂકીને રૂએ તો એમાં જરાય આશ્ચર્ય પામવા જેવું નથી !

× × × ×

ધનાઢયો આ કન્યાઓને સંસ્કાર આપવા પોતે એ કન્યકાઓના પિતા બને તો કેટલું બધું પુણ્ય હાંસલ થાય ! એ કન્યકાઓની તંદુરસ્તી જળવાઇ રહે, એ કન્યકાઓની શરીરની કાંતિ કાયમ રહે પણ સાથે સાથે થોડું શિક્ષણ એ કન્યકાઓને મળે એ ઉદ્દેશથી ઠામઠામ કન્યા-

[illegible] પુરી મૂકવાની જરૂર છે.

× × ×

આવી રીતે તો મહાજને આ વાત ઉપાડી લેવી જોઈએ. મહાજન એટલે [illegible] એટલો જ અર્થ થતો હોય તો એ વાત તદ્દન ખોટી છે. મહાજને [illegible] સર્વ સાધનો તૈયાર કરી આપવાં જોઈએ. નાતિ કેમ ઊજળી [illegible] વિચાર, એની યોજનાઓ અને એનો અમલી કાર્યક્રમ યોજવો એ મહાજનનું કામ છે. [illegible] મહાજનો કન્યાકેળવણીનો પ્રશ્ન હાથ પર એવું કેમ નહિ [illegible]

× × ×

[illegible] એવા પણ પડ્યા છે કે જેઓ છોકરીઓને ભણાવવી એટલે એમાં એક [illegible] માને છે. ભણેલી છોકરીઓ ઘરને ખૂણા કાગળો લખે, ભણેલી [illegible] આવી આવી દલીલ કરનારાઓનો દેશમાં તોટો નથી; પણ [illegible], નાતિને અને સમાજને તારી શકે છે. ભણતર એટલે [illegible] ન સમજવું. ભણતર એટલે સંસ્કાર પ્રાપ્ત કરવા. [illegible] પ્રથમ દાખલ કરે તો જરૂર [illegible] દીકરીઓના [illegible]

× × ×

[illegible]

[illegible]

અદ્ભુત ભી હૈં હરિ હી કે દુલારે

[illegible]

સ્વામી વિવેકાનંદની ૨૫ મી સંવત્સરી

દેહ કર્મમાં પણ દેશને સંભારે ગાનાર સંત–
વિશ્વવ્યાપક સંસ્કૃતિના ઉપદેશક–
એમનાં કેટલાંક જીવનમાં

(લેખક–નૈયબઅલી–'હિંદુસ્તાન' ૫–૭–૨૭ ના અંકમાંથી)

ઘણાને ખબર પણ નહિ હશે કે આજથી બરાબર ૨૫ વર્ષ પહેલાં આજે હિંદુધર્મ અને રાષ્ટ્રનો કીર્તિધ્વજ યુરોપ–અમેરિકા સુધી ફરકાવનાર અને ઉપનિષદના અપૂર્વ તત્ત્વજ્ઞાનના મહિમાને ઊંચી કરાવનાર વીર વિવેકાનંદ સ્વર્ગે સિધાવ્યા હતા. સ્વામી વિવેકાનંદ આજન્મ બ્રહ્મચારી સંન્યાસી હતા; પરંતુ તેઓ આજના સાધુ સંન્યાસીઓ કરતાં જુદી જાતના સંન્યાસી હતા. તેઓ વિશ્વવ્યાપક સંસ્કૃતિના સ્થાપક અને ઉપદેશક હતા. ધર્મના ઉપદેશદ્વારા તેમણે હિંદીઓના બુઝાઇ ગયેલા રાષ્ટ્રપ્રેમના અગ્નિને નવી આહુતિઓ આપીને સળગાવ્યો અને આજે રાષ્ટ્રદેવનો જે જ્વલંત ભાવનાઓ હિંદમાં જાગી છે, તેમાં સ્વામી વિવેકાનંદનો હિસ્સો પણ જેવો તેવો નથી.* જ્યારે હિંદની સ્વતંત્રતાનો ઇતિહાસ આલેખાશે, ત્યારે સ્વામી વિવેકાનંદનું તેમાં આગવું સ્થાન રહેશે.

અત્યારે હિંદમાં ચારે તરફથી જાગૃતિનું મોજું ફરી વળેલું છે, એટલે સ્વામી વિવેકાનંદના કાર્યની કલ્પના કોઈ સમજી શકે નહિ; પરંતુ તેમના કાર્યની મહત્તા સમજવાને તેમના કાર્યમાં ડોકિયાં કરવાં જોઇએ. સ્વામી વિવેકાનંદના સમયનું હિંદ એટલે વિનંતિઓનો સમય અને એક રીતે કહીએ તો તે હિંદની રાષ્ટ્રીય ચળવળ પહેલાંનો કાળ. રાજદ્વારી આગેવાનો આપણી રાષ્ટ્રીય ચળવળની શરૂઆત બંગભંગના વખતથી આંકે છે; અને તે સમય ઇ. સ. ૧૯૦૫ ની સાલથી શરૂ થાય છે; જ્યારે સ્વામી વિવેકાનંદ ૧૯૦૨ માં જુલાઇની ચોથી તારીખે સ્વર્ગવાસી થયા, એટલે તેમના જીવનકાળમાં તો હિંદમાં રાષ્ટ્રીય જાગૃતિ જેવું કાંઇજ નહોતું. પ્રજા સંકુચિત ધાર્મિક ભાવનામાં ડૂબેલી હતી. કેળવણીનો પ્રચાર જુજબાજ હતો. બ્રીટીશ સરકારના રાજતંત્રને સોનેરી યુગની ઉપમા આપના અને તે અમર અમર તપે એવી અનેક શુભાશિષો ઉચ્ચારાતી. સ્વરાજ્યની ચળવળનું તો જરાયે નામ–નિશાન હતું નહિ. રાષ્ટ્રીય કોંગ્રેસનો જન્મ થયો હતો ખરો, પરંતુ તેની બેઠકો એટલે કોઇ શાળા કે કૉલેજની ડીબેટીંગ સોસાયટી. તેમાં જે ભાષણો અને ઠરાવો થતા તે માત્ર પાર્લામેંટને વિનતિનરીકે હતા, જે કાંઇપણ ચળવળ ચાલતી હતી તે સામાજિક સુધારાની ચળવળ હતી.

તેવા નરમ અને ઠંડા વાતાવરણમાં સ્વામી વિવેકાનંદને પ્રખર રાષ્ટ્રવાદના મંત્રો હિંદીઓના કાનમાં ફૂંકવાના હતા. વળી તે સ્વામી હોવાથી તેમની ગણના પણ તે વખતે બહુ થતી નહોતી; પણ તે વખતે એક બનાવ બન્યો, જેણે સ્વામી વિવેકાનંદની શક્તિઓનો પરચો બતાવ્યો અને ત્યારથીજ સ્વામી વિવેકાનંદની જ્વલંત દેશભક્તિ અને માતૃપ્રેમની ધગશ જોઇને હિંદીઓ અંજાયા. ઇ. સ. ૧૯૦૦ કે તેની આસપાસ શીકાગોમાં દુનિયાના સર્વ ધર્મોની પરિષદ્ ભરવામાં આવી હતી. ત્યાં દરેક દેશમાંથી ધર્મના પ્રતિનિધિઓને બોલાવવામાં આવેલા. હિંદ તરફથી શ્રી મઝમુદાર અને બીજા આગેવાન ગયેલા. સ્વામી વિવેકાનંદને પ્રતિનિધિનરીકે આમંત્રણ નહોતું મળ્યું; પરંતુ તેનો પ્રભાવશાળી આત્મા એ પરિષદમાં જઇને હિંદની ઝળકતી સંસ્કૃતિનો સંદેશ જગતને સુણાવવા તલસતો હતો; પરંતુ અમેરિકા શી રીતે જવું અને જાય તોપણ કોની સીફારસથી શીકાગો પરિષદમાં દાખલ થવું, એ બધી પારાવાર મુશ્કેલીઓ વિવેકાનંદના માર્ગમાં ખડકની માફક ઉભી હતી; પરંતુ દેહ અને આત્માનાં બલિદાન આપનાર તપસ્વીઓને કયું કાર્ય અસાધ્ય હોય છે? સ્વામી

* અરે! આવું તે શામાટે લખ્યું હશે? આખા જગતભરનું મહાનપણું હોઇયાં કરવા ઇચ્છનાર હાલના કોઈ મહાન દેશભક્ત કે જે આવા આવા સંતોની પણ નિંદામાં મઝા માણે છે, તેમના જીવ તો આ તું તેનું વાંચીને બસ બળીને કોયલા જેવાજ બની જવાના! કેમકે પોતે કોના પાવા ઉપર ઉભો છે તેનું તો ભાઇને ભાન પણ નહિ! પ્રભુ એવાઓ પર દયા કરે એજ યાચના.

ભિક્ષુ–અખંડાનંદ

વિવેકાનંદ એ બધી મુશ્કેલીઓને વટાવીને અમેરિકા ગયા અને શીકાગો પરિષદ્‌માં સ્થાન મેળવી શક્યા. તેઓ આ બધી મુશ્કેલીઓમાં કેમ તરી ગયા અને તેમાં તેમને કેટલાં અને અગવડો વેઠવી પડી, એ ઇતિહાસ ઘણો રમુજી છતાં તે અસ્થાને હોઈ અત્રે તેનો કરવામાં આવતો નથી. એટલુંજ કહેવું બસ થશે કે, તેમણે શીકાગોની પરિષદ્‌માં હિંદુ બોલવાને ત્રણ મીનીટનો સમય મેળવ્યો; પરંતુ તેમની વક્તૃત્વકળાની અજબ શૈલીથી તેમના જ્ઞાનભંડારથી તેમણે પશ્ચિમનાં લોકોને એવો તો મોહપાશ નાખ્યો કે ત્રણ મીનીટને ત્રણ કલાક ભાષણ કર્યું અને પરિષદ્‌ના દિવસો પછી ભાષણોની પરંપરાથી અમેરિકાને તેમણે કર્યું. આજે અમેરિકા અને યૂરોપમાં તેમના અનેક અનુયાયીઓ છે. વિવેકાનંદની આ તેમણે હિંદનું ગૌરવ વધાર્યું અને ત્યારપછીજ હિંદમાટે પશ્ચિમના દેશોને નવીન માન નવીન ગૌરવની ભાવના જાગી.

પરંતુ સ્વામી વિવેકાનંદનો હેતુ હિંદની ગૌરવતા વધારીને બેસી રહેવાનો નહોતો. તેમને નવીન સંસ્કૃતિની સ્થાપના કરવી હતી અને સાથે સાથે હિંદીઓના સૂતેલા રાષ્ટ્રવાદને જગાડવો હતો; એટલે તેમણે હિંદમાં પણ ભાષણો, લેખો અને પુસ્તકોદ્વારા ઉપદેશ આપવા માંડ્યો; જો કે તેમનો આશય રાજકીય જાગ્રતિનો નહોતો–કારણ કે તે વખતે રાજકીય ચળવળ જેવું નહોતું–છતાં દેશાભિમાન જાગ્રત કરવાને તેમણે અનેક ઉપદેશો કર્યા છે. હિંદીઓને તેમનો સંદેશો એ હતો કે, "**उत्तिष्ठत जाग्रत प्राप्यवरान्निबोधत**" આ એકજ મંત્રમાં તેમની દેશાભિમાનની લાગણી સ્પષ્ટ થાય છે. હિંદની જાગ્રતિમાટે તેમણે એક સ્થળે ઉપદેશ આપતાં જણાવ્યું છે કે, "**જ્યારે હિંદનાં અનેક સ્ત્રીપુરુષો સર્વ ઇચ્છાઓ અને વૈભવોને છોડીને તેમના દુઃખી થતા લાખો દેશબંધુઓની સેવા કરવાને જીવન સમર્પણ કરશે ત્યારે હિંદ જાગ્રત થશે.** આવતાં પચાસ વર્ષસુધી આપણે એકજ મંત્રની ધૂન મચાવવી પડશે કે, "ભારત હમારા દેશ હૈ!" તે સમય દરમ્યાન બીજા દેવ–દેવીઓને તમારા મગજમાંથી વિસારી દો. "ભારત" એજ આપણી પ્રજાનો મહાન પ્રભુ છે. ભારતના વિરાટ સ્વરૂપને મૂકીને બીજા મિથ્યા અને નકામા દેવોની આરાધના કરવા ભારતવાસીઓ શામાટે જાય છે? **હિંદીઓ ભારતની પૂજા કરી શકશે, ત્યારેજ બીજા દેવોની પૂજા કરવાને તેઓ લાયક થશે;** માટે હિંદના સંતાન! તું શૂરવીર બન! તું હિંદી છે, તે માટે અભિમાન ધર અને દુનિયાને અભિમાનથી જાહેર કર કે, હું હિંદી છું. દરેક હિંદી મારો ભાઈ છે; પછી તે અભણ હો, ભીખારી હો, બ્રાહ્મણ હો કે ભંગી હો; છતાં દરેક મારો ભાઇ છે. એ ભાવના કેળવ અને તેનો પ્રચાર કર; તથા **દેશને ખાતર** એક લંગોટી **પહેરીને ભારતને અને જગતને એવો સંદેશો સુણાવ કે હિંદી મારો ભાઇ છે, તે મારો પ્રાણ છે, ભારત મારું સ્વર્ગ છે, ભારતની ભૂમિ મને પ્રાણથી પણ પ્રિય છે અને ભારતના શ્રેયમાંજ મારું શ્રેય સમાયું છે.**"

આ મહામંત્રો આજે ૨૫ વર્ષ પછી પણ કેટલા સત્ય અને ઉપયોગી છે! દેશાભિમાન અને માતૃપ્રેમ તેમના વાક્યે વાક્યે નીતરી રહ્યો છે; અને આજે જ્યારે હિંદુ અને મુસલમાનો કોમીવાદના ઝનુનથી એકબીજાનાં ગળાં કાપી રહ્યા છે તથા રાષ્ટ્રીય ભાવનાને કલંક લગાડી રહ્યા છે, ત્યારે બધાજ ધર્મોને અને દેવોને છોડીને ભારતનેજ પરમ પ્રભુ ગણીને તેની આરાધના કરવાનો અને દરેક જણે હિંદનાજ સંતાન હોવાની ભાવના કેળવવાનો સ્વામી વિવેકાનંદનો આ ઉપદેશ પોતાના જીવનમાં ઉતારવો કેટલો જરૂરી છે? આજે જો દરેક **હિંદી સ્વામી વિવેકાનંદે** દર્શાવેલા ઉપદેશનું પ્રખર વ્રત લઇને ભારતની સેવા કરવાને બહાર પડે તો સ્વરાજ્ય અશક્ય કેમ બને? વંદન હો એ ભારતની મહાન વિભૂતિને કે જેણે ભારતનું ગૌરવ જગતમાં વધાર્યું છે.

મહારાની દુર્ગાવતી કા પ્રોત્સાહન

(રામવચન દ્વિવેદી 'અરવિન્દ'—" હિંદુપંચ " ના એક અંકમાંથી)

ગઢામણ્ડલા થા ક્ષત્રિય કા, સુખદ મનોરમ રાજ્ય વિશાલ;
સભી ભાંતિ સંતુષ્ટ પ્રજા થી, લોગ સભી થે માલામાલ.
અકબર કી સેના ને જાકર, તહસ-નહસ કર દિયા તમામ;
તબ રાની બોલી વાચકવર! વીરોચિત યહ વચન લલામ. ૧

"માતૃભૂમિપર સંકટ અબ હૈ, પડા અહો ક્ષત્રિય-સંતાન!
અસ્ત્ર-શસ્ત્ર સે સજ્જિત હોકર, ઉઠો યુદ્ધ-હિત કરો પ્રયાન.
કાયરતા કી બાતેં છોડો, છોડો વનિતાઓં સી બાન;
દિખલા દો અરિગણ કો વીરો! અપના ગૌરવ, અપની શાન. ૨

" યાદ કરો ચાણક્ય-વીરતા, નાશ કિયા જો નંદ વિરાટ;
પરશુરામ કા વહ કુઠાર જો, ધરા પાટ દી ક્ષત્રિય કાટ.
ચક્રવ્યૂહ કે બીચ યુવકવર, અર્જુનસુત કા સુભાગ વિહાર;
ભીષ્મ પિતામહ કી કઠોરતા, ઔર ભીમ કા ગદા-પ્રહાર. ૩

"આઓ રણ-કંકણ તુમ બાંધો, ચલો યુદ્ધ કા ધરકર સાજ;
અગર નહીં ચૂડી ખનકાઓ, પહનો સબ સાડી તુમ આજ.
બેટી-બહન હરી જાતી હૈં, આતી નહીં જરા ભી લાજ;
હૃદય-હીન ઐસે હિંદુપર, હે ઈશ્વર! ગિર જાવે ગાજ. ૪

" ધાયેં-ધાયેં બંદૂક-નાદ હો, છપ-છપ શબ્દ કરે તલવાર;
તનમેં જા કટાર 'ગપ' બોલે, તેગા—ભાલે કા હો વાર.
બાજા બજે જુઝાઊ રણ મેં, હોવે સુખદ શંખ કા નાદ;
લગેં યુદ્ધ મેં યોદ્ધાગણ અબ, 'માઁ દુર્ગે' કા કર જય-વાદ. ૫

"હૈ સબકી રગ-રગ મેં અબ ભી, ખૌલ રહા ક્ષત્રિયકા ખૂન;
દશોં-દિશાઓં મેં વીરો! હૈ, ગૂંજ રહી રણભેરી-ધુન.
કાયરતા કો દૂર ભગાઓ, સ્વાભિમાન કી છેડો તાન;
સાહસ અબ અપને મેં લાઓ, કરો ઓજમય હૃદય મહાન. ૬

"દેશ ધર્મ કી વેદીપર બલિદાન ચઢાઓ અપના શીશ;
કર્મવીર 'અરવિંદ' બનો અબ માના કી તુમ હર લો ટીસ.
દહલ ઉઠે દિલ દાનવગણ કા, હોવે શત્રુ-ચંડી કા નાચ;
ઉથલ-પુથલમય જાવે જગ મેં, બટે યુદ્ધ કી અગ્નિ-શિખા."

* [illegible]

તક્ષશિલાનું પ્રાચીન વિદ્યાપીઠ*

(લેખકઃ–રતિલાલ મોહનલાલ ત્રિવેદી, વૈશાખ–૧૯૮૩ ના" વસંત "માંથી)

'એન્સાઈક્લોપીડીઆ બ્રિટાનિકા ' જેવા ગ્રંથમાં લખ્યું છે કે, હિંદના ઇતિહાસમાં [illegible] કાળે હિંદદેશ વિદ્યાના સંસ્કારથી રહિત નહોતો. દેવનાગરી લિપિનું મૂળ પ્રાચીનતામાં લુપ્ત છે. શિલાલેખ, તામ્રપટ અને તાડપત્રપરના લેખો તથા ઉત્તરકાળમાં કાગળના વિશાળ [illegible] (મેન્યુફેક્ચર)પરથી જણાય છે કે, હિંદમાં સામાન્ય કેળવણી હતી; એટલુંજ નહિ પણ [illegible] કળાનો પણ એ દેશમાં સર્વસાધારણ પ્રચાર હતો. વળી પુરાતનતા અને બુદ્ધિની [illegible] બ્રાહ્મણોએ સાચવેલું હિંદનું સાહિત્ય અપ્રતિમ છે. રાજ્યોની અનેક ઉથલપાથલો છતાં [illegible] શિષ્ટવર્ગોને માતૃભાષાદ્વારા અતિસરળ પ્રકારનું શિક્ષણ સર્વકાળે આપવામાં આવ્યું છે. કાશી [illegible] નદીઓનાં સરસ્વતીમંદિરો, એથેન્સ અને ઍલેક્ઝાન્ડ્રિયાનાં વિદ્યાલયોનું સ્મરણ કરાવે છે; અને [illegible] શિક્ષણ હૉરેસે વર્ણવેલી રોમની કેળવણીનું સ્વરૂપ સંભારી આપે છે.

આપણા દેશમાં અતિપ્રાચીન કાળથી તે અઢારમી સદીના મધ્યભાગસુધી સાહિત્ય [illegible] કલાનો અદ્ભુત સ્રોત વહ્યા કર્યો છે. 'યુનિવર્સિટી એ વિદ્વજ્જનોનું મંડળ હોવી જોઈએ' [illegible] ન્યુમેને બાંધેલું લક્ષણ તક્ષશિલા, નાલન્દા અને વિક્રમશિલા જેવાં પ્રાચીન વિદ્યાપીઠોને [illegible] રીતે લાગુ પડે છે. તક્ષશિલાના મહાન વિદ્યાપીઠનું વર્ણન કરવાનો આ લેખનો હેતુ છે. [illegible] પીંડીની વાયવ્યમાં એકવીસ માઈલને અંતરે વિદ્યાનું આ સુપ્રસિદ્ધ કેંદ્રસ્થાન આવેલું [illegible] હમણાંજ તક્ષશિલાનાં પૌરાતનિક અવશેષો સર જૉન માર્શલના પ્રયાસથી બહાર [illegible] આવ્યાં છે. એક અત્યંત મનોહર ખીણમાં ટેકરીઓની વચ્ચે તક્ષશિલા નગર હતું. પૂર્વ [illegible] એશિયા અને પશ્ચિમ એશિયાને હિંદ સાથે જોડનાર મહાન વ્યાપારી માર્ગપર આ [illegible] સ્થિતિ હતી. સીકંદરના સમયમાં તે અતિસમૃદ્ધ નગર હતું. નગરની વસતી ઘણી હતી. [illegible] પાસેનો પ્રદેશ ફળદ્રૂપ હતો. પ્રસિદ્ધ ચીનના પ્રવાસી હ્યુએનસંગે એ પ્રદેશની રમણીયતા [illegible] ફળદ્રૂપતાનું વર્ણન કર્યું છે. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં આ વિદ્યાપીઠની ખ્યાતિ સર્વત્ર [illegible] હતી, એવાં પ્રમાણો આપણા પ્રાચીન ગ્રંથોમાં છે. મહાભારતમાં તક્ષશિલાના એક શિષ્ય [illegible] ધૌમ્યનો ઉલ્લેખ છે.

સમકાલીન જીવનના સ્થિતિનું પ્રતિબિંબ બૌદ્ધ જાતકોમાં પડેલું છે. વિદ્યા અને સંસ્કા[illegible] હિતાના વાતાવરણથી કેટલાંક જાતકો ભરપૂર છે. ખાસ કરીને તત્કાલીન કેળવણીની પદ્ધતિ અને વ્યવસ્થાવિષે આ ગ્રંથો ખૂબ પ્રકાશ પાડે છે.

કાશીના એક રાજાને બ્રહ્મદત્ત નામે પુત્ર હતો. જૂના વખતમાં પોતાની [illegible] પ્રસિદ્ધ વિદ્યાગુરુ હોય, તથાપિ રાજકુમારોની કેળવણીની પરિપૂર્ણતામાટે રાજાઓ તેમને [illegible] મોકલતા. આમ કરવામાં એમનો હેતુ એ હતો કે, કુમારોનું અભિમાન ગળી જાય, [illegible] ટાઢ તડકો અને જગતના વ્યવહારથી પરિચિત થાય. કાશીરાજે પણ [illegible] [illegible] અને એક તળિયાવાળા ચંપલની જોડ, પાંદડાંની એક [illegible] [illegible] કહ્યું–' પુત્ર ! તક્ષશિલા જા અને ત્યાં અભ્યાસ કરી આવ.'

[illegible]

'બ્રાહ્મણ.'

'કોના પુત્ર છો ?'

'કાશીરાજનો પુત્ર છું.'

'અહીં કેમ આવવું થયું છે ?'

'અધ્યયનાર્થે આવ્યો છું.'

'વારુ, તમે કાંઈ રકમ સાથે લાવ્યા છો કે અધ્યયનના બદલામાં મારી પરિચર્યા કરવા છો ?'

'હા, હું મારી સાથે રકમ લાવ્યો છું.'

આમ કહીને બ્રહ્મદત્તે ગુરુચરણમાં એક હજાર દામની કોથળી મૂકી.

આ અવતરણ ઉપરથી તે સમયની કેળવણીનાં મુખ્ય તત્ત્વોનો આપણને પરિચય થાય છે.

તક્ષશિલા વિદ્યાનું સુવિખ્યાત સ્થાન હતું. હિંદુસ્તાનના જુદા જુદા અને દૂર દૂરના ભાગોમાંથી વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરવા આવતા. રાજગૃહ, મિથિલા, ઉજ્જયિની, કોસલ અને [illegible]માંથી ત્યાં વિદ્યાર્થીઓ ઉભરાતા. તક્ષશિલાની પ્રસિદ્ધિ ત્યાંના અધ્યાપકોને લીધે હતી. તેઓ 'જગપ્રસિદ્ધ' કહેવાતા; કારણકે પોતપોતાના વિષયમાં તેઓ નિષ્ણાત અને પ્રમાણભૂત ગણાતા. દેશનાં વિવિધ વિદ્યાલયો તક્ષશિલાના વિદ્યાપીઠની સાથે જોડાયેલાં હતાં.

વિદ્યાનો આરંભ કરવામાટે નહિ પણ વિદ્યા પરિપૂર્ણ કરવામાટે વિદ્યાર્થીઓ તક્ષશિલા જતા. સામાન્ય રીતે ત્યાં જવાને માટે સોળ વર્ષની ઉંમર યોગ્ય ગણાતી. સાધારણ નિયમ એવો હતો કે, શિષ્યોએ અધ્યાપકોને પરિપૂર્ણ કેળવણીના બદલામાં એકહજાર દામ આપવા [illegible]. જો રોકડ રકમ ન આપી શકાય તો વિદ્યાર્થીએ ગુરુની સેવા કરવાની હતી. આવા ઘણા વિદ્યાર્થીઓ દિવસે કાષ્ઠસંચય ઇત્યાદિ ગુરુનું કામ કરતા અને રાત્રે જ્ઞાન મેળવતા. કેટલીકવાર કોઈ ગરીબ વિદ્યાર્થી પોતાનો બધો સમય અધ્યયનમાં ગાળતો અને તેથી ગુરુની સેવા કે બીજું કામ કરી શકતો નહોતો. આવી બાબતમાં પોતાની કેળવણી પૂરી કર્યા પછી ફીની રકમ આપવાનું [illegible] વચન આપતો. તક્ષશિલામાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી એક બ્રાહ્મણ વિદ્યાર્થીએ [illegible]ની પારના પ્રદેશમાં યાચના કરીને ગુરુદક્ષિણા આપી. અતિદરિદ્ર વિદ્યાર્થીઓને માટે દાન-[illegible] તેમનું ખર્ચ પૂરું કરતા. કેટલીકવાર પરોપકારી ગૃહસ્થોને ત્યાં શિષ્યમંડળસહિત અધ્યા-[પક]ને ભોજનનું નિમંત્રણ થતું. કોઈ કોઈ વાર આખા વિદ્યાલયને માટે ક્રમવાર ભોજન આગળથી [illegible]મિંત થતું.

કેટલાક વિદ્યાર્થીઓને રાજ્ય તરફથી શિષ્યવૃત્તિઓ મળતી. ઘણુંખરું આવા વિદ્યાર્થી[ઓ]ને કેળવણી લેવા માટે પોતપોતાના દેશના રાજકુમારોના સાથીઓનરીકે મોકલવામાં આવતા. [illegible]થી અને રાજગૃહના રાજકુમારો સાથે રાજગુરુના પુત્રોને તક્ષશિલામાં મોકલ્યા હતા, એ [illegible]માં ઉલ્લેખ છે. કેવળ ઉચ્ચ કેળવણી માટે રાજ્ય તરફથી રાજ્યના ખર્ચે વિદ્યાર્થીઓ મોકલ-[વા]માં આવતા એવા પણ ઘણા દાખલાઓ મળી આવે છે. કાશીના એક બ્રાહ્મણના પુત્રને ધનુ-[ર્વિ]દ્યામાં પ્રવીણતા મેળવવા માટે રાજાએ જાતે તેને તક્ષશિલા [illegible].

અધ્યાપનની ફી ખર્ચના પ્રમાણમાં ઘણી ઓછી લેવાતી [illegible] ખાવાપીવાનું તથા [illegible]નું મકાન મળતું અને તે ઉપરાંત અન્ય જરૂરીઆતો પણ પૂરી પાડવામાં આવતી. કેટલા[ક વિ]દ્યાર્થીઓ અધ્યાપકો સાથે એકજ ગૃહમાં રહેતા અને કેટલાક નગરમાં સ્વતંત્ર મકાન રા[ખી વિ]દ્યાપીઠમાં શિક્ષણ લેવા જતા. કેટલાક પરણેલા વિદ્યાર્થીઓ પોતાની સ્ત્રીસહિત સ્વતંત્ર [illegible]ખીને રહેતા અને દિવસે વિદ્યાલયમાં અભ્યાસ કરતા.

ઓછામાં ઓછા પાંચસો વિદ્યાર્થીઓને એક અધ્યાપક ભણાવતો. અનેક વર્ગના [અને વ]ર્ણના વિદ્યાર્થીઓ તક્ષશિલામાં ભેગા થતા; તેમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોનું પ્રમાણ વધારે રહેતું. [illegible]રથી રાજકુમારો અને શ્રીમંતના પુત્રો અધ્યયન કરવા અહીં આવતા. વ્યાપારીઓ, દરજી[ઓ અ]ને માછીમારના પુત્રોનો પણ છાત્રવર્ગમાં સમાવેશ થતો. માત્ર ચાંડાલોને દાખલ કરવામ[ાં ન] આવતા. પોતાના જન્મનું દુર્ભાગ્ય વિચારીને બે ચાંડાલ-કુમારો પોતાની જાતિ છુપાવીને

બ્રાહ્મણ વિદ્યાર્થીઓનો વેષ ધારણ કરીને તક્ષશિલા ગયા અને ત્યાંના એક પ્રસિદ્ધ અધ્યાપ
તેઓએ અભ્યાસ કર્યો. એકે તો અભ્યાસમાં સફળતા સંપાદન કરી, પણ એકવાર કોઇ
વાસીએ વિદ્યાલયમાં ભોજન આપ્યું હતું ત્યાં અજાણતાં ચાંડાલની બોલીમાં બંને વાતચિત
પકડાઇ ગયા અને પરિણામે તેમને વિદ્યાપીઠમાંથી દૂર કરવામાં આવ્યા.

ચાંડાલસિવાય બધી જાતિઓને અધ્યયન કરાવવામાં આવતું, એ આપણે જોયું.
જાતિઓ વંશપરંપરાના ધંધાને માટે તૈયારી કરતી એવું ખાસ નહોતું. કેટલાક બ્રાહ્મણો
અભ્યાસ કરતા અને કેટલાક ધનુર્વિદ્યામાં પ્રાવીણ્ય મેળવતા. કોઈ બ્રાહ્મણ વિજ્ઞાન શીખતો
કોઇ વેદત્રયી તથા અઢાર કલાનો અભ્યાસ કરતો. બધા પ્રકારના અને બધી સ્થિતિના
વિદ્યાના ઉપાર્જનમાં નાત–જાતના ભેદો ભૂલાવી દેતા. રાજકુમારો અને શ્રીમંતના પુત્રો,
રીઓ અને દરજીઓ, પોતાની ફી ન આપી શકે તેવા ગરીબ વિદ્યાર્થીઓ–સર્વે–સમા
પરસ્પર વર્તતા. એકજ વિદ્યાલય અને વિદ્યાગુરુના શિષ્યોતરીકે બંધુભાવની ગાંઠથી
બંધાતા. પ્રામાણિક શ્રમનું ગૌરવ તેઓ સ્વીકારતા હતા. ગરીબ વિદ્યાર્થીઓને સેવકની પેઠે
કરવી પડતી; પરંતુ ઉચ્ચ વર્ગના વિદ્યાર્થીઓની સાથે તેઓ સમાનતાના ધોરણે રહી શકતા.
વિદ્યાલયમાં સાદાઇ અને નિયમનનાં કેટલાંક ધોરણો ઉપર ભાર મૂકવામાં આવતો, તેથી
ભેદ આપોઆપ દૂર થઇ જતા.

આપણે ઉપર જોઈ ગયા કે, કાશીના રાજકુમારને એના પિતાએ માત્ર એક ચંપલની
પાંદડાંની છત્રી અને એકહજાર દામ આપ્યાં હતાં. એમાંથી પોતાના ખાનગી ખર્ચમાટે
તે એક પાઇ પણ વાપરી શકે તેમ નહોતું. આ પ્રમાણે એક રાજકુમાર એક નિર્ધન
તરીકે વિદ્યાલયમાં પ્રવેશ કરે છે. કાશીના રાજકુમાર જુંહની વાત પણ કાંઇક આવીજ
એક વખત અંધારામાં અથડાવાથી એનાથી એક બ્રાહ્મણનું ભિક્ષાનું કમંડળ ભાગી ગયું.
બદલામાં એક ટંકના ભોજનની કિંમત આપવાનું એ બ્રાહ્મણે એને કહ્યું, ત્યારે રાજકુમારે
વાળ્યો:–'અત્યારે હું ભોજનની કિંમત આપી શકું તેમ નથી. હું કાશીના રાજાનો પુત્ર છું,
જ્યારે હું મારા રાજ્યમાં પાછો જાઉં ત્યારે તું મારી પાસે આવજે.' આ ઉપરથી જણાય છે
રાજાના પુત્રો પણ વિદ્યાલયમાં પોતાની પાસે દ્રવ્ય રાખી શકતા નહિ. વળી રાજપુત્ર અપરાધ
તો સામાન્ય વિદ્યાર્થીના જેટલોજ તેને દંડ થતો.

વિદ્યાર્થીઓને સાદો ખોરાક આપવામાં આવતો. ચોખાની ઘેંશ નાસ્તામાં અપાતી. ભોજ
નિમંત્રણોમાં શેરડી, ગોળ, દહીં અને દૂધ પીરસાતાં. બીજી રીતે પણ વિદ્યાર્થીનું જીવન આકરું

આ અનેકરંગી છાત્રોનાં વિદ્યાલયો ઉપરાંત તક્ષશિલામાં બ્રાહ્મણ કે ક્ષત્રિયના વિ
વર્ગને માટે પણ વિદ્યાલયો હતાં. કોઇ ગુરુને ત્યાં પાંચસો બ્રાહ્મણ–વિદ્યાર્થીઓજ હોય તો કો
ત્યાં માત્ર ક્ષત્રિયોજ હોય.

પાંચસો વિદ્યાર્થીઓને એકીસાથે શિક્ષણ આપવું, એ એક ગુરુને માટે અવશ્ય ઘણું ક
હતું. ઉંચા વર્ગના વિદ્યાર્થીઓ ગુરુને શિક્ષણકાર્યમાં ખાસ સહાયતા આપતા. કેટલીક વાર વિ
ગુરુ પોતેજ 'વડા વિદ્યાર્થી'ને પોતાની ગેરહાજરીમાં પોતાનું કામ સંભાળવાનું કહેતા. તક્ષશિલા
એક વિદ્યાગુરુ એકવાર કાંઇ કામને માટે કાશી ગયા અને વડા વિદ્યાર્થીને કહેતા ગયા કે, 'પુ
હું બહારગામ જાઉં છું; મારી ગેરહાજરીમાં આ શિષ્યોનું શિક્ષણ તારે સંભાળવાનું છે.'
પ્રમાણે આ મોટા વિદ્યાર્થીઓ અધ્યાપકના કાર્યમાટે તુરતજ લાયક બનતા.

હમેશાં વિદ્યાલયોમાં રાત્રે અને દિવસે જુદે જુદે સમયે ઘણા વર્ગો લેવાતા. વિદ્યાર્થીઓ
અનુકૂળ આવે એવા સમયો ગોઠવી અધ્યાપન થતું. ગરીબ વિદ્યાર્થીઓ જેઓ દિવસે પરિચર્યા
રોકાતા તેઓ ગુરુઓ પાસે રાત્રે ભણતા. રાજકુમાર જુંહ અધ્યાપક પાસેથી શિક્ષણ લઇ મો
રાત્રે અંધારામાં પોતાને ઘેર પાછો ફર્યો હતો. જે જે વિદ્યાર્થીઓ ફી આપીને ભણતા તેમ
જ્યેષ્ઠપુત્રસમાન ગણવામાં આવતા અને જ્યારે તેઓ ઇચ્છે ત્યારે તેમને શીખવવામાં આવતું.

હવે આપણે તક્ષશિલાના અભ્યાસક્રમ ઉપર આવીએ. જાતકોમાં વારંવાર ઉલ્લેખ કરવા
આવ્યો છે કે, તક્ષશિલામાં વેદત્રયી અને અષ્ટાદશ કલામાં કેળવણી પરિપૂર્ણ કરવાને વિદ્યાર્થીઓ

[illegible] કેટલીકવાર વેદ અથવા કલાઓ એમાંથી એક વિદ્યાર્થીઓ પસંદ કરતા.

[illegible]ના સમયમાં અથર્વવેદનો સામાન્ય કેળવણીમાં સમાવેશ કરવામાં આવતો નહિ. વેદ [illegible] પડતા. તક્ષશિલાના ગુરુઓના મુખેથી પાંચસો વિદ્યાર્થીઓ વેદાધ્યયન કરતા. તક્ષશિલાનાં કેટલાંક વિદ્યાલયોમાં હસ્તિશિક્ષા, મૃગયા, ધનુર્વિદ્યા, આયુર્વેદ વગેરે શીખવવામાં આવતાં. આમાંથી [illegible] વિદ્યામાં ઘણા વિદ્યાર્થીઓ નિષ્ણાત થતા.

અનેક વિષયનું શાસ્ત્રીય તેમજ વ્યવહારોપયોગી જ્ઞાન આપવામાં આવતું. ગુરુની દેખરેખ [illegible] આયુર્વેદનો અભ્યાસ કરાવવામાં આવતો. તક્ષશિલામાં વનસ્પતિનું જ્ઞાન સંપાદન કરવામાટે [illegible] છોડના ગુણો વૈદ્યક દૃષ્ટિથી તપાસવા પડતા. બીજા વિષયોમાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી વ્યવહારિક જ્ઞાન મેળવવાને વિદ્યાર્થીઓ પ્રવાસ કરતા. એક બ્રાહ્મણ વિદ્યાર્થીએ તક્ષશિલામાં ધનુર્વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી પોતાની કળાના વ્યવહારૂ ઉપયોગને માટે છેક આંધ્રદેશ સુધી પ્રવાસ કર્યો. મગધનો રાજપુત્ર, તક્ષશિલામાં બધી કળાઓનું જ્ઞાન પ્રાપ્ત કરીને વ્યાવહારિક જ્ઞાનાર્થે [illegible] કર્યો. કેટલાક તો સ્થાનિક રીતરિવાજો સમજવાના હેતુથી પ્રવાસ કરતા. શિક્ષણ પૂરું [illegible] વ્યાપારીના બે પુત્રો અને એક દરજીનો પુત્ર ગામડાંના રીતરિવાજ જાણવાને માટે પ્રવાસે [illegible] રાજકુમાર વેદ અને કળાઓનું સાંગોપાંગ અધ્યયન કર્યા પછી વ્યવહારોપયોગી જ્ઞાન [illegible] દેશપરદેશ વિચર્યો.

આ પ્રમાણે આ સમયની કેળવણીનું અગત્યનું સ્વરૂપ એ હતું કે, સ્નાતક અથવા નિષ્ણાત [illegible] પછી જૂદા જૂદા દેશના રીતરિવાજ, મનુષ્યસ્વભાવ ઇત્યાદિ પારખવાને વિદ્યાર્થી પ્રવાસે જતો. આથી એની દૃષ્ટિ વિશાળ બનતી અને જીવનને માટે એ બહુ સારી રીતે તૈયાર થતો.

તક્ષશિલામાં આયુર્વેદની ઉત્તમોત્તમ કૉલેજ હતી. પ્રસિદ્ધ વૈદ્ય જીવક ત્યાંના વિદ્યાર્થી હતા. [illegible] ધર્મશાસ્ત્રનું પણ અહીંઆં સરસ જ્ઞાન અપાતું. તક્ષશિલાની 'લશ્કરી શાળાઓ' કાંઇ ઓછી [illegible] નહોતી. એવી એક શાળા તો હિંદના એકસોત્રણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું [illegible] અભિમાન લેતી.

મધ્યકાલીન હિંદમાં જે ઉચ્ચ પદ નાલંદાનું હતું, તેવુંજ ઉન્નત સ્થાન પ્રાચીન હિંદમાં તક્ષશિલાનું હોય એમ જણાય છે; પરંતુ આ મહાન વિદ્યાપીઠનો નાશ અત્યંત [illegible] અને [illegible] રીતે કરવામાં આવ્યો. ઇ. સ. ૪૫૦ થી ૫૦૦ સુધીમાં જંગલી હૂણ લોકોએ તક્ષશિલાના વિદ્યાપીઠનો વિનાશ કર્યો.*

પ્રભુપ્રાર્થના

("[illegible]" ના એક અંકમાંથી)

ભારતના લોક મોહસિંધુમાં નિમગ્ન થયા, [illegible] તેને દુઃખથી [illegible];
પાપીઓથી પૃથ્વી છે પૂર્ણ પરાધીન બની, [illegible] વિષમ [illegible];
[illegible] પંથ બદલી રહ્યા છે બધા ભારતીઓ, [illegible] કર્મ [illegible];
દિવ્ય દર્શાવે જ્યોતિ મુક્તિની બતાવી યુક્તિ, [illegible] ગઢ, વાર ન લગાવજો.

* [illegible]

૧ [illegible]

૨ [illegible]

નથી, તે ઉપર પ્રાતઃકાળમાં નાકવાટે થોડું થોડું પાણી પીવાનો અભ્યાસ પાડવાથી સારું થઇ જાય છે.

(૧૩) પ્રાતઃકાળમાં નાકવાટે પાણી પીવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે.

(૧૪) અત્યંત વ્યાયામ કરવાથી શરીરમાં ગરમી વધી ગઇ હોય તો તરતાં તરતાં વખત ઠંડા પાણીથી સ્નાન કરવાથી તે શાંત થઇ જાય છે.

(૧૫) પગે ચાલવાની મુસાફરીમાં કેટલેક અંતરે પાણીથી પગ ધોતા રહેવાથી મુસાફરીનો થાક અને ભાર જરૂર જણાતો નથી.

(૧૬) પાણીમાં બેસીને જનનેન્દ્રિયને ઘસી ઘસીને ધોતા રહેવાથી અગ્નિપ્રદેશના કેટલાક રોગ નાબુદ થાય છે.

(૧૭) દાંતના દુખાવામાં વહેતા પાણીમાં (જેમકે યમુનાજળમાં) વારંવાર કોગળા કરવાથી અને આંગળીવડે ધીમે ધીમે ખૂબ ઘસવાથી અવાળાં ફૂલવાં તથા બીજા રોગો નાબુદ થાય છે.

વિધવા આશ્રમ (આર્યસમાજ) કાશી

(વૈશાખ-૧૯૮૩ ના "ગૃહલક્ષ્મી"ના અંકમાંથી)

૩ વર્ષ હુએ કાશી કી આર્યસમાજ ને એક વિધવા આશ્રમ સ્થાપિત કિયા થા. સ્થાપિત હોતે સમય ઇસમેં કેવલ ૪ વિધવાએં થીં. રૂપયે કી તંગી ઔર કાર્યકર્તાઓં કી કમી હોને પર ભી ઇસ આશ્રમ ને આશ્ચર્યજનક ઉન્નતિ કી હૈ. યદ્યપિ ઇસ આશ્રમ કા નામ વિધવા આશ્રમ હૈ પર ઇસમેં પ્રત્યેક અસહાય નારી કી રક્ષા કી વ્યવસ્થા કી જાતી હૈ. ૧ લી દિસમ્બર સન ૧૯૨૫સે ૩૦ નવમ્બર સન ૧૯૨૬ તક પ્રવિષ્ટ હુઇ સ્ત્રિયોં કી સંખ્યા વિધવા ૧૦૩, સધવા ૩૬, કુમારી ૫, કુલ સંખ્યા ૧૪૪ હૈ.

પાઠક દેખેં કિ વિધવાઓં કે અલાવા ૩૬ સધવાએં ઔર ૫ કુમારિયોં ભી અનાથાવસ્થા મેં ઇસ આશ્રમ મેં પહુંચી હૈં. આશ્રમ કે તૃતીય વાર્ષિક વિવરણ સે પતા ચલતા હૈ કિ યે સધવાએં ઔર કુમારિકાયેં અધિકતર અપને સંબંધી લોગોં સે હી બલાત્કારપૂર્વક ભ્રષ્ટ કી ગઇ હૈં, ઔર ભેદ ખુલને પર ઘર સે નિકાલ દી ગઇ હૈં. વિધવાઓં કે પતિત હોને મેં ભી સંબંધી લોગોં કા હી અધિક હાથ રહા હૈ. જબ ઘર કે હી લોગ અપને આશ્રય મેં પડી હુઇ અસહાય વિધવાઓં પર પાશવિક અત્યાચાર કરને લગેં તો ઉનકી રક્ષા કૌન કરે? ઇન વિધવાઓં ને જો અપની આત્મકથાએં છપવાઇ હૈં ઉનકો પઢ કર રોંગટે ખડે હો જાતે હૈં. કિસી પર સસુર ને, કિસી પર જેઠ ને, કિસી પર મામા ને ઔર કિસી પર દેવર ને બલાત્કાર કિયા હૈ. સમઝ મેં નહીં આતા કિ ઐસે લોગોં કો ભેદ ખુલને પર વિધવાઓં કો ઘર સે બાહર કર દેને કા ઔર વિધવાવિવાહ કે વિરુદ્ધ આવાજ ઉઠાને કા કયા હક્ક હૈ! ઇસ આશ્રમને ૬૦ વિધવાઓં કે વિવાહ કરાયે હૈં. ૪ કો નૌકરી દિલાઇ હૈ. ૪૩ ગર્ભવતી વિધવાએં લી હૈં. આશ્રમ મેં ૩૩ બચ્ચે પૈદા હુએ હૈં. યદિ યહ આશ્રમ ન હોતા તો યે બચ્ચે જન્મને હી મૌત કે મુંહ મેં ચલે જાતે.

ઇસ આશ્રમ કા કાર્ય બહુત સન્તોષજનક ઔર સુચારુ રૂપ સે ચલતા હુઆ નજર હૈ. પ્રત્યેક ભાઇબહિન કો ઇસ આશ્રમ કી સહાયતા કરની ચાહીએ.

સૂચનાઃ-ગુજરાતકાઠિયાવાડમાં પણ ભ્રૂણહત્યા જેવી દુષ્ટતા ચાલે છે, ને વર્તમાનપત્રોમાં આવતી હકીકતો કહી આપે છે. કાશી તો આખા હિંદના હૃદયપ્રદેશમાં, એટલે આ પ્રાંતોમાં સાચા હૃદયથી સેવા કરનારા આશ્રમો નીકળે તેમાં આશ્ચર્ય નથી. ગુજરાત તો આજે મળપ્રદેશમાં, એટલે આ તરફના લોકો તો ધનપ્રાપ્તિ ને પોતાની કીર્તિમાટે કોઇ વળી ઉપર ઉપરથી મોટા મોટાં નામધારી આશ્રમના ખરેખાં બને તો બને. બાકી અંતરથી કોને પડી હોય આવી તેવી સેવાઓ પાછળ સમય અને ધનનો છૂટથી ઉપયોગ કરે! સાંખું સ્મરણ છે કે, કેટલાક આર્યસમાજી બંધુઓ આ તરફ પણ એવો યત્ન કરી રહ્યા છે. શ્રીહરિ તેમને અધિકાધિક ઉત્સાહ આયુષ્ય અને સાધના આપે.

લી૦ ભિક્ષુ-અખંડાનંદ

જ્ઞાનના દીપક પ્રગટાવો.

("હલિતકોમ" ના તા. ૭–૧૨–૨૬ ના અંકમાંથી)

આજ આપણે કટોકટીના જમાનામાંથી પસાર થઇએ છીએ. આથી કરીને આજથી ચાર જમાના પહેલાં આપણે જે જાતની જીંદગી ગુજારતા, તે જાતની જીંદગી ગુજારવાથી કામ નહિ ચાલી શકે. આપણે પ્રજાઓ અને સામ્રાજ્યોની ચઢતી અને પડતી નિહાળી. જાપાનના ઉત્થાન અને વિકાસ તમે જોયા. અર્ધી સદી પહેલાંનું જપાન કેવું હતું તે જાણ્યું છે. તેણે પોતાના આળસને દૂર ફેંકી દીધું, નમાલાપણાને હઠાવી દીધું અને આજ પ્રજાસંઘની વગમાં જઈ ખડું છે. તે પ્રગતિ અને કીર્તિના માર્ગ ઉપર આગળ ધપી રહ્યું છે. આપણે જમાનાઓ થયાં ઉંઘમાં પડ્યા છીએ. એ ઉંઘમાં ને ઉંઘમાં આપણે પાછળ પડતા ગયા.

બ્રિટિશ હિંદમાં આપણી આજની હાલત કાજે રાજકર્તાવર્ગને માથે સઘળો દોષ [illegible] માં આવે છે; પણ તેજ વખતે આપણે એક બાબત ભૂલીએ છીએ. એ બાબત એ છે કે, આપણે ફરજ ચૂકયા છીએ; અને આ ભૂલનો દોષ બીજાને માથે ઢોળવાના બહાનાની સગવડ [illegible] કરી છે, પણ માતૃભૂમિના સાચા નાગરીકની આપણી ફરજ જો આપણે અદા ન કરીએ તો રાજકર્તા ગમે તેટલો ભલો હોય તોય શું કરી શકવાનો?

[illegible] હિંદી પ્રજાનો એકજ ધર્મ છે. એ ધર્મ તે રાષ્ટ્રધર્મ, માતૃભૂમિપ્રત્યે અનન્ય [illegible] [illegible] યુદ્ધસમયે જાપાનની પ્રજા એજ પ્રેમધર્મથી ઘેલી બની હતી. દેશની [illegible] [illegible] કારણે એ યુદ્ધમાં કેટલીક માતાઓએ આપઘાત કરવાનું બહેતર માન્યું [illegible] [illegible] કાયદાની રૂએ સૈન્યમાં ભરતી થઇ શક્યાં ન હતાં. જાપાનીસ માતાઓનો [illegible]. રાજપૂત વીરત્વના દિવસોમાં આપણા દેશમાં પણ એવી માતાઓ [illegible] [illegible] પોતાના પુત્રને જોઇ હસનારી કોઈ કોઈ માતાઓ [illegible] [illegible] રાષ્ટ્રપ્રજાની સ્થાપના કરવી પડશે. [illegible]

[illegible]

પ્રાંતના યુવકોને શિક્ષક બનાવવાના ખાસ વર્ગ

[illegible]

([illegible])

[illegible] વર્ગ [illegible] છે. [illegible] વ્યાયામ [illegible] મહીના- [illegible] છે. [illegible] ગુજરાતના શહેરે [illegible]

દેશના યુવાનવર્ગની શારીરિક ઉન્નતિ કરવાના હેતુથી સન ૧૯૧૪ માં અમરાવતીમાં હનુમાન વ્યાયામ પ્રસારક મંડળની સ્થાપના કરવામાં આવી હતી. આ મંડળ મારફતે [illegible] વ્યાયામશાળાઓ ચાલતી હોઈ તે બધેમાં મળી આશરે [illegible] કેળવણી લઈ રહ્યા છે. આ બધી શાળાઓમાંનું હનુમાન વ્યાયામ મંદિર મુખ્ય હોઈ [illegible] યુવકો તેનો લાભ લે છે; એટલુંજ નહિ પણ પૂના, નાગપુર, જબલપુર, મીરજ, હૈદ્રાબાદ વગેરે જેવાં દૂરનાં શહેરોમાંથી પણ કેટલાક વ્યાયામપ્રેમી યુવકો આવી અહીંથી તાલીમ મેળવી રહ્યા છે; અને પોતપોતાનાં શહેરોમાં વ્યાયામપ્રચાર કરી રહ્યા છે.

મંડળના શિક્ષકવર્ગ

આજની સ્થિતિમાં દેશભરમાં વ્યાયામનો પ્રસાર થવો અત્યંત અગત્યનો છે; પણ તે માટે [illegible] બહારના શહેરમાં જઈ પાંચ-છ વર્ષ સુધી રહીને તાલીમ મેળવવી અશક્ય થઈ પડવાથી આ મંડળે દરસાલ ઉનાળાના રજાના દિવસોમાં ખાસ શિક્ષકવર્ગ ખોલ્યા છે, જેમાં દોઢ મહીનામાં શિક્ષક તૈયાર કરવામાં આવે છે.

પહેલે વર્ષે આ વર્ગનો માત્ર ૧૩ વિદ્યાર્થીઓએજ લાભ લીધો હતો; પણ છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાંજ આ સંખ્યા ૨૦૦ જેટલી વધી પડી અને છેલ્લા ઉનાળામાં તો મદ્રાસ, કર્નાટક, મહારાષ્ટ્ર, પૂના, ગુજરાત, કાઠિયાવાડ, બીહાર, યુક્તપ્રાંત, ખાનદેશ જેવાં દૂરનાં શહેરોમાંથી [illegible] લગભગ ૩૫૦ યુવાનો તાલીમ મેળવવા આવી ચડ્યા હતા; જેમાં હાઈસ્કૂલના માસ્તરો, હેડમાસ્તરો, વકીલો, ડાક્ટરો, સ્કાઉટ કમીશ્નરો વગેરે પણ હતા. આથી "नाट्यं भिन्न-रुचेर्जनस्य बहुधाप्येकं समाराधनम्" એ કવિવર્ય કાલિદાસની ઉક્તિ આ વર્ગને બરાબર લાગુ પડે છે.

લશ્કરી કેમ્પની શિસ્ત

આ વર્ગની રહેવાની તથા ખાવાની વ્યવસ્થા શ્રીમાન શેઠ પન્નાલાલજીના બંસીબાગમાં લગભગ ૧૫ તંબુ ઠોકી કરવામાં આવી હતી. આ તંબુઓને 'શિવાજીશિબિર' 'તાનાજીશિબિર' વગેરે નામો આપવામાં આવ્યાં હતાં. આથી કેમ જાણે લશ્કરી કેમ્પમાં આપણે ફરતા ન હોઈએ એવો જોનારને ભાસ થયા વિના રહેતો નહિ. આ કેમ્પપર દેખરેખ રાખવા ચાર સુપરિન્ટેન્ડેન્ટો રાખવામાં આવ્યા હતા. રાત્રે પહેરો રાખવામાં આવતો. સુપરિન્ટેન્ડન્ટની પરવાનગીસિવાય કેમ્પ-બહાર જવાની મનાઈ હોય છે. વાંચવામાટે સર્વે પ્રમુખ પત્રો રાખવામાં આવે છે. આ વર્ગનો લાભ લેનાર મહેમાનોમાટે ૧૫૦ કાર્યકર્તાઓ કોઈપણ જાતની ધનિક અપેક્ષાવિના કામ કરતા હતા.

કેમ્પનું કામકાજ

પ્રાતઃકાળે બરાબર પાંચ વાગે બ્યુગલ થતાંની સાથેજ સર્વે યુવકોએ ઉઠીને પોતાના પ્રાતઃવિધિ આટોપી લઈ યુનિફોર્મ ચઢાવીને પોણાછ વાગે મેદાનમાં હાજર થઈ જવું જોઈએ. બાદ પ્રથમ રાષ્ટ્રીય ભાવવાળી પ્રાર્થનાઓ ગાવામાં આવે છે. તે પછી ૭ વાગ્યાથી અભ્યાસક્રમ શરૂ થઈ જાય છે. આખા શિક્ષણક્રમના ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે. પહેલા વર્ગના સાત વિભાગ

છે. સવારના ૬ થી ૯ા સુધીમાં ચાર વિષય અને સાંજે ૫ા થી ૭ા સુધીમાં ત્રણ [illegible] તાલીમ આપવામાં આવે છે. સવારના ૧૦ થી ૧૨ દરમિયાન ન્હાવા-ધોવા જમણ કરવાનું ૧૨ થી ૩ા સુધીમાં આરામ, વાંચન, શીખી ગયેલા વિષયોની નોંધ અને ડાયરી રાખવાની [illegible] માનસિક પ્રગતિવિષે પણ લખવું પડે છે. ૩ા થી ૪ા ના કલાકમાં 'ફર્સ્ટ એઈડ' [illegible] પ્રકૃતિસ્વાસ્થ્ય, અંગબળ વગેરે વિષયોપર ભાષણો થતાં પા થી ૬ સુધીમાં [illegible] રાત્રે ૧૦ વાગે બ્યૂગલ થતાં આરામ કરવો એવો દૈનિક કાર્યક્રમ હતો. [illegible] આપવામાં આવતી, જ્યારે આજુબાજુનાં પ્રેક્ષણીય સ્થળો જોવા વિદ્યાર્થીઓને સાથે જવામાં

પહેલા વર્ગનો અભ્યાસક્રમ

પહેલા વર્ગના વિદ્યાર્થીઓને કુસ્તી, મલખંભ, લાઠી, સ્કાઉટીંગ, બોથાટી, [illegible] [illegible], તલવાર, સેટ્રીમ, મગદળ, ડંબેલ્સ, એ શિક્ષણ આપવામાં આવે છે. બીજા વર્ગને [illegible] ડંબેલ્સ, છંપટો, ડબલ બાર એનું શિક્ષણ આપવામાં આવે છે; જ્યારે ત્રીજા [illegible] વિષયોની વધુ તાલીમ એટલે લાઠીના હુમલા, મારામારી, ફરી ગદગા, પરશુના [illegible] તાલીમ આપવામાં આવતી.

[illegible] પહેલાં દરેક પ્રશ્નકને દાક્તરો પાસેથી તપાસવામાં આવે [illegible] [illegible], કેમ્પ-ફાયર જેવા પ્રસંગો ગોઠવવામાં આવે છે. આથી શિક્ષણની [illegible] [illegible], નવીનતા અને મનોરંજકતાનો લાભ મેળવી વિદ્યાર્થી કદી કંટાળતા [illegible]

[illegible] અભ્યાસક્રમ થતાં ત્રણ દિવસ તેની પુનરાવૃત્તિ [illegible] [illegible] છે. તે પછી પરીક્ષા લેવામાં આવે છે. [illegible] વિદ્યાર્થીઓ [illegible] [illegible] વર્ગમાં ૬, બીજામાં ૧૭ અને પહેલામાં [illegible] [illegible] આરોગ્યવિશારદ, વ્યાયામપટુ અને વ્યાયામપ્રવેશ એવાં પ્રમાણપત્રો [illegible] [illegible]

× × × ×

[illegible]

જગતમાં મિત્ર-રત્ન અણમૂલ!

[illegible]

સર્વ દુઃખોની દવા અથવા માલવીઆ-સ્મૃતિ

("આર્યપ્રકાશ" ના તા. ૬-૬-૧૯૨૬ ના અંકમાંથી)

એક સામાજિક કુરિતિઓથી જર્જરિત થએલ હિંદુધર્મના અશક્ત શરીરને બહારના હુમલાઓએ કમજોર બનાવી દીધું છે. આ દશા જોઈને હિંદદેવી રડી ઉઠી છે, પોતાના વહાલા બાળક ...ની રક્ષા થાય તે માટે સનાતનધર્મના નેતા પં. મદનમોહન માલવીઆને તે પૂછે છે:-

ભારતદેવી—હે નરશ્રેષ્ઠ! ભારતવર્ષ આર્યસંસ્કૃતિનો જૂનો પોષક છે-આર્યસંસ્કૃતિના ...બીજ ઉદય થાય છે. આજે આ સંસ્કૃતિ નાશ પામી રહી છે, ઠેકઠેર હિંદુમંદિરો ...ભાંગ છે, ગુંડાઓ હિંદુ સ્ત્રીઓને ઉઠાવી લઈ જાય છે, હજારો લોકો પરધર્મી, ખ્રિસ્તિ અને ... બને છે; હિંદુઓ અંદર અંદર લડી રહ્યા છે. આવી દશામાં હિંદુધર્મની રક્ષા અને ...ણ કેમ બચે? તે કહો.

માલવીઆ—હ્રદયદ્રાવક કરૂણાપૂર્ણ સ્વરે કહે છે કે, આ દશાની ઔષધિ માતાજી! આ રહીઃ-

संघे शक्तिः कलौ युगे ।

અર્થાત્ કલિયુગમાં તો એકતામાંજ શક્તિ છે.

...र्वलोकानां निग्रहाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय प्रणम्य परमेश्वरम् ॥ १ ॥
...कार्या ग्रामे ग्रामे कथा शुभा । पाठशाला मल्लशाला प्रतिपर्व महोत्सवः ॥२॥

પરમેશ્વરને પ્રણામ કરીને પ્રાણિમાત્રના કલ્યાણને માટે, દુષ્ટોનું તાડન અને નિયમન કરવામાટે તથા ધર્મની સ્થાપનાને માટે ધર્માનુસાર સંગઠન-મિલાપ કરી ગામેગામે સભાઓ સ્થાપવી જોઈએ, ગામે ગામે કથા-ઉત્સવો બેસાડવા જોઈએ, પાઠશાળા અને મલ્લશાળાઓ ઉઘાડવી જોઈએ, દરેક પર્વોએ મહોત્સવો ઉજવવા જોઈએ. ૧-૨

अनाथाः विधवाः रक्ष्या मन्दिराणि तथा च गौः। धर्म्यं संघटनं कृत्वा देयं दानं च तद्धितम् ३

સર્વેએ એકત્ર થઈને અનાથો, વિધવાઓ, મંદિરો અને ગાયોની રક્ષા કરવી જોઈએ અને તે માટે દાન આપવું. ૩

स्त्रीणां समादरः कार्यो दुःखितेषु दया तथा। अहिंसका न हन्तव्या आततायी वधार्हणः ॥४॥

સ્ત્રીઓનું સન્માન કરવું જોઈએ; દુઃખીઓપર દયા રાખવી જોઈએ; અહિંસકોનું હનન કરવું નહિ; આતતાયીનો તો વધજ કરવો. (એટલે કે જે બીજાપર હુમલા કરતો નથી તેને મારવો નહિ; પરંતુ જે પાપી-દુષ્ટ હોય, સ્ત્રીઓપર અત્યાચાર કરતો હોય, અથવા પારકું ધન પચાવી પડતો હોય અને બીજાના ઘરને બાળી મૂકતો હોય તેનેજ મારવો. જો આવા લોકોને માર્યાવગર પોતાના અથવા બીજાના પ્રાણ કે ધન ન બચી શકતાં હોય તો તેમને મારી નાખવા એજ ધર્મ છે.) ૪

अभयं सत्यमस्तेयं ब्रह्मचर्यं धृतिः क्षमा । सेव्यं सदाऽमृतमिव स्त्रीभिश्च पुरुषैस्तथा ॥ ५ ॥

સ્ત્રીઓ અને પુરુષોએ અભય, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, ધૃતિ અને ક્ષમાનુ અમૃતની પેઠે સેવન કરવું જોઈએ. ૫

कर्मणां फलमस्तीति विस्मर्तव्यं न जातुचित् । भवेत्पुनः पुनर्जन्म मोक्षस्तदनुसारतः ॥६

સારાં કર્મોનું ફળ સારૂં અને નિંદ્ય કર્મોનું ફળ ખરાબ મળે છે, એ ન ભૂલવું જોઈએ કર્મો પ્રમાણેજ પ્રાણીઓને વારંવાર જન્મ લેવા પડે છે અને તેજ પ્રમાણે મોક્ષ મળે છે. ૬

स्मर्तव्यः सततं विष्णुः सर्वभूतेष्ववस्थितः । एक एवाऽद्वितीयो यः शोकपापहरः शिवः ॥
पवित्राणां पवित्रम् यो मंगलानाम् मंगलम् । दैवतं देवतानां च लोकानां योऽव्ययः पिता

ઘટઘટમાં રહેવાવાળા-સર્વવ્યાપક ઈશ્વરનું સદૈવ સ્મરણ કરવું જોઈએ, કે જેના જેવું બીજું કોઈ નથી, જે એક અદ્વિતીય છે અને દુઃખ દર્દ પાપને દૂર કરવાવાળો હિ...

સ્વરૂપ છે, જે પવિત્રોમાં પવિત્ર છે, જે મંગલોમાં મંગલ છે, દેવતાઓનું દૈવત છે અને બ્રહ્માંડનો અવિનાશિ પિતા છે. ૭,૮

सनातनीयः सामाजाः सिक्खाः जैनाश्च सौगताः। स्वे स्वे कर्मण्यभिरतः भावयेयुः परस्परम्

સનાતનધર્મી, આર્યસમાજી, બ્રહ્મસમાજી, શીખ, જૈન અને બૌદ્ધોએ પોતપોતાના ધર્મનું પાલન કરતાં કરતાં એકબીજાની સાથે પ્રેમભાવથી વર્તવું જોઇએ. ૯

विश्वासे दृढता स्वीये परनिन्दा विवर्जनम्। तितिक्षा मतभेदेषु प्राणिमात्रेषु मित्रता ॥१०॥

પોતાના ધર્મવિશ્વાસમાં દઢતા, બીજાઓની નિંદાનો ત્યાગ, મતભેદોમાં (પછી તે ભલે ધર્મસંબંધી કે સાંસારિક વિષયોસંબંધી હોય) સહનશીલતા અને પ્રાણિમાત્રમાં મિત્રતા રાખવી જોઈએ. ૧૦

'श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चाप्यवधार्यताम्। आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्॥११॥

આ ધર્મસર્વસ્વને સાંભળો, સાંભળી તે પ્રમાણે આચરણ કરો. જેવું આચરણ પોતા-પ્રત્યે થવાથી ગમે નહિ તેવું આચરણ તમે પણ બીજા પ્રત્યે કરશો નહિ. ૧૧

यदन्यैर्विहितं नेच्छेदात्मनः कर्म पूरुषः। न तत्परस्य दुःखं वा जानन्नप्रियमात्मनः ॥१२

જે આચરણને મનુષ્ય પોતામાટે ઇચ્છે નહિ, તેવું આચરણ તેણે અન્યપ્રત્યે પણ કરવું નહિ; કારણકે પોતાને ન રુચે તેવી વાત કોઇ કરે તો કેટલું દુઃખ થાય છે? ૧૨

न कदाचिद्बिभेत्वन्यान्न कंचन विभीषयेत्। आर्यवृत्तिं समालंब्य जीवेत्सज्जन जीवनम् ॥१३॥

પોતે કોઇથી ન ડરે અને કોઇને ન ડરાવે. આર્યવૃત્તિનું અવલંબન કરીને સજ્જન પુરુષનું જીવન જીવે. ૧૩

सर्वे च सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग भवेत्

સર્વ સુખી રહો, સર્વ નિરોગી રહો, સર્વનું કલ્યાણ હો, કોઇ દુઃખી ના હો. ૧૪

इत्युक्तलक्षणा प्राणिदुःखध्वंसनतत्परा। दया बलवतां शोभा न त्याज्या धर्मचारिभिः॥१५

પ્રાણીઓનાં દુઃખ અને ચિંતા દૂર કરવામાં તત્પરા દયા એ બળવાનોની શોભા છે. એનો ત્યાગ યોગ્ય નથી. ૧૫

पारसीयैर्मुसल्मानैरासाईयैयहूदीभिः। देशभक्तैः मिलित्वा च कार्या देश समुन्नतिः ॥१६

દેશોન્નતિનાં કામો દેશભક્ત પારસીઓ, મુસલમાનો, ખ્રિસ્તિઓ અને યાહુદીઓની સાથે મળીને કરવાં જોઇએ. ૧૬

पुण्योऽयं भारतो वर्षो हिंदुस्थानः प्रकीर्तितः। वरिष्ठः सर्व देशानां धनधर्मसुखप्रदः ॥ १७

આ પુણ્યરૂપ ભારતવર્ષ હિંદુસ્થાન નામથી પ્રસિદ્ધ છે, પવિત્ર છે. ધન, ધર્મ અને સુખને આપનારો આ દેશ સર્વ દેશોમાં ઉત્તમ છે. ૧૭

'गायंति देवाः किल गीतकानि धन्यास्तु ये भारतभूमि भागे।
स्वर्गापवर्गस्य च हेतुभूते भवान् भूयः पुरुषाः सुरत्वात्' ॥ १८ ॥

દેવતાઓ ગાય છે કે, જેમનો જન્મ આ ભારતભૂમિમાં થાય છે તેઓ ધન્ય છે, કે જ્યાં જન્મીને મનુષ્ય સ્વર્ગસુખ અને મોક્ષ બંને મેળવે છે. ૧૮

मातृभूमिः पितृभूमिः कर्मभूमिः सुजन्मनाम्। भक्तिमर्हति देशोऽयं सेव्यः प्राणैर्धनैरपि॥१९

આ અમારી માતૃભૂમિ છે, અમારી પિતૃભૂમિ છે, સુજન્માઓની કર્મભૂમિ છે. આ દેશની ખૂબ સેવા કરવી જોઇએ. પ્રાણો પાથરીને અને ધન ખર્ચીને એની સેવા કરવી જોઇએ. ૧૯

उत्तमः सर्वधर्माणां हिन्दू धर्मोऽयमुच्यते। रक्ष्यः प्रचारणीयश्च सर्वलोकहितैषिभिः ॥२०॥

સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવા આ ધર્મને હિંદુધર્મ કહે છે, સમગ્ર સંસારનું હિત ઇચ્છનારાઓએ આ ધર્મની ખૂબ રક્ષા અને પ્રચાર કરવો ઘટે છે. ૨૦

વિધવાવિવાહ યોગ્ય છે કે અયોગ્ય ?

[illegible] ના અંકમાંથી)

[illegible] ગાંધી–નવજીવન [illegible]

વિધવા માબાપે [illegible] તેવો વિવાહ

[illegible] આપ્યો હતો કે, તેનો વિવાહ

[illegible] આગાને

[illegible] નહિ. પણ વિવાહ [illegible] નહિ [illegible] મને

[illegible] માબાપનો ધર્મ છે. [illegible]

[illegible] હિંદમાં [illegible]—

[illegible] ને બધાં બીજી વિધવાઓને સાથ

[illegible] પુનર્લગ્નને સારુ [illegible] તો કહું છું કે,

[illegible] વિધવાઓના પુનર્વિવાહને ઉત્તેજન આપશો ? હું તો કહું છું કે,

[illegible] વિધવાવિવાહની છૂટ તો નજ આપવી જોઈએ.

[illegible] પુનર્લગ્ન રોકવાં જોઈએ, ને વિધવાવિવાહની છૂટ તો નજ આપવી જોઈએ. ઉત્તરધ્રુવમાં જ્યાં બારે

[illegible] પ્રકારની [illegible] મનુષ્ય [illegible] કરતો આવ્યો છે. ઉત્તરધ્રુવમાં જ્યાં બારે

[illegible] રહે છે, ત્યાં મનુષ્યને માંસાહાર કરવો પડે છે; તેથી ભારી ગરમીમાં પણ માંસ

માં દોષ નથી એવી દલીલ કરનારા માંસાહારીઓને હું ઓળખું છું.

આં આથી પાપને પોષવાની વાત આપણને તુરત જડી આવે છે. પુરુષ પુનર્લગ્ન કરતો

[illegible]નો નથી, પણ એને આડે પડીને વિધવાને ન્યાય ચૂકવવાનું મુલતવી રાખો. સ્વરાજ્યને સારુ

[illegible] નાલાયક બનાવનાર કહે છે, 'લાયક બનો ને સ્વરાજ્ય લ્યો.' અસ્પૃશ્યને દબાવી તેની

[illegible] કરનાર આપણે કહીએ છીએ: 'અસ્પૃશ્યો સારા થાય ને ભલે આપણી સાથે ભળે.'

મનુષ્ય પોતાની પાસે ખોટા વાણિયાની જેમ બે ત્રાજવાં રાખે છે. એકથી લે છે અને

[illegible] દે છે. પોતાના પર્વત જેવડા દોષ રાઈના દાણા જેટલા ઝીણા જુએ છે ને બીજાના

જેટલા દોષને પર્વત જેવડા જુએ છે.

[illegible] ન્યાયબુદ્ધિથી પુરુષ વિચારે તો જાણે કે, વિધવાને દબાવવાનો તેને અધિકાર નથી. બળા-

[illegible] પળાવેલું વૈધવ્ય ભૂષણ નથી, પણ દૂષણ છે. એ ગુપ્ત રોગ છે ને સંગપ્રસંગે ફૂટી નીકળે

[illegible] ઉમ્મરે પહોંચેલી સ્ત્રી વિધવા થતાં ફરી પરણવાની ઈચ્છા સરખી ન કરે તે જગદ્વંદ્યા છે—

[illegible] ધર્મનો સ્તંભ છે; પણ જેને ફરી પરણવાની ઇચ્છા થઇ છે, ને જે સમાજના ભયથી કે કાયદાના

[illegible] થી રોકાય છે, તે તો મનથી ફરી પરણી ચૂકી છે. તે વંદના કરવા લાયક નથી, તે દયાને

[illegible] છે ને તેને ફરી વિવાહ કરવાની છૂટ હોવી જોઇએ. પૂર્વે હતી. રૂઢિને વશ થઇને ઉચ્ચ વર્ણના

[illegible] હિંદુઓએ આ ઐચ્છિક ધર્મને કાયદો કરી મેલી ધર્મમાં બળાત્કાર દાખલ કર્યો છે.

ન્યાય એમ કહે છે કે, જ્યાંલગી વિધુરને ફરી પરણવાનો હક છે, ત્યાંલગી વિધવાને તેજ

[illegible] હોવોજ જોઇએ. સમાજની રક્ષાને સારુ અમુક પ્રતિબંધોની આવશ્યકતા રહે છે. તે પ્રતિબંધ

[illegible] વર્ગને સારુ સરખા હોવા જોઇએ; ને તેમાં જેમ આખા સમજુ પુરુષવર્ગની તેમ સમજુ

[illegible]ઓની સંમતિ હોવી જોઇએ.

બાળવિધવા અને બીજી વિધવા વચ્ચેનો ભેદ ભૂલાવો ન જોઇએ, બાળવિધવાને ફરી પર-

[illegible] દેવાનો માબાપનો ને સમાજનો ધર્મ છે; પણ બીજી વિધવાને વિષે તેવો ધર્મ નથી. તેમની

[illegible] તો અત્યારે રૂઢિનો કે કાનૂનનો જે બળાત્કાર છે, તે દૂર કરવાનીજ આવશ્યકતા છે. એટલે

[illegible] તેવી વિધવા બીજો વિવાહ કરવા ઇચ્છે તો તેને તેમ કરવાની છૂટ હોવી જોઇએ.

મોટી ઉમ્મરે પહોંચેલાં વિધુર કે વિધવાનાં પુનર્લગ્ન ઉપર તો કેવળ પ્રજામતનો અંકુશજ

[illegible] શકે. અત્યારે તો પ્રજામત ઉલટી દિશામાં વહી રહ્યો છે; પણ જ્યાં ધર્મનું, મર્યાદાનું, સંયમનું

[illegible] વ્યાપક હોય, ત્યાં થોડાંજ સ્ત્રીપુરુષો મર્યાદાનું ઉલ્લંઘન કરશે. અત્યારે તો જે પાળે

[illegible] ધર્મ છે. સાઠ વર્ષના ધનિક બુઢ્ઢા દશ કે બાર વર્ષની કન્યાની સાથે ત્રીજો વિવાહ કરતાં

[illegible] નથી ને સમાજ તેને સાંખે છે; અને જ્યારે ગરીબ વીસ વર્ષની વિધવા સંયમ જાળ-

[illegible] યત્ન કરતાં છતાં નથી જાળવી શકતી તેથી ફરી વિવાહ કરવા ઇચ્છે છે, ત્યારે સમાજ

તેનો નિરસ્કાર કરે છે ! આ ધર્મ નહિ પણ અધર્મ છે.

આ બળાત્કારને, અધર્મને દૂર કરવાની સામે બીજા દેશોની અનીતિ ઈત્યાદિ ટાં અને અપ્રસ્તુત છે. બાળવિધવાથી માંડીને બુઢ્ઢી વિધવાપર્યંત સૌ સતી સીતા હોય તોપણ હું કહું કે, તેઓને ફરી પરણવાની ઈચ્છા થાય તો તેમને બળાત્કારે રોક અધિકાર નથી. તેમને પ્રેમપૂર્વક સમજાવવાનું સમાજનું કામ છે, તેમને દબાવવાને અધિકાર નથી.

પોતાને વિષે જે ગજ આપણે વાપરીએ છીએ તે બીજાને વિષે વાપરતા થઇ દુનિયાના ત્રણે તાપ ટળે, ને ધર્મની સંસ્થાપના ફરી એકવાર થાય.

ઉદ્‌બોધન

(લેખકઃ—ઠા. અનુરૂપસિંહ 'અમર'—'વિશ્વમિત્ર'ના એક અંકમાંથી)

ઉઠો ! જાગો પુત્રો હમારે, હુએ કૈસે પ્રબલ હૈં રિપુ તુમ્હ
હમેં નિત પદ-દલિત વે કર રહે હૈં, કઠિન અતિશય હમેં દુઃખ દે રહે
અહહ તુમ પર હૈ કૈસી નિંદ છાયી, નહીં પડતા હૈ તુમ્હેં કુછ ભી દિખ
તુમ્હારા ધન વિદેશી હર રહે હૈં, તુમ્હારે સાથ છલ નિત કર રહે
ગુલામી મેં પડે કબ તક રહોગે, કઠિન પારતંત્ર્ય-દુઃખ કબતક સહે
ઉઠો બૈઠો જરા આંખેં તો ખોલો, કરોગે જગ મેં તુમ ભી કુછ તો બો
રહે પરતંત્ર જગમેં દેશ જિતને, સમ્હલતે જા રહે ઉનમેંસે કિ
જગે હૈં મિશ્ર, ટર્કી ઔર કાબુલ, હુઆ હૈ ચીન ભી જગનેકો વ્યા
મચી જાગૃતિ કી હલચલ વિશ્વભર મેં, હુઆ હૈ જાગરણ પ્રત્યેક ઘર
લગી હૈ કાંપને જાગૃતિ સે ધરણી, તજોગે નિંદ નહીં ક્યા કુંભકરણ
સુનો સ્વાતંત્ર્ય વીણા બજ રહી હૈ, ગુલામી એશિયા કો તજ રહી
મૃદુલ ઉષા છટા નવ છા રહી હૈ, સ્વયં સ્વાધીનતા જનુ આ રહી
સભી સ્વાધીન હોંગે દેશ જગ કે, હટેંગે શૂલ નહીં ક્યા મેરે મ
જગત કે લોગ જબ સબ જગ રહે હૈં, તો અવસર આપ યહ ક્યોં તજ રહે હ
ઉઠો પુત્રો ! નિશા વીતી હૈ કાલી, છાઇ ઉષા કી પ્રાચી દિશિ મેં લાલ
કરો સ્વાધીનતા કા અબ તો સ્વાગત, સ્વયં જો આજ દેવી હૈ રામાગ
જરા સોચો તો મન મેં કૌન હો તુમ, નહીં ક્યા વીર વંશજ આર્ય હો તુ
તુમ્હીં સંતાન અર્જુન ભીષ્મ કે હો, તુમ્હીં અવતંશ લક્ષ્મણ, કર્ણ કે હૈ
ઉઠો પુત્રો ! કરો હુંકાર તુમ ભી, 'બહાદુર' હો કહે સંસાર તુમ ભ
ગુલામી કી કડી કો અબ ભી તોડો, ઘૃણિત નિદ્રા સે અબ ભી મુખ તો મોડે
હરો પારતંત્ર્ય-રજની શીઘ્ર કાલી, દિખાઓ વીરતા અપની નિરાલી
અમર સ્વાતંત્ર્ય-રણ મેં નામ હોગા, તુમ્હારા શ્લાઘ્ય જગ મેં કામ હોગ
યહાં સ્વાતંત્ર્ય-ઝંડા ફિર ગડેગા, પુનઃ ભારત સમુન્નતિ પર ચઢેગ
'અમર' જગ મેં તુમ્હારા નામ હોગા, તુમ્હારા દેશ ફિર સુખધામ હોગ

મુસ્લીમ બિરાદરોને ભલામણ

(લેખક:—સલામ આલેકુમ. 'હિંદુસ્થાન' તા. ૯–૭–૨૭ ના અંકમાંથી)

બિરાદરો! આજે તમારો વરસમાંનો એક મહત્ત્વનો તહેવાર છે. આ તહેવારનું મૂળ સ્વરૂપ જાણો. હિંદુઓના પિતૃપક્ષ, પારસીઓનાં ડોસલાં તેવોજ તમારા મોહરમનો તહેવાર છે. તહેવાર સાથે ભૂતકાળના ઇતિહાસની દાહક કે ઉલ્હાસક સ્મૃતિ રહેલી હોય છે; તેમ તમારા દુઃખદાયક અંતનું સ્મરણ કરાવનારો આ તહેવાર હોવાથી અત્યારે તમારે મનની એકાગ્રતા શાંતિ જાળવવી જોઇએ.

લીલાપર લાલ ડાઘા

હાલ તો કોમી રમખાણોના અગ્નિકુંડમાં દેશ હોમાયલો છે, રોજ રોજ કંઇ ને કંઇ ખરાં ને તોફાનો, મારામારી, ગંભીર ઇજાઓ અને ખુનના ચોંકાવનારા સમાચાર મળ્યાજ કરે છે. તહેવાર શરૂ થયો એટલે તો ઉત્તરહિંદમાંથી તોફાનના સમાચાર આવી પહોંચ્યા! તમારા ધાર્મિક ઝંડાનો રંગ લીલો છે. ઇસ્લામ એટલે શાંતિધર્મ, એ તમારો ધર્મ. લીલો રંગ એ તો સૃષ્ટિની લીલોતરી જેવો નજરને ઠંડક અને આહ્લાદ આપનારો તેમ મનને અને સૌજન્યતા આપનારો છે; પણ કંઇક કારણસર ઉપરાઉપરી તેપર માનવી લોહીના છાંટા ઉડે છે અને તેની આહ્લાદકતા તથા પ્રસન્નતા ઝાંખી પડી જાય છે. ધર્મનું નિશાન લોહીથી રંગાવવું એજ બુઝરગોનો આદેશ હોત, તો તેમણે તે લાલ રંગનું બનાવ્યું હોત, લીલા રંગનું નહિ; પરંતુ જ્યારે સૃષ્ટિની અનુપમ પ્રસન્નતા દર્શાવનાર લીલા ઝુંડાપર વારેવારે નજરને ત્રાસ આપનાર અને હૃદયમાં કમકમાટ ઉપજાવનાર લાલ લોહીના છાંટા ઉડાવવામાં આવે, ત્યારે સહેજે વિચાર કરવો પડે છે કે, શું આખા જગતને આનંદમય બનાવવાના હેતુઓ ધરાવનાર બુઝરગોની આપણે આવીજ કદર કરતા હોઇશું?

તોફાનો કેમ થાય છે?

તો પછી આપણે વિચારવું જોઇએ કે, આ તોફાનો કેમ થતાં હશે? ઉપરટપકે જણાવવામાં આવે છે તે શું ખરૂં હશે કે તોફાનમાં ભાગ લેનારા બધાજ હિંદુઓ અને બધાજ મુસલમાનો ગુંડા હોય? તેમને બસ ખાટકીની માફક મારકાપમાંજ મઝા લાગતી હોય! ના, ના! મનુષ્ય પ્રાણી આવું હલકટ અને નીચ મનોદશાવાળું તો નજ હોય. તો પછી તોફાનો શાને થતાં હશે? એકજ દેશમાં સદીઓથી વસતા અને એકજ ભૂમિના ખોળામાં ઉછરેલા ભાઈ ભાઈઓ આમ વેરીલા બની લોહીનું છંટાણ શાને કરતા હશે?

આનાં બે કારણો છે. એક તો પ્રથમ અંગ્રેજી પ્રજાના વિનાશમાંજ પોતાનું સ્થાન જમાવી રાખવાની ઇચ્છા રાખેલી સરકાર આપણામાંનાં સારાં ભોળાં માણસોને ભોળવી કંકાશ કરાવે છે. તેઓ એ વાત બરાબર સમજી ગયા છે કે, હિંદુમુસલમાનોની એકસંપીમાં, આ મહાન દેશની આઝાદી છે, તેમ તેમનો વિનાશ છે. તે માટે તેઓ આપણને લડાવી મારે છે; અને બીજું કારણ છે કે, આપણામાંના જે ખાસેખુદગર્જ નેતાઓ છે; તે [illegible] ના હાથમાં રમકડાં બની નાચી રહ્યા છે. બિરાદરો! હિનભર મહેનત [illegible] ઉપાડનાર તમારા [illegible] તેઓ દુશ્મન છે. [illegible]

[illegible]

[illegible]

આપણા કેટલાય પંડિતો અને અધ્યાપકો પોતાની પ્રાતઃસંધ્યામાંથી પરવાર્યા પછી નિયમિત વ્યાયામ કરે છે, એ મારો જાત અનુભવ છે; પણ એ બધું છતાં એક રાષ્ટ્રતરીકે, એક પ્રજાતરીકે, આપણે શારીરિક શિક્ષણનું મહત્ત્વ ભૂલ્યા છીએ અને પરિણામે આપણે જોઈએ છીએ કે, આપણી પ્રજાની વર્ષો થયાં અધોગતિ થઇ રહી છે.

આપણા વિદ્યાર્થીઓએ બ્રહ્મચર્યનો ઉચ્ચ આદર્શ ગુમાવ્યો છે, એ જોઇને મને અનહદ ગ્લાનિ થાય છે. જીવનનાં પ્રથમ પચીસ વર્ષો તનના અને મનના વિકાસમાં વ્યતીત થવાં જોઇએ, એ પુરાતન ભાવનાને આજના વિદ્યાર્થી–જીવનમાં સ્થાન નથી રહ્યું. એ બ્રહ્મચર્યદીક્ષાની ભાવના સર્વસંમાનિત જીવનધર્મતરીકે જીવંત નથી રહી શકી. આપણા પૂર્વજો બ્રહ્મચર્યની જે કિંમત આંકતા, તે કિંમત આપણે નથી આંકતા. અહા! ઋષિઓના તપોવનમાં વેદની ઋચાઓના ગાનની પાસથી ગુંજી રહેતાં ગુરુકુળોમાં વિદ્યાર્થીઓને મૂકવામાં આવતા, ત્યારે તેઓ કેવો સર્વદેશીય વિકાસ પામતા? ત્યારે તેઓ કેવી અજબ શરીરશક્તિ સંપાદન કરતા? ત્યારે આર્યાવર્તના ઉચ્ચમાં ઉચ્ચ કુટુંબોના પુત્રોને–રાજવંશીઓ સુદ્ધાંને–શિક્ષણાર્થે તે દરિદ્ર બ્રાહ્મણ ગુરુઓને ઘેર મોકલાતા; અને ત્યાં સુકુમાર અને વિલાસી જીવન જીવવાનું શિક્ષણ નહિ પણ કઠોર, કષ્ટમય અને તપસ્વી જીવન જીવવાની તાલીમ અપાતી. એ રીતે તાલીમ પામી તેઓ ગૃહસ્થજીવનને માટે લાયક બનતા.

આપણે હવે એ પુરાણી બ્રહ્મચારી વિદ્યાર્થી–જીવનની પ્રથાને પુનર્જન્મ આપવાનો છે. બ્રહ્મચર્ય એજ સર્વશ્રેષ્ઠ બળ છે. જ્યારે અર્જુને પોતાના એક પ્રતિસ્પર્ધીને હાર દીધી, ત્યારે એ પરાજિત પ્રતિસ્પર્ધીએ અર્જુનને કહેલું કે, "તમે મને આ પરાજય આપો છો એ તમારા બ્રહ્મચર્યનો પ્રતાપ છે." બ્રહ્મચર્ય તેના દીક્ષાધારીમાં એવી અજબ તાકાત પૂરે છે. આ હેતુથીજ આપણા વિદ્યાર્થીઓને માટે પુનિત બ્રહ્મચારી જીવનની ભાવનાનો પુનરુદ્ધાર કરવાનો છે. એ ભાવનાના પુનરુદ્ધારની સાથે શારીરિક તાલીમની ભાવનાને પણ જીવતી કરવાની જરૂર છે. જેમ આપણે એક ધાર્મિક ફરજતરીકે, સવાર અને સાંજ, નિયમિત સંધ્યા કરીએ છીએ, તેમ દરેક સ્ત્રીપુરુષે પ્રતિદિન નિયમિત શારીરિક કસરત કરવીજ જોઇએ.

આજે જ્યારે ભારતવર્ષની પ્રજા તેનો બ્રહ્મચર્યનો આદર્શ અને તેના શરીરવિકાસના ધર્મને ભૂલી છે, ત્યારે એ દિશામાં, પશ્ચિમની પ્રજાઓએ કેવી અજબ પ્રગતિ કરી છે એ તમે જાણો છો? પશ્ચિમની અર્વાચીન પ્રજાઓએ શારીરિક તાકાતની કિંમત બરાબર આંકી લીધી છે અને તેમનો એક એક જુવાન ભીમ અને હનુમાન બને તે અર્થે, તેઓ ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. મને પારાવાર અફસોસ તો એ થાય છે કે, જેમ આપણે જીવનની બધી દિશાઓમાં પાશ્ચિમાત્ય પ્રજાઓથી ક્યાંય પશ્ચાત પડી ગયા છીએ, તેમ આ શરીરવિકાસની દિશામાં પણ, આપણે તેમના કરતાં ક્યાંય પાછળ છીએ. અમેરિકનોએ અને અંગ્રેજોએ, ફ્રેન્ચોએ અને જર્મનોએ, ખાસ પરિશ્રમ ઉઠાવી, શરીર–વ્યાયામની વિશિષ્ટ પદ્ધતિઓ શોધી કાઢી છે. માત્ર પચાસ વર્ષ પહેલાં માયકાંગલા સમા લાગતા આપણા એશિયાઈ બાંધવ જાપાનીઓએ પણ, આ અર્ધી સદીમાં તો કોઇ વિસ્મયજનક પરિવર્તન સાધી લીધું છે. પચાસ વર્ષ પહેલાં જે જાપાનની જરણી [illegible] યુરોપીય પ્રજાઓ આપસઆપસમાં હરિફાઇ ખેલી રહી હતી, તેજ જાપાન સામે ભૂરી નજર નાંખવાની પણ આજે કોઇ યુરોપીય પ્રજા હિંમત કરી શકતી નથી. એટલી તાકાત અને શક્તિ આજે જાપાનીઓએ જમાવી લીધાં છે. આમ જાપાનીઓ વખતસર જાગી ઉઠ્યા અને દેશ, જાતિ અને ધર્મના ભેદો ભૂલી તેમણે સ્વદેશપ્રેમનેજ એક સર્વોપરિ જીવનધર્મ બનાવ્યો અને પછી તેમણે તેમના જુવાનોને શારીરિક તાલીમ આપવા માંડી. આ રીતે સ્વદેશપ્રજાનાં [illegible] પછી, માત્ર બે દાયકામાં તો તેમણે કેટલી સિદ્ધિ સંપાદન કરી, એ તમે કેટલું જાણો છો? તેમણે ત્રીસ વર્ષમાં તો તેમના જુવાનોને એવા તૈયાર કરી દીધા કે, ૧૮૯૪માં જ્યારે ચીન સાથે [illegible] ઊભરાયું પડ્યું, ત્યારે તેઓ ચીનને સખત હાર આપી શક્યા. પછી તો ૧૯૦૪માં રશિયાને [illegible] કર્યું. આમ જાપાને જ્યારે રશિયા જેવી બળવાન યુરોપીય પ્રજાની સામે ટક્કર [illegible] નહિ પણ તેને સખત હાર દીધી, ત્યારે યુરોપની અન્ય પ્રજાઓની આંખ [illegible] [illegible] તેમણે [illegible] કર્યું કે, એશિયાઇ પ્રજા ઊતરતી નથી [illegible]

ઓ છે, કે એને પૃથ્વીના મહાપ્રજાઓના મંડળમાં સ્થાન આપ્યાવિના છુટકોજ નથી. આ બધી શારીરિક તાલીમનો પ્રતાપ. જાપાને તેની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ આપવા માંડી અને જાપાની જુવાનોને લશ્કરી શિક્ષણ આપવા માંડ્યું, તેનુંજ આ પરિણામ. હિંદુસ્થાને પૃથ્વીની મહાપ્રજાઓમાં પોતાનું યોગ્ય સ્થાન મેળવવું હોય, યૂરોપનાં ગીધ અને બાજ તેને ભક્ષ માનવાની ભૂલ ન કરે એવા પ્રતાપી બનવું હોય, તો જાપાને માત્ર અર્ધીજ સદીમાં જે પ્રકારનું પરિવર્તન સાધ્યું તે પ્રકારનું પરિવર્તન સાધ્યાવિના છુટકો નથી. તમે તાકાત ન બતાવો, તમે બાહુબળના બળનો પરિચય ન કરાવો, ત્યાંસુધી માનનીય પ્રજાતરીકે તમારો કોઈ સ્વીકાર કરવાનું નથી.

નવયુવકો ! તમારા પૂર્ણ આરોગ્યથી પ્રકાશતા ચહેરા જોઈ મને પૂર્ણ આનંદ થાય છે. તમને સુખી, સ્મિત ફરકાવતા જોઈને મને ભારે હર્ષ થાય છે; પણ એ છતાં, તમને આથીયે વધારે બળવાન અને પાણીદાર બનવાની પ્રાર્થના કરવાની મારી અંતરેચ્છાને નથી રોકી શકતો. જુવાનો ! આ વૃદ્ધની તમારી પાસે આગ્રહભરી માગણી છે કે, પ્રતિદિન નિયમિત વ્યાયામ-ઉપાસના કરો, અંજનીસુત હનુમાનજીની મૂર્તિ મનસમક્ષ કલ્પી, તેના જેવા બળવાન બનવાને બરાબર જહેમત ઉઠાવજો અને આ દીન, દરિદ્ર, વિદેશીપીડિત ભારતવર્ષના ઉદ્ધારનો સંદેશ લઈને તમારા બાહુબળને ગામડે ગામડે ઘૂમજો.

ભારતવર્ષની જનનીઓને

(તા. ૩૦-૭-૧૯૨૭ ના "સૌરાષ્ટ્ર" ના મુખપૃષ્ઠપરથી)

દરેક યુવકે બ્રહ્મચારી વિદ્યાર્થી-જીવનનું વ્રત લઈને નિયમિત વ્યાયામનું સેવન કરવું જોઈએ એમ હું જ્યારે કહું છું ત્યારે એકલા યુવકોને-એકલા કુમારોને ઉદ્દેશીનેજ નથી બોલતો; પણ ત્યારે હું ભારતવર્ષની કુમારીઓને પણ કસરત કરવાનું કહું છું.

પુરાતનકાળમાં આર્ય નારી આજના જેવી નિર્બળ નહોતી. જેને ઉંચકવા જતાં લંકાના રાવણના ગર્વના ચૂરેચૂરા થઈ ગયા હતા, એ શિવધનુષ્યને પોતાની એક આંગળીએ શાંત ચિત્તે ડાબા હાથથી ફેરવતાં માતા સીતાદેવીમાં કેટલું અગાધ સામર્થ્ય હતું, તેની તમને કલ્પના આવી શકે છે ? પોતાને ઉંચકી જતા બળશાળી જયદ્રથરાજાને ધક્કો લગાવી પાતાળમાં હડસેલી દેનાર પાંડવપત્ની દ્રૌપદીજી કેટલી અતુલ તાકાત ધરાવતાં હતાં, તેનો તમને ખ્યાલ આવી શકે છે ? યુદ્ધમાં એકચિત્ત બનેલા દશરથરાજાના રથની ધરી એકાએક તૂટી ગઈ ત્યારે, પોતાની આંગળી ધરીને સ્થાને ગોઠવીને, દશરથ મહારાજાને વિજયી બનાવનારાં કૈકેયીની શક્તિનું તમે માપ કાઢી શકો છો ? ભૂતકાળમાં આર્ય નારી એવી અદ્‌ભુત શક્તિ ધરાવતી અને શક્તિમાતાનું ગર્વનામ પામીને પૂજાતી.

આજે, એક ભારતવર્ષ સિવાય, આખી દુનિયાની નારીઓ 'શક્તિમાતા' બનવા જેટલું સામર્થ્ય ધરાવે છે. માત્ર ભારતવર્ષની મહિલાઓજ અબળા બની ગઈ છે. એક પ્રજાતરીકે આપણે સ્વમાનપ્રિય બનવું હોય તો, આપણા પુત્રો અને પુત્રીઓને, દુનિયાના કોઈ પણ દેશનાં પુત્રપુત્રીઓ સાથે શારીરિક તાકાતમાં સ્પર્ધા કરી શકે એવાં બળશાળી બનાવ્યાવિના છુટકોજ નથી. હું વૃદ્ધ છતાં, પ્રભુધામ તરફ પ્રયાણ માંડું એ પહેલાં, આ પવિત્ર ભૂમિ ઉપર એવો દિવસ જોવા તલસું છું, કે જ્યારે મારી પાસે બેઠેલી આ બાળાઓમાંથી કૈકેયીઓ, દ્રૌપદીઓ અને સીતાદેવીઓ પ્રગટ થઈ ભારતવર્ષના અને ભારતીય સંસ્કૃતિના વિજયની ગાથાઓ ગાતી હોય. આજે ભાગ્યની ક્રૂર દ્રષ્ટિએ આપણાં નવજુવાન કુમાર અને કુમારીઓનાં તેજ હરી લીધાં અને બીજી અનેક રીતે, હિંદી પ્રજાના-ખાસ કરીને હિંદુ કોમના પ્રાણનો વધ થઈ રહ્યો છે. એમ છતાં, હું આશા રાખું છું કે, મારી પાસે બેઠેલા આ પ્રબુદ્ધ વદનવાળા જુવાનો એ દેવીઓને જોતજોતામાં કરાવી દેશે અને ભાવિ ભારતવર્ષની જનનીઓને એવી પ્રાણવાન, અને એવી શક્તિશાળી બનાવશે કે તેમના પ્રતાપે આ ભારતવર્ષ પ્રાચીનકાળ જેવું હતું તેવું, જગતભરનું પુનિત તીર્થધામ બની રહેશે ! —પંડિત માલવીયજી

હિંદુ-જાતિ કે આદર્શ પુરુષ શ્રીકૃષ્ણ

(લેખક:—શ્રીયુત ચતુર્વેદી દ્વારિકાપ્રસાદજી શર્મા 'હિંદુધર્મ' [illegible])

[illegible] લોગોં ને શ્રીકૃષ્ણ-ચરિત્ર સંબંધી સંસ્કૃત ભાષા કે ગ્રંથોં કા અનુશીલન કિયા હૈ, [illegible] માલૂમ હોગા કિ શ્રીકૃષ્ણ મેં લોકોત્તર ગુણોં કા સમાવેશ થા તથા વે જ્ઞાન, [illegible] કે આદર્શ-સ્વરૂપ થે. વે ધર્મોપદેશક હી ન થે, કિંતુ સ્વયં ધર્મ કા [illegible] થે. વે દુષ્ટોં કે દમન-કર્તા થે ઔર શિષ્ટોં કા સંરક્ષણ [illegible] કિયા કરતે થે.

શ્રીકૃષ્ણ એક આદર્શ પુરુષ થે. ધર્મ કો છોડ અન્ય કોઈ ભી ઉનકા [illegible] જિસ વંશ મેં વે સ્વયં ઉત્પન્ન હુએ થે, ઉસ વંશ કે લોગ જબ ધર્મ પરિત્યાગ કર [illegible]

[illegible]

શ્રીકૃષ્ણ ભગવાન્ સમ્પૂર્ણ [illegible] થે, વે [illegible], [illegible], વિદ્વાન, પુરુષાર્થ [illegible], લેખક, કવિ, ધર્માત્મા, નેતા, નીતિજ્ઞ, ધર્મજ્ઞ, રાજનીતિજ્ઞ, ન્યાયશીલ, ક્ષમાવાન, [illegible], નિર્ભય, નિરહંકારી, યોગી ઔર તપસ્વી થે. ઐસી જો ઉનકો લોગ [illegible] કરતે હૈં, માનવી શક્તિ મેં કામ કરતે હુએ ભી, ઉનકે ભારત અતિ અમાનુષિક થે [illegible] હૈ, કિ ઉનકે સબ અમાનુષિક કર્મોં કા રહસ્ય ન સમઝ, આજકલ કે અનેક [illegible] જન, ઉનકે ચરિત્રોં કો દુર્દષ્ટિ સે દેખા કરતે હૈં; કિંતુ વાસ્તવ મેં ઐસે દુર્બલ [illegible] આધાર હો, વહ ક્યા માનવકોટિ મેં રખને યોગ્ય હૈ ? કદાપિ નહીં. ઇસી સે નિરકુ-[illegible] શ્રીકૃષ્ણ કો ઇશ્વરાવતાર માનકર તથા ઉનકી પ્રતિમા બનાકર ઉનકે ઉપકારોં [illegible] સ્મરણ કરતી ઔર પ્રતિવર્ષ ઉનકે જન્મદિવસ કો વિશેષ ઉત્સાહ કે સાથ મનાતી હૈ. યો વિચારપૂર્વક દેખા જાય તો યહી મનુષ્યોચિત ધર્મ હૈ. ક્યા કોઇ બતલા સકતા હૈ કિ, સંસાર મેં કોઇ ઐસી ભી સભ્ય જાતિ હૈ, જો અપની જાતિ કે કિસી વીર ઔર ઉપકારપરાયણ મહાપુરુષ કા સબ પ્રકાર સે સમ્માન કરને ઔર ઉસકે પ્રતિ મનસા, વાચા, કર્મણા સે કૃતજ્ઞતા કરને મેં પરાઙ્મુખ હો ? યદિ નહીં, તો આર્યજાતિ કો ભી અપને શ્રીકૃષ્ણ જૈસે મહાપુરુષ પ્રતિ કૃતજ્ઞતા પ્રકટ કરના પરમાવશ્યક હૈ ઔર યહાં કી બાત હૈ, કિ વહ અપને ઇસ કર્તવ્ય કે પાલન મેં, અપના સર્વસ્વ ગંવાકર ભી, પશ્ચાત્પદ નહીં હુઈ.

હિંદુસમાજ માટે લાલાજીના ઉદ્ગાર

(લાલા લજપતરાય–'રાષ્ટ્રશક્તિ' તા. ૨૧–૮–૨૭ ના અંકમાંથી)

હિંદુજાતિ આ સમયે અત્યંત સંકટમયી અવસ્થામાં છે. કારણ એ છે કે, [illegible] ટૂટફુટ છે યાને ઐક્યનો અભાવ છે. દરેક સમૂહ પોતપોતાના સ્વાર્થમાં મચ્યો છે તથાપિ મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, જે પ્રમાણે હિંદુસમાજ પ્રાચીન સમયથી તે [illegible] સુધી અનેક જાતનાં કષ્ટો સહન કરીને વિપત્તિઓનાં વાદળાંઓ વીખેરીને પણ જીવિત રહેલ છે, તેવીજ રીતે હિંદુજાતિની રક્ષામાટે–હિંદુત્વના રક્ષણ કાજે કર્તવ્ય... પણ બનશે. આ જગતમાં હિંદુધર્મથી ઉચ્ચ એવો અન્ય કોઇ ધર્મ નથી. હિંદુધર્મ ઉત્તમતા તો એ છે કે, આપણો ધર્મ અન્ય કોઇ ધર્મમાં ડખલ કરતો નથી. હિંદુ બાળકો અને યુવાનોમાં નવીન રસ રેડવાનો અદ્ભુત પ્રયત્ન આદરવો જોઈએ. તેઓમાં આ અંકુરો મૂકી 'તેઓ આગળ વધી શકે તેમ છે' એ વાતથી જાણીતા કરવા. હું ઇચ્છું છું કે હિંદુ પ્રજા મજબૂત અને તંદુરસ્ત બને, મહત્ત્વાકાંક્ષી બને અને પ્રગતિના પંથે આગળ ધપે. હું હિંદુરાજ્ય કે મુસ્લીમ રાજ્યની બૂમોને હાનિકારક સમજુ છું......હિંદુ મુસ્લીમો ઉપર ઉપરિપણું નથી ચાહતા, પરંતુ તેઓ સામાન્ય રીતે પોતાના અને દેશ લાભમાટેજ પ્રયત્નો કરે છે.

શુદ્ધિ અને સંગઠન, જ્યાંસુધી હિંદમાં વિધર્મીઓ હિંદુઓને વટલાવવાનું ચાલુ રાખશે, ત્યાંસુધી અન્યધર્મીઓને હિંદુધર્મમાં લાવવાનો એટલે કે શુદ્ધ કરવાનો હિંદુઓ સંપૂર્ણ હક્ક છે. સંગઠનની હિલચાલને પરિણામે હિંદુસમાજ–હિંદુધર્મ ઉપર ચારેતરફથી હુમલાઓ થાય છે. આ હુમલાઓમાં હું કયાંએ વ્યાજબીપણું નથી જોઈ શકતો. હિંદુઓએ એકત્ર થવું–સંગઠિત બનવું એ તેમનું કર્તવ્ય છે.

ઈંદોર મેં અહલ્યાબાઈ કા સ્મૃતિ-દિવસ

('હિંદુપંચ' ના એક અંકમાંથી)

બડે હર્ષ કી બાત હૈ, કિ ભારતવાસિયોં કા ધ્યાન અપને દેશ કે મહાપુરુષોં તથા દેવિયે દર્શ ચરિત્રાં કી ઓર આકર્ષિત હોતા જાતા હૈ ઔર વે ઉનકી જયંતિ તથા સ્મૃતિદિવસ અપને હૃદય કે ભાવ ઉન સ્વર્ગીય આત્માઓં કે પ્રતિ પ્રકટ કરતે હૈં; જિનકે ચરિત્ર-પાઠ અપની ઇસ વર્તમાન પતિતાવસ્થા સે મુક્ત હોને મેં સહાયતા મિલે, હમ અપને હિતોં ઔ કારોં કી રક્ષા કર સકે, હમસે દેશ, જાતિ ઔર ધર્મ કા ઉપકાર હો ઔર હમ ભી આનેવાલી કે લિયે કોઇ ઐસા હી આદર્શ રખ જાએં, જિસકા અનુકરણ કર વે ભી અપના સુધાર કરતે

ગત ૨૫ અગસ્ત સન ૧૯૨૭ કો હિંદુ-સંસાર ને દેવી શ્રી અહલ્યાબાઇ કા સ્મૃતિ મનાયા. ઇન્દોર-રાજ્યને યહ "અહલ્યોત્સવ" બડી હી ધામધૂમ સે મનાયા. ઉત્સવ કા બડા આયોજન કિયા ગયા થા. અહલ્યાબાઇ ઇંદોર કી રાની તો થીં હી, પર ઉનસે પ્રત્યેક હિંદુ કા હૈ ઔર પ્રત્યેક હિંદુ ઉન્હેં ઉસી દૃષ્ટિ સે દેખતા ઔર ઉતના હી આદર કરતા હૈ, જિતના કી રાજ્ય કી પ્રજા.ભારત-માતા કી પવિત્ર ગોદ મેં અવતીર્ણ હો કર જિન દેવિઓં ને અપને ઉજ્જવલ સે વિશ્વ કો અપની ઓર આકર્ષિત કર લિયા હૈ, ઉન મહિલા-રત્નોં મેં અહલ્યાબાઇ ભી એ

સન ૧૭૨૫ મેં ઔરંગાબાદ કે ચોંટ નામક ગ્રામ મેં ઇનકા જન્મ હુઆ. ઇનકે [નામ માનકોજી સિંધિયા થા. બાલ્યાવસ્થા મેં હી યે બડી સુશીલ ઔર કુશાગ્રબુદ્ધિ થીં. ઇનકા શ્રીમંત મલ્હારરાવ હોલ્કર કે એકમાત્ર પુત્ર શ્રી ખંડેરાવ કે સાથ હુઆ. વિવાહોપરાન્ત ઇન્હોં પની સેવા સે સાસ-સસુર કો પ્રસન્ન રખા ઔર અપને કર્તવ્ય સે પરાઙ્‌મુખ ન હુઇ. સન મેં ઇનકે એક પુત્ર તથા તીન વર્ષ બાદ એક પુત્રી ભી હુઈ. અહલ્યાબાઈ, દામ્પત્ય સુખ અધિક દિનોં તક ન ભોગ સકીં. ઉનકે પતિ શ્રીખંડેરાવ, કુમ્ભેરગઢ કે ઘેરે મેં જાટોં કરતે કરતે વીરલોક કો સિધાર ગયે. ઇનકા પુત્ર મલ્લેરાવ ગદ્દીપર બૈઠા; પર વહ ભી શ પરલોક સિધાર ગયા. વિપત્તિ મેં ભી અહલ્યાબાઇ ને અપના ધીરજ ન છોડા; પર વિપત્તિ અકેલી નહીં આતી. સન ૧૭૬૬ મેં ઇનકી પુત્રી સહસા વિધવા હો અપને પતિ કે સાથ સ ગયી. અબ રાજસિંહાસનપર બૈઠને ઔર પ્રજા કા આદર્શરૂપ સે પાલન કરનેવાલા અગર કો તો વહ અહલ્યાબાઈ હી થીં. અતઃ ઇન્હોંને શાસનભાર લે, ઉત્તમ રીતિ સે પ્રજા કા પાલન ઇનકે સુશાસન સે પ્રજા સંતુષ્ટ થી ઔ ઉસને અપની બહુત કુછ ઉન્નતિ ભી કી.

રાની હોનેપર ભી ઇન્હોંને બડા પરિશ્રમ કિયા. યે પ્રાતઃકાલ ઉઠ, ભજન-પૂજન કરતીં વિદ્વાનોં સે ધર્મશાસ્ત્ર સુનતી થીં. બ્રાહ્મણોં ઔર કંગાલોં કો ઇનકે રાજ્ય મેં કભી કષ્ટ નહીં ઇનકી દાનશીલતા આજતક વિખ્યાત હૈ. ઇનકા સંપૂર્ણ સમય રાજ-કાજ, પ્રજાપાલન, વાસ તથા ધર્માચરણ મેં હી બીતા. એક આદર્શ રાજ્ય કી રાની હોનેપર ભી ઇનકા વેશ- સદૈવ સાદા હી રહા.

પરોપકાર-વૃત્તિ ઔર ધર્મનિષ્ઠા મેં યે બઢી-ચઢી થીં. ઇનકી દૃઢ ધારણા થી, કિ ધર્મ પુણ્ય-બલ કી શક્તિ સે હી સંસાર વશીભૂત હો સકતા હૈ. હિમાલય સે સેતુબંધ રામેશ્વર તક ઐસા તીર્થસ્થાન નહીં, જહાં ઇનકા દ્રવ્ય પુણ્યકાર્ય મેં ન વ્યય હુઆ હો. ઇનકે બનાયે મંદિર, ઘાટ, ધર્મશાલાએં, તાલાબ, કુએં આદિ આજ ભી પ્રત્યેક તીર્થ મેં ઇનકી ધર્મનિષ્ઠા પરોપકાર-વૃત્તિ કી પતાકા ફહરા રહે હૈં.

વર્તમાન ઇન્દૌર કો, જો પહલે એક છોટા સા નગર થા, ઇતના વિસ્તૃત કર દેને કા શ્રેય અહલ્યાબાઇ કો હી હૈ. મહેશ્વર કે રેશમી ઔર જરી કે કારખાને અહલ્યાબાઇ કે હી સ્થાપિત કરાયે હૈ. અહલ્યાબાઇ જૈસી ઉચ્ચ કોટિ કી આદર્શ, સરલ એવં નીતિનિપુણ દેવી મહારાષ્ટ્ર કે બાદ શ હી કોઈ ઉત્પન્ન હુઇ હૈ.

અપને આદર્શ જીવન, પરોપકાર-વૃત્તિ, દાનશીલતા એવં ધર્મ-પ્રેમ કે કારણ દે. વે કેવલ ઇન્દૌર કે લિયે બલ્કિ સમસ્ત ભારતવર્ષ કે લિયે પ્રાતઃસ્મરણીય હો ગઇ હૈ. ૭૨ વર્ષ કી મેં અતુલ વૈભવ ઔર અક્ષય કીર્તિ-પતાકા ઉડાતી હુઇ ઇસ પુણ્યશ્લોકા દેવી ને સ્વર્ગારોહણ કિ

[illegible]

ગોવધની આગ ઉપર રામબાણ દવા—ડુક્કરનું તેલ

("[illegible]" ઉપરથી [illegible] ના એક અંકમાંથી)

[illegible] તેલ અનેક પ્રકારના [illegible] ઉત્તમ છે, એમ આજના [illegible] પણ [illegible] મુસલમાનોને [illegible] આજના મુસલમાન ભાઈઓમાં [illegible] કરવામાં આવેલ [illegible] ડુક્કરના તેલ [illegible] થઈ ગઈ છે. નમૂનાતરીકે [illegible] મુસલમાનોએ કાપવા માટે [illegible] લાવી [illegible]. તેને બચાવવા માટે મારામારી, કોર્ટના [illegible] અને નુકસાનના [illegible] ઉપાયો કરવાને બદલે [illegible] હિંદુઓએ સરસ યુક્તિ શોધી કાઢી. [illegible] એ [illegible] માં [illegible] એક ડુક્કર લાવી બાંધ્યું અને જણાવ્યું કે, તમે ખુશીથી ગાય કાપો; પણ જેવી તમે અમારી સામે ગાય કાપશો કે તરત જ તે [illegible] અમે આ ડુક્કરને કાપી તમારી આગળ ઉપાડીશું. આ ઉપાય રામબાણ નીવડ્યો. તે ડુક્કરના તેલની [illegible] કાપનારાઓ [illegible] ઠંડી પડી ગઈ [illegible] પોલીસ પાસે [illegible] હિંદુઓને જ [illegible] જુઓ મુસલમાને [illegible] અમને મારે છે, પણ એવું કાંઈ ન કરતાં [illegible] હિંદુઓએ માત્ર [illegible] ભગવાનની જ આરાધના કરી. આ રામબાણ ઉપાયને લીધે મુસલમાનોને જ પોલીસ પાસે [illegible] પડ્યું કે, જુઓ, હિંદુઓ અમને [illegible] માટે અમારી સામે ડુક્કરનું [illegible] તૈયારી કરી રહ્યા છે. છેવટે પોલીસે આવી ગાય અને ડુક્કર બન્નેને છોડી મૂક્યાં અને ઝગડો મટાડ્યો.

અયોગ્ય સમાલોચકો

('હિંદુપંચ' ના એક અંકમાંથી)

પુસ્તકોં કી સમાલોચના પક્ષપાતરહિત હોગી. આજકલ જો દ્વેષપૂર્ણ સમાલોચના [illegible] રહી હૈ, ઉસકા રાસ્તા બંદ હોના ચાહિયે તથા પુસ્તકેં યોગ્ય વ્યક્તિયોં કે હાથ મેં જાની ચાહિયે. પિછલે વર્ષ માધુરી મેં પંડિત લજ્જારામ મહતા કી "વિપત્તિ કી કસૌટી" કી સમાલોચના શ્રીમતી [illegible] દેવી શર્મા ને કી થી. શ્રીમતીજી કા નામ, ન તો લેખિકા કી ન સમાલોચિકા કી હૈસિયત સે હિંદી-સંસાર મેં અભીતક પ્રખ્યાત હુઆ હૈ. અતઃ યહ બાત વિચારણીય હૈ, કિ મહતાજી જૈસે વયોવૃદ્ધ તથા સિદ્ધહસ્ત લેખક કી કૃતિ કે સાથ શ્રીમતીજી કહાંતક ન્યાય કર સકતી થી ઔર સંપાદક કે લિયે યહ પુસ્તક શ્રીમતીજી કે હાથોં મેં સમાલોચના કે લિયે દેના કહાં તક ઉપયુક્ત થા.

ગ્લૅડસ્ટનનાં કેટલાંક બોધવચનો

(ભાવાર્થરૂપે આપાયાં છે.)

શરીરનો રોગ મટાડનારા અનેક મળે, પણ મનનો રોગ (અજ્ઞાન-લોભ ઇત્યાદિ) મટાડે એવો વૈદ્ય જગતમાં દુર્લભ છે.

× × ×

જગતમાં હવે પાપનો ભય ઓછો થતો જાય છે, એ વર્તમાન સમયની મોટી ન્યૂનતા છે.

× × ×

હું સમસ્ત જીવનપર્યંત વિદ્યાર્થી હતો અને હજી પણ વિદ્યાર્થીજ છું.

× × ×

જેમ આકાશ પૃથ્વીની દશે દિશાએ ફેલાયલું છે, તેજ પ્રમાણે ધર્મશાસ્ત્ર પણ મનુષ્યના સર્વ વ્યવહારમાં ફેલાયલું છે.

× × ×

સહવાસ, આવડત, પ્રકૃતિ, નવી નવી વાતો વગેરે સાથે ધર્મને ઘણો ઝઘડો કરવો પડે છે.

× × ×

ધર્મસ્વાતંત્ર્યનું બળ ઘણું મોટું અને દુર્નિવાર છે. એની આડે કોઇથી પણ અવાવાતું નથી.

× × ×

હમણાંના કાળના નહિ રોકી શકાય તેવા અને અતિ ગંભીર એવા ધર્મસ્વાતંત્ર્યના પ્રવાહ આડો કોઇથી પણ હાથ દઇ શકાય તેમ નથી.

× × ×

મનુષ્ય પૈસાવડેજ સુખ સંપાદન કરી શકે છે, એમ સમજીને જો આપણે ચાલીએ તો તે આપણી મોટી ભૂલ છે.

× × ×

પાણીઉપર હજાર શબ્દો લખવા કરતાં ખડકપર માત્ર એકજ શબ્દ લખવો અધિક શ્રેયસ્કર છે

× × ×

પોતાની સુધારણાને માટે મનુષ્ય પોતાના ખરા અંતઃકરણપૂર્વક જે પ્રયત્ન કરે છે, એજ તેનામાં તેની યોગ્યતાને વધારનારો મોટો ગુણ છે.

× × ×

પુસ્તકો એ પરલોકવાસી મહાન મનુષ્યોના શબ્દ છે અને તેમના આત્માસાથે વાતચીત કરવામાં તે સર્વોત્તમ સાધનો છે.

× × ×

સંપત્તિ અને સુખસાધનો વધતાં જાય છે, તેમ તેમ સામાજિક વ્યવહારમાં પણ ફરક પડતો જાય છે.

× × ×

'જ્ઞાન' જેમને સુખના ભંડારરૂપ લાગતું હોય, એવાં માણસો જગતમાં થોડાંજ હોય છે.

× × ×

ઇંગ્લાંડના અનુભવમાં આવશે કે, રાષ્ટ્રીય અન્યાયથી રાષ્ટ્રીય પતન અવશ્ય થવાનું છે, અને તે કદી દૂર થવાનું નથી.

× × ×

અનુભવથી મને જણાયું છે કે, વિશ્વાસ રાખવામાં મોટું ડહાપણ છે અને ન રાખવામાં મોટી મૂર્ખતા છે.

× × ×

ઉન્નતિના જે જે ખરેખરા તથા મનમાં વસી રહેલા પ્રયત્નો છે, તે સર્વ-જો તેની સાથે નમ્રતા જોડાયલી હોય તો-અન્ય મનુષ્યોને માટે અત્યંત બોધપ્રદ થાય છે.

× × ×

ધર્મ એ એક મહાન શક્તિ છે. તેની આગળ રાજાઓને તથા રાજ્યપ્રકરણી પુરુષોને પણ કામોની ઝડતી કોઇપણ વખતે આપવીજ પડશે.

× × ×

જે રાષ્ટ્રની સઘળા પ્રકારની સંસ્થાઓમાં તેમજ કાર્યોમાં અભિવૃદ્ધિ જોવામાં આવે, તે રાષ્ટ્રની ચડતી ચાલે છે, એમ સમજવું.

× × ×

આપણે પોતાનું કર્તવ્ય બજાવવામાં કદી પાછી પાની કરવી જોઇએ નહિ; તેમ તેમાંની અડચણો પ્રત્યે દુર્લક્ષ પણ કરવું જોઇએ નહિ.

× × ×

પાપના સંબંધમાં ઇશ્વરનો ભય રાખીને વર્તવું, એટલે તેમાં સઘળુંજ આવી જાય છે.

× × ×

પરમાર્થની વાતો ઘણાજ આડંબરથી કહેવી અને રહેણી તેનાથી ઉલટી રાખવી, એના જેવું ભૂંડું કામ બીજું નથી.

× × ×

એકાદ જોયેલી વાત ઉપરથી અંતરાત્માની પ્રેરણાને ખોટી માનવાને મનુષ્ય મોહિત થાય છે; આ પ્રકારનો પ્રસંગ ખરેખર અત્યંત ભયંકર અને ઘણા સંકટનો છે.

× × ×

એકાદ મહાન માણસના વિચારોને પોતે વિચાર નહિ કરતાં કબૂલ કરવા, એ જેટલું ખોટું છે; તેટલુંજ મહાન માણસોના વિચારોને યોગ્ય માન ન આપવું એ પણ ખોટું છે.

× × ×

મનુષ્ય પ્રાણી, એ આ સૃષ્ટિમાં સર્વ સારી વસ્તુઓનો કળશ છે. મનુષ્યજાતિ, મનુષ્યસ્વભાવ, મનુષ્યકર્તવ્ય તથા મનુષ્યનું ભવિતવ્ય એ સર્વ અભ્યાસના અત્યુત્તમ વિષયો છે.

× × ×

ચિરકાળની કીર્તિની ઇચ્છા એ સત્કાર્યો કરવાને ઉત્તમ પ્રકારની વૃત્તિ છે; પરંતુ તેને આપણા અંતરાત્માની અને પરમાત્માની આજ્ઞા નીચેજ રાખવી.

× × ×

મારો અંતકાળ પાસે આવતો જાય છે, તેમ તેમ મને મતભેદ ઓછો દેખાતો જાય છે અને ઐક્ય અત્યંત મોટું જણાય છે.

× × ×

કોઈ પણ રાષ્ટ્ર અને કોઇ પણ યુગના મનુષ્યોનો ઉદ્યોગ અને પરસ્પરનો ઉગ તેમની ઇશ્વરભક્તિના પ્રમાણપર આધાર રાખે છે.

× × ×

અસત્ય અને દંભના પ્રકાશ કદાચ થોડો સમય કાયમ રહેશે; પરંતુ પરિણામે તો તે ખુલ્લું પડી જઇને અપકીર્તિ અને વિપત્તિ આવ્યા સિવાય રહેશેજ નહિ.

× × ×

પરમેશ્વરપ્રત્યેનાં કર્તવ્યો તરફ આપણું લક્ષ્ય પુષ્કળ હોવું જોઇએ; અને તે જેટલા પ્રમાણમાં હશે તેટલાજ પ્રમાણમાં આપણી ભવિષ્યત્ ઉન્નતિ થનાર છે.

× × ×

માત્ર ક્ષણિક પશ્ચાત્તાપથીજ કાંઇ અપરાધ ટળી જતો નથી. પરંતુ પશ્ચાત્તાપનો ક્રમ એક સરખો ચાલવો જોઇએ તથા પરિપૂર્ણ થવો જોઇએ. તે સિવાય પાપશુદ્ધિ–ચિત્તશુદ્ધિ થતી નથી.

× × ×

ગ્રંથસંગ્રહ કરવામાં ગ્રંથાવલોકનની આવડત, સમય, પૈસા, જ્ઞાન, સારાસાર-વિચાર અને દૃઢ નિશ્ચય એટલા ગુણોની જરૂર છે. એમાંના આવડત અને નિશ્ચય એ બે ગુણો મારામાં છે.

× × ×

અનુભવ થયા પહેલાં પુષ્કળ વાતોપર વિશ્વાસ મૂકવો એ ડહાપણ છે.

× × ×

શિક્ષણના હેતુઓમાં એક હેતુ એવો પણ છે ખરો કે, તેની સહાયથી મનુષ્ય કાંઈ ધંધો કરી શકે; પણ આ હેતુ ગૌણ હોઇને મુખ્ય હેતુ તો એજ છે કે, પવિત્ર વિષયોથી અંતઃકરણને ઉન્નત કરવું.

× × ×

કોઈ પણ કારણથી કિંવા હેતુથી મનુષ્ય જે દિવસે પોતાના અંતરાત્માની આજ્ઞા-પ્રેરણાનું અપમાન કરે છે, તે દિવસ તેને માટે ઘણોજ ખરાબ અને મહા અનર્થકારી છે.

× × ×

શરીરશ્રમ લજ્જાસ્પદ હોવાની સમજ લોકોમાંથી દૂર કરવી જોઇએ; એટલુંજ નહિ પણ જાતે શરીરશ્રમ કરીને તેમાં થતી પોતાની શારીરિક ઉન્નતિનું દૃષ્ટાંત એવી સમજ ધરાવનારાઓને દર્શાવી આપવું જોઇએ.

× × ×

તમે જેમ જેમ વિશેષ જ્ઞાન મેળવતા જશો, તેમ તેમ તમને જણાશે કે, આપણે જે કાંઇ જ્ઞાન મેળવ્યું છે તે બહુજ થોડું છે અને જે મેળવવાનું છે તે અગાધ છે.

× × ×

આપણે જેટલું જાણતા હોઇએ છીએ, તેનેજ આપણે જ્ઞાન કહીએ છીએ. તે આપણી ભૂલ આપણે સ્વાધીન હોવાથીજ કહીએ છીએ; નહિ તો જ્ઞાન કહ્યું એટલે તેમાં સહજ પણ અજ્ઞાન હોવું જોઇએ નહિ, પરંતુ એવું ક્યાં હોય છે ?

× × ×

ગુરુએ આપણું કામ જે અંતઃકરણપૂર્વક કર્યું છે, તે જોતાં તમે તેમને કાંઇ માન અથવા પદાર્થ આપો, તેથી કાંઇ તમે તેમના ઋણમાંથી મુક્ત થઇ શકતા નથી.

× × ×

ઈશ્વરી સત્ય સમજવાનાં જે સાધનો આપણા હાથમાં છે, તેનો યથાયોગ્ય ઉપયોગ કરવો એ આપણીજ સત્તામાં છે. તે જ્ઞાનનું (તન, મન કે ધન ઉપર) જે કાંઇ શુભ પરિણામ આવે તે ઈશ્વરનેજ અર્પણ કરવું જોઇએ.

× × ×

કર્તવ્યકર્મ પ્રત્યે મનુષ્યના હૃદયમાં જે અગાધ શ્રદ્ધા અને તે શ્રદ્ધામાંથી અસંત લીનતા તથા દૃઢ નિશ્ચયનું જે મિશ્રણ ઉત્પન્ન થાય છે, તેજ આ મનુષ્યપર પરમેશ્વરની કૃપા ઉતારવાનું અને તે કૃપાને કાયમ રાખવાનું ઉત્કૃષ્ટ સાધન છે.

× × ×

દુકાનમાં માલ પુષ્કળ ભર્યો હોય, પરંતુ ઘરાકી બિલકુલ ન હોય તો એવી દુકાન જેમ નિષ્ફળ છે, તેમ મનમાં અનેક સારી વાતો સમાઇ રહેલી હોવા છતાં તે પ્રમાણે ક્રિયા ન થતી હોય એવું શિક્ષણ પણ નિષ્ફળ છે.

× × ×

આપણી મનોવૃત્તિપરજ આપણી સત્તા ચાલતી ન હોય, તો પછી બાહ્યસૃષ્ટિ ઉપર અર્થાત્ જગતના પદાર્થો ઉપર આપણી સત્તા વધતી જાય છે અથવા તો 'આપણે અધિકાધિક જ્ઞાની થતા જઇએ છીએ' એવો ગર્વ કરવો એ વ્યર્થજ છે.

× × ×

આ પાપમય જગતમાં અનેક સ્થળે સત્યને ઓથેજ અસત્ય અને ધર્મશ્રદ્ધાને ઓથેજ અશ્રદ્ધા અને અધાર્મિકતા છુપાઈ રહેલાં હોય છે, માટે સાવધ રહેવું.

× × ×

મનુષ્યના મનપર સત્તા ચલાવવાને પુરુષાર્થ અને પ્રારબ્ધની જે લડાઈ ચાલી રહી છે, તેના

જેટલા પ્રમાણમાં પુરુષાર્થની સત્તા વધતી જાય છે, તેટલા પ્રમાણમાં પ્રારબ્ધની સત્તા ઘટતી જાય છે.

× × ×

શિક્ષણથી વિરુદ્ધ કાર્યો કરવાનો પ્રસંગ આવે એ મોટું સંકટ લાગે છે ખરું, પરંતુ ખરું જોતાં તે તે શિક્ષણથી વિરુદ્ધ હોતાંજ નથી; કેમકે સઘળાં કર્તવ્ય એક અગાધ પરમાત્મામાંથીજ નીકળેલાં છે. પછી દેશ-કાળ પ્રત્યાદિ પરત્વે તેના પ્રકારમાં ફેરફાર હોય તેમાં કાંઇ મોટી વાત નથી.

× × ×

ધર્મનાં તત્ત્વો સઘળાં એકજ છે અને તે સર્વને એકસરખાં માન્ય હોવાથી તેનાવડે સર્વનું એક્ય થવું સાહજિકજ છે. આ ઐક્ય સુજાણ અને અજાણ વચ્ચે પણ એકસરખું થઇ શકે છે; પરંતુ જ્ઞાનનો ગર્વજ તેમાં અંતરાય પાડે છે અને તેથીજ પંથ-પરંપરા વધી છે.

× × ×

જે જ્ઞાન અંતરની શુભ વૃત્તિને ખીલવી શક્યું નહિ, તે જ્ઞાનનો ગર્વ કરવો એ વ્યર્થ છે. જે જ્ઞાનવડે આપણે આપણી આંતરવૃત્તિનેજ જીતી શક્યા નહિ, તે જ્ઞાનવડે આપણે જગતના પદાર્થો જીતવા ચાહીએ છીએ, એવો ગર્વ રાખવો એ મૂર્ખતાજ છે.

× × ×

ખાધેલા અન્નનું મુખ્ય કામ જેમ શરીરને બળવાન અને ચપળ બનાવવાનું છે, તેમ શિક્ષણનું કામ એ છે કે, તે આપણા મનને ભોગ ભોગવવામાં સંયમી, ધારણાશક્તિમાં મજબૂત અને સંકટો ખમવામાં ધીર અને સહનશીલ બનાવે.

× × ×

ગ્રંથસહવાસ અત્યંત આનંદકારક છે. ગ્રંથો ગોઠવી રાખ્યા હોય એવી ઓરડીમા ગયા પછી તમે તેને હાથ નહિ લગાડો તો તે ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કે, અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને તેનો ઉપયોગ કરો; એટલે તમારૂં કલ્યાણ થશે. શું આ માનસવાણી ઓછી કિંમતી છે ?

× × ×

પાપી વિચારો મનને ખાઇ જાય છે; કેમકે તે એક જબરદસ્ત રોગ છે. તેનું ઔષધ સમસ્ત પૃથ્વીમાં મળી શકતું નથી. ધર્મશાસ્ત્રમાં લખેલું છે કે, પાપની પાછળ દુઃખ પણ અવસ્ય આવશેજ. અન્યાયની લડાઇ એ પણ એક ભયંકર પાપ હોવાથી તેની પાછળ પણ ભયંકર દુઃખ આવવાનુંજ છે.

× × ×

પોતાના આયુષ્યનો ઉપયોગ જો તમે બહુજ સાવધાનતાથી કરશો, તો ભવિષ્યમાં તે તમને વ્યાજસહિત મળશે અને એટલું બધું ઉપયોગી થઈ પડશે કે, હાલ તો તેનું અનુમાન પણ તમે કરી શકશો નહિ; પરંતુ એ પ્રમાણે ન કરતાં આયુષ્યને જો તમે વ્યર્થ જવા દેશો તો તે તમને નુકસાન પણ તમે ધારી શકો તે કરતાં ઘણુંજ વધારે કરશે.

× × ×

દેશમાં શાંતિ હોવી એ મોટું સુખ છે; પરંતુ તે સુખને લીધે નીચ વૃત્તિ ધરાવનારા મનુષ્યોને મોહ વ્યાપે છે. આ વાત જેમ સર્વ પ્રકારના સુખને લાગુ પડે છે, તેમ આ વાત પણ તેટલીજ ખરી છે કે, યુદ્ધના તેમજ સંકટના પ્રસંગોને લીધે મનુષ્યોમાં અમૂલ્ય સદ્ગુણો ઉત્પન્ન થઇને વધે છે અને મનુષ્યોને હાથે મોટાં મોટાં કાર્યો થાય છે.

× × ×

એ નિરંતર લક્ષ્યમાં રાખવું જોઇએ કે, આપણને પ્રથમથી પડેલી ટેવોને રોકવાથી આપણી બુદ્ધિ અને નીતિની વૃત્તિઓ પણ ફેરવાતીજ જાય છે.

× × ×

એ કદી ભૂલવું જોઇએ નહિ કે, મનુષ્યને આ જગતમાં જે કાર્યો કરવાં પડે છે, તે કરવાના યોગ્ય પ્રકારો શીખવવા જેટલું ત્રાસદાયક અને મનુષ્યની શક્તિ ક્ષીણ કરનારૂં બીજું એક પણ કાર્ય નથી; છતા પણ આ કાર્ય કેટલાક એવું ઉત્તમ સાધી શકે છે કે, તેમની પાછળ તેમનો

વિદ્યાર્થી–સેનાપતિની પાછળ સિપાહીઓ યુદ્ધમાં જાય તેમ–જાય છે; **પરંતુ આવા શિક્ષકો વિદ્યાર્થીઓ બહુજ થોડા હોય છે.**

× × ×

આજસુધીમાં ઉન્નતિના સર્વોચ્ચ શિખરે ચડેલાં રાષ્ટ્રો પૈકી કોઇ પણ રાષ્ટ્રના લોકોએ–લોકોએ મતાને–પોતાનો રાજ્યકારભાર ચલાવ્યો નથી. તેમણે જે કાંઇ કર્યું છે તે એ કે, પોતામાંના શ્રેષ્ઠ લોકોને પસંદ કરવા તથા તેમનાં કાર્યોપર પોતાનો દાબ રાખીને તેમને હાથે રાષ્ટ્રનો કારભાર ચલાવવો. આ કાર્ય કરવામાં તેમને કેટલી બધી અડચણો પડતી હતી તે ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે.

× × ×

આ જગતનો અને આપણો યોગ કોઇ પણ રીતે આપોઆપ બનેલો નથી. એ સઘળી ઇશ્વરી કૃતિ છે. પૂર્ણ મનુષ્યત્વ આવવાને માટે આ જગત ઉત્તમ સ્થાન છે અને તે સ્થાન સિવાય તેનાથી દેવલોકમાં જઇ શકાતું નથી–અર્થાત્ આ લોકમાં જીવવું એ પરલોકના જીવનની તૈયારી કરવા જેવું છે.

× × ×

અમુક કાર્ય કરવું એજ આપણું કર્તવ્ય છે અથવા તે ન કરવું એજ કર્તવ્ય છે, એમ સારી રીતે સમજવા છતાં પણ જો તે કર્તવ્યથી વિરુદ્ધ વર્તવામાં આવે તો તે પાપ છે. એ પાપ માણસના અંતરને ખાય છે; તેથી તેના મૂળ સ્વભાવમાં એક પ્રકારનું તોફાન થાય છે અને તેનું પરિણામ એવું આવે છે કે, અંતઃકરણમાં કુવાસનાનું પ્રાબલ્ય વધીને સદ્વાસનાનો નાશ થાય છે અને એજ તેના આત્માનો નાશ છે.

× × ×

સઘળાં રાષ્ટ્રોને સમાન સમજવાં–તેમાં કોઇને ઓછું વધતું ન માનવું એ ખ્રિસ્તીધર્મનું મૂળ બીજ છે. એ તત્ત્વ જો છોડ્યું તો તેની સાથેજ સર્વત્ર જગતની શાંતિ અને ઉન્નતિની આશા ઉડી જશે. મારો મત એવો છે કે, જે કોઇ આ સમતાનું તત્ત્વ છોડી દે છે કિંવા તેને બગાડે છે, તેનો હેતુ ગમે તેટલો સારો હોય તોપણ તે પોતાના રાષ્ટ્રપર મહાન સંકટ લાવે છે, શાન્તિનો નાશ કરે છે અને ખ્રિસ્તીધર્મના મૂળ સિદ્ધાંત ઉપર શસ્ત્રપ્રહાર કરે છે.

× × ×

હું બદલાયો છું; કેમકે હું જ્યારે પ્રથમ સાર્વજનિક કામમાં પડ્યો, ત્યારે સ્વાતંત્ર્યનું ખરું મૂલ્ય અને તેની અત્યંત આવશ્યકતા હું સમજી શક્યો ન હતો. સ્વાતંત્ર્ય [illegible] તેમજ અનુભવ [illegible] ઉપયોગી થઈ પડે છે, એ વાત [illegible] સમજ્યો ન હતો, તેમ પ્રત્યેક સાર્વજનિક સંસ્થાની ઉન્નતિ સ્વાતંત્ર્યપરજ આધાર [illegible] સમજમાં આવ્યું ન હતું. એ સઘળું હવે હું સમજી શક્યો છું તથા તેને અનુસરીને હું વર્તું છું.

× × ×

[illegible] એક ઉત્તમ શાળા છે. એ શાળાની [illegible]

× × ×

[illegible]

× × ×

ટેનિસનની કારકીર્દી ઘણેખરે અંશે મારી કારકીર્દીને મળતીજ છે; પરંતુ તેની જે કૃતિ છે તે મારી કૃતિ કરતાં ઘણીજ શ્રેષ્ઠ પંક્તિની છે. તેનો ઉદ્યોગ મારા ઉદ્યોગ કરતાં સર્વોત્તમ પ્રકારનો થયો છે તથા તે મારા ઉદ્યોગ કરતાં વિશેષ ચિરસ્થાયી છે. મારા જેવા પુરુષો સાર્વજનિક હિતના વિષયો ઉપર બોલે છે, એટલે લોકો કૃપા કરીને તેમને યોગ્યતા કરતાં પણ વિશેષ માન આપે છે અને તેથી તેઓ ખુશામ છે એ ખરૂં છે; પણ બોલવું એજ અમારૂં કામ છે. તેમાં પાયાજ નથી, પરંતુ શબ્દોને પાંખો હોવાને લીધે તેઓ ઝપાટામાં ઉડી જાય છે અને હતા ન હતા થઈ જાય છે. ટેનિસનની કૃતિ આથી વિશેષ ઉચ્ચ યોગ્યતાવાળી છે. તેના ઉપર કાળનું કશું ચાલવાનું નથી. તેણે પોતાનું ચરિત્ર પોતાના દેશબાંધવોના હૃદયપટપર લખ્યું છે, તે કદી પણ ભૂંસાઈ જનાર નથી.

દરિદ્રતામાંજ રત્નમાનવો વધારે પાકે છે.

(લેખકઃ—શ્રીયુત "કુમાર" 'હિંદુપંચ'ના એક અંકમાંથી)

એક બાર ઇમર્સન કે કિસી મિત્રને હાર્વર્ડ વિશ્વવિદ્યાલય મેં એક અત્યંત પ્રતિભાશાલી હોનહાર વિદ્યાર્થી કે સંબંધ મેં ઉસકી સંમતિ પૂછી! ઇમર્સન ને તુરંત હી જો સંક્ષિપ્ત ઉત્તર દિયા, વહ ઇસ પ્રકાર થાઃ—

"બસ, ઉસે અબ અગર કિસી વસ્તુ કી આવશ્યકતા હૈ તો વહ 'દરિદ્રતા' હી હૈ."

ઇમર્સન કે ઇસ અદ્‌ભુત ઉત્તર કો સુનકર ઉસકા મિત્ર એકદમ ચકરા ગયા ઔર ઉસકે મુંહ કી ઓર બડી ઉત્સુકતા સે દેખને લગા.

ઇમર્સન તુરંત હી ઉસકે હૃદય મેં ઉઠતે હુએ ભાવ કો તાડ ગયા. ઉસને અપને મિત્ર કે મુખ મુસકરાતે હુએ દરિદ્રતા કી ઇસ પ્રકાર વ્યાખ્યા કર ડાલીઃ—

"દરિદ્રતા કો બહુધા લોગ ઈશ્વરીય પ્રકોપ યા શાપ સમઝતે હૈં; પર વાસ્તવ મેં ઐસી બાત નહીં હૈ. વહ તો પરમાત્મા કા સર્વશ્રેષ્ઠ વરદાન હૈ."

"સંસાર મેં જિતને બડે-બડે મહાપુરુષ હો ગયે હૈં; ઉનમેં સે ઐસી વ્યક્તિ બહુત હી કમ હૈં જો દરિદ્રાવસ્થા મેં ન પૈદા હુએ હો યા જિનકા ઉત્થાન પતિતાવસ્થા સે ન હુઆ હો."

"દરિદ્રાવસ્થા મેં રહ, ફટે-પુરાને કપડે પહિન, પેટ-ભર અન્ન ન પા તથા સુખ-સાધન હીન અવસ્થા મેં હી મનુષ્ય અપને સચ્ચે સ્વરૂપ તથા જ્ઞાન-શક્તિ કો પહચાનતા હૈ."

"કિસી પ્રકાર કે સાજ સામાન સે રહિત, સુનસાન કમરે મેં હી ઉસકી આત્મા સે વહ જ્યોતિ પ્રજ્વલિત હોતી હૈ, જિસકા પ્રકાશ કિસી દિન સારે સંસાર મેં ફૈલ જાતા હૈ ઔર વહ વ્યક્તિ મહત્તા કો પ્રાપ્ત હો ગૌરવ પાને લગતા હૈ."

"પ્રકૃતિ ને મનુષ્ય કો ઇસ પ્રકાર બનાયા હૈ, કિ વહ સ્વભાવતઃ કાર્ય ઔર ઉદ્યોગ કો ઘૃણા કરતા હૈ. ઐસે મનુષ્ય ઇસ સંસાર મેં થોડે હી હોંગે, જિનમેં ઇસ પ્રાકૃતિક નિયમ કા ઉલ્લંઘન કરને કે યોગ્ય આત્મિક શક્તિ હો."

"દરિદ્રતા હી વહ શક્તિ હૈ, જિસસે મનુષ્ય કાર્ય ઔર ઉદ્યોગ કરને લગતા હૈ. કેવલ ઇતના હી નહીં, ઇસમેં એક વિશેષ ગુણ ભી હૈ-વહ મનુષ્ય કો વાસ્તવિક 'મનુષ્ય' બનાતી હૈ."

"દરિદ્રતા સે મનુષ્ય કા ઉન હજારોં, લાખોં વ્યક્તિયોં સે સંપર્ક હો જાતા હૈ, જો આવશ્યકતાઓં ઔર દુઃખ-દર્દ, સ્વાર્થપરતા ઔર ઉસકી આત્મા કો વિશ્વાત્મા કી મધુર ઝંકાર ધ્વનિ ને અનુપ્રાણિત કર વ્યક્તિગત સ્વાર્થ કો સંસાર કે સ્વાર્થ મેં વિલીન કર દેતી હૈ. ઇસ પ્રકાર સમસ્ત સંસાર કો અપના સમઝને કા મહાજ્ઞાન પ્રાપ્ત કર લેતા હૈ."

"દરિદ્રતા આત્મ-શક્તિ પ્રદાન કરતી હૈ ઔર શિષ્ટાચાર કી સુંદર શિક્ષા દેતી હૈ. અતઃ દરિદ્રતા કોઈ ઈશ્વરીય પ્રકોપ યા શાપ નહીં, બલ્કિ પરમ પિતા પરમાત્મા કા સર્વોત્તમ ઉપહાર હૈ.

પ્રભુપ્રસાદ પામનારા ભક્તના ઉદ્‌ગાર

("સાહિત્ય" માસિકના સપ્ટેમ્બર ૧૯૨૭ ના અંકમાંથી)

તમે સાંભળો રાણી એક વાર્તા રે, મને સાંભર્યું તે કાંઈક સંભારતાં રે. (ટેક)
હું તો હરિજીને જોવા નિસરી રે, મુજને સંસારની વાત વિસરી રે. તમે૦ ૧
મુજને ખોળતાં કંઈ એક લાધ્યું રે, લાધ્યું અખંડ બ્રહ્માંડ આ બાધું રે. તમે૦ ૨
હું તો હરિજીને જોતાં હું ટળી રે, જ્યમ સાગરમાં સરિતા ભળી રે. તમે૦ ૩
હું તો જ્યાં જોઉં ત્યાં રે તેજ ને રે; મેં તો મનથું વિચાર્યું એજ રે. તમે૦ ૪
સર્વ વસ્તુ તણો વેશ ટળ્યો રે, જેને જોતી'તી તે મુજને મળ્યો રે. તમે૦ ૫
સર્વ પરબ્રહ્મ કેરાં પૂતળાં રે, રૂપે એક થકી એક આગળાં રે. તમે૦ ૬
દશે દિશા સન્મુખ હરિજી થયા રે, મારા હૃદેકમળમાં વસી રહ્યા રે. તમે૦ ૭
એક હરિ વિના બીજું દીસે નહિ રે, મારી દ્વૈતની દૃષ્ટિ ટળી ગઇ રે. તમે૦ ૮
મારાં અનંત લોચન ઉઘડયાં રે, સર્વ રામજીનાં રૂપ દૃષ્ટે પડયાં રે. તમે૦ ૯
હું તો હરખે હીંડું ને જોતી ફરું રે, મુજને પ્રપંચનું વૈકુંઠ વિસર્યું રે. તમે૦ ૧૦
બાધું અખંડ મંડળ નિહાળતાં રે, થઇ તન તદ્રૂપ સંભાળતાં રે. તમે૦ ૧૧
નખ શિખ લગી હરિ વ્યાપી રહ્યો રે, જેવો વેદે કહ્યો તેવો લહ્યો રે. તમે૦ ૧૨
ભૂલ્યું હતું તે ધન ઘરમાં જડયું રે, મહા આનંદ ઉપજ્યો મનડું ઠર્યું રે. તમે૦ ૧૩
હવે જન્મ સફળ થયો માહરો રે, મળ્યો બાવન અક્ષર બાહરો રે. તમે૦ ૧૪
સર્વ ઠામથી અળગો ન થાય રે, અણું માંહે તે અણું માંય રે. તમે૦ ૧૫
હવે પ્રપંચ પુરાણના પરા થયા રે, દાસ ગોપાળના પ્રભુ જ્યારે લહ્યા રે. તમે૦ ૧૬

અનુરોધ

("હિંદુપંચ"ના એક અંકમાંથી)

સુનતા હૂં સર્વેશ વિશ્વ મેં સત્વર આને વાલે હો,
અનય નશાને વાલે જગ મેં શાન્તિ બસાને વાલે હો.
યદિ આતે હો તો અપને હી નિજગૃહ મેં આના ભગવન્,
યદુકુલભૂષણ, ઔર કહીં મત ભારત તજ જાના ભગવન્. (૧)
સર્વપ્રથમ તેરી પદપૂજા કરને કા અધિકાર હમેં,
તેરે પદ ગહિ પતન સિંધુ સે, તરને કા અધિકાર હમેં.
પ્રગટિત કરકે અપની પ્રતિમા, જગ કો આલોકિત કર દો,
ભારત કી કમનીય કીર્તિ, હે કૃષ્ણ ! ભુવનભર મેં ભર દો. (૨)

[illegible] શિક્ષણ એ શિક્ષણ નથી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] યુરોપના ઇતિહાસસમુ [illegible] નથી, [illegible] તો યુરોપ- [illegible], એલીઝાબેથ અને [illegible] વિભૂતિઓ તો લંડનની [illegible] હોય!

વાચક! ભારતીય ઇતિહાસનો પારો જરા ઉંચો કર. ઉત્સાહ કે યુરોપની વિભૂતિઓનાં નામો ત્યાંજ અમર રહો અને ત્યાંજ રહેશે.

પરંતુ જગતના હેરતો ક્રોડ માનવલોકના ઇતિહાસમાં ભગવાન શ્રીકૃષ્ણ અને પ્રતાપી રામચંદ્ર કેટલા થયા છે? જગતમાંથી અધર્મનો નાશ કરનાર પરશુધારી રુદ્રના અવતારસમા ભગવાન પરશુરામ કેટલા છે? દ્રૌપદી અને સીતા જેવી આગ રેલતી, દમયંતી અને તારામતી જેવી આદર્શ સતીઓ કેટલી છે? રણમેદાને ઝઝુમનારી દુર્ગાના અવતારસમી બ્રાહ્મણસમાજના રત્નસમી લક્ષ્મીબાઈ કેટલી છે? મહાન સિકંદર જેની અપૂર્વ શક્તિથી શરમાયો તેવા બ્રાહ્મણ-સમ્રાટ્ પૌરસ કેટલા છે? મરણીયા પ્રતાપ અને વીર દુર્ગાદાસ કેટલા છે? દેહદિવાસો ખડી કરીને શત્રુઓની સામે માતૃભૂમિની રક્ષા માટે કિલ્લા રચનારા બ્રહ્મતેજથી દેદીપ્યમાન બ્રાહ્મણો અને ક્ષાત્રતેજથી સૂર્યસમા ક્ષત્રિયો કેટલા છે? ૨૫-૩૦ વર્ષની ટુંકી મુદતમાં જગતની એક મહાન જબરદસ્ત સલ્તનતના પાયા હચમચાવી મુકી તેના ચુરા કરનારા શિવાજી મહારાજ કેટલા છે?

વિશ્વમાં જે શોધ્યું નમળે તેવું ઘણુંએ આપણા આ પવિત્ર હિંદમાં છે, પણ એ ભાન કરાવનાર શાળાઓ અને કોલેજો તો આજે અમારા ભારતના ભાવી સંચાલકોને ગુલામી મનોવૃત્તિજ શિક્ષણ દે છે.

ભૂખે મરતી માતાઓ-બહેનો અને બચ્ચાંઓના દુઃખભર્યાં પોકારો સાંભળીને માતૃભૂમિનો ઉપહાસ થતો જોઇને જે વિદ્યાર્થીઓનાં હૈયાં નથી દુઃખતાં તે વિદ્યાર્થીઓ, તે શિક્ષણ હિંદને

ભારરૂપ છે, બોજારૂપ છે. જે વિદ્યા, જે શિક્ષણ નવયુવાનોમાં સ્વાતંત્ર્યજુસ્સો ઉત્પન્ન ન શકે, માતૃભૂમિની ભક્તિ, સ્વમાન અને સ્વધર્મમાટે મરી ફીટવાનું આદર્શ શિક્ષણ ન શકે; તે વિદ્યા, તે શિક્ષણ, તે શાળા અને કૉલેજો ભારતીય ઉન્નતિ અને સ્વરાજ્ય તેમજ સ્વતંત્રતાની પ્રાપ્તિમાં અડચણ અને વિઘ્નરૂપજ છે. આજનું શિક્ષણ એ શિક્ષણ નથી, પરંતુ ગુલામીનાં બંધનોને મજબૂત કરનારૂં એક ભયંકર યંત્ર છે. રાજ્યકારોબારમાં સહેલાઈથી સત્તા ચલાવવામાં સહાયભૂત થનારૂં ગુલામીને પોષનારૂં એક યંત્ર છે. જો દેશમાં સ્વરાજ સ્થાપવું હો તો વિદ્યાર્થીઓને સ્વમાન, સ્વધર્મ અને સ્વાતંત્ર્યના સંસ્કારો ઉત્પન્ન કરવા પ્રયાસો આદરો. રાષ્ટ્રોન્નતિ એજ જીંદગીનું સાર્થક્ય. એ પવિત્ર મંત્ર વિદ્યાર્થીઓના કાનમાં જ્યારે ગુંજાર કરતો થાય, ત્યારેજ આપણો પવિત્ર ધર્મ, આપણો વહાલો દેશ ઉન્નત થાય, સ્વતંત્ર થાય અને જ્યારે ત્યારેજ આપણે ભારતવર્ષનો વિજયડંકો વગડાવી શકીએ.

નેવનાં પાણી મોભે ચઢ્યાં !!

('હિંદુસ્થાન' તા. ૨૨-૮-૧૯૨૭ ના અંકમાંથી)

હિંદુધર્મના ઇતિહાસમાં તા. ૨૧ મી ઓગસ્ટ ૧૯૨૭ નો દિવસ જરૂર યાદગાર રહેશે ! દિલ્હીમાં તે દિવસે ગોસ્વામી શ્રી ગંગાપ્રસાદજી મહારાજે પોતાના કટરાનીલ મંદિરમાં અત્યંજોને દાખલ થવા દીધા ! સાંજના ૭ વાગે મોટો જલસો કરવામાં આવ્યો અને સેંકડો અંત્યજોએ યમુનાજીમાં સ્નાન કરીને, અને કપાળમાં તિલક લગાવીને મહારાજશ્રીની મંજુરીથી દેવમંદિરમાં પ્રવેશ કર્યો ! હિંદુભાઇઓએ તેમનો સત્કાર કર્યો અને પ્રસાદ વહેંચવામાં આવ્યો ! દિલ્હીના "અર્જુન" પત્રના તા. ૨૮ મી ઑગસ્ટના અંકમાં આ ખુશખબર પ્રગટ કરતાં [illegible] અને આવાં આવકારદાયક પગલાંનું દેશભરમાં અનુકરણ કરવામાં આવે, અને હિંદુ ધર્મ ઉપરના કલંકને ટાળવાની સાથે, બ્રિટિશ સંસ્થાનોમાં અસ્પૃશ્યતાના સંબંધમાં, એ હિંદીઓના [illegible] તુંડમીજાજી ગોરાઓ જે મ્હોંટોણાં મારે છે, તેનો પણ સદાને માટે અંત આવે [illegible] આ દેશનો નીતિપરાયણ, ધર્મપ્રેમી, વિચારશીલ વર્ગ ઇચ્છે છે !! હિંદુ માન્યતા મુજબ [illegible] નહાવાથી જેમ પવિત્ર થવાય છે, તેમ મહારાજશ્રી ગંગાપ્રસાદજીએ પોતાની ઉદાર બુદ્ધિના [illegible] સ્નાન કરાવી અસ્પૃશ્ય મનાતા અત્યંજોને પાવન કરીને, પોતાના [illegible] સદાને માટે અમર બનાવ્યા છે ! પરમાત્મા અમારા ધર્માચાર્યોના સકળ સંઘને આવી સન્મતિ આપો [illegible]

* * * *

દૂધમાં સાકર ભળી !!

('હિંદુસ્થાન' તા. ૨૨-૮-૧૯૨૭ ના અંકમાંથી)

"દૂધમાં સાકર અને છાશમાં મીઠું હોય" એ વાત સાચી છે ! હિંદુ [illegible] [illegible] "અર્જુન" [illegible] [illegible]

હિંદ હજી પણ જગતને સંસ્કૃતિના પાઠ આપી શકે તેમ છે

હિંદના સંગીતનેતા શ્રી દિલીપ રોય

એમના અનુપમ સંગીતથી યુરોપમાં ઠઠ જામી જતી એ છાપ

('હિંદુસ્તાન અને રાજસ્થાન'ના એક અંકમાંથી)

(લંડન [illegible] [illegible] છે. [illegible] [illegible] શ્રી દિલીપકુમાર રૉય એક [illegible] [illegible] છે અને હિંદના સંગીતને [illegible] તેમના દિલમાં [illegible] રહી રહ્યો છે. [illegible] તેને માટે તેઓ [illegible] [illegible] હિંદને [illegible] [illegible] [illegible] પ્રચારો [illegible] અને [illegible] તેમને [illegible] [illegible] [illegible] [illegible] છે. તેમનું સંગીત [illegible] [illegible] છે. 'મને [illegible]'ના [illegible] [illegible] [illegible] છે.)

પશ્ચિમની પાસેથી શિક્ષણ લેવા જનારને બદલે તેને શિક્ષણ આપવા માટે પૂર્વમાંથી થોડી વ્યક્તિઓ ત્યાં જાય છે. એવી થોડી વ્યક્તિઓમાંની એક તે જાણીતા બંગાળી સંગીતવેત્તા દિલીપકુમાર રૉય છે. મળી આવનમાં પશ્ચિમને આમ શિક્ષણ આપવા ઘણા પુરુષોને ત્યાં મોકલી શકે તેમ છે, પરંતુ ઇંગ્લૅન્ડની સારે જતા હિંદને ખરેખરા એકનિષ્ઠ એવા પુરુષ [illegible] થોડા છે, કે જેઓ પશ્ચિમની સારે જવા આગાઉ અગર તો ત્યાં પહોંચ્યા પછી 'સાહેબલોક' બની ગયા ન હોય. આ નાનકડા બેટમાં (ઇંગ્લૅન્ડમાં) જે હજારો હિંદી વિદ્યાર્થીઓ [illegible] રહે છે, તેઓ 'સાહેબશાહી' બની ગયા છે, એ સાચેજ દિલગીર થવા જેવું છે.

હિંદની સંસ્કૃતિમાટે અભિમાન

એવા હિંદીઓ તો આપણને માત્ર ગણ્યાગાંઠ્યાજ મળે છે, કે જેમને એવી પૂરેપૂરી આત્મશ્રદ્ધા બેસી ગઇ હોય કે, હિંદની પાસે પોતાની તેમજ યુગયુગથી પોતાનામાં પચાવી દીધેલી એવી પરની સંસ્કૃતિમાંથી પશ્ચિમને ઘણુંય આપવા જેવું છે. જો કે થોડાં વર્ષો પહેલાંજ હિંદ મા ઘરને ચાહનારાઓનોજ દેશ ગણાતો, માણસો ભાગ્યેજ દરિયાપાર જતા; છતાંપણ તેના ઉદાર [illegible]ને લીધે, તે દેશવાસીઓ પોતાનીજ ભૂમિમાં અનેક જાતિ અને સંસ્કૃતિના સમાગમમાં આવેલા છે

શ્રી દિલીપ બાબુ

શ્રી. દિલીપ બાબુ એવી આત્મશ્રદ્ધાઓ ધરાવનારામાંના એક છે, કે જેઓ એમ માને છે કે હિંદમાં 'આપવા'ની શક્તિ છે. તેઓ સંકુચિત નજરના માનવી નથી. તેમણે દરિયાપાર સફરો ખેડી છે અને તેમનું દષ્ટિબિંદુ વિશાળ છે, તેમજ પશ્ચિમની ઘણી જાતિઓના જીવન તે જોનારા પણ છે. આ બધાને સારૂ એમના દિલમાં સ્થાન છે, તોપણ હિંદના સંગીતની દેશીયતા મટી જાય તે એમને ગમતું નથી, અને તેથી તેમને એજ એક ચિંતા હમેશાં રહે છે.

હિંદનું આદર્શ સંગીત

હિંદનું સંગીત આદર્શ છે, એ વાત હજી પશ્ચિમને સમજવાની છે. એ વાત શ્રી દિલીપ બાબુ પાસેથી જાણી શકાય છે. જેમણે સર જગદીશચંદ્રના ભાષણમાંનો "કેટલાક રોપાઓ હિંદુ કરતાં સારગણી વધુ લાગણીવાળા હોય છે, પરંતુ સામાન્ય યુરોપીયન કરતાં હિંદુ વિદ્યાર્થી બમણી લાગણી ધરાવે છે" એ ખુલાસો સાંભળ્યો છે, તેઓ દિલીપ કુમારની કદર કરી શકશે તેમજ તેમને સમજી શકશે.

હિંદી સંગીતમાંનું સત્ય

આમાં રહેલું સત્ય કદાચ હિંદી સંગીતમાંથી પણ નરી આવે છે; કારણ આપણે વાંચીએ છીએ કે: "પશ્ચિમના સંગીતની સ્વરમાલિકામાં અર્ધસપ્તકથી કમી સુર નથી, જ્યારે હિંદ સંગીતમાં પાસપીકના સુર પણ છે અને તેને લીધે યુરોપીયનો હિંદી સુરોની નકલ કરી શકતા નથી." વળી પ્રાચીન હિંદુ રાગો ઘણાજ થોડા યુરોપીયનો જાણે છે અને એ રાગોનાં સ્વરૂપ એવા છે કે, આપણે પશ્ચિમની 'હૅર્મની'ની પદ્ધતિમાં ઉતરી શકતા નથી.

હિંદી સંગીતનું ઉચ્ચ વાતાવરણ

ડૉ૦ બેસંટે એક વખત ભાષણ કરતાં જણાવ્યું હતું કે, હિંદી સંગીત બરાબર માટે યૂરોપીયનોના કાનો કેળવવા જોઇએ. બન્ને સંગીતોમાં તફાવત એ છે કે, જ્યારે પ. સંગીત મનુષ્યના મૂળ વિકારો અને ભાવોને ઉત્તેજિત કરે છે, ત્યારે હિંદી સંગીત નિર્મળ ભાવવાળું હોઈ ગાનારને ઉન્નત વાતાવરણમાં લઇ જાય છે અને એ વાતાવરણમાંથી પછી ગાનાર અને સાંભળનાર પવિત્ર ધાર્મિક જગતમાં પ્રવેશ કરે છે.

સદીઓ લાગશે

ડૉ૦ રૉયે થોડા વખત ઉપર "હિંદી સંગીતમાં રાગો" એ વિષયપર ભાષણ આપ્યું હતું જેણે હિંદી સંગીતની સુંદરતાપ્રત્યે આપણી આંખો ઉઘાડી હતી. આ સંબંધમાં એક જાણીતા લેખકના શબ્દો અત્રે યાદ કરવાની જરૂર છે. તે એ કે, "જ્યારે એંગ્લો-સેકસન જાતના વડવાઓ જંગલો અને ગુફામાં રહેતા હતા, પોતાનાં નાગાં બદનો રંગોથી ચીતરતા હતા, કાચું માંસ ખાતા અને વસ્ત્રોમાં જાનવરોનાં ચામડાં પહેરતા હતા, તે વખતે હિંદના ગગનમાં સંસ્કૃતિનો સૂર્ય પૂર્ણ પ્રકાશી રહ્યો હતો અને તેથી હિંદી સંગીત સમજવામાટે આપણા કાનો પૂરતા 'સેન્સીટીવ' થવા માટે જમાનાઓ જોઇશે.

પૂર્વનો ગુપ્તવાદ

પશ્ચિમ સાથે સરખાવતાં ધાર્મિક વિચારણાના ક્ષેત્રમાં હિંદે ઘણી પ્રગતિ કરી છે અને આપણા લોકો પૂર્વનો ગુપ્તવાદ અને ધર્મ શું છે, તે હવે રહી રહીને સમજવા લાગ્યા છે. હિંદી સંગીતની મીઠાશ અનુભવવા માટે આ ગુપ્તવાદનો સાક્ષાત્કાર થવાની જરૂર છે.

મી૦ રૉયની પદ્ધતિ

અંગ્રેજ પ્રેક્ષકો, જે સંગીત તેમની આગળ રજુ થાય તેનો રાગ અને આલાપ સાંભળતાં પહેલાં તેનો અર્થ જાણવાને આતુર હોય છે. મી૦ દિલીપકુમાર આ ખાસિયત જાણતા હોઇ જ્યારે જ્યારે અંગ્રેજ પ્રેક્ષકો સમક્ષ ભાષણ કરે છે કે પોતાનાં ગાયનો રજુ કરે છે, ત્યારે જે રાગો ગાવાના હોય તેના અર્થનો અંગ્રેજી તરજુમો તે પ્રેક્ષકોને પૂરો પાડે છે. અને આ અર્થ ઘણોજ સુંદર હોય છે. રાગની મીઠાશની સાથે ઉંડું તત્ત્વજ્ઞાન અને વેદાંત તેમાં સમાયલું હોય છે. વળી રાગની અંદર જે શબ્દો હોય છે, તે પણ જાણે મોતીના દાણાને ચુંટી ચુંટીને મૂકવામાં આવ્યા હોય છે અને તેથી સંગીતની અસર ઘણી બળવત્તર થાય છે.

ભીખારીએ શીખવ્યું

એક વાતથી હું ખરેખર છક્ક થઈ ગઈ. એક મેળાવડામાં એક ઘણોજ અચ્છો રાગ રજુ કરતાં મી૦ દિલીપકુમારે એ નવાઇ જેવી ખબર આપી કે, એ રાગ તેમને કલકત્તામાં તેમના દ્વારે માગવા આવેલા એક ભીખારીએ શીખવ્યો હતો. મી૦ રૉયને બદલે કોઈ પશ્ચિમનો સંગીતવેત્તા હોત તો એમ જાહેર કરત કે, ઑનરેબલ ફલાણા ઢીકણા કે લૉર્ડ પેલા કે લેડી પેલીએ જેમની મિત્રાનું પોતાને માન છે, તેમણે એ રાગ શીખવ્યો હતો.

મી૦ રૉયની દેશપ્રીતિ

મી૦ દિલીપકુમાર રૉયની દેશપ્રીતિ, તેમનાં વર્તન અને તેમના પોશાકમાં તરી આવે છે; પણ તે સાથે મી૦ રૉયમાં વધુ ગુણ તો એ છે કે, પોતાની સંસ્કૃતિ જાળવી રાખવા સાથે બીજી સંસ્કૃતિઓમાં સારૂં તત્ત્વ દેખાય તેને ગ્રહણ કરવા તેઓ તત્પર અને આતુર રહે છે.

મી૦ રૉયનો ડ્રેસ શુદ્ધ હિંદી છે, અને તે કેવો સુંદર લાગે છે? અંગ્રેજો પરદેશમાં જાય ત્યારે પોતાનો સ્વદેશી પોશાક જાળવી રાખે છે, પણ તેમના પોશાકમાં રંગોની [illegible] ખૂબી હોતી નથી. જ્યારે હિંદી પોશાકમાં રંગોની સુંદર મિલાવટથી આંખને ઠંડક [illegible] [illegible] તંદુરસ્તી માટે પણ તે [illegible] છે. [illegible] પણ હવે તો [illegible] કર્યું છે કે, [illegible] રંગોથી ચોક્કસ [illegible] થાય છે. મી૦ રૉય યૂરોપ અને [illegible]માં ઘૂમતાં પોતાના હિંદી પોશાકને છોડતા નથી.

મી૦ રૉય કદી પણ [illegible] [illegible] [illegible]

... વર્તમાન અને તેમને રોજ અખબારોમાં તેમને પોતાને આનંદ આવે છે. વળી ... બીજે ખાન મિજબાનો ખુબ તેમની સ્વમાનની તીવ્ર લાગણી છે.

ઈંગ્લંડમાં ઘણના બીજા હિંદીઓની માફક તેઓ 'પોતે છુટાપણી પ્રજા છે અને અકરેજે ... ની પ્રજા છે' એમ કદી માનતા નથી. પોતાના સ્વમાનનો સવાલ આવે ત્યાં તે બહુ ...

ઈંગ્લંડમાં સત્કાર

જો કે મી૦ ફૈય આ વખતે ખાસ જોરજુલમી ઈંગ્લૅંડ નહીં આવ્યા; છતાં પણ અત્યારસુધી, લંડન અને શહેરોમાં તેમનો સારો સત્કાર થયો છે. થીઓસોફીકલ સોસાયટીની કેંબ્રીજ શાખામાં તેમણે ભાષણ અને સંગીત રજુ કર્યું હતું. ત્યાં તેમને હિંદુસ્તાન આવકાર મળ્યો હ... યુનિવર્સિટી સોસાયટીનો કોન્સર્ટ, અને નૅશનલ ઍન્ડ નેશનલ ઈંડીઅન એસોસીએશનના મે... વડામાં પણ તેમને ઘણું માન મળ્યું હતું. એક ડ્રામેટિક સોસાયટી સમગ્ર બાદશાહનગરે ... ટેનના ઓળખાણ આપી હતી, ઑક્સફર્ડમાં તેમના માનમાં એક મોટો મેળાવડો કરી ને ... ભાષણ આપવામાં આવ્યું હતું. પારીસમાં સોસાયટિ દી માસા, અનેનાસ આગળ કૉન્ફરન્સ ... ધર્મના સભામાં તેમણે સંગીત રજુ કર્યું હતું. 'ફેલોશીપ ઑફ ફેઇથ' એટલે સર્વધર્મની પરિષદમાં ... વિદ્યાકુમાર ભાષણ આપવાના છે, અને ત્યાર પછી અમેરિકા જવાના છે. અમેરિકામાં ... વિવેકાનંદે જે છાપ પાડી હતી, તેવીજ છાપ ફૈય પાડશે તેમાં નવાઇ નથી.

સૂર્યનો સાચો ઉપાસક

(લેખક-કનૈયાલાલ ગિ. કોઠારી બી. એ. 'હિંદુસ્તાન' તા. ૧૨-૮-૨૭ ના અંકમાંથી

સૂર્ય પ્રાણદાતા છે, જીવનદાતા છે; કારણ કે ગરમી, પ્રકાશ અને વિજળી, એ ત્રણે વસ્તુઓ ... આપનાર છે. પ્રાણીમાત્રને જીવન સમર્પનાર અને વનસ્પતિમાત્રનો તે આધાર છે. તેનાજ આકર્ષ... પૃથ્વી આકાશમાં ફરી રહી છે અને ગ્રહોસાથે ફરતું સૂર્યમંડળ, આ અનંત કોટી બ્રહ્માંડોમાં ઈશ્વરની અગમ્ય કળા દર્શાવી તેનો કોઇ મહાન હેતુ સિદ્ધ કરી રહેલ છે! સૂર્ય જડ વસ્તુ છે આગનો ગોળો છે; છતાં ઉપર જણાવેલા તેના અનેકવિધ ગુણોને લીધે, આપણા બાહ્ય... સવિતાદેવની શ્રી સૂર્યનારાયણ ભગવાનતરીકે પૂજા અને ઉપાસના કરે છે! જડ વસ્તુની પૂજા-ભ... કરવી એ ભ્રમ છે, પણ ધર્મઢોંગીઓને આવી વહેમી વાતો નફાકારક થઇ પડતી હોવાથી, તેમને ... વાત નહિ સમજાવનાં ભોળા ભાવિકોને આડે માર્ગેજ દોરે છે! જેવી રીતે દુશ્મનનું માથું ... દેનાર તલવાર નહિ પણ તે વાપરનાર કાંડુ-પરાક્રમી પુરૂષ પૂજનીય ગણાય, તેવી રીતે ગ... પ્રકાશ અને વિદ્યુત (વિજળી) પૂરાં પાડનારો જડ સૂર્ય નહિ, પણ તેની મારફતે જીવન આ... પ્રભુજ ઉપાસના કરવા યોગ્ય ગણાવા જોઇએ. જેમ તલવારની પૂજાનો અર્થ તેને સાફસૂફ ... તીક્ષ્ણ, ધારવાળી બનાવવા જેવો થવો જોઇએ, તેમ સૂર્યની ઉપાસનાનો સમાવેશ, તડકામાં સૂર્યનાં કિરણોનો જેટલો બને તેટલો લાભ લેવામાંજ થઇ જવો જોઇએ! આજે તો આવા ... રસ્તા ઉપર ચાલવાને બદલે રવીવારનાં ઉપવાસ કે એકટાણાં કરવાની, બ્રાહ્મણોને દાન દેવાની ત્રાંબા કે રૂપાનાં પતરાં ઉપર સૂર્યનાં કપોલકલ્પિત મોંઢાં કરીને તેની ઉપર ચંદન-અક્ષત ... તેની પાસે ધૂપદીપ કરવાની 'લોભી ગુરુ અને લાલચુ ચેલા' ની અવનવી લીલા ચાલી રહી છે ... બધા મિથ્યા વહેમ અને ખાલી ઢોંગ હોવાથી, બિચારા ભોળા અજ્ઞાન લોકો બ્રાહ્મણોની ... જાળ અને ખોટી આળપંપાળમાંથી વહેલા છૂટે, એજ ઇચ્છાયોગ્ય થઇ પડે છે!

× × ×

થોડા વખત પહેલાં માર્લબરોમાં મી૦ કેન્સેલર નામના "ધી સનબાથ એડવોકેટ" (... કિરણોમાં સ્નાન કરવાના હિમાયતી) તરીકે જાણીતા અંગ્રેજ ઉપર 'પબ્લીક ડેકેન્સી' (... સભ્યતા)નો ભંગ કરવા બદલ કેસ માંડવામાં આવ્યો હતો. આ માણસ નદીને કિનારે ... ઘણોખરો ભાગ ખુલ્લો રાખીને, સૂર્યનાં કિરણોમાં સ્નાન કરવા માટે પડ્યો હતો. હજારો ... તેના પાસેથી પસાર થયાં હતાં, અને ઘણાં બાળકો તેની આજુબાજુ રમતાં હતાં; પણ તે ... રીતે જાહેર રસ્તા ઉપર પડ્યો છે અને તેથી મર્યાદાનો ભંગ થાય છે, એવી કોઇએ ફરિયાદ નહોતી; છતાં પોલીસે તેને પકડ્યો અને ઉપર જણાવ્યું તેમ 'લૌકિક સભ્યતા' નો ભંગ ક...

[illegible] આજે મારે માટે તેટલું બધું કર્યું છે, પરંતુ એ બધું [illegible] આપવા જેવું છે."

[illegible] સવારે વિદાય લેવા [illegible]. તે વખતે તેણે જોયું તો [illegible] કોઈની પણ આંખ કોરી નહોતી.

[illegible] બોલી:—" મારે આજે તમને સર્વને આ [illegible] છે. એ મારો જાતઅનુભવ છે. મારા [illegible] સાંભળી તમારાં હૃદય દ્રવો! તમે બધાં અત્યારે મારી [illegible] કેમ ન રાખી? બા! [illegible] માફ કરજો. [illegible] હવે મરણને [illegible] માફ કરજો."

[illegible] દીકરીઓ પણ [illegible] થશે." [illegible]

[illegible] માટે મારાં સગાં સંબંધીઓમાં નહિ [illegible] એ તો તમે સૌ જાણો છો. મારા સસરા [illegible] મારાં સાસુ [illegible] છે. તમે બધાં એમને કુલીન માનો [illegible]

[illegible]

શ્રદ્ધાએ તો આજે બોલવાનો નિરધારજ કર્યો હતો, તે ફરીથી બોલવા લાગી. આ વ
કેવાં નેત્રોમાં અનેરૂં તેજ-મુખમંડળ ઉપર દૈવી ઓજસ-ચમકી રહ્યું હતું. કો યોગિની ...
તે દીપી રહી હતી. " શું કામ રડો છો ? હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે, પણ તમારી દીકરી કુ.
આપ તેમાંએ દૈવી હેતુજ રહ્યો છે. જે ઘેર પારકી પુત્રીઓ દુઃખી થઇ હોય, તે ઘરની પુત્રી
આપે પણ સુખ નજ મળે. પિતાજી ! બોલો, તમારાજ કુટુંબમાં પુત્રવધૂઓને દીંચકાની સાં
ચેરવાઓ બાંધી દીંચકવામાં આવી નથી ? તેમને ઘોડાઓની ચાબુકે ફટકાવવામાં આવેલ ન-
વેના મુખમાં શ્વાનવી...ભરવામાં આવેલ નથી ? નરકપાતના આથી વધારે શું હશે ? જગતના લો
કાન હોય તો આ મૃત્યુશય્યામાં પડેલી સ્ત્રીનાં વચનો સાંભળજો. જે ઘરની પુત્રવધૂઓ ઉપર ·
પડે છે, તે ઘરની દીકરીઓ કદી સુખી નહિ થાય. જે ઘરમાં પુત્રવધુઓ પીડાય છે, તે
લક્ષ્મી, સુખ, ઉન્નતિ, વિદ્યા, સદાચાર સઘળું હરાય છે ! એ ખોટી મોટાઇ માટે મરતાં, સા
ખાનદાની સિવાયના કહેવાતા કુલીનોને ઘેર રહેંસાવા માટે તમારી દીકરીઓ દેનારાં માબા
આંખો હોય તો જુઓ, કુલીન કુટુંબનો ભોગ થઇ પડેલ આ સ્ત્રીને !"

(૩)

શ્રદ્ધાની જ્ઞાતિમાં એક વર્ગ પોતાને કુલીન મનાવતો હતો, બીજા વર્ગને તેઓ પોતઃ
ઉતરતા ગણતા. તેમને પોતાની દીકરીઓ દેતા નહિ; પરંતુ જેમને તેઓ ઉતરતા માનતા ..
દીકરીઓ ચાંલ્લાવિના લેતા પણ નહિ. બીજા વર્ગમાં પોતાની જાતને માટે શ્રદ્ધા અને આ
ભાન કશુંએ નહોતું. ધીરે ધીરે બધું લુપ્ત થઇ ગયું હતું, એટલે એવું અપમાન પણ રાજી
કબૂલ કરવામાંજ પોતાને મોટાઇ મળેલી ગણતા. પરિણામે કુલીનો એમની દીકરીઓ(...
સ્ત્રીઓ)ને અપાર કષ્ટ આપતાં. તેમને પેટપૂરતું ખાવા કે પહેરવા વસ્ત્રો પણ આપતા
પણો તો એના બાપેજ પૂરાં પાડવાં જોઇએ, એટલુંજ નહિ પરંતુ રમોડાપ્રવેશ માટે તથા
વિધિઓ માટે પણ કન્યાના પિતાએ મોટી રકમ આપવીજ જોઇએ, એવો હક્ક એ વર્ગે ક
કરી દીધો હતો.

ન્યાયની ખાતર કહેવું જોઇએ કે, નોકરશાહીનો ખરાબમાં ખરાબ સભ્ય પણ એ કહે
કુળવાનો જેવો સંગદિલ નથી હોતો; જનરલ ડાયરની ક્રૂરતા પણ એમની ક્રૂરતા આગળ
વિસાતમાં ન ગણાય. જેની પુત્રીને તેઓ પત્નીતરીકે સ્વીકારે, તે માણસે એમનું તમામ
નીભાવવુંજ જોઇએ, એવી તેમની માન્યતા હતી. એ વર્ગના શિક્ષિત યુવકો સુદ્ધાં એજ
માનનારા અને સ્ત્રીઓને ઘરની ઉંદરડી કરતાં પણ તુચ્છ ગણનારા હતા. આમ છતાં શ્રદ્ધાના
જેવા અનેક પિતાઓ એમની ન્યાતમાં હતા, કે જેઓ કરગરીને પણ તેમને કન્યાઓ આપતા અને
પોતાના કુળને આકાશમાં ચઢાવેલું ગણતા ! જે વર્ગમાંથી સારાસારનો વિચાર કરવાની
સ્વાભિમાન અને વિવેકબુદ્ધિનો નાશ થયો હોય, તે વર્ગની શ્રદ્ધા જેવી નિર્દોષ બાળાઓ
મૃત્યુમુખે પડે તેમાં શી નવાઈ ? એ વર્ગનો ઉદ્ધાર શી રીતે થાય ?

શ્રદ્ધા જન્મથીજ કોમળ હૃદયની, સંસ્કારી આત્માવાળી અને દુશ્મનને પણ વહાલી લાગે
સ્વભાવવાળી હતી. એનાં માતાપિતાની તે એકની એક પુત્રી હોવાથી કુટુંબની લાડકી હતી
લાડને પરિણામે તેના વિદ્યાભ્યાસમાં કે ગૃહવ્યવહારના કાર્યનાં યોગ્ય શિક્ષણમાં લગારે હાનિ
થવા દીધી નહોતી.

શ્રદ્ધાના પિતા એના ગામમાં ડાહ્યા પુરુષ ગણાતા, પાંચ પૈસે સુખી અને પોતાના ન્યાતિ-
માં કુલીન ગણાતા; એટલે શ્રદ્ધાને કહેવાતા કુલીનને ઘેર દેવામાંજ તેઓ મોટાઇ માનતા
એને લીધેજ તેમણે પોતાના કુટુંબના રિવાજની સામે થઇને, ન્યાતમાં વધારે ખાનદાન ગ
કુટુંબમાં શ્રદ્ધાને દીધી; પરંતુ એમની ન્યાતમાં ચારિત્ર્ય કે વિદ્યાની કસોટીથી ખાનદાની
અંકાતી. અમુક ગામમાં અને તેમાં પણ અમુક કુટુંબમાં જન્મે તે-પછી ભલેને પછી કરેલો
ગરીબોના ગળાં રહેંસતો હોય, ખરાબ કર્મો કરી જેલ જેવી આવ્યો હોય, બીજા ગામનો
ભલે પણ તે-ખાનદાન ગણાતો. પોતાને સ્વતઃ ખાનદાન એ રીતે ખાનદાનીની કસોટી ·
એટલે એ કહેવાતા કુલીનો વધારે મક્કમ બની પોતાની પ્રતિષ્ઠા વધારવા લાગ્યા. એ ન્યાતનો

વર્ગ આ નીતિની સામે થતો, પરંતુ શ્રદ્ધાના પિતા જેવાઓ તેમને હસી કાઢતા. પરિણામે વધારે ખાંડ ખાતા. આજે પુત્રીની વાત સાંભળી એજ પિતા પસ્તાઇ રહ્યો હતો!

(૪)

"બ્હેન! શાંત થા, તારી વાત ખરી છે; અમે હવે અમારી ભૂલ જોઇ શકીએ છીએ. તને આરામ કરશે." શ્રદ્ધાના પિતાએ એની શય્યા આગળ આવીને કહ્યું.

બાજુમાંજ શ્રદ્ધાનો જુવાન ભાઇ અવનીશ ચોધાર આંસુ વરસાવી રહ્યો હતો. પોતાની ની વીતક વાતો આજે તેણે પહેલીજ વખત સાંભળી હતી. તેનો આત્મા હિંદુસમાજ અને કરીને કહેવાતા કુલીનો સામે બંડ ઉઠાવવા કકળી રહ્યો હતો.

"પિતાજી! હવે આરામ તો પ્રભુ પોતાની પાસે બોલાવીનેજ આપશે, પરંતુ તમે મારા દૃષ્ટાંતને ભૂલશો નહિ. મારા ભોગે પણ ન્યાતમાં આટલો સુધારો થાય કે બીજી બાળાઓના ભો લેવાતા બચે તોપણ ક્યાં?"

શ્રદ્ધા વધુ બોલવા ઇચ્છતી હતી, પરંતુ શ્રમ એટલો જણાતો હતો કે બોલી શકાતું નહોતું.

એના પિતાએ કપાળપર સ્નેહથી હાથ ફેરવતાં કહ્યું:–"બ્હેન! વિશ્રાંતિ લે, હવે બહુ બોલવા જતાં તબિયત બગડશે."

શ્રદ્ધાના મુખમંડળ ઉપર દિવ્ય તેજ પ્રકાશી ઉઠ્યું, કોઇક અકલ્પ્ય બળે તે બેઠી થઇ ગઇ. તેને ભાન નહોતું, હવામાં હાથ ફેરવતાં તે પોકારી ઉઠી:–"હિંદુસમાજ! મૃત્યુશય્યામાં સુતારી- નાં વચનો સાંભળી લે! હજી જો તારા પીશાચી યંત્રમાં સ્ત્રીવર્ગને આમજ છુંદાવા દઇશ તો હાલના કરતાં પણ તારો વધુ અધઃપાત થશે! પ્રભુની નજરમાં પણ હવે આ જુલ્મ ખુંચી રહ્યો છે. નિર્દોષ બાળાઓની ચિતામાં બળી ન મરવું હોય તો ઓ સમાજ! ચેત."

છેલ્લા શબ્દો બોલતાંજ શ્રદ્ધા ગબડી પડી, તેનાં નેત્રો વિકસિત થઇ ગયાં, મોં સહેજ પહોળું થઇ ગયું; તે હમેશને માટે ગઈ.

સંતસમાગમનો મહિમા

('નવજીવન' તા. ૧૧–૯–૨૭ ના અંક ઉપરથી)

विपत् संपदिवाभाति मृत्युश्चाप्यमृतायते । शून्यमापूर्णतामेति भगवज्जनसङ्गमात् ॥

અર્થાત્ હરિજનોનો સંગમ (મેળાપ) થવાથી વિપત્તિ પણ સંપત્તિ જેવી ભાસે છે, મૃત્યુ પણ અમૃત બની જાય છે અને શૂન્યતા પણ પૂર્ણતા જેવી થઈ રહે છે.

નવું કાટ નહિ ખાય તેવું પોલાદ

("હિંદુસ્થાન"ના એક અંકમાંથી)

રસાયણી પ્રયોગોમાં વધારે ઉપયોગી અને બીજે બધે સ્થળે પણ વધારે કિંમતી, કાટ નહિ ખાય તેવું પોલાદ કે જેનું પ્રમાણ ઉત્તમ પીગળી જાય તેવું ગણાય છે, તે વસ્તુની બનાવટ મેસર્સ ફર્થ કંપનીએ હમણાં કરી છે અને બજારમાં વધારે કિંમતે વેચે છે. આ પોલાદ પતરાં, સળિયા, બારો, નળીઓ, તારો વગેરે દરેક જાતના આકારમાં મળે છે; અને ઉપરાંત હવાના ફેરફારની સામે ટક્કર ઝીલે છે, કાટ ખાતું નથી, ભેજ લાગતો નથી, દરિયાનું પાણી અસર કરતું નથી તેમજ તેજાબ પણ આ પોલાદનું મુદ્દલ રૂપ ફેરવતું નથી. દર ચોરસ ઇંચે ૧૫ ટનની આ પોલાદની પેદાશ છે અને સ્ટેઆઇટ સિલ્વર સ્ટીલને નામે વિલાયતના બજારમાં વેચાય છે.

સાચી શુદ્ધિ આવેલી ક્યારે ગણાય ? પં.

પંડિત કરવાથી નહિ પણ આચરણ થાય ત્યારે

(કિશોર-કુમારી [illegible]ની રેકાર્ડ "હિંદુસ્તાન" ના [illegible] ના અંકમાંથી)

સમાજમાં જુઓ તો સમાન રીતે [illegible] અને વિશેષ કરીને હિંદુસમાજનો [illegible] સંબંધ અને [illegible]ની મૂર્તિમંત [illegible].

× × × × ×

જનમ સંસ્કારથી જે સમાન [illegible] હોય, [illegible]ની પરાકાષ્ઠા અનુભવતાં પણ [illegible] ના આચરણો. પતિને ત્યાં જો રહેવા આવે, જ્યાં જીવનની ઉષા[illegible] [illegible] હોય તે જૂનું મંદિર, જેમના [illegible] મમતા જીવનભર ભૂલી ન શકાય તે મમતાળુ માતપિતા, જેમનાથી છૂટાં પડવું ન [illegible] એવું [illegible] સખીમંડળ, જીવન સાથે [illegible] મંદિરનાં [illegible] સરોવર, નદીના, [illegible], ઉપવનો, મંદિરો અને પરિચિત [illegible] એ બધાંનો ત્યાગ એકલા પતિના [illegible] આતરજ [illegible] કરે છે.

× × × × ×

આ ત્યાગ કરતાં અને પતિસિવાય બીજાં બધાં અજાણ્યાં માણસો, એટલુંજ નહિ પણા પ્રસંગોમાં તો મોટે ભાગે પ્રતિકૂળ સંજોગો અને વાતાવરણમાં આવીને વસવું, એ કેટલું દુઃખદાયી છે, તે તો અનુભવથીજ સમજી શકાય.

× × × × ×

અને પછી તો જ્યાં ઉછર્યા તે સ્થાનને જીવનની લાંબી યાત્રાના એકાદ વિશ્રાંતિસ્થાન માનીને કોઈક સમયેજ આવવાનું. આ આપભોગમાં હિમાલય જેવડો સમય જોઈએ અને [illegible] જોઈએ.

× × × × ×

પુરુષોમાંથી કોઈકજ ઘરજમાઈતરીકે રહેવા જતા–જાય છે, છતાં તેને ત્યાં રહેવું કેટલું સાલે છે તે તો પુરુષવર્ગે ઘરજમાઈમાટે ઠરાવેલી વ્યાખ્યા ઉપરથીજ જણાઈ આવે છે !

× × × × ×

હિંદુસમાજની હાલની રચના પ્રમાણે, એકજ ગામ કે શહેરમાં પરણીને રહેવાનું ઓછી બહેનોના નશીબમાં હોય છે. કેટલીક ન્યાતોમાં તો પચાસ પચાસ માઈલને અંતરે ચૌદ કે પંદર વર્ષની કુમારિકાને, તદ્દનજ ભિન્ન સંસ્કૃતિ, ભિન્ન વિચાર અને ભાષાનાયે ભેદમાં આવીને વસવું પડે છે. આ દશામાં તે બાલિકાની કેવી સ્થિતિ હશે, તે કલ્પનાથી [illegible] શકાય તેમ નથી.

અને સંયુક્ત કુટુંબોમાં પરણ્યો પતિ પણ જ્યાં અજાણી વ્યક્તિ હોય, સાસરીઆં [illegible] કે બીજી કોઈ માની લીધેલી મોટાઈને લીધે, પોતાના કુળમાં નવી આવેલી વહુવારુ તરફ [illegible] કારણે, છતાં એમ કરવાથી કુળની મોટાઈ સચવાશે એવી માની લીધેલી અજ્ઞાનમૂલક [illegible] લીધે, ભેનમા અને બીજાજથી વર્તતાં હોય, પતિ કાં તો પત્નીનો અર્થ સમજતો ન હોય કે પિતાની દોરીએ નાચતો હોય, અથવા તો પગનાં પગરખાં જેવી સ્ત્રીને ગણવામાં પોતાની [illegible] પોતાની માનતો હોય, તે દશામાં પેલી શરમાળ, એકલવાયી, અબોલ બાળાનું શું ?

× × × × ×

ઓ દુનિયાના ડાહ્યાઓ ! હૈયાની કોમળ બારી ક્ષણભર ઉઘાડીને કદી આ વિચાર કર્યો ન કર્યો હોય તો એજ નારીજાતિના ઉદરેથી તમારો જન્મ થયો છે. એજ નારીજાતિની [illegible] ઓ તરફથી તમને મીઠો અને મમતાભર્યો પ્રેમ મળ્યો છે, અને એજ નારીજાતિમાંથી

• એ બહેનને તેમની આ નિડર લેખ લખવાની બહાદુરી માટે અવગુણગ્રાહક ભિક્ષુના અનેક[illegible]

અર્ધાંગના આવી છે. એટલું વિચારીને પણ ઘડીભર એ જાતિને માટે તમારા હૈયાને કુંણું નાવીને ચિંતન-મનન કરજો.

× × × × ×

એટલો વિચાર કરીને હવે આગળ વધો. સંસારસાગરમાં, તમારી ઉપર મોટે ભાગે આધાર રાખીને સફર આરંભી છે, તે સ્ત્રી પુરુષવર્ગ માટે પદે પદે કેટલી સેવા અને આપભોગ મૂર્તિતરીકે દર્શન દે છે, તેનોએ વિચાર કરો. તમારી દાસી, રસોયણ, ધાટણ, ધોબણ એ બધા વેશ ભજવવા ઉપરાંત, જે સારૂં, તાજું તે તમને સમર્પણ કરે, ઉતરતી રોટલી તે તમને આપે, પોતે ઠંડી જમે, તમારો વિચાર થાય તેટલી વખત તે ચ્હા બનાવે, ભજીયાં તળી આપે, ચેવડો વધારી આપે અને તે પણ 'હું આટલું કરૂં છું, એવી સહેજ પણ ભાવનાવિના માત્ર પ્રેમથી, સ્નેહથી, ખુશીથી! એ તો એકલી હિંદુ બાળાજ કરી શકે!

× × × × ×

પુરુષો કમાઈ લાવે તે પણ સ્ત્રીજાતિ ઉપર ઉપકાર કરતા હોય એમ મનાવે. સ્ત્રીને કપડાં કે ખાવાનું આપતા હોય તે પણ જાણે કે કેવળ ઉદારતાની ખાતર! સિવાય કાયદાની નજરે એને કશા અધિકાર નહિ. મરજી પડે ત્યારે એક પત્ની જીવતી હોવા છતાં પુરુષ તેની પરવા કર્યાવિના બીજી લાવે, કે તેને કોઇક ત્રીજાના વાંકે છોડી દે! બહુ બહુ તો તેને પેટિયાની અધિકારી ગણવામાં આવે, અને સમાજ તેમજ કાયદો તેને મદદ કરે; અરે! એટલુંજ નહિ પણ પુરુષોએ રચેલાં શાસ્ત્રો પણ સ્ત્રીઓની સામેજ!

× × × × ×

કાળઃપાણીની કરુણકથાઓ વાંચીને કંપનારા ઓ યુવાનો અને પુરુષો! ધનવાનો અને સત્તાવાનોની હેવાનિયતોને અનેકમુખે નિંદનારા ઓ બહાદુર જવાંમર્દો! પૃથ્વી ઉપરજ, તમારાં ગુરુમંદિરોમાંજ, નિરાધાર નારીજાતિ ઉપર, તમારા સમાજ, શાસ્ત્રો અને કાયદાના જોરે, સીતમની આતસબાજી સળગાવવામાં આવે છે; અને તેમાં તમે પરોક્ષ અથવા તો પ્રતયક્ષ રીતે ભાગીદાર બનો છો, એનો ખ્યાલ કયારે કરશો?

× × × × ×

સુંદરીસંઘનો આપભોગ તો હજીએ ઉજ્જવળ અને અમર નામનાવંતો ગણાવવો બાકી છે; સુંદરીએ તો પુરુષજાતિને ચરણે સર્વાંગ સમર્પણ કરી દીધું છે. પોતાની તંદુરસ્તીના ભોગે પણ તે તમારી વંશની વેલને વાધતી રાખે છે. તમારા એ ભાવિ વંશજને ઉછેરવા અનેક તપ એજ તપે છે. જે તપ આગળ ઋષિમહર્ષિઓનાં તપ પણ પાછાં પડે; અરે, એટલુંજ શું કામ, વાધતી વયે તે તમારાં સંતાનોનાં સંતાનને પણ પોતાના વૃદ્ધ ખોળામાં ઉછેરી આપે છે. સદાય તે કરકસર કરતી, પોતાનાં સુખ-સગવડને છેહ દેતી, તમારૂંજ ભલું ચાહતી છેલ્લા શ્વાસ ખેંચે છે.

× × × × ×

સ્ત્રીજાતિના સંયમ અને આપભોગ આગળ તો દેવોનેય માથાં નમાવવાં પડે. પુરુષજાતિએ ઘડેલાં ફરજીયાત બંધનોને મુંગે મોઢે તાબે થતી, મૃત પતિના નામસ્મરણ ઉપરજ અનેક પ્રકારની યાતનાઓ, કષ્ટ, અપમાન અને તપથી જીવન ગાળતી, હિંદુ વિધવાની પવિત્ર મૂર્તિને કોઇ શુદ્ધ સ્વરૂપમાં કલ્પી શકે છે? કલ્પી શકે તે તો નારીજાતિનો પૂજક, ભક્ત બન્યા વિના નજ રહે!

× × × × ×

ઓ હિંદુજાતિના—અરે સમસ્ત માનવજાતિના મર્દો! આવી નારીજાતિને તેના વાસ્તવિક અર્થમાં સમજો, સમજીને સત્કારો અને સત્કારીને તમારી ઉન્નતિ સાધો!

× × × × ×

જીવતાં જે તમારા વંશની વૃદ્ધિમાટે પોતાના રક્તમાંસમાંથી સંતાનો સરજીને, પિતા કરતાંયે સવાયો બનાવીને કુટુંબને સમર્પે છે, તેજ સ્ત્રીનો સંયમ તો જુઓ! કોઇક રોગનો ભોગ બનવાથી-અને સંતાનોત્પત્તિ એ મોટે ભાગે હિંદુસમાજની લાલસા હોવાથી, તે જાતેજ સામગ્રીયોને કે પતિને (સ્ત્રી તરફ કંઇકે માન રાખતા) સમજાવીને, પોતાને શિરે શોકયનું સાલ સ્વેચ્છાએ સરજવામાં સંતોષ માને છે. પતિ જીવતાં તે તેની સેવામાં જન્મનું સાર્થક્ય ગણે છે. (અત્યારે તો

[illegible] આવવા મોટે ભાગે પ્રસંગે છે. તેવા પણ પછી એનું નામસ્મરણ કરતી, આનંદ [illegible] કરતા ભાગી જીવનના કોઈ ન્યાયી ભાગના તમામ અપમાનો અને કાંટાના [illegible] [illegible] છે !

× × × × ×

આ.ની સ્ત્રીજાતિમાં સહીષ્ણુના પણ કેટલી ! અનેક રૂપસુંદરીઓ અને ગુણસુંદરીઓને જોઈ [illegible] પ્રાણ આપે પરણાવી દેવાની ઇચ્છા છે; પણ સાચમાં અને કરોડો કુસુમસુંદર [illegible] (સરસ્વતીચંદ્રના) પ્રમાદધનોને પનારે પડવા છતાં, કલાણ કાળજું કરીને પોતાનું માનું ન [illegible] એમ કરી કરીને, કિસ્મતના મરવા દિવસે આવી કર્માને પણ, જગતના સરસ્વતીચંદ્રોને માન [illegible] પરણી ઝુંપડી નાખતી, દૂર કરતી

પ્રમાદધન મુજ સ્વામી આવા એ વિણ બીજું અન્ય નહી.

એ મંત્રને ઉચ્ચારતાં આનાથીને, અગ્નિમાંથી ઇષ્ટ ગોપની તે ઉઠે છે. ગીતાની, સીતા [illegible], જગતની પણ તે ઉઠે છે. એવી સ્ત્રીજાતિ તો સ્વર્ગમાંથી નિર્મળ મહિમામયી, [illegible] સહીષ્ણુતા અને આપભોગની જીવંત પ્રતિમા જેવી જગત ઉપર આજેય માનવસમાજની [illegible] પુરુષજાતિની મમતા, માન અને સહીષ્ણુતા તથા મમભાવ માગી રહી છે, માગી રહી છે.

× × × × ×

ત્યારે પુરુષજાતિ તેનો કેવો બદલો આપે છે ! સ્ત્રીને બેવકૂફ, અક્કલહીણી, અબળા, [illegible] મતિ રાખનારી, બે-ગમ જેવી ગણીને પુરુષો તેને અપમાને છે; તો પોતાનાં અનેક પાપો [illegible] પોતાના દોરથી ઢાંકપિછોડા પાથરી રાખી, સ્ત્રીજાતિને દુષ્ટ, ન સમજી શકાય તેવા ચારિત્ર્યવ[illegible] કલંકાર કલ્પી કલ્પી, તેની કથાઓ અને કવિતાઓ રચે છે. સ્ત્રીને શાસ્ત્રનો અધિકાર [illegible] પતિની માલમીલકતની અધિકારિણી બનવાનો હક્ક નહિ, ગમે તેવા જુલમની ઘાણીમાં પી[illegible] છતાં અરે-કાર કરવાનીયે છુટ નહિ ! એને તો માત્ર ઢોર, પશુ અને ગમારની માફક કેવળ 'તાડ[illegible] અધિકારિણી' ગણવામાંજ પુરુષજાતિ પોતાની મરદાઇ માને છે !

× × × × ×

સ્ત્રીજાતિને કેવા પ્રતિકૂળ સંજોગોમાં ઉછરવું પડે છે તેનો જરાકે ખ્યાલ કર્યા વિના, ક[illegible] પોતાની ખુબસુરતીના જોર ઉપર, તો કોઈક પોતાના ભણતર અને ડીગ્રીઓના 'મદમાં, તો [illegible] વળી પોતે ખેડેલી દેશપરદેશની સફરોની ખુમારીમાં, પોતાને લગ્નથી સોંપડેલી સ્ત્રીને અ[illegible] અજ્ઞાન, ગામડીઅણ, બદસુરત કલ્પી કલ્પીને 'ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં રમે ત્યારે આનું [illegible] ચૂલામાય' એમ માની માનીને, તેને પોતાને યોગ્ય બનાવવાના પ્રયાસ કરવા જેટલી ધીરજ અ[illegible] સિવાય, માનવતા માગી લે તેટલી સહીષ્ણુતામાંનો શતાંશ પણ તેની તરફ બતાવ્યા સિવાય [illegible] તેનો ત્યાગ કરી બેસવામાં, કે બીજી કોઈ, જેને પોતાને યોગ્ય માની લીધી હોય તેને [illegible], પોતાની કરી ચૂકેલી પત્નીને દગો દેવામાંજ મર્દાઇ માને છે !

× × × × ×

અને છતાં પોતાનાથી અનેક દરજ્જે ચઢિયાતી કોમ અને જાતિની પાસેથી, તેવાઓ પો[illegible] માટે સમાનતા અને સ્વતંત્રતા માગે છે—અભિમાનપૂર્વક માગે છે. આ કયી જાતનો ન્યાય ?

× × × × ×

હું મારી એક બહેનપણીને ત્યાં મુંબાઇના એક આગળ વધેલા પરામાં ગયા રવીવારે [illegible] ત્યાં સ્વાભાવિક રીતેજ સરલા-ત્રિવેદી લગ્નની વાત નીકળતાં, નિર્મળા જેવીની દશા સ[illegible] આલનાં બાળલગ્નને લીધે તેમજ કાયદો, રૂઢિ અને શાસ્ત્ર સ્ત્રીઓને પ્રતિકૂળ હોવાથીજ નિ[illegible] થાય છે; એ વાત એ સુશિક્ષિત, યુનીવર્સિટીના બેવડી પદવીઓ ધરાવનારા પુરુષોના દિલમાં ચઢતી નહોતી, એ જોઇને મને પારાવાર અજાયબી થઇ.

× × × × ×

એ પુરુષ-બેલડીમાં એક યુવાન અને બીજા પ્રૌઢ વયના છે. જીવદયા અને [illegible] એમની અચળ શ્રદ્ધા છે; છતાં નિર્મળા જેવી સ્ત્રીઓને ન્યાય આપવા જેવી સહેલી ને સાદી

પણ એમના અહિંસક અને ભક્તહૃદય ઉપર હસી શકી નહિ ! આ વાતાવરણ અને રૂઢિની સજ્જડ છાપ !

× × × × ×

મારો પ્રશ્ન એટલોજ હતો:—આ દશામાં મૂકાયલી કોઈક બાળાને સંસારસુખ માણવાની અને આબરૂભરી રીતે પોતાનાં સ્વજનોની વચ્ચે રહેવાની ઈચ્છા હોય, તો તે કયી રીતે રહી શકે? કારણ એ બાઈનો કંઈ દોષ નથી. તેના પતિની સાથે માત્ર હાથ ઝાલીને લગ્નમંડપમાં ફરવાનો માત્ર તેણે લહાવો લીધો છે. તો પછી સમાજે તેને પ્રતિષ્ઠાપૂર્વક જીવીને ઇચ્છા હોય તો સંસારસુખ ભોગવવાની સગવડ શું કામ ન આપવી?

પેલા બંને ભાઇઓ આ વાત સ્વીકારેજ નહિ. એમની તો એકજ હઠ "એવી સ્ત્રીઓને કોણ રોકે છે?"

અર્થાત્ કાં તો તેણે ગુપ્ત પાપ કરવું કે પોતાનાં હાડમાંસ વેચનાર દુર્ભાગી સ્ત્રીઓનું જીવન ગાળવું !

× × × × ×

આ બન્ને ભાઈઓને મુખે મને હિંદુસમાજના મતનો પડઘો સંભળાય છે ! એક નિર્દોષ બાળાને, તેના કશા પણ ગુન્હાવિના દંડ દેવો એ કેટલી ક્રૂરતા છે, તે વાતજ જીવદયાની વાતો કરનારાઓને સમજાતી નથી. આવી દશામાં મૂકાયેલ જે સ્ત્રીને માન અને પ્રતિષ્ઠાથી રહીને સંસાર જોવો હોય, તેને માટે અત્યારે તો કશો માર્ગ છેજ નહિ !

× × × × ×

અને એ માર્ગ બંધ છે એમ કોણ કહે છે? પચાસમે વર્ષે પણ મુછે ને માથે કલપ લગાવી પાંચમી વખત પરણવા નીકળનાર બુઢ્ઢાના વરઘોડામાં ખુશીથી મહાલવા જનારાઓ !

× × × × ×

વળી આવું એકજ ન્યાતમાં કે સમાજમાં છે, એમ પણ કોઇ રખે માની લે. મ. ગાંધીજીએ સમણાં યુવાનોને સલાહ આપી કે, તમે પરણો તો બાળવિધવાઓ સાથેજ પરણજો. તુરતજ એમના વડીલ પુત્રે એમને પડકાર આપ્યો કે, આપે એક પુત્રને પરણાવ્યો અને બીજાને પરણાવવાની તૈયારીમાં છો. શામાટે તેને કોઇ બાલવિધવા જોડે વરાવતા નથી? અને આપનાજ કુટુંબમાં કયાં બાલવિધવાઓ નથી? તેમનું શું?

× × × × ×

એટલે કે–ગાંધીજી પણ આવી બાબતોમાં માત્ર પરોપદેશેજ પંડિતપણું બતાવી રહ્યા છે.

× × × × ×

એટલેજ સ્ત્રીઓએ પોતેજ પોતાનો ઉદ્ધાર મેળવવા માટે બહાર પડવાની જરૂર છે. બીજા કોઇની પણ સહાયતાથી આપણો ઉદ્ધાર થાય એમ નથી, એ વાત આપણે બરાબર લક્ષમાં લેવી ઘટે છે; અને સમાજ તેમજ કાયદામાંથી સ્ત્રીજાતિ માટેની અસમાનતા કઢાવી નંખાવવા સામાજિક બળવો કરવો પડે તોપણ ગભરાવું જોઇતું નથી.

× × × × ×

પશ્ચિમની બહેનોએ બાઇબલમાં પણ સુધારો કરાવ્યો છે, અને લગ્નનાં વ્રતો પણ તેઓ ક્રિશ્ચિયન આચાર્યો (પાદરીઓ) પાસે ફેરવાવ્યાં છે. આપણે પણ એમની માફક સ્વાશ્રયી બનવું જોઇએ છે; કારણ આપ મુઆ વિના સ્વર્ગે કદી પણ જવાનું નથીજ.

ધર્મની અંતિમ પરીક્ષા*

("આર્યપ્રકાશ" તા. ૨૫-૯-૧૯૨૭ ના અંકમાંથી)

મુગલસરાયના સ્ટેશન ઉપર અસંખ્ય મનુષ્યોથી ભીડ જામી હતી. સૂર્યગ્રહણ-સ્નાનનું [illegible] મેળવવાના હેતુથી સેંકડો ગામના યાત્રાળુઓ દૂર દૂરથી આવેલા હતા. અર્ધી રાત્રિના સ[illegible] મુગલસરાયના સ્ટેશનનું પ્લેટફૉર્મ મધમાખોની પેઠે યાત્રાળુઓથી ઉભરાઇ ગયું હતું. એટલી અ[illegible] હતી કે નબળા પોચા માણસને તેમાંથી સુરક્ષિત બહાર નીકળવું મુશ્કેલ હતું. શોરબકો[illegible] એટલો હતો કે, કોઇ કોઈની વાત સ્પષ્ટ સાંભળી શકાતી નહોતી. કેટલાક એકબીજાનો હ[illegible] [illegible]ઈને કંપાર્ટ બહાર જવા માટે પ્રયત્ન કરતા હતા. કેટલાક એક સ્થળે ઉભા રહી ભીડ [illegible] [illegible]ની રાહ જોઈ રહ્યા હતા. કેટલાક ગભરાયેલી હાલતમાં પોતાનાથી છૂટા પડી ગયેલાને [illegible] રહ્યા હતા.

આ ભયંકર ભીડમાંથી એક બાળા છૂટી પડી જવાથી પ્લેટફૉર્મના એક ખૂણા ઉપર [illegible] [illegible] કાંપતી હતી. તેનું વય આશરે ૨૨ વર્ષનું હશે. તેણે બે-ત્રણ વર્ષનું એક નાનું બાળક તે[illegible] [illegible]. તેનાં વસ્ત્ર વગેરે જોઇ તે કોઇ કુલીન ઘરની વિધવા હશે, એમ સહજ અનુમાન થઇ શ[illegible] [illegible] અને ખરેખર તે વિધવાજ હતી. તેનું નામ શાંતા. ૧૮ વર્ષની ભરયુવાનીમાં સગર્ભાવસ્[illegible] [illegible]એ તેને વૈધવ્ય આપ્યું હતું. ઉગતી જુવાનીમાં પતિવિહીન બનેલી શાંતા પોતાના નાના બા[illegible] મુખ જોઈ વૈધવ્યદુઃખને વિસરી જવા મથતી હતી. આ બાળકને તે પોતાનું સર્વસ્વ [illegible]તી હતી. તેનાં સાસુ-સસરા તેના ઉપર ઘણીજ માયા રાખતાં હતાં. પોતાની પુત્રી પ્રમાણે [illegible] [illegible]ત્યે વર્તતાં હતાં, અત્યંત ધાર્મિક હતાં. તેઓ આજે સૂર્યગ્રહણપ્રસંગે નદીસ્નાન [illegible] [illegible]ટે શાંતાને લઇને મુગલસરાય આવ્યા હતા. અત્યંત ભીડમાં શાંતા તેમનાથી છૂટી પડી જવા[illegible] [illegible]ટફૉર્મના એક ખૂણામાં ઉભી રહી સાસુ-સસરાને શોધી રહી હતી.

અર્ધી રાત્રે અજાણ્યા સ્થળે આમ એકાએક વડીલોથી જૂદી પડી જવાથી તે ગભ[illegible] [illegible] હતી. તેણે બે હાથમાં ગોપાલને (તેનો પુત્ર) તેડ્યો હતો. સાસુ-સસરાને જોવા માટે [illegible]કૂળ હૃદયે ઉંચી થઇ થઇને ચારે બાજુ દૃષ્ટિ ફેરવી રહી હતી. એવામાં એક આધેડ [illegible] તેની બાજુમાં આવીને ઉભી. થોડીવારે તેણે શાંતાને પૂછ્યું-' બહેન! ક્યાં જવાનાં છો ?' [illegible] [illegible]ના સામું જોઇ રહી. કંઇ બોલી નહિ. થોડીવારે વળી પેલી સ્ત્રીએ અતિનમ્રતા અને મીઠાશથી પૂછ[illegible]

'તમે ક્યાં જવાનાં છો ! કોઇ તમારી સાથે છે કે એકલાં છો ?'

શાંતાએ કહ્યું:-' મારી સાથે મારાં વડીલો છે, તેઓ મારાથી છૂટાં પડી ગયાં છે. તે[illegible] [illegible]માં હું અહીં ઉભી છું.'

પેલી સ્ત્રીએ કહ્યું:-' બહેન! તમે ગભરાશો નહિ. હમણાં તેઓ આવી પહોંચશે, નહિ [illegible] મને શોધી કાઢીશ."

શાંતા:-" પણ આટલી ભારી ભીડમાં તેઓ શી રીતે હાથ લાગશે ?"

પેલી સ્ત્રીએ કહ્યું:-" હાં, ભીડ તો ઘણી છે. મને લાગે છે કે કદાચ તેઓ સ્ટેશનની [illegible] નીકળી ગયાં હોય! તમે મારી સાથે આવો. આપણે બહાર નીકળીને તેમની તપાસ કરીએ [illegible]

[illegible] પણ ઘરની બહાર નહિ નીકળેલી ભોળી શાંતા ગભરાયેલી હાલતમાં [illegible] [illegible]ની પાછળ પાછળ ચાલવા લાગી. સ્ટેશનની બહાર ઘોર અંધારું હતું. અહીં તો [illegible] માણસ પણ હાથ લાગે તેમ નહોતું. પેલી [illegible] શાંતાને કહ્યું કે, અહીંથી [illegible] [illegible] મારી ધર્મશાળા છે. [illegible] [illegible] [illegible] તો જરૂર તમારાં વડીલો મળી જશે.

શાંતાની બુદ્ધિ [illegible]

[illegible]

[illegible]

[illegible]

* [illegible]

પેલી અજાણી સ્ત્રીએ ઉત્તર આપ્યોઃ-" જી હાં, હજુર! હું છું. આજે તો એક કાફર ઓરતને આપની સેવામાટે પકડી લાવી છું."

શાંતા આ અણધારી ઘટનાથી અત્યંત ગભરાઇ ગઇ. ભયભીત બનીને ધ્રૂજવા લાગી.

અમીનાએ તેને કહ્યું:-"અત્યારે રાત્રિ ઘણી વીતી ગઈ છે, માટે હમણાં મારી સાથે સામે મકાનમાં ચાલો અને થોડીવાર વિશ્રાંતિ લ્યો. સવારે ધર્મશાળામાં જઇ, તમારાં વડીલોને મળીશું!"

શાંતાએ કંઇ જવાબ આપ્યો નહિ. શું કરવું તે વિચારવા લાગી! નાસીને અજાણ્યા સ્થળે ક્યાં જવું? બૂમ મારૂં તો કોણ સાંભળે? વગેરે તર્ક-વિતર્કથી તેનું મગજ ભમી ગયું. તેને ચક્કર આવતા હતા, તોપણ એક વસ્તુનું તેને પૂર્ણ ભાન હતું, તેનું શિયળ ભયમાં હતું. તેણે દૃઢતાથી પેલી કુલટાને ઉત્તર આપ્યોઃ "મારે કોઇ ઠેકાણે આવવું નથી. મને પાછી સ્ટેશન ઉપર પહોંચાડી દ્યો."

આ વાક્ય તેના મુખમાંથી નીકળતાંજ પાછળથી એક દુષ્ટ મુસલમાને તેને બાથમાં પકડી લીધી, બીજાએ મુખ ઉપર લુગડાનો ડુચો દબાવી દીધો, ત્રીજાએ તેના બાળકને ઉપાડી લીધો. શાંતાને પણ ઉંચકી લીધી. શાંતાએ પાપીઓના હાથમાંથી છૂટવા માટે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ યમદૂત જેવા મ્લેચ્છોના બળ આગળ તે સઘળું વ્યર્થ હતું.

આ દુષ્ટોની એક ટોળી હતી. તેમાં અમીના પણ મળેલી હતી. તે નિત્ય સ્ટેશન ઉપર પ્રત્યેક ગાડીના સમય ઉપર હાજર રહેતી અને કોઇ અણજાણી ભૂલેલી હિંદુ અબળા હાથ લાગી જાય તો તેને ફસાવીને આ ટોળીવાળાને સોંપી દેતી. ટોળીવાળા પાપી મુસલમાનો તે સ્ત્રીનું સતીત્વ નષ્ટ કરી બળાત્કારે મુસલમાન બનાવી દેતા. અહીં સપડાયેલી કોઇ સ્ત્રી ભાગ્યેજ પુનઃ પોતાના મૂળ ઠેકાણે જવા યત્ન કરતી; કારણ કે આવા સ્થળમાંથી પાછી ફરેલી સ્ત્રીનો તેના કુટુંબમાં સ્વીકાર થવો પણ અસંભવિત હતો.

શાંતાને આ દુષ્ટો એક ઘરમાં ગુપ-ચૂપ લઇ ગયા. ત્યાં એકાંત ઓરડામાં તેને તથા તેના ગોપાલને પૂરવામાં આવ્યાં! તે પછી બાજુના ઓરડામાં સઘળા યવનો એકઠા થયા અને શાંતાનું શિયળ ભંગ કરી તેને મુસલમાન બનાવવાનો વિચાર કરવા લાગ્યા. પેલી દુષ્ટ અમીના બહારના દરવાજે ચોકી કરતી બેઠી.

અહીં કેદ પકડાયેલી શાંતા અજાણ્યા એકાંત સ્થળમાં ભયભીત હાલતમાં ગોપાલને ખોળામાં લઇને મુક્ત થવા માટે અનેક તર્ક-વિતર્ક કરવા લાગી. તેને કોઇ માર્ગ સૂઝતો નહોતો. નાનકડા ગોપાલ અને પોતાનું ભવિષ્ય અતિભયંકર જણાવા લાગ્યું. તેને એક વિચાર સૂઝી આવ્યો. જરૂર જવાનું બહાનું કાઢી નાસી છૂટવું; પણ પોતાના પ્રાણાધિક પુત્રનું શું થાય? પુત્રને લઇને જરૂર જવાનું બાનું કાઢી શકાય નહિ. જો નાસી છૂટાય નહિ, તો જેના માટે ભારતની રમણીઓ ભડભડતી આગમાં ઝુકાવીને પોતાના જીવનનું બલિદાન આપી દેતી, તે મહામૂલા શિયળનો સંપૂર્ણ નાશ થવાનો સંભવ હતો. પવિત્ર આર્યકુળનું ધાવણ ધાવેલી શાંતા પણ સર્વસ્વનો-એકના એક પુત્રનો પણ નાશ થાય તોપણ ધર્મભ્રષ્ટ થવા તૈયાર નહોતી. શિયળ માટે પુત્રપ્રેમને તુચ્છ સમજનારી આર્યજનની આ પૃથ્વીમાં એકજ અને અજોડ છે. શાંતાએ પુત્રને છાતીસરસો ચાંપી આંસુભરી આંખે તેને પ્રભુના ખોળે મૂકી ઓરડાના દ્વાર પાસે જઇ, "ઓ બાઇ! એ બાઇ!" એમ કહી પેલી દુષ્ટા અમીનાને બોલાવવા લાગી. તેનો અવાજ સાંભળી અમીના અને બે-ત્રણ યવનો બારણું ઉઘાડી અંદર આવ્યા. શાંતાએ તેમને નમ્રતાથી જરૂર જવાની ઇચ્છા દર્શાવી. પ્રથમ તો આ પાપીઓ વહેમાયા, પરંતુ શાંતાનો બાળક ઓરડામાંજ હતો, એટલે તેને છોડીને તે નાસી નહિ જાય એમ જાણીને અમીના સાથે તેને ઘરબહાર જરૂર જવાની રજા આપી. શાંતાએ કઠોર હૈયું કરીને પુત્રને છેલ્લો નીરખી લીધો. તેનાં નેત્રોમાં આંસુ ઉભરાઇ આવ્યાં; [illegible] એમ કરીને તે અમીના સાથે ઓરડા બહાર નીકળી. પેલા પાપીઓ પાછા પોતાના ઓરડામાં જઇ બેઠા.

શાંતાએ હવે ચંડિકાનું રૂપ ધારણ કર્યું. તેના રોમરોમમાં પતિવ્રતા-સતીત્વના તેજસ્વી [illegible] [illegible] સર્યું. પેલા યવનો પોતાના બાજુની ઓરડામાં જઇ બેઠા. [illegible] [illegible] અંદરથી બંધ કરેલા દ્વારને બહારની સાંકળ વાસી દીધી, અને [illegible]

કૂદીને નીચે અમીના ઉપર તૂટી પડી! અમીના આ પ્રસંગમાટે બીલકુલ તૈયાર નહોતી. બાળક જમાલ હોવાથી શાંતાએ કંઈ પણ દરકાર કર્યા વગર તેનો ચોટલો પકડી જમીન ઉપર પછાડી અને છાતી ઉપર ચઢી બેઠી! અમીના બૂમો મારવા લાગી. પેલા યવનો તે સાંભળી એકદમ બહાર આવવા માટે ઉઠયા; પરંતુ ઓરડાના દ્વારની બહારથી સાંકળ વાસેલી હતી. બધા આંચકા મારવા લાગ્યા, પરંતુ મજબૂત દ્વાર અને મજબૂત સાંકળ જરા પણ ખસે તેમ નહોતું. તેઓ દ્વાર તોડવા માટે અંદરથી લાઠીઓના પ્રહાર કરવા લાગ્યા. બહાર શાંતા અને અમીનાનું દ્વંદ્વયુદ્ધ થઈ રહ્યું હતું. અમીનાની છાતી ઉપર ચઢી બેઠેલી શાંતાને જાણે કંઈ પ્રેરણા થઈ આવી હોય તેમ તેણે મહાકાળીનું રૂપ ધારણ કરી પાપિણી અમીનાના કંઠ ઉપર બંને હાથના અંગૂઠા જોરથી દબાવી દીધા. અમીનાનો પ્રાણ રૂંધાવા લાગ્યો અને તે હાથ-પગ તરફડવા લાગ્યા.

આ બાજુ લાઠીના પ્રહારથી ઓરડાનું મજબૂત દ્વાર તૂટે એમ નહિ લાગવાથી યવને એક યુક્તિ શોધી કાઢી. તેમણે જોરથી બૂમ મારી શાંતાને ધમકી આપી કે, "જો દ્વાર ઉઘાડે તો તારા છોકરાને કાપી નાખીશું!" શાંતા તો ગાંડી બની ગઈ હતી, તેને દેહનું પણ ભાન નહોતું; તે તો અમીનાના કંઠમાં બંને અંગૂઠા ઘુસાડી દેવામાટે જોર કરી કરી આંચકા દઈ રહી હતી. યવનોએ શાંતાના બાળકને ગોદીવડે મારવા માંડયો. બાળક બૂમો પાડવા લાગ્યો. શાંતા આ કંઈ સાંભળતી નહોતી. થોડીવારમાં તો પાપીએ દરવાજા ઉપરની જાળીમાંથી બાળકનો કાંડામાંથી કાપી નાખેલો પંજો બહાર ફેંકયો. રુધિરથી લાલચોળ રંગાયેલો પંજો બરાબર શાંતાની સમક્ષ આવી પડયો. પડતાંજ તેના રુધિરના છાંટા શાંતાના ઉપર પડયા. શાંતા ચમકી. આંખો ફાડીને પંજા સામું જોઈ રહી. કુમળી કળી જેવી પુત્રની આંગળીઓ ઓળખી. કાન ફાડી નાખે તેવી ચીસ પાડીને તેણે અમીનાનો કંઠ દબાવી દીધો. અમીનાની આંખો ફાટી ગઈ. અને જીંદગીભર કરેલાં પાપોનો હિસાબ આપવા તેનો આત્મા કિરતારના દરબારમાં ઉડી ગયો!

શાંતા અર્ધઘેલી જેવી હાલતમાં તે દુષ્ટાની છાતી ઉપરથી ઉઠીને બહાર માર્ગ ઉપર આવી, બૂમો મારવા લાગી. થોડીવારમાં પાંચ-પચીસ માણસોનું ટોળું તેની આસપાસ ફરી વળ્યું. પોલીસના બે-ત્રણ સિપાઈઓ પણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે શાંતાને શાંત પાડી, વસ્તુસ્થિતિ જાણી બીજા વધારે પોલીસોને બોલાવીને તેઓએ દરવાજો ઉઘાડયો. સર્વને પકડી લીધા. અમીનાનું મુડદું પડયું હતું. શાંતા "મારો પુત્ર કયાં?" એવી બૂમ પાડી જ્યાં પેતાને પૂરવામાં આવી હતી તે ઓરડામાં દોડી. પાપીઓએ તેના પુત્રનું માથું ધડથી જુદું કરી નાખ્યું હતું. તેણે માથું દેખ્યાં નહિ. તેની માનસિક અવસ્થા દિવ્ય બની ગઈ હતી. પુત્રના મસ્તકને હાથમાં લીધું અને છાતી સરસું ચાંપીને નાચવા લાગી-ગાવા લાગી

મેં તો દીકરો વેચી સત લીધું રે, મેં તો ધન્ય જીવન આજ કીધું રે.

પેલા યવન-પાપીઓને પ્રાણદંડ મળ્યો, તેમાંના બાકી બે જણ કાળા પાણીની સજા. શાંતાને સરકારે શાબાશી આપીને આસરાને ઘેર પહોંચાડી દીધી. તેના માટે ગામમાં વાત ચાલી "દીકરો ગુમાવ્યો, પણ શિયળ-ધર્મ ન ગુમાવ્યો!"

ગોસ્વામી તુલસીદાસજીનાં વચનામૃત

રાજ વૃથા, ગજરાજ વૃથા, વનિતા સૌ વૃથા, સબ સાજ વૃથા તે;
ગર્વ વૃથા, ગુણ સર્વ વૃથા, અસ દ્રવ્ય વૃથા, ગયે દાન દયાતે;
યાર વૃથા, પરિવાર વૃથા, સંસાર વૃથા, ગુરુ નિત્ય ચેતાતે;
એક રામકે નામ વિના જગમેં, ધિક્કાર, સભી ચતુરાઈ હી બાતેં.

રક્તપિત્તના ઉપાયની ડૉ૦ રાવની શોધ

("ગુજરાતી"ના તા. ૨૮-૯-૧૯૨૯ના અંકમાંથી)

[illegible]

[illegible]

[illegible]

ગોસ્વામી તુલસીદાસજીનાં વચનામૃત

[illegible]

तुलसीकृत रामायणनी ४००

(સસ્તા સાહિત્યની તુલસીકૃત રામાયણના નિવેદન ઉપરથી)

અન્ય સર્વ રામાયણો કરતાં વાલ્મીકિ રામાયણ પ્રાચીન છે, સર્વ રામાયણોની માતા તથા સર્વ કોઇ માટે ઉપકારક પણ ઓછી નથી; છતાં પણ આજથી સાડાત્રણસો વર્ષ પર ... જેથી તુલસીકૃત રામાયણનો પ્રચાર હિંદી ભાષામાં આટલો બધો-લગભગ ચારસો આની એટલો-શાથી થયો ? અને તે ઘેરેઘેર ઘરગતુ વસ્તુ શાથી બની રહી ?

કારણકે-મહાત્મા તુલસીદાસજી પણ વાલ્મીકિ જેવા મહર્ષિ અને પરોપકારી હતા.

કારણકે-તે પણ વાલ્મીકિ પેઠે પરમાત્માનો સાક્ષાત્કાર પામેલા ગોસ્વામીજીએ રચેલી

કારણકે-તેમણે પણ તે અનેક જમાના જોયા પછી એંશી વર્ષની પાકટ વયે રચી છે

કારણકે-તેમણે પણ તે શ્રીહરિ સાથે ગાઢા સંબંધમાં રહીને રચી છે.

કારણકે-તેમણે પણ તે પૂર્ણપ્રેમે, ઉભરાતા હૃદયે અને વહેતાં અશ્રુએ રચી છે.

કારણકે-તેથી તે પણ જાણે વેદની પેઠે શ્રીહરિએ પોતેજ રચી હોય એવી બની છે.

કારણકે-તુલસીદાસજીનાં નિરભિમાન અને લઘુતા પણ એવુંજ દર્શાવી રહ્યાં છે.

કારણકે-તે હિંદીભાષામાં રચાવાથી કોટયવધિ માનવો માટે સમજવી સુગમ થઈ

કારણકે-તે આબાદ ઔષધિરૂપે અને દિવ્ય કાવ્યમાં રચાવાથી તળસ્પર્શી પિચકારી બ-

કારણકે-એમાં હિંદુજાતિના પિતામહ અને કુશળ મહાવૈદ્ય એવા ગોસ્વામીજીએ

દશાનાં મૂળકારણ, આબાદ ઉપાય અને પથ્યાપથ્યની સમજણ સમાવે-

કારણકે-એ પિચકારી વાપરી જાણવાથી, તેમાં કહેલા-સર્વ દુઃખના ઔષધરૂપ આ

આચારવિચાર-સીધે સીધા હૃદયમાં પ્રવેશી રોમેરોમ વ્યાપી જાય તેવા

કારણકે-તેના બનાવનારે તેને કુશળતાથી, એકાગ્ર ચિત્તથી, અનન્ય નિષ્ઠાથી, સર્વભા

તથા એકાન્ત અને મૌન સેવીને તૈયાર કરવાથી એવી ઉત્તમ, લોકપ્રિય અને

પયોગી થઇ પડી, કે જેથી સ્વાર્થભ્રષ્ટ ઈર્ષાળુ માનવો તરફથી ગોસ-

ખરાબ નિંદાઓ તથા જીવ લેવાનાં કાવત્રાંરૂપે પણ પુષ્કળ ઇનામ મળ્યું

કારણકે-તે એવી થવાથી સીયારામજીનાં સ્મરણ અને હિંદુજાતિની હયાતિ રહી

કારણકે-તે એવી હોવાથીજ ધર્મનીતિનાં સેંકડો ઉત્તમોત્તમ વચન કરોડો હિં-

પુરુષોની જીભે વસી જઇને સેંકડો વર્ષથી વદાતાં અને ગવાતાં આવ્યાં છે

કારણકે-ગુરુઓના ગુરુ, વૈદ્યોના વૈદ્ય અને સકળ જ્ઞાનશકિતના સાગર એવા

દેશીઓ અને વિધર્મીઓના ડાચામાં જઈ પડેલાં હિંદુસંતાનોનો સમૂળો

થતો અટકાવવા સારૂજ ગોસ્વામીજીને સવાસો વર્ષની વયસુધી વાપર્યા.

કારણકે-શ્રી ગોસ્વામીજીની વાણી આજે પણ પામર વિષયી પ્રાણીઓની અને સર્વ

ની હલકાઇ તથા તોછડાઇને કતલ કરવામાં સોંસરી ઉતરી જાય એવી

તલવારનું અને પાણીદાર બરછીનું કામ બજાવવા સમર્થ છે.

કારણકે-સ્વાર્થસાધક ઈર્ષાળુ માનવો તરફથી છોડાતાં કટાક્ષ, નિંદા વગેરેનાં તીવ્ર

વડે માનવોનાં હૃદય ભેદાઇ જાય, ત્યારે તેના ઉપર શાન્તિ અને આશ્વ

સુંદર ઔષધ આપવામાં રામાયણમૈયાના જેવું હૃદય અન્યત્ર દુર્લભ છે.

કારણકે-ગોસ્વામીજીએ માનવબંધુઓના સમર્થ વૈદ્યતરીકે ઉંડામાં ઉંડાં નિદાન

વામાં તથા ઉંચામાં ઉંચા અને સાદાસીધા ઉપાય દર્શાવવામાં હદ વાળી

કારણકે–તેઓ બાહ્યભાવે માનવસમાજથી અલગ–એકાન્તવાસી–રહી શકયા, મૂર્ખ માન
વો અને ચેલાચેલી તરફની ખુશામતરૂપી મદિરાથી, તથા સ્તુતિ–પ્રતિ
ષ્ઠાનવિષ્ટાથી બચી શકયા; તેથીજ શ્રીહરિનું સામીપ્ય અધિક સેવી
અને તેથીજ હિંદુજાતિની ઉંચામાં ઉંચી અને વધુમાં વધુ સેવા બજાવવાની
સુગમતા, સબળતા, સદ્વૃત્તિ અને અવકાશ મેળવી શકયા.

આવાં આવાં કારણોને લીધે તેમજ હિંદીભાષાભાષી માનવો ગુજરાતીભાષાભાષી માનવો કરતાં ધનધામના લોભપ્રપંચાદિમાં ઉતરતા હોઇને માનવસંખ્યામાં, હૃદયશુદ્ધિમાં તથા પ્રભુપ્રેમમાં ચઢિયાતા હોવાથી પણ તેઓમાં તુલસીકૃત રામાયણ લગભગ ચારસો આવૃત્તિ જેટલાં પ્રચલિત થઇ શકયાં; તથા રંકથી રાજાસુધીના સર્વ માનવોનો અપાર આદર અને પ્રેમભર્યાં પૂજન–વંદન પામી શકયાં; એ સ્વાભાવિકજ છે.

હિંદીભાષાના પ્રેમી અને રામાયણના ભક્ત એવા વિદેશી વિદ્વાન ડૉ૦ ગ્રિયર્સન તો એટલે સુધી લખે છે કે:–"ગંગાયમુનાના પ્રદેશમાં આ મહાન ગ્રંથ–તુલસીકૃત રામાયણનો જેટલો પ્રચાર છે, તેટલો પ્રચાર ઇંગ્લૅંડમાં બાઇબલનો પણ નથી."

વાંચનાર બંધુ ! આ સર્વ ઉપરથી તને આ તુલસીકૃત રામાયણ તરફ પણ સદ્ભાવ અને આકર્ષણ જાગે, તો ગમે તેમ કરીને પણ ખરીદજેજ. હા, તારી પાસે ખરીદવા જેટલી સગવડ ન હોય તો શ્રીમાનો પાસે માગી ભીખીને પણ મેળવજે. અમુક કોટીવાળાથી તેમ પણ ન બને તો ભગવાન પાસે પણ ઉંડા હૃદયથી માગવાનો માર્ગ કયાં નથી ! હા, જેની પાસે ખરે ખર મૂઠ. રોટલા જેટલી પણ સગવડ કે માલીકિ ન હોય, તેને માટેજ આ રસ્તો છે. કારણકે સર્વજ્ઞ પ્રભુ કાંઇ છેતરાઇ જાય તેવો નથી. કેમકે રોટલાની સગવડવાળો તો આખા રોટલાને બદલે અર્ધો ખાઇને પણ ગ્રંથ ખરીદવાની સગવડ ઉભી કરી શકે છે. આ સસ્તા સાહિત્યની સંસ્થામાં તો ભિખારીએ પણ મુફત માગવા, અને 'ના' કહેવરાવવા માટે આવવાની મહેનત ની. જરાય કરવી નહિ. અત્ર તરફથી કોઈ કોઇને વિનામૂલ્યે પણ મોકલાય છે, પણ તે આમ ના માગવાથી નહિ, પરંતુ અંતર્યામીની પ્રેરણાથી મોકલાય છે. પછી તે નિર્ધન પણ હોય, અધિકારી પણ હોય અને ધનવાન પણ હોય. જે કોઈ રૂબરૂમાં કે પત્રથી મફત કે ઓછા મૂલ્ય માગશે તેને નકારજ સાંભળવો પડશે. માટે આતુર બંધુએ શ્રીહરિ પાસેજ પ્રાર્થના કરવી. કેમકે તે જો યોગ્યતા જોશે તો તો હરકોઇને પ્રેરી–મેળવીને અપાવશેજ અપાવશે. ૐ તત્ સત્ ।

આ સંસ્થાના ઉત્તમ અને સસ્તા

[illegible] ધાર્મિક ગ્રંથો

[illegible]

શ્રી વાલ્મીકિ રામાયણ [illegible]

[illegible]

સ્વામી રામતીર્થ [illegible]

સ્વામી વિવેકાનંદ [illegible]

[illegible]

[illegible]

ગોગવાસિષ્ઠ [illegible]

યોગતત્ત્વ [illegible] ... ૩૨૬.... ,, ...I

[illegible] .... ૨૨૮....પ×III ૦II=

સ્વર્ગનું વિમાન | આ પુસ્તકો [illegible] ૧૨૮.... ૫×૬....I=,

સ્વર્ગની કુંચી | [illegible] ૩૨૮.... ,, ...I=,

સ્વર્ગનો ખજાનો | [illegible] ઉત્તમ અને અસર- ૩૨૮.... ,, ...I=,

સ્વર્ગનો પ્રકાશ | કારક ... છે. ૩૩૬.... ,, ...I=.

મહાભારત અને રામાયણવિષે કેટલાક વિચારો .... ૨૦૦....૬III×૧૦,૦II=

મહાભારતવિષે અનેક વિદ્વાનોના વિચાર .... ૩૨૮....૬III×૧૮,૧II,

શ્રીમદ્ભગવદ્ગીતા-હિંદી,મરાઠી કે ગુજરાતીટીકાસહિત ૨૬૦....૩IIપII ૦I=

ભગવદ્ગીતા-મૂળ મૂળ .... મધ્યમ અક્ષર ૦I મોટા

પંચરત્ન ગીતા-મૂળ મૂળ .... નાના અક્ષર ૦I. મધ્યમાક્ષર ૦I=, મોટા *

છબીઓ-રામાયણ, મહાભારતની તથા અનેક પ્રકારની છૂટી પણ મળશે. દરેકનો

उत्साह अने चेतनाप्रेरक पुस्तकों

આદર્શ દૃષ્ટાંતમાળા-ભાગ ૧ લો .... ૩૩૬.... પII×૮.... ૧)=

બંકિમનિબંધમાળા-ધર્મતત્ત્વસાથે નવી આવૃત્તિ ૫૬૦.... ,, ... ૧II

ભાગ્યના સૂત્રો (સાદું પૂઠું) .... ૭૨૦.... ૫×૬III ૧I

સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ .... ૫૫૨.... ,, ... ૧I

પ્રભુમય જીવન-અંગ્રેજીમાં લાખો પ્રત નીકળેલી છે. ૨૧૬.... ,, ... ૦II

આગળ ધસો–(નવી આવૃત્તિ) .... ૪૬૮.... ૫×૯.... ૧॥.... ૦।≈
શુભસંગ્રહ–ભાગ ૧ લો (ત્રીજી આવૃત્તિ).... .... ૧૯૨.... ૫×૬॥ ૦।.... ૦)≈
શુભસંગ્રહ–ભાગ ૨ જો .... ૭૦૦....૬॥×૧૦ ૨).... ૦॥

उत्तम अने बोधदायक जीवनचरित्रो

ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં .... ૨૧૦૦....૫॥×૮। ૬) .... ૧।–
સ્વામી રામતીર્થની જીવનકથા–(ચોથા ગ્રંથરૂપે) ૬૪૦.... ,, ... ૨) .... ૦।≈
સ્વામી વિવેકાનંદ–સંપૂર્ણ ચરિત્ર (ભાગ ૯ મા રૂપે) ૭૪૦....૫×૬॥.... ૨॥ .... ૦।–
શ્રી શિવાજી છત્રપતિ .... ૫૨૮....૫॥×૯.... ૨। .... ૦।–
મહાન સમ્રાટ્ અકબર .... ૩૫૨....૫॥×૮।.... ૧। .... ૦।–
મહાત્મા ટૉલ્સ્ટૉય .... ૬૨૦.... ,, ... ૨॥.... ૦।≈
મહાન નેપોલિયન બોનાપાર્ટ .... ૮૪૦.... ,, ... ૩).... ૦॥
વીર દુર્ગાદાસ .... ૨૪૦.... ૫×૭ ૦॥ ૦)≈
શ્રી ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત .... ૪૦૮.... ૫×૯ .... ૧॥.... ૦।
દાનવીર કાર્નેગી .... ૩૮૪.... ૫॥×૮.... ૧॥.... ૦।–
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી).... .... ૩૫૦.... ,, ...૦॥ .... ૦)≈

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં .... ૧૫૩૦....૬॥×૧૦ ૧૦).... ૧॥≈
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ .... ૭૦૦.... ,, ... ૪).... ૦॥
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત.... .... ૧૪૦.... ૫×૬॥ ૦।– ૦)–

स्त्रीओ तथा पुरुषोमाटे बोधप्रद वार्ताओ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા .... ૬૦૦.... ૫×૯.... ૨).... ૦।≈
ટુંકીવાર્તાઓ–ભાગ ૫મો–૨૮ સાંસારિક વાતો .... ૩૦૪.... ૫×૬॥ ૦॥– ૦)≈
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–બોધપ્રદ ૨૭ વાતો .... ૩૬૦.... ,, ... ૧).... ૦)≈
ટુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–શેખ સાદી ઇ૦ની અનેકવાતો ૩૫૦.... ,, ... ૧॥.... ૦)≈
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી ... ... ૧૨૮.... ,, ... ૦।... ૦)–

बाळकोमाटे खास उपयोगी पुस्तको

સદ્ગુણી બાળકો–નવી આવૃત્તિ .... ૧૨૮.... ૫×૬॥ ૦।.... ૦)–
બાળસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ.... .... ૧૨૮.... ,, ... ૦।.... ૦)–
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ .... ૯૬.... ,, ... [illegible].... ૦)–
દુ:ખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દષ્ટાંતો.... .... ૯૦....૫॥×૮.... ૦।.... ૦)–
સુબોધક નીતિકથા .... ૧૮૪....૫×૭.... ૦।≈ ૦)≈

મુસલમાન મહાત્માઓ, ભારતના સંત અને વીર પુરુષો, સંતવાણીના બીજા ભાગો–તેમજ બીજા અનેક ગ્રંથો બનતી સગવડે બહાર પડશે. સર્વ પુસ્તકોમાટે પો[illegible] ઉપરાંત વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધી રૂ. ૦। જુદું ચડે છે. મહાભારત સાથે રૂ. ૧૦૦[illegible] મહાભારત-સિવાયનાં રૂ. ૨૫નાં પુસ્તકો લેનારને અમદાવાદમાં ૧૨॥ ટકા કમીશન મ[illegible] [illegible] ભારતભરમાં [illegible] અથવા તે સિવાયનાં ૧૦૦)નાં લેનારી [illegible] રેલ્વેને મંગાવનાર [illegible] મોકલાશે. [illegible] અમદાવાદમાં [illegible]

સાહિત્ય વર્ધક કા[illegible]

આગળ ધસો-(નવી આવૃત્તિ)	૪૬૮....	૫×૯....	૧॥....	૦।≈
શુભસંગ્રહ-ભાગ ૧ લો (ત્રીજી આવૃત્તિ)	૧૯૨....	૫×૬॥	૦।....	૦)≈
શુભસંગ્રહ-ભાગ ૨ જો	૭૦૦....	૬॥×૧૦	૨)....	૦॥

उत्तम अने बोधदायक जीवनचरित्रो

ભારતનાં સ્ત્રીરત્નો-ત્રણ ગ્રંથોમાં	૨૧૦૦....	પા॥×૮॥	૬)	૧।-
સ્વામી રામતીર્થની જીવનકથા-(ચોથા ગ્રંથરૂપે)	૬૪૦....	,, ...	૨)	૦।≋
સ્વામી વિવેકાનંદ-સંપૂર્ણ ચરિત્ર (ભાગ ૯ મા રૂપે)	૭૪૦....	૫×૬॥....	૨॥	૦।-
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮....	પા॥×૯....	૨।	૦।-
મહાન સમ્રાટ્ અકબર	૩૫૨....	પા॥×૮॥....	૧।	૦।-
મહાત્મા ટૉલ્સ્ટૉય	૬૨૦....	,, ...	૨॥....	૦।≈
મહાન નેપોલિયન બોનાપાર્ટ	૮૪૦....	,, ...	૩)....	૦॥
વીર દુર્ગાદાસ	૨૪૦....	પા×૭॥	-૦॥।	૦)≋
શ્રી ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત	૪૦૮....	૫×૯	૧॥....	૦।
દાનવીર કાર્નેગી	૩૮૪....	પા॥×૮....	૧॥....	૦।-
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૩૫૦....	,, ...૦॥।		૦)≋

इतिहास अने वैदकसंबंधी-पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ-બે મોટા ગ્રંથોમાં	૧૫૩૦....	૬॥×૧૦	૧૦)....	૧॥≈
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ	૭૦૦....	,, ...	૪)....	૦॥।
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત....	૧૪૦....	૫×૬॥	૦।-	૦)-

स्त्रीओ तथा पुरुषोमाटे बोधप्रद वार्ताओ

ટુંકીવાર્તાઓ-ભાગ ૧ થી ૪ ભેગા	૬૦૦....	૫×૯....	૨)....	૦।≋
ટુંકીવાર્તાઓ-ભાગ ૫મો-૨૮ સાંસારિક વાતો	૩૦૪....	૫×૬॥	૦॥-	૦)≋
ટુંકીવાર્તાઓ-ભાગ ૬ ઠ્ઠો-બોધપ્રદ ૨૭ વાતો	૩૬૦....	,, ...	૧)....	૦)≋
ટુંકીવાર્તાઓ-ભાગ ૭ મો-શેખ સાદી ઇ૦ની અનેક વાતો	૩૫૦....	,, ...	૧॥....	૦)≋
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી	૧૨૮....	,, ...	૦।....	૦)-

बाळकोमाटे खास उपयोगी पुस्तको

સદ્ગુણી બાળકો-નવી આવૃત્તિ	૧૨૮....	૫×૬॥	૦।....	૦)-
બાળસદ્બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ....	૧૨૮....	,, ...	૦।....	૦)-
બાળકોની વાતો-રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ	૯૬....	,, ...	-।....	૦)-
દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દષ્ટાંતો....	૯૦....	પા॥×૮....	૦।....	૦)-
સુબોધક નીતિકથા	૧૮૪....	પા×૭॥....	૦।≈	૦)≈

મુસલમાન મહાત્માઓ, ભારતના સંત અને વીર પુરુષો, સંતવાણીના બીજા ભાગો-તેમજ બીજા અનેક ગ્રંથો બનતી સગવડે બહાર પડશે. સર્વ પુસ્તકોમાટે પોસ્ટેજ ઉપરાંત વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધી રૂ. ૦। જુદું ચડે છે. મહાભારત સાથે રૂ. ૧૦૦)ના, અથવા મહાભારત-સિવાયનાં રૂ. ૨૫)નાં પુસ્તકો લેનારને અમદાવાદમાં ૧૨॥ ટકા કમીશન મળશે અને મહાભારતસાથે ૩૦૦)નાં અથવા તે સિવાયનાં ૧૦૦)નાં લેવાથી ૧૫ ટકા મળશે. રેલરસ્તે મંગાવનારે [illegible] પ્રથમજ મોકલવી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { મુંબઈમાં-કાલબાદેવીના મંદિર સામે
અમદાવાદમાં-ભદ્રને રસ્તે, પાનકોર નાકે